બૃહત પારાશરી

અથવા

ફલ જ્યોતિષનો ફલાદેશ કલ્પતરુ]

(પરાશર મુનિનો શ્રેષ્ઠ ગ્રંથ)

સંપાદક : સંશોધક : ભાષ્યકાર

ડૉ. ચન્દ્રશેખર ગો. ઠક્કુર

ઘર : ફેડરેશન ઑફ અમેરિકન એસ્ટ્રોલોજર્સ (યુ. એસ. એ.)

ડી. એસસી. ડી. એ. એસ. એફ્. જ્યોતિષાલંકાર, જ્યોતિષાચાર્ય

સંપાદક : કિસ્મત, સંપાદક ' સમયના સંકેત ' જનશક્તિ,

સંપાદક : ગ્રહોનો વિભાગ–ભારત જ્યોતિ : સંપાદક આરોગ્ય સિંધુ

સંપાદક : ' આરોગ્ય વિભાગ ' મુંબઈ સમાચાર સાપ્તાહિક.

સંપાદક : 'ઠક્કુર' પ્રત્યક્ષ પંચાંગ તથા 'સંદેશ' પ્રત્યક્ષ પંચાંગ.

: પ્રકાશક :

શ્રી હરિહર પુસ્તકાલય

બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ

ટાવર રોડ . સૂરત.

• બૃહત પારાશરી
• (C) ચંદ્રશેખર ઠક્કુર

'આ પુસ્તકમાંથી કોઈ પણ ભાષ્ય કે પસ્તાવના કે પરિશિષ્ટની બાબત લેખકની પરવાનગી વગર પુનર્મુદ્રિત, અનુવાદિત કે પ્રગટ કરવી નહિ.'

• પ્રથમ આવૃત્તિ
• ઑક્ટોબર ૧૯૬૯

• મૂલ્ય રૂા. ૧૨ = ૦૦

• પ્રકાશક
શ્રી જયંતીલાલ વિઠ્ઠલદાસ મહેતા
શ્રી હરિહર પુસ્તકાલય
ટાવર રોડ,
સુરત – ૧

• મુદ્રક
શ્રી મોહનલાલ મગનલાલ બદામી
શ્રી જૈનાનંદ પ્રિ. પ્રેસ,
દરિયામહેલ,
સુરત – ૧

અર્પણ

મારા પ્રિય મિત્રો

શ્રી હકુભાઈ કાપડિયા

તથા

શ્રી બાબાભાઈ કાપડિયા

આપ બે બંધુઓએ મારા પ્રત્યે આયુર્વેદ અને જ્યોતિષના અનુરાગને લઈ સદૈવ સદ્‌ભાવ રાખ્યો છે. મારા ઘડતરમાં આપનો ફાળો અતિ મહત્વનો છે. હું આ મારી મહત્ત્વની કૃતિ આપને અર્પણ કરી સહજ આનંદ અને ઉત્સાહ અનુભવું છું.

—લેખક

જ્યોતિષના વિદ્વાન લેખકોના સર્વોત્તમ પુસ્તકો

ભવિષ્યવેત્તા (૨૦૦ ઉપરાંત ચિત્રો હસ્તરેખાનો ગ્રંથ) ૬=૫૦
સ્વપ્નસિદ્ધિ (સ્વપ્ન પરથી ભવિષ્ય ફળદર્શન) ૧=૨૫
મારું ભવિષ્ય (ભાગ ૧-૨-૩ સાથે) ૯=૦૦
ફળદિપીકા (મંત્રેશ્વરનું અદ્‌ભુત પુસ્તક) ૯=૦૦
બૃહત સંહિતા (વરાહ મિહિરની વારાહી સંહિતા) ૮=૭૫
બૃહતજાતક (લે. ચંદ્રશેખર ઠક્કુર) ૪=૦૦
પ્રશ્ન જ્યોતિષ (પ્રશ્ન પરથી ભવિષ્ય ,, ,,) ૧=૫૦
હાથની ભાષા (હસ્તરેખા પરથી ભવિષ્ય-ભા. ૧-૨-૩ સાથે) ૧૦=૦૦
સારાવલી (લે. ચંદ્રશેખર ઠક્કુર) ૮=૦૦
ભાવિના ગૂઢ રહસ્ય (લે. યશોધર મહેતા) ૩=૦૦
ભાવિના ભેદ (,, ,,) ૩=૫૦
ભાવિના ગગનમાં (,, ,,) ૨=૫૦
ભાવિના ભીતરમાં ભા. ૧-૨ (ગજેન્દ્રશંકર પંડ્યા) ૧૪=૫૦
ભાગ્યચક્રની ભવિષ્યવાણી (ભડલીવાક્ય, કાગવિદ્યા સાથે) ૬=૭૫
લઘુ પારાશરી (રમાશંકર જોષી) ૨=૦૦
બૃહત પારાશરી (ચંદ્રશેખર ઠક્કુર) ૧૨=૦૦
મુહૂર્ત સાર સંગ્રહ અને બાળબોધ જ્યોતિષ સાર ૪=૫૦
સરળ સામુદ્રિક શાસ્ત્ર (કાગવિદ્યા ને રાશિફળ સાથે) ૩=૦૦
સર્વાર્થ ચિંતામણી (લે. ડો. ચંદ્રશેખર ઠક્કુર) ૮=૫૦
ભાવાર્થ રત્નાકર (,, ,,) ૧=૭૫
હોરાસાર (,, ,,) ૩=૭૫

શ્રી હરિહર પુસ્તકાલય, ચાવરશેરી, સુરત

પ્રાસ્તાવિક

ગુજરાતી ભાષામાં પહેલી જ વાર "બૃહતપારાશરી" જેવો ગ્રંથ પ્રગટ થાય છે તે સમયે હું આનંદની સાથોસાથ ગૌરવ પણ અનુભવું છું. આપણે ત્યાં 'લઘુ પારાશરી' પ્રચલિત છે. એની અનેક જાતની આવૃત્તિઓ પ્રગટ થઈ છે, પણ મહર્ષિ પરાશર વિરચિત 'બૃહતપરાશર-હોરાશાસ્ત્ર' આજ સુધી પ્રગટ થયું નથી. ફલજ્યોતિષ ઉપર જૈમિની મત જેમ મહત્વનો મત ગણાય છે તેમ પરાશર મત પણ અતિ મહત્વનો ગણાય છે. શ્રી પરાશર મુનિએ બૃહત પારાશર હોરાશાસ્ત્રની રચના કરી છે તેના બે જ સંસ્કરણો આજે ઉપલબ્ધ છે. એક સંસ્કરણ શ્રી વેંકટેશ્વર પ્રેસનું છે. અન્ય સંસ્કરણ શ્રી સીતારામભાનું છે. પ્રથમ સંસ્કરણનો અમુક ભાગ સંસ્કૃતમાં અને અમુક સંસ્કૃત-હિંદીમાં છે. શ્રી માનું સંસ્કરણ સંસ્કૃત-હિંદીમાં છે. આ ઉપરાંત અંગ્રેજીમાં શ્રી એન. એન. કૃષ્ણરાવનું સંસ્કરણ માત્ર અંગ્રેજી અનુવાદ વરાવે છે. આટલાં સંસ્કરણો મને જોવા મળ્યાં છે : તે સિવાય દક્ષિણ હિંદની મલયાલમ, તામીલ, તેલુગુ વગેરે અન્ય ભાષામાં એનો પ્રચાર થયો છે પણ ગુજરાતી ભાષામાં તો તે પ્રથમવાર પ્રગટ થાય છે.

આ ગ્રંથને પોતાનું આગવું વૈશિષ્ટ્ય છે. એની સૌથી મોટી બે ઉજ્જવળ બાજુઓ છે. અને તે નીચે પ્રમાણે છે.

(૧) દરેક જન્મ લગ્ન પરત્વે એમાં શુભ, અશુભ અને તટસ્થ ગ્રહોનો સ્વતંત્ર વિચાર કરવામાં આવ્યો છે.

અને (૨) દશાન્તર્દશાના વિચારમાં પાપગ્રહની દશામાં ખરાબ ફળ અને શુભ ગ્રહની દશામાં સારું ફળ મળે એવો રાખેતા મુજબનો ચીલો છોડી દઈને શનિમાં મંગળ કે મંગળમાં શનિ જેવી દશાઓ પણ દશા-પતિ અને અંતર્દશાના સ્વામી કુંડળીમાં કેન્દ્ર કે ત્રિકોણમાં ઉચ્ચ સ્વગ્રહી આદિ કે શુભથી યુક્ત દૃષ્ટ હોય તો તે અશુભગ્રહની મહાદશામાં અશુભ

ગ્રહનું અંતર પણ શુભ-સારું ફલદાયક પૂરવાર થાય. જ્યારે ગુરુમાં શુક્ર અને શુક્રમાં ગુરુ કુંડલીમાં બેઉ ગ્રહો ૬-૮-૧૨ સ્થાનોમાં દુર્બળ હોય તો બન્ને શુભગ્રહો જ હોવા છતાં સમય ખરાબ પસાર થાય. એટલે માત્ર ગુરુ અને શુક્ર શુભ ગ્રહો છે, તથા શનિ, મંગળ, સૂર્ય, રાહુ અને કેતુ પાપ ગ્રહો છે, **તથા શુભ ગ્રહો જ સારું અને પાપગ્રહો જ ખરાબ ફળ આપે છે તેવી ચાલુ માન્યતાને આ ગ્રંથે રદિયો આપેલ છે.** અને સૂર્ય, મંગળ, ચંદ્ર, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ **પ્રત્યે આપણને તટસ્થ અભિગમ આપે છે.** એ દૃષ્ટિએ પ્રાચીન ગ્રંથોમાં નવી વિચાર શ્રેણી લાવતું ક્રાંતિકારી પુસ્તક ગણી શકાય અને ફલજ્યોતિષમાં એ દૃષ્ટિએ મેં મારો પોતાનો સ્વાધ્યાય જ્યારે આરંભ કર્યો હતો ત્યારે આ પુસ્તક મને ખૂબ જ માર્ગદર્શક બન્યું હતું. એ વખતે મારું સૌ પ્રથમ પુસ્તક 'જ્યોતિષ વિજ્ઞાન' મેં લખેલું : જેમાં મેં શુભ, અશુભ અને તટસ્થ ગ્રહો જોવા માટે ટૂંકમાં માહિતી આપેલી. આજકાલ આપણે ત્યાં 'લઘુ પારાશરી'નો પ્રચાર હોઈને જન્મલગ્નથી તે પરત્વે શુભ, અશુભ અને તટસ્થ ગ્રહો જોવાનો ચાલ મળે છે.

આ માટે નીચેના નિયમો ઘડવામાં આવ્યા છે.

(૧) જન્મકુંડલીમાં કેન્દ્ર ભાવ ૧-૪-૭ અને ૧૦ છે. તેમાં પડેલી રાશિના માલિક શુભ ગ્રહો હોય તો અશુભ બને છે. અશુભ (ક્રૂર) ગ્રહો એ રાશિના માલિક બને છે તો તે સૌમ્યત્વ પ્રાપ્ત કરે છે.×

× હવે પછી સૌમ્ય ગ્રહો અને ક્રૂર ગ્રહ એ સંજ્ઞા શુભ ગ્રહો અને અશુભ ગ્રહોની જગ્યાએ વાપરીશું. ગુરુ, શુક્ર સંપૂર્ણ શુભ ગ્રહો છે. ચંદ્ર શુભ ગ્રહ છે પણ વદમાં કૃષ્ણ પક્ષમાં ક્ષીણ ગણાય છે. બુધ એ સૌમ્ય ગ્રહ છે. કુંડલીમાં તે એકલો કે શુભ ગ્રહની સાથે હોતાં શુભ પણ પાપથી યુકત કે દૃષ્ટ હોતાં ક્રૂર બને છે પરંતુ અહીં તો રાશ્યાધિપતિત્વના પ્રસંગે : સૌમ્ય ગ્રહો : ગુરુ, શુક્ર, બુધ અને ચંદ્ર ગણવા અને ક્રૂર ગ્રહો સૂર્ય, મંગળ, શનિ ગણવા.

સૌમ્ય ગ્રહો : ગુરુ, શુક્ર, ચંદ્ર અને બુધ.

ક્રૂર ગ્રહો : સૂર્ય, મંગળ અને શનિ.

(૨) કુંડલીમાં પાંચમો અને નવમો ભાવ ત્રિકોણ કહેવાય છે. એના અધિપતિ સૌમ્ય હોય કે ક્રૂર પણ તે હમેશાં શુભકારક બને છે. પાંચમા કરતાં નવમાના સ્વામીનું શુભત્વ વધે છે.

(૩) કુંડલીમાં ૩, ૬ અને ૧૧ મા સ્થાન **ત્રિષડાયાધીપ** કહેવાય છે. એના સ્વામીઓ અશુભ ફળ જ આપે છે.

(૪) બીજું અને બારમું સ્થાન એના સ્વામીઓ તટસ્થ Neutral (સમ=ઉદાસીન) ગણાય છે.

(૫) આઠમા સ્થાનનો સ્વામી હમેશાં અશુભ ગણાય છે. એમાં અપવાદરૂપે ચંદ્ર અને સૂર્ય અપવાદ છે.

ઉપરના પાંચ નિયમોને આધારે દરેક જન્મ લગ્ન માટે શુભ, અશુભ અને તટસ્થ ગ્રહો નક્કી કરવામાં આવે છે.

આપણે દરેક જન્મ લગ્નનું ઉદાહરણ લઈએ અને તેની ચર્ચા કરીએ તે અહીં જરૂરી છે. આ જ ગ્રંથમાં શ્રી પરાશરમત પાન ૧૫૬ ઉપર છે તે નિયમો પણ વાચકે જોઈ લેવા. (અધ્યાય ૩૪ યોગકારક ગ્રહો વિશે.)

(૧) મેષલગ્ન

મેષલગ્ન–સૂર્ય : સૂર્ય પાંચમા સ્થાનનો અધિપતિ બને છે. પંચમેશ હંમેશાં શુભ ફળ આપે એટલે સૂર્ય મેષ લગ્ન માટે શુભ બને છે.

ચંદ્ર : ચંદ્ર ચોથા સ્થાન–કેન્દ્રનો અધિપતિ બને છે. કેન્દ્રાધિપતિ તરીકે શુભ ગ્રહ હોઈ તે શુભત્વ ગુમાવે છે અને અશુભ ફળ આપે છે.

મંગળ : નૈસર્ગિક ક્રૂર ગ્રહ છે. તે લગ્નમાં રહેલ મેષ રાશિ અને આઠમા સ્થાનમાં રહેલ વૃશ્ચિક રાશિનો અધિપતિ છે. અષ્ટમેશનું

અશુભત્વ લગ્નેશને લાગતું નથી. એટલે મંગળ ક્રૂર ગ્રહ હોઈ લગ્નના કેન્દ્રાધિપતિત્વથી તે શુભ બને છે.

બુધ : ત્રીજા અને છઠ્ઠા સ્થાનનો માલિક છે. તૃતીયેશ અને ષષ્ઠેશ હમેશાં અશુભ ફળ આપે છે. એટલે બુધ કુદરતી શુભ હોવા છતાં તે મેષ લગ્ન માટે સ્થાનાધિપત્યથી મારકેશ બને છે.

ગુરુ : કુદરતી સૌમ્ય ગ્રહ છે વધુમાં તે મેષલગ્ન માટે ૯મા અને ૧૨માના માલિક તરીકે પણ છે. ૯ માનો માલિક હમેશ શુભ ફળ આપે છે. ૧૨ માનો સ્વામી તટસ્થ હોય છે. એટલે નવમેશનું શુભત્વ સહાયક બને છે.

શુક્ર : ૨જા અને ૭ માનો માલિક બને છે. ૨જાના માલિક તરીકે તે તટસ્થ છે અને ૭ માના માલિક તરીકે કુદરતી સૌમ્ય હોઇને કેન્દ્રાધિપત્યથી અશુભ બને છે. ટૂંકમાં શુક્ર અશુભ ફળ આપે છે.

શનિ : ૧૦ મા અને ૧૧ મા સ્થાનનો માલિક છે. તેમાં ૧૦ માના માલિક તરીકે પોતે ક્રૂર ગ્રહ હોઇ કેન્દ્રાધિપતિત્વ મળતાં શુભ બને છે પણ ૩–૬–૧૧ ના ભાવોમાં ઉત્તરોત્તર અશુભત્વ વધતું હોઈને ૧૧ માના માલિકનું અશુભત્વ વધે છે પરિણામે શનિ અશુભ બને છે.

એટલે મેષ લગ્ન માટે ગુરુ મંગળ અને સૂર્ય શુભ ગ્રહો છે. ગુરુ સૌથી વધુ પછી મંગળ અને બાદમાં સૂર્ય તથા બુધ, શુક્ર, ચંદ્ર અને શનિ અશુભ ગ્રહો છે.

(૨) વૃષભ લગ્ન

સૂર્ય : ચોથા સ્થાનનો માલિક છે. ચોથું કેન્દ્ર સ્થાન છે. સૂર્ય કુદરતી ક્રૂર ગ્રહ હોઈને કેન્દ્રાધિપતિત્વથી શુભ બને છે.

ચંદ્ર : ત્રીજા સ્થાનનો માલિક છે ત્રીજું ત્રિષડાયસ્થાન છે. ચંદ્ર કુદરતી સૌમ્ય ગ્રહ છે પણ તૃતીયેશત્વથી તે અશુભ બને છે.

મંગળ : બારમા અને સાતમા સ્થાનનો સ્વામી છે. મંગળ નૈસર્ગિક ક્રૂર ગ્રહ છે. બારમાનો સ્વામી તટસ્થ હોય છે પણ સાતમું કેન્દ્ર સ્થાન છે કેન્દ્રાધિપતિત્વથી તે શુભ બને છે.

બુધ : પાંચમા અને બીજા સ્થાનનો સ્વામી છે. કુદરતી રીતે તે સૌમ્ય છે પણ બીજાના માલિક તરીકે ઉદાસીન તથા પાંચમાના શુભત્વને લઈ શુભ બને છે

ગુરૂ : આઠમાનો અને અગિયારમાનો માલિક બને છે. બન્નેના સ્થાનનું આધિપત્ય તેના માટે ખરાબ છે. માટે કુદરતી સૌમ્ય ગુરુ અશુભ બને છે.

શુક્ર : લગ્નનો સ્વામી છે. સાથે છઠ્ઠાનો સ્વામી છે. કુદરતી રીતે સૌમ્ય છે પણ આ બેઉ સ્વામીત્વ ભળી તટસ્થ બને છે.

શનિ : ૯ મા અને ૧૦ માનો માલિક બને છે. ૯ માનો માલિક હમેશા શુભ હોય છે. ૧૦ માનો માલિક કેન્દ્રાધિપત્યથી શનિ કુદરતી ક્રૂર હોઈ શુભ બને છે. આમ શનિ વૃષભ લગ્ન માટે પરમ યોગકારક બને છે.

ટૂંકમાં શુભ ગ્રહો : શનિ, બુધ, મંગળ અને સૂર્ય છે. ક્રૂર ગ્રહો ગુરુ અને ચંદ્ર છે. તટસ્થ ગ્રહ તરીકે શુક્ર છે. ×

(૩) મિથુન લગ્ન

સૂર્ય : તે ત્રીજા સ્થાનનો સ્વામી બને છે. ત્રીજા સ્થાનનો સ્વામી અશુભ ફળ આપે છે. અને તે કુદરતી ક્રૂર ગ્રહ છે. અને આ સ્થાનના અધિપતિ તરીકે અશુભ બને છે.

ચંદ્ર : બીજા સ્થાનના માલિક તરીકે તટસ્થ છે

મંગળ : છઠ્ઠા અને અગિયારમા સ્થાનના માલિક તરીકે પરમ શુભ બને છે. કુદરતી રીતે તે ક્રૂર ગ્રહ જ છે.

× આ પ્રારંભિકના આધારમાં જ મેં પરાશરમતે પ્રાપ્ત થતા સિદ્ધાંતોને આધારે ચર્ચા કરી છે. અને કહ્યું તેમ ક્રાંતિકારી વિચાર શ્રેણીનો આ જ ઉલ્લેખ છે. ગુરુ, ચંદ્ર જેવા ગ્રહો વૃષભ લગ્ન માટે અશુભ બને છે.

બુધ : તે લગ્નેશ અને ચોથા સ્થાનનો માલિક છે. લગ્નેશ તરીકે શુભ અને ચતુર્થેશ તરીકે તે અશુભ બને છે. આ બેનું સંયોજન થઇને તે તટસ્થ બને છે.

ગુરુ : તે સાતમા અને દશમાનો માલિક છે. કુદરતી સૌમ્ય ગ્રહ છે પણ કેન્દ્રાધિપત્યથી તે ક્રૂરત્વને પામે છે.

શુક્ર : બારમા અને પાંચમા સ્થાનનો અધિપતિ છે. કુદરતી રીતે સૌમ્ય હોવા ઉપરાંત બારમાના માલિક તરીકે તટસ્થ અને પાંચમાના માલિક તરીકેનું શુભત્વ મેળવી શુભ બને છે.

શનિ : આઠમા અને નવમાનો માલિક છે. નવમાના શુભત્વ ઉપર આઠમાનું અશુભત્વ વધુ પ્રબળ બને છે.

શુભ ગ્રહ : શુક્ર.

અશુભ ગ્રહ : મંગળ, ગુરુ, શનિ અને સૂર્ય.

તટસ્થ ગ્રહો : ચંદ્ર અને બુધ.

(૪) કર્ક લગ્ન

સૂર્ય : તે બીજા ભાવના માલિક તરીકે તટસ્થ અને ઉદાસીન છે.

ચંદ્ર : તે લગ્નેશ તરીકે શુભત્વ પામે છે. પણ કુદરતી રીતે શુભગ્રહ હોઈ કેન્દ્રના અધિપતિત્વથી તે અશુભ બને છે. પણ લગ્નેશનું શુભત્વ અને કેન્દ્રનું અશુભત્વ મળી તે તટસ્થ બને છે.

મંગળ : તે પાંચમા અને દસમા સ્થાનનો માલિક છે. પંચમેશ હમેશાં શુભ ફળ આપે છે અને કુદરતી રીતે પાપગ્રહ હોઈ દસમું કેન્દ્ર સ્થાન હોઈ તેના માલિક તરીક શુભ બને છે. આ બે શુભત્વ મળી તે સૌથી વધુ યોગકારક બને છે.

બુધ : તે ત્રીજા અને બારમા સ્થાનનો સ્વામી છે. ત્રીજાનો સ્વામી હમેશાં અશુભ ફળ આપે છે અને બારમાના માલિક તરીકે તે તટસ્થ છે. બંને મળી તે અશુભ બને છે.

ગુરુ : તે નવમા અને છઠ્ઠા સ્થાનનો સ્વામી છે. છઠ્ઠા સ્થાનના માલિક તરીકે તે અશુભ બને છે પણ નવમાના માલિક તરીકેનું તેનું ચઢીયાતુ શુભત્વ અશુભત્વ કરતાં વધી જઈ ગુરુ સહેજ શુભ બને છે.

શુક્ર : તે ચોથા અને અગિયારમા સ્થાનનો માલિક છે. પોતે કુદરતી સૌમ્ય ગ્રહ હોઇને કેન્દ્રાધિપતિત્વથી અશુભ બને છે અને અગિયારમાના માલિક તરીકે તે અશુભ બને જ છે. સરવાળે શુક્ર અશુભ ફળ આપે છે.

શનિ : તે સાતમા અને આઠમા સ્થાનનો સ્વામી છે. સાતમાના સ્વામી તરીકે તે શુભત્વ પ્રાપ્ત કરે છે. આઠમાના સ્વામી તરીકે તે અશુભ બને છે. બેઉનો સરવાળો કરતાં તે સમ તટસ્થ કે ઉદાસીન બને છે.

શુભ ગ્રહ : મંગળ અને ગુરુ.
અશુભ ગ્રહ : શુક્ર અને બુધ.
તટસ્થ : સૂર્ય, ચંદ્ર અને શનિ

(૫) સિંહ લગ્ન

સૂર્ય : તે લગ્નનો સ્વામી અને લગ્નેશ તરીકે શુભત્વ પ્રાપ્ત કરે છે. વધુમાં તે કુદરતી પાપગ્રહ હોઈ અને કેંદ્રાધિપતિ થતાં શુભ બને છે.

ચંદ્ર : બારમાના માલિક તરીકે તટસ્થ બને છે.

મંગળ : ચોથા અને નવમા સ્થાનનો સ્વામી જેમાં ચોથાના સ્વામી તરીકે કુદરતી ક્રૂર હોઈ શુભત્વ પામે છે અને નવમાના સ્વામી તરીકે તે પ્રબળ શુભત્વ પામે છે. સરવાળે તે પરમ યોગકારક બને છે.

બુધ : તે અગિયારમા અને બીજા સ્થાનનો માલિક છે. જેમાં બીજાના માલિક તરીકે તે તટસ્થ છે પરંતુ અગિયારમાના માલિક તરીકે તે અશુભ બને છે સરવાળે તે અશુભ બને છે.

ગુરુ : તે પાંચમાના માલિક તરીકે મધ્યમ શુભ અને આઠમાના માલિક તરીકે મધ્યમ અશુભ છે સરવાળે તે તટસ્થ બને છે.

શુક્ર : તે ત્રીજા અને દસમા સ્થાનનો સ્વામી છે જેમાં ત્રીજાના સ્વામી તરીકે તે અશુભ બને છે જ્યારે તે પોતે કુદરતી સૌમ્ય ગ્રહ હોઈ કેંદ્રાધિપતિત્વથી અશુભ બને છે એટલે સરવાળે અશુભ બને છે.

શનિ : તે છઠ્ઠા અને સાતમા સ્થાનનો સ્વામી છે. પોતે ક્રૂર ગ્રહ હોઇને કેંદ્રાધિપતિત્વથી શુભ બને છે પણ છઠ્ઠાના માલિક તરીકે અશુભ છે. એઉ સરવાળે તટસ્થ બનાવે છે.

શુભ ગ્રહ : મંગળ અને સૂર્ય
અશુભ ગ્રહ : બુધ અને શુક્ર
તટસ્થ ગ્રહ : ચંદ્ર, ગુરુ અને શનિ.

(૬) કન્યા લગ્ન

સૂર્ય : તે બારમાના સ્વામી તરીકે તટસ્થ બને છે.

ચંદ્ર : તે અગિયારમાના સ્વામી તરીકે અશુભ બને છે.

મંગળ : તે ત્રીજા અને આઠમા સ્થાનનો સ્વામી છે જેમાં ત્રીજાનો માલિક હમેશાં અશુભ હોય છે અને આઠમાના માલિકનું અશુભત્વ તેને મળે છે. પરિણામે તે અશુભ બને છે.

બુધ : તે પ્રથમ અને દસમાનો માલિક છે. તે લગ્નેશ તરીકે શુભ છે પણ દસમાના માલિક તરીકે અશુભ છે કેમકે કુદરતી સૌમ્ય હોઈ કેંદ્રાધિપતિત્વથી અશુભ બને છે. સરવાળે તે તટસ્થ બને છે.

ગુરુ : તે ચોથા અને સાતમા સ્થાનનો સ્વામી છે. પોતે કુદરતી સૌમ્ય ગ્રહ હોઈ કેંદ્રાધિપતિત્વથી અશુભ બને છે.

શુક્ર : તે બીજા અને નવમા સ્થાનનો સ્વામી છે. બીજાના માલિક તરીકે તે તટસ્થ છે પણ નવમાના માલિક તરીકે તે પરમ યોગકારક બને છે પરિણામે તે વિશેષ શુભ બને છે (કન્યા–લગ્ન માટે

એક માત્ર શુક્ર જ શુભ છે તે નૈસર્ગિક શુભ છે અને ત્રાણાધિપતિત્વથી વધુ શુભ બને છે. અનુભવથી કન્યા લગ્નના જાતકો માટે શુક્ર વધુ શુભ ફળ આપે છે.)

શનિ : તે પાંચમા અને છઠ્ઠા સ્થાનનો સ્વામી છે. તે પાંચમાના માલિક તરીકે શુભ બને છે અને છઠ્ઠાના માલિક તરીકે અશુભ બને છે બેઉના સરવાળે તે તટસ્થ બને છે.

શુભ ગ્રહ : શુક્ર
અશુભ ગ્રહ : ચંદ્ર મંગળ અને ગુરુ
તટસ્થ : સૂર્ય, બુધ અને શનિ.

(૭) તુલા લગ્ન

સૂર્ય : તે અગિયારમા સ્થાનના માલિક તરીકે અશુભ છે.

ચંદ્ર : તે દસમા સ્થાનનો સ્વામી છે. જાતે શુભ ગ્રહ હોઈ કેન્દ્રાધિપતિત્વથી તે અશુભ બને છે.

મંગળ : તે બીજા અને સાતમા સ્થાનનો માલિક છે જેમાં બીજાના માલિક તરીકે તટસ્થ છે પણ જાતે ક્રૂર ગ્રહ હોઈ કેન્દ્રાધિપતિત્વથી તે શુભ બને છે.

બુધ : તે નવમા અને બારમા સ્થાનનો સ્વામી છે જેમાં નવમા સ્થાનના સ્વામી તરીકે તે શુભ છે અને બારમાના માલિક તરીકે તટસ્થ છે. પરિણામે તે શુભ બને છે.

ગુરુ : તે ત્રીજા અને છઠ્ઠા સ્થાનના સ્વામી તરીકે અશુભ બને છે.

શુક્ર : તે પહેલા અને આઠમા સ્થાનનો સ્વામી છે જેમાં અષ્ટમેશ તરીકે તેનું અશુભત્વ છે જ્યારે લગ્નેશ તરીકે શુભ છે પણ સૌમ્ય ગ્રહ હોઈ કેન્દ્રાધિપતિત્વથી અશુભત્વ મળે તે કરતાં લગ્નેશનું શુભત્વ વધી જાય છે પરિણામે તે કાંઈક શુભ છે.

શનિ : તે ચોથા અને પાંચમા સ્થાનનો સ્વામી છે જેમાં જાતે ક્રૂર ગ્રહ હોઈ ને કેન્દ્રાધિપતિત્વથી શુભ બને છે પણ અને પાંચમાના માલિક તરીકે તે શુભત્વ પામે છે પરિણામે તે પ્રબળ યોગકારક બને છે.

શુભ ગ્રહ : શનિ, બુધ, મંગળ, અને શુક્ર

અશુભ ગ્રહ : સૂર્ય, ગુરુ, અને ચંદ્ર

તટસ્થ : એકેય નહિ.

(૮) વૃશ્ચિક લગ્ન

સૂર્ય : તે દશમા સ્થાનનો સ્વામી છે. જાતે ક્રૂર ગ્રહ હોઈ અને કેન્દ્રાધિપતિત્વથી શુભ બને છે.

ચંદ્ર : તે નવમા સ્થાનનો સ્વામી છે અને તેથી તે શુભ છે

મંગળ : તે પહેલા અને છઠ્ઠાનો સ્વામી છે જેથી તે લગ્નેશ તરીકે શુભ બને છે પણ છઠ્ઠા સ્થાનના સ્વામી તરીકે અશુભ બને છે. પરિણામે તે તટસ્થ બને છે.

બુધ : તે આઠમા અને અગિયારમા સ્થાનનો સ્વામી છે પરિણામે તે પરમ અશુભ બને છે.

ગુરુ : તે બીજા અને પાંચમા સ્થાનનો સ્વામી છે. જેમાં બીજાના માલિક તરીકે તે તટસ્થ છે અને પાંચમાના માલિક તરીકે તે શુભ બને છે. પરિણામે તે શુભત્વને પામે છે.

શુક્ર : તે સાતમા અને બારમા સ્થાનનો માલિક છે જેમાં બારમાના માલિક તરીકે તે તટસ્થ છે જ્યારે સાતમાના માલિક તરીકે તે કેંદ્રાધિપતિ શુભ ગ્રહ હોઈ અશુભ થાય છે પરિણામે તે અશુભ છે

શનિ : તે ત્રીજા અને ચોથા સ્થાનનો સ્વામી છે. જેમાં ત્રીજા સ્થાનના અધિપતિ તરીકે અશુભતા અને ચોથા સ્થાનના માલિક તરીકેનું શુભત્વ મળીને તે તટસ્થ ફળ આપે છે

શુભ ગ્રહ : સૂર્ય, ચંદ્ર અને ગુરુ.
અશુભ ગ્રહ : બુધ અને શુક્ર.
તટસ્થ ગ્રહો : મંગળ અને શનિ.

(૯) ધન લગ્ન

સૂર્ય : તે નવમા સ્થાનનો માલિક છે એટલે તે શુભ બને છે.

ચંદ્ર : તે આઠમા સ્થાનનો સ્વામી છે આઠમા સ્થાનના સ્વામીનું અશુભત્વ અપવાદરૂપે ચંદ્રને લાગુ પડતું નથી જેથી તે તટસ્થ છે.

મંગળ : તે પાંચમા અને બારમા સ્થાનનો માલિક છે. જેમાં પાંચમા સ્થાનના સ્વામી તરીકે તે શુભ છે જ્યારે બારમા સ્થાનના માલિક તરીકે તે તટસ્થ છે. પરિણામે તે શુભ બને છે.

બુધ : તે સાતમા અને દસમા સ્થાનનો સ્વામી છે. જાતે શુભગ્રહ હોઈ કેન્દ્રાધિપતિત્વથી અશુભ બને છે.

ગુરુ : તે પહેલા અને ચોથા સ્થાનનો સ્વામી છે. જેમાં લગ્નેશ તરીકે શુભ છે પણ ચતુર્થેશ તરીકે તે શુભ ગ્રહ હોવાને કારણે અશુભ બને છે. પરિણામે તે તટસ્થ બને છે.

શુક્ર : તે છઠ્ઠા અને અગિયારમા સ્થાનનો સ્વામી છે જેમાં બન્ને અધિપતિત્વ અશુભ હોઈ પરિણામે અશુભ બને છે.

શનિ : તે બીજા અને ત્રીજા સ્થાનનો સ્વામી છે. જેમાં બીજા સ્થાનના સ્વામી તટસ્થ હોઈ ત્રીજા સ્થાનના સ્વામીનું અશુભત્વ તેને અશુભ બનાવે છે.

શુભ ગ્રહ : સૂર્ય અને મંગળ.

અશુભ ગ્રહો : શુક્ર, શનિ અને બુધ.

તટસ્થ ગ્રહો : ચંદ્ર અને ગુરુ.

(૧૦) મકર લગ્ન

સૂર્ય : તે આઠમા સ્થાનનો સ્વામી છે. અષ્ટમેશનો દોષ સૂર્યને લાગતો નથી પરિણામે તે તટસ્થ છે.

ચંદ્ર : તે સાતમા સ્થાનનો સ્વામી હોઈ, જ્યારે શુભગ્રહ હોય કેન્દ્રાધિપતિત્વને લઈ તે અશુભ ફળ આપે છે.

મંગળ : તે ચોથા અને અગિયારમા સ્થાનનો સ્વામી છે જેમાં ચોથા સ્થાનના સ્વામી તરીકે તે જ્યારે ક્રૂર ગ્રહ હોઈ શુભ બને છે. પણ અગિયારમા સ્થાનનું અશુભત્વ વધુ પ્રબળ હોઈ તે સરવાળે અશુભ બને છે.

બુધ : તે છઠ્ઠા અને નવમા સ્થાનનો સ્વામી છે જેમાં છઠ્ઠા સ્થાનના સ્વામી તરીકે તે મધ્યમ અશુભ ફળ આપે છે પછી નવમા ભવના માલિકનું શુભત્વ વધુ પ્રબળ હોઈ પરિણામે શુભ બને છે.

ગુરુ : તે ત્રીજા અને બારમા સ્થાનનો સ્વામી છે જેમાં તે ત્રીજાના માલિક તરીકે અશુભ બને છે પણ બારમાના સ્વામી તરીકે તે તટસ્થ બને છે પરિણામે તે અશુભ બને છે.

શુક્ર : તે પાંચમા અને દસમા સ્થાનનો સ્વામી બને છે જેમાં પાંચમા સ્થાનનું મધ્યમ શુભત્વ તેના કુદરતી શુભ ગ્રહ હોઈ કેન્દ્રાધિપતિત્વના અશુભત્વ કરતા વધી જાય છે પરિણામે તે વધુ શુભ બને છે.

શનિ : તે પ્રથમ અને બીજા સ્થાનનો સ્વામી છે જેમાં બીજા સ્થાનના સ્વામી તરીકે તે તટસ્થ છે જ્યારે લગ્નેશ તરીકેનું તેનું શુભત્વ વધુ હોઈ તે શુભ બને છે.

શુભ ગ્રહ : શુક્ર, બુધ અને શનિ.

અશુભ ગ્રહ : મંગળ, ગુરુ અને ચંદ્ર.

તટસ્થ ગ્રહ : સૂર્ય.

(૧૧) કુંભ લગ્ન

સૂર્ય : તે સાતમા સ્થાનનો સ્વામી છે. જાતે ક્રૂર ગ્રહ હોઈ કેન્દ્રાધિપતિત્વથી તે શુભ બને છે.

ચંદ્ર : તે છઠ્ઠા સ્થાનનો સ્વામી હોઈ અશુભ બને છે.

મંગળ : તે ત્રીજા અને દશમા સ્થાનનો સ્વામી છે જેમાં ત્રીજા સ્થાનના સ્વામી તરીકેનું તેનું મધ્યમ અશુભત્વ દસમાના માલિક તરીકે તે જાતે ક્રૂર કોઈ કેંદ્રાધિપતિત્વથી પ્રબળ શુભત્વ વધી જતું હોઈ શુભ ફળ આપે છે.

બુધ : તે પાંચમા અને આઠમા સ્થાનનો સ્વામી છે. પાંચમા સ્થાનનું શુભત્વ અશુભત્વની બરોબર હોવાથી તે તટસ્થ બને છે.

ગુરુ : તે બીજા અને અગિયારમા સ્થાનનો સ્વામી છે. જેમાં બીજાના માલિક તરીકે તે તટસ્થ છે અને અગિયારમાના માલિક તરીકે અશુભ છે પરિણામે તે અશુભ છે.

શુક્ર : તે ચોથા અને નવમા સ્થાનનો સ્વામી છે જેમાં જાતે શુભ ગ્રહ હોઈ કેંદ્રાધિપતિત્વથી મધ્યમ અશુભ બને છે પણ નવમા સ્થાનનું શુભત્વ તેનાથી ચઢીયાતું હોઈ તે શુભ બને છે

શનિ : તે લગ્ન અને બારમા સ્થાનનો સ્વામી છે જેમાં બારમાના માલિક તરીકે તટસ્થ છે અને લગ્નના સ્વામી તરીકે શુભ છે. પરિણામે શુભ બને છે.

શુભ ગ્રહો : શુક્ર, સૂર્ય, શનિ અને મંગળ

અશુભ ગ્રહો : ચંદ્ર અને ગુરુ

તટસ્થ ગ્રહો : બુધ.

(૧૨) મીન લગ્ન

સૂર્ય : તે છઠ્ઠાનો માલિક હોઈ અશુભત્વને પામે છે.

ચંદ્ર : તે પાંચમાનો માલિક હોઈ શુભ બને છે.

મંગળ : તે બીજા અને નવમા સ્થાનનો સ્વામી છે. જેમ બીજાના માલિક તરીકે તટસ્થ છે અને નવમા સ્થાનના સ્વામી તરીકે તે શુભ હોઈ પરમ યોગકારક બને છે.

બુધ : ચોથા અને સાતમા સ્થાનનો સ્વામી છે, જાતે શુભ ગ્રહ હોઈ તે કેંદ્રાધિપતિત્વથી અશુભ બને છે.

ગુરુ : તે પ્રથમ અને દસમા સ્થાનનો માલિક છે જેમાં લગ્નેશ તરીકેનું શુભત્વ દસમાના પ્રબળ અશુભત્વથી હણાઈ તે તટસ્થ બને છે.

શુક્ર : તે ત્રીજા અને આઠમાનો સ્વામી હોઈ જે બન્ને ય અશુભત્વ પામે છે.

શનિ : તે અગિયારમા અને બારમા સ્થાનનો સ્વામી છે જેમાં બારમાના માલિક તરીકે તે તટસ્થ છે પણ અગિયારમાના માલિક તરીકે તે પરમ અશુભ છે પરિણામે સૌથી વધુ અશુભ છે.

શુભ ગ્રહો : મંગળ, ચંદ્ર

અશુભ ગ્રહો : શનિ, સૂર્ય, શુક્ર, અને બુધ

તટસ્થ ગ્રહો : ગુરુ.

આપણે મેષથી મીન લગ્ન માટે શુભ અશુભ અને તટસ્થ ગ્રહો જોઈ ગયા. તે માટે આરંભમાં સામાન્ય નિયમો જોઈ ગયા. આ નિયમોને વધુ વિસ્તારથી જોવા જોઈએ. આપણે તેનો વિચાર કરીએ.

(૧) પાંચમા અને નવમા સ્થાનના સ્વામી હમેશાં શુભ ફળ આપે છે.

(૨) પ્રથમ સ્થાનનો અધિપતિ શુભ ફળ આપે છે. એમાં અપવાદ રૂપ ચંદ્ર છે.

(૩) ચોથા, સાતમા અને દશમાના અધિપતિ તરીકે સૂર્ય, મંગળ-અને શનિ શુભ બને છે. ગુરુ, ચંદ્ર, શુક્ર અને બુધ આ સ્થાનના અધિપતિ તરીકે અશુભ બને છે.

(૪) ૩, ૬ અને ૧૧માના માલિકો તરીકે બધા જ ગ્રહો ખરાબ ફળ આપે છે.

(૫) (અ) બીજા અને બારમાના માલિક તરીકે બધા જ ગ્રહો તટસ્થ બને છે.

આઠમાના માલિક તરીકે મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ અશુભ બને છે સૂર્ય, ચંદ્ર તટસ્થ છે. સૂર્ય મકર લગ્ન હોય તો આઠ-માનો માલિક બને છે. ચંદ્ર ધન લગ્ન હોય તો આઠમાનો સ્વામી થાય છે. સૂર્ય–ચંદ્રને અશુભત્વ લાગતું નથી. (અષ્ટમેશનું)

સંયુકત વિચારણા

ઉપરના જુદા જુદા નિયમો છે પણ સૂર્ય સિંહનો અને ચંદ્ર જે રાશિનો સ્વામી છે તે ઉપરાંત મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ બબ્બે રાશિના સ્વામીઓ છે.

એટલે : મંગળ=મેષ લગ્નમાં પ્રથમ તથા આઠમાનો સ્વામી છે શુક્ર : તુલા લગ્નમાં લગ્ન અને આઠમાનો સ્વામી છે. લગ્નેશ તરીકેનું શુભત્વ અષ્ટમેશના અશુભત્વથી વધી જાય છે. આમ સંયુકત વિચારણા કરી જોતાં આપણને તટસ્થ પરિણામો મળે છે.

આ શુભાશુભ કે તટસ્થ ગ્રહોની ગણત્રીનું ફળ કયાં ઉપયોગી બને છે તે જોઇએ.

ગ્રહયોગો

જન્મકુંડલીમાં ફળ જોવાની પ્રાચીનોની આગવી વિશેષતા એ

જન્મકુંડલીમાં થતા ગ્રહયોગો મહત્વનો ભાગ ભજવે છે તે છે. ઉદાહરણ ચંદ્રથી ગુરુ કેન્દ્રમાં હોય તો ગજકેશરી યોગ કરે છે.

ગજકેશરી યોગમાં જન્મેલ માણસ સુખી ઐશ્વર્યશાળી ભાગ્યશાળી અને ધનિક થાય છે.

આજે તમને ગજકેશરી યોગ ઘણી કુંડલીમાં જોવા મળશે કેમકે ગુરુથી કેન્દ્રમાં એટલે ૧–૪–૭–૧૦માં ચંદ્ર મહિનામાં ચાર વાર આવશે. ઉદાહરણ, અત્યારે ગુરુ કન્યા રાશિમાં છે તો ચંદ્ર કન્યામાં ધનમાં મીનમાં અને મિથુનમાં માસમાં ચાર વાર થશે. ચદ્ર લગભગ બે દિવસ એક રાશિમાં ગણીએ તો પણ મહિનામાં આઠ દિવસમાં ગજકેશરી યોગ કરશે. આમાં અસંખ્ય માનવીઓનો જન્મ થયો હશે પણ બધાને તે ફળ લાગુ નહીં પડે. આનું કારણ જોઈ એ.

પ્રાચીન સાહિત્યમાં આ અને આવા ઘણા યોગો વર્ણવવામ આવ્યા છે. અને બધાનું સંસ્કૃત કાવ્યમય વર્ણન છે આપણે ત્રણ જન્મલગ્ન લઈએ સિંહ, કન્યા અને વૃશ્ચિક લગ્નની કુંડલી લો. એકજ દિવસે જન્મ છે. ચંદ્રથી ગુરૂ કેન્દ્રમાં છે બધાની કુંડલીમાં ગજકેશરી યોગથાય છે પરંતુ સિંહ લગ્ન માટે ગુરુ ચંદ્ર તટસ્થ છે. કન્યા લગ્ન માટે અશુભ છે અને વૃશ્ચિક લગ્ન માટે શુભ છે. ત્રણેયના ફળ કથનમાં ફેર પડશે.

અને આ ગ્રહ યોગ એટલે એ કે વધુ ગ્રહો એક સ્થાનમાં કે અન્યત્ર એક બીજાને જુએ તેટલો જ અર્થ નથી. કોઈ પણ એક ગ્રહ અમુક વિશિષ્ટ સ્થિતિમા કોઈ એક ગ્રહ યોગ કરે અને ખાશ વિશેષ યોગ કરે તેને પણ ગ્રહ યોગ કહેવાય. ઉદાહરણ, પંચ મહાપુરુષ યોગો :

(૧) મગળ : કેન્દ્રમાં હોય ૧–૪–૭–૧૦ અને ઉચ્ચ સ્વગૃહી કે મૂલત્રિકોણી હોય –રુચક યોગ.

બુધ : એ જ રીતે હોય તો ભદ્રયોગ

(૩) ગુરૂ : એ જ રીતે હોય તો હંસ યોગ

(૪) શુક્ર એ જ રીતે હોય તો માલવ્યયોગ.

(૫) શનિ એ જ રીતે હોય તો શશયોગ :

આ પાંચેય યોગો કુંડલીને આગવું વૈશિષ્ટ્ય આપે છે. પણ કુંડલીમાં જે ગ્રહ, 'યોગ' કરે છે તે યોગ માટે નીચે પ્રમાણે વિચારવું રહેશે.

(૧) એ ગ્રહ એ વ્યક્તિને માટે શુભ, અશુભ કે તટસ્થ છે ?

(૨) એ મિત્રક્ષેત્રી છે, પોતાની રાશિમાં છે કે શત્રુક્ષેત્રી છે ?

(૩) એના ઉપર શુભ કે અશુભ દૃષ્ટિ છે ?

(૪) એ શુભ કે અશુભ ગ્રહયુક્ત છે ?

આ બધાનો ઊંડો વિચાર કરવો જરૂરી બનશે. તો જ પરિણામ નક્કી થઈ શકે અન્યથા આ પંચમહાપુરૂષ યોગોમાંથી કોઈ એકમાં જન્મનાર હોય તે સાવ સામાન્ય માણસ પણ જોવા મળે છે. વળી સામાન્ય રીતે યોગનો કરનાર ગ્રહ કે વધુ ગ્રહો તે યોગનું ફળ તેમની દશા કે અંતર્દશા દરમ્યાન આપે છે તેવો નિયમ સામાન્ય પણે આપણે અનુભવીએ છીએ પણ કોઈ માણસનો જન્મ થયો હોય તે વખતે એ દશા પૂરી થયેલી હોય તો જીવનમાં એ માણસને ફરીથી તે દશાનો કદિ પણ યોગ જ ન આવે. નાભસયોગો વિશે એવું છે કે તે યોગો પોતાનું ફળ આખી જિંદગીભર આપે છે.

આ ગ્રહયોગોમાં જે ફળ મળે છે તે પ્રાપ્ત કરવા કુંડલીમાં અન્ય બાબતો તપાસવા જરૂરી બને છે એ દૃષ્ટિએ આ શુભ, અશુભ ગ્રહોનું મહત્વ વધુ જરૂરી બને છે. ગુરૂ અને ચંદ્ર ગજકેશરી યોગ કરે છે પણ જન્મ લગ્નથી તે શુભત્વ મેળવેલા ગ્રહો સારું ફળ આપે છે. પંચમહાપુરુષ યોગો ઉપર મહર્ષિ પરાશરે એક સ્વતંત્ર અધ્યાય આપ્યો છે. રાજકુળમાં જન્મેલ વ્યક્તિને સ્વાભાવિક રીતે આ વધુ સારું ફળ આપે છે.

ભાવ - પરીક્ષણ :

જન્મકુંડલીમાં બાર ભાવો હોય છે. દરેક ભાવ પરથી અમુક બાબતોનું ફળકથન કરવામાં આવે છે. પણ દરેક ભાવની મુખ્ય બાબતો ઉપરથી તેમનાં ચોકકસ નામો પાડવામાં આવ્યાં છે. તે અનુક્રમે (૧) પ્રથમ ભાવ–તનુભાવ આરોગ્યભાવ, (૨) બીજો ભાવ–ધનભાવ–કુટુંબભાવ (૩) ત્રીજો ભાવ–ભ્રાતૃભાવ પરાક્રમભાવ, (૪) ચોથો ભાવ–માતૃભાવ–સુખભાવ, (૫) પાંચમો ભાવ સંતતિભુવન–વિદ્યાભુવન, (૬) છઠ્ઠો ભાવ–રોગ–રિપુભાવ, (૭) સાતમો ભાવ–પત્ની ભાવ. (૮) આઠમો ભાવ આયુષ્યભાવ, (૯) નવમો ભાવ–ભાગ્યભાવ, (૧૦) દસમો ભાવ–કર્મ ભાવ પિતૃભાવ, (૧૧) અગિયારમો ભાવ–લાભ ભાવ, (૧૨) બારમો ભાવ વ્યય ભાવ–મોક્ષ ભાવ.

વાચક જોઈ શકશે કે અહીં દરેક ભાવનાં બબ્બે નામ આપ્યાં છે. એમ તો દરેક ભાવ પરથી ચાર, પાંચ છ કે વધુ બાબતો પણ જોઈ શકાય છે. પણ મુખ્યત્વે બબ્બે ત્રણ ત્રણ બાબત પણ એક જ ભાવ ઉપરથી જોઇ શકાય છે. ઉદાહરણ : ચોથા ભાવ ઉપરથી માતા સંબંધી વિચાર થાય છે તો સ્થાવર સંપત્તિ, મકાન મિલકત, વાહન, સુખ અને ઉત્તરાવસ્થા પણ જોવાય છે. પાંચમા ભાવ પરથી સંતતિ, જોખમી વેપાર અને ભણતર જોવાય છે. ઉપરાંત એક કે અમુક સુખ માટે એક ભાવ કરતાં વધુભાવ જોવાનો પણ વિચાર કરવામાં આવે છે. દા. ત. ભણતર માટે કુશાગ્ર બુદ્ધિની જેમ બીજો ભાવ ધન, કુટુંબ અને વિદ્યા પણ સૂચવે છે. એટલે વિદ્યા માટે બીજો ભાવ અને પાંચમો ભાવ બન્ને જોવા પડશે. ઉપરાંત દરેક ભાવને માટે કારક પણ જોવા પડશે.

પ્રથમ ભાવનો કારક ગ્રહ સૂર્ય છે બીજાનો ગુરૂ છે. ત્રીજાનો મંગળ છે. ચોથાનો કારક ચંદ્ર છે, પાંચમા ભાવનો ગુરુ છે. છઠ્ઠાના શનિ અને મંગળ છે. સાતમાનો શુક્ર, આઠમાનો શનિ, નવમાના સૂર્ય અને ગુરુ છે. દશમાના ગુરુ, બુધ, સૂર્ય, શનિ, અગિયારમાનો ગુરુ અને બારમાનો કારક શનિ છે. આમ વાચક જોઈ શકશે કે બીજો પાંચમો,

નવમો, દશમો અને અગિયારમા ભાવનું કારકત્વ ગુરુને મળે છે. છઠ્ઠા આઠમા, અને બારમાનું કારકત્વ શનિને મળે છે. આમ દરેક ભાવના કારક ગ્રહો પણ વિચારવા રહે છે.

એટલે ભાવફળ નકકી કરવા માટે પણ નીચેના સિદ્ધાંતો નકકી કરવા રહેશે.

(૧) ભાવમાં નૈસર્ગિક શુભ ગ્રહો પડયા હોય કે શુભ ગ્રહ જોતા હોય તો ફળ સારું : ક્રૂર ગ્રહ હોય તો ફળ નબળું એક ગ્રહો જોતા હોય તો મિશ્રફળ :

(૨) ભાવનો સ્વામી ભાવમાં હોય કે ભાવને જુએ તો ભાવ પરિપુષ્ટ થાય છે.

(૩) ભાવનો કારક બળવાન હોય તો ભાવનું ફળ સારૂં મળે છે કારક નબળો હોય તો ભાવનું ફળ નબળું મળે છે.

(૪) ભાવની આસપાસ એટલે ભાવથી બારમે અને બીજા ભાવમાં શુભ ગ્રહો હોય તો શુભકર્તરિ ગણાય છે. બીજે અને બારમે પાપગ્રહો હોય તો પાપકર્તરિ ગણાય. શુભકર્તરિનુ ફળ શુભ મળે છે.

(૫) ભાવનો સ્વામી જન્મકુંડળીમાં કયા ભાવમાં કઈ રાશિમાં કોના નક્ષત્રમાં છે તેનો પણ વિચાર કરવો પડશે. (આ ગ્રંથમાં પાન ૯૬ થી ૧૧૨ માં વિસ્તૃત વિચાર છે.)

(૬) તે ભાવમાં પડેલી રાશિનો વિચાર કરવો રહે છે. ઉદાહરણ પાંચમો ભાવ સંતાનોનો છે તો તેમાં અલ્પપ્રસવ, વંધ્યા કે બહુપ્રસવ રાશિ છે ? નવમો ભાવ ભાગ્યોદયનો છે તો તેમાં સ્થિર, ચર કે દ્વિસ્વભાવ રાશિ છે ? તે પ્રમાણે ભાગ્યોદય સ્વદેશમાં, પરદેશમાં કે બન્ને સ્થળે થાય છે તે નકકી કરી શકાય છે.

એટલે ભાવ માટે દરેક ભાવ કઈ રીતે તપાસવો તેનો ખ્યાલ મેળવવા અભ્યાસ કરવાના ગ્રંથોમાં 'બૃહતપારાશરી'ની પોતાની આગવી વિશેષતાઓ છે. આ ગ્રથમાં ૧૧ મો અધ્યાય "ભાવવિવેક" છે. ત્યારબાદ

૧૨ મા અધ્યાયથી ૨૩ મા અધ્યાય સુધીના બાર અધ્યાયો દરેક ભાવને કઈ રીતે તપાસવા તે દર્શાવ્યું છે.

આ દરેક અધ્યાયમાં અમે 'શેખરભાષ્ય' ભાવનાં નામો, કારક ગ્રહ ભાવ જોવાની રીત આપી છે.

ભાવનો કારક તે ભાવમાં હોય તો તે ભાવને માટે હાનિકારક નીવડે છે તેવો એક સામાન્ય અભિપ્રાય છે પણ આ પરત્વે મતભેદ પ્રવર્તે છે. ઉદાહરણ ૫ માનો કારક ગુરૂ છે ૭ માનો શુક્ર છે. ૫ મે ગુરૂ સંતાનો આપે છે તેવા ઉદાહરણ પણ જોવા મળે છે તેમ ૭ મે શુક્ર સારી પત્ની આપે છે તેમ પણ જોવા મળે છે.

महादशान्तर्दशाओ

આજ ગ્રંથમાં પાન ૨૫૧ થી પાન ૨૭૬ ઉપર અમે દશાન્તર્દશા ઉપર અમારા વિદ્વાન મિત્ર શ્રી લક્ષ્મીપ્રસાદ બારોટના વિચારો અને સંશોધન રજૂ કરેલ છે. દરેક વાચકને નમ્ર અનુરોધ છે કે આ વિચારોનું તે ફરી ફરીને વિહંગાવલોકન કરે. સૌ પ્રથમ તો એ સ્પષ્ટ કરવું જરૂરી બને છે કે મહાદશામાં અંતર્દશાનું ફળ નક્કી કરવા.

(૧) જે ગ્રહની મહાદશા હોય તે ગ્રહ :

(અ) નૈસર્ગિક (કુદરતી) રીતે સૌમ્ય છે કે ક્રૂર ગ્રહ છે. તે નક્કી કરો. સૂર્ય, મંગળ અને શનિ કુદરતી અશુભ છે. ગુરુ, શુક્ર, ચંદ્ર, બુધ કુદરતી શુભ છે. રાહુ, કેતુ અહીં અશુભ છે.

(બ) ઉપરના કુદરતી શુભ કે અશુભ ગ્રહની મહાદશામાં અંતર્દશા છે તે પણ કુદરતી શુભ કે કુદરતી અશુભ છે.

આ (અ) + (બ) ના સંયોજનો આ પ્રમાણે થશે.

(૧) કુદરતી શુભ ગ્રહની મહાદશામાં કુદરતી શુભ ગ્રહની અંતર્દશા : ઉદાહરણ ગુરૂની મહાદશામાં શુક્રનું અંતર.

(૨) કુદરતી અશુભ ગ્રહની મહાદશામાં કુદરતી અશુભ ગ્રહનું અંતર. ઉદાહરણ : શનિમાં મંગળ કે મંગળમાં શનિ.

(૩) કુદરતી શુભ ગ્રહની મહાદશામાં કુદરતી અશુભ દશાનું અંતર. ઉદાહરણ, ચંદ્રની મહાદશામાં શનિનું અંતર.

(૪) કુદરતી અશુભ ગ્રહની મહાદશામાં નૈસર્ગિક રીતે શુભનું અંતર. ઉદાહરણ : શનિમાં શુક્રનું અંતર.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે નીચે પ્રમાણે ફળ પણ મળે છે.

(૧) અશુભગ્રહની મહાદશામાં અશુભ ગ્રહનું અંતર ફળ અશુભ.

(૨) શુભગ્રહની મહાદશામાં શુભ ગ્રહનું અંતર ફળ શુભ.

(૩) અશુભ ગ્રહની મહાદશામાં શુભનું અંતર ફળ કંઈક શુભ અથવા મિશ્ર (Mixed Results).

(૪) શુભ ગ્રહની મહાદશામાં અશુભ ગ્રહની અંતર્દશાનો સમય ફળ અશુભ અથવા કંઈક મિશ્ર :

આ નિયમ સામાન્ય નિયમ થયો. 'માનસાગરી' કે 'જાતક પારિજાત' જેવા ગ્રંથોમાં આ પ્રમાણે ફળ વાંચવા મળશે પછી 'માનસાગરી'ની અષ્ટોત્તરી હોય કે જાતક પારિજાતની વિંશોત્તરીનું વર્ણન હોય.

આમ છતાં આ નિયમો પરત્વે નવો જ દૃષ્ટિકોણ તમને બૃહત પારાશરીના વિંશોત્તરી મહાદશાના અંતર્દશાના વર્ણનોમાં પાના ૨૭૬ પછીના વર્ણનોમાં મળશે. એમાં આપેલા નિયમોની આપણે સામાન્ય તારવણી કરીએ. જે ગ્રહની મહાદશા હોય તે માટે નીચેના નિયમો ઘડી શકાય. મહાદશા જે ગ્રહની હોય.

(૧) જેની મહાદશા છે તે લગ્નથી કેંદ્રમાં ૧–૪–૭ અને ૧૦ મે હોય.

(૨) લાભ ભાવ ૧૧ મે હોય.
(૩) ત્રિકોણમાં ૫ મે ૯ મે હોય.
તો સામાન્ય રીતે ફળ શુભ આપનાર બને છે.
(૪) લગ્નથી ૬, ૮ કે ૧૨ મે હોય,

તો ફળ નબળું આપનાર બને છે: કુંડલીમાં આ દુઃસ્થાનો ગણાય છે. માનવીને શનિ લગ્નમાં હોય તો તેની મહાદશા સારી જાય પણ ગુરૂ જે કુદરતી શુભ ગ્રહ છે તે લગ્નથી ૬, ૮ મે, ૧૨ મે હોતાં નબળો બને છે. એટલે કેંદ્ર ત્રિકોણ કે લાભ ભાવમાં ગ્રહ બળવાન બને છે. આમાં અપવાદ રૂપ રાહુ કે કેતુ લગ્નથી ૩, ૬ કે ૧૧ મે હોય તો તેને સારા ગણ્યા છે. અને એની મહાદશા પ્રમાણમાં સારી જતી બતાવી છે.

૨ જું અને ૭ મું સ્થાન

આ સ્થાનબળ ઉપરાંત ૨ જા અને ૭ મા સ્થાનનું મહત્વ છે. એના સ્વામીની મહાદશા માટે 'મારક' દશા ગણવામાં આવેલ છે. જન્મ કુંડલીમાં મુખ્યત્વે ૮ મું સ્થાન 'આયુષ્ય' સ્થાન ગણાય છે. આઠમાથી આઠમું આઠમા સ્થાનનું 'આયુષ્ય' સ્થાન ગણાય છે. આમ કુંડળીમાં ૮ અને ૩ આયુષ્ય સ્થાન ગણ્યાં છે ત્યાંથી ૧૨મા સ્થાન ૭ મું અને ૨ જું 'મારક' સ્થાન ગણાયેલ છે. મારક સ્થાનના સ્વામી, તે સ્થાનમાં રહેલ ગ્રહો પણ મારક ગણાય છે. ઉદાહરણ એક જાતકને બીજા સ્થાનના માલિકની મહાદશા હોય તેમાં સાતમા સ્થાનના સ્વામીનું અંતર હોય કે સાતમા સ્થાનના માલિકની મહાદશા હોય તેમાં બીજા સ્થાનના સ્વામીનું અંતર હોય તો તે સમય "ઘાતક સમય" કે Death inflicting Period ગણાય છે. આમાં અપમૃત્યુ, અકસ્માત, જીવન હાનિ, આરોગ્યને ભય તથા અન્ય મુસ્કેલીઓ આવે છે. 'બૃહત પારાશરી'માં આવા દરેક દશા અંતર્દશાના વર્ણનોમાં બીજા કે ૭ માના માલિકની મહાદશા અને અંતર્દશામાં કે ૭ મા અને બીજાના

માલિકની અંતરદશામાં આવે। અપમૃત્યુ ભય વગેરે અન્ય અશુભ ફળો આપીને તેનો પરિહાર પણ આપ્યો છે. જેમાં વિષ્ણુસહસ્ત્રનામ, મૃત્યુંજય મંત્ર, ગાય ભેંસ કે બકરીનું દાન અને મૂર્તિદાન વગેરે સૂચવ્યાં છે. આ ફળ જેટલે અંશે રજ્જના સ્વામીમાં ૭ માના સ્વામીના અંતરને કે ૭ માના સ્વામીની મહાદશામાં રજ્જના સ્વામીના અંતરને લાગુ પડે છે તેટલે જ અંશે ૨ જે રહેલ ગ્રહની મહાદશામાં ૭ મે રહેલ કે ૭ માના સ્વામીના અંતરને તથા ૭ મે રહેલ ગ્રહની મહાદશામાં રજ્જ ભાવમાં રહેલ ગ્રહનું અંતર કે રજ્જના સ્વામીના અંતરને લાગુ પડે છે.

તટસ્થ દૃષ્ટિકોણથી આગળ વધીએ તો ૭મે રહેલ ગ્રહમાં ૭માના સ્વામીનું અંતર કે ૨ જે રહેલ ગ્રહમાં બીજાના સ્વામીનું અંતર પણ તેવા જ અપમૃત્યુને સૂચવે છે. એટલે

(૧) રજ્જે રહેલ ગ્રહની મહાદશામાં ૨ જાના સ્વામીની અંતર્દશા કે ૨ જાના સ્વામીમાં ૨ જે રહેલ ગ્રહની અંતર્દશા.

(૨) ૭મે રહેલ ગ્રહની મહાદશામાં ૭માના સ્વામીની અંતર્દશા કે ૭માના સ્વામીની મહાદશામાં રહેલ ૭મે રહેલ ગ્રહની અંતર્દશા.

(૩) અથવા ૨ જાના સ્વામી કે ૨ જે રહેલ ગ્રહમાં ૭માના સ્વામી કે ૭મે રહેલ ગ્રહનું અંતર

કે (૪) ૭માના સ્વામી કે ૭મે રહેલ ગ્રહની મહાદશામાં ૨ જે રહેલ ગ્રહ કે ૨ જાના સ્વામીનું અંતર

આ બધી જ મહાદશામાં અંતર્દશા વિચિત્ર ઘાતક સમય સૂચવે છે.

उच्चादिक स्थिति

(૧) જે ગ્રહની મહાદશા હોય તે જન્મકુંડલીમાં ઉચ્ચનો હોય, અથવા સ્વગૃહી કે મૂલત્રિકોણી હોય કે મિત્રક્ષેત્રી હોય તેની મહાદશા અનુક્રમે ઉત્તમ સારી કે મધ્યમ સારી જાય છે. એ પ્રમાણે જે ગ્રહનું અંતર હોય તે ઉચ્ચ, સ્વક્ષેત્રી કે મૂલત્રિકોણી અથવા મિત્રક્ષેત્રી હોય તો

તેનું અંતર સારું જાય છે. જેની મહાદશા હોય તે ગ્રહ અને જેનું અંતર હોય તે ગ્રહ.

(અ) એક ઉચ્ચ સ્વક્ષેત્રી કે મૂલત્રિકોણી અથવા મિત્રક્ષેત્રી હોય તો પરિણામમાં સુધારો થાય છે.

(બ) એમાંથી એક તેમ હોય અને અન્ય ન હોય તો ફળ મિશ્ર (Mixed results) આવે છે.

नित्यादिक स्थिति

(૧) જે ગ્રહની મહાદશા હોય તે જન્મકુંડલીમાં નીચેનો હોય અથવા શત્રુક્ષેત્રી અસ્ત કે પરાભવ પામેલ હોય તેની મહાદશાના પરિણામમાં નબળાં પરિણામો અનુભવવાનો સંભવ વધુ રહેલો છે તેમાં પણ જેનું અંતર ચાલે છે તે પણ નીચનો અસ્ત કે શત્રુક્ષેત્રી હોય તો તેનું અંતર ખરાબ જશે. પણ જેની મહાદશા કે અંતર્દશા હોય તે એક એવી રીતે નબળા હોય તો સમય ઘણો વિચિત્ર પૂરવાર થાય. મહાદશાના અધિપતિ કે અંતર્દશા જેની હોય તે બે ગ્રહમાંથી એકજ માત્ર આમ નબળો હોય (નિત્યાદિક) તો (Mixed Results)–મિશ્ર પરિણામો આવવા સંભવ છે.

ષડવર્ગમાં સ્થિતિ.

હોરા, દ્રેષ્કાણ, સપ્તમાંશ, નવમાંશ, દ્વાદશાંશ અને ષષ્ટાંશ આ છ કુંડલી ષડવર્ગી ગણાય છે, તેમાં દક્ષિણ ભારતમાં નવમાંશ કુંડલીનું પરમ મહત્વ છે. એ નક્ષત્ર કુંડલી પણ કહેવાય છે. મૂળમાં ઉચ્ચ, સ્વક્ષેત્રી મૂળત્રિકોણી, મિત્રક્ષેત્રી, શત્રુક્ષેત્રી કે નીચનો ગ્રહ નવમાંશમાં પણ ઉચ્ચનો સ્વક્ષેત્રી, શત્રુક્ષેત્રો, નીચ વગેરે ૬૪ સ્થિતિનો છે તે જોવો જોઇએ. મૂળ કુંડલીમાં ગ્રહ નીચનો હોય પણ નવમાંશ કુંડલીમાં ઉચ્ચાદિકનો શુભ હોય તે નવમાંશમાં બગડતો હોય તો શુભ ફળ ઘટે છે.

એટલે જે લોકો માત્ર બાર ખાનાનું સામાન્ય (જનરલ) કુંડલી હાથમાં પકડી નવ ગ્રહો જોઈ જનરલ ફલાદેશ કાઢતા હોય તેમને શી ખબર હોય પણ હકીકતમાં સૂક્ષ્મ અને તાત્પર્યનો ફલાદેશ કાઢવો હોય તેમાં પણ વિંશોત્તરી મહાદશાને આધારે બનાવો કાઢવા હોય તેમણે મહાદશાના સ્વામી કે અંતર્દશાના અધિપતિ અંગે.

(૧) કુદરતી શુભ કે અશુભ.

(૨) સ્થાનબલ.

(૩) ૨ જા કે ૭મા ભાવનો સંબંધ.

(૪) ઉચ્ચાદિક કે નીચાદિકની સ્થિતિ

(૫) જન્મ લગ્નથી યોગકારકે તરીકે શુભાશુભ સંબંધ.

અને (૬) આ બધા ઉપરાંત જાતકના જન્મલગ્ન, ચંદ્ર અને સૂર્યથી કે જે ગ્રહોની મહાદશા કે અંતરદશા હોય તેનો ગોચરથી સંબંધ વિચારવો રહ્યો. **આ સર્વાંગીણ સમીક્ષા ધીમે ધીમે અભ્યાસથી** સિદ્ધ થાય છે.

એ દૃષ્ટિએ આ શ્રી પારાશરી સિદ્ધાંતોનો ગ્રંથ ખરેખર બૃહત છે. અને તેની જહેમત દાદ માગી લે તેવી છે. આ ગ્રંથની મૂળ સંસ્કૃત પ્રત સુધારવામાં તૈયાર કરવામાં પં. શ્રી સીતારામ ઝાનો ભગીરથ પરિશ્રમ દાદ માગી લે તેવો છે. આ કાર્ય માટે તેઓ આપણા સૌના અભિનંદનના અધિકારી બને છે

બૃહત પારાશરી ગ્રંથની વિશેષતાઓ અનેક છે. ગ્રંથના આરંભમાં પ્રથમ અધ્યાયમાં સૃષ્ટિનો ક્રમ વર્ણવ્યો છે. અને બીજા અધ્યાયોમાં અવતારો વિશે ચર્ચા કરી છે. શ્લોક વિસ્તારની દૃષ્ટિએ ઘણા

અધ્યાય સાવ નાના પણ છે : તો કેટલાક અધ્યાય મોટા પણ છે. નીચે પ્રમાણે અધ્યાયોનો શ્લોક ક્રમ છે અધ્યાય અને બાજુમાં શ્લોકો છે.

અ	શ્લો.	અ.	અ.	શ્લો.	અ.	શ્લો.	અ.	શ્લો.
	૧–૨૭	૨૧–૨૨		૪૧–૩૪		૬૧–૮૨		૮૧–૮૫
	૨–૧૩	૨૨–૧૧		૪૨–૧૮		૬૨–૮૨		૮૨–૧૫
	૩–૭૩	૨૩–૧૪		૪૩–૭૮		૬૩–૮૩		૮૩–૧૧૧
	૪–૩૦	૨૪–૧૪૮		૪૪–૪૬		૬૪–૫૮		૮૪–૨૭
	૫–૨૪	૨૫–૮૭		૪૫–૧૫૫		૬૫–૩૨		૮૫–૪
	૬–૫૩	૨૬–૧૩		૪૬–૧૫૯		૬૬–૭૨		૮૬–૯
	૭–૪૩	૨૭–૪૦		૪૭–૮૯		૬૭–૫		૮૭–૧૩
	૮–૯	૨૮–૨૦		૪૮–૨૦		૬૮–૬		૮૮–૫
	૯–૪૫	૨૯–૩૭		૪૯–૩૭		૬૯–૪		૮૯–૭
	૧૦–૯	૩૦–૪૩		૫૦–૯૭		૭૦–૪૪		૯૦–૧૮
	૧૧–૧૬	૩૧–૧૮		૫૧–૧૬		૭૧–૪		૯૧–૧૪
	૧૨–૧૫	૩૨–૩૭		૫૨–૭૩		૭૨–૩૧		૯૨–૧૧
	૧૩–૧૩	૩૩–૯૯		૫૩–૭૭		૭૩–૩૦		૯૩–૨૦
	૧૪–૧૫	૩૪–૪૬		૫૪–૭૬		૭૪–૨૮		૯૪–૧૩
	૧૫–૧૪	૩૫–૫૦		૫૫–૮૩		૭૫–૨૨		૯૫–૯
	૧૬–૩૨	૩૬–૩૯		૫૬–૮૦		૭૬–૧૮		૯૬–૧૦
	૧૭–૨૮	૩૭–૧૩		૫૭–૮૨		૭૭–૨૨		૯૭–૨૫
	૧૮–૪૨	૩૮–૪		૫૮–૭૧		૭૮–૧૬		
	૧૯–૧૫	૩૯–૪૮		૫૯–૭૯		૭૯–૧૫		
	૨૦–૩૨	૪૦–૧૫		૬૦–૭૪		૮૦–૫૫		
	૫૩૮	૭૯૩		૧૪૪૫		૭૦૯		૩૬૬

એટલે વાચક જોઈ શકશે ૪ કે ૫ શ્લોકોના જ્યાં નાના અધ્યાયો છે ત્યાં ૧૪૮–૧૫૫ કે ૧૫૬ શ્લોકોના મોટા અધ્યાયો પણ છે. ૩૮૫૧ શ્લોકો સમગ્ર ગ્રંથમાં આવે છે. તેમાં પણ દશાઓનું વર્ણન અધ્યાય ૪૬ થી શરૂ થઈ અધ્યાય ૬૫ સુધી છે. ૧૪૫૧ શ્લોકો આ વિભાગમાં છે. દશાઓ, મહાદશાઓ, અંતર્દશાઓ પરત્વે કોઈ પણ ગ્રંથમાં આટલો વિસ્તાર આજ સુધી જોવા મળ્યો નથી. યોગિની, કાલચક્ર, વિંશોત્તરી આદિ દશાઓનો આ ગ્રંથ આમ 'મહારત્નાકર' છે.

દશાઓનું વિપુલ વર્ણન આ ગ્રંથમાં આપને મળશે. અષ્ટોત્તરી અને વિંશોત્તરી દશા અને અન્ય દશાના કોષ્ટકો મેં આ ગ્રંથમાં હેતુપૂર્વક નથી આપ્યાં કેમકે સંદેશ, મુંબઈ સમાચાર પંચાંગોમાં આ કોષ્ટકો તૈયાર હોય છે.

અંતમાં એક અન્ય વિશેષતા પરત્વે વાચકોનું ધ્યાન દોરી આ લાંબી પ્રસ્તાવનાને પૂરી કરું. આ વિભાગમાં છેવટના અધ્યાયોમાં સામુદ્રિકનો ઊંડો વિચાર છે. સ્ત્રીઓનાં અંગો પરત્વે શુભ અને અશુભ લક્ષણોનો ખ્યાલ આપ્યો છે. સ્ત્રી એ લક્ષ્મી ગણાઈ છે. લગ્ન બાદ અનેકોનો ભાગ્યોદય થાય છે તો કોઈક દરિદ્ર પણ બની જાય છે. સંશોધનની દૃષ્ટિએ ૪૬૧ પાનથી ૪૭૪ પાન સુધીના વર્ણનો રસિક રોચક અને રસપ્રદ બન્યાં છે.

ત્યારબાદ અધ્યાય ૮૩ પછી 'શાસ્ત્રમાં પુત્ર નથી તો સદ્‌ગતિ નથી 'માટે કયા પાપથી પુત્ર થતો નથી' અને તેનું નિવારણ શું છે તે શિવપાર્વતીના સંવાદરૂપે આપ્યું છે. આ યોગો કુંડલીમાં અધ્યયન કરતાં તે પ્રમાણે પરિણામ મળે છે. રહી એના નિવારણની વાત : તે તો શ્રદ્ધાનો પણ વિષય છે. આવું કંઈ ન બની શકે એમ અંધશ્રદ્ધાથી ન માની શકાય. ઘણા દાખલાઓમાં ચમત્કારિક પરિણામ જોવા મળે છે. આમાં પણ સંશોધન જરૂરી છે. અમાસ, ચૌદશ, મૂલ જ્યેષ્ઠાદિક જન્મ અને તેના શાંતિના વર્ણનો મહત્ત્વના છે.

ગૂજરાતને ચરણે આવી એક કૃતિ રજૂ કરતાં આનંદ થાય છે. આમાં જે કંઈ સારું છે તે શાસ્ત્રનું છે. ભૂલો છે તે મારી છે. નવી આવૃત્તિ માટે સૂચનો આવકારતાં આનંદ થશે. ખૂબ લાગણીપૂર્વક આ "મૈત્રેય – પારાશર'–સંવાદ" એટલે 'બૃહતપારાશરી' જનતા અને જ્યોતિષ પ્રેમીઓ સમક્ષ રજૂ કરું છું. આમાં ઠેર ઠેર 'શેખર ભાષ્ય' આપ્યું છે. તેમાં જે જે વિદ્વાનોના મંતવ્યો આપ્યાં છે તે સૌનો આભાર માનું છું. અને હિમ્મતપૂર્વક આ સાહસિક કાર્ય પ્રગટ કરવા શ્રી હરિહર પુસ્તકાલયના અધિપતિ મારા મુરબ્બી શ્રી જયંતીભાઈના પ્રયાસની નોંધ લઉં છું.

ગણેશ ચતુર્થી : ૨૦૨૫

સિન્ધ આ. ફાર્મસી

૩૭૫, કાલબાદેવી મુંબઈ–૨,

ચંદ્રશેખર ગોપાલજી ઠક્કુર

શ્રી

બૃહત પારાશરી

અનુક્રમણિકા

અધ્યાય : ૧

સૃષ્ટિક્રમ	પેજ
ત્રણ વિભાગ	૧
સૃષ્ટિ વિશે પ્રશ્ન	૧
મંગલાચરણ	૨
વિદ્યાના અધિકારી	૨
સૃષ્ટિનો ક્રમ	૩
જીવ અને પરમાત્મા	૫

અધ્યાય : ૨

અવતારો

અવતાર અને જીવ અંશ	૬
ગ્રહોના અવતાર	૭

અધ્યાય : ૩

ગ્રહો વિશે

મૈત્રેયનો પ્રશ્ન	૯
પરાશરનો ઉત્તર	૧૦
૨૭ નક્ષત્રો	૧૦
નક્ષત્રની વ્યાખ્યા	૧૦
ગ્રહની વ્યાખ્યા	૧૧
રાશિની વ્યાખ્યા	૧૧
લગ્નની વ્યાખ્યા	૧૧
સ્પષ્ટ ગણિતનું મહત્ત્વ	૧૨
નવગ્રહો	૧૨
ક્રૂર અને શુભગ્રહો	૧૨
ગ્રહો અને કારકત્વ	૧૩
ગ્રહો અને વર્ણ	૧૩
ગ્રહો અને દેવતા	૧૪
ગ્રહો અને વર્ણ	૧૫
ગ્રહોનાં સ્વરૂપ	૧૬
ગ્રહોના ધાતુ	૧૭
ગ્રહોનાં સ્થાન	૧૭
ગ્રહોના ૭ રસો	૧૭
ગ્રહોની દિશાઓ	૧૮
ગ્રહો અને દિનરાત	૧૮
ગ્રહો અને શુક્લકૃષ્ણપક્ષ	૧૮
ગ્રહો અને વૃક્ષો	૧૯
ગ્રહો અને વસ્ત્રો	૨૦
ગ્રહો અને ઋતુઓ	૨૦

ગ્રહોના ઉચ્ચનીચાદિક ૨૧
„ ની (આકૃતિ ૧–૨) ૨૨
મૂલત્રિકોણ અને સ્વગૃહી ગ્રહ ૨૨
ગ્રહો અને મૈત્રીચક્ર ૨૩
પંચધા મૈત્રી ૨૪
ગ્રહોનું બળ ૨૫
અપ્રકાશિત ગ્રહ ૨૫
અપ્રકાશિત ગ્રહોનું ફળ ૨૬
ગુલિક આદિ ૨૬

અધ્યાય : ૪

રાશિઓનાં સ્વરુપ

પરાશરનો ઉત્તર ૨૮
અહોરાત્રની વ્યાખ્યા ૨૮
અવ્યકતાંમા ૨૮
એનાં અંગો ૨૮
બાર રાશિઓનાં નામો ૨૮
રાશિ અને અંગ ૨૯
ચર–સ્થિર–દ્વિસ્વભાવ ૨૯
રાશિઓ–સમ–વિષમ ૩૦
રાશિઓ–વાતાદિદોષો ૩૦
રાશિઓનાં સ્વરૂપ ૩૦
મેષનું સ્વરૂપ ૩૦
વૃષભનું સ્વરૂપ ૩૦
મિથુનનું સ્વરૂપ ૩૦
સિંહ રાશિનું સ્વરૂપ ૩૦
કન્યારાશિનું સ્વરૂપ ૩૧
તુલારાશિનું સ્વરૂપ ૩૧
વૃશ્ચિકરાશિનું સ્વરૂપ ૩૧
ધનરાશિનું સ્વરૂપ ૩૧
મકરરાશિનું સ્વરૂપ ૩૧
કુંભરાશિનું સ્વરૂપ ૩૧
મીનરાશિનું સ્વરૂપ ૩૨

અધ્યાય : ૫

લગ્ન સાધન

લગ્ન સાધન ૩૨
હોરાલગ્ન સાધન ૩૨
ઘટીલગ્ન સાધન ૩૨
વર્ણદ દશા ૩૪
વર્ણદ પ્રયોજન ૩૪

અધ્યાય : ૬

ષોડશવર્ગ

મૈત્રેયનો પ્રશ્ન ૩૬
પરાશરનો ઉત્તર ૩૬
સોળ વર્ગ ૩૬
હોરા સાધન ૩૭
દ્રેષ્કાણ ૩૭
ચતુર્થાંશ
સપ્તમાંશ ૩૯
નવાંશ ૩૯
દ્વાદશાંશ ૩૯
ષોડશાંશ, ૪૦
વિશાંશ ૪૦

ચતુર્વિંશાંશ ૪૦
ભ અંશ ૪૦
ખવેદાંશ ૪૧
અક્ષવેદાંશ ૪૧
ષષ્ટ્યંશ ૪૧
વર્ગ ભેદ ૪૨

અધ્યાય : ૭

ભાવવર્ગ વિવેક

નવમાંશનું ફળ ૪૨
બળ માપવાની પદ્ધતિ ૪૫
ષડવર્ગ ૪૫
ષોડશાંશ વર્ગ ૪૫
વિશોપક બળ ૪૬
ભાવોની કેન્દ્રસત્તા ૪૬
પણ ફર ભાવો ૪૬
ફોણ ભાવો ૪૬
બારેય ભાવોનાં નામ ૪૭

અધ્યાય : ૮

રાશિદૃષ્ટિ કથનીય

રાશિઓની દૃષ્ટિ ૪૮
એની સમજણ ૪૯
રાશિદૃષ્ટિ ચક્ર ૪૯

અધ્યાય : ૯

અરિષ્ટ વિશે વિચાર

અરિષ્ટ, અરિષ્ટભંગ, મહત્ત્વ ૫૦
બાલારિષ્ટ ૫૦
શીઘ્રમરણ યોગ ૫૦
૮ મે વર્ષે મરણ ૫૦
૧ માસમાં મરણ ૫૦
માતા–ભાર્યાના મરણ ૫૧
મંગળનો મરણયોગ ૫૧
૧૫ દિનનો મૃત્યુયોગ ૫૧
માતાસહિત મરણયોગ ૫૧
૧ માસમાં મરણ ૫૧
ગંડાંત યોગ ૫૧
પાપગ્રહોમાં લગ્નકર્તરિ ૫૧
શીઘ્ર મરણયોગ ૫૧
અન્ય શીઘ્ર મરણના ૪ યોગો ૫૨
માતાના કષ્ટનો વિચાર ૫૨
માતાના મરણના ૯ યોગો ૫૨
પિતાના કષ્ટનો વિચાર ૫૩
પિતાના મરણના ૯ યોગો ૫૪
માતાપિતાના કારક ૫૪

અધ્યાય : ૧૦

અરિષ્ટ ભંગ

પારાશરનો ઉત્તર ૫૪
વિપાંત્તનો ભંગ ૫૪
બુધ કે શુક્ર કેંદ્રમાં યોગ ૫૪
લગ્નેશ કેન્દ્રમાં યોગ ૫૪
તુલા લગ્ન–બારમે સૂર્ય ૫૪

અધ્યાય : ૧૧

ભાવવિવેક

મૈત્રેયનો પ્રશ્ન ૫૭

પારાશરનો ઉત્તર ૫૮
પ્રથમ સ્થાનથી બારેય
ભાવનું ફળ ૫૮
મહત્વનો નિયમ (૧૪-૧૫-૧૬) ૫૮

અધ્યાય : ૧૨

પ્રથમ ભાવફળ

લગ્નેશ અને કષ્ટ ૫૯
લગ્નેશ અને સુખ ૫૯
પૂ રંગરે મહારાજની કુંડલી ૫૯
ભાવ જોવાની પદ્ધતિ ૫૯
લગ્ન કે ચંદ્ર પર પાપગ્રહનો યોગ ૬૦
લગ્નમાં શુભ ગ્રહ ૬૦
,, પાપ ગ્રહ ૬૦
સુખના યોગો ૬૦
જોડ્યાં બાળક ૬૦
જન્મનારનાં ચિહ્નો ૬૧

અધ્યાય : ૧૩

દ્વિતીય ભાવફળ

ધનની વૃદ્ધિ અને હાનિ ૬૨
ઉદાહરણ કુંડલી ૬૩
નિર્ધનના યોગો ૬૩
કારક ગ્રહ ૬૩
વિચારણીય વિષયો ૬૩
વિના યત્ને લાભ ૬૩
આંખનું આરોગ્ય ૬૪
વાણી અને સત્ય ૬૪

અધ્યાય : ૧૪

તૃતીય ભાવફળ

બંધુઓ વિશે વિચાર ૬૫
ભાવના પર્યાયો ૬૫
કારક ગ્રહ ૬૫
મોટાભાઈનો વિચાર ૬૫
નોકરચાકરનો વિચાર ૬૬
ટૂંકી યાત્રાનો વિચાર ૬૬
લખાણનો વિચાર ૬૬
બંધુઓનો નાશ ૬૬
ભાઈ કે બહેનોનું સુખ ૬૬
ભાઈઓની સંખ્યા ૬૭

અધ્યાય ૧૫

ચતુર્થ ભાવફળ

સુખ વિશે વિચાર ૬૮
ઘરનું સુખ ૬૯
ભાવના પર્યાયો ૬૯
કારકગ્રહ ૬૯
માતૃસુખ ૬૯
બહેનોનું સુખ ૬૯

અધ્યાય ૧૫

પાંચમાભાવનુંફલ

પુત્રસુખ ૭૦
અપુત્ર યોગ ૭૦
પુત્રમરણ ૭૧

કાકવંધ્યાયોગ ૭૧
પ્રયત્નથી પુત્રલાભ ૭૧
દત્તક પુત્રના યોગો ૭૧
અનેક પુત્રના યોગો ૭૧
કારક ગ્રહ ૭૨
ભાવના પર્યાયો ૭૨
પ્રાપ્તિ કે વિયોગ સમય ૭૩
પુત્રની સંખ્યા ૭૪

અધ્યાય ૧૬

ષષ્ઠભાવફલ

વ્રણ કે ઘાનો યોગ ૭૫
ભાવના પર્યાય ૭૫
વિચારણીય વિષયો ૭૬
રોગોનો વિચાર ૭૬
જીવનભર રોગીયોગ ૭૬
કુષ્ઠ રોગ યોગ ૭૭
ક્ષય રોગ યોગ ૭૭
ગુલ્મ રોગ યોગ ૭૭
પશુથી ભય ૭૭
પક્ષીથી ભય ૭૭
પાણીથી ભય ૭૭
પ્રમેહરોગ યોગ ૭૭
શત્રુઓનો યોગ ૭૭
પુત્ર જ શત્રુ બને ૭૭
કૂતરાનો ભય ૭૭

અધ્યાય : ૧૮

સપ્તમ ભાવફલ

પત્નીનું પૂર્ણ સુખ ૭૮
રોગી સ્ત્રી ૭૮
કામાતુર માનવી ૭૮
સ્ત્રીનું મરણ ૭૮
ભાવના પર્યાયો ૭૮
કલિત પદાર્થો ૭૮
ભાગીદારીનો વિચાર ૭૯
અનેક પત્નીનો યોગ ૭૯
પત્નીનું સ્વરૂપ ૭૯
સુખ દુઃખના યોગો ૮૦
કયા વર્ષે વિવાહ ૮૦
સ્ત્રીના મરણનો સમય ૮૧

અધ્યાય : ૧૯

આયુષ્ય ભાવફલ

દીર્ઘ આયુષ્ય ૮૩
અલ્પ આયુષ્ય ૮૩
શનિનું મહત્ત્વ ૮૩
પર્યાયો ૮૩
કારક ગ્રહ ૮૩
ધાતનો વિચાર ૮૪
દીર્ઘ અલ્પ આયુષ્ય ૮૪

અધ્યાય : ૨૦

ભાગ્યભાવ વિચાર

પરમ ભાગ્યશાળી યોગ ૮૫
પિતાને ધનિક-નિર્ધન યોગો ૮૫

પિતાનું સુખ ૮૫
ભાવનો કારક ૮૬
ભાવના પર્યાય ૮૬
પિતાપુત્ર સંબંધ ૮૬
બીમારી યોગ ૮૬
પિતાનું મરણ ૮૬
ભાગ્યોદય ૮૮

અધ્યાય : ૨૧
દશમ ભાવફળ

પારાશરનું નિવેદન ૮૯
દશમ ભાવનાં નામો ૮૯
દશમ ભાવનો કારક ૮૯
પિતૃસુખ ૮૯
કર્મભાવનો વિચાર ૮૯
શુભ યોગ ૯૦
અશુભ યોગ ૯૦

અધ્યાય : ૨૨
અગિયારમો ભાવ

ભાવના પર્યાયો ૯૨
ભાવનો કારક ગ્રહ ૯૨
સદૈવ સુખી યોગ ૯૨
લાખો પ્રયત્ન છતાં દુઃખ ૯૩
ભાઇઓથી ધનલાભ ૯૩

અધ્યાય : ૨૩
દ્વાદશ ભાવફળ

વ્યયસ્થાન ૯૪
શુભકામમાં વ્યય ૯૪
શયન સુખ ૯૪
કારક ગ્રહ ૯૪
વિચારણીય વિષયો ૯૪
દૃશ્ય ચક્રાર્ધ ૯૫
અદૃશ્ય ચક્રાર્ધ ૯૫
નરકમાં જવાનો યોગ ૯૫
દીનદુઃખિયા યોગ ૯૫
ધનનો વ્યય ૯૫
લગ્નેશનું ફળ ૯૬
ધનેશનું ફળ ૯૮
તૃતીયેશનું ફળ ૯૯
ચતુર્થેશનું ફળ ૧૦૦
પંચમેશનું ફળ ૧૦૧
ષષ્ઠેશનું ફળ ૧૦૨
સપ્તમેશનું ફળ ૧૦૪
અષ્ટમેશનું ફળ ૧૦૫
નવમેશનું ફળ ૧૦૬
કર્મેશનું ફળ ૧૦૭
લાભેશનું ફળ ૧૦૮
વ્યયેશનું ફળ ૧૦૯

અધ્યાય : ૨૫
અપ્રકાશિત ગ્રહો

પરાશરનું મંતવ્ય ૧૧૨
ધૂમગ્રહનું ફળ ૧૧૨
પાતફળ ૧૧૩
પરિધિ ફળ ૧૧૪

ચાપ ફળ ૧૧૫
કેતુ (અપ્રગટ) ફળ ૧૧૬
ગુલિક ફળ ૧૧૭

અધ્યાય : ૨૬
ગ્રહસ્ફુટદૃષ્ટિ

મૈત્રેયનો પ્રશ્ન ૧૨૧
પરાશરનો ઉત્તર ૧૨૧
દૃષ્ટિનો પ્રકાર ૧૨૧
બલના પ્રકાર ૧૨૧
શનિની દૃષ્ટિની વિશેષતા ૧૨૩
મંગળની દૃષ્ટિની વિશેષતા ૧૨૩
ગુરુની દૃષ્ટિની વિશેષતા ૧૨૩

અધ્યાય : ૨૭
સ્પષ્ટ બલ

યુગ્મ યુગ્માંશ બલ ૧૨૪
કેન્દ્રાદિ બલ ૧૨૫
દ્રેષ્કાણ ૧૨૫
દિગ્બલ ૧૨૫
કાળબલ ૧૨૫
પંચબલ ૧૨૫
દિનરાત્રિબલ ૧૨૬
વર્ષાદિક બલ ૧૨૬
નૈસર્ગિક બલ ૧૨૬
દૃગ્બલ ૧૨૭
ગ્રહોની ગતિ ૧૨૭
ભાવફળપ્રદ ગ્રહ ૧૨૯

અધ્યાય : ૨૮
ઇષ્ટ અને કષ્ટ

ગ્રહનું શુભ બલ ૧૩૦
ગ્રહનું અશુભ બલ ૧૩૦
ઇષ્ટ બલ ૧૩૧
કષ્ટ બલ ૧૩૧

અધ્યાય : ૨૯
પદ

લગ્નથી બલપદ ૧૩૪
પદનું બલ ૧૩૪
વિશેષતા ૧૩૪
પદથી બાર સ્થાનોનાં ફળ ૧૩૫
પદથી સાતમા સ્થાનનું ફળ ૧૩૫

અધ્યાય : ૩૦
ઉપપદ

ઉપપદની વ્યાખ્યા ૧૩૭
વિવિધ મંતવ્યો ૧૩૮
ઉપપદનું મહત્વ ૧૩૮

અધ્યાય : ૩૧
અર્ગલા

મૈત્રેયનો પ્રશ્ન ૧૪૧
પરાશરનો ઉત્તર ૧૪૧
અર્ગલાની

અધ્યાય : ૩૨
કારક

પરાશરનું મંતવ્ય ૧૪૩
અન્ય કારકોના લક્ષણો ૧૪૪

લગ્નાદિના કારકો ૧૪૬

અધ્યાય : ૩૩

કારકાંશફલ

મેષાદિ નવાંશગત આત્મકારક ૧૪૭

કારકના બારેય ભાવોનું ફળ ૧૪૮

અધ્યાય : ૩૪

યોગકારક

પરાશરનું મંતવ્ય ૧૫૬

સ્વાભાવિક શુભાશુભગ્રહો ૧૫૭

યોગકારક ગ્રહના નિયમો ૧૫૭

રાહુ કેતુના નિયમો ૧૫૮

મૈત્રેયનો પ્રશ્ન ૧૫૮

પરાશરનો ઉત્તર ૧૫૮

મેષલગ્ન ૧૫૮

વૃષભ-મિથુન-કર્ક-સિંહ લગ્ન ૧૫૯

કન્યા-તુલા મકર-કુંભ-મીન ૧૬૦

અધ્યાય : ૩૫

નાભસયોગો

૩૨ ભેદ ૧૮૦૦ ઉપભેદ ૧૬૧

૩ આશ્રય યોગો ૧૬૧

૨ દલયોગ ૧૬૧

૨૦ આકૃતિ યોગો ૧૬૧

૭ સંખ્યા યોગો ૧૬૧

૩૨ યોગોનાં ફળો ૧૬૩

અધ્યાય : ૩૬

વિવિધયોગ

શ્રી શુભયોગ ૧૬૭

પાપયોગ ૧૬૭

શુભકર્તરિ-પાપકર્તરિ ૧૬૭

ગજકેસરી ૧૬૮

અમલયોગ ૧૬૮

પર્વત-કાહલ-ચામર ૧૬૯

શંખ, ભેરી, મૃદંગ. શ્રીનાથ ૧૭૦

મત્સ્ય-કુર્મ, ખડ્ગ, લક્ષ્મી ૧૭૧

કુલાનિધિ, કલ્પદ્રુમ, હરિહર ૧૭૨

લગ્નાધિયોગ ૧૭૨

અધ્યાય ૩૭

ચન્દ્ર યોગો

અલ્પ-મધ્યમ-ઉત્તમ યોગ ૧૭૪

શુભ અશુભ યોગ ૧૭૪

અધિયોગ ૧૭૫

અધિકમધ્ય અલ્પયોગ ૧૭૫

સુનફા અનફા દુર્ધરા ૧૭૫

ત્રણેય યોગનાં ફળ ૧૭૫

કેમદ્રુમ ૧૭૬

ચંદ્રયોગની વિશેષતા ૧૭૬

અધ્યાય : ૩૮

સૂર્યના યોગ

વેશિ-વોશિ, ઉભયચરી ૧૭૭

અધ્યાય : ૩૯

રાજયોગો

પરાશરનું ચંતવ્ય ૧૭૯

અધ્યાય : ૪૦

રાજ્ય સંબંધ યોગો

રાજ્યમંત્રી અને અન્ય યોગો ૧૮૫

અધ્યાય : ૪૧

ધનયોગો

પરાશરનું મંતવ્ય ૧૮૭

ખૂબ ધનવાન થવાના ૮ યોગો ૧૮૮

ધન પ્રાપ્તિકાળ ૧૮૯

કેન્દ્ર વિષ્ણુના સ્થાન ૧૯૦

ત્રિકોણ લક્ષ્મીના સ્થાન ૧૯૦

અધ્યાય : ૪૨

દરિદ્રયોગો

મૈત્રેયનો પ્રશ્ન ૧૯૨

પરાશરનો ઉત્તર ૧૯૩

અધ્યાય : ૪૩

આયુર્દાય

પ્રાણીઓનું આયુર્દાય ૧૯૫

કઠણ કાર્ય ૧૯૫

વિવિધપ્રકારના આયુર્દાય ૧૯૬

અધ્યાય : ૪૪

મારક ગ્રહો

મૈત્રેયનો પ્રશ્ન ૨૦૬

પરાશરનો ઉત્તર ૨૦૬

૨ જું અને ૭ મું સ્થાન ૨૦૭

મારક ગ્રહનાં લક્ષણો ૨૦૭

૩ જા પરથી મૃત્યુ ૨૦૮

મરણનું સ્થાન ૨૦૯

જ્ઞાનપૂર્વક મરણ :

મરણનો દેશ ૨૦૯

૮ મું સ્થાન મરણ ૨૧૦

શબની અંતિમક્રિયા ૨૧૦

પૂર્વજન્મ ૨૧૦

મરણેતર હાલત ૨૧૧

અધ્યાય : ૪૫

ગ્રહની અવસ્થા

મૈત્રેયનો પ્રશ્નો ૨૧૨

પરાશરનો ઉત્તર ૨૧૩

બાલાદિ અવસ્થા ૨૧૨

જાગૃતાદિ ,, ૨૧૨

દીપ્તાદિ ,, ૨૧૨

લજ્જિતાદિ ,, ૨૧૪

ગર્વિતાદિ ,, ૨૧૫

સૂર્ય અવસ્થાઓ ૨૧૫

ચંદ્રની ,, ૨૧૭

મંગળની ,, ૨૧૮

બુધની ,, ૨૧૯

ગુરૂની ,, ૨૨૦

શુક્રની ,, ૨૨૨

શનિની ,, ૨૨૩

રાહુની ,, ૨૨૪

કેતુની ,, ૨૨૬

અધ્યાય : ૪૬

દશા વિચાર

મૈત્રેયનો પ્રશ્ન ૨૨૮
પરાશરનો ઉત્તર ૨૨૮
દશાના ભેદ ૨૨૯
વિંશોત્તરીના ભેદ ૨૨૯
સૂર્યાદિનાં વર્ષો ૨૨૯
અષ્ટોત્તરી ૨૩૦
અન્ય દશાઓ ૨૩૧
દશાનો આરંભ ૨૩૭
કાલચક્ર મહાદશા ૨૩૮
યોગીની દશા ૨૪૯

અધ્યાય : ૪૭

દશા ફલ

દશાફળના ૨ પ્રકાર ૨૫૧
દશા વિવેચન ૨૫૨
સૂર્ય મહાદશા ૨૭૬
ચંદ્ર મહાદશા ૨૭૭
મંગળ મહાદશા ૨૭૮
રાહુ મહાદશા ૨૭૮
ગુરૂ મહાદશા ૨૭૯
શનિ મહાદશા ૨૮૦
બુધ મહાદશા ૨૮૦
કેતુ મહાદશા ૨૮૧
શુક્ર મહાદશા ૨૮૧

અધ્યાય : ૪૮

દશામાં સ્થાન સ્વામી

પરાશરનું મંતવ્ય ૨૮૫

અધ્યાય : ૪૯

કાલચક્ર દશાફલ

કાલચક્રની દશાનાં ફળો ૨૮૬

અધ્યાય : ૫૦

ચરાદિ દશાફલ

ચરાદિ દશાના ફળો ૨૯૧

અધ્યાય : ૫૧

અંતર્દશાઓનું જ્ઞાન

વિંશોત્તરીમાં અંતર્દશાઓ ૩૦૦

અધ્યાય : ૫૨

સૂર્યની અંતર્દશાઓ

સૂર્યમાં સૂર્યાદિના અંતર ૩૦૩

અધ્યાય : ૫૩

ચંદ્રની અન્તર્દશાઓ

ચંદ્રમાં ચંદ્રાદિના અંતરો ૩૧૧

અધ્યાય : ૫૪

મંગલની અન્તર્દશાઓ

મંગળમાં મંગલાદિ અંતર ૩૧૬

અધ્યાય : ૫૫

રાહુની અન્તર્દશાઓ

રાહુમાં રાહુ આદિના અંતર ૩૧૮

અધ્યાય : ૫૬

ગુરુની અંતર્દશાઓ

ગુરુમાં ગુરૂ આદિના અંતરો ૩૩૧

અધ્યાય : ૫૭

શનિનો અન્તર્દશાઓ

શનિમાં શનિ આદિના અંતરો ૩૩૮

અધ્યાય : ૫૮

બુધની અન્તર્દશાઓ

બુધમાં બુધ આદિના અંતરો ૩૪૫

અધ્યાય : ૫૯

કેતુની અન્તર્દશાઓ

કેતુમાં કેતુ આદિના અંતરો ૩૫૨

અધ્યાય : ૬૦

શુકનો અન્તર્દશાઓ

શુક્રમાં શુક્ર આદિના અંતરો ૩૫૯

અધ્યાય : ૬૧

પ્રત્યન્તર દશાઓ

સૂર્યના અંતરમાં પ્રત્યંતરો ૩૬૬
ચંદ્રના ,, ,, ૩૬૭
મંગળના ,, ,, ૩૬૮
રાહુના ,, ,, ૩૬૯
ગુરુના ,, ,, ૩૭૦
શનિના ,, ,, ૩૭૧
બુધના ,, ,, ૩૭૨
કેતુના ,, ,, ૩૭૨
શુક્રના ,, ,, ૩૭૩

અધ્યાય : ૬૨

સૂક્ષ્મ દશાઓ

સૂર્યાદિ સૂક્ષ્મ દશાઓ ૩૭૪
ચંદ્રાદિ ,, ,, ૩૭૬
મંગલાદિ ,, ,, ૩૭૭
રાહુ આદિ ,, ,, ૩૭૮
ગુરુ આદિ ,, ,, ૩૭૮
શનિ આદિ ,, ,, ૩૮૦
બુધ આદિ ,, ,, ૩૮૧
કેતુ આદિ ,, ,, ૩૮૨
શુક્ર આદિ ,, ,, ૩૮૩

અધ્યાય : ૬૩

પ્રાણદશાઓ

પ્રાણદશા કાઢવાની રીત ૩૮૫
સૂર્યના સૂક્ષ્મમાં પ્રાણાંતરો ૩૮૬
ચંદ્રના ,, ,, ૩૮૬
મંગળના ,, ,, ૩૮૭
રાહુના ,, ,, ૩૮૮
ગુરુના ,, ,, ૩૮૮
શનિના ,, ,, ૩૮૯
બુધના ,, ,, ૩૯૦
કેતુના ,, ,, ૩૯૧
શુક્રના ,, ,, ૩૯૨

અધ્યાય : ૬૪

કાલચક્રની અન્તર્દશાઓ

કાળચક્રની અંતર્દશાઓ ૩૯૪

અધ્યાય : ૬૫

કાલચક્ર-નવાંશદશા

કાળચક્રની નવાંશદશાઓ ૩૯૯

અધ્યાય : ૬૬

અષ્ટક વર્ગ

મૈત્રેયનો પ્રશ્ન ૪૦૩
પરાશરનો ઉત્તર ૪૦૩
સુખ દુઃખ આયુષ્યનું જ્ઞાન ૪૦૩

અધ્યાય : ૬૭

ત્રિકોણ શોધન

ત્રિકોણ શોધનની રીત ૪૧૩

અધ્યાય : ૬૮

એકાધિપત્ય શોધન

એકાધિપત્ય શોધનની રીત ૪૧૪

અધ્યાય : ૬૯

પિણ્ડસાધન

પિંડ સાધનની રીત ૪૧૬

અધ્યાય : ૭૦

અષ્ટક વર્ગફલ

સૂર્યાદિ ગ્રહોના વિચાર ૪૧૭
સૂર્યનું અષ્ટક વર્ગફળ ૪૧૭
ચંદ્રનું અષ્ટક વર્ગ ૪૧૯
મંગળ, બુધ, ગુરુ અષ્ટક વર્ગ ૪૨૦
શુક્ર–શનિ ,, ૪૨૧
મૃત્યુનો વિચાર ૪૨૨

અધ્યાય : ૭૧

અષ્ટકવર્ગાયુર્દાય

આયુર્દાયની રીત ૪૨૩

અધ્યાય : ૭૨

સમુદાયાષ્ટકવર્ગ

સમુદાયની રીત ૪૨૪

અધ્યાય : ૭૩

રશ્મિફલ

રશ્મિફળની રીત ૪૨૩
સંસ્કાર ૪૨૯
રશ્મિનાં ફળો ૪૩૦
વિશેષ ફલ ૪૩૧

અધ્યાય : ૭૪

સુદર્શનચક્ર

ચક્રની રીત ૪૩૨
,, વિશેષતા ૪૩૩
મૈત્રેયનો પ્રશ્ન ૪૩૪
પરાશરનો ઉત્તર ૪૩૪
ફલકથનના પ્રકાર ૪૩૫

અધ્યાય : ૭૫

પંચમહાપુરુષયોગો

રુચકયોગ ૪૩૬
ભદ્ર–હંસ માલવ્ય ૪૩૭
શશ ૪૩૮

અધ્યાય : ૭૬

પંચમહાભૂતફલ

પંચ મહાભૂતો અને ગ્રહ ૪૩૯

અધ્યાય : ૭૭

સત્વાદિફલ

સત્વ–રજ–તમનું નિરૂપણ ૪૪૨

અધ્યાય : ૭૮

નષ્ટજાતક

મૈત્રેયનો પ્રશ્ન ૪૪૫

પરાશરનો ઉત્તર ૪૪૫
જન્મના જ્ઞાન વગર કુંડલીની રીત ૪૪૬

અધ્યાય : ૭૯
પ્રવ્રજ્યા યોગ
ધરત્યાગના યોગો ૪૪૮

અધ્યાય : ૮૦
સ્ત્રીજાતક
મૈત્રેયનો પ્રશ્ન ૪૫૧
પરાશરનો ઉત્તર ૪૫૧
ત્રિંશાંશફળ ૪૫૨
૭ મું સ્થાન ૪૫૪
૮ મું સ્થાન ૪૫૪
વંધ્યા યોગે ૪૬૫
વિષકન્યાયોગો ૪૫૬
અન્ય યોગો ૪૫૮

અધ્યાય : ૮૧
સામુદ્રિક
સામુદ્રિક લક્ષણો : ફળ : ૪૬૧

અધ્યાય : ૮૨
તલઆદિચિન્હો
સ્ત્રી પુરુષના તલ-મસા ૪૭૩

અધ્યાય : ૮૩
પૂર્વનો શ્રાપ
પૂર્વ જન્મના શ્રાપનું જ્ઞાન ૪૭૫
પુત્ર પ્રાપ્તિના ઉપાય ૪૭૫
સર્પશ્રાપના ઉપાય ૪૭૬
માતાના શ્રાપના ઉપાય ૪૭૭
ભાઇના શ્રાપના ઉપાય ૪૭૮
મામાનો શ્રાપ-ઉપાય ૪૮૦
બ્રાહ્મણનો શ્રાપ-ઉપાય ૪૮૧
પત્નીનો શ્રાપ ૪૮૧
પ્રેતનો શ્રાપ ૪૮૩

ગ્રહોની શાન્તિ
અધ્યાય : ૮૪
ગ્રહોની પ્રતિમાઓ ૪૮૫
પૂજનવિધિ ૪૮૬
હોમ-હવન ૪૮૬
સૂર્યાદિ ગ્રહોનાં સ્વરૂપ ૪૮૫
મંત્ર અને જપની સંખ્યા ૪૮૫
બ્રહ્મભોજન ૪૮૭

અધ્યાય : ૮૫
અશુભજન્મકથન
પરાશર મુનિનું મંતવ્ય ૪૮૮
અમાસાદિકમાં જન્મ ૪૮૮

અધ્યાય : ૮૬
અમાસાદિક શાંતિ
વદ અમાસની શાંતિ ૪૮૯

અધ્યાય : ૮૭
ચતુર્દશીજન્મ
વદ ચૌદશની શાન્ત ૪૯૦

અધ્યાય : ૮૮

ભદ્રા આદિની શાંતિ

ભદ્રા વગેરેની શાંતિ ૪૯૨

અધ્યાય : ૮૯

સમાનનક્ષત્ર શાંતિ

સમાન નક્ષત્રની શાંતિ ૪૯૩

અધ્યાય : ૯૦

સંક્રાન્તિ જન્મ

સંક્રાન્તિ જન્મની શાંતિ ૪૯૪

અધ્યાય : ૯૨

ગંડજન્મ શાંતિ

ગંડાદિયોગમાં જન્મનારની શાંતિ ૪૯૮

અધ્યાય : ૯૨

અભુક્ત મૂલશાંતિ ઉપાય

અભુક્ત મૂળશાંતિના ઉપાય ૫૦૦

અધ્યાય : ૯૪

જયેષ્ઠાદિશાન્તિ ઉપાય

જયેષ્ઠા વગેરે નક્ષત્રની શાંતિ ૫૦૨

અધ્યાય : ૯૫

ત્રીતરજન્મ

તતર જન્મની શાંતિ ૫૦૪

અધ્યાય : ૯૬

પ્રસવવિકૃત

પ્રસવના વિકારની શાંતિ ઉપાય ૫૦૫

અધ્યાય : ૯૭

ઉપસંહારાધ્યાય

પારાશરની સોનેરી સલાહ ૫૦૭

હોરાશાસ્ત્ર સાંભળવાનું ફળ

અધ્યાયક્રમ

બૃહત પારાશર હોરા

અધ્યાય : ૧

સૃષ્ટિ ક્રમ

એક વખત મૈત્રેય મહર્ષિએ મુનિયોમાં શ્રેષ્ઠ તથા ત્રિકાળજ્ઞાની પારાશર પાસે જઈ પ્રણામ કરી હાથ જોડીને પૂછયું. (૧)

હે ભગવન, વેદાંગોમાં ઉત્તમ પરમ પવિત્ર અને રહસ્યમય જ્યોતિષશાસ્ત્રના ત્રણ વિભાગ–હોરા ગણિત અને સંહિતા છે. (૨) આમાં પણ હે મુનિ, હોરાને શ્રેષ્ઠ ગણવામાં આવે છે અને તે હું આપની પાસેથી સાંભળવા માગું છું (જાણવા ઇચ્છું છું) તો હે પ્રભો, કૃપા કરી તે મને સમજાવો. (૩) આ સૃષ્ટિ કેવી રીતે પેદા થઈ? અને એનો લય કયા પ્રકારે થાય છે? આકાશમાં રહેલા અને પૃથ્વી ઉપર રહેલાઓ વચ્ચેનો સંબંધ વિસ્તારથી કહો. (૪)

શેષર ભાષ્ય : મૈત્રેય અને પારાશર વચ્ચે સંવાદમાંથી આ ગ્રંથની ઉત્પત્તિ થાય છે. એ હકીકત સુવિદિત છે કે જ્યોતિ-શાસ્ત્રના ત્રણ સ્કંધ વિભાગ (૧) હોરા (૨) ગણિત અને (૩)

સંહિતા છે. તેમાં હોરા સર્વશ્રેષ્ઠ છે. આ શાસ્ત્ર સાથે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશનો પણ સંબંધ રહેલો છે. અને આકાશચારી જીવો તથા પૃથ્વીચર જીવો વચ્ચે શો સંબંધ છે તે પણ પૂછવામાં આવે છે.

પારાશર કહે છે:

મંગલાચરણ

હે વિપ્ર! લોકો ઉપર કૃપા કરનાર તમે ખૂબ સરસ પ્રશ્ન કર્યો છે. આમાં તમારી ભાવના લોકો ઉપર અનુગ્રહ કરનાર છે. હવે હું પરંબ્રહ્મ અને તેમની શક્તિ સરસ્વતીને (૫)

તથા જગદુત્પાદક ગ્રહોના સ્વામી સૂર્યદેવને પ્રણામ કરીને જે પ્રકારે બ્રહ્માજીના મોઢેથી જ્યોતિશાસ્ત્ર સાંભળ્યું તે પ્રકારે કહું છું (૬)

આ શાસ્ત્રનો ઉપદેશ શાંત (સૌમ્ય), ગુરુમાં ભક્તિ રાખનાર, સર્વદા સત્યવાદીને આસ્તિકને આપવો તેથી જ કલ્યાણની પ્રાપ્તિ થાય છે. (૭)

કોને ન કહેવું?

બીજાઓના શિષ્યોને, નાસ્તિક કે અશ્રદ્ધાળુ લોકોને તથા શઠ-ઠગ-લુચ્ચા લોકોને (આ જ્ઞાન) ન આપવું. આ પ્રકારનું જ્ઞાન આવા માણસોને આપવાથી નિત્ય પ્રતિદિન-દરરોજ દુઃખ થાય છે તેમાં જરા પણ સંશય નથી. (૮)

શેખર ભાષ્ય : મૈત્રેયને ઉત્તર આપતાં પરાશરજી એમના પ્રશ્નને આવકારતાં આ પ્રશ્ન પાછળ લોકકલ્યાણની ભાવનાને બીરદાવે છે અને આરંભ કરતાં પરંબ્રહ્મ, સરસ્વતી અને સૂર્યને પ્રણામ કરી 'જે પ્રકારે બ્રહ્માના મોઢેથી સાંભળ્યું તે પ્રકારે' કહ્યું છે. આ સૃષ્ટિના રચનાર બ્રહ્મા છે. તેમણે આયુર્વેદનો પણ ઉપદેશ આપ્યો: જુઓ

ચરકસંહિતા અને અષ્ટાંગહૃદય તથા સુશ્રુતમાં 'આયુર્વેદોત્પત્તિ'નો વિષય. એટલે શ્લોક ૬ માંથી પ્રમાણભૂત રીતે બ્રહ્મામુખેથી આ વિદ્યા મળી તેમ સ્પષ્ટ થાય છે. શ્લોક ૭માંમાં આ શાસ્ત્રનાભણવાના અધિકારીઓ અને શ્લોક ૮માંમાં અનધિકારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સૃષ્ટિ ક્રમ

એક અવ્યક્તાત્મા વિષ્ણુ અનાદિ, પ્રભુ, શુદ્ધ સત્ત્વવાળા, જગતના સ્વામી, નિર્ગુણ હોવા છતાં પણ ત્રિગુણોવાળા, સંસારને રચનાર, સર્વશક્તિશાળી અને સંપત્તિવાળા છે. (૯)

જેઓ પોતાના એક અંશથી જગતનું સર્જન અને પાલન કરે છે, જેમના અમૃતસ્વરૂપ ત્રણ ચરણોને કેવળ તત્ત્વદર્શી લોકો જ જાણે છે, એમના પ્રધાન પ્રકૃતિ સહિત એક અંશ વ્યક્ત અને અવ્યક્ત આત્મા વિષ્ણુ વાસુદેવ કહેવાય છે. જે અવ્યક્તાત્મા વિષ્ણુ છે તે બે શક્તિવાળા છે અને જે વ્યક્તાત્મા વિષ્ણુ છે તે ત્રણ શક્તિઓવાળા વાસુદેવ અનન્ત શક્તિવાળા કહેવાય છે. (૯-૧૨½)

શેખર ભાષ્ય : નિર્ગુણ હોવા છતાં સત્વ, રજ અને તમથી યુક્ત, અવ્યક્ત, અનાદિ, વિષ્ણુ સંસારને રચનાર, સર્વ શક્તિઓ અને સંપત્તિઓથી યુક્ત છે. તેમના અનેક અંશોમાંથી એક અંશ સૃષ્ટિનું સર્જન તથા પાલન પણ કરે છે. તત્વદર્શનના જાણકારો એમના અમૃત સ્વરૂપ ત્રણ ચરણોને જાણે છે. આ વિષ્ણુ અવ્યક્તાત્મા તથા વ્યક્તાત્મા છે. અવ્યક્તાત્મા વિષ્ણુ બે શક્તિવાળા છે અને વ્યક્ત આત્માવાળા વિષ્ણુ ત્રણ શક્તિવાળા છે પણ તે વાસુદેવ તો અનંત શક્તિવાળા છે.

આ શક્તિઓમાં શ્રીશક્તિ સત્ત્વપ્રધાન, ભૂશક્તિ રજોગુણવાળી, ત્રીજી નીલાખ્યા જે શક્તિ કહેવાઈ છે તે અંધકારરૂપ છે. (૧૩)

જ્યારે શ્રીશક્તિથી પ્રેરિત ચોથા વાસુદેવ થયા ત્યારે તેમણે સંકર્ષણ, પદ્યુમ્ન અને અનિરુદ્ધ એવાં સ્વરૂપ ધારણ કર્યાં. (૧૪)

આમાં તમોગુણની શક્તિવાળા વિષ્ણુ ભગવાન સંકર્ષણ નામવાળા છે. પ્રદ્યુમ્ન રજોગુણની શક્તિવાળા અને અનિરુદ્ધ સત્ત્વ-ગુણથી યુકત છે. (૧૫)

શેખર ભાષ્ય : સત્વગુણ પ્રધાન શ્રીશક્તિ, રજોગુણ પ્રધાન ભૂશક્તિ અને તમોગુણ પ્રધાન નીલશક્તિ છે. વાસુદેવ આ ત્રણ ઉપરાંત જ્યારે ચોથી શક્તિથી યુકત થાય છે. સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધનું સ્વરૂપ ધારણ કરે છે. આમાં પણ સંકર્ષણ, નીલ-શક્તિ, પ્રદ્યુમ્ન રજો (ભૂ) શક્તિ તથા અનિરુદ્ધ સત્વગુણથી યુકત છે.

સંકર્ષણથી મહત્ તત્ત્વ, પ્રદ્યુમ્નથી 'અહં' તત્ત્વ અને અનિ-રુદ્ધથી અહંકારનું સ્વરૂપ ધારણ કરનાર સ્વયં બ્રહ્માનો જન્મ થયો. તેઓ અગાઉની શક્તિઓ સહિત પોતપોતાની શક્તિઓ પણ ધરાવતા હતા. (૧૬-૧૭)

શેખર ભાષ્ય : સૃષ્ટિક્રમના અવતરણમાં મહત્, અહંકાર, બ્રહ્મા વગેરેનું નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે.

આ અહંકાર પણ ત્રણ ભાગમાં વહેંચાઈ સાત્ત્વિક, રાજસી અને તામસી છે. (૧૮)

એમના વિકારમાંથી દેવોનો જન્મ થયો, તેજમાંથી ઇન્દ્રિયો બની, તમસમાંથી પોતપોતાની શક્તિ પ્રમાણે આકાશ વગેરે ઉત્પન્ન થયાં. (૧૯)

શેખર ભાષ્ય : આ અહંકાર પણ ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે. તેના ત્રણ ભેદ ૧. સાત્ત્વિક ૨. રાજસી અને ૩. તામસિક છે. ૧૯મા શ્લોકમાં આમાંથી દેવો, ઇંદ્રિયો અને મહાભૂતો કઈ રીતે થયા તેનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

શ્રીશક્તિની સાથે રહેલા વિષ્ણુ સદા ત્રણેય જગતનું રક્ષણ કરે છે. બ્રહ્મા ભૂશક્તિથી સર્જન કરે છે અને શિવ નીલશક્તિથી તેનો નાશ કરે છે. (૨૦)

શેખર ભાષ્ય : બ્રહ્મા સર્જન કરે છે, વિષ્ણુ રક્ષણ કરે છે અને શિવ સંહાર કરે છે. સંહાર પછી સર્જન પછી વિસ્તરણ અને પછી લયનો ક્રમ ચાલે છે.

સર્વ જીવોમાં પરમાત્મા બિરાજે છે. હે બ્રહ્મન્, આ સર્વ પરમાત્મામાં રહેલું છે. (૨૧)

સર્વ જીવોમાં ક્યારેક એ અંશ રહેલા છે. આમાં ક્યારેક જીવાંશ વધારે તો ક્યારેક પરમાત્માંશ અધિક હોય છે. (૨૨)

સૂર્ય વગેરે ગ્રહો, બ્રહ્મા, રુદ્ર વગેરે દેવ બીજા અનેકમાં પરમાત્માના અંશ અધિક હોય છે. (૨૩)

એમની પણ જે શક્તિઓ છે તેમાં પરમાત્માંશ વધારે હોય છે. અને અન્ય દેવો વગેરેમાં તથા અન્ય શક્તિઓમાં જીવાંશ વધારે હોય છે. (૨૪)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં 'સૃષ્ટિ ક્રમનું વર્ણન' નામનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૨

અવતારોનું વર્ણન

મૈત્રેયે કહ્યું :

હે મુનીશ્વર, રામ, કૃષ્ણ વગેરે ભગવાન વિષ્ણુના જે અવતારો છે તેઓ પણ જીવાંશયુક્ત હતા કે નહીં તે મને કહો. (૧)

પરાશરે કહ્યું :

હે વિપ્ર, રામ, કૃષ્ણ, નૃસિંહ અને વરાહ એ (ચાર) પૂર્ણ અવતાર છે અને બાકીના જીવાંશકવાળા હતા. (૨)

શેખર ભાષ્ય : આ અધ્યાયમાં ૧૩ શ્લોકો છે.

રામ, કૃષ્ણ વગેરે અવતારો પરમાત્માના સંપૂર્ણ અંશીય અવતારો હતા કે તે જીવાંશકયુક્ત હતા તેવી શંકા મૈત્રેયે કરી.

પરાશર સમાધાન કરે છે.

તેઓ કહે છે રામ, કૃષ્ણ અને નૃસિંહ વરાહ એ પૂર્ણ પરમાત્માના અંશ હતા. બાકીના જીવાંશયુક્ત છે.

આમ તો અજન્મા પરમાત્માના અનેક અવતારો છે. તેમાં

જીવોને પોતપોતાના કર્મોનું ફળ આપનાર સૂર્યાદિ ગ્રહો રૂપ અવતાર છે તે જનાર્દન છે. આ વાત ત્રીજા શ્લોકમાં કહી છે.

આ અવતારો દૈત્યોનો નાશ કરનાર, પરોપકારી જીવો માટે દેવો માટે બલ વધારવા–ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે –ધર્મ સ્થાપના માટે યુગે યુગે હોય છે.

અજન્મા પરમાત્માના અવતારો અનેક છે. આમાં ભગવાન જનાર્દન નામનો અવતાર ગ્રહ રૂપ છે અને તે જીવોને કર્મનું ફળ આપે છે. દૈત્યોનાં બળનો નાશ કરવા, દેવોનાં બળની વૃદ્ધિ કરવા અને ધર્મની સંસ્થાપના માટે ગ્રહોમાંથી અવતારો ઉત્પન્ન થયા છે. (૩–૪)

સૂર્ય એ રામના, ચંદ્ર એ કૃષ્ણના, મંગલ એ નૃસિંહના, બુધ એ બુદ્ધના, ગુરુ એ વામનના, શુક્ર એ પરશુરામના, શનિ એ કાચબાના રાહુ એ વરાહના અને કેતુ એ મીનના અવતાર થયા છે. આ ઉપરાંત પણ બેટલા અવતાર છે તેઓ પણ ગ્રહોમાંથી જ થયા છે. જેઓમાં પરમાત્માંશ અધિક છે તેઓ ખેચર અર્થાત્ દેવો કહેવાય છે. (૫–૭)

શેખર ભાષ્ય : ગ્રહો સાથે અવતારની તુલના સૂર્ય=રામ, ચંદ્ર=કૃષ્ણ, મંગલ=નૃસિંહ, બુધ એ બુદ્ધ, ગુરુ=વામન, શુક્ર=પરશુરામ અને શનિ=કાચબા વગેરે સાથે નોંધપાત્ર છે. આ અવતારો પણ ગ્રહોમાંથી થયેલા છે.

જેઓમાં અધિક જીવાંશ હોય તેઓ બધા જીવ કહેવાય છે. સૂર્યાદિ ગ્રહોમાંથી જ અધિક પરમાત્માંશ નીકળીને રામ, કૃષ્ણ આદિ અવતારો થાય છે. પછી તેઓ પોતપોતાનું કાર્ય પૂરું કરીને સૂર્યાદિ ગ્રહોમાં લીન થઈ જાય છે. આવી રીતે સૂર્યાદિ ગ્રહોમાંથી અધિક જીવાંશ નીકળીને મનુષ્યાદિ જંતુઓ થાય છે. તેઓ પોતપોતાના

કર્મનાં ફળ ભોગવીને એ જ ગ્રહોમાં લીન થઈ જાય છે અને કુદરતી પ્રલયના સમયમાં તેઓ અવ્યકત પરમ તમામાં લીન થઈ જાય છે. હે મૈત્રેય, આવી રીતે સૃષ્ટિ અને પ્રલય જે જે સમયે થાય છે, થયા છે અને થનાર છે એ સર્વને પરમાત્માના રૂપ પુરુષ સારી રીતે જાણે છે. આને જ્યોતિષશાસ્ત્ર સિવાય કોઈ જાણી શકતું નથી. એટલે સહુએ અને વિશેષ કરીને બ્રાહ્મણોએ જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ. જે મનુષ્ય શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કર્યા સિવાય જ્યોતિષની ખરેખર નિન્દા કરે છે તે રૌરવ નરક ભોગવીને બીજા જન્મમાં અંધ થાય છે. (૮–૧૩)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં

'અવતારોનું વર્ણન નામનો બીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૩

ગ્રહોના ગુણ અને સ્વરૂપ

મૈત્રેયે કહ્યું—

હે મુનિ, આપે ગ્રહોના અવતરણ વિશે કહ્યું, હવે કૃપા કરીને તેમના ગુણ, સ્વરૂપ આદિ કહો.

શેખર ભાષ્ય : ગ્રહો પ્રાચીન શાસ્ત્ર મુજબ સાત છે. સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ શુક્ર અને શનિ. રાહુ અને કેતુ આ બે પૃથ્વીના સૂયની આસપાસના, અને ચંદ્રના પૃથ્વીના આસપાસના વૃત્તનાં છેદબિન્દુ છે. જે અનુક્રમે ઉત્તર અને દક્ષિણમાં છે. આ છાયા ગ્રહો shadowy planet તરીકે જ્યાત છે. ફળાદેશમાં એનું ઘણું મહત્ત્વ છે. ગ્રહણ યોગમાં તે ભાગ ભજવે છે. રાહુ-કેતુને વિશોત્તરીમાં મહત્ત્વમાં છે. અષ્ટોત્તરીમાં કેતુની ગણતરી નથી. રાશિઓના અધિપતિત્વમાં સૂર્યથી શનિ સાત ગ્રહોને આધિપત્ય છે. રાહુ કેતુને નથી. રાહુ વૃષભમાં કેતુ વૃશ્ચિકમાં ઉચ્ચના મનાય છે. આ રાહુ કેતુ ઉપરાંત અપ્રકાશિત ગ્રહોના ફળો આગળ ઉપર આપ્યાં છે. જે ધૂમ ઝાંઝી આદિ છે.

આ સિવાય આજે Extra-saturnian planets કહેવાય છે તેમાં હર્ષલ, પ્લૂટો, નેપચ્યૂન ગણાય છે. પ્લૂટો વગેરેનું વર્ણન આ ગ્રથમાં શક્ય નથી પણ સાયન જ્યોતિર્વિદો એનો ઉપયોગ કરે છે.

નક્ષત્ર : ગ્રહો

પરાશરે કહ્યું—

હે વિપ્ર, સાંભળો, હવે હું નક્ષત્રો અને ગ્રહોની પરિસ્થિતિ કહું છું. આકાશમાં જેટલા જ્યોતિર્મય બિંબ જોવામાં આવે છે એમાં કેટલાંક નક્ષત્ર અને કેટલાંક ગ્રહને નામે ઓળખાય છે. જેમનાં સ્થાન પરસ્પર સ્થિર છે તે નક્ષત્ર કહેવાય છે. (૨-૩)

શેખર ભાષ્ય : નક્ષત્રની વ્યાખ્યા 'ન ક્ષયતિ ઇતિ' ઉપરથી સમજી શકાય છે. ૨૭ નક્ષત્રો છે જેની ગણનામાં

૨૭ નક્ષત્રો Astriesms :

૧ અશ્વિની	૧૪ ચિત્રા
૨ ભરણી	૧૫ સ્વાતિ
૩ કૃત્તિકા	૧૬ વિશાખા
૪ રોહિણી	૧૭ અનુરાધા
૫ મૃગશિર્ષ	૧૮ જ્યેષ્ઠા
૬ આર્દ્રા	૧૯ મૂળ
૭ પુનર્વસુ	૨૦ પૂર્વાષાઢા
૮ પુષ્ય	૨૧ ઉત્તરાષાઢા
૯ આશ્લેષા	૨૨ શ્રવણ
૧૦ મઘા	૨૩ ધનિષ્ઠા
૧૧ પુર્વાફાલ્ગુની	૨૪ શતતારકા
૧૨ ઉત્તરાફાલ્ગુની	૨૫ પૂર્વાભાદ્રપદા
૧૩ હસ્ત	૨૬ ઉત્તરાભાદ્રપદા
	૨૭ રેવતી

આ નક્ષત્રમાં ૪-૪ ચરણ હોય છે. ૯ ચરણ, સવાએ નક્ષત્રની એક રાશિ થાય છે. નક્ષત્ર કુંડળી એટલે જ નવમાંશ કુંડલી એ જ સાચી કુંડલી છે. મૂળ જન્મકુંડલી કરતાં પણ ઘણીવાર અમને એ વધુ બળવાન કુંડલી લાગી છે.

એટલે "तानि नक्षत्र नामानि स्थिरस्थानानि यानि वै" એ વ્યાખ્યા સ્પષ્ટ બને છે.

ફળકથન

જે જ્યોતિર્બિંબ આકાશમાં પૂર્વાભિમુખ ચાલતી વખતે પ્રત્યેક નક્ષત્ર પરથી પસાર થાય છે તે **ગ્રહ** કહેવાય છે. ભચક્રના ૨૭ વિભાગ અશ્વિની આદિ નામથી ૨૭ **નક્ષત્ર** અને એના સમાન ૧૨ ભાગ મેષાદિ નામથી ૧૨ **રાશિ** પ્રસિદ્ધ છે. અને **ગ્રહો** પણ સૂર્ય આદિ નામથી પ્રસિદ્ધ છે. રાશિઓનો ઉદય **લગ્ન** કહેવાય છે. એ જ **લગ્ન** દ્વારા ગ્રહોના સંયોગવિયોગથી, જન્મનારના શુભ કે અશુભ ફળને સમજવામાં આવે છે. (૪-૫-૬)

શેખર ભાષ્ય : શુભ અશુભ ફળ જાણવા માટે ગ્રહો, નક્ષત્ર, રાશિ આ સામગ્રી ઉપરથી લગ્ન દ્વારા કહેવાનું જણાવવામાં આવ્યું છે. લગ્ન સાધન વિના આ જ્ઞાન કામ લાગતું નથી. લગ્નથી ગ્રહોનો સંયોગવિયોગ શુભાશુભ ફળ સૂચવે છે.

અશ્વિની આદિ નક્ષત્રોના ચરા સ્થિર આદિ સ્વભાવ અને સંજ્ઞા સામાન્ય શાસ્ત્રોથી સમજવી. હું એમાં રાશિ અને ગ્રહોના શુભાશુભ ફળ કહું છું (૭)

શેખર ભાષ્ય : અહીં અન્ય શાસ્ત્રો દ્વારા નક્ષત્રની ચાર સ્થિરાદિ સંજ્ઞા જાણવા સૂચવ્યું છે. અહીં તો ગ્રહો અને રાશિઓના શુભાશુભ ફળ અને પ્રાથમિક પરિચય આપવા કહ્યું છે.

સ્પષ્ટ ગણિત

જે સમયે જે રીતે ગ્રહોમાં દગગણિતની એકતા હોય એ સમયે એ પ્રકારે સ્પષ્ટ ગ્રહોની માહિતી મેળવવી. આવી રીતે સ્ફુટ દિશા અને સ્પષ્ટ કલાનું જ્ઞાન પણ એ જ પદ્ધતિથી પ્રાપ્ત કરવું અને પોતપોતાના દેશ પ્રમાણે રાશિ ઉદયમાનથી સ્ફુટ લગ્ન શોધવું જોઇએ. હવે હું ગ્રહોની જાતિ, રૂપ અને ગુણ દર્શાવું છું. (૮–૯)

શેખર ભાષ્ય : સ્પષ્ટ ગ્રહોની માહિતી ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. અને દરેક સ્થળનું સ્પષ્ટ સાધન કરવા ઉપર ભાર મૂકાયો છે. સ્પષ્ટ ગણિતના આગ્રહી અને સમર્થકો માટે શ્લોક ૮=૯ મત્તહવના માર્ગદર્શક છે.

નવ ગ્રહો :

રવિ, ચન્દ્ર, મંગલ, બુધ, ગુરુ, શનિ, રાહુ અને કેતુ એ ક્રમાનુસાર નવ ગ્રહ છે.

આમાં રવિ, શનિ, મંગલ, ક્ષીણચન્દ્ર, રાહુ અને કેતુ એ ક્રૂર ગ્રહો છે. બાકીના–(પૂર્ણ ચન્દ્ર, બુધ અને ગુરુ)–સૌમ્ય ગ્રહ છે. બુધ ક્રૂર ગ્રહની સાથે હોય તો ક્રૂર થઈ જાય છે. (૧૦–૧૧)

શેખર ભાષ્ય : અહીં રવિથી રાહુ ૯ ગ્રહો ગણાય છે તેમ કહી રાહુ કેતુ વિશે ગણતરી કરી છે જે અંગે સ્પષ્ટીકરણ અધ્યાયના આરંભમાં અમે કર્યું છે. લોક ભાષામાં 'નવગ્રહો' શબ્દથી નવગ્રહની વીંટી, નવગ્રહની પૂજા, નવગ્રહોના સ્તોત્રો, કવચ, એ રીતે નવગ્રહ જાણવા.

ક્રૂર અને શુભ ગ્રહો.

ક્રૂર : સૂર્ય ,મંગળ, શનિ રાહુ, કેતુ અને ક્ષીણ ચંદ્ર

શુભ : ગુરુ, પૂર્ણ ચંદ્ર, શુક્ર, બુધ, ગુરુ

મિશ્ર : બુધ (શુભ યુકત સૌમ્ય અને ક્રૂર યુકત પાપ)

આ ગ્રહોની કુદરતી સૌમ્ય કે ક્રૂર શકિત છે. પછી મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન જન્મ લગ્ન અનુસાર તે જુદા જુદા જન્મ લગ્નના શુભ અશુભ અને તટસ્થ ગ્રહોનું વર્ગીકરણ અલગ છે. જેની સમજ આગળ ઉપર આપવામાં આવશે.

ગ્રહો-કારકત્વ

પરાશર બોલ્યા–

સૂર્ય સહુનો આત્મા, ચન્દ્ર મન, મંગળ સત્વ, બુધ વાણી, ગુરુ જ્ઞાન અને સુખ, શુક્ર વીર્ય અને શનિ દુઃખસ્વરૂપ છે. રવિ અને ચન્દ્ર બંને રાજા, મંગળ સેનાપતિ, બુધ યુવરાજ, ગુરુ અને શુક્ર મંત્રી, શનિ નોકર અને રાહુ તથા, કેતુ સૈન્ય છે. હે વિપ્ર, આવી રીતે ક્રમાનુસાર સૂર્યાદિનો વિચાર કરવો. (૧૨–૧૩–૧૪–૧૫)

શેખર ભાષ્ય : આ ૧૨ થી ૧૫ શ્લોકો ઘણા જ અગત્યના છે અને ફળાદેશમાં તે બહુ મહત્વનું જ્ઞાન આપે છે.

સૂર્ય : આત્મા	: રાજા	
ચંદ્ર મન	: રાજા (રાણી)	
મંગળ સત્વ	: સેનાપતિ	
બુધ : વાણી	: યુવરાજ	
ગુરુ : જ્ઞાન : સુખ	: મંત્રી.	
શુક્ર : વીર્ય	: મંત્રી.	
શનિ દુઃખ :	: નોકર.	(રાહુ : કેતુ સૈન્ય).

ગ્રહો અને વર્ણ :

હે વિપ્રોમાં ઉત્તમ, સૂર્ય રકતશ્યામ, ચન્દ્ર ગૌર, મંગળ મધ્યમ

રક્તવર્ણ, બુધ દુર્વા જેવો શ્યામ, ગુરુ ગૌર, શુક્ર વિચિત્ર રંગનો, શનિ કાળા રંગનો છે એમ જાણવામાં આવે છે. (૧૬–૧૭).

શેખર ભાષ્ય : હવે ગ્રહો પરથી વર્ણ (colour) નો વિચાર કેમ કરવો તેની સમજ આપી છે.

સૂર્ય : રક્તશ્યામ.

ચંદ્ર : ગૌર.

મંગળ : મધ્યમ રક્ત.

બુધ : દુર્વા (છાપર ઘો જેવો શ્યામ.)

ગુરુ : ગૌર.

શુક્ર : વિચિત્ર.

શનિ : કાળો

ગ્રહો અને દેવતા

અગ્નિ, જળ, કાર્તિકેય, વિષ્ણુ, ઇન્દ્ર, ઇન્દ્રાણી અને બ્રહ્મા એ સૂર્ય આદિ ૭ ગ્રહોના દેવો ક્રમાનુસાર જાણવા. બુધ અને શનિ નપુંસક, ચન્દ્ર અને શુક્ર સ્ત્રી ગ્રહ અને બાકીના રવિ, મંગળ અને ગુરુ પુરુષગ્રહ છે. અગ્નિ, ભૂમિ, આકાશ, જલ અને વાયુ એ ક્રમશઃ મંગલ, બુધ, ગુરુ, શુક્ર અને શનિનાં તત્ત્વ છે. (૧૮–૧૯-૨૦)

શેખર ભાષ્ય : ગ્રહો અને દેવતાનો સંબંધ દર્શાવવામાં આવ્યો છે તે નીચે પ્રમાણે છે.

સૂર્ય : અગ્નિ.

ચંદ્ર : જલ.

મંગળ : કાર્તિકેય.

બુધ : વિષ્ણુ.

ગુરુ : ઇન્દ્ર.

શુક્ર : ઇંદ્રાણી.

શનિ : બ્રહ્મા.

ત્યાર બાદ ગ્રહો અને તેના પું-સ્ત્રી-નપુંસકાદિ લિંગોનું જ્ઞાન આપવામાં આવ્યું છે.

પુરૂષ ગ્રહ	સ્ત્રી	નપુંસક
રવિ	ચંદ્ર	બુધ
મંગળ	શુક્ર	શનિ
ગુરુ		

ત્યાર બાદ મહાભૂતોનો સંબંધ દર્શાવ્યો છે. પૃથ્વી, જલ, અગ્નિ આકાશ અને વાયુ એ પંચતત્વોનો ખેલ જગત કહેવાયું.

મંગળ : અગ્નિ બુધ : પૃથ્વી ગુરુ : આકાશ શુક્ર : જલ અને શનિ : વાયુ એમ સમજવાયાં છે. સૂર્ય, ચંદ્ર ગણનામાં નથી.

ગ્રહો અને વર્ણ

ગુરુ અને શુક્ર બ્રાહ્મણ, મંગલ અને રવિ ક્ષત્રિય, ચન્દ્ર અને બુધ વૈશ્ય અને શનિ શૂદ્ર વર્ણના છે ગુરુ, રવિ અને ચન્દ્ર સત્ત્વ પ્રકૃતિના છે, બુધ તથા શુક્ર રજોગુણી તથા મંગલ અને શનિ તમોગુણી છે. (૨૧-૨૨)

શેખર ભાષ્ય : અગાઉ વર્ણવ્યવસ્થામાં બ્રાહ્મણાદિક વર્ણો હતા. તેમાં પ્રકૃતિ પણ સત્વ, રજ, તમ ત્રણ મહાગુણ પ્રમાણે દાખવી છે.

રવિ : ક્ષત્રિય : સત્ત્વ.

ચંદ્ર : વૈશ્ય : સત્ત્વ.

મંગળ : ક્ષત્રિય : તમોગુણી.

બુધ : વૈશ્ય : રજો.

ગુરુ : બ્રાહ્મણ : સત્વ.

શુક્ર : બ્રાહ્મણ : રજો.

શનિ : શુદ્ર : તમોગુણી.

આ જ્ઞાન પ્રશ્ન જ્યોતિષમાં સૂચક ગ્રહ પરથી વ્યક્તિ કયા વર્ણ કે જ્ઞાતિનો છે તે વખતે ખૂબ ઉપયોગી નીવડે છે.

ગ્રહોનાં સ્વરૂપો

સૂર્ય : મધ જેવા ભૂખરા નેત્રવાળો, ચારેય બાજુ દેહવાળો, પવિત્ર, પિત્ત પ્રકૃતિવાળો, બુદ્ધિમાન, પુરુષ અને થોડા કેશવાળો છે.

ચંદ્ર : વાત અને કફ પ્રકૃતિવાળો, પંડિત, ગોળાકાર શરીર-વાળો, શુભ દૃષ્ટિવાળો, મધુર વાણીવાળો, ચંચળ અને કામાતુર છે.

મંગળ : ઘાતકી, લાલ નેત્રવાળો, ચંચળ, ઉદાર હૃદયવાળો, પિત્ત પ્રકૃતિવાળો, ક્રોધી, પાતળો અને મધ્યમ દેહવાળો છે.

બુધ : સુંદર દેહવાળો, એક શબ્દમાં અનેક અર્થવાળી વાણી બોલનાર, હસમુખો તથા પિત્ત, વાત અને કફ એ ત્રણેય પ્રકૃતિવાળો છે.

ગુરુ : વિશાળ દેહવાળો, ભૂખરા રંગના કેશ અને નેત્રવાળો, કફ પ્રકૃતિ, બુદ્ધિમાન અને સર્વ શાસ્ત્રજ્ઞ છે.

શુક્ર : સુખી, સુંદર દેહવાળો, સર્વોત્તમ નેત્રવાળો, કવિ, કફ અને વાત પ્રકૃતિવાળો તથા ટૂંકા કેશવાળો છે.

શનિ : દુબળો તથા લાંબા દેહવાળો, ભૂખરા નેત્રવાળો, વાત પ્રકૃતિવાળો, સ્થૂલ દાંતવાળો, આળસુ, પાંગળો તથા કઠોર રોમ-વાળો છે.

રાહુ : ધુમાડા જેવા નીલ શરીરવાળો, વનમાં રહેનાર, ભયાનક, વાતપ્રકૃતિ તથા બુદ્ધિમાન છે અને જેવો રાહુ છે તેવો કેતુ છે. (૨૩ થી ૩૦)

શેખર ભાષ્ય : ગ્રહોનાં સ્વરૂપ ઉપરથી પ્રશ્ન વિદ્યા વગેરેમાં અમુક ગ્રહ બળવાન હોતાં તે વ્યક્તિનું તેવું સૂચન કરે છે. વધુમાં કુંડલીમાં

જે ગ્રહ બળવાન હોય તે લગ્ન નો સ્વામી જે ગ્રહ હોય તે ચંદ્ર રાશિનો સ્વામી જે ગ્રહ હોય તેનો ખ્યાલ આપે છે.

ગ્રહો અને ધાતુ આદિ :

સૂર્યાદિ સાત ગ્રહો અસ્થિ, લોહી, મજ્જા, ત્વચા, ચરબી, શુક્ર અને સ્નાયુના અનુક્રમે સ્વામી છે. સૂર્યાદિ સાત ગ્રહો દેવાલય, જલાશય, અગ્નિસ્થાન, ક્રીડાસ્થાન, ખજાનો, શયન તથા કતલખાનાનાં અનુક્રમે સ્વામી છે. સૂર્યાદિ સાત ગ્રહો અયન, મુહૂર્ત, દિવસ, રાત, ઋતુ, માસ, પક્ષ વર્ષના અનુક્રમે સ્વામી છે. સૂર્યાદિ સાત ગ્રહો તીખો, ખારો, કડવો, મિશ્ર, મધુર, ખાટો તથા તૂરો એ રસોના સ્વામી છે. (૩૧-૩૨-૩૩-૩૪)

શેખર ભાષ્ય : શરીરમાં ધાતુ-ઉપધાતુ વગેરેના સ્વામીત્વનો વિચાર કરતાં કહ્યું છે તે :

સૂર્ય : અસ્થિ
ચંદ્ર : લોહી
મંગળ : મજ્જા
બુધ : ત્વચા
ગુરુ : માંસ
શુક્ર : વીર્ય
શનિ : સ્નાયુ

આ પ્રમાણે સમજવા. સ્થાનમાં વિશ્વના વિવિધ ભાગોમાં.

સૂર્ય : દેવાલય
ચંદ્ર : જલાશય
મંગળ : અગ્નિ
બુધ : ક્રીડા

ગુરુ : ખજાનો
શુક્ર : શયન
શનિ : કતલખાનું

તે સિવાય સૂર્ય, અયન, ચંદ્ર, મુહૂર્ત, બુધ દિન-રાત, ગુરુ ઋતુ, શુક્ર માસાદિકના સ્વામી જાણવા. ભોજનના છ રસો મધુર અમ્લ, લવણ, કટુ, તિકત, કષાય છ રસો છે તેમાં સૂર્ય તીખો, ચંદ્ર ખારો, મંગળ કડવો, બુધ મિશ્ર, ગુરુ મધુર, શુક્ર ખાટો, અને શનિ તુરો સમજવો.

ગ્રહો અને દિશાદિક

બુધ અને ગુરુ પૂર્વમાં, રવિ અને મંગળ દક્ષિણમાં, શનિ પશ્ચિમમાં અને શુક્ર તથા ચંદ્ર ઉત્તર દિશામાં બળવાન થાય છે.

ચન્દ્ર, મંગળ અને શનિ રાતે, બુધ હંમેશાં, રવિ, ગુરુ અને શુક્ર એ દિવસે બળવાન હોય છે.

ક્રૂર ગ્રહો કૃષ્ણપક્ષમાં અને શુભ ગ્રહો શુકલપક્ષમાં બળવાન હોય છે. વળી સૌમ્યાયનમાં શુભ ગ્રહો અને યામ્યાયનમાં પાપ ગ્રહો બળવાન હોય છે.

વર્ષપતિ, માસપતિ, દિનપતિ અને હોરાપતિ પોતપોતાના સમયમાં ઉત્તરોત્તર બળવાન થાય છે અને શનિ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને ચન્દ્ર પણ ઉત્તરોત્તર બળવાન હોય છે. (૩૫-૩૬-૩૭-૩૮)

શેખર ભાષ્ય: ગ્રહો કઈ દિશામાં બળવાન થાય છે એ પરત્વે.

બુધ-ગુરુ : પૂર્વ　　શનિ : પશ્ચિમ
રવિ-મંગળ : દક્ષિણ　　શુક્ર : ચંદ્ર : ઉત્તર.

તથા દિન-રાત્રિ બળમાં :
દિન બલિ : રવિ, ગુરુ, શુક્ર

રાત્રિ બલિ : ચન્દ્ર, મંગળ, શનિ

સદૈવ : બુધ.

અને બધા ગ્રહોનાં ઉત્તરોત્તર :

શનિથી મંગળ, મંગળથી બુધ, બુધથી ગુરુ, ગુરુથી શુક્ર અને શુક્રથી ચન્દ્ર ઉત્તરોત્તર બળવાન હોય છે.

ગ્રહો અને વૃક્ષો :

સૂર્ય વિશાળ વૃક્ષોને, શનિ ખરાબ વૃક્ષોને, ચંદ્ર દૂધવાળા વૃક્ષોને, મંગળ કડવા વૃક્ષોને, ગુરુ ફળવાળા વૃક્ષોને, બુધ ફળ વગરના વૃક્ષોને અને શુક્ર પુષ્પોવાળા વૃક્ષો, છોડો વગેરેને ઉત્પન્ન કરે છે. (૩૯-૪૦)

શેખર ભાષ્ય : જેમ આયુર્વેદમાં ગજાયુર્વેદ, અશ્વઆયુર્વેદ વૃક્ષાયુર્વેદ છે તેમ જ્યોતિષમાં વૃક્ષાદિનું જ્યોતિષ પણ છે તેનો એક હસ્તલિખિત ગ્રંથ અમે તાંજોરમાં જોયેલ, વૃક્ષોના પ્રકારમાં.

સૂર્ય : વિશાળ વૃક્ષો

ચંદ્ર : ક્ષીર વૃક્ષ (વડ આદિ)

મંગળ : કડવાં ,,

ગુરુ : ફળવાળાં ,,

બુધ : ફળ વગરનાં ,,

શુક્ર : પુષ્પવાળાં ,,

શનિ : છોડવા વેલા.

રાહુ ચાંડાલ જાતિઓનો અને કેતુ વર્ણસંકર જાતિઓનો સ્વામી છે.

શનિ, રાહુ અને કેતુનું સ્થાન રાફડામાં છે, એનું વસ્ત્ર વિચિત્ર રંગનું કથથાઈ છે જ્યારે કેતુનું વસ્ત્ર છિદ્રાવાળું છે.

રાહુની ધાતુ સીસું છે, જ્યારે કેતુની ધાતુ નીલમણિ છે.

ગુરુનું વસ્ત્ર પીતાંબર, શુક્રનું પટવસ્ત્ર, રવિનું રક્તપટ, ચન્દ્રનું ઊજળું પટવસ્ત્ર, બુધનું કાળું વસ્ત્ર, મંગળનું લાલ વસ્ત્ર તથા શનિનું વસ્ત્ર વિચિત્ર રંગોવાળું હોય છે. (૪૧-૪૨-૪૩-૪૪)

શેષર ભાષ્ય : રાહુનો સંબંધ ચંડાલથી અને કેતુનો સંબંધ વર્ણસંકર જાતિથી દર્શાવ્યા બાદ રાહુ કેતુના વસ્ત્રો ધાતુઓ આદિ તમામ ગ્રહોના વસ્ત્રો નીચે પ્રમાણે દર્શાવ્યા છે.

સૂર્ય : રક્ત

ચંદ્ર : ઊજવળ

મંગળ : લાલ

બુધ : કાળું

શનિ : વિચિત્ર

ગુરુ : પીતાંબર

શુક્ર : પટવસ્ત્ર

રાહુ : વિચિત્ર રંગનું કથ્થાઈ

કેતુ : છિદ્રવાળું.

ગ્રહો અને ઋતુઓ

શુક્રની ઋતુ વસન્ત, મંગળ અને રવિની ગ્રીષ્મ, ચન્દ્રની વર્ષા, બુધની શરદ, ગુરુની હેમન્ત અને ચન્દ્રની શિશિર ઋતુ જાણવી. રાહુનો સમય આઠ માસનો તથા કેતુનો ત્રણ માસનો જાણવો. રાહુ, મંગળ, શનિ અને ચન્દ્ર એ ધાતુના સ્વામી, સૂર્ય અને શુક્ર મૂળના તથા બુધ, ગુરુ અને કેતુને જીવના સ્વામી જાણવા. બધા ગ્રહોમાં શનિ વૃદ્ધ છે. અને તે પોતાની નૈસર્ગિક દશામાં ઘણા વર્ષો સુધીનું આયુષ્ય આપે છે. (૪૫-૪૬-૪૭-૪૮).

શેખર ભાષ્ય : ગ્રહો અને ઋતુનો સંબંધ વર્ણવતાં ભારતમાં શિયાળો, ઉનાળો અને ચોમાસું ત્રણ ભાગને શિશિર વસંત ગ્રીષ્મ વર્ષા શરદ અને હેમંત છ વિભાગમાં છ ઋતુમાં વર્ણવી છે. વિંધ્યાચળ નીચે દક્ષિણમાં વધુ વર્ષા છે. વિંધ્યાચળ ઉપર છ ઋતુઓ ભિન્ન થશે. સંવત્સરના બે ભાગ આદાનકાળ અને વિસર્ગકાળ છે. આદાનમાં શિશિર, વસન્ત, ગ્રીષ્મ, અને વિસર્ગમાં વર્ષા શરદ અને હેમંત છે. શિશિર અને હેમંતમાં મનુષ્યનું બળ શ્રેષ્ઠ, વસંત શરદમાં મધ્યમ અને ગ્રીષ્મ વર્ષામાં મધ્યમ હોય છે સામાન્ય રીતે સૂર્યનો ઉત્તરાયણ કાળ આદાન કાળ બળદાયક મનાયે છે ૧૪ મી જાનેવારીએ આપણે ત્યાં મકર સંક્રાન્તિ ઉજવાય છે, એનો ખરો પર્વ આયુર્વેદીય રીતિએ ૨૨ મી ડિસેંબરથી ઉજવાવા ઘટે. માઘ-ફાગણ, શિશિર, ચૈત્ર-વૈશાખ વસંત, જેઠ-અષાઢ, ગ્રીષ્મ, શ્રાવણ-ભાદરવો વર્ષા, આસો-કાર્તક શરદ, માગસર-પોષ હેમંત છે. સુશ્રુત સંહિતામાં તે "શિશિર, વસન્ત ગ્રીષ્મ વર્ષા શરદ હેમન્તાઃ તેષાં તપસ્તયસ્યૌ શિશિરઃ શુ, માધવૌ" વગેરે છે. તપથી માઘ તપસ્યથી ફાગણ ગણાય.

ગ્રહો, ઉચ્ચત્વ, નીચત્વ

મેષ, વૃષભ, મકર, કન્યા, કર્ક, મીન અને તુલા અનુક્રમે ૧૦, ૩, ૨૮, ૧૫, ૫, ૨૭ અને ૨૦ અંશોથી સૂર્યાદિ ગ્રહોની ઉચ્ચ રાશિઓ છે. પોતપોતાના ઉચ્ચ સ્થાનથી સાતમી રાશિમાં એટલા જ અંશોથી બધા નીચના બને છે. (૪૯–૫૦)

શેખર ભાષ્ય : હવે ગ્રહોની ઉચ્ચ અને નીચ રાશિ નીચે પ્રમાણે દર્શાવી છે.

ગ્રહ (Planet)	ઉચ્ચ (Exhalted)	ઉચ્ચાંશ	નીચ (Debilitation)	પરમનીચાંશ
સૂર્ય Sun	મેષ Aries	૧૦°	તુલા Libra	૧૦°
ચંદ્ર Moon	વૃષભ Taurus	૩°	વૃશ્ચિક Scorpio	૩°

મંગળ Mars	મકર Capricorn	૨૮°	કર્ક Cancer	૨૮°
બુધ Mercury	કન્યા Virgo	૧૫°	મીન Piesces	૧૫°
ગુરુ Jupiter	કર્ક Cancer	૫°	મકર Capricorn	૫°
શુક્ર Venus	મીન Piesces		કન્યા Virgo	૨૭
શનિ Saturn	તુલા Libra		મેષ Aries	

[રાહુ : Dragon's head વૃષભમાં અમુક મતે મિથુનમાં તથા કેતુ Dragon's Tail વૃશ્ચિકમાં તથા અમુક મતે ધનમાં ઉચ્ચના છે.]

ઉચ્ચત્વ



નીચત્વ



મૂલ ત્રિકોણ સ્વગૃહ

સિંહમાં ૨૦ અંશ સુધી સૂર્યનો મૂલ ત્રિકોણ, ત્યાર બાદ સ્વરાશિ કહેવાય છે. આવી રીતે **વૃષભમાં** આરંભથી ૩ અંશ સુધી ચન્દ્રનો ઉચ્ચ તથા ત્યાર બાદ મૂલ ત્રિકોણ છે. **મેષમાં** ૧૨ અંશ મંગળનો મૂલ ત્રિકોણ, ત્યાર બાદ સ્વરાશિ. **કન્યામાં** ૧૫ અંશ સુધી બુધનો ઉચ્ચ અને ત્યાર બાદ ૫ અંશ ત્રિકોણ. ત્યાર બાદ ૧૦ અંશ સ્વરાશિ, ધનમાં ૧૦ અંશ સુધી ગુરુનો ત્રિકોણ અને પછી સ્વરાશિ. **તુલામાં** ૧૫ અંશ શુક્રનો ત્રિકોણ અને ત્યાર બાદ ૧૫ અંશ સ્વરાશિ અને **કુંભમાં** ૨૦ અંશ સુધી શનિનો ત્રિકોણ અને ત્યાર બાદ સ્વરાશિ કહેવાય છે. (૫૧-૫૨-૫૩-૫૪)

શેખર ભાષ્ય

	મૂલ ત્રિકોણ	સ્વગૃહી
સૂર્ય	સિંહ ૦ થી ૨૦ અંશ	મૂલ ત્રિકોણ સિંહ (શેષ અંશ)
ચંદ્ર	વૃષભ ૪ થી ૩૦ ,,	,, કર્ક રાશિ
મંગળ	૦ થી ૧૨ અંશ	મેષ ,, મેષ (શેષ અંશ)
બુધ	કન્યા (૦થી ૧૫ ઉચ્ચ)	૧૬થી૨૦,, કન્યા (૨૧ થી ૩૦)
ગુરુ	ધન (૦ થી ૧૦ ત્રિકોણ)	ધન (શેષ અંશ)
શુક્ર	તુલા (૦ થી ૧૫°)	તુલા (શેષ અંશ)
શનિ	કુંભ (૦ થી ૨૦°)	કુંભ (૨૧ થી ૩૦)

આમ તો સૂર્યની સિંહ, ચંદ્રની વૃષભ, મંગળની મેષ, વૃશ્ચિક એમ રાશિ અધિપત્ય છે પણ જેમ મેષ મંગળની રાશિ છતાં મેષમાં તે ૦ થી ૧૨ અંશ મૂલ ત્રિકોણી બને છે: મૂળ ત્રિકોણીનું બળ સ્વગૃહી કરતાં ચડતું અને ઉચ્ચ કરતાં ઊતરતું છે.

પોતપોતાના મૂળ ત્રિકોણથી ૪, ૨, ૧૨, ૫, ૯, ૮ આ સ્થાનો અને પોતાના ઉચ્ચ સ્થાનનો સ્વામી મિત્ર અને એનાથી ભિન્ન સ્થાનોના સ્વામી શત્રુ હોય છે. જે ગ્રહોમાં મિત્ર અને શત્રુના બંને ય લક્ષણો હોય તે સમ 'ઉદાસીન' રહે છે. આવી રીતે ગ્રહોના કુદરતી, મિત્ર, સમ તથા શત્રુ સમજવા જોઈએ. (૫૫)

શેખર ભાષ્ય: ગ્રહોના મિત્ર, શત્રુ તટસ્થ નીચે પ્રમાણે જાણવા ઘટે છે આ કુદરતી મૈત્રી છે. (પણ જન્મકુંડલીમાં ગ્રહોના પરસ્પર સંબંધથી થતી મૈત્રી તત્કાલ મૈત્રીને લઈ સંબંધ જુદા જાણવા)

ગ્રહ	મિત્ર	શત્રુ	સમ (તટસ્થ)
સૂર્ય	ચં. મં. ગુ.	શ. શુ.	બુધ
ચંદ્ર	સૂ. બુ.	—	બધા બાકીના ગ્રહો
મંગળ	સૂ. ચં. ગુ.	બુધ	શુક્ર, શનિ

બુધ	સૂર્ય. શુ.	ચંદ્ર	મં. ગુ શ.
ગુરુ	સૂ. ચં. મં.	બુ. શુ.	શનિ
શુક્ર	બુધ. શનિ	સૂ. ચં.	મંગળ
શનિ	બુધ. શુક્ર	સૂ. ચં. મં.	ગુરુ

સૂર્ય વગેરે તમામ ગ્રહો પોતપોતાના આશ્રિત સ્થાનથી પરસ્પર પહેલા, ચોથા, ૭ માં, ત્રીજા, બારમા કે બીજા સ્થાનમાં હોય તો તે પરસ્પર મિત્ર છે અને તે સિવાય શત્રુ છે. (૫૬)

શેખર ભાષ્ય : આમાં તત્કાલ મિત્ર અને તત્કાલ શત્રુની વાત છે. જન્માદિ સમયમાં ૧૨, ૪, ૨, ૧૦, ૧૧, ૩ આ ૬ સ્થાનમાં જે ગ્રહ હોય તો તે તત્કાલ મિત્ર બને છે ઉદાહરણ સૂર્યનો ચંદ્ર મિત્ર બન્યો. હવે કુંડલીમાં ચંદ્ર સૂર્યથી ચોથે કે બારમે છે તો તે મિત્ર થયો. પણ ૬ ૭, ૮, ૧, ૫ અને ૯ આ સ્થાનમાં હોય તો તત્કાલ શત્રુ બને છે ઉપર કુદરતી મૈત્રીનું કોષ્ટક આપ્યું છે.

કુદરતી મિત્ર + તત્કાલ મિત્ર = અધિમિત્ર
કુદરતી તટસ્થ + તત્કાલ મિત્ર = મિત્ર
કુદરતી શત્રુ + તત્કાલ શત્રુ = અધિશત્રુ
કુદરતી તટસ્થ + તત્કાલ શત્રુ = શત્રુ
નૈસર્ગિક શત્રુ + તત્કાલ મિત્ર = સમ

આમાં અધિમિત્ર સંબંધ શ્રેષ્ઠ, મિત્ર શુભ, સમ સંબંધ મધ્યમ, શત્રુ નેષ્ટ, અધિશત્રુ અત્યંત નેષ્ટ રહે છે. જેની રૂપરેખા આગળ ઉપરના શ્લોકમાં આપેલ છે.

૩૫. મૈત્રી

જો કુદરતી અથવા તે સમયે એમ બંને પ્રકારે જે મિત્ર હોય તે ગ્રહ અધિમિત્ર કહેવાય છે. જો એક જગાએ મિત્ર હોય અને બીજી જગાએ સમ હોય તો તે મિત્ર કહેવાય છે. એક સ્થાનમાં શત્રુ

અને બીજા સ્થાનમાં સમ હોય તો તે શત્રુ કહેવાય છે. જો બંને પ્રકારે શત્રુ હોય તો તે અધિશત્રુ કહેવાય છે. આવી રીતે વિચાર કરીને જ્યોતિષીએ જન્મનારનું ભાવિ કહેવું. (૫૭-૫૮)

શેખર ભા.૬૫ : આની સમજણ ઉપર અપાઈ ગઈ છે તે પ્રમાણે સમજવું

ગ્રહોના ઉચ્ચ આદિ સ્થાન બળ

ગ્રહ પોતાના ઉચ્ચમાં હોય તો શુભ ફળ સંપૂર્ણ, પોતાના મૂલ ત્રિકોણમાં હોય તો ૩ ચરણ, સ્વગૃહમાં અર્ધું (૨ ચરણ), મિત્રગૃહમાં ૧ ચરણ, સમના ગૃહમાં ૦।। ચરણ, અને નીચ, અસ્ત અથવા શત્રુગૃહમાં હોય તો શુભ ફળનો અભાવ હોય છે. નિષ્ણાત જ્યોતિષીએ આ સ્થાનોમાં અશુભ ફળ એનાથી વિપરીત સમજવું. (૫૯-૬૦)

શેખર ભાષ્ય : આ ગ્રહ ઉચ્ચનો છે કે નીચનો પોતાના ક્ષેત્રમાં છે કે શત્રુ કે મિત્ર ક્ષેત્રમાં છે તેનો વ્યાવહારિક ફળાદેશમાં મહત્ત્વનો છે પણ નવમાંશમાં એ ઉચ્ચનો ગ્રહ નીચનો બને તો યોગભંગ થયો. પણ મૂળ કુંડલીમાંનો નીચ ગ્રહ નવાંશમાં ઉચ્ચનો બને તો નીચ ભંગ થયો. પરંતુ સૂત્ર ૫૯, ૬૦ માં 'અશુભ ફળ એથી વિપરીત સમજવું' એમ કહ્યું છે તે અતિ મહત્વનું છે.

ધૂમ આદિ અપ્રકાશ ગ્રહ સાધન વિધિ

જન્મ સમયના સ્પષ્ટ સૂર્યમાં ૪ રા. ૧૩ અંશ ૨૦ કલા જોડવાથી ધૂમ નામના મહા દોષ સર્વ કાર્યનો નાશ કરનાર હોય છે.

ધૂમને ૧૨ રાશિમાં વહેંચવાથી **વ્યતિપાત** થાય છે.

વ્યતિપાતમાં ૭ રાશિ જોડવાથી **પરિવેષ** થાય છે.

પરિવેષમાં બાર રાશિ વહેંચવાથી **ઈન્દ્રચાપ** થાય છે.

ઇન્દ્રચાપમાં ૧૬ અંશ ૨૦ કલા જોડવાથી કેતુ થાય છે. કેતુમાં ૧ રાશિ ઉમેરવાથી સ્પષ્ટ સૂર્ય સમાન થાય છે આ પાંચ અપ્રકાશ ગ્રહ છે અને તે દોષકર્તા હોવાથી પાપગ્રહ કહેવાય છે.

(૬૧–૬૨–૬૩–૬૪)

શેખર ભાષ્ય : આગળ જતાં ધૂમાદિ અપ્રકાશિત ગ્રહોના બારેય ભાવોનાં ફળો પાછળ આપ્યા છે તે જિજ્ઞાસુ સુજ્ઞ વાચકે જોઈ લેવાં

અપ્રકાશ ગ્રહોનું ફળ

આ ધૂમ આદિ પાંચ અપ્રકાશ ગ્રહ જો **સૂર્ય, ચન્દ્ર કે લગ્નની** સાથે હોય તો ક્રમ પ્રમાણે તે વંશ, આયુ અને જ્ઞાનના નાશક છે. આવી રીતે આ ધૂમાદિ ગ્રહોના દોષો બ્રહ્માએ કહેલા છે (૬૫)

શેખર ભાષ્ય : આગળ જતાં અધ્યાયમાં એ ધૂમાદિ ગ્રહોની બારેય ભાવોના ફળ આપ્યા હોવા છતાંય તે અહીં સૂર્ય (આત્મા) ચંદ્ર (મન) કે લગ્ન (શરીર) ને દુષિત કરે તો વંશ આયુષ્ય કે વિદ્યાનો નાશ કરે છે. એટલું બધુ એમનું મહત્ત્વ છે એમ કહી કુંડલીમાં સૂર્ય, ચંદ્ર અને લગ્ન એ ત્રણેયનું મહત્ત્વ દર્શાવ્યું છે.

ગુલિક આદિ

રવિ આદિ શનિ સુધીના ગુલિક આદિ કાળનું નિરૂપણ કરવામાં આવે છે દિનમાનના આઠ ભાગ કરી વારના ક્રમથી સાતેય ગ્રહના કાળ થાય છે. આઠમા ભાગનો કોઈ અધિપતિ હોતો નથી. શનિનો ભાગ ગુલિક કહેવાય છે. આવી રીતે રાત્રિના સમયના પણ આઠ ભાગ કરીને વારેશથી પાંચમા ગ્રહથી આરંભ કરીને ક્રમાનુસાર સાત ગ્રહોના ભાગ સમજવા. અહીં પણ આઠમો ભાગ સ્વામી વિનાનો હોય છે. શનિનો ભાગ ગુલિક, રવિનો ભાગ કાલવેલા,

મંગળનો ભાગ **મૃત્યુ**, ગુરુનો ભાગ **યમઘંટ** અને બુધનો ભાગ **અર્ધયામ** કહેવાય છે. (૬૬-૬૭-૬૮-૬૯)

ગુલિકના આરંભના સમયને ઈષ્ટ કાળ માનીને લગ્ન શોધવાથી ગુલિક લગ્ન થાય છે. આના પરથી જન્મનારનું ફળ કહેવું. (૭૦)

ભા-અંશ (૩૬૦)ના પાદ (ચતુર્થાંશ) ૯૦ પ્રાણ અર્થાત ૧૫ પલના પ્રમાણથી ચરાદિ રાશિસ્થિત સૂર્યના ત્રિકોણ (૧-૯-૫) સ્થાન રાશિક્રમથી ઉદયથી ઈષ્ટ કાલ પર્યંત જે લગ્ન હોય તે પ્રાણપદ કહેવાય છે (૭૧)

સૂર્યોદયથી જન્મેષ્ટ કાલને પલમય બનાવીને એમાં ૧૫ ભાગ ઉમેરવાથી જે રાશિઆદિ આવે એને સૂર્યમાં ઉમેરવાથી જે આવે તે રાશિ આદિ સ્પષ્ટ પ્રાણપદ સમજવું. જો સૂર્ય સ્થિર રાશિમાં હોય તો એનાથી નવમી રાશિમાં તથા સૂર્ય દ્વિસ્વભાવ રાશિમાં હોય તો એનાથી પાંચમી રાશિમાં ચાર રાશિ ઉમેરવાથી તે પ્રાણપદ થાય છે. જો જન્મલગ્નથી ૨-૫-૬-૪-૧૦ અને ૧૧મા સ્થાનમાં પ્રાણપદ હોય તો જન્મ શુભદાયક સમજવો. આ સિવાય જન્મ અશુભ સમજવો (૭૨-૭૩ ૭૪)

બૃહત્ પારાશર હોરા શાસ્ત્રમાં ગ્રહોના ગુણ અને સ્વરૂપ નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪

રાશિઓનાં સ્વરૂપ

પરાશર બોલ્યા :

'અહોરાત્ર' એ શબ્દના પહેલા અને છેલ્લા અક્ષરને છોડી દેવાથી 'હોરા' શબ્દ બન્યો છે. અર્થાત અહોરાત્રની મધ્યમાં જ હોરા (૧૨ લગ્ન છે.) એટલે એના જ્ઞાનથી જ જન્મનારનું શુભ અને અશુભ ફલ કહેવું જોઈએ. જે અવ્યકતાત્મા કાલરૂપ વિષ્ણુ છે એના અંગ મેષાદિ બાર રાશિ છે. મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ, અને મીન આ ક્રમાનુસાર બાર રાશિઓનાં નામ છે. (૧-૨-૩)

શેષ્પર ભાષ્ય : અહીં હોરા શબ્દની ઉત્પત્તિ અ અને ત્ર ના લોપથી દર્શાવી ૨૪ કલાક્રમાં ૧૨ હોરા (લગ્નો) અને તે દ્વારા જન્મ નારનું શુભાશુભ જ્ઞાન દર્શાવવાનો પ્રયાસ થયો છે. તે યોગ્ય જ છે. અવ્યકત આત્મા અને કાલરુપ વિષ્ણુ છે તેના મેષ વૃષભ આદિ ૧૨ અંગો છે. તે બાર રાશિઓ છે અને એ માટે કાળપુરૂષનું ચિત્ર આ ગ્રંથના આરંભમાં જુઓ. દિવસની બાર હોરામાં બાર રાશિઓ બાર અંગો છે.

મેષ આદિ ૧૨ રાશિઓ ક્રમ પ્રમાણે ભગવાનના ૧ મસ્તક, ૨ મુખ, ૩ હાથ, ૪ હૃદય, ૫ પેટ, ૬ કેડ, ૭ બસ્તિ, ૮ લિંગ, ૯ જંઘા, ૧૦ ઘુંટણ, ૧૧ ઘુંટણની નીચેનો ભાગ અને ૧૨ પગ છે. (૪-૪½)

શેખર ભાષ્ય : આ રાશિઓમાં કુદરતી ભાગલામાં મેષ = મસ્તક, વૃષભ = મુખ મિથુન=હાથ, કર્ક = હૃદય, સિંહ = પેટ, કન્યા = કેડ, તુલા = બસ્તિ, વૃશ્ચિક=લિંગ, ધન = જંઘા, મકર = ગોઠણ અને કુંભ = પીંડીઓ અને મીન = પગો એમ વહેંચણી કરી છે. જન્મ કુંડલીમાં આ બાર રાશિઓ દ્વારા સૂચિત અવયવમાં શુભાશુભ ગ્રહ દ્વારા આરોગ્ય અને રોગનું જ્ઞાન થાય છે.

મેષાદિ રાશિઓમાં મેષ, કર્ક, તુલા અને મકર ચર રાશિ છે. વૃષભ, સિંહ, વૃશ્ચિક અને કુંભ સ્થિર રાશિ છે. મિથુન, ધન, કન્યા અને મીન દ્વિસ્વભાવ રાશિ છે, અને વિષમ રાશિ મેષ, મિથુન, સિંહ, તુલા, ધન અને કુંભ એ ક્રૂર તથા સમ (વૃષભ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર અને મીન એ સૌમ્ય રાશિઓ છે. મેષ આદિ ૭ વિષમ રાશિ પુરુષ અને વૃષભ આદિ ૭ સમ રાશિ સ્ત્રીસંજ્ઞક છે. અને મેષ, સિંહ, ધન એ પિત્ત, પ્રકૃતિ, વૃષભ, કન્યા, મકર એ વાતપ્રકૃતિ, મિથુન, તુલા અને કુંભ એ ત્રિધાતુ પ્રકૃતિ તથા કર્ક, વૃશ્ચિક અને મીન એ કફ પ્રકૃતિની રાશિઓ છે. (૫-૫½)

શેખર ભાષ્ય : રાશિઓનું વર્ગીકરણ નીચે પ્રમાણે કર્યું છે.

ચર	સ્થિર	દ્વિસ્વભાવ
મેષ	વૃષભ	મિથુન
કર્ક	સિંહ	કન્યા
તુલા	વૃશ્ચિક	ધન
મકર	કુંભ	મીન

ઉપરાંત :

સમ : વૃષભ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર, મીન, (સ્ત્રી)

વિષમ : મેષ, મિથુન, સિંહ, તુલા, ધન, કુંભ (પુરુષ રાશિ)

વાત : વૃષભ, કન્યા, મકર.

પિત્ત : મેષ સિંહ, ધન.

કફ : કર્ક, વૃશ્ચિક, મીન.

ત્રિદોષ : મિથુન, તુલા, કુંભ.

મેષ રાશિ લાલ રંગની, લાંબા કદવાળી, ચતુષ્પાદ, રાત્રે બળવાન, પૂર્વવાસી, ક્ષત્રિય, પર્વતચારી, રજોગુણી, પાછળથી ઉદય પામતી, અગ્નિ તત્ત્વવાળી છે તથા એનો સ્વામી મંગળ છે. (૬–૭)

વૃષભ રાશિ શ્વેત વર્ણવાળી, લાંબા શરીરવાળી, ચતુષ્પાદ, રાત્રે બળવાન, દક્ષિણ દિશામાં વસનારી, ગ્રામચારી, વૈશ્ય જાતિની, ભૂમિ તત્ત્વવાળી, રજોગુણી અને પાછલા ભાગથી ઉદય પામનારી છે અને તેનો સ્વામી શુક્ર છે (૮)

મિથુન રાશિ મસ્તકથી ઉદય પામનાર, ગદા અને વીણા સહિત પુરુષ અને સ્ત્રીની જોડીવાળી, દ્વિપદ, રાત્રે બળવાન, ગ્રામચારી, વાત પ્રકૃતિ, સમદેહવાળી, હરિત વર્ણની છે અને એનો સ્વામી બુધ છે. (૯–૯½)

કર્ક રાશિ પાટલ વર્ણવાળી, વનચારી, વિપ્ર વર્ણની, અનેક પગવાળી, સ્થૂલ દેહવાળી, સત્ત્વગુણી, જલ તત્ત્વવાળી અને પાછળના ભાગમાંથી ઉદય પામનાર છે અને એનો સ્વામી ચન્દ્ર છે. (૧૦–૧૧)

સિંહ રાશિ સત્ત્વગુણવાળી ચતુષ્પાદ, ક્ષત્રિય, વનચારી, મસ્તકથી ઉદય પામતી, મોટા શરીરવાળી, પાંડુ વર્ણવાળી, પૂર્વ દિશામાં વસનારી તથા દિવસે બળવાન છે અને એનો સ્વામી સૂર્ય છે. (૧૨)

કન્યા રાશિ પર્વતચારિણી, દિવસે બળવાન, મસ્તકથી ઉદય પામતી, મધ્યમ દેહવાળી, દ્વિપદ, દક્ષિણમાં વસનાર, અન્ન અને અગ્નિ હાથમાં રાખનાર, વૈશ્ય જાતિની, વિચિત્ર વર્ણની, વાયુ તત્ત્વવાળી, કુમારી, તમોગુણવાળી છે અને એનો સ્વામી બુધ છે. (૧૩–૧૪)

તુલા : રાશિ મસ્તકથી ઉદય પામતી, દિવસે બળવાન, કૃષ્ણ વર્ણવાળી, રજોગુણી, પશ્ચિમમાં વસનારી, ભૂમિ પર ફરનારી, હિંસક, શુદ્ર જાતિની, મધ્યમ દેહવાળી છે અને એનો સ્વામી શુક્ર છે. (૧૫)

વૃશ્ચિક : રાશિ નાના શરીરવાળી, અનેક પગવાળી, બ્રાહ્મણ જાતિની, દરમાં રહેનારી, ઉત્તરમાં વસનાર, દિવસે બળવાન, પિશંગ વર્ણની, જલ તત્ત્વવાળી, પૃથ્વી પર ફરનારી, રોમવાળી, તીક્ષ્ણ અગ્રભાગવાળી છે અને એનો સ્વામી મંગળ છે. (૧૬–૧૬½)

ધન : રાશિ પાછળના ભાગથી ઉદય પામનાર, સત્ત્વ ગુણવાળી, પિંગલ વર્ણવાળી, રાત્રે બળવાન, અગ્નિ તત્ત્વવાળી, ક્ષત્રિય, ૧૫ અંશ સુધી દ્વિપદ, એ બાદ ચાર પગવાળી, પ્રમાણસર દેહવાળી, ધનુષ ધારણ કરનાર, પૂર્વ દિશામાં વસનાર, પૃથ્વી પર ફરનાર અને તેજસ્વી છે. એનો સ્વામી ગુરુ છે. (૧૭-૧૮½)

મકર : રાશિ તમોગુણી, પૃથ્વી તત્ત્વવાળી, દક્ષિણમાં વસનાર, રાત્રે બળવાન, પાછલા ભાગમાંથી ઉદય પામનારી, લાંબા શરીરવાળી, વિચિત્ર રંગવાળી, વન અને પૃથ્વી પર ફરનાર, પૂર્વાર્ધમાં ચતુષ્પાદ અને ઉત્તરાર્ધમાં પાદહીન અને જલચર છે. એનો સ્વામી શનિ છે. (૧૯–૨૦)

કુંભ : રાશિ ઘડા સાથેના પુરુષવાળી, ભૂરા રંગની, મધ્યમ દેહવાળી, બે પગવાળી, દિવસે બળવાન, જલમાં ફરનાર, વાયુ તત્ત્વવાળી, મસ્તકથી ઉદય પામનાર, તમોગુણી, શુદ્ર જાતિની, પશ્ચિમ દિશાની સ્વામી છે. એનો સ્વામી શનિ છે. (૨૧–૨૧½)

મીન : મુખ અને પૂંછડી મળી ગયેલી, દિવસે બળવાન, જલ તત્ત્વવાળી, સત્ત્વ ગુણવાળી, સ્વસ્થ, જલચર, વિપ્ર જાતિની, પગ વગરની, મધ્યમ દેહવાળી, ઉત્તર દિશાની સ્વામી, બંને બાજુથી ઉદય પામતી, અને એનો સ્વામી ગુરુ છે. આવી રીતે ૩૦ અંશવાળી આ બાર રાશિઓના સ્વરૂપ આદિ મેં સ્થૂલ અને સૂક્ષ્મ ફળનો વિચાર કરીને કહ્યાં છે. (૨૨–૨૪)

હે મૈત્રેય, જન્મલગ્ન જાણીને નિષેક (ગર્ભાધાન) લગ્ન જાણવાની વિધિ કહું છું. તે સાંભળો જે ભાવમાં શનિ હોય અને જે ભાવમાં માન્દી (ગુલિક) હોય એ બંનેનું અંતર કાઢીને એમાં લગ્ન અને નવમભાવનું અંતર ઉમેરીને જે રાશિ આદિ હોય એટલા જ માસાદિ જન્મથી પૂર્વ નિષેક (ગર્ભાધાન) સમય સમજવો. જો લગ્નેશ અદૃશ્ય ચક્રાર્ધમાં (લગ્નની આગળ ૬ રાશિની અંદર) હોય તો પૂર્વસાધિત રાશિ આદિમાં ચંદ્રથી ભુક્ત અંશાદિ ઉમેરી દેવા જોઈએ. પછી આવી રીતે ગર્ભાધાનકાળ સમજી એ સમયના લગ્ન સાધન અગાઉ માફક કરીને એ અનુસાર ગર્ભમાં રહેલા જીવના શુભ-અશુભ ફળ કહેવાં. વળી જન્મનારના માતા અને પિતાના જીવનમરણ આદિ ફળ પણ પોતાની બુદ્ધિથી કલ્પના કરીને સમજવા જોઈએ. (૨૫–૩૦)

શેષર ભાષ્ય : સૂત્ર ૨૫ થી ૩૦ માં જન્મલગ્ન ઉપરથી ગર્ભાધાન લગ્ન કરવાની વિધિ દર્શાવી છે. આ અત્યંત ઊંડો અને ગહન વિષય છે. આધાન લગ્ન Prenatal Epoch ઉપર Bailey જેવાએ ગ્રંથો લખ્યા છે. આધાન એટલે સ્ત્રી અને પુરુષના શારીરિક સમાગમનો વખત કે સ્ત્રીનું બીજ અને પુરુષ બીજનું બીજકોષમાં એકત્ર થવું તે સ્પષ્ટ થવું જરૂરી છે.

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં રાશિસ્વરૂપ નામનો ચોથો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૫

લગ્ન સાધન

હે દ્વિજોમાં ઉત્તમ (મૈત્રેય), હવે હું ભાવ (સ્થાન) લગ્ન, હોરાલગ્ન અને ઘટીલગ્ન અલગ કહું છું, સૂર્યોદયથી જન્મના ઇષ્ટ કાળ સુધી ૫, ૫ ઘડીના પ્રમાણથી એક એક લગ્ન થાય છે તે ભાવલગ્ન કહેવાય છે. આને માટે ઇષ્ટ કાળમાં પાંચમો ભાગ ઉમેરીને રાશિ આદિ લબ્ધિને ઉદયકાળના સ્પષ્ટ સૂર્યમાં ઉમેરવાથી સ્પષ્ટ ભાવ લગ્ન થાય છે. (૧-૨-૩)

હોરાલગ્ન સાધન

આવી રીતે ઉદયથી અઢી ઘડીના પ્રમાણથી એક એક લગ્ન ઇષ્ટ સુધી વીતે છે તે હોરાલગ્ન કહેવાય છે. આથી ઘડી આદિ ઇષ્ટ કાળને બમણા કરી પાંચથી ભાગવાથી રાશિ આદિ લબ્ધિને ઉદયકાળના સૂર્યમાં ઉમેરવાથી સ્પષ્ટ હોરાલગ્ન થાય છે. (૪-૫)

ઘડીલગ્ન સાધન

હે દ્વિજોમાં ઉત્તમ, હવે હું ઘટી (ઘડી) લગ્ન કહું છું તે તમે સાંભળો. સૂર્યોદયથી એક ઘડીના પ્રમાણથી જે લગ્ન વીતે છે તે ઘડીલગ્ન કહેવાય છે. એટલે જેટલી ઇષ્ટ ઘટી હોય તેટલી રાશિ અને

પળના બે ભાગ કરીને અંશાદિ માનને ઉદય પામતા સૂર્યમાં ઉમેરવાથી ઘટી (ઘડી) લગ્ન થાય છે. આ (ભાવ, હોરા, ઘડી) લગ્નોની જન્મકુંડલી સમાન જ અલગ અલગ કુંડલી બનાવવી અને જે ગ્રહ જે રાશિમાં હોય તેને ત્યાં લખી ફળ કહેવું. (૬-૭-૮-૯)

વર્ણદ દશા

હવે તમારી સમક્ષ વર્ણદ દશા કહું છું જેના જ્ઞાનથી આયુર્દાયના ફલ કહેવામાં આવે છે. વિષમ લગ્નમાં જન્મ હોય તો મેષથી ક્રમ પ્રમાણે જન્મ-લગ્ન સુધી, તથા સમ લગ્નમાં જન્મ હોય તો મીનથી જન્મ લગ્ન સુધી ગણવું. તથા આવી રીતે હોરા લગ્ન વિષમ હોય તો મેષથી ક્રમ પ્રમાણે, જો સમ હોય તો મીનથી ઊલટા ક્રમ પ્રમાણે હોરા લગ્ન સુધી ગણવું. આવી રીતે બંને સંખ્યા વિષમ કે બંને સંખ્યા સમ હોય તો બંનેનો સરવાળો કરવો. જો એક સંખ્યા સમ અને એક વિષમ હોય તો બંનેની બાદબાકી કાઢવી. આવી રીતે યોગનો તફાવત કરીને જે સંખ્યા થાય તે વિષમ હોય તો મેષાદિ ક્રમથી, જો સમ હોય તો મીનાદિ ઊલટા ક્રમથી ગણવાથી જે રાશિ હોય તે લગ્ન રાશિની વર્ણદ કહેવાય છે.

(૧૦-૧૧-૧૨-૧૩)

વર્ણદ પ્રયોજન

હે દ્વિજોમાં શ્રેષ્ઠ, હવે હું તેનું પ્રયોજન કહું છું તે સાંભળો. જન્મલગ્ન અને હોરાલગ્ન એ બેમાં જે બળવાન હોય એ રાશિક્રમથી (વિષમમાં ક્રમ અને સમમાં ઊલટા ક્રમથી) દશા થાય છે. લગ્નથી વર્ણદ જેટલી સંખ્યા પર હોય એટલા વર્ષ લગ્નની દશા અને પ્રતિભાવના વર્ણદથી પ્રત્યેક ભાવની દશાનું વર્ષ સમજવું.

લગ્નના વર્ણદથી ત્રિકોણ સ્થાનમાં પાપગ્રહની દૃષ્ટિનો યોગ હોય તો એ રાશિની દશા સુધી એનું જીવન સમજવું. જેવી રીતે રુદ્ર ગ્રહની શૂળ દશાથી જીવનમરણનો વિચાર થાય છે તેવી રીતે

વર્ણદના ત્રિકોણમાં પાપાદિ યોગથી સમજવા. હે વિપ્ર, જન્મલગ્ન સમાન જ વર્ણદથી પણ શરીરાદિથી સુખદુઃખનો વિચાર કરવો. વર્ણદના સાતમા સ્થાનથી સ્ત્રીના જીવનનો અને ૧૧મા સ્થાનથી ભાઈનો, ત્રીજા સ્થાનથી નાના ભાઈનો, પાંચમાથી પુત્રનો, ચોથાથી માતાનો અને નવમાથી પિતાના મરણનો વિચાર કરવો. પ્રબળ શૂળ રાશિની દશામાં અરિષ્ટ (આફત) સમજવું. (૧૬-૧૭-૧૮-૧૯-૨૦)

આ પ્રમાણે પ્રત્યેક ભાવની વર્ણદદશા સમજવી અને એનાથી પ્રાણીઓનું શુભ અને અશુભ ફળ કહેવું આવી રીતે માત્ર રાશિની જ વર્ણદ દશા થાય છે, ગ્રહોની નહીં. દશામાનના દ્વાદશાંશ તુલ્ય પ્રત્યેક રાશિઓની અંતર્દશાનું પ્રમાણ સમજવું અને અગાઉ માફક (સમ-વિષમમાં) ઊલટા ક્રમ અને ક્રમથી દશા લખીને ફળ સમજવું.

(૨૧-૨૨-૨૩)

પોતપોતાના દેશ અનુસાર જે લગ્ન થાય છે તે જન્મલગ્ન કહેવાય છે. તથા ભાવ, હોરા, ઘડી લગ્નના સાધન બધા દેશોમાં સમાન સમજવા.

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં વિશેષ લગ્ન નામનો પાંચમો અધ્યાય સંપૂર્ણ.

❦

અધ્યાય : ૬

ષોડશ વર્ગ

મૈત્રેય બોલ્યા : હે મુનિ, તમારી પાસેથી ગ્રહના ગુણો તથા રાશિના ગુણો સાંભળ્યા. હવે હું તે ભાવોના ભેદો સમજવા ઇચ્છું છું તે કૃપા કરીને કહો. (૧)

શેખર ભાષ્ય : ભાવના અનેક ભેદો છે. ગ્રહોના ગુણ તથા રાશિના ગુણો જાણ્યા બાદ હવે ભાવના ભેદો એટલે ષોડશ વર્ગોનો ખ્યાલ અપાશે.

પારાશર બોલ્યા : હે મૈત્રેય, બ્રહ્માજીએ જે સોળ વર્ગ કહ્યા છે તે હું હવે તમને કહું છું તે સાંભળો.

ક્ષેત્ર (ગૃહ), હોરા, દ્રેષ્કાણ, ચતુર્થાંશ, સપ્તમાંશ, નવમાંશ, દશમાંશ, દ્વાદશાંશ, ષોડશાંશ, વિંશાંશ, ચતુર્વિંશાંશ, સપ્તવિંશાંશ, ત્રિંશાંશ, ખવેદાંશ, અક્ષવેદાંશ અને ષષ્ટ્યંશ એ ૧૬ વર્ગ છે. (૨–૩–૪)

શેખર ભાષ્ય : આ ષોડશ વર્ગમાં નીચે મુજબના ચક્રોનો વિચાર કરવો રહેશે.

૧. ક્ષેત્ર	૫. સપ્તમાંશ	૯ ષોડશાંશ	૧૩. ત્રિશાંશ
૨. હોરા	૬. નવમાંશ	૧૦ વિશાંશ	૧૪. ખવેદાંશ
૩. દ્રેષ્કાણ	૭. દશમાંશ	૧૧. ચતુર્વિંશાંશ	૧૫. અક્ષવેદાંશ
૪. ચતુર્થાંશ	૮. દ્વાદશાંશ	૧૨. સપ્તવિંશાંશ	૧૬. ષષ્ટ્યંશ

જે ગ્રહની જે રાશિ હોય તે એનું ક્ષેત્ર (ગૃહ) કહેવાય છે. વિષમ રાશિમાં પૂર્વાર્ધ સૂર્ય તરફ અને ઉત્તરાર્ધ ચન્દ્રમાની હોરા અને સમ રાશિમાં પૂર્વાર્ધ ચન્દ્રમાની અને ઉત્તરાર્ધ સૂર્યની હોરા થાય છે. રાશિની અર્ધી હોરા કહેવાય છે. એટલે બાર રાશિમાં હોરાની સંખ્યા ૨૪ થાય છે. આ હોરાઓમાં મેષાદિ રાશિઓ બે વખત આવે છે. (૫-૬)

શેખર ભાષ્ય: હવે આપણે હોરા ચક્રનો વિચાર કરીએ.

અંશ	મેષ	વૃષભ	મિથુન	કર્ક	સિંહ	કન્યા
૦ થી ૧૫	૫	૪	૫	૪	૫	૪
૧૬ થી ૩૦	૪	૫	૪	૫	૪	૫
અંશ	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
૦ થી ૧૫	૫	૪	૫	૪	૫	૪
૧૬ થી ૩૦	૪	૫	૪	૫	૪	૫

નોંધ : રાશિના ૦ થી ૧૫ અને ૧૬ થી ૩૦ બે અર્ધા અર્ધા ભાગ હોરા ગણાય. સમ રાશિમાં (બેકી) રાશિમાં પ્રથમ અર્ધી હોરા ચંદ્રની અને પાછલી સૂર્યની છે. વિષમ એટલે એકી રાશિમાં પ્રથમ ૦ થી ૧૫ સૂર્યની હોરા અને બીજી હોરા ચંદ્રની છે.

દ્રેષ્કાણ કથન :

રાશિનો ત્રીજો ભાગ દ્રેષ્કાણ કહેવાય છે. એટલે એક રાશિમાં ત્રણ અને ૧૨ રાશિમાં ૩૬ દ્રેષ્કાણ હોય છે. પ્રથમ દ્રેષ્કાણ રાશિનો પોતાનો હોય છે. બીજો દ્રેષ્કાણ એનાથી પાંચમી રાશિનો અને

ત્રીજો દ્રેષ્કાણ રાશિથી નવમી રાશિનો થાય છે. (૭-૮)

શેખર ભાષ્ય : પ્રત્યેક રાશિનો ત્રીજો ભાગ એટલે ૦થી૧૦, ૧૧ થી ૨૦ અને ૨૧ થી ૩૦ અંશ ત્રણ ભાગ છે.

અંશ	મેષ	વૃષભ	મિથુન	કર્ક	સિંહ	કન્યા
૦ થી ૧૦	૧	૨	૩	૪	૫	૬
૧૧ થી ૨૦	૫	૬	૭	૮	૯	૧૦
૨૧ થી ૩૦	૯	૧૦	૧૧	૧૨	૧	૨
	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
૦ થી ૧૦	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧૧ થી ૨૦	૧૧	૧૨	૧	૨	૩	૪
૨૧ થી ૩૦	૩	૪	૫	૬	૭	૮

ચતુર્થાંશ કથન

મેષાદિ રાશિઓમાં ચતુર્થાંશનો વિચાર કરવો હોય તો પ્રથમ ચતુર્થાંશ એ રાશિનો, બીજો ચતુર્થાંશ એનાથી ચોથી રાશિનો, ત્રીજો ચતુર્થાંશ એનાથી સાતમી રાશિનો અને ચોથો ચતુર્થાંશ એનાથી દશમી રાશિનો થાય છે. (૯)

અંશ	મેષ	વૃષભ	મિથુન	કર્ક	સિંહ	કન્યા
૦ થી ૭-૩૦	૧	૨	૩	૪	૫	૬
૭-૩૦ થી ૧૫	૪	૫	૬	૭	૮	૯
૧૫ થી ૨૩-૩૦	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૨૩-૩૦ થી ૩૦	૧૦	૧૧	૧૨	૧	૨	૩
	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
૦ થી ૭-૩૦	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૭-૩૦ થી ૧૫	૧૦	૧૧	૧૨	૧	૨	૩

૧૫ થી ૨૩–૩૦	૧	૨	૩	૪	૫	૬
૨૩–૩૦ થી ૩૦	૪	૫	૬	૭	૮	૯

સપ્તમાંશ વિચાર

મેષ આદિ વિષમ રાશિઓમાં ક્રમ પ્રમાણે એ જ રાશિથી શરૂ કરીને ૭ રાશિઓના અને વૃષભ આદિ સમ રાશિઓમાં એ રાશિથી સાતમી રાશિથી શરૂ કરીને ૭ રાશિઓના સપ્તમાંશ થાય છે. એમના નામ વિષમ રાશિઓમાં ક્ષાર, ક્ષીર, દધિ, ઘૃત, ઇક્ષુરસ, મદ્ય, શુદ્ધ જળ અને સમરાશિઓમાં ઊલટો ક્રમ છે. (૧૦–૧૧)

નવાંશ કથન

ચર રાશિઓમાં એ જ રાશિમાં ક્રમથી ૯ રાશીઓનો અને સ્થિર રાશિઓમાં એનાથી નવમી રાશિથી શરૂ કરીને નવ રાશિઓનો તથા દ્વિસ્વભાવમાં એનાથી પાંચમી રાશિથી શરૂ કરીને નવ રાશિઓના નવમાંશ હોય છે. એમના નામ દેવ, મનુષ્ય, રાક્ષસ, દેવ મનુષ્ય, રાક્ષસ, દેવ મનુષ્ય, રાક્ષસ એ ક્રમથી સમજવા જોઈએ. એમાં વિશેષતા એટલી છે કે ચરમાં દેવ, મનુષ્ય, રાક્ષસ ઇત્યાદિ. તથા સ્થિરમાં મનુષ્ય, રાક્ષસ, દેવ ઇત્યાદિ ત્રણ વખત સમજવા. (૧૨)

વિષમ રાશિઓમાં એ જ રાશિથી શરૂ કરીને ૧૦ રાશિઓના અને સમરાશિઓમાં એનાથી નવમી રાશિથી આરંભ કરીને ૧૦ રાશિઓના દશમાંશ થાય છે. તેઓ ક્રમથી પૂર્વાદિ દશ દિક્પાલના –ઇન્દ્ર, અગ્નિ, યમ, રાક્ષસ, વરુણ, વાયુ, કુબેર, ઈશાન, બ્રહ્મા અને અનન્ત–એ નામથી પ્રખ્યાત છે. એમને વિષમના ક્રમથી અને સમના ઊલટા ક્રમથી સમજવા જોઈએ. (૧૩–૧૪)

દ્વાદશાંશ કથન

જે રાશિમાં દ્વાદશાંશનો વિચાર કરવાનો હોય એ રાશિથી શરૂ કરીને ક્રમાનુસાર ૧૨ રાશિઓના દ્વાદશાંશ સમજવા. તેઓ ગણેશ,

અશ્વિની કુમાર, યમ, સર્પ એમને ફરી ફરી ત્રણ વખત લેવાથી થાય છે. (૧૫)

ષોડશાંશ કથન

ચર રાશિઓમાં મેષથી શરૂ કરીને, સ્થિર રાશિઓમાં સિંહથી અને દ્વિસ્વભાવ રાશિઓમાં ધનથી શરૂ કરીને ષોડશ શ સમજવા. એમની બાબતમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સૂર્ય, ચાર ચાર વખત ફરી ફરી અને સમમાં ઊલટા-સૂર્ય, શિવ, વિષ્ણુ, બ્રહ્મા એ ક્રમથી ૪ વખત ફરી ફરી અધિપતિ થાય છે. (૧૬)

વિશાંશ કથન

હવે વિશાંશના બ્રહ્માએ કહેલા સ્વામીઓનાં નામ આ રહ્યાં. ચર રાશિઓમાં સિંહથી શરૂ કરીને ક્રમ પ્રમાણે વિશાંશ થાય છે. એની સ્વામિની વિષમ રાશિઓમાં કાલી, ગૌરી, જયા, લક્ષ્મી, વિજ્યા, વિમલા, સતી, તારા, જ્વાળામુખી, શ્વેતા, લલિતા, બગલા, પ્રત્યંગિરા, શચી, રૌદ્રી, ભવાની, વરદા, જયા. ત્રિપુરા, સુમુખી એમ ગણવી અને સમ રાશિઓમાં દયા, મેધા, છિન્નશીર્ષા, પિશાચિની, ધૂમાવતી, માતંગી, બાલા, ભદ્રા, અરુણા, અનલા, પિંગલા, છુચ્છુકા, ઘોરા, વારાહી, વૈષ્ણવી. સિતા, ભુવનેશ્વરી. ભૈરવી, મંગલા તથા અપરાજિતા, ગણવી. (૧૭-૧૮-૧૯-૨૦-૨૧)

ચતુર્વિશાંશ કથન

વિષમ રાશિઓમાં સિંહાદિ ક્રમથી અને સમરાશઓમાં કર્કાદિ ક્રમથી ગણીને સિદ્ધાંશ (ચતુર્વિંશાંશ) સમજવા. એમના આધદેવ વિષમ રાશિઓમાં સ્કન્દ, પશુધર, ઇત્યાદિ ક્રમથી તથા સમરાશિ-ઓમાં ભીમ, મદન ઇત્યાદિ ઊલટા ક્રમથી સમજવા. (૨૨-૨૩)

ભ-અંશ કથન

મેષાદિ રાશિઓમાં મેષાદિ ચર (મેષ, કર્ક, તુલા અને મકર)થી

શરૂ કરીને સપ્ત વિશાંશના સ્વામી હોય છે. એના દસ્ર આદિ ૨૭ નક્ષત્રના સ્વામી જ અધિદેવ હોય છે અને તે આ પ્રમાણે છે. અશ્વિની કુમાર, યમ, વહ્નિ, બ્રહ્મા, ચન્દ્રમા, ઈશ, અદિતિ, જીવ, અહિ, પિતર, ભગ, અર્યમા, સૂર્ય, ત્વષ્ટા, મરુત્, શક્રાગ્નિ, મિત્ર, વાસવ, રાક્ષસ, વરુણ, વિશ્વદેવ, ગોવિન્દ, વસુ, વરુણ, અજપાત, અર્હિબુધ્ન્ય, પૂષા. (૨૪-૨૫-૨૬)

વિષમ રાશિઓમાં ૫, ૫, ૮, ૭, ૫ અંશ ક્રમ અનુસાર મંગળ, શનિ, ગુરુ, બુધ અને શુક્રના વિશાંશ હોય છે અને ક્રમથી વહ્નિ, વાયુ, ઇન્દ્ર, કુબેર અને વરુણ એ સ્વામી છે. સમરાશિઓમાં વિપરીત ક્રમથી જાણવા જોઈએ. (૨૭-૨૮)

ખવેદાંશ કથન

વિષમ રાશિઓમાં મેષાદિ અને સમરાશિઓમાં તુલાદિ ગણનાથી ખ-વેદાંશ (ચત્વારિંશાંશ)નું જ્ઞાન મેળવવું. એમના અધિદેવ અનુક્રમે વિષ્ણુ, ચંદ્ર, મરીચિ, ત્વષ્ટા, ધાતા, શિવ, રવિ, યમ, યજ્ઞેશ, ગંધર્વ કાળ અને વરુણ છે. (૨૯-૩૦)

અક્ષવેદાંશ કથન

ચર રાશિઓમાં મેષથી, સ્થિર રાશિઓમાં સિંહથી, દ્વિસ્વભાવ રાશિઓમાં ધનથી, પંચચત્વારિંશાંશ થાય છે. ચરમાં બ્રહ્મા, શિવ, વિષ્ણુ અને સ્થિરમાં શિવ, વિષ્ણુ, બ્રહ્મા તથા દ્વિસ્વભાવમાં વિષ્ણુ, બ્રહ્મા, શિવ પંદર પંદર વખત ફરી ફરી અધિદેવ બને છે. (૩૧-૩૨)

ષષ્ટ્યંશ કથન

સ્પષ્ટ લગ્ન કે ગ્રહની રાશિ છોડતાં ભુક્ત અંશાદિથી ગુણીને અંશ સ્થાનમાં ૧૨થી ભાગીને જે શેષ વધે તેમાં એક ઉમેરીને જે સંખ્યા થાય તેટલી સંખ્યા પર એ ગ્રહની આશ્રિત રાશિથી જે રાશિ હોય એનો સ્વામી તે ષષ્ટ્યંશનો સ્વામી સમજવો. તથા દ્વિઘ્ન અંત્રાદિ સંખ્યા સમાન (વિષમ રાશિમાં ઘોર, રાક્ષસ, દેવ, કુબેર,

યક્ષ, કિન્નર, ભ્રષ્ટ, કુલદન, ગરલ, અગ્નિ, માયા, પુરીષ, અયાયતિ, મરુત્વાન, કાલ, અહિ. અમૃત, ચંદ્ર, મૃદુ કોમળ, હેરમ્બ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, દેવ) આદિ તથા સમ રાશિમાં ઇન્દુરેખા, ભ્રમણ ઇત્યાદિ ઊલટા ક્રમથી અધિદેવ સમજવા. (૩૩-૩૪-૩૫-૩૬-૩૭ -૩૮-૩૯-૪૦-૪૧)

હે મૈત્રેય, હવે હું વર્ગભેદ કહું છું તે સાંભળો. ૧ ષડ્વર્ગ, સપ્તવર્ગ, દશવર્ગ અને ષોડશવર્ગ હોય છે. ષડવર્ગમાં ૨, ૩ આદિ સ્વવર્ગ સંયોગથી કિંશુક આદિ સંજ્ઞા હોય છે. જેમકે ૨ સ્વવર્ગથી કિંશુક, ૩થી વ્યંજન, ૪થી ચામર, પાંચથી છત્ર, છથી કુંડલ નામ થાય છે. સપ્તવર્ગમાં પણ છ સુધી આવી રીતે અને સાત વર્ગના સંયોગથી મુકુટ નામ થાય છે. તથા દશ વર્ગમાં ૨ આદિના યોગથી પારિજાત આદિ સંજ્ઞા થાય છે. જેમ કે ૨ વર્ગથી પારિજાત, ત્રણથી ઉત્તમ, ચારથી ગોપુર, પાંચથી સિંહાસન, છથી પારાવત, સાતથી દેવલોક, આઠથી બ્રહ્મલોક, નવથી શક્રવાહન, ૧૦ વર્ગથી શ્રીધામ સંજ્ઞા થાય છે. આવી રીતે ષોડશ વર્ગમાં, ૨ વર્ગથી ભેદક, ત્રણથી કુસુમ, ચારથી નાગપુષ્પ, પાંચથી કંદુક, છથી કેરલ ૭થી કલ્પવૃક્ષ, ૮થી ચન્દન વન, નવથી પૂર્ણચંદ્ર, દસથી ઉચ્ચૈઃશ્રવા, ૧૧થી ધન્વન્તરિ બારથી સૂર્યકાન્ત, ૧૩થી વિદ્રુમ, ૧૪થી શક્રસિંહાસન, ૧૫થી ગોલોક, અને ૧૬થી શ્રીવલ્લભ નામ થાય છે. આવી રીતે વર્ગોના ભેદ કહ્યા છે. આમાંથી પોતાના ઉચ્ચ, મૂળ ત્રિકોણ અને પોતાની રાશિ તથા લગ્નથી તથા લગ્નપદથી કેન્દ્રપતિઓના વર્ગ ગ્રાહ્ય (શુભ) સમજવા અને અસ્ત, નીચસ્થિત, પરાજિત, બલહીન તથા શયનાદિ દુષ્ટ અવસ્થામાં રહેલા ગ્રહોના વર્ગ અશુભ થાય છે. (૪૨-૪૩-૪૪-૪૫-૪૬-૪૭-૪૮-૪૯-૫૦-૫૧-૫૨-૫૩)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ષોડશ વર્ગ નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૭

ભાવ વર્ગ વિવેક

હવે હું આ વર્ગોમાં વિચારણીય વિષયો કહું છું. લગ્ન રાશિથી દેહ સંબંધી શુભ-અશુભ વિચાર, હોરાથી ધનનો, દ્રેષ્કાણથી ભાઈનો, ચતુર્થાંશથી ભાગ્યનો, સપ્તમાંશથી પુત્રપૌત્રાદિનો, નવમાંશથી સ્ત્રીનો, દશમાંશથી રાજ્યાદિ વિશિષ્ટ ફલનો, દ્વાદશાંશથી માતાપિતાનો, ષોડશાંશથી વાહનોના સુખદુઃખનો, વિશાંશથી ઉપાસનાનો, ચતુર્વિંશાંશથી વિદ્યાનો, સપ્તવિંશાંશથી બલાબલનો, ત્રિંશાંશથી અરિષ્ટનો, ખવેદાંશથી શુભ-અશુભ ફલનો, અક્ષવેદાંશ અને ષષ્ટ્યંશથી સર્વ બાબતોનો વિચાર કરવો જોઈએ. જે ભાવમાં ક્રૂર ષષ્ટ્યંશપતિ હોય એ ભાવનો નાશ થાય છે, અને જે ભાવમાં શુભ ફલાંશનો સ્વામી હોય એ ભાવ પણ પુષ્ટ અને સમૃદ્ધ થાય છે. આવી રીતે ષોડશ વર્ગનો વિચાર મેં કહ્યો છે. (૧-૨-૩-૪-૫-૬-૭-૮)

શેખર ભાષ્ય : આપણે ષડ્, સપ્ત, દશ, ષોડશ વર્ગથી જે જે બાબતોનો પ્રત્યેક કુંડલીમાં વિચાર કરવામાં આવે છે તેનું નિરુપણ ઉપર છે. એને આધારે.

૧. લગ્ન = દેહ	૮. વિશાંશ = ઉપાસના
૨. હોરા = ધન	૯. ચતુર્વિંશાંશ = વિદ્યા
૩. સપ્તમાંશ = ભાઈબહેન	૧૦. સપ્તવિંશાંશ = બલાબલ
૪. નવમાંશ = પત્ની	૧૧. ત્રિંશાંશ = અરિષ્ટ
૫. દશમાંશ = રાજ્યાદિક	૧૨. ખવેદાંશ = શુભાશુભ
૬. દ્વાદશાંશ = માતાપિતા	૧૩. અક્ષવેદાંશ } = સર્વવાતો
૭. ષોડશાંશ = વાહન	૧૪. ષષ્ટ્યંશ }

નો વિચાર કરવા કહ્યું છે. પ્રથમ આત્મ નિરીક્ષણ કરતાં આપણામાંના કેટલા આવો વિચાર કરે છે તેનો ઉપર આપવો અશક્ય જ છે.

આ ઉપરાંત એ બાબત આપણી પાસે પૂરતું માર્ગદર્શન નથી તેવી એક યથાર્થ ફરિયાદ છે. પણ આપણે ઊંડાણથી જોઈશું તો ઘણીવાર ઘણા યોગો આપણને રાશિ દૃષ્ટિ વગેરેમાં મળે છે તેમાં અમુક રાશિમાં રહેલા 'સૂર્ય' કે 'શુક્ર' ને 'બુધ' જુઓ તો આ ફળ મળે છે. એમ વર્ણવી અમુક ફળનું લખ્યું છે તે ફળ વર્ગોમાં ચકાસી જોવું ઘટે

સ્પષ્ટ લગ્નાદિ બાર ભાવના રાશિ આદિ અને સ્પષ્ટ ગ્રહના રાશિ આદિથી વિંશોપક બલ જોઈને શુભ-અશુભ ફલ કહેવું. એટલે હવે બધા વર્ગોમાં વિંશોપક (વિશ્વ) બલ કહું જેના જ્ઞાનથી શુભ યા અશુભનું જ્ઞાન થાય છે. પોતાના ગ્રહ અને ઉચ્ચમાં પૂર્ણ બલ તથા એમાં સાતમા નીચમાં શૂન્ય બલ હોય છે. એટલે મધ્યમાં અનુપાતથી બલ સમજવું જોઈએ. (૯-૧૦-૧૧-૧૨)

ગુરુ, રવિ, મંગળથી સૂર્ય હોરાનું, ચન્દ્ર, શુક્ર, શનિ એ ચન્દ્ર, હોરાનું ફલ આપે છે. બુધ બંનેનું ફલ આપે છે. સમ રાશિઓમાં ચન્દ્ર, હોરાનું અને વિષમ રાશિઓમાં રવિ હોરાનું ફલ વિશેષરૂપથી

થાય છે. હોરા આદિ વર્ગના મધ્ય ભાગમાં પૂર્ણ ફલ તથા અન્તમાં ફલ શૂન્ય થાય છે. એટલા માટે મધ્યમાં સર્વત્ર અનુપાત (ત્રૈરાશિક)થી ફલ સમજવું આવી રીતે દ્રેષ્કાણ આદિ સર્વ વર્ગના ફલ કહેવામાં આવે છે. ત્રિશાંશમાં સૂર્ય મંગળની માફક અને ચન્દ્ર, શુક્રની માફક ફલદાયક થાય છે. આમાં ગ્રહ સમાન જ ફલ સમજવું. (૧૩-૧૪-૧૫-૧૬)

ષડવર્ગ

લગ્ન, હોરા, દ્રેષ્કાણ, નવાંશ, દ્વાદશાંશ અને ત્રિશાંશ એ ૬ ષડવર્ગ કહેવાય છે. એમાં ક્રમ પ્રમાણે ૬, ૨, ૪, ૫, ૨, ૧ એટલા વિંશોપક બલવાળા હોય છે. તથા સપ્તમાંશ સહિત આ જ સાત વર્ગ છે એમાં ક્રમ પ્રમાણે ૫, ૨, ૩, ૨॥, ૪॥, ૨, ૧ એ વિંશોપક બલ છે. આ સ્થૂલ બલ છે. સૂક્ષ્મ અનુમાન દ્વારા તે સમજવું. (૧૭-૧૮-૧૯)

એ જ ઉપર્યુક્ત સપ્ત વર્ગમાં દશાંશ, ષોડશાંશ અને ષષ્ટ્યંશ ઉમેરવાથી દશવર્ગ થાય છે. એમાં લગ્ન (ગૃહ)માં ૩ ષષ્ટ્યંશમાં ૫ અને બાકીના ૮ વર્ગમાં ૧॥, ૧॥ વિંશોપક બલ થાય છે. (૨૦-૨૦½).

ષોડશવર્ગ

હવે હું ષોડશવર્ગમાં ક્ષેત્ર આદિ ૧૬ મા વર્ગના પૃથક પૃથક વિંશોપક બલ કહું છું. હોરામાં ૧, ત્રિશાંશમાં ૧, દ્રેકકાણમાં ૧, ષોડશાંશમાં ૨, નવાંશમાં ૩, ગૃહમાં ૩॥, ષષ્ટ્યંશમાં ૪, અને બાકીના ૯ વર્ગોમાં અર્ધા અર્ધા એમ કુલ ૨૦ વિંશોપક બલ હોય છે. આ વિંશોપક બલ પોતાના વર્ગમાં પૂર્ણ (૨૦) અને અધિમિત્રના વર્ગમાં ૧૮, મિત્રમાં ૧૫, સમમાં ૧૦, શત્રુમાં ૭, અધિશત્રુમાં ૫, વિંશોપક બલ આપે છે. (૨૧-૨૨-૨૩-૨૪-૨૫)

વિંશોપક બલનું સ્પષ્ટીકરણ

સ્વવર્ગ વિંશોપકને અધિમિત્રાદિ કથિત વિંશોપક સંખ્યા ફલ કથનોપયુક્ત થશે. આ પાંચથી ઓછા હોય તો ફલપ્રદ નહીં સમજવું. એના ઉપર ૧૦ સુધી સ્વલ્પ ફલદાયક અને ૧૦ થી ઉપર ૧૫ સુધી મધ્યમ ફલદાયક અને ૧૫ થી ઉપર ૨૦ પૂર્ણ ફલદાયક થાય છે. (૨૬–૨૭)

હે મૈત્રેય : હવે હું બીજા ફલ કહું છું તે સાંભળો. સૂર્યથી સાતમા સ્થાનમાં જે ગ્રહ રહે છે તે પૂર્ણ ફલ આપે છે. અને સૂર્યની સાથે હોવાથી ફલનો અભાવ હોય છે. એટલે મધ્યમાં અનુમાનથી ફલ સમજવું. (૨૮–૨૯)

ગ્રહોના ફલના વર્ગ વિંશોપક પ્રમાણ સમજવા. હે દ્વિજોમાં ઉત્તમ, જે ભાવના જે વિંશોપક હોય એને સમજીને પછી ગ્રહોના ઉદય અસ્તનો પણ વિચાર કરવો જોઈએ પૂર્ણ વિંશોપક બલમાં બે ભેદ છે. જેમ કે પૂર્ણ (૧૫ થી ૧૭॥) તથા અતિપૂર્ણ (૧૭॥ થી ૨૦ સુધી) અને મધ્યમાં પણ બે ભેદ છે. મધ્ય (૧૦ થી ૧૨॥) અને અતિ મધ્ય (૧૨॥ થી ૧૫) અને હીનમાં પણ હીન (૨॥ થી ૫), અતિ હીન (૦ થી ૨॥) અને સ્વલ્પમાં પણ સ્વલ્પ (૭॥ થી ૧૦) તથા અતિ સ્વલ્પ (૫ થી ૭॥ સુધી) આવી રીતે વિંશોપકના બલ અનુસાર ગ્રહોની સમસ્ત દશાનું ફળ સમજવું. (૩૦–૩૧–૩૨)

ભાવોના કેન્દ્ર આદિની સંજ્ઞા

હે મૈત્રેય, હવે હું કેન્દ્ર આદિની સંજ્ઞા કહું છું. ૧, ૪, ૭, ૧૦ ની કેન્દ્ર સંજ્ઞા, ૨, ૫, ૮, ૧૧ની પણફર, ૩, ૬, ૯, ૧૨ ની આપોકિલમ સંજ્ઞા છે. ૫, ૯ની કોણ સંજ્ઞા, ૬, ૮, ૧૨ ની દુષ્ટ સ્થાન અને ત્રિક સંજ્ઞા છે, ૪, ૮ની ચતુરસ્ર, ૩, ૬, ૧૦, ૧૧ ની ઉપચય સંજ્ઞા છે. (૩૩–૩૪–૩૫–૩૬)

લગ્નાદિ બાર ભાવોના નામ

તનુ, ધન, સહોદર, માતૃ, પુત્ર, શત્રુ, પત્ની, રન્ધ્ર, ધર્મ, કર્મ, લાભ અને વ્યય એ સામાન્ય રીતે લગ્ન આદિ બાર ભાવોના નામ છે. એટલા માટે આ સ્થાનોથી એમનો વિચાર કરવો. મેં સંક્ષેપમાં જે કહ્યું છે એનાથી બીજું બુદ્ધિ અનુસાર કહ્યું છે અને જે બ્રહ્માના મુખેથી સાંભળ્યું હતું તે વિશેષ કહું છું. (૩૭-૩૮)

લગ્નથી નવમા સ્થાનથી પણ પિતાનો વિચાર તથા સૂર્યથી નવમા સ્થાનથી પણ પિતાનો વિચાર કરવો. અને લગ્નથી ૧૦, ૧૧ ભાવમાં જે વિચાર કહેવામાં આવ્યો છે તેનો સૂર્યથી પણ ૧૦ અને ૧૧ ભાવમાં પણ વિચાર કરવો. આ પ્રમાણે લગ્નથી ચોથા, બીજા, ૧૧ મા અને નવમા સ્થાનનો પણ વિચાર કરવો જોઈએ. તેવી રીતે લગ્ન કે ત્રીજા સ્થાનથી જે કોઈ વિચાર કહેવામાં આવ્યા છે તે મંગળથી પણ ત્રીજા સ્થાનથી જોવા અને લગ્નના છઠ્ઠા સ્થાનથી જે વિચાર કરવામાં આવે છે તે બુધથી પણ છઠ્ઠા સ્થાનથી વિચારવા અને ગુરુથી પાંચમા સ્થાનથી પુત્રનો અને શુક્રથી સાતમા સ્થાનથી પત્નીનો અને શનિથી આઠમા સ્થાનથી મૃત્યુ, આયુષ્ય આદિનો વિચાર કરવો જોઈએ. આવી રીતે જે ભાવથી જે વિચાર કહેવામાં આવ્યો છે તે તે સ્થાનના સ્વામીથી પણ વિચાર કરવો.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ભાવવર્ગ વિવેક નામનો સાતમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૮

રાશિ દૃષ્ટિ કથન

પારાશર બોલ્યા

હે મૈત્રેય. હવે હું મેષાદિ રાશિઓના દૃષ્ટિભેદ કહું છું. રાશિઓ પોતાની સામે અને બંને બાજુમાં બે અને ત્રણત્રણ સ્થાનો જુએ છે. જેવી રીતે ચર રાશિ પોતાની પાસે રહેલ સ્થિર રાશિ સિવાય બાકીની ૩ સ્થિર રાશિઓને જુએ છે તેવી રીતે સ્થિર રાશિ પોતાની નજીકની ચર રાશિને છોડી દઈ બાકીની ત્રણ ચર રાશિઓને જુએ છે અને દ્વિસ્વભાવ રાશિ પોતાને છોડીને બાકીની ત્રણ દ્વિસ્વભાવ રાશિઓને જુએ છે અને રાશિમાં રહેલ ગ્રહ પણ રાશિ સમાન જ જુએ છે. (૧-૨-૩)

શેખર ભાષ્ય : માત્ર ૯ શ્લોકોનો આ ટૂંકો અધ્યાય છે. ગ્રહોની દૃષ્ટિની જેમ રાશિઓની પણ દૃષ્ટિ છે.

ચર	સ્થિર	દ્વિસ્વભાવ
મેષ	વૃષભ	મિથુન
કર્ક	સિંહ	કન્યા
તુલા	વૃશ્ચિક	ધન
મકર	કુંભ	મીન

ફલાદેશમાં રાશિઓની દૃષ્ટિ વિશે વિચારવાનો ચાલ અત્યંત અલ્પ છે. કઈ રાશિમાં રહેલ ગ્રહ કઈ રીતે દૃષ્ટિપાત કરે છે તેનો ખ્યાલ અપાયો છે.

ચર રાશિમાં રહેલા ગ્રહ પોતાની નજીકનાને છોડી દશમે બીજી ત્રણ સ્થિર રાશિઓને તથા સ્થિર રાશિમાં રહેલ ગ્રહ પોતાની નજીકમાં રહેલને છોડીને બાકીની ત્રણેય ચર રાશિઓના અને દ્વિસ્વભાવમાં રહેલ ગ્રહ પોતાના આશ્રિત દ્વિસ્વભાવને છોડીને બીજી ત્રણ દ્વિસ્વભાવ રાશિઓને તથા એમાં રહેલ ગ્રહને પણ જુએ છે. (૪–૫)

હવે હું રાશિદૃષ્ટિચક્ર વિશે કહું છું. આ બનાવવાથી ગ્રહોની પરસ્પર દૃષ્ટિ સ્પષ્ટ થઈ જાય છે. ચોરસ અથવા વર્તુલ બનાવી એની પૂર્વમાં મેષ, વૃષભ, ઈશાન ખૂણામાં મિથુન, ઉત્તરમાં કર્ક, સિંહ, વાયવ્ય ખૂણામાં કન્યા, પશ્ચિમમાં તુલા, વૃશ્ચિક, નૈઋર્ત્યમાં ધન, દક્ષિણમાં મકર, કુંભ, અને અગ્નિખૂણામાં મીન રાશિ લખીને દૃષ્ટિનો વિચાર કરવો. (૬-૭–૮–૯)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં રાશિદૃષ્ટિ કથન નામનો આઠમો અધ્યાય સંપૂર્ણ.

★

અધ્યાય : ૯

અરિષ્ટ વિશે વિચાર

પારાશર બોલ્યા

હે મૈત્રેય, પહેલા જન્મલગ્નથી જન્મનારના અરિષ્ટ અને અરિષ્ટભંગના યોગોનો વિચાર કરીને પછી શરીર ધન આદિ બાર સ્થાનોનાં ફલ કહેવાં. (૧)

શેખર ભાષ્ય : આ અધ્યાયમાં ૪૫ સૂત્રો છે. જીવનમાં અરિષ્ટ ફળને જાણવાની ચાવીઓ આમાં છે. માતૃદેવો ભવ પિતૃદેવો ભવ એ આપણા કન્ઠાભરણીય સૂત્રોની દૃષ્ટિએ આ અધ્યાયમાં માતા પિતા આદિના કષ્ટનો વિચાર કરવામાં આવ્યો છે.

જન્મથી ૨૪ વર્ષ સુધી બાલારિષ્ટ રહે છે એટલે ત્યાં સુધી આયુદર્યિનો નિર્ણય કરવો ન જોઈએ. લગ્નથી ૬, ૮, ૧૨ માં સ્થાનમાં ચન્દ્ર જો પાપગ્રહોથી દૃષ્ટ હોય તો જન્મનારનું શીઘ્ર મરણ થાય છે. જો એના પર શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો ૮ વર્ષમાં મરણ થાય છે. શુભ ગ્રહ પણ ૬, ૮, ૧૨માં સ્થાનમાં વક્ર હોય તથા પાપગ્રહોથી દૃષ્ટ હોય તો ૧ માસમાં મરણ થાય છે. પરંતુ જો લગ્નમાં શુભ ગ્રહ ન હોય તો પણ આ યોગ થાય છે. જો પાંચમા

ભાવમાં શનિ રવિ અને મંગળ એ ત્રણેય હોય તો જન્મનારની માતા અને ભાઈનાં મરણ થાય છે. જો લગ્ન અથવા આઠમા સ્થાનમાં મંગળ પાપગ્રહોની સાથે હોય અથવા શુભ ગ્રહની સાથે અને દૃષ્ટ ન હોય તો તે મરણકારક થાય છે. (૨-૩-૪-૫-૬)

સૂર્યગ્રહણ કે ચન્દ્રગ્રહણનો સમય હોય અથવા રવિ, ચન્દ્ર, રાહુ, એક રાશિમાં હોય તથા લગ્ન પર શનિ મંગળની દૃષ્ટિ હોય તો જન્મનાર ૧૫ દિવસ જીવતો રહે છે. ૧૦મા સ્થાનમાં શનિ, છઠ્ઠામાં ચંદ્ર અને મંગળ સાતમા સ્થાનમાં હોય તો જન્મનાર માતા-સહિત મરી જાય છે, લગ્નમાં નવમા સ્થાનમાં સૂર્ય, સાતમા સ્થાનમાં શનિ અને ૧૧મા સ્થાનમાં ગુરુ, શુક્ર હોય તો ૧ માસમાં મરણ થાય છે. ૧૨મા ભાવમાં બધા ગ્રહ અરિષ્ટકારક હોય છે. સૂર્ય, શુક્ર, ચંદ્ર અને રાહુ એ ખાસ ખરાબ હોય છે પરંતુ એ ચારેની દૃષ્ટિ અરિષ્ટ ભંગ કરનારી થાય છે. (૭-૮-૯-૧૦-૧૧)

પાપગ્રહ સાથેનો ચંદ્ર લગ્ન, ૭ કે છઠ્ઠો સ્થાનમાં હોય, એના પર શુભ ગ્રહની દૃષ્ટિ કે યોગ ન હોય તો તે મરણપ્રદ થાય છે. સન્ધ્યાસમયે ચંદ્રની હોરા કે ગંડાન્ત, (કર્ક, વૃશ્ચિક, મીનનો અંત સમય)માં જન્મ હોય તથા ચંદ્ર અને પાપગ્રહ ચારેય કેન્દ્રમાં હોય તો તે મરણદાયક બને છે. સૂર્યના અર્ધ બિંબના અસ્ત બાદ ત્રણ ઘડી સાયંસંધ્યા અને અર્ધ ઉદયથી અગાઉ ત્રણ ઘડી પ્રાતઃ સંધ્યા સમજવી. જો બધા પાપગ્રહ ચક્રના પૂર્વાર્ધમાં (દસમાં ભાવથી આગળ ચોથા ભાવ સુધી) હોય તથા કર્કલગ્ન હોય તો તે મરણપ્રદ થાય છે ૧૨, ૬, ૮, ૨, સ્થાનમાં પાપગ્રહ હોય તો તે મરણકારક થાય છે અને પાપગ્રહોની વચમાં લગ્ન હોય તો તે મરણદાયક છે. લગ્ન અને સાતમા સ્થાનમાં પાપગ્રહ હોય તથા ચંદ્ર પાપગ્રહની સાથે હોય અને શુભ ગ્રહથી દૃષ્ટ ન હોય તો શીઘ્ર મરણકારક થાય છે. (૧૨-૧૭)

ક્ષીણ ચંદ્ર લગ્નમાં અને પાપગ્રહ કેન્દ્ર અને આઠમા સ્થાનમાં હોય તો જન્મનારનું મરણ થાય છે. જો ચંદ્ર બે પાપગ્રહોની વચમાં થઈ ને લગ્ન ૮, ૧૨ કે સાતમા સ્થાનમાં હોય તો શીઘ્ર મરણ થાય છે. બે પાપગ્રહોની વચમાં ચંદ્ર લગ્નમાં અથવા ૧ પાપ ૭ કે ૮ સ્થાનમાં હોય તો માતા સહિત જન્મનારનું મૃત્યુ થાય છે. શનિ, રવિ, મંગળ એ ૧૨, ૬, ૮માં સ્થાનમાં હોય એમના પર શુભ ગ્રહની દૃષ્ટિ ન હોય તો મરણ થાય છે. જેમના દ્રેષ્કાણ કે સાતમા સ્થાનમાં પાપગ્રહ હોય અને ક્ષીણ ચંદ્ર લગ્નમાં હોય તો તે મરણકારક થાય છે. જેના જન્મલગ્નથી બધા ગ્રહ નિર્બલ થઈ ને આપોક્લિમ સ્થાનમાં હોય એનું બે કે ૭ મહિનામાં મરણ થાય છે. (૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩)

માતાના કષ્ટનો વિચાર

ચંદ્ર પર જો ત્રણ પાપગ્રહોની દૃષ્ટિ હોય તો એ જન્મનારની માતા મરી જાય છે. જો શુભ ગ્રહની પણ દૃષ્ટિ હોય તો શુભ ફલ કહેવું. બીજા સ્થાનમાં રાહુ, બુધ, શુક્ર અને રવિ હોય તો એના પિતાના મરણ બાદ જન્મ હોય અથવા માતા પણ મરી જાય છે. પાપગ્રહથી સાતમા કે આઠમા સ્થાનમાં ચન્દ્ર જો પાપગ્રહની સાથે હોય અથવા બળવાન પાપગ્રહોથી દૃષ્ટ હોય તો જન્મનાર માતાનો ઘાતક બને છે. જો ઉચ્ચ કે નીચનો સૂર્ય સાતમા સ્થાનમાં હોય તો એ જન્મનારને માતાનું દૂધ નથી મળતું તે બકરીના દૂધથી જીવે છે. ચંદ્રથી ચોથા સ્થાનમાં પાપગ્રહ જો શત્રુગૃહમાં હોય તથા કેન્દ્રમાં શુભ ગ્રહ ન હોય તો માતાનું મૃત્યુ થાય છે. જો ૧૨, ૬, સ્થાનમાં પાપ ગ્રહ હોય તો માતાને તથા ૪, ૧૦માં પાપગ્રહ હોય તો પિતાને કષ્ટ થાય છે. લગ્ન, ૧૨, ૨ અને ૭ એ ચાર સ્થાનોમાં પાપગ્રહ હોય તો એ યોગ પરિવારનો નાશક થાય છે. લગ્નમાં ગુરુ, બીજા સ્થાનમાં શનિ અને ત્રીજા સ્થાનમાં રાહુ હોય તો પણ માતાનું મરણ થાય છે. ક્ષીણ

ચન્દ્રથી ૫, ૬ સ્થાનમાં માત્ર પાપગ્રહો હોય તો તે બાળક ૭ મહિનામાં માતા વગરનું થાય છે. કોઈપણ રાશિમાં એક અંશમાં શનિ, મંગળ હોય અને ચંદ્રથી કેન્દ્રમાં હોય તો તે બે માતા (૧ જન્મદાત્રી અને પાલક)થી ઉછેરાવા છતાં જીવતો રહેતો નથી. (૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૩૨-૩૩)

પિતાના કષ્ટનો વિચાર

લગ્નમાં શનિ, સાતમા સ્થાનમાં મંગળ, છઠ્ઠા, સ્થાનમાં ચન્દ્ર હોય તો જન્મનારનું મરણ થાય છે. લગ્નમાં ગુરુ તથા બીજા સ્થાનમાં શનિ, રવિ, મંગળ, બુધ હોય તો એ જન્મનારના વિવાહ સમયમાં પિતાનું મૃત્યુ થાય છે. (૩૪-૩૫)

સૂર્ય પાપગ્રહની સાથે હોય અથવા સૂર્યથી સાતમા સ્થાનમાં પાપગ્રહ હોય તો જન્મનારના પિતાનું મરણ થાય છે. (૩૬)

સાતમાં સ્થાનમાં સૂર્ય હોય અને કર્મ સ્થાનમાં ચન્દ્ર હોય, રાહુ વ્યયસ્થાનમાં હોય તો જન્મનાર દુઃખથી જીવે.

દસમા સ્થાનમાં જો મંગળ હોય અને તે શત્રુના સ્થાનમાં હોય તો જન્મનારના પિતા જલદી મરણ પામે છે એમાં સંશય નથી. (૩૬-૩૭-૩૮)

રિપુસ્થાનમાં ચન્દ્ર હોય અને લગ્નસ્થાનમાં શનિ હોય, મંગળ સાતમા સ્થાનમાં હોય તો તેનો પિતા જીવતો નથી (૩૯)

સૂર્ય જો મંગળના નવાંશમાં હોય અને શનિથી દૃષ્ટ હોય તો જન્મથી પહેલા જ જન્મનારના પિતા ઘર છોડી દે છે અથવા મરી જાય છે. (૪૦)

ચોથા અને દસમા સ્થાનના પાપગ્રહો જ્યારે બારમા સ્થાનમાં રહેલા હોય તો જન્મનારના માતાપિતાનો નાશ કરીને તે દેશવિદેશમાં જાય.

રાહુ અને જીવ અરિક્ષેત્રમાં લગ્ને અથવા ચોથા સ્થાનમાં હોય તો ત્રેવીસમે વર્ષે તેનો પુત્ર પિતાને જોતો નથી. (૪૧-૪૨)

બધા પ્રાણીઓનો પિતા સૂર્ય અને માતા ચન્દ્ર છે. એટલે બંનેના શુભાશુભથી માતા અને પિતાનું શુભઅશુભ સમજવું. જેવી રીતે સૂર્ય પાપગ્રહની સાથે અથવા તેનાથી દૃષ્ટ હોય કે પાપગ્રહની વચમાં હોય તો પિતાનું કષ્ટ કહેવું. સૂર્યથી ૬, ૮ કે ચોથા સ્થાનમાં પાપગ્રહ હોય તો એના પર શુભ ગ્રહોનો યોગ કે દૃષ્ટિ ન હોય તો પિતાનું કષ્ટ કહેવું (૪૩-૪૪)

આવી જ રીતે ચન્દ્રથી પાપગ્રહ હોય તો બલાબલના વિવેકથી માતાનું કષ્ટ કે મરણ સમજવું જોઇએ. (૪૫)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં અરિષ્ટ વિશે વિચાર નામનો નવમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૧૦

વિપત્તિના નાશ વિશે વિચાર

પારાશર બોલ્યા :

હે મૈત્રેય, વિપત્તિના યોગ કહીને હવે હું એનો ભંગ પણ કહું છું. જેવી રીતે ભક્તિપૂર્વક મહાદેવને એક વાર પણ પ્રણામ કરવાથી પાપોનો નાશ થાય છે તેવી રીતે જો બુધ, શુક્ર એ બેમાંથી એક પણ કેન્દ્રમાં હોય તો તે બધી વિપત્તિઓનો નાશ કરે છે. જો લગ્નનો સ્વામી બળવાન થઈને એકલો પણ કેન્દ્રમાં હોય તો બધી વિપત્તિઓ નાશ પામે છે. શુક્લપક્ષમાં જન્મ હોય અને લગ્ન પર પાપગ્રહોની દૃષ્ટિ હોય તો સર્વ પ્રકારની વિપત્તિઓનો નાશ થાય છે.

(૧-૨-૩-૪-૫)

શેખર ભાષ્ય : કુંડલીમાં સબળ સારા યોગોનો ભંગ રિષ્ટ યોગો કરે તો રિષ્ટ યોગોનો ભંગ સારા યોગ કરે.

(૧) બુધ, શુક્ર બેમાંથી કોઈ એક ૧-૪-૭-૧૦ મે હોય.

(૨) લગ્નેશ બળવાન થઈ એકલો ૧-૪-૭-૧૦ મે હોય.

(૩) શુક્લ પક્ષનો જન્મ અને લગ્ન ઉપર ક્રૂર દૃષ્ટિ બચાવ કરે છે.

(૪) આગળ જતાં તુલા લગ્નમાં જન્મનારને બારમે સૂર્ય ૧૦૦ વર્ષનું આયુષ્ય આપે છે.

(૫) મંગળ, ગુરુની યુતિ કે દૃષ્ટિ યોગ અમારા અનુભવમાં સો ટકા સચોટ પૂરવાર થયેલ છે

તુલા લગ્નમાં જન્મ હોય અને બારમા સ્થાનમાં સૂર્ય હોય તો જન્મનાર ૧૦૦ વર્ષ સુધી જીવે છે. મંગળ જો ગુરુની સાથે અથવા તેનાથી દૃષ્ટ હોય તો તમામ વિપત્તિનો નાશ થાય છે અને માતાનું પણ શુભ થાય છે. ચોથા કે દસમા સ્થાનમાં પાપગ્રહ હોય પરંતુ કેન્દ્ર યા ત્રિકોણમાં શુભ ગ્રહ હોય તો પિતાને માટે આ યોગ શુભકારક થાય છે. પાપગ્રહ જો શુભ ગ્રહોની વચમાં હોય અથવા કેન્દ્ર ત્રિકોણમાં, શુભ ગ્રહ હોય તો જલદી વિપત્તિનો નાશ થાય છે અને આ સ્થાનનું અશુભ ફલ મળતું નથી.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં વિપત્તિના નાશ વિશે વિચાર નામનો દસમો અધ્યાય સંપૂર્ણ.

*

અધ્યાય : ૧૧

ભાવ-વિવેક

મૈત્રેય બોલ્યા :

હે મુનિ (જન્મ પત્રિકામાં) વિપત્તિ કરનાર તથા વિપત્તિનો નાશ કરનાર (યોગ) વિશે મેં સાંભળ્યું હવે કયા સ્થાનથી શેનો શેનો વિચાર કરવો તે મને કહો. (૧)

શ્રીધર ભાષ્ય : 'સકલ પદારથ હૈ જગમાંહી ભાગ્યહીન નર પાવત નાહીં' એ ન્યાયે બધા પદાર્થો જગતમાં હોવા છતાં ભાગ્ય વગરના માણસને કંઈ મળતું નથી. બાર કુંડલીના બારેય ભાવોમાં કયા ભાવ ઉપરથી કઈ બાબત જોવી તેનો ખ્યાલ આ અધ્યાય ઉપરથી આવશે.

અહીં આગળ ઉપર આપેલી બાબતો સિવાય અન્ય બાબતો પણ અનુભવે જોવા મળે છે. પાંચમો ભાવ લો : પુત્ર : વિદ્યા બન્ને સૂચવાય છે. એક માણસને પુષ્કળ વિદ્યા છે. સંતાન બિલકુલ નથી. એકને સંતાન ઘણાં છે તો વિદ્યા નથી. તો બીજાને સંતાન અને વિદ્યા બન્ને છે. એટલે તે ભાવ ઉપરથી સૂચવાતી બાબતનો અભ્યાસ અને પૂર્ણ પરિસ્થિતિ સમજવા.

(૧) ભાવમાં રહેલ ગ્રહો શુભાશુભ

(૨) આ ભાવનો અધિપતિ.

(૩) ભાવ ઉપર શુભાશુભ દૃષ્ટિ.

(૪) ભાવની આસપાસ ૨ જે કે ૧૨ મે શુભ કે અશુભ ગ્રહોની કર્તરિ કાતર Scissors. જેમ પ્રથમ ભાવથી બારમે ગુરુ અને

બીજે શુક્ર હોય તો ભાવ શુભ કર્તરિમાં અન્યથા ભાવ પાપ કર્તરિમાં, શનિ બારમે મંગળ બીજે હોતાં થાય છે.

(૫) ભાવનો કારક. જેમ ધન ભાવનો કારક ગુરુ છે તો જાતકની લક્ષ્મી વિશે ગુરુ ઉપરથી વિચારવું

પારાશર બોલ્યા :

હે મૈત્રેય, શરીર, સ્વરૂપ, વર્ણ, બલાબલ, સુખ, દુઃખ, સ્વભાવ આ બધા વિષય લગ્ન પરથી જાણવા. ધન, ધાન્ય, કુટુંબ, મૃત્યુ, શત્રુ, ધાતુ, રત્ન–આ સર્વ બીજા સ્થાનથી જોવાં.

પરાક્રમ, નોકર, ભાઈ, ઉપદેશ, યાત્રા, માતાપિતાનું મરણ ત્રીજા સ્થાનથી જોવું. બહેન, બન્ધુ, માતા, સુખ, મિત્રનો, ઘર, ખેતી, બગીચા આદિનો વિચાર ચોથા સ્થાનથી કરવો. (૨–૩–૪–પા)

યંત્ર, મંત્ર, ઈત્યાદિ પાંચમા સ્થાનથી, મામા, મૃત્યુની શંકા, શત્રુ ઈત્યાદિ છઠ્ઠા ભાવથી, સ્ત્રી માર્ગ આદિ સાતમા ભાવથી, આયુષ્ય, રણમેદાન દુશ્મન આદિ તથા ભૂતકાળના તથા ભવિષ્યકાળના જન્મ આદિનો વિચાર આઠમા સ્થાન પરથી કરવો. (૬–૭–૮–૯)

ભાગ્ય, સાળા, ધર્મ ઈત્યાદિ નવમા સ્થાન પરથી, રાજ્ય, આકાશવૃત્તાન્ત, પિતા આદિ દસમા સ્થાન પરથી, બધી વસ્તુઓ આવવી ઈત્યાદિ અગિયારમા સ્થાન પરથી અને વ્યય, શત્રુનો વ્યવહાર આદિ વિષય બારમા સ્થાનથી જોવા. (૧૦–૧૧–૧૨–૧૩).

જે સ્થાન પોતાના સ્વામી કે શુભ ગ્રહની સાથે હોય, જે સ્થાનનો સ્વામી યુવાન આદિ શુભ અવસ્થામાં હોય એના સ્થાન ફલની વૃદ્ધિ અને જે સ્થાનનો નષ્ટ, વૃદ્ધ આદિ હોય અનિષ્ટ અવસ્થામાં હોય તે પોતાના સ્થાનને જોતો ન હોય તો એ સ્થાનના ફલનો નાશ કહેવો. (૧૪–૧૫–૧૬)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં સ્થાનોના શુભ, અશુભ વિશે વિચાર નામનો અગિયારમો અધ્યાય સંપૂર્ણ.

*

અધ્યાય : ૧૨

તનુભાવ ફળ વિશે વિચાર

લગ્નેશ પાપગ્રહની સાથે હોય કે ૬, ૮, ૧૨ સ્થાનમાં હોય તો ક્લેશકારક બને છે. જો કેન્દ્રત્રિકોણમાં હોય તો દેહ સુખકારક બને છે. જો લગ્નેશ અસ્ત, શત્રુગૃહમાં કે નીચમાં હોય તો રોગકારક થાય છે. જો લગ્નથી કેન્દ્રત્રિકોણમાં શુભ ગ્રહ હોય તો સર્વ રોગોનો નાશ કરે છે. (૧-૨)

શેખર ભાષ્ય : આ અધ્યાયમાં ૧૫ શ્લોક છે. તનુભાવ અટલે પ્રથમ ભાવ : બાજુમાં પરમ પૂજ્યપાદ શ્રી. ડોંગરેજી મહારાજની અહીં કુંડલી આપી છે.

પ્રથમ ભાવ : જન્મલગ્ન વૃષભ રાશિનું છે.



પ્રથમેશ : પ્રથમભાવનો અધિપતિ શુક્ર ૯મે મકરમાં છે તે ગુરુ અને કેતુથી યુક્ત છે.

પ્રથમ ભાવ ઉપર દૃષ્ટિ : લગ્ન ઉપર ૭મા શનિ અને ૯મા ગુરુની દૃષ્ટિ છે.

કારક : પ્રથમ ભાવનો કારક સૂર્ય ૧૧મે છે. આમ દરેક ભાવના અભ્યાસ માટે તે ભાવથી અભ્યાસ કરવો જરૂરી છે.

પ્રથમ ભાવનો કારક ગ્રહ સૂર્ય છે, તનુભાવ, ઉદય, કલ્પ, ઉદિત, મૂર્તિ, આદ્ય અંગ વધુ આદિ એના સમાનાર્થવાચી પર્યાય છે. શરીર, વર્ણ, આકૃતિ, યશ, ગુણ, સુખ દુઃખ, પ્રવાસ, તેજ, બળ આદિનો વિચાર કરાય છે ઉત્તરકાલામૃતમાં મોટી યાદી આપી છે.

લગ્ન અથવા ચંદ્ર પર પાપગ્રહનો યોગ અથવા દૃષ્ટિ હોય તથા શુભ ગ્રહની દૃષ્ટિ ન હોય તો એ જન્મનારને સુખ મળતું નથી. જો લગ્નમાં શુભ ગ્રહ હોય તો જન્મનાર સ્વરૂપવાન અને પાપગ્રહ હોય તો કુરૂપ થાય છે. લગ્નમાં શુભ ગ્રહનો યોગ કે દૃષ્ટિ હોય તો જાતક દેહ સુખ પામે છે. (૩ ૪)

લગ્નેશ બુધ, ગુરુ અથવા શુક્ર જો કેન્દ્રત્રિકોણમાં હોય તો જન્મનાર દીર્ઘ આયુષ્યવાળો, ધનવાન, બુદ્ધિમાન અને રાજાનો પ્રિય થાય છે. લગ્નેશ ચર રાશિમાં હોય અને શુભ ગ્રહથી દૃષ્ટ હોય તો પણ જન્મનાર યશસ્વી, ધનવાન, વિલાસી તથા સુખી થાય છે. બુધ, ગુરુ કે શુક્ર જો ચંદ્રની સાથે લગ્નમાં હોય કે કેન્દ્રમાં હોય તો જન્મનાર રાજ લક્ષણવાળો હોય છે. (૫–૬–૭)

મેષ, વૃષભ કે સિંહ લગ્ન હોય, એમાં શનિ કે મંગળ હોય તો લગ્નમાં જે રાશિના નવાંશ હોય—એ અંગમાં નાળથી વીંટળાયેલ બાળક જન્મ લે છે. સૂર્ય ચતુષ્પદ રાશિમાં હોય, બાકીના ગ્રહો બળવાન થઈ ને દ્વિસ્વભાવ રાશિમાં હોય તો જોડિયા બાળકનો જન્મ કહેવો. (૮–૯)

જો જન્મ સમયમાં સૂર્ય અને ચંદ્ર એક જ સ્થાનમાં એક જ નવાંશમાં હોય તો જન્મનાર ત્રણ માતાના દૂધથી ૩ માસ પર્યંત અને પછી પિતા અને ભાઈ દ્વારા ઉછેરાય છે. જેવી રીતે લગ્નના ફળ કહેવામાં આવ્યાં છે એવી રીતે ચંદ્રથી પણ સમજવું. હવે હું જન્મનારના વ્રણ આદિ ચિહ્નો કહું છું. (૧૦–૧૧)

લગ્નમાં પ્રથમ દ્રેષ્કાણ હોય તો લગ્ન-મુખ, ૨-૧૨ નેત્ર, ૩-૧૧ કાન, ૪-૧૦ નાક, ૫-૯ ગાલ, ૬-૮ દાઢી, ૭ અને સાતમું સ્થાન મુખ. જો બીજા દ્રેષ્કાણમાં હોય તો લગ્ન-કંઠ, ૨-૧૨ ખભા, ૩-૧૧ હાથ, ૪-૧૦ પડખા, ૫-૯ હૃદય, ૬-૮ પેટ અને નાભિ. જો ત્રીજા દ્રેષ્કાણમાં હોય તો લગ્ન-બસ્તિ, ૨-૧૨ લિંગ અને ગુદા, ૩-૧૧ અંડકોષ, ૪-૧૦ જંઘા, ૫-૯ ઘુંટણ ૬-૮ ઘુંટણની નીચેનો ભાગ અને ૭ એ પગ સમજવા. આવી રીતે ઉદિત (લગ્ન પછીના ૬ સ્થાન) ડાબા અંગ અને આગળના ૬ સ્થાન જમણા અંગ સમજવા. જે અંગમાં પાપગ્રહ હોય એમાં વ્રણ અને ક્ષુધ સહિત પાપગ્રહ જેમાં હોય તેમાં ચોક્કસ વ્રણ કહેવો. જો શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો એ અંગમાં માત્ર નિશાની જ કહેવી. (૧૨-૧૩-૧૪-૧૫)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં તનુભાવ ફળ વિશે વિચાર નામનો બારમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૧૩

ધનસ્થાનનાં ફલ વિશે વિચાર

પારાશર બોલ્યા. :

હે મૈત્રેય, હવે હું ધનસ્થાનનાં ફલ કહું છું તે સાંભળો. ધનેશ જો ધનસ્થાનમાં કે કેન્દ્રત્રિકોણમાં હોય તો ધનની વૃદ્ધિ અને ૬-૮-૧૨માં સ્થાનમાં હોય તો ધનની હાનિ થાય છે. ધનસ્થાનમાં શુભગ્રહ ધન દાયક અને પાપગ્રહ ધનનાશક થાય છે. ધન ભાવનો સ્વામી ગુરુ ધન ભાવમાં હોય કે મંગળની સાથે હોય તો તે મનુષ્ય ધનવાન થાય છે. ધનેશ લાભસ્થાનમાં કે લાભેશ ધનસ્થાનમાં હોય કે તે બંને કેન્દ્ર-ત્રિકોણમાં હોય તો જન્મનાર ધનવાન થાય છે. ધનેશ કેન્દ્રમાં હોય એનાથી ત્રિકોણમાં લાભેશ હોય કે ગુરુ શુક્રની સાથે અથવા તેનાથી દૃષ્ટ હોય તો પૂર્ણ ધનનો લાભ થાય છે. (૧-૨-૩-૪-૫)

શેખર ભાષ્ય : સર્વે ગુણાઃ 'કાંચનમાશ્રયન્તે' નો આ યુગ છે. માનવીને વસુ વિના નર પશુ કહે છે. એટલે ધનભાવનું મહત્ત્વ કુંડલીમાં આ યુગમાં ઘણું છે. ભાવના સિદ્ધાંતો જાતક પારિજાતમાં ઠીક ઠીક આપ્યા છે સહુથી વધુ વિસ્તૃત 'સર્વાર્થ ચિંતામણિ'માં છે. અમારો એ ગ્રંથ ગુજરાતીમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. આ ગ્રંથમાં સૂત્રો ટૂંકમાં પણ મહત્વનાં છે.



તા. ૧૬-૯-૧૯૩૩ ધનેશ ધનસ્થાનમાં શનિ અને લાભેશ શુક્ર લાભમાં રહી કેન્દ્ર યોગ કરે છે આ જાતક પાસે ઉત્તરોત્તર સમૃદ્ધિ વધતીજ ગઇ છે.

દ્વિતીયેશ અને લાભેશ છઠ્ઠા ભાવમાં હોય તથા ધનસ્થાન અને લાભસ્થાન પાપગ્રહ સાથે હોય તો જન્મનાર નિર્ધન થાય છે. ધનેશ અને લાભેશ બંને અસ્તના હોય કે પાપગ્રહની સાથે હોય તો પણ તે ધનહીન થાય છે. ધનેશ, લાભેશ બંને ૬-૮-૧૨ સ્થાનમાં હોય, ૧૧મા સ્થાનમાં મંગળ અને બીજા સ્થાનમાં રાહુ હોય તો રાજદંડથી ધનનો નાશ થાય છે. (૬-૮)

શેખર ભાષ્ય : ઉપર ધન યોગો વર્ણવ્યા પછી હવે નિર્ધન યોગો વર્ણવ્યા છે.

બીજા ભાવનો કારક ગ્રહ ગુરૂ છે. વિત્ત, વિદ્યા, વાણી આંખ, ચહેરો, કુટુંબ ખાનપાન, ક્રય વિક્રય, રત્નકોષ આદિનો વિચાર પણ તેના ઉપરથી થાય છે.

લાભસ્થાનમાં ગુરુ, ધનસ્થાનમાં શુક્ર અને ધનેશ શુભ ગ્રહની સાથે હોય, વ્યયસ્થાનમાં શુભ ગ્રહ હોય તો ધર્મકાર્યમાં ધનનો ઉપયોગ થાય છે. ધનેશ જો પોતાના સ્થાનમાં કે ઉચ્ચમાં હોય તો જન્મનાર પરિવારને પોષનાર, પરોપકારી અને વિખ્યાત થાય છે. જો ધનેશ પારાવત આદિ શુભ વર્ગમાં હોય કે શુભ ગ્રહની સાથે હોય તો એના ઘરમાં વિના યત્ને સંપત્તિ આવે છે. (૯-૧૦-૧૧)

શેખર ભાષ્ય : આ સૂત્રોમાં વિના યત્ને ધન પ્રાપ્ત કરવાના તથા ધનનો વ્યય થવાના માર્ગો છે. ભોગ, દાન કે નાશ ત્રિવિધ ગતિ ધનની હોય છે. શુક્ર ૨જે કે ગુરૂ ૧૧મે કે શુભ ગ્રહ ૧૨મે કે ધનેશ

શુભ ગ્રહ સાથે હોય તો જાતકનું ધન સારે માર્ગે દાનમાં કે ઉપયોગી કાર્યમાં થાય છે.

નેત્ર-બીજા સ્થાનનો સ્વામી બળવાન અને શુભ ગ્રહની સાથે હોય તો જન્મનાર સારી આંખવાળો અને ધનેશ ૬-૮-૧૨મા સ્થાનમાં હોય તો તે નેત્રરોગી થાય છે. બીજા સ્થાનનો સ્વામી કે બીજું સ્થાન પાપગ્રહવાળું હોય તો તે મનુષ્ય ચુગલીખોર, અસત્યવકતા અને વાતરોગી થાય. (૧૨-૧૩)

શેષ ભાષ્ય : બીજા ભાવ ઉપરથી વાણી અને આંખનો પણ વિચાર કરવામાં આવ્યો છે. સત્ય વચની કે અસત્ય વચનીનો ખ્યાલ પણ દ્વિતીયેશ પાપ કે શુભ ગ્રહ છે તેના ઉપરથી આવે છે.

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં ધન સ્થાનના ફલ વિશે વિચાર નામનો તેરમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૧૪

બંધુઓના સ્થાનનાં ફલ વિશે વિચાર

હે વિપ્ર, હવે હું ત્રીજા સ્થાનનું ફલ કહું છું તે સાંભળો. બંધુઓનું આ સ્થાન શુભ ગ્રહો ધરાવતું હોય તો જન્મનાર પરાક્રમી થાય અને તેને ભાઇઓ હોય. મંગળ અને ત્રીજા સ્થાનનો સ્વામી ત્રીજા સ્થાનને જોતો હોય કે એમાં રહેલો હોય તો પણ બંધુઓનું સુખ કહેવું. (૧-૨)

શેખર ભાષ્ય : ત્રીજું સ્થાન સહજ, ભ્રાતૃ, પરાક્રમ વગેરે નામોથી પ્રખ્યાત છે.

આ ભાવનો કારક ગ્રહ મંગળ છે.

દુશ્ચિક્ય વિક્રમ સહોદર, વીર્ય, ધૈર્ય, કર્ણ સહજ એ પર્યાયો ઉપચય ભાવમાંના એક ત્રીજા ભાવને લાગે છે. ત્રીજા ભાવનો સ્વામી જાતક માટે અશુભકારક બને છે. તેવો સિદ્ધાંત સ્થાનાધિપતિત્વ પરત્વે છે.

મોટા ભાઈનો વિચાર અગીયારમા પરથી વધુ થાય છે. છતાં પરાક્રમ સાહસ, સ્વર, શ્રવણ, ધૈર્ય, બળ, મૂળ ઉપરાંત નોકર

ચાકરનો વિચાર ત્રીજા ઉપરથી કરવો. સાયન જ્યોતિર્વિદો લાંબી યાત્રાનો નવમા ઉપરથી, નાની યાત્રાનો ત્રીજા ઉપરથી વિચાર કરે છે. ઉપરાંત લખાણુ પત્રવ્યવહાર ત્રીજા ઉપરથી વિચારે છે. ત્રીજે પાપ ગ્રહો સારું ફળ આપે છે. ઘણી વાર ત્રીજે ગુરુ હોતાં તે સૌથી નાનો ભાઈ કે બહેન હોય પછી ભાઈ બહેન હોતાં નથી પણ આ નિયમમાં ક્વચિત અપવાદ મળે છે. ત્રીજે કારક ગ્રહ મંગળ પોતે હોય તેને અમુક વિદ્વાનો ભાઈ આદિના સુખ માટે અશુભ માને છે.

બંધુભાવનો સ્વામી અને મંગળ બંને પાપગ્રહની સાથે પાપ રાશિમાં હોય તો બંધુઓ માટે વિનાશકારક થાય છે. બંધુભાવમાં સ્ત્રીગ્રહ કે બંધુસ્થાનનો સ્વામી સ્ત્રીગ્રહ હોય તો જન્મનારને વધારે બહેનો, જો પુરુષ રાશિ કે પુરુષ ગ્રહ હોય તો વધારે ભાઈનું સુખ અને મિશ્ર (સ્ત્રી–પુરુષ બંને ગ્રહ) હોય તો ભાઈ અને બહેન એ બંનેનું સુખ કહેવું. મંગળ કે ત્રીજા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં હોય તો બંધુઓનો વિનાશ થાય છે. જો બંને કેન્દ્ર, કોણમાં હોય કે પોતાના ઉચ્ચ સ્થાન, મિત્રના સ્થાનમાં હોય તો ભાઈઓનું સુખ કહેવું. (૩–૪–૫–૬)

ત્રીજા સ્થાનમાં બુધ અને ત્રીજા સ્થાનનો સ્વામી ચન્દ્રની સાથે તથા ભ્રાતૃકારક ગ્રહ શનિ સાથે હોય જન્મનાર પહેલા એક બહેન અને પછી એક ભાઈ હોય તથા ત્રીજો જન્મ લઈ મરી જાય. ભ્રાતૃકારક ગ્રહ રાહુની સાથે હોય અથવા ત્રીજા સ્થાનનો સ્વામી નીચ સ્થાનમાં હોય તો નાના ભાઈઓનો અભાવ અને મોટા ત્રણ ભાઈ સમજવા. બંધુસ્થાનનો સ્વામી કેન્દ્રમાં હોય અને ભ્રાતૃકારક ગ્રહ એનાથી ત્રિકોણમાં જો ગુરુની સાથે ઉચ્ચમાં હોય તો ૧૨ ભાઈબહેન હોય. એમાં જન્મનારથી મોટા ૨ અને ત્રીજા, સાતમા, નવમા, અને બારમા એ ૬ અલ્પાયુ તથા બાકીના ૬ દીર્ઘ આયુષ્યવાળા થાય.

મંગળ બારમા સ્થાનના સ્વામી અથવા ગુરુની સાથે હોય અને ત્રીજા સ્થાનમાં ચન્દ્ર હોય તો ૭ બંધુઓ સમજવા. જો સાતમા સ્થાનમાં ચન્દ્ર હોય અને એના પર માત્ર પુરુષ ગ્રહ (રવિ, ગુરુ, મંગળ)ની દૃષ્ટિ હોય તો તેને ભાઈ અને શુક્રની સાથે અથવા તેનાથી દૃષ્ટિ હોય તો બહેન સમજવી. ત્રીજા સ્થાનમાં સૂર્ય હોય તો મોટા ભાઈનો, શનિ હોય તો નાના ભાઈનો અને મંગળ હોય તો પોતાનાથી મોટા અને નાના ભાઈનો નાશ થાય છે. આ યોગોનું બલાબલ જોઈને ભાઈ કે બહેનનું શુભ કે અશુભ જોવું.

(૧૨-૧૩-૧૪-૧૫)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં બંધુઓના સ્થાનનાં ફલ વિશે વિચાર નામનો ૧૪મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૧૫

સુખના સ્થાનનું ફળ

હે વિપ્ર મેં ત્રીજા સ્થાનનું ફળ સંક્ષેપમાં કહ્યું. હવે સુખ (ચોથા) સ્થાનનું ફળ કહું છું.

સુખ સ્થાનમાં સુખ સ્થાનનો સ્વામી કે લગ્નસ્થાનનો સ્વામી હોય અને શુભ ગ્રહથી દૃષ્ટ હોય તો જન્મનારને ગૃહ સંબંધી સુખવાળો કહેવો.

જો સુખ સ્થાનનો સ્વામી પોતાના સ્થાન, પોતાના નવાંશ કે પોતાના ઉચ્ચમાં હોય તો જન્મનારને ગૃહભૂમિ, સવારી, ખેતી, માતા આદિથી પૂર્ણ સુખ તથા વાજા આદિનું સુખ સમજવું.

સુખ સ્થાનનો સ્વામી જો દસમા સ્થાનના સ્વામીની સાથે કેન્દ્ર ત્રિકોણમાં હોય તો ઉત્તમ પ્રકારનું મકાન થાય છે.

ચોથા સ્થાનનો સ્વામી શુભ ગ્રહ હોય કે શુભ ગ્રહની સાથે હોય અને લગ્નમાં બુધ હોય તો તે મનુષ્ય બંધુઓમાં પૂજ્ય થાય છે. (૧-૨-૩-૪-૫)

શેખર ભાષ્ય : સુહૃદ ક્ષેત્ર, મિત્ર, તુર્ય, ક્ષિતિ, માતૃ, યાન, અંબુ, ગેહ, સુખ, વાહન, અંબા, ગૃહ, નીર, જળ, વેરમા આદિ પર્યાયોથી ઓળખાતા ચોથા ભાવના કારક ચંદ્ર બુધ છે. તેના ઉપરથી ઘર, સ્થાવર, માતા, જમીન ગાય, વાહન નાના સગાનો વિચાર કરવો, વિદ્યામાં પણ ચોથું મહત્ત્વનું છે. ચોથે શુભ ગ્રહો વૃદ્ધાવસ્થા પાછલું જીવન સારું કરે છે. ચોથાનો સ્વામી લગ્ને રાજ યોગ કરે છે. ચોથું સ્થાન, જેનો સ્વામી કારક બળવાન હોય તો માતૃ સુખ મળે

છે. ચોથે સૂર્ય, મંગળ, શનિ, રાહુ સારું ફળ ન આપે પણ ૪થે રાહુ કે ૧૦મે રાહુ કુંડલીમાં રાજયોગ કરે છે.

ચોથા સ્થાનમાં શુભ ગ્રહ હોય તથા ચોથા સ્થાનનો સ્વામી પોતાના ઉચ્ચ આદિ શુભ સ્થાનમાં હોય, માતૃકારક ગ્રહ પણ બલવાન હોય તો માતાથી પૂર્ણ સુખ સમજવું. ચોથા સ્થાનનો સ્વામી અને શુક્ર કેન્દ્રમાં હોય, બુધ પોતાના ઉચ્ચમાં હોય તો માતાથી પૂર્ણ સુખ કહેવું.

સુખ સ્થાનમાં સૂર્ય, નવમા સ્થાનમાં મંગળ અને શનિ તથા લાભસ્થાનમાં મંગળ હોય તો ગાય, ભેંસ આદિ પશુઓનો લાભ થાય છે.

સુખ ભાવમાં ચર રાશિ હોય અને એનો સ્વામી અને મંગળ ૬-૧૨ સ્થાનમાં હોય તો જાતક મુંગો થાય.

શુભ ગ્રહ લગ્નેશ હોય તથા સુખસ્થાનનો સ્વામી પોતાના નીચમાં હોય, ચોથા સ્થાનનો કારક ૧૨મા સ્થાનમાં હોય, ચોથા સ્થાનનો સ્વામી લાભસ્થાનમાં હોય તો તે મનુષ્યને બારમા વર્ષમાં બહેનોનું સુખ થાય છે.

ચોથા સ્થાનમાં સૂર્ય હોય અને ચોથા સ્થાનનો સ્વામી પોતાના ઉચ્ચમાં શુક્રની સાથે હોય તો ૩૨મે વર્ષે બહેનનો વિશેષ લાભ થાય છે. ચોથા સ્થાનનો સ્વામી દસમા સ્થાનના સ્વામીની સાથે રહીને પોતાના ઉચ્ચાંશમાં હોય તો ૪૨મે વર્ષે બહેનોનો વિશેષ લાભ થાય છે. લાભેશ ચોથા અને ચોથા સ્થાનના સ્વામી લાભ સ્થાનમાં હોય તો પણ ૧૨મે વર્ષે બહેનોનો લાભ થાય છે. આવી રીતે ચોથા સ્થાનમાં શુભ તત્વ હોય તો ગૃહ, બહેન, ભૂમિ આદિનું સુખ ઉત્તમ અને નહીં તો અશુભ ફળ સમજવું

"બૃહત પારાશરી" 'ચોથા સ્થાનનાં ફળ વિશે વિચાર' નામનો પંદરમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૧૬

પાંચમા સ્થાનનાં ફળ વિશે વિચાર

હે વિપ્ર, હવે હું પાંચમા સ્થાનનું ફળ કહું છું. લગ્ન સ્થાનનો સ્વામી કે પાંચમા સ્થાનનો સ્વામી પાંચમા સ્થાનમાં હોય અથવા કેન્દ્ર ત્રિકોણમાં હોય તો જન્મનારને પુત્ર સુખ પૂરેપૂરું છે એમ કહેવું.

જો પાંચમા સ્થાનનો સ્વામી ૬-૮-૧૨ સ્થાનમાં હોય તો સંતાનહીન યોગ સમજવો.

પાંચમા સ્થાનનો સ્વામી અસ્તનો હોય અથવા પાપગ્રહની સાથે હોય તો પુત્ર થાય નહીં. કદાચિત થાય તો પણ મરી જાય છે.

પુત્રસ્થાનનો સ્વામી ૬ ભાવમાં અથવા મંગળની સાથે હોય તો તેને પ્રથમ સંતાન થઈને નાશ પામે છે. અને એની સ્ત્રી સંતાનહીન રહે છે.

પાંચમા સ્થાનનો સ્વામી નીચમાં થઈને ૬-૮-૧૨મા સ્થાનમાં હોય કે પુત્રસ્થાનમાં કેતુ કે બુધ હોય તો એની સ્ત્રી માત્ર એક જ સંતાનને જન્મ આપે છે.

પાંચમા સ્થાનનો સ્વામી નીચમાં રહીને પાંચમા સ્થાનને ન

જુએ તથા પુત્રસ્થાનમાં શનિ-બુધ હોય તો પણ એની સ્ત્રી એક જ સંતાનને જન્મ આપે છે.

લગ્નમાં નવમા સ્થાનનો સ્વામી હોય, પુત્રસ્થાનનો સ્વામી નીચમાં હોય તથા પુત્રસ્થાનમાં કેતુ-બુધ હોય તો ભારે યત્ન-ધર્મક્રિયા કરાવવાથી પુત્ર થાય.

પુત્રસ્થાનનો સ્વામી ૬-૮-૧૨ સ્થાનમાં હોય અથવા શત્રુરાશિ કે નીચ રાશિમાં થઈને પુત્રસ્થાનમાં હોય તો પણ યત્નપૂર્વક પુત્ર થાય છે. (૧-૨-૩-૪-૫-૬-૭-૮)

શેખર ભાષ્ય : અપુત્રસ્ય ગૃહંશૂન્યં ગૃહશૂન્યે દારદ્રતા ના ન્યાયે પુત્ર વગરનાનું ઘર સુનું છે. કવિ રવિદાસના ભજન પ્રમાણે 'પુત્ર વિહોણું ઘર જેમ સુનું હૃદય સુના હરિનામ વિના' તેમ પુત્રનું મહત્વ સુવિદિત છે. ઉપરના ૧થી૮ શ્લોકોમાં પુત્રોનો યોગ, વંધ્યત્વ, એક પુત્ર કે વંધ્યત્વ તથા અનેક પુત્રોના યોગો છે. આ અધ્યાયમાં ૩૨ શ્લોકો છે.

પાંચમા સ્થાનમાં મિથુન, કન્યા, મકર, કુંભ હોય, એમાં શનિ અને માન્દી ગુલિક હોય તો દત્તક યા કૃત્રિમ આદિ પુત્ર થાય છે.

સૂર્ય અને ચંદ્ર જો એક જ સ્થાનમાં અને એક જ અંશમાં હોય તો તે ત્રણ માતાથી કે દ્વી પિતાથી તે પોષણ પામે.

પાંચમા સ્થાનમાં છ ગ્રહોની સાથે તેનો સ્વામી હોય રાશિમાં હોય અને લગ્નેશ તથા ચંદ્ર બળવાન હોય તો દત્તક પુત્ર થાય.

પુત્રસ્થાન બુધ ગુરુ અને શુક્ર જેવા બળવાનથી દૃષ્ટ હોય અને પુત્રસ્થાનનો સ્વામી બળવાન હોય તો અનેક પુત્રો થાય છે. (૯-૧૦-૧૧-૧૨)

શેખર ભાષ્ય : જેનો કારક ગ્રહ ગુરુ છે અને જેના પરથી વ્યક્તિના પૂણ્ય, આરાધ્ય દેવ બુદ્ધિ (intelligence)નો ખ્યાલ આવે

છે અને જે મુખ્યત્વે સંતતિ દર્શાવે છે. તે પાંચમા ભાવને સુત, વાફ,વિદ્યા, આત્મજ, પુત્ર, મંત્ર, તનય, ધી, દેવરાજ, નંદન વૃદ્ધિ આદિ પર્યાયોથી ઓળખાય છે. આધુનિક આના ઉપરથી સટ્ટાનો અને પ્રણયનો વધુમાં વિચાર કરે છે. વિદ્યા માટે પાંચમા ઉપરાંત બીજો પણ જોવો. પાંચમે ગુરુ હોય કે લગ્નથી કે ૯ મેથી ૫ માને જુએ તો પણ સંતાન સુખ હોય તેમ સામાન્ય માન્યતા વ્યવહારમાં કેટલીક વાર ભ્રામક પડતી જોવાય છે, અને ૫મે ગુરુ નિઃસંતાન અવસ્થા પણ કરે છે અમારી પાસે ઘણી એવી કુંડલી છે. બૃહત પારાશરીરમાં જ આ ગ્રંથમાં આગળ ઉપર સંતાન ન થવા માટે "શ્રાપ" અને શ્રાપ વિમોચન વિધિ દર્શાવેલ છે.

પાંચમા સ્થાનનો સ્વામી ચન્દ્રના દ્રેષ્કાણમાં અને ચન્દ્રની સાથે હોય તો તેને કન્યાઓ થાય છે. પાંચમા સ્થાનનો સ્વામી ચર રાશિમાં હોય અને ચન્દ્ર રાહુની સાથે હોય, શનિ પાંચમા સ્થાનમાં હોય તો જાતક બીજાથી જન્મેલો છે એમ કહેવું. લગ્નથી આઠમા સ્થાનમાં ચન્દ્ર અને ચન્દ્રથી આઠમા સ્થાનમાં ગુરુ જો પાપગ્રહની સાથે હોય તો તે જરૂર બીજાથી જન્મેલો હોય છે. (૧૩-૧૪-૧૫)

શેખર ભાષ્ય : સંતાન સુખ માટે ષડ્વર્ગમાં નવાંશ ઉપરાંત સપ્તમાંશ કુંડલીનો પણ વિચાર કરવો. ઉપરાંત સર્વાર્થ ચિંતામણિ વર્ણવેલ પુરૂષની કુંડલીમાં સૂર્ય ગુરૂ શુક્રનો સરવાળો કરવો. સ્ત્રીની કુંડલીમાં ગુરૂ ચંદ્ર મંગળનો સરવાળો કરવો. સ્ત્રીની કુંડલીના સરવાળામાં એકી રાશિ આવે તેનો નવાંશ એકી હોય તો સ્ત્રી ગર્ભ ધારણ માટે બીજ, બીજકોશ વાહિની (ટયુબ) અને ગર્ભાશયની દૃષ્ટિએ સ્વસ્થ છે પુરૂષના ત્રણ ગ્રહોનો સરવાળો તેનો નવાંશ બન્ને એકી આવે તો પુરૂષ બીજની દૃષ્ટિએ સ્વસ્થ જાણવો. બન્નેને સરવાળામાં એકી એકી બેઉ હોય તો સારવારથી આશા ખરી પણ સ્ત્રીને ત્રણ નો સરવાળો એકી અને નવાંશ પણ એકી હોય તો બીજ

ઋતુધર્મ આદિમાં ખામી હોઈ શકે.

પાંચમા સ્થાનનો સ્વામી ઉચ્ચમાં થઈને ૨–૩–૧–૫–૬ સ્થાનમાં હોય અને ગુરુની સાથે અથવા તેનાથી દૃષ્ટ હોય તો તે પુત્રનું પૂરું સુખ પામે છે. જો ત્રીજા કે ચોથા પાપગ્રહની સાથે પાંચમા ભાવમાં પાંચમા ભાવનો સ્વામી નીચ રાશિમાં હોય તો નીચ કર્મ કરનાર પુત્ર થાય છે. (૧૬–૧૭)

પુત્ર પ્રાપ્તિ અને પુત્ર વિયોગનો સમય

પાંચમા સ્થાનમાં ગુરુ હોય, પાંચમા સ્થાનનો સ્વામી શુક્રની સાથે હોય તો ૩૨ કે ૩૩ મે વર્ષે પુત્ર થાય છે. પાંચમા સ્થાનનો સ્વામી કેન્દ્રમાં હોય અથવા પુત્ર સ્થાનના કારક ગ્રહ સાથે હોય તો ૩૦ કે ૩૬ મે વર્ષે પુત્ર થાય છે. લગ્નથી છઠ્ઠા સ્થાનમાં ગુરુ અને ગુરુથી નવમા સ્થાનમાં શુક્ર હોય કે લગ્નેશ શુક્રની સાથે હોય તો ૪૦ મે વર્ષે પુત્રનો જન્મ થાય છે. પુત્ર સ્થાનમાં રાહુ હોય અને પાંચમા સ્થાનનો સ્વામી પાપગ્રહની સાથે હોય તથા ગુરુ પોતાના નીચમાં હોય તો ૩૨ મે વર્ષે પુત્રનું મરણ થાય છે. ગુરુથી અને લગ્નથી પાંચમા સ્થાનમાં પાપગ્રહ હોય તો ૩૬ કે ૩૩ માં વર્ષમાં પુત્રનું મરણ થાય છે. લગ્નમાં માન્દી (ગુલિક) હોય અને લગ્નેશ પોતાના નીચમાં હોય તો ૫૬મા વર્ષે એને પુત્રનો શોક થાય છે. (૧૮–૧૯–૨૦–૨૧–૨૨–૨૩)

ચોથા અને છઠ્ઠા સ્થાનમાં પાપગ્રહ હોય કે લગ્નેશની સાથે પાંચમા સ્થાનનો સ્વામી પોતાના પરમ ઉચ્ચમાં પુત્ર ભાવકારક ગ્રહ શુભ ગ્રહની સાથે હોય તો ૧૦ પુત્ર થાય છે. ગુરુ પોતાના ઉચ્ચમાં હોય, બીજા સ્થાનનો સ્વામી રાહુની સાથે હોય, ભાગ્યનો સ્વામી ભાગ્ય સ્થાનમાં હોય તો ૬ પુત્ર થાય છે. ગુરુ પાંચમા કે છઠ્ઠા સ્થાનમાં હોય, પંચમેશ બળવાન હોય, બીજા સ્થાનનો સ્વામી દસમા સ્થાનમાં

હોય તો ૮ પુત્ર થાય છે. પુત્ર સ્થાનથી પાંચમા સ્થાનમાં શનિ હોય અને પાંચમા સ્થાનનો સ્વામી પાંચમા સ્થાનમાં હોય તો ૭ પુત્ર થાય છે. આમાંથી બે ગર્ભમાં, ૨, ૨ પુત્ર થાય છે. પાંચમા સ્થાનના સ્વામીની સાથે ધન સ્થાનનો સ્વામી પુત્ર સ્થાનમાં હોય તો એને ૬ પુત્ર થાય છે. પરંતુ એમાં ૩નાં મરણ થાય છે. શનિથી પાંચમા સ્થાનમાં ગુરુ અને ગુરુથી પાંચમા સ્થાનમાં શનિ હોય તથા પાંચમા સ્થાનમાં પાપગ્રહ હોય તો ૧ પુત્ર કહેવો. પાંચમા સ્થાનમાં પાપગ્રહ હોય અથવા ગુરુથી પાંચમા સ્થાનમાં શનિ હોય તો એને પ્રથમ સ્ત્રીથી પુત્ર થતો નથી, બીજી કે ત્રીજી સ્ત્રીથી પુત્ર થાય છે. જો પાંચમા સ્થાનમાં પાપગ્રહ હોય અને ગુરુથી પાંચમા સ્થાનમાં શનિ હોય, લગ્નનો સ્વામી બીજા સ્થાનમાં હોય અને પાંચમા સ્થાનનો સ્વામી પાપગ્રહની સાથે હોય એ મનુષ્યને પુત્ર થઈને નાશ પામે છે. (૨૪–૨૫–૨૬–૨૭–૨૮–૨૯–૩૦–૩૧–૩૨)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં પાંચમા સ્થાનનાં ફલ વિશે વિચાર નામનો સોળમો અધ્યાય સંપૂર્ણ.

*

અધ્યાય : ૧૭

છઠ્ઠા સ્થાનના ફલ વિશે વિચાર

હે વિપ્ર, હવે હું છઠ્ઠા સ્થાનનું ફલ કહું છું તે સાંભળો. છઠ્ઠા સ્થાનનો સ્વામી પોતાના સ્થાન, લગ્ન સ્થાન કે આઠમા સ્થાનમાં હોય તો શરીરમાં વ્રણ કે ઘા થાય છે. છઠ્ઠા સ્થાનમાં જે રાશિ હોય એ રાશિના આશ્રિત અંગમાં ખાસ કરીને વ્રણ કે ઘા કહેવો. આવી રીતે પિતા આદિ (૧૦ સ્થાન આદિ) ભાવોનો સ્વામી છઠ્ઠા સ્થાનના સ્વામીની સાથે હોય, ૬-૮ સ્થાનમાં હોય તો પિતા આદિ સંબંધી એને પણ વ્રણ-ઘા કહેવા. જો સૂર્ય છઠ્ઠા સ્થાનનો સ્વામી બનીને ઉપરના સ્થાનમાં હોય તો મસ્તકમાં, ચંદ્ર હોય તો મુખમાં, મંગળ હોય તો કંઠમાં, બુધ હોય તો નાભિમાં, ગુરુ હોય તો નાકમાં, શુક્ર હોય તો નેત્રમાં, શનિ હોય તો પગમાં, રાહુ કે કેતુ હોય તો પેટમાં વ્રણ સમજવો. લગ્નના સ્વામી મંગળની રાશિ (૧-૮) કે બુધની રાશિ (૩-૬)ના કોઈ પણ સ્થાનમાં દૃષ્ટ હોય તો મુખમાં વ્રણ થાય છે. (૧-૨-૩-૪-૫-૬)

શેખર ભાષ્ય : આ ભાવને રોગ, અંગ, શસ્ત્ર, વૈરી, ભય, ષષ્ટ, રિપુ, ક્ષત, દ્વેષ, માતુલ, ગદ, આદિ નામોથી પણ ઓળખવામાં

આવે છે. આને ઉપચય ભાવ પણ કહેવામાં આવે છે. રોગ, શત્રુ, ક્ષત, વ્યસન, કાકા, મામા, શત્રુભય, આદિનો વિચાર આના પરથી થાય છે. છઠ્ઠે પાપ ગ્રહો સારું ફળ આપે છે. શુભ ગ્રહો શત્રુ અને હિત શત્રુમાં વધારો કરે છે. ઉપરાંત પ્રવ્રજ્યા (સંન્યાસ) નો પણ વિચાર થાય છે.

મંગળ કે બુધ લગ્નનો સ્વામી થઈને ચન્દ્ર, રાહુ અને શનિની સાથે હોય તો જન્મનારને કુષ્ઠ રોગ થાય છે. લગ્નેશ ન હોય એવો ચન્દ્ર લગ્નમાં રાહુની સાથે હોય તો શ્વેતકુષ્ઠ, શનિની સાથે હોય તો કૃષ્ણકુષ્ઠ અને મંગળની સાથે હોય તો રક્તકુષ્ઠ કહેવો જોઈએ.

(૭-૮½)

ગંડાદિ રોગ

જો લગ્નમાં છઠ્ઠા સ્થાનનો અને આઠમા સ્થાનનો સ્વામી બંને ય સૂર્યની સાથે હોય તો જ્વરગંડ, મંગળની સાથે હોય તો ગઠિયો વા કે શસ્ત્રનો પ્રહાર, બુધની સાથે હોય તો પિત્તરોગ અને ગુરુની સાથે હોય તો રોગનો નાશ, શુક્રની સાથે હોય તો સ્ત્રી દ્વારા રોગની ઉત્પત્તિ, શનિની સાથે હોય તો વાયુ પ્રકોપ, રાહુની સાથે હોય તો હિંસક જનો દ્વારા પ્રહાર અને છઠ્ઠા તથા આઠમા સ્થાનના સ્વામી જો કેતુની સાથે લગ્નમાં હોય તો નાભિમાં વ્રણ કહેવો. જો ચન્દ્રની સાથે હોય તો જળમાંથી જન્મેલ ગંડ કે કફરોગ કહેવો. અને પિતૃસ્થાન (દસમા વગેરેથી) ગ્રહોની સ્થિતિથી પિતા આદિ પરિવારના રોગનો પણ વિચાર કરવો. (૯-૧૦-૧૧-૧૨-૧૨½)

રોગાદિ થવાનો સમય

છઠ્ઠા સ્થાન અને છઠ્ઠા સ્થાનનો સ્વામી પાપગ્રહની સાથે હોય અને શનિ રાહુની સાથે હોય તો જન્મનાર જીવનભર રોગી રહે છે. છઠ્ઠા સ્થાનમાં મંગળ અને છઠ્ઠા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં હોય તો છઠ્ઠા કે ૧૨ મા વર્ષમાં જ્વરરોગ થાય છે. છઠ્ઠા સ્થાનમાં

ગુરુ હોય અને ગુરુની રાશિ ચન્દ્રમાં હોય તો ૨૨ કે ૧૬ મે વર્ષે કુષ્ઠ રોગ થાય છે. છઠ્ઠા સ્થાનમાં રાહુ, કેન્દ્રમાં શનિ અને આઠમા ભાવમાં લગ્નનો સ્વામી હોય તો છવીસમે વર્ષે ક્ષયરોગ થાય છે. બારમા સ્થાનનો સ્વામી છઠ્ઠા સ્થાનમાં અને છઠ્ઠા સ્થાનનો સ્વામી વ્યયસ્થાનમાં હોય તો ૨૬ મે કે ૩૦ મે વર્ષે ગુલ્મ રોગ થાય છે. શનિની સાથે ચન્દ્ર છઠ્ઠા સ્થાનમાં હોય તો ૪૫ મે વર્ષે કુષ્ઠ રોગ કહેવો. લગ્નનો સ્વામી લગ્નમાં અને શનિ છઠ્ઠા સ્થાનમાં હોય અને બારમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય અને ચન્દ્ર છઠ્ઠા સ્થાનના સ્વામીની સાથે હોય તો આઠમે વર્ષે પશુનો ભય કહેવો. ૬-૮ સ્થાનમાં રાહુ હોય અને એનાથી આઠમા સ્થાનમાં શનિ હોય તો જન્મનારને ૧-૨ વર્ષમાં અગ્નિથી અને ત્રીજા વર્ષે પક્ષીનો ભય કહેવો. છઠ્ઠા કે આઠમા સ્થાનમાં સૂર્ય હોય અને એનાથી બારમા સ્થાનમાં ચન્દ્ર હોય તો પાંચમા કે છઠ્ઠા વર્ષમાં પાણીનો ભય કહેવો. આઠમા સ્થાનમાં શનિ કે સાતમા સ્થાનમાં મંગળ હોય તો ૩૦ મે અને ૧૦ મે વર્ષે વિસ્ફોટ આદિનો ભય થાય છે. જો આઠમા સ્થાનનો સ્વામી પોતાના નવાંશમાં થઈને રાહુની સાથે આઠમા ભાવથી ત્રિકોણમાં હોય (૫-૬)માં તો બાવીસમે અને ૧૮ મે વર્ષે ગઠિયા રોગ અથવા પ્રમેહાદિ રોગની પીડા થાય છે. લગ્નનો સ્વામી છઠ્ઠા સ્થાનમાં અને છઠ્ઠા સ્થાનનો સ્વામી ૧૧ મા સ્થાનમાં હોય તો ૩૧ મે વર્ષે શત્રુ દ્વારા ધનનો નાશ થાય છે. પાંચમા સ્થાનનો સ્વામી છઠ્ઠા સ્થાનમાં અને છઠ્ઠા સ્થાનનો સ્વામી ગુરુ (૬) સ્થાનમાં તથા બારમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો એનો પુત્ર શત્રુ થાય છે. લગ્નનો સ્વામી અને છઠ્ઠા સ્થાનનો સ્વામી બંને છઠ્ઠા સ્થાનમાં હોય તો ૧૦ મે અને ૧૧ મે વર્ષે કૂતરાનો ભય કહેવો.

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં છઠ્ઠા સ્થાનના ફળ વિશે વિચાર નામનો ૧૭ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૧૮

પત્નીનું સ્થાન

હે વિપ્ર, હવે હું સ્ત્રીના સ્થાનનું ફળ કહું છું તે સાંભળો. જો સપ્તમેશ પોતાની રાશિ કે ઉચ્ચમાં હોય તો એ જન્મનારને સ્ત્રીનું પૂર્ણ સુખ મળે છે. જો સાતમા સ્થાનનો સ્વામી ૬-૮-૧૨મા સ્થાનમાં હોય તો એની સ્ત્રી રોગિણી થાય છે. પરંતુ એ સ્થાન પોતાનું ઉચ્ચ સ્થાન હોય કે એનું સ્થાન હોય તો દોષ લાગતો નથી. સાતમા સ્થાનમાં શુક્ર હોય તો તે મનુષ્ય અત્યન્ત કામાતુર થાય છે. કયાંય પણ સાતમા સ્થાનનો સ્વામી પાપગ્રહોની સાથે હોય તો સ્ત્રી માટે મરણકારક થાય છે. (૧-૨-૩)

શેખર ભાષ્ય : જાયા, જામિત્ર, સ્ત્રી, ગમન, ઘુત, સપ્તમ, મદ, મન્મથ, યોષિત, વણિક, કામ, અસ્ત, કલત્ર, મદન આદિ નામોથી ઓળખાતા આ ભાવોનો કારક ગ્રહ શુક્ર છે. યાત્રા, પુત્ર, સ્ત્રીસુખ, સંગ્રામ, પતિ કે પત્ની વ્યાપાર આદિ આ ભાવ ઉપરથી જોવાય છે. આજના યુગમાં ધંધાકીય ભાગીદારનો વિચાર પણ આના પરથી કરવામાં આવે છે. એવું જોવાયું છે કે એક પછી એક ભાગીદાર છૂટા થતા જાય અને પત્ની એક જ હોય અથવા પત્ની એકથી વધુ

થઈ હોય અને ભાગીદારી એક જ રહી હોય. ઉપરાંત વૈધવ્ય અને ચારિત્રનો વિચાર પણ અહીંથી થાય છે. મુસાફરીનો વિચાર પણ અહીંથી કરાય છે. પણ પરદેશગમનનો વિચાર તો નવમા સ્થાનથી કરાય છે. સાતમે રહેલી રાશિ પરથી આપણને જાતકની રૂચિનો ખ્યાલ આ બાબતમાં આવે છે. આ અધ્યાયમાં કુલ એતાલીસ શ્લોકો છે.

સાતમા સ્થાનનો સ્વામી શુભ ગ્રહ સાથે અને બળવાન હોય તો જન્મનાર ધનવાન, સ્વમાની અને સુખી થાય છે. જો સાતમા સ્થાનનો સ્વામી નીચ કે શત્રુ રાશિમાં હોય, નિર્બળ હોય તો પોતાની સ્ત્રી રોગિણી થાય છે અને અનેક પત્ની થાય છે. સાતમા સ્થાનનો શનિ શુક્રની રાશિમાં હોય અને એના પર શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો તેને અનેક પત્ની થાય છે. જો પોતાના ઉચ્ચમાં સાતમા સ્થાનનો સ્વામી હોય તો તે જરૂર અનેક પત્નીવાળો થાય છે. (૪–૫–૬)

સાતમા સ્થાનમાં સૂર્ય હોય તો વંધ્યા, ચંદ્ર હોય તો રાશિના સ્વભાવ જેવા સ્વભાવવાળી, મંગળ હોય તો રજસ્વલા અને વંધ્યા સ્ત્રીનો સંગ થાય છે. બુધ હોય તો વેશ્યા, નીચ જાતિની કે વાણિયાની સ્ત્રી સાથે સંગ થાય છે. ગુરુ હોય તો બ્રાહ્મણી ગર્ભિણીનો સંગ, શનિ–રાહુ–કેતુ હોય તો નીચ જાતિની કે રજસ્વલાનો સંગ થાય છે. સાતમા સ્થાનમાં મંગળ હોય તો સુંદર સ્તનવાળી, શનિ હોય તો રોગિણી કે દુબળી, ગુરુ હોય તો કઠણ સ્તનવાળી, શુક્ર હોય તો જાડી અને સુંદર સ્તનવાળી સ્ત્રી હોય છે. જો બારમા કે સાતમા સ્થાનમાં પાપગ્રહ, પાંચમા સ્થાનમાં પાપગ્રહ હોય તો એની સ્ત્રી વેશ્યા કે પરપુરુષગામિની થાય છે. શુક્ર જો મંગળથી નવમાંશ કે મંગળની રાશિમાં હોય અથવા મંગળની સાથે હોય તો તે પુરુષ

સ્ત્રીની યોનિને ચુંબન કરનાર થાય છે. શુક્ર બે શનિના નવાંશ શનિની રાશિમાં, શનિની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો તે બીજાના લિંગને ચુંબન કરે છે. સાતમા સ્થાનનો સ્વામી પોતાના ઉચ્ચમાં હોય, સાતમા સ્થાનમાં શુભ ગ્રહ હોય, લગ્નેશ બળવાન થઈ સાતમા સ્થાનમાં હોય તો એની સ્ત્રી સર્વ સદ્‌ગુણ સંપન્ન પુત્ર યોગાદિવાળી થાય છે. સાતમું સ્થાન કે તે સ્થાનનો સ્વામી પાપગ્રહની સાથે હોય તથા નિર્બળ હોય તો સ્ત્રીનો નાશ થાય છે. સાતમા સ્થાનનો સ્વામી નિર્બળ થઈ ને ૬-૮-૧૨ સ્થાનમાં નીચમાં હોય તો પણ સ્ત્રીનો નાશ થાય છે. સાતમા સ્થાનમાં ચંદ્ર અને સાતમા સ્થાનનો સ્વામી બારમા સ્થાનમાં હોય, સ્ત્રીકારક ગ્રહ નિર્બળ હોય તો એ મનુષ્યને સ્ત્રીનું સુખ મળતું નથી. (૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮)

બે કે વધુ પત્નીઓનો યોગ

સાતમા સ્થાનનો સ્વામી નીચમાં કે પાપગ્રહની રાશિમાં પાપ-ગ્રહની સાથે હોય,સાતમા સ્થાનમાં બુધ શનિના નવમાંશ હોય તો એને બે સ્ત્રી થાય છે. સાતમા સ્થાનમાં મંગળ, શુક્ર, શનિ હોય, લગ્નેશ આઠમા સ્થાનમાં હોય તો ૩ સ્ત્રી થાય છે. શુક્ર દ્વિસ્વભાવ રાશિમાં હોય અને એ દ્વિસ્વભાવ રાશિનો સ્વામી ઉચ્ચમાં અને સાતમા સ્થાનનો સ્વામી બળવાન હોય તેને અનેક સ્ત્રીઓ થાય છે. (૧૯-૨૦-૨૧)

સાતમા સ્થાનનો સ્વામી શુભ ગ્રહની રાશિમાં હોય, શુક્ર ઉચ્ચ કે સ્વગૃહીમાં હોય તો પાંચમા નવમા વર્ષમાં વિવાહનો યોગ થાય છે. સાતમા સ્થાનમાં સૂર્ય હોય અને સાતમા સ્થાનનો સ્વામી શુભ ગ્રહની સાથે હોય તો મોટે ભાગે ૭મા કે ૧૧મા વર્ષે વિવાહ થાય છે. શુક્ર બીજા સ્થાનમાં અને સાતમા સ્થાનનો સ્વામી ૧૧મા સ્થાનમાં હોય તો દસમા કે સોળમા વર્ષમાં વિવાહ થાય છે. શુક્ર લગ્નથી કેન્દ્રમાં હોય. લગ્નનો સ્વામી શનિની રાશિમાં હોય તો

૧૧મે વર્ષે વિવાહ થાય છે. લગ્નથી કેન્દ્રમાં શુક્ર અને શુક્રથી ૭મા સ્થાનમાં શનિ હોય તો ૧૨મે કે ૧૯મે વર્ષે વિવાહ થાય છે. ચંદ્રથી ૭મા સ્થાનમાં શુક્ર અથવા શુક્રથી સાતમા સ્થાનમાં શનિ હોય તો ૧૮મે વર્ષે વિવાહ થાય છે બીજા સ્થાનનો સ્વામી ૧૧મા સ્થાનમાં અને લગ્નનો સ્વામી દસમા સ્થાનમાં હોય તો પંદરમે વર્ષે વિવાહ થાય છે. બીજા સ્થાનનો સ્વામી ૧૧મા સ્થાનમાં અને લાભેશ બીજા સ્થાનમાં હોય તો ૧૩મે વર્ષે વિવાહ થાય છે. (૨૨–૨૩–૨૪–૨૫ –૨૬–૨૭–૨૮–૨૯)

આઠમા સ્થાનથી ૭ મા સ્થાનમાં શુક્ર અને આઠમા સ્થાનનો સ્વામી મંગળની સાથે હોય તો ૨૨ મે કે ૨૭ મે વર્ષે વિવાહ થાય છે. લગ્નેશ જો સાતમા સ્થાનના સ્વામી સાથે કે નવમાંશમાં હોય અને સાતમા સ્થાનનો સ્વામી બારમા સ્થાનમાં હોય તો તેર કે ૨૬ મે વર્ષે લગ્ન થાય છે. જો આઠમા સ્થાનનો સ્વામી સાતમા સ્થાનમાં લગ્નના નવમાંશમાં શુક્રની સાથે હોય તો ૨૫ કે ૩૩ વર્ષે વિવાહ થાય છે. નવમા સ્થાનથી નવમામાં શુક્ર હોય એ બંનેમાંથી એકમાં રાહુ હોય તો ૩૧ કે ૩૩ વર્ષે વિવાહ થાય છે. ભાગ્ય સ્થાનથી સાતમા સ્થાનમાં શુક્ર અને શુક્રથી ૭મા સ્થાનમાં સાતમા સ્થાનનો સ્વામી હોય તો ૩૦ કે ૨૭ મે વર્ષે વિવાહ થાય છે

(૩૦–૩૧–૩૨–૩૩–૩૪)

સ્ત્રીના મરણનો સમય

સાતમા સ્થાનનો સ્વામી નીચમાં અને શુક્ર છઠ્ઠા કે આઠમા સ્થાનમાં હોય તો વિવાહથી ૧૮મે કે ૩૩મે વર્ષે સ્ત્રીનો નાશ થાય છે. સાતમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં અને બારમા સ્થાનનો સ્વામી ૭મા સ્થાનમાં હોય તો ૧૯મે વર્ષે સ્ત્રીનો નાશ થાય છે.

બીજા સ્થાનમાં રાહુ, સાતમા સ્થાનમાં મંગળ હોય તો વિવાહને દિવસે કે ત્રીજે દિવસે સાપ કરડવાથી સ્ત્રીનું મરણ થાય છે. આઠમા સ્થાનમાં શુક્ર અને આઠમા સ્થાનનો સ્વામી શનિની રાશિમાં હોય તો બારમે કે ૧૯મે વર્ષે સ્ત્રીનો નાશ થાય છે. લગ્નનો સ્વામી નીચ રાશિમાં અને બીજા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં હોય તો તેરમે વર્ષે સ્ત્રીનું મરણ થાય છે. (૩૫–૩૬–૩૭–૩૮–૩૯)

જો શુક્રથી સાતમા સ્થાને ચન્દ્ર અથવા ચન્દ્રથી સાતમાં સ્થાનમાં બુધ, આઠમા સ્થાનનો સ્વામી પાંચમા સ્થાનમાં હોય તો જન્મનારનો પહેલો વિવાહ દસમે વર્ષે, બીજો બાવીસમે વર્ષે અને ત્રીજો તેત્રીસમા વર્ષે થાય છે. આવી રીતે ત્રણ વિવાહનો યોગ થાય છે એમાં સંદેહ નથી. છઠ્ઠા સ્થાનમાં મંગલ, સાતમા સ્થાનમાં રાહુ, આઠમા સ્થાનમાં શનિ હોય તો તેની સ્ત્રી મરી જાય છે. (૪૦–૪૧–૪૨)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં પત્નીના સ્થાનનો વિચાર નામનો અઢારમો અધ્યાય સંપૂર્ણ.

*

અધ્યાય : ૧૯

આયુષ્યનું સ્થાન

હે ઉત્તમ વિપ્ર હવે હું આયુષ્ય વિશેના સ્થાનનાં ફલ કહું છું. આઠમા સ્થાનનો સ્વામી કેન્દ્રમાં હોય તો જન્મનાર દીર્ઘ આયુષ્યવાળો થાય છે. આઠમા સ્થાનનો સ્વામી આવી રીતે જો પાપગ્રહની કે લગ્નના સ્વામીની સાથે આઠમા સ્થાનમાં હોય તો અલ્પ આયુષ્ય થાય છે. જેવી રીતે આઠમા સ્થાનના સ્વામીની બાબતમાં વિચાર થાય છે. તેવી રીતે શનિ તથા દશમેશથી પણ વિચાર કરવો જોઇએ. (૧-૨-૩)

શેખર ભાષ્ય : માનવીનું ચોક્કસ આયુષ્ય કહેવું બહુ કઠણ છે. આપણે ત્યાં આઠમો ભાવ આયુષ્ય ભાવ ગણાય છે. ઉપરાંત ત્રીજો પણ છે એટલે સાતમો અને બારમો મારક બને છે. આઠમા ને રણ દુર્ગ, વિનાશન, સંકટ, મૃતિ, પરાભવ, મૃત્યુ, રંધ્ર, છિદ્ર, આયુષ્ય, યામ્ય, નિધન, લય આદ પર્યાયોથી ઓળખાય છે. આનો કારક ગ્રહ શનિ છે જેમ એ આયુષ્ય સૂચવે છે તેમ મરણ પણ સૂચવે છે. અહીં રહેલા ગ્રહ પરથી ઘાતનો વિચાર આવે કે કયા પ્રકારની ઘાત આવશે. ઉદાહરણ તરીકે આઠમે ચંદ્ર જલની ઘાત સૂચવે છે અને મંગળ શસ્ત્રની ઘાત સૂચવે છે. સૂર્ય તાવ જેવા રોગો તો શનિ રાહુ વાયુ લકવો, મંગળ ઇલેકટ્રીક શોક, તો ગુરૂ કફના રોગો સૂચવે, શુક્ર પણ જલીય વધરાવળ કે ડાયાબીટીસ દર્શાવે એને પણ ફર ભાવપણ કહે છે. આ અધ્યાયમાં કુલ પંદર શ્લોકો આપવામાં આવ્યા છે.

છઠ્ઠા સ્થાનનો કે બારમા સ્થાનનો સ્વામી જો ૬-૧૨ સ્થાનમાં અથવા લગ્નેશ આઠમા સ્થાનમાં હોય તો તે દીર્ઘ આયુષ્યકારક થાય છે. પાંચમા સ્થાનનો લગ્નનો કે આઠમા સ્થાનનો સ્વામી જો પોતાની રાશિ કે નવાંશમાં હોય અથવા મિત્રના સ્થાનમાં હોય તો મનુષ્યનું આયુષ્ય દીર્ઘ થાય છે. આ ચારેમાં જે બળવાન હોય એના પરથી આયુષ્યનો નિર્ણય કરવો. (૪-૫-૬-૭)

અલ્પ આયુષ્યના યોગ

આઠમા સ્થાનનો સ્વામી કેન્દ્રમાં અને લગ્નનો સ્વામી નિર્બલ હોય તો ૨૦ થી ૩૨ વર્ષનું આયુષ્ય થાય છે. આઠમા સ્થાનનો સ્વામી નીચમાં અને આઠમા સ્થાનમાં પાપગ્રહ હોય, લગ્નેશ નિર્બલ હોય તો જન્મનાર અલ્પ આયુષ્યવાળો થાય છે. આઠમા સ્થાનનો સ્વામી અને આઠમું સ્થાન પાપગ્રહો સાથે હોય તથા બારમા સ્થાનમાં પાપગ્રહ હોય તો જન્મતાં જ મૃત્યુ થાય છે. કેન્દ્ર ત્રિકોણમાં પાપગ્રહ અને ૬-૮ સ્થાનમાં શુભ ગ્રહ હોય, લગ્નમાં નીચ રાશિનો આઠમા સ્થાનનો સ્વામી હોય તો શીઘ્ર મરણ થાય છે. પાચમું સ્થાન, પાંચમા સ્થાનનો સ્વામી અને આઠમું સ્થાન પાપગ્રહની સાથે હોય તો આયુષ્ય અલ્પ થાય છે, આઠમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં અને ચન્દ્ર પાપગ્રહની સાથે હોય અને એના પર શુભ ગ્રહની દૃષ્ટિ ન હોય તો ૧ માસમાં મરણ થાય છે. (૮-૯-૧૦-૧૧-૧૨-૧૩)

દીર્ઘ આયુષ્યનો યોગ

લગ્નેશ ઉચ્ચમાં, ચન્દ્ર ૧૧મા સ્થાનમાં અને ગુરુ આઠમા સ્થાનમાં હોય તો જન્મનાર દીર્ઘ આયુષ્યવાળો થાય છે. લગ્નનો બળવાન સ્વામી કેન્દ્રમાં રહેલા શુભ ગ્રહથી દૃષ્ટ હોય તો ધન અને બધા ગુણો સાથે આયુષ્ય દીર્ઘ થાય છે. (૧૪-૧૫)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં આયુષ્યનાં સ્થાન વિષે વિચાર નામનો ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ

*

અધ્યાય : ૨૦

ભાગ્યસ્થાન

પારાશર બોલ્યા હે વિપ્ર, હવે હું ભાગ્યસ્થાનનાં ફલ કહું છું. ભાગ્યનો સ્વામી બળવાન થઈ ભાગ્યસ્થાનમાં હોય તો જન્મનાર પરમ ભાગ્યશાળી થાય છે. જો ભાગ્યસ્થાનમાં ગુરુ અને ભાગ્યેશ કેન્દ્રમાં હોય તથા લગ્નેશ પણ બળવાન હોય તો જાતક અધિક ભાગ્યવાન થાય છે. જો બળવાન, ભાગ્યનો સ્વામી શુક્રની સાથે ભાગ્યના સ્થાનમાં અને ગુરુ કેન્દ્રમાં હોય તો જન્મનારનો પિતા પરમ ભાગ્યશાળી થાય છે. ભાગ્યનો સ્વામી જો ભાગ્યના સ્થાનથી બીજા કે ચોથા સ્થાનમાં મંગળની સાથે પોતાના નીચમાં હોય તો જન્મનારનો પિતા નિર્ધન થાય છે. ભાગ્યનો સ્વામી પરમ ઉચ્ચ અંશમાં હોય અને ભાગ્યસ્થાનનો નવાંશ ગુરુની સાથે હોય તથા લગ્નથી કેન્દ્રમાં શુક્ર હોય તો જન્મનારના પિતાનું આયુષ્ય દીર્ઘ થાય છે. ભાગ્યનો સ્વામી કેન્દ્રમાં ગુરુથી દૃષ્ટ હોય તો એનો પિતા વાહનોવાળો રાજા રાજા સમાન થાય છે. નવમા સ્થાનનો સ્વામી દસમામાં અને દસમા સ્થાનનો સ્વામી નવમા સ્થાનમાં શુભ ગ્રહથી દૃષ્ટ હોય તો એનો પિતા ધનવાન અન યશસ્વી થાય છે. (૧-૨-૩-૪-૫-૬-૭)

શેખર ભાષ્ય : પુરૂષસ્ય ભાગ્યં સ્ત્રિયાશ્ચરિત્રં દેવો ન જાનાતિ કુતો મનુષ્યઃ એ ન્યાયે માનવીના ભાગ્યનો પાર પામવો કઠણ ભલે હોય પણ જ્યોતિષશાસ્ત્રી માટે સરળ છે. ધર્મ, ગુરુ, શુભ, નવમ, ભાગ્ય આદિપર્યાયવાચી છે સૂર્ય, ગુરુ આ ભાવના કારક છે ભાગ્ય, શકિત, ગુરુ, ધર્મ, તપ અને શુભ કાર્યનો વિચાર નવમેથી કરવો.

સૂર્ય મેષના ૧૦ અંશ પર હોય અને ભાગ્યનો સ્વામી ૧૧મા સ્થાનમાં હોય તો જન્મનાર ધર્માત્મા, રાજા પ્રિય, અને પિતૃભકત થાય છે.

લગ્નથી ત્રિકોણમાં સૂર્ય હોય, ભાગ્યનો સ્વામી સાતમા સ્થાનમાં હોય અને ગુરુ સહિત અથવા ગુરુથી દષ્ટ હોય તો પિતૃભકત થાય. (૮-૯)

નવમા સ્થાનનો સ્વામી બીજા સ્થાનમાં અને બીજા સ્થાનનો સ્વામી નવમા સ્થાનમાં હોય તો ૩૨ વર્ષ બાદ ભાગ્યોદય, વાહનલાભ તથા યશ મળે છે (૧૦)

પિતાપુત્રની શત્રુતા

જો છઠ્ઠા સ્થાનના સ્વામીની સાથે લગ્નસ્થાનનો સ્વામી ભાગ્ય-સ્થાનમાં હોય તો પિતાપુત્રને દુશ્મનાવટ થાય છે અને જન્મનારનો પિતા દુર્જન હોય છે. (૧૧)

ભીખ

દસમા સ્થાનનો સ્વામી, ત્રીજા સ્થાનનો સ્વામી અને ભાગ્ય સ્થાનનો સ્વામી જો નિર્બળ નીચ રાશિમાં રહેલો કે અસ્ત હોય તો જન્મનાર ભિક્ષુક થાય છે (૧૨)

પિતાના મરણનો યોગ

૬-૮-૧૨ સ્થાનમાં સૂર્ય, નવમા સ્થાનમાં આઠમા સ્થાનનો સ્વામી, લગ્નમાં બારમા સ્થાનનો સ્વામી, પાંચમા સ્થાનમાં છઠ્ઠા

સ્થાનનો સ્વામી હોય તો જન્મનાર જન્મે તે અગાઉ પિતાનું મરણ થાય છે.

જો સૂર્ય આઠમા સ્થાનમાં અને આઠમા સ્થાનનો સ્વામી નવમા સ્થાનમાં હોય તો જન્મનારના જન્મ પછી એક વર્ષમાં પિતાનું મૃત્યુ થાય છે.

નવમા સ્થાનમાં બારમા સ્થાનનો સ્વામી અને ભાગ્યનો સ્વામી પોતાના નીચ નવમાંશમાં હોય તો ત્રીજા કે જન્મનારના ૧૬મા વર્ષે પિતાનું મરણ થાય છે.

લગ્નનો સ્વામી આઠમા સ્થાનમાં, આઠમા સ્થાનનો સ્વામી સૂર્યની સાથે હોય તો જન્મનારના બીજા કે બારમા વર્ષે પિતાનું મૃત્યુ થાય છે.

ભાગ્યસ્થાનથી આઠમા સ્થાનમાં રાહુ અને નવમા સ્થાનનો સૂર્ય હોય તો જન્મનારના ૧૬મા કે ૧૮મા વર્ષે પિતાનું મરણ કહેવું સૂર્યની સાથે રાહુ અને ચંદ્રથી નવમા સ્થાનમાં શનિ હોય તો જન્મનારના સાતમા કે સોળમા વર્ષે પિતાનું મરણ કહેવું.

નવમા સ્થાનનો સ્વામી બારમા સ્થાનમાં અને બારમા સ્થાનનો સ્વામી નવમા સ્થાનમાં હોય તો જન્મનારના ૪૪ મે વર્ષે પિતાનું મરણ કહેવું.

સૂર્યના નવમાંશમાં ચંદ્ર, આઠમા સ્થાનમાં લગ્નેશ હોય તો પિતાનું મૃત્યુ જન્મનારના ૬૫મે કે ૪૧મા વર્ષે થાય છે. જો સૂર્ય દસમા સ્થાનનો સ્વામી થઈને શનિ અને મંગળની સાથે હોય તો ૫૦મા વર્ષે તેના પિતાનું મરણ થાય છે. ભાગ્યસ્થાનથી સાતમા સ્થાનમાં સૂર્ય અને ત્રીજા સ્થાનથી ૭મા સ્થાનમાં રાહુ હોય તો જન્મનારના ૬ કે ૨૫મા વર્ષે પિતાનું મરણ કહેવું. આઠમા સ્થાનથી સાતમે સ્થાને શનિ અને શનિથી સાતમા સ્થાનમાં સૂર્ય હોય તો

૩૦, ૨૧ કે ૨૬મે વર્ષે પિતાનું મરણ થાય છે. ભાગ્યનો સ્વામી પોતાના નીચમાં અને એ નીચ રાશિનો સ્વામી નવમા સ્થાનમાં હોય તો જન્મનારના ૨૬ કે ૩૩ મે વર્ષે પિતાનું મરણ કહેવું. (૧૩-૧૪-૧૫ -૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪-૨૫)

ભાગ્યોદય

શુક્ર પોતાના પરમ ઉચ્ચાંશમાં ભાગ્યના સ્વામીની સાથે હોય અને ત્રીજા સ્થાનમાં શનિ હોય તો જન્મનાર અનેક પ્રકારે ભાગ્યવાન બને છે. ભાગ્યસ્થાનમાં ગુરુ અને ભાગ્યેશ કેન્દ્રમાં હોય તો ૨૦ વર્ષ બાદ પરમ ભાગ્યનો ઉદય થાય છે. બુધ પોતાના પરમ ઉચ્ચાંશમાં હોય અને ભાગ્યેશ ભાગ્યના સ્થાનમાં હોય તો ૩૬મા વર્ષ બાદ ભાગ્યોદય થાય છે. લગ્નનો સ્વામી ભાગ્યસ્થાનમાં અને ભાગ્ય સ્થાનનો સ્વામી લગ્નમાં કે સાતમા સ્થાનમાં ગુરુની સાથે હોય તો તેને ધન અને વાહનોનો પૂરેપૂરો લાભ થાય છે. (૨૬-૨૭-૨૮-૨૯-૩૦)

ભાગ્યસ્થાનથી નવમા સ્થાનમાં રાહુ અને ભાગ્યનો સ્વામી આઠમા સ્થાનમાં કે નીચ રાશિમાં હોય તો જન્મનાર ભાગ્યહીન થાય છે. શનિની સાથે ચંદ્ર ભાગ્યસ્થાનમાં અને લગ્નનો સ્વામી નીચ રાશિમાં હોય તો જન્મનાર ભાગ્યહીન થાય છે. (૩૦-૩૧)

હે વિપ્ર, આવી રીતે મેં ટૂંકમાં ભાગ્યના સ્થાનનું ફલ કહેલ છે. લગ્નનો સ્વામી અને ભાગ્યસ્થાનનો સ્વામી શુભ અને અશુભ સ્થિતિમાં ક્યાં છે તે જાણી આ ફલ વિશિષ્ટ રીતે સમજવું.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ભાગ્ય સ્થાનના ફલ વિશે વિચાર નામનો વીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૨૧

કર્મનું સ્થાન

પારાશર બોલ્યા : હે મૈત્રેય હવે હું કર્મ સ્થાનના ફલ વિશે કહું છું. દસમા સ્થાનનો સ્વામી બળવાન થઈને પોતાના ઉચ્ચ નવાંશ કે રાશિમાં હોય તો જન્મનાર પિતાના સુખવાળો, કીર્તિમાન અને સારાં કામ કરનાર થાય છે. (૧-૨)

શેખર ભાષ્ય : કર્મ, પિતૃ, મધ્ય, જ્ઞાન, તાત, ગગન, નભ, વ્યોમ, શાસન, મેષરણ, રાજ્ય આદિ પર્યાયો વડે ઓળખાતા ભાવના કારક ગ્રહો ગુરુ, રવિ, બુધ અને શનિ ગ્રહો છે. આજ્ઞા, માન, દિવ્ય, અલંકાર, પોષાક, વ્યાપાર, નિદ્રા, ખેતી, સંન્યાસ, વેદાંત કર્મ જીવન યશ વિજ્ઞાન, પિતૃ સુખ ઉપરથી વિચાર કરવો. જાતકાભરણ ને મતે પિતૃ સુખનો વિચાર દશમેથી તો ભૃગુસૂત્રના મતે નવમે થી પિતાનો વિચાર કરવો એમ છે. વ્યવહારમાં ચતુર્થ માતાનું તો દશમ પિતાનું સ્થાન ગણાય છે. પણ માનવીના કર્મ (ધંધો) દશમેથી જોવાય છે તો નોકરી (સર્વિસ)નો યોગ છઠેથી જોવાય છે. પૂર્વે તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, ચતુર્વર્ણ અને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાન પ્રસ્થ અને સન્યસ્ત ચાર આશ્રમ હતા. આજે તો શુદ્રનો પુત્ર

એંજિનીયર તો એંજિનિયરનો પુત્ર દાક્તર થાય. ઉપરાંત હવે તો સ્ત્રીની કુંડલીમાં પણ આ યોગને જોવા પડશે. દશમા સ્થાન ઉપરથી કીર્તિનો વિચાર થાય છે

દસમા સ્થાનનો સ્વામી નિર્બળ હોય તો જન્મનાર કર્મહીન થાય છે. જો રાહુ કેન્દ્રમાં કે ત્રિકોણમાં હોય તો તે જ્યોતિષ્ટોમ આદિ યજ્ઞ કરનાર થાય છે. (૩)

દસમા સ્થાનનો સ્વામી શુભ ગ્રહોની સાથે હોય તો જન્મનારને સદાય રાજા કે દરબારમાં અને વ્યાપારમાં લાભ થાય છે. આમ ન હોય તો અર્થાત પાપગ્રહો સાથેના અશુભ સ્થાનમાં હોય તો અશુભ ફલ સમજવું. (૪)

જો દસમા કે ૧૧મા સ્થાનમાં પાપગ્રહ હોય તો જન્મનાર નીચ કર્મ કરનાર અને પોતાના સગાંસંબંધીઓનો દ્વેષ કરનાર થાય છે. દસમા સ્થાનનો સ્વામી રાહુની સાથે આઠમા સ્થાનમાં હોય તો કુકર્મી અને સ્વજનનો સ્વામી સાતમા સ્થાનમાં શનિ અને મંગળની સાથે હોય અને સાતમા સ્થાનનો સ્વામી પાપગ્રહની સાથે હોય તો તે જન્મનાર કુકર્મથી ઉદરપોષણ કરનાર થાય છે. (૪-૫-૬-૭)

શુભ યોગ

કર્મ સ્થાનનો સ્વામી ગુરુની સાથે પોતાના ઉચ્ચમાં હોય અને નવમા સ્થાનનો સ્વામી દસમા સ્થાનમાં હોય તો જન્મનાર સ્વમાની, ધનવાન અને પ્રતાપી થાય છે. અગિયારમા સ્થાનનો સ્વામી દસમા સ્થાનમાં અને દસમા સ્થાનનો સ્વામી અગિયારમા સ્થાનમાં અથવા બંને કેન્દ્ર સ્થાનમાં હોય તો જન્મનાર સુખી થાય છે. દસમા સ્થાનનો સ્વામી બળવાન થઈ ગુરુની સાથે મીન રાશિમાં હોય તો જન્મનાર વસ્ત્રાભૂષણ પામે છે. એમાં સંદેહ નથી. (૮-૯-૧૦)

અશુભ યોગ

રાહુ, મંગળ અને શનિની સાથે સૂર્ય જો અગિયારમા સ્થાનમ

હોય તો જન્મનાર કર્મનો નાશક થાય છે. (૧૧)

ગુરુ કે શુક્ર મીન રાશિમાં હોય, લગ્નનો સ્વામી બળવાન હોય અને ચન્દ્ર ઉચ્ચમાં હોય તો જ્ઞાની અને ધનવાન થાય છે કર્મ સ્થાનનો સ્વામી અગિયારમા સ્થાનમાં, લાભ સ્થાનનો સ્વામી લગ્નમાં, શુક્ર દસમા સ્થાનમાં હોય તો તે રત્નો પામે છે. કર્મનો સ્વામી પોતાના ઉચ્ચમાં થઈને ગુરુની સાથે કેન્દ્ર ત્રિકોણમાં હોય તો જન્મનાર ઉદ્યોગી થાય છે. કર્મનો સ્વામી લગ્નના સ્વામીની સાથે લગ્નમાં અને ચન્દ્ર કેન્દ્ર ત્રિકોણમાં હોય તો જન્મનાર સત્કાર્ય કરનાર થાય છે. (૧૨–૧૩–૧૪–૧૫)

નીચમાં રહેલા ગ્રહોની સાથે શનિ દસમા સ્થાનના નવમાંશમાં પાપગ્રહ હોય તો જન્મનાર કર્મહીન થાય છે પાપગ્રહની સાથે કર્મ સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં અને આઠમા સ્થાનનો સ્વામી કર્મ સ્થાનમાં હોય તો જન્મનાર કુકર્મી થાય છે. કર્મ સ્થાનનો સ્વામી નીચમાં હોય અને કર્મ સ્થાનમાં પાપગ્રહ તથા દસમા સ્થાનમાં પાપગ્રહ હોય જન્મનાર કર્મ રહિત થાય છે. (૧૬–૧૭–૧૮)

દસમા સ્થાનમાં ચન્દ્ર અને એનાથી ત્રિકોણમાં દસમા સ્થાનનો સ્વામી અને કેન્દ્રમાં લગ્નનો સ્વામી હોય તો જન્મનારને સત્કીર્તિ મળે છે. લગ્નનો સ્વામી દસમા સ્થાનમાં અને દસમા સ્થાનનો સ્વામી બલવાન હોય તથા ગુરુથી દૃષ્ટ હોય તો તે સત્કીર્તિ પ્રાપ્ત કરે છે. કર્મ સ્થાનનો સ્વામી ભાગ્ય સ્થાનમાં, લગ્નનો સ્વામી દસમા સ્થાનમાં અને લગ્નથી દસમા સ્થાનમાં ચન્દ્ર હોય તો જન્મનાર પ્રખ્યાત થાય છે, હે વિપ્ર, આવી રીતે સંક્ષેપમાં કર્મ સ્થાનના ફલ કહ્યાં છે. આવી રીતે લગ્નના સ્વામી અને કર્મ સ્થાનના સ્વામીની બાબતમાં અન્ય ફલ પણ વિચારવા

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં સ્થાનોના કર્મના સ્થાનનાં ફલ વિશે વિચાર નામનો એકવીસમો અધ્યાય સંપૂર્ણ.

❋

અધ્યાય : ૨૨
લાભ સ્થાન

પારાશર બોલ્યા,

હે મૈત્રેય, હવે હું લાભ સ્થાનનાં ફલ કહું છું, જે શુભ હોવાથી જન્મનાર સદા સુખી રહે છે. લાભ સ્થાનનો સ્વામી કેન્દ્ર ત્રિકોણમાં હોય તથા પોતાના ઉચ્ચમાં હોઈને અસ્ત પણ થાય તો જન્મનારને પૂર્ણ લાભ થાય છે. અર્થાત્ તે ઉદિત હોય તો પછી કહેવું જ શું? અગિયારમા સ્થાનનો સ્વામી ધન સ્થાનમાં અને ધન સ્થાનનો સ્વામી કેન્દ્રમાં ગુરુની સાથે હોય તો અતિશય લાભ થાય છે. લાભ સ્થાનનો સ્વામી શુભ ગ્રહની સાથે ત્રીજા સ્થાનમાં હોય તો ૩૬મા વર્ષની વયમાં બે હજાર સુવર્ણ મુદ્રા પ્રાપ્ત કરે છે. લાભ સ્થાનનો સ્વામી શુભ ગ્રહની સાથે કેન્દ્ર ત્રિકોણમાં હોય તો ૪૦ મે વર્ષે ૫૦૦ સુવર્ણ મુદ્રાનો લાભ થાય છે. અગિયારમા સ્થાનમાં ગુરુ, બીજા સ્થાનમાં ચન્દ્ર અને નવમા સ્થાનમાં શુક્ર હોય તો છ હજાર સુવર્ણ મુદ્રા પ્રાપ્ત થાય છે. (૧-૨-૩-૪-૫-૬)

શેખર ભાષ્ય : આય, ઉપાનય, લાભ, ભવ, પ્રાપ્તિ, એકાદશ, આગમ આદિ ૧૧મા ભાવના પર્યાયો છે. અત્યાર સુધીની આપણી

લેખન યાત્રામાં આપે જોયું હશે કે ગુરુને ૨-૫-૯ આદિ ભાવોનું કારકત્વ આવે છે. ૧૧મા ભાવ પરથી મોટા ભાઈ નો વિચાર થાય છે. આમા માત્ર ૧૧ શ્લોકો છે. ધનની આવક વિશે બીજો, દશમા ઉપરથી કર્મ તો ૧૧ મા ઉપરથી આવકના પ્રવાહનો ખ્યાલ આપે છે. લાભ સ્થાન બળવાન તો જાતક સદા સુખી એ વાત કરી પણ દ્રવ્ય પ્રાપ્તિમાં જ માત્ર સુખ નથી. ગુરુ બળવાન હોય તો માનવી સંતોષી થાય. લાભેશ અસ્ત હોય છતાં ફલ આપ્યા વગર રહેતો નથી તો ઉદય પામે તો પૂછવું શું?

લાભ સ્થાનથી અગિયારમા સ્થાને બુધ, ચન્દ્ર અને ગુરુ હોય તો જન્મનાર ધન ધાન્ય, રત્ન, આભૂષણ આદિ પામે છે. લાભ સ્થાનનો સ્વામી લગ્નમાં અને લગ્ન સ્થાનનો સ્વામી લાભ સ્થાનમાં હોય તો ૩૩ મે વર્ષે એક હજાર સુવર્ણ મુદ્રા પ્રાપ્ત થાય છે. ધન સ્થાનનો સ્વામી લાભ સ્થાનમાં અને લાભ સ્થાનનો સ્વામી ધન સ્થાનમાં હોય તો વિવાહ થયા બાદ ભાગ્યોદય થાય છે. ત્રીજા સ્થાનનો સ્વામી લાભ સ્થાનમાં અને લાભ સ્થાનનો સ્વામી ત્રીજા સ્થાનમાં હોય તો ભાઈ ઓ દ્વારા ધન, આભૂષણ આદિ પ્રાપ્ત થાય છે. (૭-૮-૯-૧૦)

જો લાભ સ્થાનનો સ્વામી નીચમાં, અસ્ત, ત્રિક (૬-૮-૧૨)માં પાપગ્રહની સાથે હોય તો લાખો પ્રયત્ન કરવા છતાં લાભ થતો નથી. (૧૧)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં લાભ સ્થાનના ફલ વિશે વિચાર નામનો બાવીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૨૩

વ્યય સ્થાન

પારાશર બોલ્યા,

વ્યય સ્થાન શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તથા વ્યય સ્થાનનો સ્વામી પણ શુભ ગ્રહથી દૃષ્ટ હોય કે તેની સાથે હોય, વળી પોતાના ભચક્રમાં પોતાની ઉચ્ચ રાશિમાં આદિ શુભ સ્થાનમાં હોય તો શુભ કાર્યમાં ખર્ચ થાય છે.

ચન્દ્ર વ્યય સ્થાનનો સ્વામી બની ૬, ૧૧, ૫ મા સ્થાનમાં હોય કે પોતાના ઉચ્ચ રાશિ કે નવાંશમાં હોય અથવા ૧૧, ૯, ૫ મા સ્થાનના નવાંશમાં હોય તો દિવ્ય ભવન, શય્યા, ગંધ આદિ ભોગવનાર થાય છે. (૧-૨-૩-૪)

શેખર ભાષ્ય : બારમું સ્થાન ખર્ચનું છે. માનવી કરકસરિયો છે કે ઉડાઉ, સારા માર્ગે ધન વાપરે છે કે ખરાબ માર્ગે તેનો ખ્યાલ, બંધન યોગ છે કે નહીં તેનો ખ્યાલ આ ભાવ પરથી આવે. આઠમાનો કારક જેમ શનિ હતો તેમ બારમાનો પણ શનિ છે. ભૃગુસૂત્ર પ્રમાણે મરણ બાદ મોક્ષ કે નરક પ્રાપ્તિનો ખ્યાલ બારમા પરથી છે શયન સુખ પણ બારમેથી ખ્યાલ આવે છે, દૂરનો પ્રવાસ, કરજ, ધન નાશનો વિચાર આના ઉપરથી થઈ શકે છે. આ અધ્યાયમાં ૧૪ શ્લોકો છે.

જો વ્યય સ્થાનનો સ્વામી શત્રુ રાશિ, નીચ રાશિ કે નીચ નવાંશ કે આઠમા, છઠ્ઠા, સ્થાનમાં કે એના નવાંશમાં હોય તો જન્મ-

બારમા સુખ હીન તથા ભારે ખર્ચથી દુઃખી રહે છે. જો વ્યય સ્થાનનો સ્વામી કેન્દ્ર ત્રિકોણમાં હોય તો યોગ્ય ખર્ચ કરનાર અને સુખી થાય છે. હે વિપ્ર, જેવી રીતે લગ્નથી પોતાના બારમા સ્થાનનું ફલ કહેવામાં આવ્યું છે એવી રીતે ત્રીજા, પાંચમા આદિ સ્થાનથી ભાઈ, પુત્ર આદિના બારમા સ્થાનનું ફલ સમજવું. (૫-૬-૭)

ઉપર જેટલા ફલ કહેવાયાં છે તે જો ગ્રહ દૃશ્ય ચક્રાર્ધમાં (સાતમા સ્થાનના અંશાદિથી આગળ ૮-૯-૧૦-૧૧-૧૨ અને લગ્નના ભુક્તાંશ સુધી) રહે છે તે પ્રત્યક્ષરૂપે ફલ આપે છે અને જો અદૃશ્ય ચક્રાર્ધમાં (લગ્નથી આગળ સાતમા સ્થાન સુધી) રહે છે તે પરોક્ષરૂપે ફલ આપનાર છે. (૮)

મંગળ સૂર્યની સાથે બારમા સ્થાનમાં રાહુ હોય અથવા બારમા સ્થાનનો સ્વામી સૂર્યની સાથે હોય તો તે મનુષ્ય નરકમાં જાય છે. જેના બારમા સ્થાનમાં શુભ ગ્રહ હોય અને બારમા સ્થાનનો સ્વામી શુભ ગ્રહની સાથે હોય કે તેનાથી દૃષ્ટ હોય તો તે મોક્ષ પ્રાપ્ત કરે છે, બારમા સ્થાનનો સ્વામી પાપગ્રહની સાથે હોય કે તેનાથી દૃષ્ટ હોય તો જન્મનાર દેશવિદેશમાં ઘૂમે છે. બારમું સ્થાન કે બારમા સ્થાનનો સ્વામી શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો તેને પોતાના દેશમાં ભ્રમણ કરવું પડે છે. વ્યય સ્થાનનો સ્વામી જો શનિ કે મંગલની સાથે હોય અને શુભ ગ્રહથી દૃષ્ટ ન હોય તો અન્યાયથી તે ધન કમાય છે. લગ્નનો સ્વામી બારમા અને વ્યય સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો ધર્મ કાર્યમાં ધનનો ખર્ચ થાય છે. (૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં વ્યય સ્થાનના ફલ વિશે વિચાર નામનો તેવીસમો અધ્યાય સંપૂર્ણ.

*

અધ્યાય : ૨૪

ભાવેશનું અન્ય ભાવનું ફળ

લગ્નનો સ્વામી જો લગ્નમાં હોય તો જન્મનાર હૃષ્ટપુષ્ટ શરીરવાળો, પરાક્રમી, મનસ્વી, અતિ ચંચળ, બે પત્નીવાળો કે અન્ય સ્ત્રીને રાખનાર બને છે. લગ્નનો સ્વામી બીજા સ્થાનમાં હોય તો જન્મનાર ધનવાન, સુખી, સુશીલ, વિદ્વાન અને ઘણી સ્ત્રીવાળો થાય છે. (૧-૨)

શેખર ભાષ્ય : કુંડલીમાં બાર ભાવો છે. જેની ગણત્રી જન્મ લગ્નથી થાય છે. દરેક ભાવમાં રહેલ રાશિનો સ્વામી તે ભાવનો સ્વામી છે રાશિના સ્વામી નીચે પ્રમાણે છે.

મેષ : મંગળ	સિંહ : સૂર્ય	ધન : ગુરુ
વૃષભ : શુક્ર	કન્યા : બુધ	મકર : શનિ
મિથુન : બુધ	તુલા : શુક્ર	કુંભ : શનિ
કર્ક : ચંદ્ર	વૃશ્ચિક : મંગળ	મીન : ગુરુ

હવે કુંડલીમાં પ્રથમ ભાવનો સ્વામી (લગ્નનો સ્વામી પહેલેથી બાર ભાવમાં જ્યાં હોય ત્યાં રહેવાથી તેનું ફળ તે પ્રમાણે જાણવું.

આ ફળો સામાન્ય સ્વરૂપે શક્યતાઓ Tendencies દર્શાવે છે નક્કી માનવા નહીં. આમાં ચલિત કુંડલી લેવી વધુ હિતાવહ છે. બાજુની કુંડલીમાં બારેય ભાવના સ્વામી કયાં કયાં છે તે સમજ પાડી છે.



આમાં વૃશ્ચિક લગ્ન છે. એનો સ્વામી મંગળ છે તે લગ્નથી આઠમે છે. (૨) બીજા ધનનો સ્વામી ગુરુ છઠ્ઠે છે (૩) ત્રીજાનો સ્વામી શનિ લગ્ને છે. (૪) ચોથાનો સ્વામી શનિ લગ્ને પહેલે છે. (૫) પાંચમાનો સ્વામી ગુરુ છઠ્ઠે છે. (૬) છઠ્ઠાનો સ્વામી મંગળ ૮મે છે. (૭) સાતમાનો સ્વામી શુક્ર લગ્ને છે. (૮) આઠમાનો સ્વામી બુધ બારમે છે. (૯) ૯માનો સ્વામી ચંદ્ર છઠ્ઠે છે. (૧૦) ૧૦માનો સ્વામી સૂર્ય ૧૨મે છે. (૧૧) ૧૧માનો સ્વામી બુધ ૧૨મે છે (૧૨) ૧૨માનો સ્વામી શુક્ર લગ્ને છે.

લગ્નનો સ્વામી ત્રીજા સ્થાનમાં હોય તો સિંહ સમાન પરાક્રમી, તમામ પ્રકારની સંપત્તિવાળો, સ્વમાની, બે સ્ત્રીવાળો, બુદ્ધિમાન અને સુખી થાય છે. લગ્નનો સ્વામી ચોથા સ્થાનમાં હોય તો માતાપિતાનું સુખ પ્રાપ્ત કરનાર ઘણા ભાઈવાળો, કામી, ગુણવાન અને સ્વરૂપવાન થાય છે. લગ્નનો સ્વામી પાંચમા સ્થાનમાં હોય તો પુત્રનું સુખ મધ્યમ મોટા સંતાનનો નાશ થાય તથા પોતે સ્વમાની ક્રોધી અને રાજાને પ્રિય થાય.

લગ્નનો સ્વામી છઠ્ઠા સ્થાનમાં હોય તો તે દેહસુખ વગરનો તથા પાપગ્રહની સાથે અથવા શુભ ગ્રહથી દૃષ્ટ ન હોય તો શત્રુથી દુઃખી થાય છે. લગ્નનો સ્વામી સાતમા સ્થાનમાં હોય અને તે

પાપગ્રહ હોય તો એની સ્ત્રીનો નાશ અને શુભ ગ્રહ હોય તો તે ભ્રમણ કરનાર, ગરીબ, વૈરાગી, કે રાજા થાય છે.

લગ્નનો સ્વામી આઠમા સ્થાનમાં હોય તો સિદ્ધવિદ્યા જાણનાર રોગી, ચોર, ક્રોધી, જુગારી તથા પરસ્ત્રીગામી થાય છે. નવમા સ્થાનમાં હોય તો ભાગ્યશાળી, લોકપ્રિય, વિષ્ણુભક્ત, ચતુર, વક્તા, સ્ત્રી, પુત્ર અને ધનવાળો થાય છે. દસમા સ્થાનમાં હોય તો પિતાથી સુખ પામનાર, રાજમાન્ય, લોકોમાં વિખ્યાત, પોતાના ભુજબળથી ધન કમાનાર થાય છે.

લગ્નનો સ્વામી ૧૧મા સ્થાનમાં હોય તો તે લાભ કરનાર, સુશીલ, વિખ્યાત, ઉદાર અને ગુણવાન થાય છે.

લગ્નનો સ્વામી જો વ્યયસ્થાનમાં હોય તો તે દેહસુખ વગરનો, ખોટા ખર્ચ કરનાર તથા ભારે ખર્ચ કરનાર થાય છે. પરંતુ શુભ ગ્રહની દૃષ્ટિ કે યોગ હોવા ન જોઈએ. (૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨)

ધન સ્થાનના સ્વામીનાં ફળ

ધન સ્થાનનો સ્વામી લગ્નસ્થાનમાં હોય તો જન્મનાર પુત્રવાન કુટુંબીઓનો વિરોધી, કામી, નિષ્ઠુર અને પારકાનાં કાર્ય કરનાર થાય છે. બીજા સ્થાનમાં હોય તો ધનવાન, ગૌરવવાળો, બે કે અધિક સ્ત્રીવાળો, પરંતુ પુત્રહીન થાય છે. ત્રીજા સ્થાનમાં શુભ ગ્રહની સાથે હોય તો પરાક્રમી, બુદ્ધિમાન, ગુણવાન, કામી, અને લોભી થાય છે. જો પાપગ્રહની સાથે હોય તો તે દેવની નિંદા કરનાર થાય છે. ચોથા સ્થાનમાં હોય તો તે તમામ પ્રકારની સંપત્તિવાળો થાય છે. જો તે ગુરુની સાથે કે પોતાના ઉચ્ચમાં હોય તો તે રાજા કે રાજા-તુલ્ય થાય છે. પાંચમા સ્થાનમાં હોય તો તે ધનવાન તથા એના પુત્ર પણ ધન કમાનાર થાય છે. છઠ્ઠા સ્થાનમાં શુભ ગ્રહની સાથે હોય તો

શત્રુથી ધન લાભ અને પાપ ગ્રહની સાથે હોય તો શત્રુ દ્વારા હાનિ તથા કમજોર જાંઘવાળો થાય છે. ૭મા સ્થાનમાં હોય તો પરસ્ત્રી-ગામી, વૈદ્ય થાય છે. જો એના પર પાપગ્રહનો યોગ કે દૃષ્ટિ હોય તો એની સ્ત્રી વ્યભિચારિણી થાય છે. આઠમા સ્થાનમાં હોય તો જમીનદાર અને ધનવાન થાય છે. અને સ્ત્રીનું સુખ અલ્પ તથા મોટાભાઈથી સુખ થતું નથી. નવમા સ્થાનમાં હોય તો ધનવાન, ઉદ્યોગી, ચતુર, બાલ્યાવસ્થામાં દુઃખી પાછળથી સુખી તથા તીર્થ વ્રત કરનાર થાય છે. દસમા સ્થાનમાં હોય તો કામી, સ્વમાની, પંડિત, અનેક સ્ત્રીવાળો, ધનવાન પરંતુ પુત્રસુખ વગરનો થાય છે. ૧૧મા સ્થાનમાં હોય તો બધી રીતે લાભદાયક, સદા ઉદ્યોગી, સ્વમાની અને અને યશસ્વી થાય છે. બારમા સ્થાનમાં ધન સ્થાનનો સ્વામી હોય તો તે સાહસિક, ધનહીન, બીજાનો આશ્રય લઈ જીવનાર થાય અને તેનું મોટું સંતાન જીવતું ન રહે. (૧૩–૧૪–૧૫–૧૬–૧૭ ૧૮–૧૯–૨૦–૨૧–૨૨–૨૩–૨૪)

ત્રીજા સ્થાનમાં સ્વામીનાં ફળ

ત્રીજા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો પોતે ધન કમાનાર, સેવા જાણનાર, સાહસિક, અભણ પણ બુદ્ધિમાન થાય છે.

બીજા સ્થાનમાં હોય તો જાડો, નિર્બળ, થોડાં કાર્ય શરૂ કરનાર, સુખહીન તથા પરસ્ત્રીગામી થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો ભાઈ બહેનોથી સુખી, ધનવાન, પુત્રવાન, અધિક સુખ ભોગવનાર થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો સુખી, ધનવાન, બુદ્ધિમાન તથા ખરાબ સ્ત્રીનો પતિ થાય છે.

પાંચમા સ્થાનમાં હોય તો પુત્રવાન, ગુણવાન. જો પાપગ્રહની સાથે હોય તો દુષ્ટ સ્ત્રીનો પતિ થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો ભાઈ સાથે શત્રુતા કરનાર, ખૂબ ધનવાન, મામા સાથે શત્રુતા કરનાર અને મામીઓ પર લાગણી રાખનાર થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો રાજાનો સેવક, બાલ્યાવસ્થામાં દુઃખી અને ઉત્તરાવસ્થામાં સુખી થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો જન્મનાર ચોર, નોકરી કરનાર અને રાજા દ્વારા મરણ પામનાર થાય છે.

નવમા સ્થાનમાં હોય તો પિતાના સુખ વગરનો, સ્ત્રી મારફત ભાગ્યોદય પામનાર અને પુત્રાદિવાળો થાય છે.

દસમા સ્થાનમાં હોય તો સર્વ પ્રકારે સુખી, પોતાના પરાક્રમથી ધન કમાનાર અને દુષ્ટ સ્ત્રીઓને પામનાર થાય છે લાભ સ્થાનમાં હોય તો વ્યાપારથી ધનવાન, વિદ્યા વગરનો છતાં બુદ્ધિમાન, સાહસિક અને બીજાઓની સેવા કરનાર થાય છે.

ત્રીજા સ્થાનનો સ્વામી જો બારમા સ્થાનમાં હોય તો ખરાબ કાર્યમાં ખર્ચ કરનાર અને ક્રૂર પિતાવાળો થાય છે તથા સ્ત્રી દ્વારા એનો ભાગ્યોદય થાય છે. (૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૩૨-૩૩ ૩૩-૩૪-૩૫-૩૬)

ચોથા સ્થાનનાં સ્વામીનાં ફળ

ચોથા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર વિદ્યા, ગુણ, ભૂમિ અને વાહનોવાળો થાય છે તથા માતાથી સુખી થાય છે.

બીજા સ્થાનમાં હોય તો ભોગી, સર્વ સંપત્તિવાળો, અધિક પરિવારવાળો, સ્વમાની, સાહસિક અને માયાવી થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો પરાક્રમી, નોકરોવાળો, ઉદાસ, નીરોગી, ગુણવાન, દાતા, પોતાના હાથે ધન કમાનાર થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો રાજમંત્રી, સર્વધનસંપન્ન, ચતુર, સુશીલ, સ્વમાની, જ્ઞાની, સ્ત્રીનો પ્રિય, તથા સુખી થાય છે.

પાંચમા સ્થાનમાં હોય તો સુખી, બધાનો પ્રિય, વિષ્ણુનો ભક્ત, ગુણવાન, સ્વમાની તથા પોતાના હાથના બળથી ધન કમાનાર થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો માતાના સુખ વગરનો, ક્રોધી, ચોર, વ્યભિચારી, સ્વચ્છંદી, તથા દુષ્ટ થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો અનેક વિદ્યાઓ જાણનાર, પિતાના ધનનો ત્યાગ કરનાર અને સભામાં મુગા જેવો રહે છે.

આઠમા સ્થાનમાં હોય તો ઘર આદિ સુખ વગરનો, માતા-પિતાથી પણ અલ્પ સુખવાળો તથા નપુંસક સમાન થાય છે.

નવમા સ્થાનમાં હોય તો સહુને પ્રિય, દેવોનો ભક્ત, ગુણવાન સ્વમાની, અને સર્વ પ્રકારના સુખવાળો થાય છે.

દસમા સ્થાનમાં હોય તો રાજમાન્ય, રસાયનનો જાણનાર, અતિ પ્રસન્ન, સુખી અને જિતેન્દ્રિય થાય છે.

૧૧મા સ્થાનમાં હોય તો ગુપ્ત રોગોવાળો, ઉદાર, ગુણવાન, દાતા તથા પરોપકારી થાય.

ચોથા સ્થાનનો સ્વામી બારમા સ્થાનમાં હોય તો ગૃહાદિ સુખ વગરનો, દુર્વ્યસની, મૂર્ખ, અને સદા આળસુ થાય છે. (૩૭-૩૮-૩૯-૪૦-૪૧-૪૨-૪૩-૪૪-૪૫-૪૬-૪૭-૪૮)

પાંચમાં સ્થાનના સ્વામીનાં ફળ

પાંચમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર પુત્રના સુખવાળો, વિદ્વાન, કદરૂપો, કુટીલ હૃદયવાળો અને પારકાના ધનનું હરણ કરનાર થાય.

બીજા સ્થાનમાં હોય તો અનેક પુત્રોવાળો અને ધનવાન, પરિવારપોષક, સ્વમાની, સ્ત્રીને પ્રિય તથા યશસ્વી થાય.

ત્રીજા સ્થાનમાં હોય તો ભાઈબાંડુને પ્રિય, ચુગલીખોર, કંજુસ અને સ્વાર્થી થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો સુખી, માતાપિતાની બાબતમાં પણ સુખી, ધનવાન, બુદ્ધિમાન, રાજમંત્રી કે રાજગુરુ થાય છે.

પાંચમા સ્થાનમાં હોય અને શુભગ્રહની સાથે હોય તો પુત્રવાન, જો પાપગ્રહની સાથે હોય તો સંતાનહીન પરંતુ ગુણવાન અને મિત્ર પર ઉપકાર કરનાર થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો પુત્ર સાથે શત્રુતા કરનાર, પુત્ર વગરનો તથા દત્તક પુત્રવાળો થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો સ્વમાની, બધા ધર્મને માનનાર પુત્રાદિ સુખવાળો અને પરોપકારી થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો થોડા સંતાનોવાળો, કાસશ્વાસવાળો, ક્રોધી અને સુખ વગરનો થાય છે

નવમા સ્થાનમાં હોય તો એનો પુત્ર રાજા કે રાજા તુલ્ય થાય છે, પોતે ગ્રન્થકાર, વિખ્યાત અને કુળમાં શ્રેષ્ઠ થાય છે.

દસમા સ્થાનમાં હોય તો રાજા, અનેક સુખોવાળો તથા વિખ્યાત અને કીર્તિમાન થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો વિદ્વાન, લોકપ્રિય, ગ્રન્થકાર, કાર્યમાં સમર્થ, અનેક પુત્રવાળો અને ધનવાન થાય છે.

બારમા સ્થાનમાં પુત્ર સ્થાનનો સ્વામી હોય તો પુત્રસુખ વગરનો, દત્તક કે ખરીદીને પુત્ર રાખનાર થાય છે. (૪૯-૬૧)

છઠ્ઠા સ્થાનના સ્વામીનું ફળ

છઠ્ઠા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર રોગી, યશસ્વી, પોતાના સંબંધીઓનો શત્રુ, ધનવાન, સ્વમાની, સાહસિક અને ગુણવાન થાય છે.

બીજા સ્થાનમાં હોય તો સાહસિક, કુળમાં શ્રેષ્ઠ, વિદેશવાસી, સુખી, વક્તા તથા પોતાનું કર્તવ્ય કરનાર થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો ક્રોધી, નિર્બળ, ભાઈનો શત્રુ અને ઘાતકી નોકરોવાળો થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો માતાના સુખ વગરનો, મનનું ધાર્યું કરનાર, ચુગલીખોર, દ્વેષી, ચંચળ મનવાળો અને અધિક ધનવાન થાય છે.

પાંચમા સ્થાનમાં હોયતો એનું ધન વગેરે સ્થિર રહેતાં નથી. પુત્રાદિ સાથે શત્રુતા થાય છે. પોતે સુખી, સ્વાર્થી અને દયાળુ થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો પોતાની જ્ઞાતિ સાથે વેર, બીજાઓ સાથે મિત્રાચારી અને ધન વગેરેનું સુખ મધ્યમ હોય છે.

સાતમા સ્થાનમાં હોય તો જન્મનાર સ્ત્રીના સુખ વગરનો, કીર્તિમાન, ગુણવાન, સ્વમાની, સાહસિક અને ધનવાન થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો રોગી, પંડિતોનો શત્રુ, બીજાઓના ધનનો લોભી, પરસ્ત્રીગામી અને અપવિત્ર હોય છે.

નવમા સ્થાનમાં હોય તો પથ્થર અને લાકડાં વેચનાર તથા વેપારમાં કયારેક નફો અને કયારેક નુકસાન થાય છે.

દસમા સ્થાનમાં હોય તો કુળમાં શ્રેષ્ઠ, પિતાની સેવા ન કરનાર, વક્તા તથા વિદેશમાં સુખી થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય ત્યારે શત્રુ પાસેથી પણ ધન મેળવનાર, ગુણવાન, સાહસિક, સ્વમાની પણ પુત્રના સુખ વગરનો થાય છે.

બારમા સ્થાનમાં હોય તો વ્યસનમાં ખર્ચ કરનાર, વિદ્વાનોનો દ્વેષી તથા જીવોની હિંસા કરવામાં તત્પર થાય છે. (૬૧-૬૨-૬૩-૬૪-૬૫-૬૬-૬૭-૬૮-૬૯-૭૦-૭૧-૭૨)

સાતમા સ્થાનનાં સ્વામીનાં ફલ

સાતમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર પરસ્ત્રી-ગામી, દુષ્ટ, વિચક્ષણ, અધીર અને વાતરોગી થાય છે.

બીજા સ્થાનમાં હોય તો અનેક સ્ત્રીઓવાળો, સ્ત્રી દ્વારા ધન મેળવનાર અને દીર્ઘસૂત્રી થાય છે

ત્રીજા સ્થાનમાં હોય તો એના સંતાનો જીવતાં નથી. અને ઘણા પ્રયત્નથી એક પુત્ર જીવતો રહે છે.

ચોથા સ્થાનમાં હોય તો એની સ્ત્રી વશમાં રહેતી નથી અને તે પોતે સત્યવાદી, બુદ્ધિમાન, ધર્માત્મા હોવા ઉપરાંત દાંતના રોગો-વાળો થાય છે.

પાંચમા સ્થાનમાં હોય તો સ્વમાની, સર્વ ગુણોવાળો, સદા હર્ષિત અને સર્વ રીતે ધનવાન થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો સ્ત્રી રોગી થાય છે કે તેને સ્ત્રી સાથે શત્રુતા થાય છે તે પોતે ક્રોધી અને સુખહીન હોય છે

સાતમા સ્થાનમાં હોય તો સ્ત્રીના સુખવાળો, ધીર, ચતુર, બુદ્ધિમાન થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો સ્ત્રીના સુખ વગરનો થાય એની સ્ત્રી પણ રોગી ખરાબ ચારિત્ર્યવાળી તથા વશમા નહીં રહેનાર થાય છે.

નવમા સ્થાનમાં હોય તો તે અનેક સ્ત્રીઓ સાથે સમાગમ કરે છે. સ્ત્રીના મન જીતી લેનાર થાય છે. અને અનેક કાર્યોનો આરંભ કરે છે.

દસમા સ્થાનમાં હોય તો સ્ત્રી વશમાં નથી રહેતી પોતે ધર્માત્મા ધનવાન અને પુત્રવાન થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો સ્ત્રી દ્વારા ધનલાભ મળે પુત્રસુખ અલ્પ હોય અને તે અધિક કન્યાઓવાળો થાય છે.

બારમા સ્થાનમાં હોય ત્યારે જન્મનાર દરિદ્ર તથા લોભી થાય છે અને એની ભાર્યા પણ ઉડાઉ થાય અને પોતે વસ્ત્રનો વેપાર કરનાર થાય. (૭૩–૮૫)

આઠમા સ્થાનના સ્વામીનાં ફળ

આઠમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર દેહના સુખથી રહિત, દેવ તથા બ્રાહ્મણોની નિન્દા કરનાર તથા ઘાવાળો થાય છે.

બીજા સ્થાનમાં હોય તો તે બાહુબળ વગરનો થાય છે તેની પાસે સામાન્ય ધન થાય છે અને તેનું જે ધન નાશ પામે છે તે પાછું મળતું નથી.

ત્રીજા સ્થાનમાં હોય તો ભાઇનું સુખ મળતું નથી અને તે આળસુ, નોકર વગરનો તથા નિર્બળ થાય છે.

ચોથા સ્થાનમાં હોયતો જન્મનાર માતાહીન, ઘર તથા જમીન વગરનો અને મિત્રદ્રોહી થાય છે.

પાચમા સ્થાનમાં હોય તો મૂર્ખ, થોડા પુત્રવાળો, લાંબા આયુષ્યવાળો તથા ધનવાન થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો શત્રુને જીતનાર, રોગી તથા બાલ્યાવસ્થામાં સાપ તથા પાણીના ભયથી પીડા પામનાર થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો એને બે પત્ની થાય. જો તેની સાથે પાપગ્રહ હોય તો વેપારમાં હાનિ થાય.

આઠમા સ્થાનમાં હોય તો તે દીર્ઘ આયુષ્યવાળો થાય છે જો આઠમા સ્થાનનો સ્વામી નબળો હોય તો પણ મધ્યમ આયુષ્યવાળો, ચોર, નિન્દાપાત્ર અને પારકાની નિન્દા કરનાર થાય છે.

નવમા સ્થાનમાં હોય તો ધર્મદ્રોહી, નાસ્તિક, ખરાબ સ્ત્રીનો પતિ તથા પારકાનું દ્રવ્ય હરી લેનાર થાય છે.

દસમા સ્થાનમાં હોય તો પિતાના સુખ વગરનો, અને જો તે શુભ ગ્રહથી દૃષ્ટ ન હોય તો ઘાતકી અને કર્મહીન થાય છે

અગિયારમા સ્થાનમાં હોય તો તે પાપી, નિર્ધન, બાળપણમાં દુઃખી પણ જો એની સાથે શુભ ગ્રહ હોય તો પાછળથી સુખી અને લાંબા આયુષ્યવાળો થાય છે.

બારમા સ્થાનમાં જો આઠમા સ્થાનનો સ્વામી હોય તો તે ખરાબ કાર્યોમાં ખર્ચ કરનાર અને સાથે જો પાપગ્રહ હોય તો ઓછા આયુષ્યવાળો થાય છે (૮૫-૯૫)

નવમા સ્થાનના સ્વામીનાં ફળ

નવમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર ભાગ્યશાળી, રાજાને પ્રિય, સુશીલ, સુંદર, વિદ્વાન અને લોકોમાં પૂજ્ય થાય છે.

બીજા સ્થાનમાં હોય તો પંડિત, લોકપ્રિય, ધનવાન, કામી, અને સ્ત્રીપુત્રાદિની બાબતમાં સુખી હોય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો ભાઈની બાબતમાં સુખી ધનવાન, ગુણવાન, રૂપવાન તથા ચારિત્રવાન થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો તે ઘર અને વાહનનું સુખ મેળવનાર, સર્વ પ્રકારની સંપત્તિવાળો તથા માતૃભક્તિવાળો થાય.

પાંચમા સ્થાનમાં હોય તો પુત્રનું ભાગ્ય મેળવનાર, ગુરુની ભક્તિમાં મગ્ન, ધીર, ધર્માત્મા અને પંડિત થાય.

છઠ્ઠા સ્થાનમાં હોય તો મનુષ્ય ઓછા ભાગ્યવાળો, મામા વગેરેના સુખ વગરનો તથા સદા શત્રુઓથી પીડા પામનાર થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો પત્ની તરફથી સુખ પામનાર, ગુણવાન તથા કીર્તિમાન થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો જન્મનાર ભાગ્યહીન તથા મોટા ભાઈના સુખ વગરનો થાય છે.

નવમા સ્થાનમાં હોય તો તે ખૂબ ભાગ્યશાળી, ગુણવાન, સ્વરૂપવાન તથા બંધુઓથી ખૂબ સુખ મેળવનાર થાય છે.

દસમા સ્થાનમાં હોય તો તે રાજા કે રાજાસમાન થાય છે. મંત્રી કે સેનાપતિ, ગુણવાન અને લોકોથી પુજાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો તેને દરરોજ ધન મળે છે. તે વડીલોની સેવા કરનાર, ગુણવાન અને પુણ્યશાળી થાય છે.

બારમા સ્થાનમાં હોય તો તે જન્મનારના ભાગ્ય માટે હાનિકર બને છે. તે દરરોજ શુભ કાર્યમાં ખર્ચ કરે છે અને અતિથિઓના સંગથી નિર્ધન થાય છે. (૯૭-૧૦૮)

કર્મસ્થાનના સ્વામીનાં ફલ

દસમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર વિદ્વાન, વિખ્યાત, ધનવાન, સ્વમાની, કવિ, બાલ્યાવસ્થામાં રોગી અને પાછળથી સુખી થાય છે. દરરોજ તેના ધનની વૃદ્ધિ થાય છે.

બીજા સ્થાનમાં હોય તો ધનવાન, ગુણવાન, રાજાથી માન્ય, અતિ દાની અને પિતા આદિના સુખવાળો થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો ભાઈઓ અને નોકરોના સુખવાળો, પરાક્રમી, ગુણવાન, વક્તા અને સત્યભાષી થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો માતાનો ભક્ત, વાહન, ભૂમિ તથા ઘરની બાબતમાં સુખી, ગુણવાન અને ધનવાન થાય છે.

પાંચમા સ્થાનમાં હોય તો બધી વિદ્યાઓ જાણનાર, આનંદી, ધનવાન અને પુત્રવાન થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો પિતાના સુખ વગરનો ચતુર હોવા છતાં ધનવાન અને શત્રુઓથી હેરાન થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો સ્ત્રી બાબતમાં સુખી, મનસ્વી, ગુણવાન, વક્તા તથા સત્યધર્મમાં આસક્ત રહે છે.

આઠમા સ્થાનમાં હોય તો કર્મહીન, દીર્ઘાયુ તથા પારકાની નિંદા કરનાર થાય છે.

નવમા સ્થાનમાં હોય તો રાજાના કુળમાં જન્મનાર, રાજા, રાજા સમાન અને ધન પુત્ર વગેરે મેળવનાર થાય છે.

દસમા સ્થાનમાં હોય તો સર્વ કાર્યોમાં કુશળ, સુખી, પરાક્રમી, સત્યવક્તા અને ગુરુભક્ત થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો ધનવાન, પુત્રવાન આનંદી, ગુણવાન, સત્યવક્તા અને સદા સુખી થાય છે.

બારમા સ્થાનમાં હોય તો રાજા દ્વારા ધન ખર્ચ થાય છે. શત્રુનો ભય થાય, ચતુર હોવા છતાં સદા ચિંતા થાય (૧૦૯–૧૨૦)

લાભ સ્થાનના સ્વામીનું ફળ

અગિયારમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર સાત્વિક, ધનવાન, સુખી, સમદૃષ્ટિ, કવિ, વક્તા અને સદા લાભ મેળવનાર થાય છે.

બીજા સ્થાનમાં હોય તો તમામ પ્રકારનું ધન મેળવનાર, સર્વ સિદ્ધિવાળો, દાતા, ધાર્મિક અને સદા સુખી થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો તે સર્વ કર્મમાં કુશળ, ધનવાન, ભાઇનું સુખ પ્રાપ્ત કરનાર તથા કયારેક શૂળરોગ ભોગવનાર થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો મોસાળમાંથી લાભ થાય, તીર્થયાત્રાઓ થાય, તથા ઘર અને ભૂમિનું સુખ મળે.

પાંચમા સ્થાનમાં હોય તો તેના પુત્રો સુખી થાય. તેઓ વિદ્યાવાળા તથા ચારિત્ર્યવાન થાય અને પોતે ધર્મનિષ્ઠ તથા સુખી થાય.

છઠ્ઠા સ્થાનમાં હોય તો જન્મનાર રોગી, ક્રૂર બુદ્ધિવાળો, પ્રવાસી, તથા શત્રુઓ વડે ખૂબ પીડા પામનાર થાય.

સાતમા સ્થાનમાં હોય તો સાસરિયામાંથી લાભ થાય પોતે ઉદાર, ગુણવાન, કામી તથા પત્નીને વશ રહેનાર થાય.

આઠમા સ્થાનમાં હોય તો કામકાજમાં નુકસાન થાય. દીર્ઘ આયુષ્ય હોય અને પહેલી સ્ત્રી મરણ પામે.

નવમા સ્થાનમાં હોય તો મનુષ્ય ભાગ્યવાન, ચતુર, સત્યવાદી રાજામાં પૂજ્ય તથા ધનવાન થાય.

દસમા સ્થાનમાં હોય તો તે રાજાથી વંદન પામનાર, ગુણવાન, પોતાના ધર્મમાં મગ્ન રહેનાર, બુદ્ધિમાન, સત્યવાદી અને જિતેન્દ્રિય થાય

અગિયારમા સ્થાનમાં હોય તો સર્વ કર્મોમાં લાભ થાય. તેની વિદ્વત્તા અને સુખ દરરોજ વધે.

બારમા સ્થાનમાં હોય તો સત્કાર્યોમાં ખર્ચ કરનાર, કામી, અનેક પત્નીઓવાળો તથા મ્લેચ્છોનો સંસર્ગ કરનાર થાય (૧૨૧-૧૩૨)

વ્યયસ્થાનના સ્વામીનાં ફલ

બારમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર ઉડાઉ, દુર્બલ, કફરોગી, ધનહીન, અને વિદ્યાહીન થાય.

બીજા સ્થાનમાં હોય તો શુભ કાર્યમાં ધન ખર્ચનાર ધાર્મિક પ્રિયવાદી, ગુણવાન તથા સુખી થાય.

ત્રીજા સ્થાનમાં હોય તો તે ભાઈના સુખ વગરનો, બીજાનો દ્વેષ કરનાર અને સ્વાર્થી થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો માતા ઘર વાહન આદિનું સુખ મળતું નથી.

પાંચમા સ્થાનમાં હોય તો સંતાન અને વિદ્યા વગરનો, પુત્ર માટે ખર્ચ કરનાર તથા તીર્થવ્રત કરનાર થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો પોતાના સંબંધીઓનો દ્વેષ કરનાર, ક્રોધી, પાપી, દુઃખી અને પરસ્ત્રીગામી થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો સ્ત્રી માટે ખર્ચ કરવા છતાં સ્ત્રી સુખ પામતો નથી તથા બળ અને વિદ્યા વગરનો થાય.

આઠમા સ્થાનમાં હોય તો અધિક લાભ કરનાર પ્રિય વક્તા, મધ્યમ આયુષ્યવાળો અને સર્વ ગુણસંપન્ન થાય છે.

નવમા સ્થાનમાં હોય તો ગુરુ અને મિત્રોનો દ્વેષ કરનાર સ્વાર્થી થાય છે.

દસમા સ્થાનમાં હોય તો રાજદરબારમાં ધનખર્ચ કરનાર, તથા પિતાનું ઓછું સુખ પામનાર થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો ઓછો લાભ પામે અને કયારેક બીજાનું ધન પ્રાપ્ત કરે.

બારમા સ્થાનમાં હોય તો અધિક ખર્ચ થાય અને શરીરના સુખ વગરનો ક્રોધી તથા મનુષ્યોનો દ્વેષી થાય. (૧૩૩–૧૪૪)

સાર

હે વિપ્ર, મેં જે વિવિધ સ્થાનોના સ્વામીઓનાં ફળ કહ્યાં છે તે એમનાં બળાબળનો વિચાર કરીને કહેવાં જોઈએ. જે ગ્રહ બે રાશીનો સ્વામી છે તેના બંને સ્થાનના આધિપત્ય અનુસાર ફળનો વિચાર કરવો. જો સમાન ફળમાં વિરોધ હોય તો બંને ફળનો અભાવ કહેવો અને ફળ ભિન્નભિન્ન–શુભ–અશુભ હોય તો બંને ફળ પ્રાપ્ત થાય છે. (૧૪૩–૧૪૮)

બૃહત્પારાશર હોરાશાસ્ત્રમાં સ્થાનના સ્વામીનાં ફળના વિચાર નામનો ચોવીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૨૫

અપ્રકાશિત ગ્રહો

પરાશર બોલ્યા :

હે વિપ્ર, મેં સ્થાનના સ્વામીને વશ એવા સૂર્ય આદિ ગ્રહોનાં સ્થાનનાં ફળ કહ્યાં છે. હવે હું ધૂમ વગેરે અપ્રકાશિત ગ્રહોનાં ફળ કહું છું. જો લગ્નમાં ધૂમગ્રહ હોય તો જન્મનાર બોદ્ધો, નિર્મલ દૃષ્ટિવાળો, સ્તબ્ધ, નિર્દય, ક્રૂર અને અત્યન્ત ક્રોધી થાય છે.

ધૂમ બીજા સ્થાનમાં હોય તો તે જન્મનાર રાજા, ધનવાન, અંગના અભાવવાળો, રાજ્ય તરફથી નિરાશ થયેલો, મંદ બુદ્ધિવાળો અને વીર્યહીન થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો, બુદ્ધિમાન, શૂરવીર, ઉદાર, પ્રિયભાષી સંબંધીઓવાળો તથા ધનવાન થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો સ્ત્રીથી ત્યજાવાથી સદાય દુઃખી અને સર્વ શાસ્ત્રોનો જાણકાર થાય છે.

પાંચમા સ્થાનમાં હોય તો ઓછા સંતાનવાળો, નિર્ધન, ગૌરવશાળી, સર્વભક્ષી, મિત્રોના વિચારથી વિમુખ થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો બળવાન, શત્રુને જીતનાર, તેજસ્વી, વિખ્યાત અને નિરોગી થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો નિર્ધન, કામી, પરસ્ત્રીગામી, પંડિત પરંતુ પ્રતિભાહીન થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો પરાક્રમ રહિત છતાં ઉત્સાહી, પ્રતિજ્ઞા પાળનાર, અપ્રિય વક્તા, નિષ્ઠુર અને સ્વાર્થી થાય છે.

નવમા સ્થાનમાં હોય તો પુત્રવાન, ભાગ્યવાન, ધનવાન, સ્વમાની, દયાળુ, ધર્માત્મા તથા ભાઈઓનો પોષક થાય છે.

દસમા સ્થાનમાં હોય તો પુત્રવાન, ભાગ્યશાળી, સંતોષી, સુબુદ્ધિવાળો, સુખી અને પ્રતિજ્ઞા પાળનાર થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો તે ધન, ધાન્ય અને સુવર્ણ પામે. સુંદર, કલાને જાણનાર, વિનયી અને સંગીત જાણનાર થાય છે.

જો બારમા સ્થાનમાં હોય તો પતિત, પાપી, પરસ્ત્રીગામી, વ્યસની, નિર્દય અને શઠ થાય છે. (૧–૧૩)

શેખર ભાષ્ય : ધૂમ વગેરે અપ્રકાશિત ગ્રહોના બારેય ભાવના ફલ અહીં આપ્યાં છે. અંગત રીતે અમે હજુ આ વિષય ઉપર અમારું સંશોધન પૂર્ણ કર્યું નથી એટલે અભિપ્રાય આપવામાં અસમર્થ છીએ.

પાત ફલ

જો પાત લગ્નમાં હોય તો જન્મનાર દુઃખી, ક્રૂર, હિંસક, મૂર્ખ અને બંધુઓનો દ્વેષી થાય છે.

બીજા સ્થાનમાં હોય તો પક્કો, પિત્ત પ્રકૃતિવાળો, ભોગી, નિર્દય, કૃતઘ્ન, દુષ્ટ અને પાપી થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો સ્થિર બુદ્ધિવાળો, યોદ્ધો, દાતા, ધનવાન, રાજાનું માન પામનાર અને સેનાપતિ થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો બંધન અને રોગથી પીડા પામનાર

સંતાનહીન અને સૌભાગ્યહીન થાય છે.

પાંચમા સ્થાનમાં હોય તો નિર્ધન, સ્વરૂપવાન, કફ, પિત્ત અને વાયુથી પીડિત, નિષ્ઠુર અને નિર્લજ્જ થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો શત્રુને જીતનાર, પુષ્ટ દેહવાળો, તમામ અસ્ત્ર અને સર્વ કળામાં નિપુણ અને શાન્ત ચિત્તવાળો થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો નિર્ધન, સ્ત્રીરહિત કે સ્ત્રીને વશ, દુઃખી, નિર્લજ્જ, કામી અને શત્રુઓને સુખ આપનાર થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો નેત્રરોગી, કદરૂપો, ભાગ્યહીન, બ્રાહ્મણોની નિંદા કરનાર અને લોહીની પીડાથી દુઃખી થાય છે.

નવમા સ્થાનમાં હોય તો ખૂબ વેપાર કરનાર, ખૂબ મિત્રોવાળો, ખૂબ વિષયોનો જાણનાર, સ્ત્રીને પ્રિય તથા પ્રિય વક્તા થાય છે.

દસમા સ્થાનમાં હોય તો સંપત્તિવાન, ધર્મ જાણનાર, ધર્મકારી, મહા બુદ્ધિમાન પંડિત થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો અત્યન્ત ધનવાન, સ્વમાની, સત્ય વક્તા, દઢ પ્રતિજ્ઞાવાળો, ઘોડા પર સવારી કરનાર અને સંગીત જાણનાર થાય છે.

બારમા સ્થાનમાં હોય તો ક્રોધી, ખૂબ કાર્ય કરનાર, અંગોની ખોડવાળો, ધર્મની નિન્દા કરનાર અને બંધુઓનો દ્વેષી થાય છે. (૧૪–૨૫)

પરિધિ ફળ

પરિધિ લગ્નમાં હોય તો જન્મનાર વિદ્વાન, સત્ય વક્તા, શાન્ત ધનવાન, પુત્રવાન, પવિત્ર, અને ગુરુભક્ત, થાય છે.

બીજા સ્થાનમાં હોય તો મહા ધનવાન, સુન્દર, ભોગી, સુખી, ધર્મિષ્ઠ અને રાજા થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો સ્ત્રીને પ્રિય, સુન્દર દેહવાળો, દેવ અને કુટુંબનો ભક્ત, નોકરી કરનાર અને ગુરુનો ભક્ત થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો વિસ્મય થાય એમ દુશ્મનનું મંગળ કરનાર, સરલ હૃદયવાળો, તથા સંગીતનો નિષ્ણાત થાય છે.

પાંચમા સ્થાનમાં હોય તો ધનવાન, ચારિત્ર્યવાન, પ્રેમાળ, પ્રિય કરનાર, ધર્મવત્સલ અને સ્ત્રીઓને પ્રિય થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો વિખ્યાત, ધનવાન, વિલાસી, સર્વ જીવો પર દયા રાખનાર અને શત્રુને જીતનાર થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો ઓછા સંતાનવાળો, સુખહીન, મંદ બુદ્ધિવાળો, નિષ્ઠુર, રોગિષ્ઠ સ્ત્રીવાળો થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો અધ્યાત્મજ્ઞાની, શાન્ત ચિત્તવાળો, દઢ દેહવાળો, દઢ પ્રતિજ્ઞાવાળો, ધર્મિષ્ઠ અને બળવાન થાય છે.

નવમા સ્થાનમાં હોય તો પુત્રવાન, સુખી, સુંદર, ધનવાન, સ્થિર, સ્વમાની અને થોડાથી પણ સંતુષ્ટ રહેનાર થાય છે.

દસમા સ્થાનમાં હોય તો કલાઓનો જાણનાર વિલાસી, મજબૂત દેહવાળો, સરલ હૃદયવાળો, અને સર્વ શાસ્ત્રોમાં નિપુણ થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો સ્ત્રીથી સુખી, ગુણવાન, બુદ્ધિમાન. કુટુંબમાં પ્રિય અને મંદાગ્નિના રોગવાળો થાય છે.

બારમા સ્થાનમાં હોય તો તે ભારે ઉડાઉ, દુઃખી, દુષ્ટ બુદ્ધિવાળો અને ગુરુની નિન્દા કરનાર થાય છે. (૨૬-૩૭)

ચાપ ફળ

જો લગ્નમાં ચાપ હોય તો જન્મનાર ધન, ધાન્ય અને સુવર્ણથી સમૃદ્ધ, કૃતજ્ઞ, સજ્જનોમાં પ્રિય અને સર્વ દોષથી રહિત થાય.

બીજા સ્થાનમાં હોય તો તે પ્રિય વક્તા, પીઢ, ધનવાન, વિનયી, વિદ્યાવાન, સુંદર અને ધર્માત્મા થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો કંજૂસ, કલાઓ જાણનાર, ચોરી કરનાર, અંગોની ખોડવાળો અને મૈત્રીરહિત થાય.

ચોથા સ્થાનમાં હોય તો સુખી, ગાય અને ધનધાન્યથી સમૃદ્ધ, રાજાનું માન પામનાર તથા રોગહીન થાય છે.

પાચમા સ્થાનમાં હોય તો સુંદર, દીર્ઘદૃષ્ટિ, દેવતાનો ભક્ત, પ્રિય વક્તા તથા સર્વ કાર્યમાં સફળ થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો શત્રુઓને જીતનાર, અતિ લુચ્ચો, સુખી, પ્રેમી, પવિત્ર તથા સર્વ કાર્યમાં લાભ મેળવનાર થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો ઐશ્વર્યયુક્ત, ગુણવાન, શાસ્ત્ર જાણનાર, ધર્મિષ્ઠ તથા લોકપ્રિય થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો પાપી, ક્રૂર, પરસ્ત્રીગામી અને અંગોની ખોડવાળો થાય છે.

નવમા સ્થાનમાં હોય તો તપસ્વી, વ્રતધારી, વિદ્યાવાન તથા લોક વિખ્યાત થાય છે.

દસમા સ્થાનમાં હોય તો તે અનેક પુત્રોવાળો ધનવાન, ઐશ્વર્યવાળો, ઢોરઢાંખરવાળો, જમીનદાર તથા લોકોમાં વિખ્યાત થાય.

અગિયારમા સ્થાનમાં હોય તો લાભ થાય, તંદુરસ્ત રહે, દૃઢ, ગુસ્સો કરનાર, સ્ત્રીમાં આસક્ત તથા અસ્ત્ર વાપરવાનું જાણનાર થાય.

બારમા સ્થાનમાં હોય તો તે દુષ્ટ, અતિ અભિમાની, દુર્બુદ્ધિ, નિર્લજ્જ, પરસ્ત્રીગામી અને સદા નિર્ધન રહે. (૩૮–૪૯)

કેતુ (અપ્રકાશગ્રહ) ફળ

કેતુ (અપ્રકાશગ્રહ) લગ્નમાં હોય તો જન્મનાર સર્વ વિદ્યામાં નિપુણ, સુખી, બોલવામાં ચતુર લોકપ્રિય અને સર્વકામમાં પૂર્ણ થાય છે.

બીજા સ્થાનમાં હોય તો વક્તા, મધુરભાષી સુંદર, કવિ, પંડિત સ્વમાની, વિનયી અને વાહન બાબતમાં સુખી થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો કંજુસ, કુકર્મી, દુબળો, નિર્ધન તથા ગંભીર રોગવાળો થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો સુંદર, ગુણવાન, સાત્વિક, વેદ જાણનાર તથા સદા સુખી થાય છે.

પાંચમા સ્થાનમાં હોય તો સુખી, વિલાસી, કલાઓનો જાણનાર, યુક્તિબાજ, બુદ્ધિમાન, વક્તા અને ગુરુભક્ત થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય માતૃકુલનાશક, શત્રુઓ જીતનાર, ઘણા ભાઈઓવાળો, શૂરવીર, સુન્દર અને ચતુર થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો જુગારી, કામી, વિલાસી અને વેશ્યામાં મગ્ન રહે છે.

આઠમા સ્થાનમાં હોય તો કુકર્મી, પાપી, નિર્લજ્જ બીજાની નિન્દા કરનાર અને સ્ત્રીના સુખ વગરનો થાય છે.

નવમા સ્થાનમાં હોય તો વૈષ્ણુવ આદિ વેષધાળ, પ્રસન્ન ચિત્તવાળો, સર્વજીવોનું કલ્યાણ કરનાર તથા ધર્મકાર્યમાં નિપુણ થાય છે.

દસમા સ્થાનમાં હોય તો સુખી અને ભાગ્યશાળી, સ્ત્રીઓને પ્રિય, દાતા, બ્રાહ્મણોની સંગતિ કરનાર થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો નિત્ય લાભ કરનાર, ધર્માત્મા ધનવાન, સુંદર, શૂરવીર, સત્કર્મકરનાર તથા મહાપંડિત થાય છે.

બારમા સ્થાનમાં હોય તો પાપી, શૂરવીર, શ્રદ્ધાહિન અને દયાહીન, પરસ્ત્રીગામી તથા ઘાતકી થાય છે. (૫૦-૬૧)

ગુલિક ફલ

ગુલિક લગ્નમાં હોય તો રોગી, કામી, પાપી, શઠ, દુષ્ટ સ્વ-

ભાવવાળો તથા અતિ દુઃખી થાય છે.

બીજા સ્થાનમાં હોય તો વિકૃત, દુઃખી, હલકટ, વ્યસની, નિર્લજ્જ અને નિર્ધન થાય છે.

ત્રીજા સ્થાનમાં હોય તો સુંદર ગામનો માલિક, પુણ્યવાન, સજ્જનોમાં પ્રિય અને રાજાનો માનીતો થાય છે.

ચોથા સ્થાનમાં હોય તો રોગી, સુખ વગરનો પાપી, વાત અને પિત્ત રોગથી પીડિત થાય છે.

પાંચમા સ્થાનમાં હોય તો નિન્દા કરનાર, નિર્ધન, અલ્પ બુદ્ધિવાળો, દ્વેષી, શુદ્ર, વીર્યહીન, સ્ત્રીને વશ રહેનાર તથા નાસ્તિક હોય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો શત્રુ વગરનો પુષ્ટ દેહવાળો, તેજસ્વી, સ્ત્રીને પ્રિય, ઉત્સાહી, સ્થિર અને લોકહિત કરનાર થાય છે.

સાતમા સ્થાનનાં હોય તો સ્ત્રીને વશ રહેનાર, મહાપાપી, વ્યભિચારી, દુબળો, મૈત્રી વગરનો તથા સ્ત્રીના ધનથી જીવનાર થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો ક્ષુધાથી પીડિત, દુઃખી, ક્રૂર, જીર્ણ રોગવાળો, નિર્દય, નિર્ધન અને નિર્ગુણ થાય છે.

નવમા સ્થાનમાં હોય તો તે ભારે કષ્ટ સહન કરનાર, દુબળા દેહવાળો, કુકર્મી, નિર્દય તથા ચુગલીખોર થાય છે.

દસમા સ્થાનમાં હોય તો તે પુત્રવાન, સુખી, વિલાસી, દેવભક્ત અગ્નિહોત્રી, યોગી અને સુખી થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો સુખી, વિલાસી, લોકોનો આગેવાન, બંધુઓ પર ઉપકાર કરનાર, ધીંગણો તથા સર્વત્ર પૂજ્ય થાય છે.

બારમા સ્થાનમાં હોય તો નીચ કર્મ કરનાર, પાપી, અંગહીન, ભાગ્યહીન, આળસુ અને નીચ લોકો સાથે સંગ કરનાર થાય છે. (૬૨–૭૩)

પ્રાણપદનાં ફલ

પ્રાણપદ લગ્નમાં હોય તો જન્મ પામનાર દુર્બલ, રોગી, મૂંગો, પાગલ, જડ અંગોવાળો, અંગની ખોડવાળો, દુઃખી અને દુબળો થાય.

બીજા સ્થાનમાં હોય તો તે સમૃધ્ધ, ધનવાન, ખૂબ નોકરોવાળો, ખૂબ સંતાનવાળો તથા ભાગ્યશાળી થાય.

ત્રીજા સ્થાનમાં હોય તો હિંસક, અહંકારી, નિષ્ઠુર, મલિન, તથા ગુરુભક્તિ વગરનો થાય.

ચોથા સ્થાનમાં હોય તો તે સુખી, સહુને પ્રિય, મિત્ર સ્ત્રીઓનો પ્રિય, ગુરુભક્ત, ઠંડા સ્વભાવનો તથા સત્યવાદી થાય છે.

પાંચમા સ્થાનમાં હોય તો તે સુખ ભોગવનાર, સારાં કામ કરનાર, સેવાભાવી તથા દયાળુ તથા તમામ પ્રકારની અભિલાષાઓવાળો થાય છે.

છઠ્ઠા સ્થાનમાં હોય તો બંધુઓ અને શત્રુઓને વશ રાખનાર તીક્ષ્ણ, નબળી પાચનશક્તિવાળો, નિર્દય અને લુચ્ચો, રોગી, કરકસરવાળો તથા ઓછા આયુષ્યવાળો થાય છે.

સાતમા સ્થાનમાં હોય તો તે ઈર્ષ્યાળુ, સદાય કામી, ક્રોધી, મોટા શરીરવાળો પ્રસન્ન કરવામાં મુશ્કેલ અને ખરાબ બુધ્ધિવાળો થાય છે.

આઠમા સ્થાનમાં હોય તો રોગથી સંતાપ પામેલા અંગવાળો, રાજાથી પીડા પામનાર તથા નોકરો, સગાં અને પુત્રોથી દુઃખ પામનાર થાય છે.

નવમા સ્થાનમાં હોય તો પુત્રવાન, સંપત્તિવાન, નસીબદાર, સુંદર દેખાવવાળો, નોકરી કરનાર, સરલ હૃદયવાળો તથા પંડિત થાય છે.

દસમા સ્થાનમાં હોય તો બળવાન, બુદ્ધિમાન, રાજકાર્યમાં ચતુર, પંડિત અને દેવતાઓનો ભક્ત થાય છે.

અગિયારમા સ્થાનમાં હોય તો વિખ્યાત, ગુણવાન, પંડિત, વિલાસી, કૃપાળો તથા માતાને પ્રિય થાય છે

બારમા સ્થાનમાં હોય તો ક્ષુદ્ર, દુષ્ટ, અંગહીન, બંધુઓનો દ્વેષી, નેત્રરોગી, કે કાણો થાય છે. (૭૪-૮૫)

આવી રીતે ધૂમ આદિ પ્રાણુપદ સુધી ગ્રહોના સ્થાન પરથી ફલ મેં કહ્યાં, આનો અગાઉથી વિચાર કરી સૂર્ય આદિ પ્રકાશગ્રહના સ્થાનનાં ફલ સમજવા જોઈએ. અર્થાત્ સૂર્ય આદિ પ્રકાશગ્રહોના સ્થાનનાં ફલ શુભ હોય તથા એના સ્થાનનું ફલ જો અપ્રકાશગ્રહથી પણ શુભ હોય તો અતિ શુભ. એકથી શુભ, એકથી અશુભ હોય તો સ્થાનના ફલ મધ્યમ તથા બંનેથી અશુભ હોય તો અતિ અશુભ સમજવું. (૮૬-૮૭)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં અપ્રકાશ ગ્રહોના ફલ વિશે વિચાર નામનો પચીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૨૬

ગ્રહસ્ફુટ દૃષ્ટિકથન

મૈત્રેય બોલ્યા :

હે ભગવાન, દૃષ્ટિ કેટલા પ્રકારની હોય છે? તથા બલ કેટલા પ્રકારનું હોય છે? આ પ્રમાણે મને સંશય થયો છે અને એ સંશય દૂર કરવા આપ યોગ્ય છો.

પરાશર બોલ્યા :

હે વિપ્ર, એક દૃષ્ટિ મેં રાશિ અનુસાર કહી છે અને બીજી દૃષ્ટિ ગ્રહોની સ્વભાવસિદ્ધ હોય છે. એમનું હું સ્પષ્ટીકરણ કરું છું. ગ્રહ પોતપોતાના આશ્રિત સ્થાનથી ત્રણ અને દસનો એક ચરણથી, ૫, ૯ ને બે ચરણથી, ૪, ૮ ને ત્રણ ચરણથી અને સાતને ચાર ચરણથી જુએ છે. આમાં વિશેષતા એ છે કે શનિ ૩, ૧૦ ને ગુરુ ૫, ૯ ને અને મંગળ ૮, ૪ ને પણ પૂર્ણ દૃષ્ટિથી–ચાર ચરણથી જુએ છે. આવી રીતે સ્થાનવશ અન્તરથી સામાન્ય દૃષ્ટિ છે. સ્પષ્ટ અન્તર પરથી અનુમાન દ્વારા જે દૃષ્ટિ હોય છે તે સ્પષ્ટ દૃષ્ટિ કહેવાય છે. (૧–૫)

શેષ ભાષ્ય : ૧ થી ૫ શ્લોકમાં જે દૃષ્ટિનો વિચાર છે તેમાં :–

(૧) પ્રત્યેક ગ્રહ પોતાનાથી ૭ ને પૂર્ણ જુએ છે.

(૨) શનિ ૩–૧૦

ગુરુ ૫–૯

મંગળ ૪–૮ વધુમાં વિશેષ દૃષ્ટિથી જુએ છે.

ઉપરાંત દરેક ગ્રહ ૩ ને ૧૦ ને એક ચરણ યાને ૨૫%, ૫–૯ ને ૫૦% અને ૪–૮ ને ૩ ચરણ ૭૫% જુએ છે.

જે ગ્રહ જુએ છે તે દૃષ્ટા તથા જેને જુએ છે તે દૃશ્ય કહેવાય છે. ગ્રહોની સ્પષ્ટ દૃષ્ટિ જાણવી હોય તો દૃષ્ટ ગ્રહ (સ્પષ્ટ રાશિ આદિ) ને દૃશ્ય ગ્રહ કે ભાવ (રાશિ આદિ) માંથી બાદ કરી જે શેષ છ રાશિથી અધિક હોય તો એને ૧૦ રાશિમાંથી બાદ કરી શેષને અંશાત્મક બનાવી એમાં એનો ભાગ આપીને લબ્ધિ સ્પષ્ટ દૃષ્ટિ સમજવી. જો દૃષ્ટા અને દૃશ્યનું અંતર પાંચ રાશિથી અધિક હોય તો રાશિને છોડી દઈને કેવળ અંશાદિને બનણા કરવાથી દૃષ્ટિ થાય છે. જો અંતર ચાર રાશિથી વધારે હોય તો એને દૃષ્ટિ પાંચ રાશિમાં ઘટાવી શેષ અંશ તુલ્ય થાય છે. જો અંતર ત્રણ રાશિથી વધારે હોય તો તેને ચાર રાશિમાં ઘટાવી શેષ અંશના અર્ધને ૩૦ માં ઉમેરવાથી દૃષ્ટિ થાય છે. જો અન્તર એથી વધારે હોય તો રાશિને છોડી દઈને કેવળ અંશને ૧૫ માં ઉમેરવાથી દૃષ્ટિ થાય છે. જો અન્તર ૧ રાશિથી વધારે હોય તો રાશિને છોડી દઈને અંશાદિને એ વડે ભાગવાથી લબ્ધિ સ્પષ્ટ દૃષ્ટિ થાય છે. જો અન્તર ૧૦ રાશિથી અધિક અને એકથી ઓછું હોય તો દૃષ્ટિ શૂન્ય થાય છે. (૬-૮½)

શેખર ભાષ્ય : જોનાર ગ્રહ દૃષ્ટા છે અને જેને જુએ તે દૃશ્ય કહેવાય છે. હવે પછી ગણિતનો વિષય છે તે ગણિતજ્ઞો માટે છે.

શનિની દૃષ્ટિમાં વિશેષતા

હે દ્વિજ, જો શનિ દૃષ્ટા હોય અને દૃશ્યની સાથે અંતર કરવાથી રાશિ સ્થાનમાં ૧ હોય તો એની આગળ જે ભુક્તાંશ હોય એને બમણા કરવાથી તથા ૯ રાશિ હોય તો ભાગ્ય અંશોને બમણા કરવાથી સ્પષ્ટ દૃષ્ટિ થાય છે. જો ૨ રાશિ હોય તો ભુક્તાંશના અર્ધાને ૬૦ માંથી બાદ કરવાથી તથા ૮ રાશિ હોય તો ભુક્તાંશને ૩૦ માં ઉમેરવાથી સ્પષ્ટ દૃષ્ટિ થાય છે. બાકીની શેષોમાં અગાઉની રીતે જ દૃષ્ટિ સાધન કરવું. (૯–૧૦)

મંગળની દૃષ્ટિની વિશેષતા

મંગળને દૃશ્યમાં બાદ કરવાથી જો રાશિ સ્થાનમાં ૩ કે ૭ હોય તો ભુક્તાંશને ૬૦ માંથી બાદ કરવાથી, જો બે રાશિ હોય તો ભુક્તાંશોને દોઢા કરીને ૧૫ માં ઉમેરવાથી તથા ૬ રાશિ બાકી હોય તો પૂર્ણ (૬૦) બળ થાય છે. (૧૧)

ગુરુની દૃષ્ટિની વિશેષતા

ગુરુને દૃશ્યમાં બાદ કરવાથી જો ૩ કે ૭ શેષ રાશિ બચે તો ભુક્તાંશોના અર્ધાને ૪૫માં ઉમેરવાથી તથા ૪ કે ૮ શેષ બચે, તો ભુક્તાંશોને ૬૦ માંથી બાદ કરવાથી સ્પષ્ટ દૃષ્ટિ થાય છે. બીજી રાશિ શેષ હોય તો અગાઉ પ્રમાણે દૃષ્ટિ સાધન કરવું જોઈએ.

આવી રીતે સૂર્ય આદિ ગ્રહોની સ્પષ્ટ દૃષ્ટિ થાય છે. એ દૃષ્ટને અનુસાર જ સ્થાનોનું ફળ કહેવું જોઈએ. (૧૨–૧૩)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં સ્ફુટદૃષ્ટિ કથન વિશે વિચાર નામનો ૨૬ મો અધ્યાય સંપૂર્ણ.

★

અધ્યાય : ૨૭

સ્પષ્ટ બલ :

પરાશર બોલ્યા :

હે મૈત્રેય, હવે હું ગ્રહોનાં બલ વિશે કહું છું. ઉચ્ચ બલ બનાવવા માટે સ્પષ્ટ ગ્રહમાં પોતાના નીચ (રાશિ આદિ)ને બાદ કરી શેષ ૬ રાશિથી કમ હોય તો એના જ, ને ૬ રાશિથી વધારે હોય તો, તો એને ૧૨ રાશિમાં બાદ કરીને બાકીના અંગ બનાવી એમાં ૩ નો ભાગ કરવાથી કલાદિ ઉચ્ચ બલ થાય છે. તથા ગ્રહ ને પોતાના મૂલ ત્રિકોણમાં હોય તો ૪૫, સ્વગૃહમાં હોય તો ૩૦, અધિમિત્રના ઘરમાં હોય તો ૨૦, મિત્રના ઘરમાં ૧૫, સમગૃહમાં ૧૦, શત્રુસ્થાનમાં ૪ અને અધિશત્રુસ્થાનમાં ૨ બલ થાય છે.

આવી જ રીતે સ્વ, અધિમિત્રાદિ હોરા, દ્રેષ્કાણ, સપ્તમાંશ, નવાંશ, દ્વાદશાંશ અને ત્રિશાંશના બલ બનાવીને સર્વના યોગ સપ્તવર્ગજ બલ કહેવાય છે. (૧–૪)

યુગ્મયુગ્માંશ બલ

શુક્ર અને ચન્દ્ર સમ રાશિ અને સમનવમાંશમાં તથા અન્ય ગ્રહ વિષમ રાશિ, વિષમ નવાંશમાં ૧ ચરણ (૧૫ કલા) બલ આપે છે. (૫½)

કેન્દ્રાદિ બલ

કેન્દ્રમાં રહેલા ગ્રહ પૂર્ણ (૬૦) ફણફરમાં ૩૦, આપોક્લિમમાં ૧ ચરણ (૧૫) બલ હોય છે. (૫)

દ્રેષ્કાણ

પુરુષ ગ્રહ (૨. મં. ગુ) પ્રથમ દ્રેષ્કાણમાં નપુંસક (બુ. શ.) દ્વિતીય દ્રેષ્કાણમાં અને સ્ત્રીગ્રહ (શુ. ચં.) ત્રીજા દ્રેષ્કાણમાં ૧ ચરણ (૧૫) બલ આપે છે. અર્થાત ભિન્ન દ્રેષ્કાણમાં બલનો અભાવ સમજવો. (૬)

દિગ્બલ

સૂર્ય અને મંગલમાં ચોથા ભાવને, ગુરુ અને બુધમાં સાતમા ભાવને, શુક્ર અને ચન્દ્રમાં દસમા ભાવને અને લગ્નમાં શનિને ઘટાવીને ૬ રાશિથી કમ હોય તો તેને, જો ૬ રાશિથી અધિક શેષ હોય તો ૧૨ રાશિમાં ઘટાવીને એના અંશને ૩ થી ભાગવાથી ગ્રહનું દિગ્બલ થાય છે. (૭–૭½)

કાળબળ

મધ્યરાત્રિ અને ઇષ્ટ કાળનું અન્તર હોય તો તે ઉન્નત, તથા ઉન્નતને ૩૦ ઘડીમાં ઘટાવવાથી નત થાયછે. ઘડી આદિ નતકાળમાં ૬બલ કરવાથી ચન્દ્ર, મંગલ અને શનિનું બળ અને એને ૬૦ માં ઘટાવવાથી રવિ, ગુરુ,શુક્રનું નતોન્નત બળ થાય છે. પરંતુ બુધનું સર્વદા પૂર્ણ (૬૦ કલા,) જ નતોન્નત બળ થાય છે. (૮–૯)

પંચબળ

સૂર્યને ચન્દ્રમામાં ઘટાવવાથી શેષ છથી અધિક હોયતો પછી ૧૨માં ઘટાવવાથી જે શેષ બચે એના અંશાદિ બનાવીને ૩નો ભાગ કરવાથી શુભગ્રહોનું પક્ષબળ અને શુભ ફળને ૬૦ માં ઘટાવવાથી શેષ પાપગ્રહોનું પક્ષબળ થાય છે. (૧૦–૧૧)

દિન રાત્રિ વિભાગ બળ

દિવસના પ્રથમ તૃતીયાંશમાં બુધનું, બીજા તૃતીયાંશમાં શનીનું પૂર્ણ બળ (૬૦) થાય છે. તથા રાત્રિના પ્રથમ તૃતીયાંશમાં ચન્દ્રનું, બીજા તૃતીયાંશમાં શુક્રનું અને ત્રીજા તૃતીયાંશમાં મંગળનું પૂર્ણ બળ હોવું જોઈએ. (૧૨)

વર્ષ-માસ-દિન-હોરા બળ તથા નૈસર્ગિક બળ

વર્ષપતિના ૧૫, માસપતિના ૩૦, દિનપતિના ૪૫ અને હોરાપતિના ૬૦ બળ થાય છે અને નૈસર્ગિકબળ અગાઉ કહેવામાં આવ્યું છે. (૧૩)

નૈસર્ગિક બળનું સ્પષ્ટમાન

૬૦ કલામાં ૭ નો ભાગ કરવાથી જે આવે તેને ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ ગણા કરવાથી ક્રમ પ્રમાણે શનિ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, ચન્દ્ર અને સૂર્યના સ્પષ્ટ નૈસર્ગિક બળ થાય છે. (૧૪)

આયન બલને માટે ૪૫, ૩૩, ૧૨ એ ત્રણ ખંડાંશ છે. ગ્રહમાં અયનાંશ ઉમેરી એના ભુજ બનાવો. ભુજમાં રાશિતુલ્ય ખંડનો યોગ કરો. પછી અંશાદિથી અગ્રિમ ખંડને ગુણીને ૩૦નો ભાગ કરવાથી લબ્ધ અંશાદિને પૂર્વોક્ત યોગમાં મેળવીને અંશાદિ સમજવા. તે ૩૦ થી વધારે હોય તો એને રાશિ આદિ બનાવીને શનિ અને ચન્દ્ર, તુલાદિ ૬ રાશિમાં હોય તો ૩ રાશિમાં ઉમેરો અને મેષાદિ ૬ રાશિમાં હોય તો પૂર્વફળને ૩ રાશિમાં ઘટાવો; રવિ, મંગલ, ગુરુ, શુક્ર હોય તો મેષાદિમાં ૩ રાશિ ઉમેરો; તુલાદિમાં ઘટાવો, બુધ હોય તો સદા ૩ રાશિમાં ફલને જોડો અને જોડ ઘટાવીને રાશિ આદિ હોય એને અંશાત્મક બનાવીને એમાં ૩ નો ભાગ આપવાથી લબ્ધિ અયનબલ થાય છે. (૧૫-૧૭)

વિશેષ

સૂર્યનું જેટલું અયનબલ થાય છે એટલું જ એનું ચેષ્ટાબલ અને ચન્દ્રનું જેટલું પક્ષબલ એટલું જ એનું ચેષ્ટાબલ પણ કહેવામાં આવ્યું છે. (૧૮)

દૃગ્બલ

ગ્રહ પર શુભ ગ્રહોના દૃષ્ટિયોગના ચતુર્થાંશ બલૈક્યમાં ઉમેરવાથી તથા પાપગ્રહોની દૃષ્ટિના ચતુર્થાંશ ઘટાડવાથી ગ્રહોનું બળ થાય છે. (૧૯)

મંગલાદિ ૫ ગ્રહોમાં જો રાશિ અંશકલા તુલ્ય હોય તો યુદ્ધ કહેવાય છે. જે બે ગ્રહોમાં યુદ્ધનું લક્ષણ હોય એ બંનેને ષડબલૈક્યના અંતરવિજેતા ગ્રહના બળમાં ઉમેરવાથી અને પરાજિત ગ્રહના બળમાં ઘટાડવાથી સ્પષ્ટ બળ થાય છે. (૨૦)

ગ્રહોની ગતિ અને ગતિબળ સંસ્કાર

ગ્રહોની ગતિના ૮ ભેદ છે. વક્રા, અનુવક્રા, વિકલા, મન્દા, મંદતરા, સમા, ચર, અતિચરા, વક્રગતિ ગ્રહના ૬૦, અતિવક્રના ૩૦, વિકલ (શૂન્ય) ગતિના ૧૫, મધ્યમ ગતિ ગ્રહના ૩૦, મંદગતિના ૧૫, મન્દતર ગતિના ૭-૩૦, ચર ગતિ ગ્રહના ૪૫ અને અતિચારી ગ્રહના ૩૦ બળ થાય છે. આ રીતે ગ્રહોની ગતિ અનુસાર ગતિબળ પણ સંસ્કાર કરીને સ્પષ્ટ બળ સમજવું. (૨૧-૨૨-૨૩)

મધ્યમ અને સ્પષ્ટ રાશિઆદિ ગ્રહયોગના અર્ધા કરીને એને પોતપોતાના શીઘ્રોચ્ચમાં ઘટાવવાથી મંગલાદિ ૫ ગ્રહોના ચેષ્ટાકેન્દ્ર થાય છે. તે જો ૬ રાશિથી અધિક હોય તો એને ૧૨માં ઘટાવીને શેષને અંશાત્મક બનાવીને એમાં ૩નો ભાગ આપવાથી ચેષ્ટાબળ થાય છે. આવી રીતે સ્થાન બળ, દિગ્બળ, કાળબળ, દૃગ્બળ, ચેષ્ટાબળ અને નિસર્ગબળ એ ૭ પ્રકારના બળ થાય છે. (૨૪-૨૫).

આવી રીતે મેં ગ્રહોનાં સ્પષ્ટ બળનું સાધન કહ્યું

હવે ભાવોનાં સ્પષ્ટ બલનું સાધન કહું છું. જે સ્થાનનું બળ જાણવું હોય એમાં કન્યા, મિથુન, તુલા, કુંભ કે ધન રાશિનો પૂર્વાર્ધ હોય એમાં સાતમા સ્થાનની રાશિ આદિને ઘટાવો. જો મેષ, વૃષભ, સિંહ, મકરના પૂર્વાર્ધ કે ધનના ઉત્તરાર્ધ હોય તો એમાં ચોથા સ્થાનને તથા જો સ્થાનના કર્ક, વૃશ્ચિક હોય તો એમાં લગ્નને, જો મકરના ઉત્તરાર્ધ અને મીન હોય તો એ સ્થાનમાં દસમા સ્થાનને ઘટાવીને શેષને અંશાત્મક બનાવીને એમાં ૩નો ભાગ આપવાથી લબ્ધિબળ થાય છે. જો શેષ ૬ રાશિથી અધિક હોય તો એને ૧૨ રાશિમાં ઘટાવીને શેષને અંશાત્મક બનાવી એમાં ૩નો ભાગ કરવાથી લબ્ધિસ્થાનનું બળ થાય છે. એમાં એ સ્થાન પર જેટલા શુભ ગ્રહોની દૃષ્ટિ હોય એના ચોથા ભાગને ઉમેરવો અને પાપગ્રહોની દૃષ્ટિ હોય તો એના ચતુર્થાંશને ઘટાવવા અને બુધ, ગુરુની દૃષ્ટિ હોય તો એને પણ બધામાં ઉમેરવા. પછી એમાં પોતાના સ્વામીના બળને ઉમેરવું. આથી સ્થાનનું સ્પષ્ટ બળ થાય છે. સામાન્ય બળ અગાઉ કહેવામાં આવ્યું છે. (૨૬–૨૭–૨૮–૨૯)

જે સ્થાન બુધ કે ગુરુની સાથે હોય એના બળમાં ૧ અર્થાત્ ૬૦ કળા બળ ઉમેરવા તથા જે સ્થાનમાં શનિ, મંગળ, અને રવિ હોય તો એના બળમાં (૬૦) કળા ઓછી કરવી જોઈએ. અને દિવસે દૃષ્ટિકાળ હોય તો શીર્ષોદય રાશિભાવ, અને સન્ધ્યા સમયે ઉભયોદય રાશિભાવ અને રાત્રીમાં દૃષ્ટિ હોય તો પૃષ્ઠોદય રાશિભાવ ૧ ચરણ બળ આપે છે. અર્થાત એના બલૈક્યમાં ૧ ચરણબળ ઉમેરવું જોઈએ. (૩૦–૩૧)

આવી રીતે સૂર્ય આદિ ગ્રહોના ષડ બલૈક્ય જો ક્રમશઃ સૂર્ય ૩૬૦, ચન્દ્ર ૩૬૦, મંગળ ૩૦૦, બુધ ૪૨૦, ગુરુ ૩૬૦, શુક્ર ૩૩૦ અને શનિ ૩૦૦ આટલા હોય તો સુબલી તથા એનાથી અધિક હોય તો પૂર્ણબળી કહેવાય છે. અર્થાત એનાથી કમ બળ હોય તો અનુમાનથી મધ્યબળી કે અલ્પબળી સમજવા જોઈએ. (૩૨–૩૩)

સ્થાનબળ, દિગ્બળ, કાળબળ, ચેષ્ટાબળ અને અયનબળમાં ગુરુ, બુધ અને રવિના ક્રમથી ૧૬૫, ૩૫, ૫૦,૧૧૨, ૩૦ આટલા હોય તો સુબળી અને શુક્ર ચન્દ્રના ૧૩૩, ૫૦, ૩૦, ૧૦૦, ૪૦ હોય તો સુબળી, મંગળ, શનિના ૯૬, ૩૦, ૪૦, ૬૭, ૨૦ સ્થાન આદિબળ હોય તો સુબળી સમજવા. (૩૪–૩૫–૩૬)

ભાવ ફળપ્રદ ગ્રહ

હે દ્વિજ, આવી રીતે ગ્રહોનું બલૈક્ય કરીને પછી તદનુસાર ફળ કહેવું જોઈએ. અગાઉ જે સ્થાન અને ગ્રહોની સ્થિતિ પરથી યોગ કહેવામાં આવ્યા છે એ સ્થાનના યોગકારક ગ્રહોમાં જે સહુથી બળવાન હોય તે જ કર્તા (યોગકારક) થાય છે અને તે જ પોતાના ગુણ અનુસાર ફળ આપે છે. જ્યારે એક જ ભાવના અનેક ગ્રહ; અનેક યોગકારક હોય તો ત્યાં આ જ નીતિ કહેવામાં આવી છે. (૩૭-૩૮)

જે વ્યક્ત–અવ્યક્ત ગણિતમાં નિપુણ, શબ્દશાસ્ત્રમાં પૂર્ણ કાળ કર્યો હોય, ન્યાય જાણતો હોય, બુદ્ધિમાન હોય, દેશ–દિશા–કાળનો જાણનાર હોય, જિતેન્દ્રિય હોય, તર્ક કરવામાં કુશળ હોય તથા જેણે જાતક શાસ્ત્રનું મનન કર્યું હોય તે સાચું ફલાદેશ કરી શકે છે એમાં સંશય નથી. (૩૯–૪૦)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં સ્પષ્ટ બળ સાધન વિશે વિચાર નામનો ૨૭મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૨૮

ઇષ્ટ અને કષ્ટ

પરાશર બોલ્યા :

હવે હું ગ્રહોના ઇષ્ટ, અનિષ્ટ ફળ કહું છું જે અનુસાર ગ્રહ, સ્થાન અને દશાના શુભાશુભ ફળ આપે છે. (૧)

ગ્રહમાં પોતાના નીચને ઘટાડીને ૬ થી કમ હોય તો એની જ, ૬ રાશિથી અધિક હોય તો એને ૧૨ રાશિમાં ઘટાડીને શેષ રાશિ આદિની રાશિ સંખ્યામાં ૧ ઉમેરવાથી અને અંશાદિને બમણા કરવાથી ઉચ્ચરશ્મિ થાય છે. (૨)

પોતપોતાના ચેષ્ટા કેન્દ્ર પરથી ઉચ્ચ રશ્મિના સમાન જ ચેષ્ટારશ્મિ બનાવવા મંગલાદિ ગ્રહોના ચેષ્ટાકેન્દ્ર હું અગાઉ કહી ચૂકયો છું. સાધન સૂર્યમાં ૩ રાશિ જોડવાથી રવિના ચેષ્ટા કેન્દ્ર અને ચન્દ્રમામાં સૂર્યને ઘટાવવાથી ચન્દ્રનું ચેષ્ટા કેન્દ્ર થાય છે. ચેષ્ટા કેન્દ્ર ૬ રાશિથી અધિક હોય તો એને ૧૨ રાશિમાં ઘટાવવાથી બાકીની રાશિમાં ૧ ઉમેરવાથી અને અંશાદિને બમણા કરવાથી ચેષ્ટારશ્મિ થાય છે. (૩-૪)

ઉપરના ઉચ્ચ અને ચેષ્ટારશ્મિના યોગના અર્ધા શુભ રશ્મિ તથા એને ૮માં ઘટાવવાથી બાકીના અશુભ રશ્મિ કહેવાય છે. (૫)

ઉચ્ચ રશ્મિ અને ચેષ્ટારશ્મિમાં એક, એક ઘટાવીને બાકીનાને ૧૦ ગણા કરી યોગ કરીને એના અર્ધા કષ્ટ થાય છે અને કષ્ટને ૬૦ માં ઘટાવવાથી બાકીના કષ્ટ થાય છે. (૬)

ગ્રહ ઉચ્ચમાં હોય તો ૬૦, મૂલ ત્રિકોણમાં હોય તો ૪૫, સ્વગૃહમાં ૩૦, અધિમિત્રગૃહમાં ૨૨, મિત્ર રાશિમાં ૧૫, સમરાશિમાં ૮, શત્રુરાશિમાં ૪, અધિશત્રુરાશિમાં ૨ અને નીચમાં શૂન્ય ગૃહાંક સમજવા. આવી રીતે શુભગૃહાંક થાય છે. એને ૬૦ મા ઘટાવવાથી અશુભગૃહાંક થાય છે. આવી રીતે હોરાદિ ષડ્વર્ગમાં જે અંક પ્રાપ્ત થાય એના અર્ધા કરીને રાખવા જોઈએ. (૭-૮-૯)

કોઈપણ ગ્રહ ઉચ્ચ, મૂલ ત્રિકોણ, સ્વગૃહ, અધિમિત્ર અને મિત્ર એ પાંચ સ્થાનોમાં શુભ, સમગૃહમાં સમ તથા શત્રુ, અધિશત્રુ અને નીચ એ ત્રણ સ્થાનોમાં અશુભ થાય છે. (૧૦)

અહીંનું જે દિગ્બળ છે એને જ દિગ્ફળ તથા દિનબળને જ દિનફળ સમજવું. પરંતુ જેટલું બળ હોય તે શુભ ફળ તથા એને ૬૦ માં ઘટાવીને શેષને અશુભ ફળ સમજવું. જો શુભ અધિક હોય તો ગ્રહોની દશાનાં ફળ અને સ્થાનોનાં ફળ શુભ તથા અશુભ અધિક હોય તો દશા ફળ, સ્થાન ફળને અશુભ સમજવું. (૧૧-૧૨)

આવી રીતે હોરાદિ વર્ગના ફળને પૃથક્ પૃથક્ બળથી ગુણીને એના યોગમાં ષડ્બલૈક્યથી ભાગવાથી લબ્ધિ સમાન શુભ અને અશુભ ફળ સમજવું. તથા પોતપોતાના શુભ અને અશુભ ફળથી પોતપોતાની દૃષ્ટિને અને પોતપોતાના બળને ગુણવાથી ક્રમના શુભ દૃષ્ટિ, અશુભ દૃષ્ટિ અને શુભ બળ, અશુભ બળ થાય છે. (૧૩-૧૪)

જેવી રીતે ગ્રહને શુભ અને અશુભ ફળ હોય છે તેમ સ્થાનોનું ફળ પણ સમજવું. સ્થાનના પોતાના અને સ્વામીના બંને ફળ યોગ કરવાથી ફળ થાય છે. જો સ્થાનમાં કોઈ શુભ ગ્રહ હોય તો સ્થાન

સંબંધી ફળને શુભ ફળમાં ઉમેરવાથી અને અશુભ ફળમાં ઘટાડવાથી વાસ્તવિક શુભ અને અશુભ થાય છે. જો પાપગ્રહ સ્થાનમાં હોય તો વિપરીત (અશુભ ફળમાં ઉમેરવાથી અને શુભ ફળમાં બાદ કરવાથી) શુભ, અશુભ સ્પષ્ટ થાય છે. આવી રીતે દૃષ્ટિ અને બળ પણ સમજવું. તથા જો ગ્રહ ઉચ્ચાદિ સ્થાનમાં હોય તો પણ ફળને શુભ ફળમાં ઉમેરવું અને અશુભ ફળમાં બાદ કરવું તથા નીચાદિમાં ગ્રહ હોય તો વિપરીત ક્રિયા કરવી. અષ્ટ વર્ગમાં પણ અધિક શુભ (સ્થાન)માં ઉમેરવું અને અધિક કરણ (અશુભ)માં ઘટાડવું. જો એક સ્થાનમાં ૨ રાશિ હોય તો બંને રાશિઓના સ્વામીઓ અનુસાર ક્રિયા કરવી જોઈએ. આ બંને રાશિઓમાં જેમાં અધિક સ્થાન (અષ્ટવર્ગ રેખા) હોય તે ભાવ ફળનો લાભ થાય છે. જો બંને રાશિઓમાં સ્થાન (રેખા) અધિક હોય તો બંને ગ્રહોના ફળ યોગનું અર્ધું ફળ મળે છે. આવી રીતે શુભ-અશુભ સમજીને જન્મનારનું ફળ કહેવું (૧૫-૨૦)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં ઇષ્ટ અને કષ્ટ વિશે વિચાર નામનો અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૨૯

પદ વિષે વિચાર

પરાશર બોલ્યા :

હે દ્વિજ, હવે હું ભાવોના વિશેષ બળ કહેવા માટે પહેલા લગ્ન-આદિ ભાવોનાં પદ કહું છું. લગ્નથી જેટલી આગળની રાશિમાં લગ્નનો સ્વામી હોય એનાથી પછી એટલે જ આગળ જે રાશી હોય તે લગ્નનું પદ કહેવાય છે. આવી રીતે પ્રત્યેક ભાવનું પદ સમજવું જોઈએ. અર્થાત્ જે ભાવથી એનો સ્વામી જેટલો દૂર હોય એનાથી એટલે દૂર જે રાશિ હોય તે એનું પદ સમજવું. એ પદોમાં લગ્નના પદને જ મુખ્ય પદ સમજવામાં આવે છે. અર્થાત્ માત્ર 'પદ' શબ્દથી લગ્નપદ જ સમજવામાં આવે છે. (૧-૨-૩)

વિશેષતા

પરંતુ આવી રીતે સ્વસ્થાન અથવા સાતમી રાશિનું પદ થતું નથી. આથી ઉપર જણાવેલ રીતથી પોતાનું સ્થાન પદ હોય તો એ હાલતમાં દસમાને પદ સમજવું. તથા સાતમું પદ થાયતો એ હાલતમાં ચોથા ભાવને પદ સમજવું. જ્યારે ચોથા સ્થાનમાં સ્વામી હોય તો એનાથી ચોથા, સાતમા સ્થાનમાં પદત્વ પ્રાપ્ત થાય છે. આ સ્થિતિમાં ચોથા સ્થાનને પદ સમજવું તથા સ્વામી જો સાતમા સ્થાનમાં હોય

ત્યારે એનાથી સાતમું પછી પોતાનું સ્થાન હશે. એટલે આવી સ્થિતિમાં દસમા ભાવને પદ સમજવું. (૪–૫)

ગ્રહોનાં પદ

આવી રીતે જે ગ્રહથી એનું સ્થાન જેટલું આગળ હોય એનાથી એટલે આગળ એ ગ્રહનું પદ સમજવું. અને જે રાશિના બે સ્વામી હોય અથવા જે ગ્રહની બે રાશિઓ હોય એના પ્રબળ સ્વામી તથા પ્રબળ રાશિ પર્યન્ત ગણુના કરી પદ સમજવું અને તે અનુસાર ફળ કહેવું. (૬–૭)

હે વિપ્ર, હવે હું પદથી કેટલાંક સ્થાનોમાં ફળ કહું છું. પદથી કેટલાક સ્થાનમાં ગ્રહોના યોગ કે દૃષ્ટિ હોય તો જન્મનાર સુખી અને ધનવાન થાય છે. શુભ ગ્રહોનો યોગ હોય તો સુમાર્ગથી અને જો પાપગ્રહોનો યોગ હોય તો અનીતિથી ધનનો લાભ થાય છે. (૮–૯)

હે વિપ્ર, પદથી જો અગિયારમા સ્થાનમાં શુભ અને પાપ એમ બંનેય ગ્રહોનો યોગ હોય તો બંને પ્રકારે ધનલાભ થાય છે. જો તે ગ્રહ પોતાના ઉચ્ચાદિમાં હોય તો સુમાર્ગથી ઘણા પ્રકારે ધનલાભ થાય છે. જો પદથી ૧૧મા સર્વ ગ્રહોની યોગદૃષ્ટિ હોય અને ૧૨મા સ્થાનમાં કોઈ ગ્રહ જોતો ન હોય તો જન્મનાર રાજા કે રાજા સમાન થાય છે તથા વિઘ્ન વગર સર્વદા ધનલાભ થાય છે. હે વિપ્ર ૧૧મા પદમાં જેટલા વધારે ગ્રહોનો યોગ હોય એટલો જ અધિક લાભ, એમાં પણ અગિયારમા સ્થાનમાં અર્ગલ સાથે હોય તો અધિક અને અર્ગલા પણ શુભ ગ્રહ કૃત હોય તો તેથી પણ વધારે તે શુભ ગ્રહ જો પોતાના ઉચ્ચમાં હોય તો તેથી પણ વધારે, જો ૧૧મું સ્થાન પોતાના શુભ સ્વામીથી દૃષ્ટ હોય તો એવા

પ્રકારના યોગોમાં ઉત્તરોઉત્તર ભાગ્યની પ્રબળતા સમજવી જોઈએ. પરંતુ બારમા સ્થાનમાં ગ્રહનો યોગ ન હોય તો અર્થાત્ પદથી બારમા સ્થાનમાં પણ ગ્રહનો યોગ હોય તો ઉક્ત યોગમાં ગ્રહો અનુસાર ન્યૂનતા રહે છે. (૧૦–૧૫)

પદથી બાર સ્થાનનાં ફળ

હે વિપ્ર, પદથી બારમા સ્થાનમાં શુક્ર કે રાહુ હોય તો રાજાઓ દ્વારા ધનનો વ્યય થાય. બારમા સ્થાનમાં બુધ હોય અને શુભ ગ્રહથી દૃષ્ટ હોય તો સંબંધીઓ દ્વારા, જો પાપગ્રહથી દૃષ્ટ હોય તો કલહમાં વ્યય થાય છે. બારમા સ્થાનમાં ગુરુ હોય તો અને તે અન્ય ગ્રહથી દૃષ્ટ હોય તો પોતાને જ હાથે ધનનો વ્યય થાય છે. બારમા સ્થાનમાં શનિ કે મંગળ હોય કે બંને અન્ય ગ્રહોથી દૃષ્ટ હોય તો ભાઈઓ દ્વારા વ્યય થાય છે. આવા રીતે બાર સ્થાનમાં જે ગ્રહથી જેવો વ્યય કહેવામાં આવ્યો છે એવી રીતે લાભ (૧૧મા) સ્થાનમાં એ જ પ્રકારે ધનનો લાભ પણ સમજવો. (૧૬–૨૨)

પદથી સાતમા સ્થાનનું ફળ

પદથી સાતમા સ્થાનમાં રાહુ હોય કે કેતુ હોય તો જન્મનાર ઉદરરોગી થાય છે. સાતમા સ્થાનમાં કેતુ જો પાપગ્રહથી દૃષ્ટ કે તેની સાથે હોય તો જન્મનાર સાહસિક અને ધોળા વાળ વગેરે વૃદ્ધાવસ્થાની નિશાનીઓવાળો થાય છે. જો સાતમા સ્થાનમાં ગુરુ, શુક્ર, ચન્દ્ર એ ત્રણેય કે એમાંથી બે હોય અથવા એક પણ હોય તો જન્મનાર શ્રીમંત થાય છે. જો સાતમા સ્થાનમાં પોતાના ઉચ્ચગત શુભ કે પાપગ્રહ હોય તો જન્મનાર કીર્તિમાન અને ધનવાન થાય છે. હે વિપ્ર સાતમા સ્થાનમાં જે ગ્રહનું જેવું ફળ છે, તેવું જ ફળ પદથી બીજા સ્થાનમાં એનું પણ સમજવું (૨૩–૨૭)

કોઈ પણ ગ્રહ ઉચ્ચસ્થ અથવા બુધ, ગુરુ, શુક્રમાં કોઈ એક જો બીજા સ્થાનમાં હોય તો જન્મનાર ધનવાન થાય છે જે રીતે પદ કે લગ્નથી ભાવોનું ફળ કહેવામાં આવ્યું છે એવી રીતે આત્મકારકાંશથી પણ સમજવું (૨૮-૨૯)

પદથી બીજા સ્થાનમાં માત્ર શુભ ગ્રહ હોય તો તે સાર્વભૌમ રાજા અથવા સર્વજ્ઞ થાય છે. બીજામાં શુક્ર હોય તો કવિ અને વક્તા થાય છે. પદથી કેન્દ્ર યા ત્રિકોણમાં સાતમાનું પદ હોય અથવા બંને પદ સઘળા ગ્રહો સાથે હોય તો જન્મનાર ધનવાન અને વિખ્યાત થાય છે. જો પદથી ૬, ૮, ૧૨ માં સાતમાનું પદ હોય તો જન્મનાર નિર્ધન થાય છે. જો પદ કે એનાથી ૭, ૫, ૬, ૪, ૧૦, ૩, ૧૧ માં બળવાન ગ્રહ હોય તો જન્મનાર સ્ત્રીપુત્રાદિ સુખવાળો થાય છે. પદથી સાતમાનું પદ જો કેન્દ્ર ત્રિકોણમાં હોય તો બંને સ્ત્રીપુરુષમાં પરસ્પર મૈત્રી થાય છે. જો પદથી ૬, ૮, ૧૨ માં સાતમું પદ હોય તો બંનેમાં શત્રુતા થાય છે. હે વિપ્ર, આવી રીતે પદથી પુત્ર આદિના પદ પણ કેન્દ્રમાં પડે તો પુત્ર આદિથી મૈત્રી, જો ત્રિકમાં પડે તો શત્રુતા સમજવી જોઈએ. વળી જે ભાવનું પદ લગ્નપદથી ત્રિકોણમાં પડે તે ભાવની વૃદ્ધિ અને ત્રિક (૬-૮-૧૨)માં પડે તો એ ભાવની હાનિ થાય છે હે વિપ્ર, લગ્ન અને સાતમું પદ બંને પરસ્પર કેન્દ્ર, ત્રિકોણ કે ૩-૧૧મા પડે તો જન્મનાર પૃથ્વીપતિ રાજા થાય છે. આવી રીતે બંને પદને જોઈને ધનાદિ ભાવોનાં પણ ફળ સમજવાં. (૩૦-૩૭)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં પદ વિશે વિચાર નામનો ઓગણત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૩૦

ઉપપદ

પરાશર બોલ્યા :

હે વિપ્ર, જે પદ શુભ હોવાથી જન્મનારને સ્ત્રી, પુત્ર આદિનું સુખ મળે છે એ પદનાં ફળ વિશે હવે હું કહું છું. પૂર્વોક્ત લગ્નનું પદ પ્રધાન પદ છે અને તનુભાવના અનુચર (પુત્રભાવ)નું જે પદ છે તે ઉપપદ કહેવાય છે. આ જ ઉપારૂઢ અથવા ગૌણપદ પણ કહેવાય છે. એમાં શુભ ગ્રહની દૃષ્ટિ અથવા યોગ હોય તો જાતકને સ્ત્રી પુત્રાદિનું પૂર્ણ સુખ મળે છે. જો પાપગ્રહનો યોગ કે દૃષ્ટિ હોય તો જન્મનાર પ્રવાજક (સંન્યાસી) થાય છે અથવા જન્મનાર સ્ત્રી રહિત થાય છે. પરંતુ એના ઉપર જો શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો તે સ્ત્રી હીન થતો નથી. તથા જો સૂર્ય પોતાના ઉચ્ચ રાશિ કે મિત્રની રાશિમાં હોય તે પાપ સમજવામાં આવતું નથી. પરંતુ જો પોતાના નીચ કે શત્રુગૃહમાં હોય તો પાપ સમજવું જોઈએ. (૧–૬)

ઉપપદથી બીજા સ્થાનમાં શુભ ગ્રહોની દૃષ્ટિ હોય, શુભ ગ્રહની રાશિ કે શુભ ગ્રહનો યોગ હોય તો પણ પૂર્વોક્ત ફળ સમજવું અને ઉપપદથી બીજા સ્થાનમાં નીચનો ગ્રહ કે નીચ નવાંશમાં રહેલ કે પાપ ગ્રહ હોય તો પણ સ્ત્રીનો નાશ થાય છે. ઉચ્ચમાં રહેલ ગ્રહની

દૃષ્ટિ હોય તો જન્મનારને કૃપાળી અને ગુણવાન ઘણી પત્નીઓ હોય અને બીજા સ્થાનમાં મિથુન રાશિ હોય તો પણ બહુ પત્નીઓ થાય. જો ઉપપદ કે બીજા સ્થાનમાં એનો સ્વામી હોય અથવા અન્યત્ર પણ એનો સ્વામી જો રાશિમાં હોય તો વૃદ્ધાવસ્થામાં એની સ્ત્રી મરી જાય છે. (૭–૧૨)

હે વિપ્ર, સાતમા સ્થાનનો સ્વામી આદિ નિત્ય (સ્થિર) સ્ત્રીકારક ગ્રહ છે તે પણ જો પોતાની રાશિમાં હોય તો એ મનુષ્યની વૃધ્ધાવસ્થામાં (પોતાની સામે) સ્ત્રીનું મરણ થાય છે. અને ઉપપદનો સ્વામી કે સ્થિર ગ્રહ જો ઉચ્ચમાં હોય તો ઉત્તમ કુળની સ્ત્રીનો લાભ થાય, જો નીચમાં હોય તો નીચ કુલથી સ્ત્રીનો લાભ થાય છે. તથા ઉપપદ કે એનાથી બીજામાં શુભ ગ્રહોનો સંબંધ હોય તો જન્મનાર સ્ત્રી સુંદર અને ગુણવાન થાય છે. (૧૩–૧૫)

ઉપપદ કે એનાથી બીજા સ્થાનમાં શનિ તથા રાહુ હોય તો નિન્દાથી સ્ત્રીનો ત્યાગ કે સ્ત્રીનું મરણ થાય છે. ઉપપદથી બીજા સ્થાનમાં કેતુ અને શુક્ર હોય તો જન્મનારની સ્ત્રીને રક્તપ્રદરનો રોગ થાય છે. બુધ અને કેતુ હોય તો અસ્થિસ્રાવ, શનિ, રાહુ, સૂર્ય હોય તો અસ્થિજ્વર, બુધ, રાહુ હોય તો સ્થુલ અંગવાળી થાય છે. બુધની રાશિ (કન્યા–મિથુન)માં શનિ, મંગળ હોય તો નાકના રોગવાળી થાય. મંગળની રાશિમાં પણ આ જ ફળ સમજવું. જો ગુરુ અને શનિ હોય તો કાનના રોગ અને નેત્રના રોગ, જો એમાં પોતાના સ્વગૃહથી ભિન્ન રાશિમાં રહેલ મંગળ, બુધ હોય અથવા રાહુ, ગુરુ હોય તો એની સ્ત્રી દાંતના રોગવાળી થાય છે. જો ઉપપદ કે બીજા સ્થાનમાં મકર કે કુંભ તથા એમાં શનિ, રાહુ હોય તો જન્મનારની સ્ત્રી પાંગળી થાય અથવા વાતરોગથી પીડા પામે. આ પાપયોગોમાં

જો શુભ ગ્રહોનો યોગ કે દૃષ્ટિ હોય તો ઉપરનું અશુભ ફળ નહીં સમજવું. (૧૬–૨૨)

હે વિપ્ર, આવી રીતે લગ્નથી, પદથી તથા ઉપપદથી જે સાતમી રાશિ હોય એને એના સ્વામીથી, એના નવાંશથી પણ ફળ સમજવું એમ નારદ આદિએ કહ્યું છે. (૨૩–૨૩½)

ઉપરોક્ત સ્થાનોથી નવમા સ્થાનમાં શનિ, ચન્દ્ર, બુધ હોય તો જન્મનાર સંતાનહીન થાય છે. જો રવિ, ગુરુ, રાહુ હોય તો અનેક પુત્રો થાય છે. ચન્દ્રમા હોય તો એક પુત્ર થાય. જો મિશ્ર ગ્રહ હોય તો વિલંબથી પુત્ર થાય છે. પરંતુ રવિ, ગુરુ અને રાહુના યોગથી જે પુત્ર થાય છે તે બળવાન અને પ્રતાપી થાય છે. ઉપરના સ્થાનમાં મંગળ, શનિ હોય તો જન્મનાર પુત્રહીન કે દત્તક પુત્રવાળો કે સહોદરના પુત્રથી પુત્રવાન થાય છે ઉક્ત સ્થાનમાં વિષમ રાશિ હોય તો બહુ પુત્ર અને જો સમ રાશિ હોય તો ઓછા પુત્ર થાય છે. (૨૪–૨૮)

ઉપપદ સિંહમાં હોય તો જન્મનાર થોડા પુત્રવાળો કન્યામાં હોય તો અધિક કન્યાવાળો થાય છે. આવી રીતે પાંચમા સ્થાનના નવાંશથી પણ વિચાર કરવો. વળી જેવી રીતે જન્મ લગ્ન કુંડલીથી વિચાર કહેવામાં આવ્યો છે તેવી જ રીતે ત્રિશાંશ કુંડલીમાં પણ યોગોનો વિચાર કરવો. (૨૯–૩૦)

પદથી ત્રીજા સ્થાનમાં રાહુ હોય તો નાના ભાઈનું, ૧૧મા સ્થાનમાં હોય તો મોટા ભાઈનું મરણ થાય છે. શુક્ર હોય તો પોતાનાથી વ્યવહિત માતૃગર્ભનો નાશ થાય છે. લગ્ન કે એનાથી આઠમા સ્થાનમાં શુક્રની દૃષ્ટિ કે યોગ હોય તો પણ ઉક્ત ફળ સમજવું. જો ૩, ૧૧ સ્થાનમાં ચન્દ્ર, ગુરુ, બુધ, મંગળ હોય તો ઘણા અને ભારે પ્રતાપી ભાઈઓ થાય છે. વળી ૩, ૧૧ સ્થાનમાં

શનિ, મંગળ બંને હોય તો ક્રમથી મોટા કે નાના ભાઈનો નાશ થાય છે. જો ૩, ૧૧ સ્થાનમાં માત્ર શનિ હોય તો નાના તથા મોટા બંને ભાઈઓનો નાશ થાય છે. ૩, ૧૧ સ્થાનમાં કેતુ હોય તો બહેનો વધારે થાય છે. (૩૧-૩૬)

પદથી છઠ્ઠા સ્થાનમાં પાપગ્રહ હોય અને એના પર શુભ ગ્રહનો યોગ કે દૃષ્ટિ ન હોય તો જાતક ચોર થાય છે. ૭ કે ૧૨ સ્થાનમાં જો રાહુનો યોગ કે દૃષ્ટિ હોય તો જાતક જ્ઞાની અને ભાગ્યવાન થાય છે. પદમાં બુધ હોય તો સર્વ દેશનો રાજા થાય છે. ગુરુ હોય તો સર્વજ્ઞ, શુક્ર હોય તો કવિ અને વક્તા થાય છે. ઉપપદથી કે પદથી બીજા સ્થાનમાં શુભ ગ્રહ હોય તો સર્વ દ્રવ્યોથી યુક્ત અને બુદ્ધિમાન થાય છે. ઉપપદથી બીજા સ્થાનનો સ્વામી જો બીજા સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો જાતક ચોર થાય છે. (૩૭-૪૧)

ઉપારૂઢથી જે સાતમા સ્થાનનો સ્વામી હોય એનાથી બીજા સ્થાનમાં રાહુ હોય તો જન્મનાર લાંબા દાંતવાળો થાય છે, કેતુ હોય તો તોતડો, શનિ હોય તો કુરૂપ થાય છે. મિશ્ર ગ્રહથી મિશ્ર ફળ સમજવું. (૪૨-૪૩)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ઉપપદ વિશે વિચાર નામનો ત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

★

અધ્યાય : ૩૧

અર્ગલા

મૈત્રેય બોલ્યા:

હે મુનિ, આપે અગાઉ જે અર્ગલાથી શુભ ફળ કહેલ છે એનુ લક્ષણ અને ફળ હવે હું સંભળાવવા ઈચ્છું છું.

પરાશર બોલ્યા :

હે મૈત્રેય, જેનાથી ગ્રહ કે સ્થાનનું ફળ નિશ્ચલ થાય છે એ યોગને અર્ગલા કહેવાય છે. એ કહું છું. જો રાશિ કે ગ્રહથી ૪, ૨, ૧૧ સ્થાનમાં ગ્રહ હોય તો અર્ગલા યોગ થાય છે. આ ત્રણેય અર્ગલા સ્થાનથી ક્રમથી ૧૦, ૧૨, ૩ એ બાધક સ્થાન છે. એટલે, એમાં ગ્રહ હોય તો ઉક્ત અર્ગલાને અટકાવે છે. પરંતુ અર્ગલા કારક ગ્રહથી બાધક સ્થાનમાં રહેલ ગ્રહ નિર્બળ હોય કે ન્યૂન સંખ્યામાં હોય તો બાધક થતો નથી. જો ત્રીજા સ્થાનમાં ત્રણ કે ત્રણથી વધુ પાપગ્રહ હોય તો વિપરિતાર્ગલા બાધરહિત થાય છે. એ અર્ગલાથી પણ ફળ પુષ્ટ થાય છે. આવી રીતે ૫ સ્થાન અર્ગલા અને નવમું સ્થાન એનું બાધક સમજવું તથા સદા વક્રગતિ હોવાને લીધે રાહુ, કેતુના અર્ગલાસ્થાન અને બાધકસ્થાન વિપરીત સમજવાં જોઈએ. એક ગ્રહથી કનિષ્ઠ, બે ગ્રહથી મધ્યમ, ત્રણ કે અધિક

ગ્રહથી અર્ગલા શ્રેષ્ઠ થાય છે. આવી રીતે રાશિ અને ગ્રહ બંનેથી અર્ગલાનો વિચાર કરવો. નિર્બાધ અર્ગલા ફલપ્રદ થાય છે. બાધકારક અર્ગલા નિષ્ફળ થાય છે. જે રાશિ કે ગ્રહ અર્ગલા સાથે હોય એની દશામાં જ એનું પુષ્ટ ફળ સમજવું. (૨–૯)

હે વિપ્ર, ઉક્ત અર્ગલા અને પ્રતિબંધ પણ રાશિના પ્રથમ ચરણમાં રહેલ ગ્રહને ચોથા ચરણમાં રહેલ ગ્રહથી અથવા બીજા ચરણમાં રહેલ ગ્રહથી જ પરસ્પર સ્પષ્ટ ગણત્રીથી સમજવા જોઈએ. (૧૦)

૫૬, લગ્ન અને સાતમા સ્થાનમાં નિર્બાધ અર્ગલા હોય તો જન્મનાર વિખ્યાત અને ભાગ્યવાન થાય છે. તથા જે ગ્રહથી અર્ગલા સ્થાનમાં પાપ કે શુભ ગ્રહ હોય તથા એના બાધક ગ્રહ ન હોય તો એ ગ્રહની લગ્ન પર દૃષ્ટિ હોવાથી પણ જન્મનાર ભાગ્યવાન, નીરોગી અને સુખી થાય છે. આવી રીતે ધનાદિ સ્થાનોમાં પણ અર્ગલાથી ધનાદિ સુખ થાય છે અને તેનો સ્પષ્ટાર્થ આગળ જણાવેલ છે. એટલે ૬, ૮, ૧૨ સ્થાનમાં અર્ગલા અશુભ અને શેષ સ્થાનમાં શુભ, એમાં પણ ૧, ૫, ૯ સ્થાનોની અર્ગલા અતિ શુભ થાય છે. શુભ ફળ દેનાર ગ્રહ અર્ગલા સાથે હોય તો શુભ અને પાપ ફળ દેનાર ગ્રહ અર્ગલા સાથે હોય તો અશુભ ફળ સમજવું જોઈએ. (૧૧–૧૮)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં અર્ગલા વિશે વિચાર નામનો એકત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

卐

અધ્યાય : ૩૨

કારક

પરાશર બોલ્યા :

હે વિપ્ર, હવે હું રવિથી શનિ પર્યંત ૭ અથવા રાહુ અન્ત સુધીના ૮ કારક યોગો કહું છું. કોઇનો મત એવો છે કે જ્યારે કોઈ ગ્રહમાં અંશાદિતુલ્ય હોય તો એ હાલતમાં રાહુથી પણ કારકનો વિચાર કરવો તથા કોઇ કહે છે રાહુ સહિત ૮ કારક અલગ સમજવા સૂર્ય આદિ ગ્રહોમાં જેના અંશ અધિક હોય તે આત્મા (આત્મકારક) જો એના અંશમાં સમતા હોય તો જેની કલા અધિક હોય તો તે આત્મકારક થાય છે. આવી રીતે પ્રતિવિકલા સુધી જોવું કદાચ બધા અવયવમાં તુલ્યતા હોય તો બલવાન ગ્રહને આત્મકારક માનવો તે અનુકત પણ સમજવું જોઇએ અને સહુથી ઓછા અંશવાળા અંત્યકારક અને મધ્યના અંશવાળા મધ્યકારક જે ઉપરખેટ પણ કહેવામાં આવે છે. રાહુના કારક વિચારમાં એના અંશને ૩૦માં ઘટાવીને બાકીના અંશોમાં સમજવા કારણ કે તે સદા ઊલટા ચાલે છે. આવી રીતે અંશાનુક્રમથી કહેલ વિધિથી કારક સમજવા. એમાં આત્મકારક જ પ્રધાન મુખ્ય છે અને જન્મનો સ્વામી છે.

જેવી રીતે મનુષ્યોમાં રાજા સર્વ વિષયનો અધિકારી બાંધનાર છોડનાર થાય છે. આવી રીતે આત્મકારક પણ પોતાના સ્વભાવ અનુસાર ફળ આપે છે. (૧-૮)

હે વિપ્ર, જેવી રીતે મંત્રી આદિ અધિકારી રાજાની આજ્ઞા વગર કોઈનું કંઈ કરી શકતા નથી તેમ જ આત્મકારકના પ્રતિકૂલ કોઈ ગ્રહ પોતાનું ફળ આપવામાં સમર્થ થતા નથી જેવી રીતે આત્મકારક ગ્રહ અશુભ હોય તો અન્ય શુભ ગ્રહ પણ પોતાનું ફળ આપી શકતા નથી. તથા આત્મકારક ગ્રહ શુભ હોય તો ક્રૂર ગ્રહ પોતાનું શુભ ફળ આપતો નથી. (૯-૧૨)

અન્ય કારકોનાં લક્ષણો

આત્મકારકથી ઓછા અંશવાળા મંત્રી, એનાથી ઓછા અંશવાળા ભાઈ, એનાથી ઓછા અંશવાળા માતા, એનાથી ઓછા અંશવાળા પુત્ર, એનાથી ઓછા અંશવાળા જ્ઞાતિ, એનાથી ઓછા અંશવાળા સ્ત્રીકારક થાય છે. આ ચરકારક છે. કેટલાક આચાર્યો માતૃકારક અને પિતૃકારક એક જ માને છે અને એનાથી અગ્રિમ-કારકનો લોપ થઈ જાય છે. એ હાલતમાં સ્થિરકારકના દ્વારા જ એના શુભાશુભ ફળનો વિચાર કરવો જોઈએ. (૧૩-૧૭)

હવે હું સ્થિરકારક ગ્રહો વિષે કહું છું. સૂર્ય અને સૂર્યમાં જે બળવાન હોય તે પિતૃકારક તથા ચન્દ્ર અને શુક્રમાં જે બળવાન હોય તે માતૃકારક થાય છે. અર્થાત એ બંનેમાંથી પિતા અને માતાના શુભાશુભ ફળ સમજવાં. મંગળથી બહેન, સાળો, નાનોભાઈ તથા માતાનો પણ વિચાર કરવો. આ પ્રમાણે બુધથી કાકી, માસી, મામી આદિનો, ગુરુથી દાદાનો, શુક્રથી સ્વામીનો અને શનિથી પુત્રોનો વિચાર કરવો. ગ્રહના અંતમાં ગણાતા કેતુથી સ્ત્રી, માતા, પિતા, સાસુ,

સસરા, નાના, નાની આદિ પદથી એમના જેવા માનવીઓનો વિચાર કરવો.

હે વિપ્ર, આ પિતાદિના કારકગ્રહ સ્થાન વશથી પણ કહેવામાં આવ્યા છે. જેમ કે રવિથી નવમા સ્થાનથી પિતા, ચન્દ્રથી ચોથા સ્થાનથી માતા, મંગળથી ત્રીજા સ્થાનથી ભાઈ, બુધથી છઠ્ઠા સ્થાનથી મામા, ગુરુથી પાંચમા સ્થાનથી પુત્ર, શુક્રથી સાતમા સ્થાનથી સ્ત્રી અને શનિથી આઠમા સ્થાનથા પિતાનું મૃત્યુ-આવી રીતે સર્વનો વિચાર કરીને જ તે તે સંબંધીઓના શુભ-અશુભ ફળ કહેવાં. (૨૨-૨૪)

હે વિપ્ર, હવે હું યોગકારક ગ્રહોને પ્રસંગવશ કહું છું. જન્મ સમયમાં પોતાના મિત્રની રાશિ, પોતાની રાશિ, ઉચ્ચ કે મૂલ ત્રિકોણમાં ગ્રહ હોઈને પરસ્પર કેન્દ્રમાં હોય તો તે ગ્રહકારક-સુખના યોગ બનાવનાર થાય છે. જેમકે લગ્નના સાતમા, ચોથા અને દસમા સ્થાનમાં પોતાના ઉચ્ચ આદિ શુભ સ્થાનમાં ગ્રહ હોય તો તે યોગકારક થાય છે. એનાં દસમા સ્થાનમાં વિશેષ યોગકારક થાય છે અને લગ્નથી કેન્દ્રમાં હોવું એ યોગનો હેતુ નથી. જો ગ્રહ પોતપોતાના ઉચ્ચાદિમાં થઈને કોઈપણ ભાવમાં પરસ્પર કેન્દ્રમાં હોય તો પણ યોગકારક સમજવામાં આવે છે. જેના જન્મ સમયમાં આવી રીતે યોગકારક ગ્રહ હોય તો તે નીચ વંશમાં જન્મીને પણ રાજા સમાન ધનવાન અને સુખી થાય છે. તે જો રાજાના વંશમા જન્મેલ હોય તો જરૂર રાજા થાય છે આવી રીતે કારકની સંખ્યા અને ફલ અનુસાર અનુમાનથી સમજવું જોઈએ. (૨૫-૩૦)

હે વિપ્ર, હવે ભાવોના કારકો વિશે કહું છું. જન્મલગ્ન

આત્મકારક, ધન સ્થાન સ્ત્રીકારક, અગિયારમું સ્થાન મોટા ભાઈનું, ત્રીજું સ્થાન નાના ભાઈનું, પાંચમું સ્થાન પુત્ર સ્થાનનું કારક છે. પાંચમા સ્થાનમાં રહેનાર ગ્રહ પણ કારક કહેવાય છે. (૩૧–૩૩)

લગ્નાદિ સ્થાનોનાં કારક ગ્રહો

૧ સૂર્ય, ૨ ગુરુ, ૩ મંગળ, ૪ ચન્દ્ર, ૫ ગુરુ, ૬ મંગળ, ૭ શુક્ર, ૮ શનિ, ૯ ગુરુ, ૧૦ બુધ, ૧૧ ગુરુ અને ૧૨ શનિ એ ક્રમશઃ લગ્નાદિ બાર સ્થાનોના કારક ગ્રહો કહેવાય છે.

સ્થાનોની વિશેષ અસર

તનુ આદિ બાર સ્થાનોમાં ૧૧, ૩, ૮; ૬, ૨, ૧૨ આ ૭ સ્થાન ક્રૂર છે. આ સ્થાનોમાં જે યોગ થાય તેમની હાનિ થાય છે. ૧, ૪, ૭, ૧૦, ૫, ૯ એ શુભ સ્થાનો છે. એ સ્થાનોમાં થનાર યોગ અશુભ હોય તો પણ શુભ થાય છે.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં કારક વિશે વિચાર નામનો બત્રીસમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૩૩

કારકાંશ ફળ

હે વિપ્ર, હવે હું મેષાદિ નવાંશગત આત્મકારકનાં ફળ કહું છું. જો આત્મકારક ગ્રહ મેષ નવાંશમાં હોય તો જન્મનારના ઘરમાં ઉંદરો અને બિલાડીઓનો ઉપદ્રવ થાય છે. જો પાપગ્રહની દૃષ્ટિ હોય તો આમ વિશેષતઃ થાય. જો શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો થોડો ઉપદ્રવ થાય છે. જો વૃષભના નવાંશમાં હોય તો ચારપગાં પ્રાણીઓથી સુખ થાય છે. મિથુન નવાંશથી ખુજલી આદિ રોગ, કર્કાંશમાં પાણીમાં ડૂબવાનો ભય, સિંહાંશમાં હોય તો વાઘ આદિ હિંસક જંતુઓથી ભય, કન્યાના અંશમાં ખુજલી, સ્થૂલતા અને અગ્નિનો ભય, તુલાના અંશમાં વ્યાપારી અને વસ્ત્ર બનાવનાર, વૃશ્ચિકના અંશમાં સર્પાદિ ભય અને માતાના સ્તનમાં પીડા થાય છે. ધન રાશિના નવાંશમાં ઉચ્ચ સ્થાનેથી કે વાહન પરથી પડવાનો ભય, મકરના અંશમાં જળજંતુ અને પક્ષી આદિથી લાભ થાય છે. કુંભ આદિના અંશમાં કૂવા આદિ જળાશય બનાવનાર તથા મીનના અંશમાં મુક્તિ મેળવનાર થાય છે. આમાં શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો અશુભ ફળનો નાશ અને પાપગ્રહની દૃષ્ટિ હોય તો શુભ ફળનો અભાવ સમજવો. (૧–૮)

જો આત્મકારકના નવમાંશમાં તથા લગ્નના નવમાંશમાં શુભ ગ્રહ હોય અને કેવળ શુભ ગ્રહથી દૃષ્ટ હોય તો જન્મનાર જરૂર રાજા થાય છે. આત્મકારક નવાંશથી કેન્દ્ર કે ત્રિકોણમાં શુભ ગ્રહ હોય, એના પર પાપ ગ્રહની દૃષ્ટિ કે યોગ ન હોય તો જન્મનાર ધનવાન અને વિદ્વાન થાય છે. મિશ્ર ગ્રહ હોય તો મિશ્ર ફળ સમજવું. અગાઉ જણાવેલ ઉપગ્રહ–મધ્યાંશ જો પોતાના સ્થાન, ઉચ્ચ કે શુભ રાશિમાં હોય, એના પર પાપગ્રહનો દૃષ્ટિ યોગ ન હોય તો જન્મનાર મુક્તિ પામે છે. (૯–૧૧)

જો ચન્દ્ર, મંગલ કે શુક્રના ષડ્વર્ગમાં આત્મકારક હોય તો જન્મનાર પરસ્ત્રીગામી થાય છે. ઉપર જણાવેલી સ્થિતિથી વિપરીત સ્થિતિમાં ફળ પણ વિપરીત સમજવું. (૧૨)

કારકના અંશમાં રહેલ ગ્રહનાં ફળ

આત્મકારકના નવાંશમાં સૂર્ય હોય તો રાજાનો કાર્યકર્તા, પૂર્ણ ચન્દ્ર હોય તો વિલાસી, વિદ્વાન થાય છે. શુક્રની દૃષ્ટિ અથવા યોગ હોય તો વિશેષ વિલાસી અને વિદ્વાન થાય છે. આત્મકારકાંશમાં મંગલ હોય તો ભાલો રાખનાર, અગ્નિથી ગુજરાન ચલાવનાર તથા રસોઇ જાણનાર થાય છે. બળવાન બુધ કારકાંશમાં હોય તો કળા અને શિલ્પવિદ્યામાં નિપુણ થાય છે. ગુરુ હોય તો સત્કર્મ કરનાર, જ્ઞાન-નિષ્ઠ અને વેદ જાણનાર થાય છે. શુક્ર હોય તો સો વર્ષ જીવનાર, કામી અને રાજપુરુષ થાય છે. શનિ હોય તો પોતાના કુળને ઉચિત કર્મ કરનાર, રાહુ હોય તો ચોર, ધનુષધારી કે લોહયંત્ર બનાવનાર તથા વિષવૈદ્ય થાય છે. કેતુ કારકાંશમાં હોય તો હાથીઓ સાથે સંબંધ ધરાવનાર તથા ચોર થાય છે. (૧૩–૧૮)

જો કારકાંશમાં રાહુની સાથે સૂર્ય હોય તો સાપનો ભય રહે છે. જો એના પર શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો ભયનું નિવારણ થાય

છે. જો પાપગ્રહની દૃષ્ટિ હોય તો સાપથી મરણ થાય છે. જો એમાં માત્ર શુભ વર્ગના ષડ્વર્ગ હોય તો જન્મનાર વિષવૈદ્ય થાય છે. માત્ર મંગળની દૃષ્ટિ હોય તો પોતાના કે બીજાના ઘરને સળગાવનાર થાય છે. એના પર બુધની દૃષ્ટિ હોય તો દાહક થતો નથી. જો પાપગ્રહના ષડ્વર્ગ હોય અને ગુરુની દૃષ્ટિ હોય તો પાસે રહેલા ઘરની સાથે ઇષ્ટના ગૃહને પણ સળગાવનાર સમજવો. જો શુક્રની દૃષ્ટિ હોય તો આગ લાગતી નથી. (૧૯–૨૨)

આત્મકારકમાં ગુલિક હોય તથા એના પર ચન્દ્રની દૃષ્ટિ હોય તો એનું ધન ચોર લઈ જાય છે અથવા તે પોતે ચોર હોય છે. ગ્રહની દૃષ્ટિ ન હોય તો બીજાને વિષ આપનાર કે પોતે વિષથી મરનાર થાય છે. એના પર બુધના સ્થાનની દૃષ્ટિ હોય તો મોટા અંડકોષવાળો થાય છે (૨૩-૨૪)

જો કેતુની સાથે કારકાંશ પર પાપગ્રહની દૃષ્ટિ હોય તો જન્મનારને કર્ણયોગ કે કર્ણછેદ સમજવો. એના પર શુક્રની દૃષ્ટિ હોય તો જન્મનાર દીક્ષા લે છે. બુધ અને શનિની દૃષ્ટિ હોય તો નિર્બળ, બુધ અને શુક્રની દૃષ્ટિ હોય તો જન્મનાર દાસીપુત્ર કે પુનર્લગ્ન કરેલી સ્ત્રીનો પુત્ર થાય છે. શનિની દૃષ્ટિ હોય તો તપસ્વી અથવા નોકર થાય છે. માત્ર શનિની દૃષ્ટિ હોય તો સંન્યાસીનો વેષ ધારણ કરનાર થાય છે. (૨૫–૨૮)

કેતુ સાથે કારકાંશ પર રવિ અને શુક્રની દૃષ્ટિ હોય તો જન્મનાર રાજાનો નોકર થાય છે. આવી રીતે સંક્ષેપથી આત્મકારક નવાંશના ફળ કહેવામાં આવ્યાં છે.

કારકાંશના બીજા અંશનાં ફળ

કારકાંશમાં બીજા સ્થાનમાં શુક્ર અને મંગળના ષડ્વર્ગ હોય તો જન્મનાર પરસ્ત્રીગામી થાય છે. જો એના પર શુક્ર, મંગળની

દૃષ્ટિ હોય તો જીવનભર પરસ્ત્રી સાથે રહે છે. એમાં કેતુ હોય તો આ પરિણામ આવતું નથી. કારકાંશથી બીજા સ્થાનમાં ગુરુ હોય તો પણ તે બાયલો થાય છે અને જો રાહુ હોય તો તેના ધનનો નાશ થાય છે.

કારકાંશથી ત્રીજા સ્થાનનું ફળ

કારકાંશથી ત્રીજા સ્થાનમાં જો પાપગ્રહ હોય તો જન્મનાર શૂરવીર અને પ્રતાપી થાય છે. શુભ ગ્રહ હોય તો તે કરપોક થાય છે. (૩૨)

કારકાંશથી ચોથા સ્થાનનું ફળ

કારકાંશથી ચોથા સ્થાનમાં ચન્દ્ર અને શુક્રનો યોગ કે દૃષ્ટિ હોય તો જન્મનારને પાકું મકાન થાય છે. ઉચ્ચનો ગ્રહ હોય તો મહેલ થાય. શનિ-રાહુનો યોગ હોય તો શિલાગૃહ, મંગળ-કેતુ હોય તો ઈંટોનું ઘર, ગુરુ હોય તો લાકડાનું અને સૂર્ય હોય તો વાંસનું ઘર થાય છે. જો કારકાંશથી ચોથા સ્થાનમાં ચન્દ્ર હોય તો આવરણ-રહિત સ્થાનમાંજ ગૃહિણીની સાથે પ્રથમ સમાગમ થાય છે. (૩૩-૩૫)

કારકાંશથી પાંચમા સ્થાનનું ફળ

કારકાંશથી પાંચમા સ્થાનમાં મંગળ અને રાહુ બંને હોય તો ક્ષયરોગનો સંભવ રહે છે. એના પર ચન્ની દૃષ્ટિ હોય તો આમ ચોક્કસ બને છે. મંગળની દૃષ્ટિ હોય તો પિત્તક આદિ રોગ થાય છે, કેતુની દૃષ્ટિ હોય તો સંગ્રહણી અથવા જલરોગ થાય છે. રાહુ સહિત ગુલિક હોય તો ઝળવા વિષનો ભય રહે છે. બુધ હોય તો પરમહંસ કે દંડી થાય છે, સૂર્ય હોય તો ખડગધારી, મંગળ હોય તો ભાલો રાખનાર, શનિ હોય તો ધનુષ્ય રાખનાર, રાહુ હોય તો લોહયંત્રવાળો, કેતુ હોય તો ઘડિયાળ બનાવનાર, શુક્ર પાંચમા સ્થાનમાં હોય તો કવિ, વક્તા અને કાવ્યને જાણનાર થાય છે. (૩૬-૪૦)

કારકાંશ અને એનાથી પાંચમામાં વિશેષ ફળ

આત્મકારકાંશ અથવા એનાથી પાંચમા સ્થાનમાં ચન્દ્ર અથવા ગુરુ હોય તો ગ્રન્થકાર થાય છે. શુક્ર હોય તો એનાથી કંઈક અલ્પ તથા બુધ હોય તો એનાથી પણ નાનો ગ્રન્થકાર થાય છે. માત્ર ગુરુ હોય તો સર્વજ્ઞ અને ગ્રન્થકાર વેદાન્તજ્ઞ શબ્દજ્ઞ તથાપિ ખૂબ બોલનાર નહીં, મંગળ હોય તો નૈયાયિક, બુધ હોય તો મીમાંસક, શનિ હોય તો સભામાં મુંગો, રવિ હોય તો ગીત જાણનાર, ચન્દ્ર હોય તો સાંખ્ય, યોગ, સાહિત્ય અને સંગીત જાણનાર થાય છે, કેતુ હોય તો ગણિત જાણનાર, રાહુથી પણ ગણિત જાણનાર થાય. જો આ યોગોમાં ગુરુનો સંબંધ હોય તો એ સંપ્રદાયની સિદ્ધિ થાય છે. કોઈ આત્મકારકાંશથી બીજામાં પણ આ ફળ કહે છે. (૪૧–૪૫)

છઠ્ઠા સ્થાનનાં ફળ

કારકાંશથી છઠ્ઠા સ્થાનમાં પાપગ્રહ હોય તો જન્મનાર ખેડૂત અને શુભ ગ્રહ હોય તો આળસુ થાય છે. ત્રીજા સ્થાનમાં પણ આ જ ફલ સમજવું (૪૬)

સાતમા સ્થાનનાં ફળ

સાતમા સ્થાનમાં ચન્દ્ર અને ગુરુ હોય તો જન્મનારની સ્ત્રી અત્યન્ત સુન્દર હોય છે. સૂર્ય હોય તો પોતાના કુળમાં રક્ષિતા થાય, શનિ હોય તો વયમાં અધિક, તપસ્વિની, રોગિષ્ઠ થાય અને રાહુ હોય તો વિધવા થાય. (૪૭–૪૮)

આઠમા સ્થાનનાં ફળ

કારકાંશમાં આઠમુ સ્થાન શુભ ગ્રહ અને પોતાના સ્વામીની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો તે દીર્ઘ આયુષ્યવાળો, પાપગ્રહ સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો જન્મનાર મધ્યમ આયુષ્યવાળો થાય છે. (૪૯)

કારકાંશથી નવમા સ્થાનનાં ફળ

કારકાંશથી નવમા સ્થાનમાં શુભ ગ્રહ હોય તો જન્મનાર સત્ય વક્તા અને ધર્માત્મા થાય છે અને પાપગ્રહ હોય તો બાલ્યાવસ્થામાં પોતાના ધર્મમાં રહે છે. પણ વૃદ્ધાવસ્થામાં ધર્મનો ત્યાગ કરી મિથ્યાવાદી થાય છે.

કારકાંશથી નવમા સ્થાનમાં શનિ રાહુ હોય કે તેમનાથી દૃષ્ટ હોય તો જન્મનાર ગુરુદ્રોહી અને શાસ્ત્રવિમુખ થાય છે, ગુરુ સૂર્યની સાથે કે તેમનાથી દૃષ્ટ હોય તો તે ગુરુદ્રોહી થાય અને ગુરુ વાક્યને માને નહીં, શુક્ર તથા મંગળની સાથે હોય તો ષડ્વર્ગ આદિ યોગમાં પારકાની સ્ત્રીથી મરણ થાય. બુધ અને ચન્દ્ર સાથે હોય તો પારકાની સ્ત્રીના સંગમથી બાળક થાય અને તે બંધનકારક થાય. ગુરુની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો જન્મનાર સ્ત્રી લોલુપ તથા વિષયી થાય. (૫૦–૫૬)

કારકાંશથી દસમા સ્થાનનાં ફળ

કારકાંશથી દસમા સ્થાનમાં શુભ ફળનો યોગ કે દૃષ્ટિ હોય તો જન્મનાર સ્થિર ધનવાળો, ગંભીર, બળવાન અને બુદ્ધિમાન થાય છે. જો પાપ ગ્રહની સાથે હોય તો વેપારમાં હાનિ અને પિતાના સુખ વગરનો થાય છે. જો દસમા સ્થાન પર બુધ અને શુક્ર બંનેની દૃષ્ટિ કે યોગ હોય તો વેપારમાં અત્યન્ત લાભ અને મોટાં મોટાં કાર્ય કરનાર થાય છે. જો દસમા સ્થાનમાં, રવિ ચન્દ્રથી અને ગુરુથી દૃષ્ટ કે તેમની સાથે હોય તો જન્મનાર રાજા થાય છે. (૫૭–૬૦)

કારકાંશથી ૧૧મા સ્થાનનાં ફળ

કારકાંશથી અગિયારમું સ્થાન શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો ભાઈના સુખવાળો અને સર્વ કાર્યમાં લાભ પામનાર

થાય. જો તે પાપગ્રહથી દૃષ્ટ કે તેની સાથે હોય તો અનીતિથી લાભ કરનાર, વિખ્યાત અને પરાક્રમી થાય છે. (૬૧-૬૨)

કારકાંશથી બારમા સ્થાનનાં ફળ

આત્મકારક નવાંશથી બારમું સ્થાન શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો જન્મનાર સત્કાર્યમાં વ્યય કરનાર અને અંતમાં સદ્‌ગતિ પામનાર થાય છે. જો પાપગ્રહ હોય તો અસત કાર્યમાં ખર્ચ કરનાર અને અંતમાં અધોગતિ પામનાર થાય છે. બારમા સ્થાનમાં ગ્રહનો અભાવ હોય તો પણ શુભ ફળ કહેવું. જો સર્વોચ્ચ કે સ્વરાશિસ્થ શુભ ગ્રહ હોય તો સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ થાય છે. જો શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ કેતુ હોય તો મોક્ષ મળે છે. જો બારમા સ્થાનમાં શુભ ગ્રહથી દૃષ્ટ મેષ કે ધનમાં કેતુ હોય તો સાયુજ્ય મુક્તિ થાય છે. જો માત્ર કેતુ હોય કે પાપગ્રહથી દૃષ્ટ કે તેની સાથે હોય તો શુભ લોકની પ્રાપ્તિ થતી નથી. બારમા સ્થાનમાં કેતુ સૂર્યની સાથે હોય તો શંકરમાં, ચન્દ્રની સાથે હોય તો ગૌરીમાં, શુક્રની સાથે હોય તો લક્ષ્મીમાં, મંગળની સાથે હોય તો કાર્તિકેયમાં, બુધ શનિની સાથે હોય તો વિષ્ણુમાં, ગુરુની સાથે હોય તો શિવમાં, રાહુથી તામસી દુર્ગામાં અને ક્ષુદ્ર દેવતામાં ભક્તિ થાય છે. પરંતુ માત્ર કેતુ હોય તો જન્મનાર સ્કન્દનો ભક્ત થાય છે. બારમામાં પાપગ્રહ હોય ત્યારે જન્મનાર પણ ક્ષુદ્ર દેવતાનો ભક્ત થાય છે. (૬૩-૭૪)

કારકાંશથી પણ વિશેષ ફળ

કારકાંશથી ૫-૬માં બે પાપ ગ્રહ હોય તો જન્મનાર મંત્ર તંત્ર જાણનાર થાય છે. એના પર જો પાપગ્રહની દૃષ્ટિ હોય તો તે દંડ કરનાર અને જો શુભ ગ્રહોથી દૃષ્ટ હોય તો કૃપા કરનાર થાય છે. (૭૫-૭૬)

આત્મકારક નવાંશમાં ચન્દ્ર હોય એના પર શુક્રની દૃષ્ટિ હોય તો તે રસને જાણનાર થાય છે. એના પર બુધની દૃષ્ટિ હોય તો જન્મનાર ઉત્તમ વૈદ્ય થાય છે. જો આત્મકારકાંશમાં ચોથા સ્થાનમાં ચન્દ્ર હોય, એના પર શુક્રની દૃષ્ટિ હોય તો શ્વેત કુષ્ઠ રોગવાળો, મંગળની દૃષ્ટિ હોય તો રક્તપિત્તથી મહારોગી, ચોથા સ્થાનમાં ચન્દ્ર પર કેતુની દૃષ્ટિ હોય તો નીલ કુષ્ઠરોગવાળો, જો ચોથા કે પાંચમા સ્થાનમાં રાહુ, મંગળ હોય તો તે જરૂર ક્ષયરોગી થાય છે. કારકાંશમાં ચોથા કે પાંચમા સ્થાનમાં માત્ર મંગળ હોય તો પિટંકી થાય છે. જો માત્ર કેતુ હોય તો સંગ્રહણી કે જલોદર રોગ થાય છે. રાહુ અને ગુલિક હોય તો વિષવૈદ્ય કે વિષથી પીડિત થાય છે પાંચમા સ્થાનમાં માત્ર શનિ હોય તો તે ધનુર્વિદ્યામાં નિપુણ, જો માત્ર કેતુ હોય તો ઘડિયાળ તથા સાજ બનાવનાર, બુધ હોય તો પરમહંસ કે દંડી થાય છે. રાહુ હોય તો લોહયંત્ર બનાવનાર, સૂર્ય હોય તો તલવાર રાખનાર થાય છે. માત્ર મંગળ હોય તો ભાલો રાખનાર થાય છે.

(૭૭–૮૪½)

કારકાંશ કે એનાથી પાંચમા સ્થાનમાં ચન્દ્ર અને ગુરુ હોય તો જન્મનાર ગ્રન્થકાર અને સર્વ વિદ્યા જાણનાર થાય છે. જો આ સ્થાનમાં શુક્ર હોય તો એનાથી કંઈક નાનાં તથા બુધ હોય તો એનાથી પણ નાના ગ્રન્થ બનાવનાર થાય છે. (૮૫–૮૬½)

પાંચમા સ્થાનમાં વિશેષ ફલ

આત્મકારકાંશ કે એનાથી પાંચમા સ્થાનમાં શુક્ર હોય તો જન્મનાર કવિ, વક્તા અને કાવ્ય જાણનાર થાય છે. એ સ્થાનમાં ગુરુ હોય તો સર્વજ્ઞ અને ગ્રન્થકાર તથા ખાસ કરીને વ્યાકરણ, વેદવેદાન્ત જાણવા છતાં પણ સભામાં અધિક બોલતો નથી. જો આ

સ્થાનમાં શનિ હોય તો જન્મનાર સભાજડ થાય બુધ હોય તે મીમાંસક સ્વાંશમાંક કે પાંચમા સ્થાનમાં મંગળ હોય ત્યારે જન્મનાર નૈયાયિક થાય, ચન્દ્ર હોય તો સાંખ્ય યોગ જાણનાર તથા સાહિત્ય જાણનાર થાય, સૂર્ય હોય તો જન્મનાર વેદાન્ત જાણનાર તથા ગીત જાણનાર થાય છે. કેતુ હોય તો ગણિત જાણનાર તથા જ્યોતિષ-શાસ્ત્રનો વિશારદ થાય. ગુરુના સંબંધથી તેને સંપ્રદાયની ભારે સિદ્ધિ મળે.

બીજા તથા ત્રીજા સ્થાનમાં સ્વાંશદેવનો વિચાર કરવો અને સ્થાનમાં સૂક્ષ્મ ફલ જાણીને જન્મનારનું ફલ કહેવું. (૮૭–૯૨½)

આત્મકારકાંશથી બીજા કે ત્રીજા સ્થાનમાં કેતુ હોય તો જાતક બોલવાની ખામીવાળો હોય છે. પાપગ્રહની દૃષ્ટિ હોય તો આ બાબ-તની તેનામાં ખાસ ખામી હોય છે. (૯૩–૯૩ ½)

આત્મકારક નવાંશ કે લગ્ન અથવા પદથી બીજા અને આઠમા સ્થાનમાં સરખા પાપગ્રહ હોય તો કેનદ્રુમનામક યોગ થાય છે. જો ચન્દ્રની એના પર દૃષ્ટિ હોય તો વિશેષ અશુભ થાય છે. આ અધ્યાયમાં જે યોગ કહેવામાં આવ્યા છે એમનાં ફળ તે તે રાશિ અને ગ્રહની દશામાં સમજવા. વિશેષ એ છે કે દશાના આરંભના કાળમાં સ્પષ્ટ ગ્રહ અને લગ્નાદિ ધ્યાનમાં રાખી જોવું. એ સમયમાં પણ જો જન્મકાળમાં સમાન યોગ હોય તો એ યોગનું પૂર્ણ ફળ થાય છે. અન્યથા અલ્પ ફળ સમજવું. (૯૪–૯૮)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં કારકાંશ ફળ વિશે વિચાર નામનો તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ

★

અધ્યાય : ૩૪

યોગકારક

પરાશર બોલ્યા :

હે મૈત્રેય, મેં કારકાંશથી થનારાં પરિણામ કહ્યાં છે. હવે સ્થાનોના આધિપત્યથી થતા યોગ કહું છું તે સાંભળો. જો સ્વાભાવિક શુભ ગ્રહ કેન્દ્રનો સ્વામી હોય તો તે પોતાનું શુભ ફળ આપતો નથી અને સ્વાભાવિક ક્રૂર ગ્રહ (રવિ, શનિ, મંગલ) જો કેન્દ્રપતિ હોય તો પાપ ફળ આપતો નથી. અને આ સર્વ (પાપ કે શુભ ગ્રહ) જો ત્રિકોણ-પતિ હોય તો માત્ર શુભ ફળ જ આપે છે. લગ્ન કેન્દ્ર અને ત્રિકોણ બંને કહેવાય છે. એટલે તે શુભ સ્થાન છે. (એટલા માટે ઉચ્ચનો સ્વામી શુભ પ્રદ થાય છે) પાંચમા અને નવમા સ્થાન વિશેષ ધન તથા સાતમા અને દશમા સ્થાન વિશેષ સુખ આપે છે એમ કહેવાય છે. ૩, ૬, ૧૧ સ્થાનોના સ્વામી પાપગ્રહો હોવાથી ૨, ૧૨, ૮ એ સ્થાનોના સ્વામી સાથે ફળપ્રદ થાય છે. તેઓ પોતાના બીજા સ્થાન અનુસાર ફળ આપે છે અને તે પોતપોતાના ગુણોમાં ઉત્તરોઉત્તર બળવાન હોય છે. આમાં ભાગ્યના વ્યયસ્થાનના સ્વામી હોવાથી અષ્ટમેશ શુભપ્રદ થાય છે. જો આઠમા સ્થાનનો સ્વામી ૩, ૭ કે ૧૧મા સ્થાનનો સ્વામી હોય તો અશુભ ગ્રહ તથા ત્રિકોણ ૧, ૫, ૬

ના સ્વામી હોય તો શુભ ફળદાયક થાય છે. એટલે સૂર્ય અને ચન્દ્રમામાં આઠમા સ્થાનનો સ્વામી પોતાનાથી નિર્બલ સ્થાનના સ્વામીના ફળનો બાધક થઈ પોતાનું ફળ આપે છે. (૧-૭)

સ્વાભાવિક શુભ અને અશુભ ગ્રહ તથા તેમનાં બળ અને નિર્બળતા

ગુરુ અને શુક્ર એ બંને સ્વભાવથી શુભ છે, ચન્દ્ર મધ્યમ (શુભ અને અશુભ), બુધ ઉદાસીન છે તથા રવિ, શનિ, મંગલ એ સ્વભાવથી ક્રૂર ગ્રહ છે, એટલે એમનામાં પૂર્ણ ચન્દ્ર, બુધ, ગુરુ અને શુક્ર એ ઉત્તરોત્તર બળવાન (અધિક શુભ) તથા ક્ષીણ ચન્દ્ર, રવિ, શનિ અને મંગળ એ ઉત્તરોત્તર બળવાન છે. આટલા માટે શુભ ગ્રહો કેન્દ્રના અધિપતિ હોય ત્યારે જે દોષ કહેવામાં આવ્યા છે તે પણ બળના ક્રમથી જ (ચન્દ્ર, બુધ, ગુરુ અને શુક્ર)ના ઉત્તરોત્તર અધિક સમજવા જોઈએ. (૮-૧૦)

રાજયસુખાદિ યોગકારક

કેન્દ્રનો સ્વામી અને ત્રિકોણનો સ્વામી એ બંને જો પરસ્પર સ્થાનમાં હોય કે બંને મળીને કોઈ એક સ્થાનમાં હોય અથવા કોઈ એકબીજાના સ્થાનમાં હોય અથવા બંનેમાં પરસ્પર પૂર્ણ દૃષ્ટિ હોય તો તે યોગકારક થાય છે. આ યોગમાં જેનો જન્મ થાય છે તે રાજા અથવા વિદ્વાન અને સુખી થાય છે. (૧૧-૧૨)

વિશેષ

જો એક જ ગ્રહ કેન્દ્રપતિ પણ હોય તથા કેન્દ્ર કે ત્રિકોણ (આ બંનેમાંથી કોઈ એક)માં હોય તો તે વિશેષ યોગકારક થાય છે. (૧૩)

અગાઉ પાપગ્રહો કેન્દ્રના સ્વામી હોય ત્યારે જે શુભ ગુણો કહેવામાં આવ્યા છે એમને ત્રિકોણપતિ થાય ત્યારે એ ગુણો આવે છે એમ સમજવું જોઈએ. કેન્દ્રપતિ હોવા માત્રથી જ શુભ ગુણ થતા નથી. (૧૪)

કેન્દ્રનો સ્વામી અને ત્રિકોણનો સ્વામી જો ૩–૬ આદિ પાપ સ્થાનના પણ સ્વામી હોય તો એ બંનેની સ્થિતિ આદિ સંબંધથી જ યોગફળ થતાં નથી. અર્થાત એ સ્થિતિમાં અન્ય રાજયોગ પણ હોય તો જ યોગ સમજવા. (૧૫)

રાહુ, કેતુની વિશેષતા

રાહુ અને કેતુ એ બંને જે સ્થાનના સ્વામીની સાથે હોય તથા જે સ્થાનમાં રહેતા હોય તે અનુસાર ફળ આપે છે. (૧૬)

રાહુ અને કેતુ કેન્દ્રમાં હોય અને ત્રિકોણ પતિની સાથે હોય અથવા ત્રિકોણમાં હોય અને કેન્દ્ર પતિની સાથે હોય કે તેનાથી દૃષ્ટ હોય તો પણ તે યોગકારક બને છે. (૧૭)

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, આપે જે યોગો કહ્યા છે તદનુસાર કયા લગ્નમાં કોણ કોણ ગ્રહ આ યોગકારક અને કયા ગ્રહ અશુભકારક છે. આના ઉદાહરણો કૃપા કરીને આપો.

મેષાદિ લગ્નોત્પન્ન મનુષ્યના શુભ અને અશુભ ગ્રહ

પરાશર બોલ્યા :

હે વિપ્ર, હવે હું ઉદાહરણો પ્રમાણે કહું છું. મેષ લગ્નમાં જન્મનારને મંગલ આઠમા સ્થાનનો સ્વામી હોવા છતાં પણ (લગ્નેશ હોવાથી) અશુભ ફળ આપવાને બદલે શુભ ફળ આપનાર ગ્રહનો સહાયક જ થાય છે. અર્થાત શુભ કારક ગ્રહની દશામાં પોતાની અંતર દશામાં શુભ ફળને વધારે છે અને પાપગ્રહની દશામાં પાપ ગ્રહના ફળને ઓછું કરે છે. શનિ, બુધ અને શુક્ર એ ત્રણેય લાભ દાયક ફળ આપે છે. માત્ર રવિ અને ગુરુ એ યોગ શુભકારક થાય છે. પરંતુ શનિ (કેન્દ્રનો સ્વામી) અને ગુરુ (કોણના સ્વામી)ના કેવળ યોગથી જ શુભ ફળ (રાજ યોગાદિ) થઈ શકતા નથી. વળી

ગુરુ બીજા ગ્રહ પાપગ્રહ સાથે સંબંધ હોવાને લીધે જરૂર ખરાબ ફળ આપે છે. શુક્ર મુખ્ય મારક ગ્રહ થાય છે આમ તો શનિ આદિ પણ પાપ ગ્રહ હોય છે અને તેથી મારકેશ (શુક્ર) સાથે સંબંધ હોવાથી શનિ અને બુધ પણ મારક થાય છે. આવી રીતે મેષ લગ્નમાં જન્મનારનાં ફળ સમજવાં જોઈએ. (૧૯-૨૨)

વૃષભ

વૃષભ લગ્નમાં જન્મનારને ગુરુ, શુક્ર, ચન્દ્ર એ ખરાબ ફળ આપનાર અને શનિ તથા રવિ શુભ ફળ આપનાર છે. શનિ રાજયોગકારક અને બુધ અલ્પ શુભદાયક છે. ગુરુ, શુક્ર અને ચન્દ્ર એ ત્રણેય તથા મંગળ એ મારક થાય છે.

મિથુન

મિથુન લગ્નમાં જન્મનારને મંગળ, ગુરુ, અને સૂર્ય એ ખરાબ ફળ આપનાર, શુક્ર લાભદાયક, શનિ નવમા સ્થાનનો સ્વામી થઈને (યોગકારક બની) પણ ગુરુના યોગથી મેષ લગ્નના સમાન ફળ આપે છે. ચન્દ્ર મુખ્ય કારક થાય છે.

કર્ક

કર્ક લગ્નમાં જન્મનારને શુક્ર, બુધ ખરાબ ફળ આપનાર, મંગળ, ગુરુ, ચન્દ્ર શુભ ફળ આપનાર થાય છે. એમાં મંગળ પૂર્ણયોગકારક થાય છે. (૨૭-૩૮)

સિંહ

સિંહ લગ્નમાં જન્મનારને બુધ, શુક્ર, શનિ એ ખરાબ ફળ આપનાર, મંગળ, ગુરુ અને સૂર્ય એ શુભ ફળ આપનાર થાય છે. પરંતુ ગુરુ અને શુક્રના (પાંચમા કે દસમા સ્થાનના સ્વામી હોવા છતાં) સંબંધમાત્રથી જ શુભ ફળ મળતું નથી. શનિ મારક અને ચન્દ્ર સાહચર્યથી ફળદાયક બને છે. (૨૯-૩૦)

કન્યા

કન્યા લગ્નમાં જન્મનારને મંગળ, ગુરુ અને ચન્દ્ર ખરાબ ફળ આપે છે, બુધ અને શુક્ર શુભદાયક છે. ભાર્ગવ તથા ઈન્દુસુત યોગકારક બને છે. કવિ મારક હોવા છતાં સૂર્ય સાહચર્યને કારણે ફળદાયક થાય છે જ્યોતિષીએ કન્યા લગ્નમાં જન્મનાર માટે આ ફળ કહેવાં.

તુલા

તુલા લગ્નમાં જન્મનારને ગુરુ, રવિ, મંગળ નુકસાન કરનાર તથા શનિ, બુધ, શુભદાયક થાય છે. ચન્દ્ર અને બુધ એ બંને રાજયોગકારક થાય છે. મંગળ મારક અને ગુરુ આદિ પાપગ્રહ મારક થાય છે. (૩૧–૩૪)

વૃશ્ચિક

વૃશ્ચિક લગ્નમાં જન્મનારને શુક્ર, બુધ, શનિ અશુભ કરનાર, શનિ, શુક્ર શુભદાયક અને શુક્ર રાજયોગકારક થાય છે. ગુરુ, સૂર્ય, મંગળ મારક થાય છે અને બુધ મધ્યમ ફળ આપે છે. (૪૧–૪૨)

મીન

મીન લગ્નમાં જન્મનારને શનિ, શુક્ર, રવિ, બુધ એ અશુભ કરનાર, મંગળ અને ગુરુ એ બંને યોગકારક થાય છે. મંગળ મારક હોવા છતાં પણ પોતે મારક નથી. શનિ અને બુધ મારક હોય છે. (૪૩)

આવી રીતે જન્મ લગ્નવશ ભાવોના આધિપત્ય અનુસાર ગ્રહોની શુભદાયક તથા અશુભદાયક અસરો મેં પ્રતિપાદિત કરી છે. આ સિવાય નાભસયોગ આદિ જોઈને દેહધારીઓનાં ફલ કહેવાં જોઈએ અને હવે હું તે કહીશ. (૪૫–૪૬)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં યોગકારકો વિશે વિચાર નામનો ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૩૫

નાભસયોગો

પરાશર બોલ્યા :

હે વિપ્ર, હવે હું નાભસયોગો વિશે કહું છું. આ યોગના ૩૨ ભેદ તથા ૧૮૦૦ ઉપભેદ છે. આમાંથી ૩૨માં ૪ આશ્રય યોગ, ૨ દલયોગ, ૨૦ આકૃતિયોગ અને ૭ સંખ્યાયોગ છે. (૧–૨॥)

નાભસયોગનાં નામ

રજ્જુ, મુસલ અને નલ એ ત્રણ આશ્રયયોગ છે. માલા અને સર્પ એ બે દલયોગ કહેવાયા છે. ગદા, શકટ, શૃંગાટક, પક્ષી, હળ, વજ્ર, યવ, કમલ, વાપી, યૂપ, શર, શક્તિ, દંડ, નૌકા, કૂટ, છત્ર, ધનુષ (ચાપ), અર્ધચન્દ્ર, ચક્ર અને સમુદ્ર એ ૨૦ આકૃતિયોગ કહેવાય છે. વલ્લકી, દામ, પાશ, કેદાર, શૂલ, યુગ અને ગોલ એ ૭ સંખ્યાયોગ કહેવાયા છે. આ ૩૨ નાભસયોગ કહેવાય છે. (૩–૬)

આશ્રયયોગનાં લક્ષણ

બધા ગ્રહ ચર રાશિમાં હોય તો મુસલ તથા બધા ગ્રહ દ્વિસ્વભાવમાં હોય તો નલ નામનો યોગ થાય છે. આ ત્રણેય ચર આદિ રાશિઓના આશ્રયવશ હોવાથી આશ્રયયોગ કહેવાય છે. (૭)

દલ યોગ

૩ કેન્દ્રમાં આ સર્વ શુભ ગ્રહ હોય કે ૩ કેન્દ્રમાં સર્વ પાપગ્રહ હોય તો ક્રમશઃ માલા અને સર્પ નામના બે દલયોગ કહેવાય છે. એ શુભ અને અશુભ હોય છે.

આકૃતિયોગ

નજીક રહેલા બે કેન્દ્ર સ્થાનમાં બધા ગ્રહ હોય તો ગદા નામનો યોગ થાય છે. આ ચાર પ્રકારનો છે—લગ્ન અને સાતમા સ્થાનમાં બધા ગ્રહ હોય તો શકટ યોગ, ૪, ૧૦માં બધા ગ્રહ હોય તો પક્ષીયોગ થાય છે. જો લગ્નથી ત્રિકોણમાં (૧, ૫, ૯) માં બધા ગ્રહ હોય તો શૃંગાટક નામનો યોગ થાય છે, લગ્નથી બીજા સ્થાનથી ત્રિકોણ (૨–૬–૧૦ કે ૩–૭–૧૧ કે ૪–૮–૧૨) માં બધા ગ્રહ હોય તો હલયોગ થાય છે. વળી બધા શુભ ગ્રહ માત્ર લગ્ન અને સાતમા સ્થાનમાં હોય અથવા માત્ર બધા પાપગ્રહ દસમા કે ચોથા સ્થાનમાં હોય તો વજ્રયોગ, એનાથી ઊલટું (બધા પાપગ્રહ લગ્ન, સાતમામાં હોય અથવા શુભ ગ્રહ દસમા કે ચોથા સ્થાનમાં હોય) તો યવયોગ થાય છે. (૯–૧૧)

કમલ અને વાપીયોગ

જો બધા ગ્રહ ચારે ય કેન્દ્રમાં હોય તો કમલ યોગ તથા કેન્દ્ર સિવાયના સ્થાનોમાં (પણફર આપોક્લિમ)માં જ બધા ગ્રહો હોય તો વાપીયોગ થાય છે. (૧૨)

યુપ, શર, શક્તિ, દંડયોગ

જો લગ્નથી સળંગ ચાર સ્થાનમાં બધા ગ્રહ હોય તો યૂપયોગ, ચોથાથી ચાર સ્થાનમાં હોય તો શરયોગ, સાતમાથી ચાર સ્થાનમાં હોય તો શક્તિયોગ અને દસમાથી ચાર સ્થાનમાં હોય તો દંડયોગ થાય છે. (૧૩)

નૌકા, કૂટ, છત્ર અને ચાપયોગ

લગ્નથી સળંગ સાત સ્થાનોમાં સાત ગ્રહ હોય તો નૌકાયોગ, ચોથાથી સાત સ્થાનમાં હોય તો કૂટયોગ, આવી રીતે સાતમા સ્થાનથી સાત સ્થાનમાં બધા ગ્રહ હોય તો છત્રયોગ અને દસમા સ્થાનથી સાત સ્થાનોમાં સાત ગ્રહ હોય તો ચાપયોગ થાય છે. (૧૪)

ચક્ર અને સમુદ્રયોગ

લગ્નથી શરૂ કરીને એકાન્તરે ૬ સ્થાનમાં (૧-૩-૫-૭-૯-૧૧માં) બધા ગ્રહો હોય તો ચક્રયોગ, બીજા સ્થાનથી એકાન્તરે ૬ રાશિ (૨-૪-૬-૮-૧૦-૧૨માં) બધા ગ્રહો હોય તો સમુદ્રયોગ થાય છે. (૨૫)

૭ સંખ્યાયોગનાં લક્ષણ

બધા ગ્રહ ૧ રાશિમાં હોય તો ગોલયોગ, ૨ રાશિમાં હોય તો યુગ, ૩ રાશિમાં હોય તો શૂલ, ૪ રાશિમાં હોય તો કેદાર, ૫ રાશિમાં હોય તો પાશ, ૬ રાશિમાં હોય તો દામ અને ૭ રાશિમાં બધા ગ્રહ હોય તો વીણા નામનો યોગ થાય છે. પરંતુ પૂર્વના લક્ષણવાળા ન હોય તો ૭ યોગ સમજવા. પૂર્વોક્ત લક્ષણ હોય તો પૂર્વોક્ત નામના યોગ જ થાય છે. (૧૬-૧૭)

ઉપર જણાવેલાં ૩૨ યોગનાં ફળ

રજ્જુ :- યોગમાં જન્મનાર ભ્રમણશીલ, સુંદર, પરદેશમાં જનાર, સુખી, ક્રૂર અને દુષ્ટ સ્વભાવવાળો થાય છે.

મુસલ :- યોગમાં જન્મનાર સ્વમાની, જ્ઞાની, ધનવાન, રાજમાન્ય, વિખ્યાત, ઘણા પુત્રોવાળો તથા સ્થિર ચિત્તવાળો થાય છે.

નલ :- યોગમાં જન્મનાર હીન કે અધિક અંગવાળો, ધનનો સંગ્રહ કરનાર, અતિ ચતુર, બંધુઓમાં પ્રિય અને સુંદર થાય છે.

માલા :– યોગમાં જન્મનાર નિત્ય વાહનવાળો, વસ્ત્ર, ભોજન આદિથી સુખી, સુંદર અને ઘણી સ્ત્રીવાળો થાય છે.

સર્પ :– યોગમાં જન્મનાર કુટિલ, ક્રૂર, નિર્ધન, દુઃખી, દીન, બીજાઓનું અનાજ માંગી ખાનાર થાય છે. (૧૮–૨૨)

ગદા :– યોગમાં જન્મનાર સતત ઉદ્યમી, ધનવાન, યજ્ઞ કરનાર, શાસ્ત્ર અને સંગીતમાં નિપુણ, સુવર્ણ, રત્ન, આદિ ધનવાળો થાય.

શકટ :– યોગમાં જન્મનાર રોગી, ખરાબ નખવાળો, મૂર્ખ, વાહનથી ગુજરાન કરનાર, નિર્ધન, મિત્રો વગરનો થાય.

પક્ષી :– યોગમાં જન્મનાર ભ્રમણશીલ, પરાવલંબી, દૂત, સુરતથી ગુજરાન ચલાવનાર, દુષ્ટ, તથા કલહપ્રિય થાય.

શૃંગાટક :– યોગમાં જન્મનાર કલહ કરનાર, યોદ્ધો, સુખી, રાજાનો પ્રિય, સુંદર પત્નીવાળો, ધનવાન તથા સ્ત્રીનો દ્વેષી થાય છે. (૨૩–૨૬)

હલ :– યોગમાં જન્મનાર બહુભક્ષી, ગરીબ, ખેડૂત, ઉદ્વેગવાળો, ભાઈઓ અને સગાઓવાળો થાય છે.

વજ્ર :– યોગમાં જન્મનાર બાળપણ અને ઘડપણમાં સુખી, શૂરવીર, સુંદર, નિસ્પૃહી, ભાગ્યહીન, લુચ્ચો અને લોકોનો વિરોધી થાય છે.

યવ :– યોગમાં વ્રત, નિયમ વગેરે સત્કર્મ કરનાર, મધ્યાવસ્થામાં સુખી, ધનવાન, પુત્રવાન, દાનવીર અને સ્થિર બુદ્ધિવાળો થાય છે.

કમલ :– યોગમાં જન્મનાર ધનવાન, ગુણવાન, દીર્ઘાયુ, વિખ્યાત વંશવાળો, શુદ્ધ, સેંકડો સુકર્મ કરનાર રાજા થાય છે.

વાપી :– યોગમાં જન્મનાર ધન સંગ્રહમાં ચતુર, સ્થિર ધનવાળો અને સ્થિર સુખવાળો, પુત્રવાન, નૃત્ય નાટક આદિથી સુખી

અને રાજા થાય છે.

યૂપ :- યોગમાં જન્મનાર આત્મજ્ઞાની, યજ્ઞકર્તા, સ્ત્રીથી સુખી, બળવાન, વ્રત નિયમો પામનાર વિશિષ્ટ પુરુષ થાય છે.

શર :- યોગમાં જન્મનાર, તીર બનાવનાર, જેલખાનાંનો માલિક, શિકારથી ધન મેળવનાર, માંસભક્ષી, હિંસક, ઘૃણાજનક કાર્ય કરનાર થાય છે.

શકિત :- યોગમાં જન્મનાર ધનહીન, નિષ્ફળ જીવનવાળો, દુઃખી, નીચ, આળસુ, દીર્ઘ આયુષ્યવાળો, યુદ્ધમાં નિપુણ, સુંદર સ્વરૂપવાળો થાય છે.

દંડ :- યોગમાં જન્મનાર પુત્રહીન, સ્ત્રીહીન, ધનહીન, નિર્દય, પોતાના સગાસંબંધીઓથી ત્યજાયેલ, દુઃખી તથા નીચ લોકોનો સેવક થાય છે. (૨૭-૩૫)

નૌકા :- યોગમાં જન્મનાર મોતી આદિથી ગુજરાન ચલાવનાર, ઘણી આશા કરનાર, વિખ્યાત, દુષ્ટ, કંજૂસ, મલિન અને લોભી થાય છે.

કૂટ :- યોગમાં જન્મનાર મિથ્યાભાષી, જેલનો ઉપરી, ધનવાન શઠ, ઘાતકી, પર્વત, કિલ્લા વગેરે સ્થાનમાં રહેનાર થાય છે.

છત્ર :- યોગમાં જન્મનાર પોતાના કુટુંબનું પોષણ કરનાર, દયાળુ, અનેક રાજાઓમાં માન્ય, શ્રેષ્ઠ બુદ્ધિવાળો, બાળપણ અને ઘડપણમાં સુખી તથા દીર્ઘાયુ થાય.

ચાપ :- યોગમાં જન્મનાર મિથ્યાવાદી, જેલનો ઉપરી, ચોર, લુચ્ચો, વન વિહારનો શોખીન, ભાગ્યહીન અને મધ્યમ વયમાં સુખી થાય છે.

અર્ધચન્દ્ર :- યોગમાં જન્મનાર સેનાપતિ, સુંદર દેહવાળો, રાજામાં માન્ય, બળવાન, સુવર્ણ, રત્ન આદિથી ધનવાન થાય છે.

ચક્ર :– યોગમાં જન્મનાર અનેક રાજાઓથી પૂજા પામનાર, ચક્રવર્તી રાજા થાય છે.

સમુદ્ર :– યોગમાં જન્મનાર અનેક રત્નાદિથી ધનવાન, ભોગી, લોકપ્રિય, સુપુત્રવાન, સ્થિર ધનવાળો અને સુશીલ થાય છે. (૩૬–૪૨)

૭ **વીણા** :– યોગમાં જન્મનાર ગીત, નૃત્ય અને વાદ્યોમાં પ્રેમ રાખનાર, સુખી, ધનવાન, નેતા તથા અનેક નોકરોવાળો થાય છે.

૬ **દામ** :– યોગમાં જન્મનાર પરોપકારી, નીતિથી ધન કમાનાર, મહા ઐશ્વર્યવાન્, વિખ્યાત, પુત્ર, રત્ન આદિવાળો અને વિદ્વાન થાય છે.

૫ **પાશ** :– યોગમાં જન્મનાર બંધન ભોગવનાર, કાર્યમાં દક્ષ, પ્રપંચી, વાચાળ, ચારિત્રહીન, અનેક નોકરોવાળો તથા અધિક પરિવારવાળો થાય છે.

૪ **કેદાર** :– યોગમાં જન્મનાર અનેક જન પર ઉપકાર કરનાર, ખેતી કરનાર, સત્યવકતા, સુખી, ચંચળ અને ધનવાન થાય.

૩ **શૂલ** :– યોગમાં જન્મનાર તીક્ષ્ણ સ્વભાવવાળો, આળસુ, નિર્ધન, હિંસક, સમાજથી બહાર, શૂરવીર અને યુદ્ધમાં વિજયી થાય છે.

૨ **યુગ** :– યોગમાં પાખંડી, નિર્ધન, સમાજથી બહાર, માતા, પુત્ર અને ધર્મ વગરનો થાય છે.

૧ **ગોલ** :– યોગમાં જન્મનાર પુરુષ બળવાન, ધનવાન, વિદ્યા અને જ્ઞાન વગરનો, મલિન અને દુઃખી થાય છે.

આ ઉપર જણાવેલ ફળ જન્મથી મરણ સુધી સર્વ અરોની દશામાં થાય છે એમ અગાઉના આચાર્યો કહી ગયા છે. (૪૩–૫૦)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં નાભસ યોગ વિશે વિચાર નામનો પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૩૬

વિવિધ યોગો

લગ્નમાં માત્ર શુભ ગ્રહ હોય તો શુભયોગ અને માત્ર પાપગ્રહ હોય તો પાપ નામનો યોગ થાય છે.

તથા લગ્નમાં ગ્રહ ન હોય અને બીજા અને બારમા સ્થાનમાં શુભ ગ્રહ હોય તો પણ શુભ યોગ અને બીજા તથા બારમાં સ્થાનમાં માત્ર પાપગ્રહ હોય તો પણ અશુભ યોગ થાય છે. (૧)

શેખર ભાષ્ય : આપણે ત્યાં જ્યોતિષ શાસ્ત્રમાં યોગનો અર્થ એ કે વધુ ગ્રહ એક સ્થાનમાં હોય, યુતિ કરતા હોય કે એક બીજાને જોતા હોય તેને યુતિ કે દૃષ્ટિમાં પરસ્પર યોગ સાધતા ગણાએલા છે. હકીકતમાં વિવિધ યોગોમાં ઉપરના પ્રથમ સૂત્રમાં જ આપણને યોગ શબ્દનો ખ્યાલ મળી રહે છે. લગ્ને શુભ ગ્રહ શુભ યોગ, પાપગ્રહ પાપ યોગ અને મિશ્ર હોય તો મિશ્ર યોગ થાય છે. યોગનો રુઢ અર્થ એ ગ્રહો ભેગા મલે તે યોગના અર્થમાં લેવાનો નથી. તે પણ યોગ તો છે. જેમ ગુરુ-ચંદ્રના યોગને ગજકેશરી યોગ કહે છે. એને ક્ષીરશર્કરા યોગ કહે છે. પણ કુંડલીમાં વિશિષ્ટ ફળ આપતી પરિસ્થિતિ સર્જતી ગ્રહસ્થિતિ પણ યોગ બને છે.

યોગ પૂર્ણ ફળ કયારે આપે?

શાસ્ત્રમાં વર્ણવેલી પરિસ્થિતિથી યોગ તો સર્જાયો પણ તે પૂર્ણ ફળ આપે તે માટે મિત્ર, ઉચ્ચ કે સ્વરાશિમાં છે? તો કે શત્રુ નીચમાં છે તો –, તે જન્મલગ્ન માટે યોગકારક છે કે નહિ? જેમ ગુરુ ચંદ્રનો યોગઃ વૃશ્ચિક લગ્ન માટે ગુરૂ અને ચંદ્ર બન્ને યોગકારક છે તેની યુતિ પમે કે ૯ મે જે ફળ સર્જે તે તુલા લગ્ન માટે ૫ મે નહીં સર્જે. વળી આ યોગમાં ભાગ લેતા ગ્રહો અસ્ત ન હોય અન્ય પાપગ્રહથી યુકત કે દૃષ્ટ હોય કે તેના પર દૃષ્ટિ હોય તો પણ યોગ ઘણો ઘટી જાય છે. ઉદાહરણ લગ્ને કે એક ગ્રહ યોગ કરે પણ તે નીચ હોય, તે લગ્ન માટે યોગકારક ન હોય પાપયુકત કે અસ્ત હોય તો તેનું ફળ નહીં મળે વળી આ યોગ ષડ્ કે ષોડશવર્ગમાં થતા હોય તો પણ ફળ મલે છે. આ નિયમો અમારા ઘડેલા નથી પણ અનુભવમાં તેમ જોવાયું છે.

શુભ યોગમાં જન્મનાર ઉત્તમ વકતા, કૃપાળો, ચારિત્ર્યવાન, તથા ગુણવાન થાય છે. **અશુભ** યોગમાં જન્મનાર કામી, પાપી તથા પારકાનું ધન મેળવનાર થાય છે

ગજકેસરી યોગ

લગ્ન અથવા ચન્દ્રથી જો ગુરુ કેન્દ્રમાં હોય અને શુભ ગ્રહથી જ માત્ર દૃષ્ટ હોય તથા જો અસ્ત, નીચ અને શત્રુ રાશિમાં ન હોય તો ગજકેસરી નામનો યોગ થાય છે. આ યોગમાં જન્મનાર તેજસ્વી, ધનવાન, બુદ્ધિમાન, ગુણવાન તથા રાજાને પ્રિય થાય. (૩–૪)

અમલયોગ

લગ્ન કે ચન્દ્રથી દસમા સ્થાનમાં માત્ર શુભ ગ્રહ હોય તો અમલ કીર્તયોગ થાય છે. આ યોગમાં જન્મનાર મનુષ્ય રાજાથી

માન મેળવનાર, ભોગી, દાની, બંધુઓમાં પ્રિય, પરોપકારી, ધર્માત્મા, અને ગુણવાન થાય છે. (૫-૬)

પર્વતયોગ

જો સાતમા અને આઠમા સ્થાનમાં કોઈ ગ્રહ ન હોય અથવા ગ્રહ હોય તો શુભ ગ્રહ હોય તથા બધા શુભ ગ્રહ કેન્દ્રમાં હોય તો પર્વત નામનો યોગ થાય છે. પર્વત યોગમાં જન્મનાર ભાગ્યવાન, વક્તા, શાસ્ત્ર જાણનાર, હસમુખો, યશસ્વી, તેજસ્વી, અને નગરનો આગેવાન થાય છે. (૭-૮)

કાહલયોગ

લગ્નેશ બળવાન હોય અને સુખ સ્થાનનો સ્વામી અને ગુરુ પરસ્પર કેન્દ્રગત હોય અથવા સુખસ્થાનનો સ્વામી અને દસમા સ્થાનનો સ્વામી એકી સાથે કોઈ પોતાની ઉચ્ચ કે સ્વરાશિમાં હોય તો બંને રીતે કાહલયોગ થાય છે. કાહલયોગમાં જન્મનાર બળવાન, સાહસિક, લુચ્ચો, ચતુર અને કેટલાક ગામનો માલિક થાય છે. (૯-૧૦)

ચામરયોગ

લગ્નનો સ્વામી પોતાના ઉચ્ચમાં થઈને કેન્દ્રમાં હોય અને એના પર ગુરુની દૃષ્ટિ હોય અથવા શુભ ગ્રહ લગ્ન, નવમા, દસમા કે સાતમા સ્થાનમાં હોય તો ચામરયોગ થાય છે. (૧૧)

ચામરયોગમાં જન્મ થવાથી રાજા કે રાજાને માન્ય, દીર્ઘાયુ, પંડિત, વક્તા તથા સર્વ કળાઓનો જાણનાર થાય. (૧૨)

શંખયોગ

લગ્નેશ બળવાન હોય અને પાંચમા તથા છઠ્ઠા સ્થાનના સ્વામી પરસ્પર કેન્દ્રમાં હોય અથવા ભાગ્યનો સ્વામી બળવાન હોય તથા લગ્નનો સ્વામી અને દસમા સ્થાનનો સ્વામી ચર રાશિમાં હોય તો

શંખયોગ થાય છે. શંખયોગમાં જન્મનાર દયાળુ, પુણ્યવાન, બુદ્ધિમાન, સુકર્મા અને ચિરંજીવી થાય છે. (૧૩–૧૪)

ભેરીયોગ

નવમા સ્થાનનો સ્વામી બળવાન હોય અને ૧૨, ૧, ૨ અને સાતમા સ્થાનમાં બધા ગ્રહો હોય અથવા ભાગ્યેશ બળવાન હોય અને શુક્ર, ગુરુ અને લગ્નેશ કેન્દ્રમાં હોય તો ભેરીયોગ થાય છે. (૧૫)

ભેરીયોગમાં જન્મનાર ધનવાન, પુત્રવાન, સ્ત્રીવાળો, કીર્તિમાન અને ગુણવાન રાજા, સદાચારી, સુખી તથા વિલાસી થાય છે.(૧૬)

મૃદંગયોગ

લગ્નનો સ્વામી બળવાન હોય અને પોતાના ઉચ્ચ કે ગૃહમાં હોય, અન્ય ગ્રહકેન્દ્રમાં હોય તો મૃદંગયોગ થાય છે. આમાં જન્મ લેનાર સુખી, રાજા કે રાજા સમાન થાય છે. (૧૭)

શ્રીનાથયોગ

સાતમા સ્થાનનો સ્વામી દસમા સ્થાનમાં પોતાના ઉચ્ચનો હોય અને દસમા તથા નવમા સ્થાનના સ્વામીની સાથે હોય તો શ્રીનાથયોગ થાય છે. આમાં જન્મ લેનાર ઇન્દ્રસમાન રાજા થાય છે. (૧૮)

શારદયોગ

દસમા સ્થાનનો સ્વામી પાંચમા સ્થાનમાં બુધ કેન્દ્રમાં અને સૂર્ય પોતાની રાશિમાં હોય અથવા ચન્દ્રથી ૫–૬ સ્થાનમાં ગુરુ કે બુધ હોય, અગિયારમા સ્થાનમાં મંગળ હોય તો શારદયોગ થાય છે. શારદયોગમાં જન્મ લેનાર ધનવાન, સ્ત્રી તથા પુત્રવાળો, સુખી, વિદ્વાન, રાજાને માન્ય, તપસ્વી અને ધર્માત્મા થાય છે. (૧૯–૨૦)

મત્સ્યયોગ

લગ્ન અને નવમા સ્થાનમાં શુભ ગ્રહ અને પાંચમા સ્થાનમાં શુભ-અશુભ બંને તથા ૪-૮માં પાપગ્રહ હોય તો મત્સ્યયોગ થાય છે. (૨૧)

આ યોગમાં જન્મનાર કાળજ્ઞાતા, દયાળુ, ગુણવાન, બુદ્ધિમાન, બળવાન, રૂપાળો, યશસ્વી, વિદ્વાન તથા તપસ્વી થાય છે. (૨૨)

કૂર્મયોગ

શુભ ગ્રહ પાંચમા છઠ્ઠા તથા સાતમા સ્થાનમાં અને પાપગ્રહ ત્રીજા, અગિયારમા તથા પહેલા સ્થાનમાં પોતાના ઉચ્ચમાં હોય તો કૂર્મયોગ થાય છે. આ યોગમાં જન્મનાર રાજા, ધીર, ધર્માત્મા, ગુણવાન, યશસ્વી, ઉપકારી, સુખી અને નેતા હોય છે.

ખડ્ગયોગ

નવમા સ્થાનનો સ્વામી બીજા સ્થાનમાં અને બીજા સ્થાનનો સ્વામી નવમા સ્થાનમાં તથા લગ્નનો સ્વામી કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો ખડ્ગયોગ થાય છે. ખડ્ગયોગમાં જન્મ હોય તો ધનવાન, ભાગ્યવાન તથા સુખી થાય છે. શાસ્ત્રજ્ઞ, બુદ્ધિમાન, બળવાન, કૃતજ્ઞ અને ચતુર થાય છે. (૨૫-૨૬)

લક્ષ્મીયોગ

લગ્નનો સ્વામી બળવાન હોય અને ભાગ્યનો સ્વામી પોતાના મૂળત્રિકોણ, ઉચ્ચ કે સ્વરાશિમાં થઈ કેન્દ્રમાં હોય તો લક્ષ્મીયોગમાં જન્મનાર સુંદર, ગુણવાન, રાજા; અનેક પુત્રવાળો, ધનવાન, યશસ્વી અને ધર્માત્મા થાય છે. (૨૭-૨૮)

કુસુમયોગ

સ્થિર રાશિ લગ્નમાં હોય, શુક્ર કેન્દ્રમાં હોય અને ચન્દ્ર ત્રિકો-

ણમાં શુભ ગ્રહની સાથે હોય અને શનિ દસમા સ્થાનમાં હોય તો કુસુમયોગ થાય છે. કુસુમયોગમાં જન્મનાર રાજા કે રાજાતુલ્ય, દાતા, ભોગી, સુખી, કુળમાં શ્રેષ્ઠ, ગુણવાન, વિદ્વાન થાય છે. (૨૯-૩૦)

કલાનિધિયોગ

બુધ તથા શુક્રની સાથે કે દૃષ્ટ ગુરુ ૨, ૫ સ્થાનમાં હોય અથવા બુધ કે શુક્રની રાશિમાં હોય તો કલાનિધિયોગ થાય છે. આ યોગમાં જન્મનાર ગુણવાન, રાજાનો માન્ય, નીરોગી, સુખી, ધનવાન અને વિદ્વાન થાય છે. (૩૧-૩૨)

કલ્પદ્રુમયોગ

લગ્નનો સ્વામી તથા તે જે રાશિમાં હોય એનો સ્વામી પછી તે જે રાશિમાં હોય તેનો સ્વામી અને એના નવાંશનો સ્વામી એ સર્વ જો કેન્દ્ર ત્રિકોણમાં કે પોતપોતાના ઉચ્ચમાં હોય તો કલ્પદ્રુમ યોગ થાય છે. આ યોગમાં જન્મનાર સર્વ સંપત્તિવાળો રાજા, ધર્માત્મા, બળવાન, યુદ્ધપ્રિય અને દયાળુ થાય છે. (૩૩-૩૪)

હરિ, હર, બ્રહ્મયોગ

ધનના સ્વામીથી ૨, ૮, ૧૨ સ્થાનમાં શુભ ગ્રહો હોય તો **હરિયોગ**, સાતમા સ્થાનના સ્વામીથી ૪, ૬, ૮ સ્થાનમાં શુભ ગ્રહ હોય તો **હરયોગ**, લાભ સ્થાનના સ્વામીથી ૪, ૧૦, ૧૧ માં શુભ ગ્રહ હોય તો **બ્રહ્મયોગ** થાય છે. આ યોગોમાં જન્મનાર સુખી, વિદ્વાન તથા પુત્રવાન થાય છે. (૩૫-૩૬)

લગ્નાધિયોગ

લગ્ન છઠ્ઠા, સાતમા, આઠમા સ્થાનમાં શુભ ગ્રહ હોય અને એના પર પાપગ્રહની દૃષ્ટિ કે યોગ ન હોય તો લગ્નાધિયોગ નામનો

યોગ થાય છે. આ યોગમાં જન્મનાર વિદ્વાન મહાત્મા અને સુખી થાય છે. (૩૭)

અન્યયોગો

લગ્નનો સ્વામી પારિજાત આદિ યોગમાં હોય તો જન્મનાર સુખી, વર્ગોત્તમમાં હોય તો નીરોગી, ગોપુરમાં હોય તો ધનધાન્યથી પૂર્ણ, સિંહાસનમાં હોય તો રાજા, પારાવતમાં હોય તો વિદ્વાન, દેવલોકમાં હોય તો શ્રીમાન, ઐરાવત અંશમાં હોય તો વિખ્યાત અને રાજમાન્ય થાય છે, (૩૮-૩૯)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં વિવિધ યોગ વિશે વિચાર નામનો છત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૩૭

ચન્દ્રના યોગો

અલ્પ, મધ્યમ અને ઉત્તમ યોગ.

સૂર્યથી જો ચન્દ્ર કેન્દ્રમાં હોય તો જન્મનારનાં ધન, બુદ્ધિ-કૌશલ્ય કીર્તિ આદિ અલ્પ થાય, પણફર (૨-૫-૮-૧૧)માં હોય તો ધન આદિ મધ્યમ પ્રકારના થાય અને આપોક્લિમમાં હોય તો જાતકના ધન આદિ ઉત્તમ કોટિના થાય. (૧)

શુભ અને અશુભ યોગ

દિવસે જન્મ હોય, ચન્દ્ર પોતાના અધિમિત્રના નવાંશમાં હોય અને એના પર ગુરુની દૃષ્ટિ હોય તો જન્મનાર સુખી અને ધનવાન થાય છે.

રાત્રે જન્મ હોય તથા ચન્દ્ર પોતાના અંશ કે અધિમિત્રના અંશમાં હોય અને એના પર શુક્રની દૃષ્ટિ હોય તો પણ જન્મનાર ધનવાન અને સુખી થાય છે. આનાથી વિપરીત હોય તો જન્મનાર નિર્ધન અથવા અલ્પ ધનવાન થાય છે. (૨-૩-૪)

શેખર ભાષ્ય : માનવીના જન્મ ચક્રમાં ચન્દ્રનું સ્થાન અનન્ય છે. ચંદ્ર મનનો કારક છે. અને મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધ મે ક્ષયોઃ એટલે ચંદ્રના યોગો મહત્વના બને છે. લગ્નથી થતો અધિ-

યોગ લગ્નાધિયોગ અને ચંદ્રથી થતો ચંદ્રાધિયોગ એમ ચંદ્રની પણ ગણત્રી છે માનસાગરી ગ્રંથે તો ચંદ્રથી બારેય ભાવના ફળો પણ આપ્યા છે.

સૂર્યથી ચંદ્ર-૧-૪-૭ કે ૧૦ મે સારો નથી, ૨, ૫, ૮ કે ૧૧મે મધ્યમ જ્યારે ૩-૬-૯ કે ૧૨મે ઉત્તમ માન્યો છે. દિવસે જન્મ અને ચંદ્ર ગુરુ સંબંધ રાત્રે જન્મ અને ચંદ્રશુક્ર સંબંધ એ વળી નવી દૃષ્ટિ સૂચવે છે.

આધિયોગ

ચન્દ્રથી ૮-૬-૭ ત્રણેય સ્થાનોમાં બધા શુભ ગ્રહો હોય તો અધિયોગ થાય છે. એમાં જન્મનાર ગ્રહોનાં બળ અનુસાર રાજા કે મંત્રી અથવા સેનાપતિ અવશ્ય થાય છે. (૫)

અધિક-મધ્ય-અલ્પ-યોગ

ચન્દ્રથી વૃદ્ધિમાં (૩-૬-૧૦-૧૧માં) બધા શુભ ગ્રહ હોય તો જન્મનાર ભારે ધનવાન, એમાં હોય તો મધ્યમ ધનવાન અને ૧ હોય તો અલ્પ ધનવાન થાય છે. (૬)

સુનફા, અનફા અને દુર્ધરાયોગ

સૂર્ય સિવાય ચન્દ્રથી બીજા સ્થાનમાં કોઈ ગ્રહ હોય તો સુનફા, ૧૨માં સ્થાનમાં ગ્રહ હોય તો અનફા અને બંનેમાં ગ્રહ હોય તો દુર્ધરા નામનો યોગ સમજવો. (૭)

ત્રણેય યોગનાં ફળ

આ ત્રણેય યોગમાં જન્મનાર ધનવાન અને સુખી થાય છે.

સુનફામાં જન્મનાર રાજા કે રાજા સમાન, બુદ્ધિમાન, ધનવાન, વિખ્યાત તથા આપકમાઈથી ધનવાન થાય છે.

અનફામાં રાજા, નીરોગી, સર્વ રીતે સુખી, સુશીલ, યશસ્વી, તથા સ્વરૂપવાન થાય છે.

દુર્ધરામાં પ્રાપ્ત સુખનેા ભેાગવનાર, દાનવીર, ધન તથા વાહનથી યુક્ત, ઉત્તમ નેાકરવાળેા થાય છે. (૮-૧૦)

કેમદ્રુમયેાગ

જો ચન્દ્રની સાથે કે એનાથી બીજા કે બારમા સ્થાનમાં તથા લગ્નથી કેન્દ્રમાં સૂર્ય સિવાય અન્ય કેાઈ ગ્રહ ન હેાય તેા કેમદ્રુમ નામનાં યેાગ થાય છે. એમાં જન્મનાર નિન્દાપાત્ર તથા ગરીબ થાય છે. (૧૧-૧૨)

ચન્દ્રયેાગની વિશેષતા

આ શુભાશુભ ચન્દ્રયેાગ અન્ય યેાગના ફળેાનેા નાશ કરીને પેાતાનું ફળ આપે છે. એટલે પહેલાં ડાહયા માનવીએ પ્રયત્નપૂર્વક એનેા વિચાર કરવેા. (૧૩)

"બૃહત પારાશરી" ચન્દ્રયેાગ પર વિચાર નામનેા ૩૭ મેા અધ્યાય સંપૂર્ણ.

શેખર ભાષ્ય : ઉપર કેમદ્રુમ યેાગ પણ વર્ણવ્યેા તેના ભંગ પણ આપ્યા છે. એ માટે પૂર્ણ વિચાર કરવા અમારું 'જ્યેાતિષ વિજ્ઞાન' નામનું પુસ્તક જુએા. આ યેાગમાં સૂર્યથી ચંદ્ર સિવાય અને ચંદ્રથી સૂર્ય સિવાય ગ્રહેાનેા વિચાર છે એટલે મંગળ બુધ ગુરુ શુક્ર અને શનિ લેવાનેા છે. અહીં રાહુ કેતુનેા વિચાર નથી. ચંદ્રનેા ધન (૨) અને વ્યય (૧૨) ભાવ ખાલી ન હેાવા ઘટે તે ખ્યાલ રાખવેા ચંદ્રના શુભ યેાગેા અનેક અશુભનેા અને આ શુભ-યેાગ અનેક શુભનેા નાશ કરીને પેાતાનું ફળ આપે છે.

અધ્યાય : ૩૮

સૂર્યના યોગો

વેશિ-યોશિ-ઉભયચરી યોગો

ચન્દ્રને છોડીને મંગળ આદિ પાંચમાંથી કોઈપણ ગ્રહ જો સૂર્યથી બીજા સ્થાનમાં હોય તો **વેશિયોગ**, બારમા સ્થાનમાં હોય તો **યોશિયોગ** અને બંનેમાં (૨-૧૨) હોય તો **ઉભયચરી** યોગ થાય છે.

ફળાદેશઃ

વેશિયોગમાં જન્મનાર સમદૃષ્ટિ, સત્ય વક્તા, લાંબા દેહવાળો, આળસુ, સુખી અને ધનવાન થાય છે.

યોશિયોગમાં જન્મનાર કાર્યકુશળ, દાની, યશવાન, વિદ્વાન અને બલવાન થાય છે.

ઉભયચરી યોગમાં રાજા કે રાજાતુલ્ય તથા સુખી થાય છે. શુભગ્રહથી આ યોગ હોય તો શુભ અને પાપગ્રહથી હોય તો અશુભ ફળ થાય છે. (૨-૪)

શેખર ભાષ્ય : કોઈ સ્થળે ૪-૪ શ્લોકના આવા સ્વતંત્ર સંક્ષિપ્ત અધ્યાય પણ છે. સૂર્યથી બીજે મંગળ, બુધ, ગુરુ શુક્ર કે શનિમાંથી કોઈ એક પણ હોય તો વેશિ યોગ, બારમે તેમ હોય તો વોશિ અને બન્ને બાજુ હોય તો ઉભયચરી યોગ થાય છે. જેમ ચંદ્રનાં સુનફા, અનફા અને દુર્ધરા નામનો યોગ સૂચવાયો છે તેમ સૂર્ય આત્માકારક છે. બધા ગ્રહોમાં પ્રધાન છે. પાશ્ચાત્ય જ્યોતિર્વિદોતો સૂર્યથી ફળ પણ જુએ છે. જેને Solar horoscope કહે છે.

"બૃહત્ પારાશરી"માં સૂર્યના યોગ વિશે વિચાર નામનો આડત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૩૯

રાજયોગ

પરાશર બોલ્યા :

હે ઉત્તમ વિપ્ર, હું હવે અનેક પ્રકારના રાજયોગ કહું છું એમના જ્ઞાનથી લોકો રાજાથી પુજાય છે. જે સ્વયં મહાદેવે પાર્વતીને કહ્યા હતા તેમના તત્ત્વ હું તમને કહું છું. કારકાંશ અને જન્મ લગ્ન એ બંનેથી યોગનો વિચાર કરવો જોઈએ. એક તો આત્મકારક અને પુત્રકારકથી તથા બીજા લગ્નના સ્વામી તથા પાંચમા સ્થાનના સ્વામીથી આ બંનેનો પરસ્પર સંબંધ અને બળ અનુસાર જ પૂર્ણ, અર્ધ કે ચોથા ભાગનો યોગ સમજવો જોઈએ. (૧–૫)

લગ્નનો સ્વામી પાંચમામાં અને પાંચમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય, આત્મકારક અને પુત્રકારક એ બંને લગ્ન કે પાંચમા સ્થાનમાં હોય, પોતાના ઉચ્ચ રાશિ કે નવાંશમાં તથા શુભગ્રહથી દૃષ્ટ હોય તો મહારાજ નામનો યોગ થાય છે. આ યોગમાં જન્મનાર વિખ્યાત અને સુખી થાય છે. (૬–૭)

શેખર ભાષ્ય : રાજયોગોનો વિચાર કારકાંશ તથા જન્મ લગ્નથી કરવા સૂચવ્યું છે. રાજયોગો અનેક છે. શ્રી હરિહર પુસ્તકાલયે પ્રગટ કરેલ અમારા ગ્રંથ સારાવાતમાં પૃષ્ઠ ૨૩૫ થી પેજ ૨૫૩ સુધી

૧૮૫ રાજયોગો છે. ઉપરાંત સર્વાર્થ ચિંતામણિ આદિ ગ્રંથોમાં પણ યોગો છે. આજે રાજાશાહી સમાપ્ત થઈ અને એના સાલિયાણા પણ ૧૫-૨૦ વર્ષમાં બંધ કરવાની વાત છે છતાં રાજયોગ એક વિશિષ્ઠ યોગ છે તે કુંડલીને સબળ બનાવે છે. આજે રાજયોગવાળો પ્રધાન, ઉપપ્રધાન રાજ્યમંત્રી કે તેમ થઈ શકે છે. પ્રગતિ સાધી શકે છે. આના ઉપરાંત રાજાથી સંબંધનો અધ્યાય છે. ચંદ્રની ૩, ૬, ૧૧મે બુધ માનવીને પૃથ્વીનો રાજા બનાવે તેવા યોગની દરિદ્ર કુંડલીમાં ફળાદેશ વિચારીને કરવો.

ભાગ્યનો સ્વામી અને આત્મકારક એ બંને લગ્ન, પાંચ, સાત સ્થાનમાં શુભ ગ્રહની સાથે કે તેનાથી દષ્ટ હોય તો તે રાજયોગ કારક થાય છે.

લગ્નેશ કે કારકથી ૨, ૪, ૫ સ્થાન શુભ ગ્રહ સાથે હોય તો જન્મનાર રાજા થાય છે. અથવા કારક કે લગ્નના સ્વામીથી ૩-૬ સ્થાનમાં માત્ર પાપગ્રહ હોય તો પણ જન્મનાર રાજા થાય છે.

શુભ અને પાપગ્રહ મિશ્રિત હોય તો જન્મનાર ધનવાન થાય છે. (૮-૧૦)

કારકાંશ કે એનાથી પાંચમા સ્થાન અથવા લગ્ન કે લગ્નપદમાં શુક્ર હોય, એના પર ગુરુ અને ચન્દ્રની દૃષ્ટિ હોય કે યોગ હોય તો રાજાનો સંબંધી થાય. (૧૧)

જન્મ લગ્ન, હોરા લગ્ન, અને ઘટી લગ્ન પર કોઈ એક ગ્રહની દૃષ્ટિ હોય તો જન્મનાર રાજ્ય ભોગવનાર થાય છે. (૧૨)

શેષર : બારમા સૂત્રના અર્થમાં એક જ ગ્રહ જન્મ લગ્નાદિ પર દૃષ્ટિ કરનાર હોય તેવો સૂચિતાર્થ ગર્ભિત છે.

લગ્નના ષડવર્ગ, રાશિ, હોરા, દ્રેષ્કાણ, નવાંશ, દ્વાદશાંશ અને ત્રિશાંશ, જો કોઈ એક જ ગ્રહની સાથે કે તેનાથી દષ્ટ હોય તો પણ

રાજયોગ થાય છે. યોગ અને દૃષ્ટિ અનુસાર જ પૂર્ણ, અર્ધ કે એનાથી અલ્પ ફળ સમજવું. (૧૩–૧૪)

જન્મ લગ્ન, હોરા લગ્ન અને ઘટી લગ્ન આ ત્રણમાં ઉચ્ચમાં રહેલો ગ્રહ હોય અથવા લગ્ન દ્રેષ્કાણ અને લગ્નની નવાંશ એ ત્રણેયમાં ઉચ્ચમાં રહેલો ગ્રહ હોય તો અવશ્ય રાજયોગ થાય છે. (૧૫)

પદમાં શુભ ગ્રહ અને ચન્દ્ર હોય, બીજા સ્થાનમાં ગુરુ હોય અને એના પર ઉચ્ચમાં રહેલ ગ્રહની દૃષ્ટિ હોય તો જરૂર રાજયોગ થાય છે. (૧૬)

લગ્ન અને બીજા સ્થાનમાં શુભ ગ્રહ, ત્રીજા સ્થાનમાં પાપગ્રહ અને ચોથા સ્થાનમાં શુભ ગ્રહ હોય તો તે અવશ્ય રાજા સમાન થાય છે.

ચન્દ્ર, ગુરુ કે શુક્ર કે બુધ આમાંથી એક પણ ઉચ્ચના થઈ બીજા સ્થાનમાં હોય તો રાજયોગ થાય છે.

જો ૬–૮–૩ માં પોતપોતાના નીચના ગ્રહ હોય અને લગ્નનો સ્વામી પોતાના ઉચ્ચ કે ગૃહમાં થઈને લગ્નને જુએ તો જન્મનાર રાજા થાય છે.

છઠ્ઠા, આઠમા કે બારમા સ્થાનનો સ્વામી આ નીચ, શત્રુ રાશિમાં હોય કે અસ્ત હોય અને લગ્નેશ પોતાની ઉચ્ચ, પોતાની રાશિમાં થઈને લગ્નને જોતો હોય તો રાજયોગ થાય છે.

અથવા દસમા સ્થાનનો સ્વામી પોતાના ઉચ્ચમાં થઈને લગ્નને જોતો હોય કે બધા શુભ ગ્રહ કેન્દ્રમાં હોય તો રાજયોગ થાય છે. (૧૭-૨૧)

આત્મકારક શુભ રાશિ કે શુભ નવાંશમાં હોય તો જન્મનાર ધનવાન થાય છે. તથા કારકાંશથી કેન્દ્રમાં શુભ ગ્રહ હોય તો જન્મનાર રાજા થાય છે.

લગ્નના પદ અને સાતમા સ્થાનના પદ પરસ્પર કેન્દ્રમાં કે ૩, ૧૧ સ્થાનમાં કે ૫-૯ સ્થાનમાં હોય તો જન્મનાર જરૂર રાજા અને સુખી થાય છે.

ભાવ લગ્ન, હોરા લગ્ન અને ઘટી લગ્ન એ ત્રણેયને ઉચ્ચ ગ્રહ જુએ તો જન્મનાર જરૂર રાજા થાય. આમાંથી બે લગ્નને જુએ તો પણ રાજયોગ થાય છે.

ત્રણેય લગ્નની રાશિ, દ્રેષ્કાણ, નવાંશ અથવા રાશિ અને નવાંશ અથવા રાશિ અને દ્રેષ્કાણને એક ગ્રહ જુએ તો રાજયોગ થાય છે.

લગ્નપદ અથવા ચન્દ્રની સાથે ઉચ્ચનો ગ્રહ હોય, એમાં ગુરુ અને શુક્રનો યોગ કે કોઈ પણ ઉચ્ચસ્થ ગ્રહનો યોગ હોય તો જરૂર રાજયોગ થાય છે.

અથવા પદમાં ચન્દ્ર હોય અને એનાથી બીજા સ્થાનમાં ગુરુ હોય તો પણ રાજયોગ થાય છે. (૨૨–૨૭)

દુષ્ટ સ્થાન (૬–૮–૧૨) નો સ્વામી પણ નીચમાં થઈને લગ્નને જુએ તો રાજયોગ થાય છે.

૪–૧૦–૨–૧૧ ના સ્વામી લગ્નને જોતા હોય, પદથી સાતમા સ્થાન પર શુક્રની દૃષ્ટિ હોય અને પદમાં શુભ ગ્રહ હોય તો રાજયોગ થાય છે.

૬–૮–૩–૧૧ સ્થાનમાં નીચ સ્થિત ગ્રહ લગ્નને જોતા હોય તો પણ રાજયોગ થાય છે.

લગ્નથી નવાંશ રાશિના કેન્દ્રમાં શુભ ગ્રહ હોય તો નિગ્રહ અને અનુગ્રહ કરનાર રાજા થાય છે. (૨૮–૩૧)

હવે ગ્રહોનાં સ્થાન, દૃષ્ટિ અને યોગવશ જે અન્ય રાજયોગ થાય છે તે કહું છું.

નવમા સ્થાનનો સ્વામી પણ મંત્રી છે, પાંચમા સ્થાનનો સ્વામી તો મુખ્ય મંત્રી થાય છે

આ બંનેમાં પરસ્પર દૃષ્ટિ હોય કે બંને કયાંક એક જ સ્થાનમાં હોય અથવા પરસ્પર સાતમા સ્થાનમાં હોય તો આવા યોગોમાં જન્મનાર મનુષ્ય રાજા થાય છે. (૩૨-૩૪)

ચોથા સ્થાનનો સ્વામી દસમા સ્થાનમાં, દસમા સ્થાનનો સ્વામી ચોથા સ્થાનમાં હોય, એના પર પાંચમા કે નવમા સ્થાનના સ્વામીની દૃષ્ટિ હોય તો જન્મનાર રાજા થાય છે.

૫-૧૦-૪-૧ સ્થાનનો સ્વામી એક પણ નવમા સ્થાનના સ્વામીની સાથે હોય તો જન્મનાર વિખ્યાત રાજા થાય છે.

સુખ સ્થાનનો સ્વામી કે દસમા સ્થાનનો સ્વામી જો પાંચમા સ્થાનના સ્વામી કે નવમા સ્થાનના સ્વામીની સાથે હોય તો જન્મનાર રાજા થાય છે.

સુત સ્થાનનો સ્વામી જો નવમા સ્થાનના સ્વામી કે લગ્ન સ્થાનના સ્વામીની સાથે થઈને ૧-૪-૧૦ સ્થાનમાં હોય તો જન્મનાર રાજા થાય છે.

શુક્રની સાથે રહીને ગુરુ જો પોતાની રાશિમાં (નવમી) હોય કે પાંચમા સ્થાનનો સ્વામીની સાથે હોય તો જન્મનાર રાજા થાય છે.

મધ્યાહ્ન અને મધ્યરાત્રિ બાદ અઢી ઘડી શુભ સમય થાય છે. એમાં જન્મનાર રાજા થાય છે. (૩૫-૪૦)

ચન્દ્ર અને શુક્ર પરસ્પર દૃષ્ટ, ત્રીજા કે અગિયારમા સ્થાનમાં હોય કે કયાંક પરસ્પર દૃષ્ટ હોય તો પણ રાજયોગ થાય છે. (૪૧)

જો બળવાન ચન્દ્ર વર્ગોત્તમ નવાંશમાં હોય અને એના પર ૪, ૫, કે ૬ ગ્રહોની દૃષ્ટિ હોય તો જન્મનાર રાજા થાય છે. અને લગ્ન જો ઉત્તમ અંશમાં હોય અને ચન્દ્રને છોડીને બીજા ચાર કે

અધિક ગ્રહોથી દૃષ્ટ હોય તો પણ જન્મનાર રાજા થાય છે. (૪૨-૪૩)

ત્રણથી ઓછા ગ્રહ જો ઉચ્ચમાં હોય તો જન્મનાર રાજાનો પુત્ર, રાજા અને અન્ય વંશમાં ઉત્પન્ન રાજા સમાન થાય છે,

૪ કે ૫ ગ્રહ પોતાના ઉચ્ચ કે પોતાના મૂલ ત્રિકોણમાં હોય તો હલકા કુળમાં જન્મવા છતાં પણ રાજા થાય છે.

આવી રીતે ગ્રહોની શુભ સ્થાનોમાંની સ્થિતિથી પણ અનેક પ્રકારના રાજયોગ થાય છે.

ગુરુ, શુક્ર કે બુધ એમાંથી એક પણ ઉચ્ચમાં હોય અને અન્ય શુભ ગ્રહ કેન્દ્રમાં હોય તો જન્મનાર રાજા થાય છે.

જો બધા શુભ ગ્રહ ૧-૪-૭-૧૦ માં હોય અને બધા પાપ ગ્રહ ૩-૬-૧૧ માં હોય તો જન્મનાર જરૂર રાજા થાય છે જ. (૪૪-૪૮)

શેખર ભાષ્ય : બધા શુભ ગ્રહો કેન્દ્રમાં હોય અને બધા પાપગ્રહો ૩-૬-૧૧ મે (ઉપચયમાં) હોય તેનો અર્થ પ્રત્યેક ભાવમાં તેમ ગ્રહ હોય તેવો અર્થ ન લેતાં કેન્દ્રમાં શુભ અને ક્રૂર ૩-૬ આદિમાં હોય તેમ અર્થ લેવો.

બૃહત પારાશરામાં રાજયોગ વિશે વિચાર નામનો ઓગણ-ચાલીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૪૦

રાજા સાથેના સંબંધના યોગો

જન્મલગ્નથી દસમા સ્થાનનો સ્વામી જો અમાત્યકારક રાશિના સ્વામી કે પાંચમા સ્થાનના અમાત્યકારક વડે દૃષ્ટ કે તેની સાથે હોય તો જન્મનાર રાજમંત્રી થાય છે.

લાભ સ્થાન પર લાભ સ્થાનના સ્વામીની દૃષ્ટિ અને દસમા સ્થાનમાં પાપગ્રહની દૃષ્ટિ કે યોગ ન હોય તો જન્મનાર રાજમંત્રી થાય છે.

જો આત્મકારક અમાત્યકારકની સાથે હોય તો પણ રાજમંત્રી થાય છે.

અમાત્યકારક બળવાન, શુભગ્રહની સાથે હોય ને પોતાના સ્થાન કે ઉચ્ચમાં હોય તો જન્મનાર મંત્રી થાય છે.

અમાત્યકારક જો ૧, ૫, ૬ સ્થાનમાં હોય તો પણ જન્મનાર રાજાનો કૃપાપાત્ર બનીને સુખી થાય છે.

આત્મકારકથી પહેલા કે લગ્નથી ૩, ૬ સ્થાનમાં બધા પાપગ્રહ હોય તો જન્મનાર સેનાપતિ થાય છે. આત્મકારક પોતાની રાશિ કે ઉચ્ચમાં હોય ને કેન્દ્ર ત્રિકોણમાં નવમા સ્થાનના સ્વામીની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો તે જરૂર રાજમંત્રી થાય.

આત્મકારક જન્મરાશિનો સ્વામી હોઈને શુભગ્રહની સાથે લગ્નમાં હોય તો તે વૃદ્ધાવસ્થામાં રાજમંત્રી થાય છે. (૧-૮)

શેખર ભાષ્ય : રાજા સાથે સંબંધ હોવો તે માટે પણ યોગ હોવો જોઈએ. આ સંબંધ એના મંત્રી આદિ થવાનો કે મિત્રાદિક થવાનો હોય શકે રાજા, વાજા અને વાંદરા ત્રણેય કોઈના નહિ ના ન્યાયે કયારેક આ સંબંધ ભારે પણ પડી જાય તેમ છે. આત્મકારક આદિની સંજ્ઞા પૂર્વે સંજ્ઞાધ્યાયમાં સૂચવાઈ ગઈ છે. આ અધ્યાયમાં રાજાનો મંત્રી થવાના કે રાજ્યમૈત્રી ધરાવવાના બેઉ પ્રકારના યોગો સૂચવાયા છે.

શુભ ગ્રહની સાથે કારક જો ૫, ૭, ૧૦ કે ૯મા સ્થાનમાં હોય તો એને રાજાના આશ્રયથી ધનલાભ થાય છે.

નવમા સ્થાનનું પદ લગ્નમાં હોય કે આત્મકારક નવમા સ્થાનમાં હોય તો જન્મનાર જરૂર રાજા સાથે સંબંધ ધરાવનાર થાય છે.

અગિયારમા સ્થાનનો સ્વામી અગિયારમા સ્થાનમાં પાપગ્રહથી અદૃષ્ટ હોય અથવા આત્મકારક માત્ર શુભ ગ્રહની સાથે હોય તો તેને રાજાથી ધનલાભ થાય છે.

લગ્નનો સ્વામી રાજ્યસ્થાન (૧૦માં)માં અને રાજ્ય સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો તે સર્વથી પ્રથમ રાજસંબંધ યોગ થાય છે. (૧૦–૧૩)

શેખર ભાષ્ય : ઉપર સૂચવેલા ધનલાભ આદિ યોગો રાજા સાથેના સંબંધ દ્વારા થાય છે તેનો ફલિતાર્થ ગ્રહણ કરવો. આ અધ્યાયમાં કુલ ૧૫ શ્લોકો છે.

આત્મકારકથી ચોથા સ્થાનમાં શુક્ર અને ચન્દ્ર હોય તો તે રાજચિહ્નો ધરાવનાર થાય છે. લગ્નનો સ્વામી કે કારક જો પાંચમા સ્થાનના સ્વામીની સાથે હોય ને કેન્દ્ર ત્રિકોણમાં હોય તો જન્મનાર રાજાનો મિત્ર થાય છે. (૧૪–૧૫)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં રાજા સાથેના સંબંધમાં યોગોનો વિચાર નામનો ચાલીસમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૪૧

વિશેષ ધનના યોગો

પરાશર બોલ્યા :

હવે હું વિશેષ ધનના યોગ વિશે કહું છું. આ યોગમાં જન્મનાર જરૂર ધનવાન થાય છે.

૧ જો પાંચમાં સ્થાનમાં શુક્રની રાશિ (તુલા કે વૃષભ) હોય અને લાભ સ્થાનમાં મંગળ હોય તો જન્મનાર ખૂબ ધનવાન થાય છે.

૨ પાંચમાં સ્થાનમાં બુધની સાથે બુધની રાશિ હોય અને અગિયારમાં સ્થાનમાં ચન્દ્ર, મંગળ, ગુરુ હોય તો જન્મનાર મહાધનવાન થાય છે.

૩ પાંચમાં સ્થાનમાં સૂર્યની સાથે સૂર્યની રાશિ અને અગિયારમાં સ્થાનમાં સૂર્ય કે ચન્દ્ર હોય તો જન્મનાર મહાધનવાન થાય છે.

૪ જો પાંચમાં સ્થાનમાં શનિની સાથે શનિની રાશિ હોય, અગિયારમાં સ્થાનમાં સૂર્ય કે ચન્દ્ર હોય તો જન્મનાર મહાધનવાન થાય છે.

૪ પાંચમે ગુરુની સાથે ગુરુની રાશિ હોય, અગિયારમાં સ્થાનમાં બુધ હોય તો તે ભારે ધનવાન થાય છે.

૫ પમા સ્થાનમાં મંગળ સહિત મંગળની રાશિ હોય, બારમા સ્થાનમાં શુક્ર હોય તો પણ જન્મનાર મહાધનવાન થાય છે.

૬ પાંચમા સ્થાનમાં ચન્દ્રની સાથે ચન્દ્રની રાશિ હોય અગિયારમાં સ્થાનમાં શનિ હોય તો જન્મનાર ભારે ધનવાન થાય છે. (૧-૮)

શેખર ભાષ્ય : આ ત્રણે સૂત્રો આગવી વિશેષતા ધરાવે છે. પમું સ્થાન જેનું હોય તે ગ્રહ પોતાની રાશિમા હોય અને સામે ૧૧મે સ્વગૃહ ગ્રહ હોય તો ૧૧મું લાભ સ્થાન અત્યંત બળવાન બની ધનકારક યોગ બને છે. આ યોગ અમે પ્રસિદ્ધ અનેક કુંડલીમાં જોયો છે.

નીચેના સાત યોગોમાં જન્મ લેનાર અવશ્ય ધનવાન થાય છે,

૧. સૂર્યની સાથે સૂર્યની રાશિ લગ્ને હોય અને તે જો મંગલ, ગુરુની સાથે કે તેમનાથી દૃષ્ટ હોય.

૨. ચંદ્ર સહિત ચંદ્ર રાશિ લગ્ને હોય તે બુધ કે ગુરુની સાથે હોય કે તેમનાથી દૃષ્ટ હોય.

૩. મંગળસહિત મંગળની રાશિ લગ્ને હોય તે બુધ શુક્ર અને શનિની સાથે કે તેમનાથી દૃષ્ટ હોય.

૪. બુધની રાશિ લગ્ને હોય તે શનિ અને ગુરુની સાથે હોય કે તેમનાથી દૃષ્ટ હોય.

૫. લગ્નમાં ગુરુની સાથે ગુરુની રાશિ હોય તે બુધ અને મંગળની સાથે હોય અથવા તેમનાથી દૃષ્ટ હોય.

૬. શુક્ર સહિત શુક્રની રાશિ લગ્ને હોય તે શનિ બુધની સાથે કે તેમનાથી દૃષ્ટ હોય.

૭. શનિની સાથે શનિની રાશિલગ્ને હોય તે મંગળ કે ગુરુની સાથે કે તેમનાથી દૃષ્ટ હોય.

આ સાતેય યોગોમાં જન્મ લેનાર જરૂર ધનવાન થાય છે. (૯–૧૫)

શેખર ભાષ્ય : ઉપરના યોગમાં ૧૧માની જેમ કેન્દ્ર ભાવ લગ્ન Fortified બને છે લગ્નમાં સ્વગૃહી હોય અને તે સામે બળવાન કારક ગ્રહ હોતા ધનયોગ થતો દર્શાવેલ છે.

અન્યયોગ, ધન પ્રાપ્તિ કાળ

નવમા સ્થાનનો સ્વામી અને પાંચમા સ્થાનનો સ્વામી બંને વિશેષ કરીને ધનદાયક છે તથા આ બંનેની સાથે જે ગ્રહ હોય તે પણ પોતપોતાની દશામાં ધનદાયક થાય છે. એમાં સંશય નથી. આવી રીતે આ યોગોમાં ગ્રહોની ક્રૂરતા અને સૌમ્યતા અનુસાર સુમાર્ગે કે કુમાર્ગે ધનની પ્રાપ્તિ કહેવી અને બળ અનુસાર અલ્પ કે અધિક ધન સમજવું જોઈએ.

કેન્દ્રેશનું ફળ

કેન્દ્રનો સ્વામી જો પારિજાત અંશમાં હોય તો જન્મનાર દાતા ઉત્તમવર્ગમાં હોય તો શ્રેષ્ઠ દાતા, ગોપુરમાં હોય તો પુરુષત્વવાળો, સિંહાસનમાં હોય તો શૂરવીર, દેવલોક વર્ગમાં હોય તો સભાપતિ, બ્રહ્મલોકમાં હોય તો મુનિ અને ઐરાવત અંશમાં હોય તો સર્વદા સંતુષ્ટ થાય છે. (૧૮–૧૯)

શેખર ભાષ્ય પંચમેશ–નવમેશને ધનદાયક દર્શાવી તેની સાથેનો ગ્રહ પણ પોતાની દશાન્તર્દશામાં ધનલાભ આપી જાય છે તેમ દશાવ્યું છે વૃશ્ચિક લગ્નમાં ચંદ્ર (૯) ગુરૂ (૫)માં ના માલિક

ભેગા થઈ સૂર્ય ૧૦ માનો માલિક ભેગો હોય તો સૂર્ય પોતાની દશાન્તર્દશામાં લાભ આપી જાય.

પાંચમા સ્થાનનો સ્વામી જો **પારિજાત** અંશમાં હોય તો એને કુલોચિત વિદ્યા મળે, વર્ગોત્તમ અંશમાં હોય તો ઉત્તમ વિદ્યા, **ગોપુર**માં હોય તો સંસારમાં ખ્યાત, સિંહાસનમાં હોય તો રાજમંત્રી, પારાવતમાં હોય તો બ્રહ્મજ્ઞાની, દેવલોકમાં હોય તો કર્મયોગી, બ્રહ્મલોકમાં ઈશ્વરોપાસક, ઐરાવતમાં હોય તો ઈશ્વરનો ભક્ત થાય છે. (૨૦–૨૨)

નવમા સ્થાનનો સ્વામી પારિજાત વર્ગમાં હોય તો જન્મનાર તીર્થ કરનાર, વર્ગોત્તમમાં હોય તો અનેક જન્મોથી તીર્થયાત્રા કરનાર, ગોપુરમાં હોય તો યજ્ઞ કરનાર, સિંહાસનમાં હોય તો વીર, સત્ય વકતા, જિતેન્દ્રીય અને સર્વ ધર્મ છોડીને માત્ર બ્રહ્મનો ઉપાસક થાય છે. પારાવતમાં હોય તો પરમહંસ, દેવલોકમાં હોય તો દંડી કે ત્રિદંડી, બ્રહ્મલોકમાં હોય તો અશ્વમેધાદિ યજ્ઞ કરી ઇન્દ્રનું પદ પ્રાપ્ત કરે છે. ઐરાવત અંશમાં હોય તો સ્વયં ધર્માવતાર થાય છે જેમ કે રામ, યુધિષ્ઠિર વગેરે. (૨૩–૨૭)

પારિજાતાદ્વિગત યોગકારક ગ્રહ ફળ

કેન્દ્ર (૧–૪–૭–૧૦) વિષ્ણુના સ્થાન અને ત્રિકોણ (૧–૫–૯) લક્ષ્મીનાં સ્થાન છે. એટલે એ બંનેના પરસ્પર સંબંધથી પહેલાં રાજયોગ કહેવામાં આવ્યો છે એટલે કેન્દ્રનો સ્વામી અને કોણનો સ્વામી બંને જો પારિજાત અંશમાં હોય તો જન્મનાર પ્રજારક્ષક રાજા થાય છે. વર્ગોત્તમમાં હોય તો હાથી, ઘોડા આદિથી સમૃદ્ધ રાજા થાય છે. ગોપુરમાં હોય તો રાજાઓમાં માન્ય રાજા, સિંહાસનમાં હોય તો ચક્રવર્તી રાજા. આ યોગમાં હરિશ્ચન્દ્ર, ઉત્તમજ, મનુ વગેરે

થઈ ગયા. વર્તમાન યુગમાં યુધિષ્ઠિર અને હવે પછી શાલિવાહન શક થનાર છે. પારાવત અંશમાં મનુ આદિ તથા દેવલોકાંશમાં જેટલા વિષ્ણુના અવતાર થયા એ સર્વને સમજવા તથા બ્રહ્મલોકાંશમાં યોગકારક હોય તો બ્રહ્માદિ દેવ (વિશ્વપાલક) થાય છે. ઐરાવતાંશમાં યોગ કારક રહેવાથી અગાઉ સ્વાયંભૂવ મનુ થઈ ગયા. (૨૮–૩૪)

"બૃહત્ પારાશરી'માં વિશેષ ધનના યોગ વિશે વિચાર નામનો એકતાલીસમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૪૨

દરિદ્ર યોગો

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, આપે અનેક ધનયોગ કહ્યા. હવે કૃપા કરી જે યોગોમાં ગરીબનો જન્મ થાય છે એ યોગો કહો.

પરાશર બોલ્યા :

હે વિપ્ર, લગ્નનો સ્વામી ૧૨ અને વ્યય સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તથા મારક સ્થાનના સ્વામીની સાથે તેનાથી દૃષ્ટ હોય તો જન્મનાર નિર્ધન થાય છે.

મારક સ્થાનના સ્વામીની સાથે કે દૃષ્ટ લગ્ન સ્થાનનો સ્વામી છઠ્ઠા સ્થાનમાં અને છઠ્ઠા સ્થાનનાં સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર નિર્ધન થાય છે.

લગ્ન કે ચન્દ્ર કેતુની સાથે હોય અને મારક સ્થાનના સ્વામીની સાથે કે દૃષ્ટ લગ્નનો સ્વામી આઠમા સ્થાનમાં હોય તો જન્મનાર નિર્ધન થાય છે.

લગ્નનો સ્વામી જો પાપગ્રહ સાથે ૬, ૮, ૧૨ સ્થાનમાં હોય તથા ધનસ્થાનનો સ્વામી જો શત્રુ કે નીચ રાશિમાં હોય તો રાજાનો પુત્ર પણ ધનહીન થાય છે.

ત્રિક-૬, ૮, ૧૨ સ્થાનના સ્વામીની સાથે અથવા શનિની સાથે તથા અન્ય પાપગ્રહથી દૃષ્ટ લગ્નેશ હોય, એના પર શુભ ગ્રહની દૃષ્ટિ ન હોય તો જન્મનાર નિર્ધન થાય છે.

પાંચમા સ્થાનનો સ્વામી છઠ્ઠા સ્થાનમાં અને નવમા સ્થાનનો સ્વામી બારમા સ્થાનમાં જો મારક સ્થાનના સ્વામીથી દૃષ્ટ હોય તો જન્મનાર ધનહીન થાય છે. (૧-૭)

દસમા સ્થાનનો સ્વામી નવમા સ્થાનના સ્વામીને છોડીને અન્ય પાપગ્રહ જો મારક સ્થાનના સ્વામીની સાથે લગ્નમાં હોય (૧), ત્રિક (૬-૮-૧૨) સ્થાનના સ્વામી જે ભાવોમાં હોય એ ભાવોનો સ્વામી જો ત્રિક (૬-૮-૧૨) સ્થાનમાં હોય, એમના પર પાપગ્રહોની દૃષ્ટિનો યોગ હોય.

(૨) ચન્દ્રાશ્રિત નવમાંશનો સ્વામી જો મારક સ્થાનના સ્વામીની સાથે હોય અથવા મારક સ્થાનમાં હોય.

(૩) લગ્નેશ અને લગ્ન નવમાંશનો સ્વામી બંને ૬-૮-૧૨માં મારક સ્થાનના સ્વામીની સાથે હોય.

(૪) શુભ ગ્રહ બધા પાપગ્રહની રાશિમાં અને પાપ ગ્રહ શુભ રાશિમાં હોય.

(૫) આ પાંચેય યોગમાં જન્મનાર મનુષ્ય નિર્ધન અને દુઃખી થાય છે. જો ગ્રહ ત્રિકોણેશની દૃષ્ટિ વગરનો હોય, ત્રિક (૬-૮-૧૨) સ્થાનના સ્વામીની સાથે હોય એ ગ્રહની દશા અન્તર્દશાના સમયમાં ધનની હાનિ થાય છે.

આત્મકારકથી કે લગ્નથી બારમા સ્થાન પર આત્મકારક અને લગ્નેશની દૃષ્ટિ હોય તો પણ મનુષ્ય ધનહીન થાય છે. (૮-૧૪)

શેખર ભાષ્ય : જન્મકુંડળીમાં ધનનો વિચાર જેમ બીજા ભાવ પરથી થાય તેમ દરિદ્ર યોગો બારમા ભાવ પરથી જોવા ઘટે છે. બીજનો માલિક ૧૨ મે હોય કે ૧૨માનો માલિક ૨ જે હોય તો ધનહાનિ યોગ થાય. એઉનું પરિવર્તન પણ શુભ નથી. ઉપરાંત બીજે નબળા પાપગ્રહો પણ કષ્ટ પેદા કરે છે. રાયમાંથી રંક, રંકમાંથી રાય બનવાના દાખલા જોઈએ છીએ. ઉપરના શ્લોકોમાં 'રાજા'નો પુત્ર પણ નિર્ધન થાય છે એ શબ્દો મહત્વનાં છે. સટ્ટામાં ખુવાર થઈ, વેશ્યાગામી થઈ, ઉડાઉપણાથી કઈ રીતે ખુવાર થવાય તે બધાનો વિચાર ઉપરના યોગોમાંથી કયો યોગ કઈ રીતે કયા ગ્રહથી છે તે કહી શકાય.

કારક સ્થાનનો સ્વામી કારકથી બારમા સ્થાનમાં અને લગ્નનો સ્વામી લગ્નથી બારમા સ્થાનને જુએ તો જન્મનાર ઉડાઉ થાય છે. (૧૫)

ધન સ્થાનમાં મંગળ અને શનિ ધનનાશક હોય છે. પરંતુ જો એમના પર બુધની દૃષ્ટિ હોય તો જન્મનાર મહા ધનવાન થાય છે.

ધન સ્થાનમાં રહેલ રવિ પર શનિની દૃષ્ટિ ન હોય તો જન્મનાર મહા ધનવાન થાય છે.

બીજા સ્થાનમાં રહેલ શનિ પર રવિની દૃષ્ટિથી આવી રીતે ફળ સમજવું. (૧૬–૧૮)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં ગરીબીના યોગ વિશે વિચાર નામનો બેતાલીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૪૩

આયુર્દાય

શ્રી મૈત્રેય બોલ્યા :

હે મુનિ, આપે ધનવાન અને નિર્ધનના યોગ બતાવ્યા. હવે પ્રાણીઓના આયુર્દાયનાં પ્રમાણો દર્શાવો. (૧)

શ્રી પરાશર બોલ્યા :

હે વિપ્ર, આપે લોકોના હિત માટે સારો પ્રશ્ન કર્યો છે. આયુર્દાયનું વસ્તુતઃ જ્ઞાન હોવું તે તો દેવોને માટે પણ કઠિન છે.

અનેક પ્રાચીન મહર્ષિઓએ અનેક પ્રકારે આયુર્દાયનું જ્ઞાન દર્શાવ્યું છે. હું એનો સારાંશ કહું છું.

એક તો સૂર્યાદિ ગ્રહ પોતપોતાના ઉચ્ચ, નીચ આદિ સ્થાનમાં રહીને તે અનુસાર આયુપ્રદ થાય છે. તથા અશ્વિની આદિ નક્ષત્ર અને મેષાદિ રાશિ પણ પોતપોતાના બળ અનુસાર આયુર્દાય માટે હાનિકારક કે વૃદ્ધિકારક થાય છે.

હે વિપ્ર, એમાં પ્રથમ પિંડાયુ કહું છું. જેમકે સૂર્ય આદિ ગ્રહ પોતપોતાના ઉચ્ચમાં રહે છે. તો ક્રમ પ્રમાણે ૧૬, ૨૫, ૧૫,

૧૨, ૧૫, ૨૧, ૨૦ વર્ષ આયુર્પિંડ થાય છે. અને નીચમાં રહેતા હોય તો એના અર્ધા વર્ષ સમજવાં અને જમણામાં અનુમાનથી આયુષ્ય પ્રમાણ સ્પષ્ટ સમજવું જોઈએ. જેમ કે જે ગ્રહનું આયુર્દાય સ્પષ્ટ કરવું હોય એના રાશિ આદિને ઘટાવવા (જો ૬ થી વધારે બચે તો એને જ) જો ૬ થી ઓછા હોય તો એને ૧૨ માં ઘટાવી બાકીના રાશિ આદિને પોતાના ઉચ્ચ પહિત પિંડમાનથી ગુણીને વિકલાથી રાશિ પર્યન્ત સવર્ણન કરીને ભગણ આદિ જે જે હોય તે જ વર્ષાદિ આયુર્દાય એ ગ્રહકૃત સમજવા જોઈએ. (૨–૮)

શેખર ભાષ્ય : જન્મકુંડળીમાં સાથી કઠણ વસ્તુ કોઈ પણ માનવીનું ચોક્કસ આયુષ્ય કહેવાનું છે. પહેલાં તો પૂર્ણ, લાંબું, મધ્યમ, ટૂંકું કે સાવ અલ્પ આયુષ્ય છે તે નક્કી કરવું. રજું ૭મું મારક સ્થાન ગણાય એના અધિપતિ મારક, એની સાથેના ગ્રહો પણ મારક બને છે.

વિશેષ સંસ્કાર

જે ગ્રહ સૂર્યના સાન્નિધ્યથી અસ્ત હોય એ ગ્રહને પૂર્વોક્ત સાધિત આયુષ્યના અર્ધાનો નાશ થઈ જાય છે. પરંતુ શુક્ર અને શનિ અસ્ત પણ હોય તો એનો નાશ જ થાય છે. આ પ્રમાણે વક્ર ગતિવાળા ગ્રહને છોડીને જે ગ્રહ શત્રુ રાશિમાં હોય એના તૃતીયાંશનો નાશ થાય છે. વક્રી ગ્રહનો નાશ થતો નથી.

ચક્રાર્ધ હાનિ

બારમા સ્થાનથી ઊલટા ક્રમમાં (૧૨, ૧૧, ૧૦ એ પ્રમાણે છ સ્થાનમાં રહેલ પાપગ્રહ ક્રમ પ્રમાણે પોતાના જ આયુર્દાયના સર્વ, અર્ધા, તૃતીયાંશ, ચતુર્થાંશ, પંચમાંશ અને છઠ્ઠા ભાગનું અપહરણ કરે છે. તથા પાપગ્રહની સરખામણીમાં એ જ સ્થાનોમાં શુભ ગ્રહ

હોય તો એના (પાપગ્રહની સરખામણીમાં) અર્ધાનો નાશ થાય છે. એમ મુનિઓ કહે છે.

પાપયુક્ત લગ્નમાં હાનિ

જો લગ્નમાં રવિ, મંગલ, શનિ એમાંથી કોઈ પાપગ્રહ હોય તો લગ્નના અંશોની કલા બનાવીને એને પ્રત્યેક ગ્રહોના આયુર્દાયથી ગુણને ગુણાકાર આવે તેના ૨૧૬૦૦ મો ભાગ કરીને જે લબ્ધ વર્ષાદિ હોય એને પોતપોતાના પૂર્વગત આયુર્દાયમાં ઘટાવવાથી સ્પષ્ટ આયુર્દાય થાય છે. જો લગ્ન પર શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો લબ્ધ વર્ષાદિના અર્ધાને જ ઘટાવવા જોઈએ. (૧૨-૧૩)

શેખર ભાષ્ય : આયુર્દાયની ગણિત પદ્ધતિ વિવિધ રીતે સચોટ નથી નીવડતી એના કરતાં કુંડળી જોઈને ગ્રહો ઉપરથી કરેલું અનુભવજન્ય એસેસમેંટ વધુ ખરું પડે છે.

લગ્ન આયુર્દાય

કેટલાક આચાર્યોનો મત એવો છે કે લગ્નમાં જેટલી ભુક્ત રાશિઓ હોય એટલાં વર્ષ અને અંશ પર અનુપાતથી માસાદિ જે હોય તે લગ્નના આયુર્દાય થાય છે પરંતુ વાસ્તવમાં જો લગ્નના નવાંશનો સ્વામી બળવાન હોય તો નવાંશ તુલ્ય જો રાશિનો સ્વામી બળવાન હોય તો રાશિ તુલ્ય વર્ષ ગ્રહણ કરવાં જોઈએ. (૧૪-૧૫)

નિસર્ગાયુર્દાય

હે વિપ્ર, હવે હું ગ્રહોના કુદરતી આયુર્દાય કહું છું. જન્મ સમયથી શરૂ કરીને ક્રમશઃ ચન્દ્રનું ૧ વર્ષ, મંગળના ૨, બુધના ૯, શુક્રના ૨૦, ગુરુના ૧૮, સૂર્યના ૨૦ અને શનિના ૫૦ વર્ષ આયુર્દાય હોય છે. આ જ એમની નૈસર્ગિક દશા પણ સમજવામાં આવે છે.

અંશાયુર્દાય

હવે હું લગ્ન અને ગ્રહોના અંશાયુર્દાય કહું છું. ગ્રહ જેટલી રાશિ (મેષાદિ)ના નવાંશ પર રહે છે એટલા વર્ષ આયુર્દાય આપે છે. એટલે રાશિ આદિને નવથી ગુણીને પછી ૧૨ ગણા કરવા. આ ગુણાકારને સવર્ણન કરી ભગણાદિ બનાવો. ભગણ બારથી વધારે હોય તો બારથી ભાગીને શેષ ભગણાદિ તુલ્ય વર્ષાદિ એ ગ્રહના સ્પષ્ટ આયુર્દાય સમજવા. (૧૮–૧૯)

આ અંશાયુર્દાયના સાધનમાં પિંડાયુ સમાન ૪ અસ્તગતમાં અર્ધા અને શત્રુગૃહગતમાં તૃતીયાંશ તથા બાર આદિ ચક્રાર્ધ હાનિ પ્રાપ્ત થાય તો કરવી જોઈએ. કોઈ અંશાયુર્દાયમાં એથીય વિશેષ સંસ્કાર કહેલ છે કે જે ગ્રહ પોતાના ઉચ્ચ કે સ્થાનમાં હોય એની સાધિત આયુષ્યને ત્રણગણી કરવી તથા જે સ્વનવાંશ કે સ્વદ્રેષ્કાણમાં હોય તો એના આયુર્દાયને બમણા કરવા. જો બંને ગુણક પ્રાપ્ત થાય તો માત્ર ત્રણગણા કરવા. અને બંને હાનિ પ્રાપ્ત હોય તો ત્યાં માત્ર અધહાનિ કરવા જોઈએ. આવી રીતે સ્પષ્ટ વર્ષાદિ મનુષ્યોનું આયુષ્ય થાય છે. (૨૦–૨૨)

અન્ય જંતુઓનું પણ આવી રીતે આયુર્દાય કાઢી એને પોતપોતાના પરમાયુ પ્રમાણથી ગુણી મનુષ્યના પરમાયુ પ્રમાણથી ભાગવાથી મળતાં વર્ષ આદિ તે તે જંતુઓના સ્પષ્ટ આયુર્દાય સમજવા જોઈએ. (૨૦–૨૩)

શેખર ભાષ્ય : માત્ર ગણિતથી આયુર્દાય કે અષ્ટક વર્ગથી આયુર્દાય કરવાના દાખલાઓ ખોટા પડયા છે. અમારા વિદ્વાન મિત્ર ડૉ. બી. વી. રામન તંત્રી એસ્ટ્રોલોજીકલ મેગેઝિનનો પણ તેવો મત છે. એટલે કુંડલી ઉપરથી આયુષ્યમાં ૨, ૭ માનો વિચાર, મારક મારકેશ વગેરેનો વિચાર ઈષ્ટ છે.

વિવિધ પ્રાણીઓના પરમ આયુષ્યનાં પ્રમાણ

હવે હું ભિન્નભિન્ન જાતિઓના પરમ આયુર્દાયનાં પ્રમાણ કહું છું. હે દ્વિજોત્તમ દેવ અને મહર્ષિઓના આયુર્દાય તો અનન્ય-ઘણાં જ વર્ષ હોય છે. ગીધ, ઘુવડ, પોપટ, કાગડો, સાપ આ બધાનું પરમ આયુષ્ય એક હજાર વર્ષ, બાજ, વાનર, રીંછ, દેડકાનું આયુષ્ય ૩૦૦ વર્ષ. રાક્ષસોનું ૧૫૦ વર્ષ, મનુષ્ય અને હાથીનું ૧૨૦ વર્ષ, ઘોડાનું ૩૨ વર્ષ, ગધેડા અને ઊંટનું ૨૫ વર્ષ, બળદ અને ભેંસનું ૨૪ વર્ષ, મોરનું ૨૦ વર્ષ, બકરા અને ઘેટાંનું ૧૬ વર્ષ, હંસનું ૧૪ વર્ષ, કોયલ, કૂતરા અને કબૂતરનું ૧૨, તથા બુલબુલ આદિ પંખીઓનું ૭ વર્ષ પરમ આયુર્દાય હોય છે. (૨૪-૨૯)

હે વિપ્ર, હવે જે ત્રણ પ્રકારના આયુષ્ય મેં કહ્યાં. એમાં કયાં કયારે ગ્રહણ કરવાં તે હું કહું છું લગ્નનો સ્વામી, સૂર્ય અને ચન્દ્ર એ ત્રણમાં લગ્નનો સ્વામી બળવાન હોય તો **અંશાયુ**, સૂર્ય બળવાન હોય તો પિંડાયુ અને ચન્દ્ર બળવાન હોય તો **નિસર્ગાયુ** ગ્રહણ કરવાં જોઈએ. (૩૦-૩૧)

જો એમાં એનું બળ સમાન હોય તો બંને આયુર્દાયનો યોગ કરીને અર્ધા કરવા. જો ત્રણનાં બળ તુલ્ય હોય તો ત્રણ પ્રકારના આયુર્દાયના યોગના તૃતીયાંશ ગ્રહણ કરવા જોઈએ. (૩૨)

અન્ય પદ્ધતિઓ

હે વિપ્ર, હવે હું આયુર્દાય કાઢવાની અન્ય વિધિ પણ કહું છું. કેટલાક મુનિઓએ લગ્નના સ્વામી, આઠમા સ્થાનના સ્વામી દ્વારા અને શનિ, ચન્દ્ર દ્વારા તથા લગ્નના સ્વામી અને હોરાલગ્ન દ્વારા સ્પષ્ટ આયુર્દાય કાઢેલ છે. જેમકે લગ્નનો સ્વામી તથા આઠમા સ્થાનના સ્વામીથી એક યોગ, શનિ-ચન્દ્રથી બીજો યોગ અને હોરા

લગ્નથી ત્રીજો યોગ જોવો જોઈએ. જેમકે બંને ચર રાશિમાં હોય તો દીર્ઘાયુ, જો એક સ્થિરમાં અને બીજો દ્વિસ્વભાવમાં હોય તો પણ દીર્ઘ આયુષ્ય સમજવું જો એક ચરમાં અને બીજો સ્થિરમાં હોય તો મધ્યમ આયુષ્ય, જો બંને દ્વિસ્વભાવમાં હોય તો પણ મધ્યમ આયુષ્ય સમજવું. જો એક ચરમાં અને બીજો દ્વિસ્વભાવમાં હોય તો અલ્પાયુ, તથા બંને સ્થિરમાં જ હોય તો અલ્પાયુ યોગ સમજવો જોઈએ. આવી રીતે ત્રણેય યોગોને જોઈને ત્રણેયથી કે બે યોગોથી જે આયુર્દાય સિદ્ધ થાય એને ગ્રહણ કરવું. જો ત્રણેય યોગોમાં ત્રણ પ્રકારના આયુર્દાય હોય તો એ સ્થિતિમાં લગ્ન હોરાલગ્નથી જે સિદ્ધ થાય એને ગ્રહણ કરવું. પરંતુ આ સ્થિતિમાં જો લગ્ન કે સાતમા સ્થાનમાં ચન્દ્ર હોય તો શનિ, ચન્દ્રથી જે સિદ્ધ થયું હોય તે જ આયુષ્યને ગ્રહણ કરીને આયુર્દાયને સ્પષ્ટ કરવું. (૩૩-૪૦)

શેખર ભાષ્ય:—ચર એટલે મેષ, કર્ક, તુલા, મકર, સ્થિર એટલે વૃષભ, સિંહ, વૃશ્ચિક, કુંભ દ્વિસ્વભાવ એટલે મિથુન કન્યા ધન અને મીન છે, તેમાં લગ્નેશ અષ્ટમેશ બીજો શનિ–ચંદ્રયોગ અને ત્રીજુ લગ્ન–હોરા આ ત્રણ જોડાં જોવાં લગ્ન વૃશ્ચિક છે. સ્થિર અષ્ટમેશ બુધ કુંડલીમાં સ્થિરમાં હોય તો બન્ને સ્થિર થયાં આ રીતે નિર્ણય કરવો.

ત્રણ પ્રકારના આયુષ્યના ત્રણ ત્રણ ભેદ

જો ત્રણ પ્રકારથી દીર્ઘાયુ આવે તો ૧૨૦ વર્ષ, બે પ્રકારે આવે તો ૧૦૮ વર્ષ તથા એક પ્રકારથી આવે તો ૬૬ વર્ષ સમજવાં. અને ત્રણ પ્રકારે મધ્ય આયુષ્ય હોય તો ૮૦ વર્ષ બે પ્રકારથી મધ્ય આયુષ્યમાં ૭૨ વર્ષ અને એક પ્રકારથી મધ્ય આયુમાં ૬૪ વર્ષ ગ્રહણ કરવાં. આમ ત્રણ પ્રકારથી અલ્પાયુ પ્રાપ્ત થાય તો ૩૨ વર્ષ

એ પ્રકારથી અલ્પાયુમાં ૩૬ વર્ષ. અને એક પ્રકારથી અલ્પાયુમાં ૪૦ વર્ષ સમજવાં. આવી રીતે પ્રાપ્ત દીર્ઘાદિ આયુષ્યમાં ૪૦, ૩૬ અને ૩૨ ખંડ પરથી સ્પષ્ટ આયુષ્ય બનાવવું જોઈએ (૪૧-૪૪)

યોગાયુચક્ર

દીર્ઘ દીર્ઘાયુયોગ ત્રણ ૧૨૦ વર્ષ યોગ ૨, વર્ષ ૧૦૮ યોગ ૧, વર્ષ ૬૬
મધ્ય મધ્યામાયુયોગ ,, ૮૦ ,, ,, ૨, વર્ષ ૭૨ યોગ ૧, વર્ષ ૬૪
અલ્પ અલ્પાયુ યોગ ત્રણ ૪૦ ,, ,, ૨, વર્ષ ૩૬ યોગ ૧, વર્ષ ૪૦

આયુષ્યનું સ્પષ્ટીકરણ

યોગકારક ગ્રહ રાશિ આદિમાં હોય તો પૂર્ણ આયુષ્ય સમજવું અને રાશિના અન્તમાં હોય તો ખંડતુલ્ય હાનિ થાય છે. એટલા માટે મધ્યમાં (ત્રિરાશિથી) અનુપાતથી હાનિ સમજવી. જેમકે જેટલા યોગકારક ગ્રહ હોય એમના અંશનાં યોગ કરીને એ યોગમાં યોગકારક ગ્રહની સંખ્યાથી ભાગવાથી જે અંશાદિ આવે એમને પ્રાપ્ત ખંડથી ગુણવાથી જે ગુણાકાર આવે તેને ૩૦ વડે ભાગવાથી આવે તે વર્ષાદિને પ્રાપ્ત આયુર્દાયના વર્ષ સંખ્યામાં વધારો કરવાથી સ્પષ્ટ આયુર્દાય બની જાય છે. (૪૫-૪૬)

વિશેષ

ઉપર જણાવેલા યોગમાં જો શનિ યોગકારક હોય તો કક્ષ્યાનો નાશ થાય છે તથા કોઈ શનિના યોગકારક થવાથી કક્ષ્યાની વૃદ્ધિ થાય છે. પરંતુ શનિ જો પોતાના ઉચ્ચ કે સ્વરાશિમાં હોય તો કક્ષ્યાનો નાશ કે વૃદ્ધિ થતી નથી. તથા કેવળ પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તથાપિ નાશ કે વૃદ્ધિ થતાં થથી (૪૭)

લગ્ન કે સાતમા સ્થાનમાં ગુરુ હોય તથા માત્ર શુભ ગ્રહથી દૃષ્ટ કે તેની સાથે હોય તો કક્ષ્યાની વૃદ્ધિ થાય છે. (૪૮)

કક્ષ્યા-નાશ અને વૃદ્ધિનાં લક્ષણ

હે વિપ્ર જો કક્ષ્યાવૃદ્ધિ યોગ હોય તો અનાયુમાં અલ્પાયુ, અલ્પાયુમાં મધ્યાયુ, મધ્યાયુમાં દીર્ઘાયુ અને દીર્ઘાયુમાં અધિક (અમિત) આયુ. આવી રીતે ગુરુના યોગ થવાથી કક્ષ્યાવૃદ્ધિ સમજવા. તથા શનિના યોગ હેતુમાં એમાથી વિપરીત અર્થાત અમિત આયુમાં દીર્ઘાયુ દીર્ઘાયુમાં મધ્યાયુ મધ્યાયુમાં અલ્પાયુ અને અલ્પાયુમાં હીનાયુ એવી રીતે કક્ષ્યાનો નાશ સમજવો પછી તે અનુસાર સ્પષ્ટ આયુર્દાય બનાવવા જોઈએ (૪૯-૫૦)

મૈત્રેય બોલ્યા.

હે મુનિ, આપે આયુર્દાયના ઘણા ભેદ કહ્યા તે સર્વ કેટલા પ્રકારના છે અને કયારે અનાયુ તથા કયારે અમિતાયુ યોગ થાય છે તે કૃપા કરીને બતાવો. (૫૧)

પરાશર બોલ્યા.

હે વિપ્ર, બાલારિષ્ટ, યોગારિષ્ટ, અલ્પ, મધ્ય, દીર્ઘ, દિવ્ય અને અમિત એમ સાત પ્રકારના આયુર્દાય થાય છે. (૫૨)

શેષ્વર ભાષ્ય :—આયુર્દાયના આ સાત પ્રકાર ને સમજવા માટે સંપૂર્ણ ખંડનો અભ્યાસ કરવો જરૂરી છે.

બાલારિષ્ટમાં આઠ વર્ષ સુધી, યોગારિષ્ટમાં ૨૦ વર્ષ, અલ્પાયુમાં ૩૨, મધ્યમાયુમાં ૬૪, દીર્ઘાયુમાં ૧૨૦ વર્ષ દિવ્ય આયુમાં ૧૦૦૦ વર્ષ સુધી આયુષ્ય થાય છે. એનાથી વધારે અમિતાયુ સમજવું આવું આયુષ્ય અમાપ પુણ્ય કરનારને મળે છે.

અમિત આયુષ્યના યોગ

કર્ક લગ્નમાં ચન્દ્ર અને ગુરુ હોય, બુધ અને શુક્ર કેન્દ્રમાં તથા

રવિ, મંગલ શનિ ૩, ૬, ૧૧ સ્થાનમાં હોય તો અમાપ આયુષ્ય સમજવું.

દિવ્ય આયુષ્યના યોગ

સર્વ શુભ ગ્રહ કેન્દ્ર અને ત્રિકોણમાં હોય અને સર્વ પાપગ્રહ ૩-૬-૧૧માં હોય તથા આઠમા સ્થાનમાં શુભ ગ્રહની રાશિ હોય તો દિવ્ય આયુષ્ય સમજવું.

યુગાન્ત આયુષ્ય યોગ

જો ગુરુ ગૌપુરાંશમાં પોતાના ચતુર્વર્ગમાં રહીને કેન્દ્રમાં હોય અને શુક્ર પારાવતાંશ (પોતાના ષડ્વર્ગ)માં હોય તથા કર્ક લગ્ન હોય તો યુગાન્ત સુધીનું આયુષ્ય થાય છે

ઋષિતુલ્ય આયુષ્ય યોગ

જો શનિ દેવલોકાંશ (પોતાના સપ્તવર્ગ)માં હોય, મંગળ પારાવતાંશ (પોતાના ષડ્વર્ગ)માં હોય અને ગુરુ સિંહાસનાંશ (પોતાના પંચવર્ગ)માં હોઈને લગ્નમાં હોય તો જન્મનાર ઋષિતુલ્ય આયુષ્ય ભોગવે છે. (૫૩-૫૫)

પૂર્ણ આયુયોગ

ગણિતસિદ્ધ આયુર્દાય પણ ગ્રહકૃત સુયોગથી વધી જાય છે. તથા કુયોગથી ઘટી જાય છે એટલે હું એમના યોગ કહું છું, કેન્દ્રમાં બધા શુભ ગ્રહ હોય, લગ્નનો સ્વામી બળવાન હોય કે ગુરુથી દૃષ્ટ હોય તો પૂર્ણ આયુષ્યકારક યોગ થાય છે.

લગ્નનો સ્વામી આઠમા સ્થાનના સ્વામી સહિત ૩ ગ્રહ ઉચ્ચ સ્થાનમાં હોય, ૮મું સ્થાન પાપગ્રહથી રહિત હોય તો પૂર્ણ આયુષ્ય થાય છે.

જો પોતાના ઉચ્ચ રાશિ કે મિત્રની રાશિમાં રહેલ ૩ ગ્રહ

આઠમા સ્થાનમાં હોય તથા લગ્નનો સ્વામી બળવાન હોય તો પૂર્ણ આયુષ્ય થાય છે.

પોતાના ઉચ્ચ કે રાશિમાં રહેલ કોઈ ગ્રહની સાથે આઠમા સ્થાનનો સ્વામી કે શનિ હોય તો પણ પૂર્ણ આયુષ્ય થાય છે.

પાપગ્રહ ૩-૬-૧૧ માં અને શુભ ગ્રહ કેન્દ્ર, ત્રિકોણમાં હોય તથા લગ્નનો સ્વામી બળવાન હોય તો પૂર્ણ આયુષ્ય. ૬-૭-૮માં શુભ ગ્રહ અને ૩-૧૧ માં પાપગ્રહ હોય તો પૂર્ણ આયુષ્ય, પાપગ્રહ ૬-૧૨માં અને લગ્નનો સ્વામી કેન્દ્રમાં તથા આઠમા સ્થાનનો સ્વામી સૂર્યનો મિત્ર હોય તો પૂર્ણ આયુષ્ય થાય છે.

આઠમા સ્થાનમાં પાપગ્રહ તથા દસમા સ્થાનનો સ્વામી પોતાના ઉચ્ચમાં હોય તો પૂર્ણ આયુષ્ય, દ્વિસ્વભાવ લગ્ન હોય તથા લગ્નનો સ્વામી કેન્દ્ર, પોતાના ઉચ્ચ, પોતાની રાશિ કે પોતાના ત્રિકોણમાં હોય દીર્ઘ આયુષ્ય અને દ્વિસ્વભાવ રાશિ લગ્ન હોય તો તથા બળવાન લગ્નના સ્વામીથી બે પાપગ્રહ કેન્દ્રમાં હોય તો પૂર્ણ આયુષ્ય થાય છે. (૫૬-૭૦)

લગ્નનો સ્વામી અને આઠમા સ્થાનનો સ્વામી જે બળવાન હોય તે કેન્દ્રમાં હોય તો દીર્ઘ, પણફરમાં હોય તો મધ્યમ અને આપોક્લિમમાં હોય તો અલ્પ આયુષ્ય થાય છે. આ પ્રમાણે લગ્નનો સ્વામી સૂર્યનો મિત્ર હોય તો દીર્ઘ, સમ હોય તો મધ્યમ અને શત્રુ હોય તો અલ્પ આયુષ્ય થાય છે. લગ્નના સ્વામી સમાન આઠમા સ્થાનના સ્વામીથી પણ ફળ સમજવું. તથા આ બંને પોતાની મિત્ર રાશિમાં હોય તો દીર્ઘ, સમની રાશિમાં હોય તો મધ્ય અને શત્રુની રાશિ હોય તો અલ્પ આયુષ્ય થાય છે. (૭૧-૭૩)

ત્રીજા સ્થાનનો સ્વામી અને મંગળ એ બંનેય અથવા આઠમા

સ્થાનનો સ્વામી અને શનિ બંને અસ્ત હોય તો કે પાપગ્રહોની સાથે કે તેમનાથી દૃષ્ટ હોય તો અલ્પ આયુષ્ય થાય છે. જો લગ્નનો સ્વામી પાપગ્રહની સાથે ૬-૮-૧૨ સ્થાનમાં હોય તો જન્મનાર ઓછા આયુષ્યવાળો અથવા સંતાનરહિત થાય છે. જો કેન્દ્રમાં પાપગ્રહ હોય અને એના પર શુભ ગ્રહની દૃષ્ટિ ન હોય તથા લગ્નનો સ્વામી નિર્બળ હોય તો ઓછું આયુષ્ય સમજવું. આવી રીતે લગ્નનો સ્વામી અને આઠમા સ્થાનનો સ્વામી બંને અસ્ત, નીચ આદિમાં રહેલ હોય તથા નિર્બળ હોય તો પણ આયુષ્ય અલ્પ થાય છે. (૭૪-૭૮)

"બૃહત્ પારાશરી" આયુર્દાય વિશે વિચાર નામનો ૪૩ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૪૪

મારક ભેદ

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, આપે અનેક પ્રકારના, આયુષ્યના યોગ કહ્યા. હવે કૃપા કરીને મારક ગ્રહોના ભેદ કહો. (૧)

પરાશર બોલ્યા :

હે વિપ્ર, ત્રીજું અને આઠમું સ્થાન આયુષ્ય સ્થાન કહેવાય છે. એ બંને માટે વ્યય સ્થાન (બીજું અને સાતમું સ્થાન) મારક સ્થાન છે. આમાં સાતમાં કરતાં બીજું સ્થાન પ્રબલ મારક છે આ બંને (બીજું અને સાતમું)ના સ્વામી, તથા એ બંને (૨–૭)માં રહેલ પાપગ્રહ તથા બીજા સ્થાનના તથા સાતમા સ્થાનના સ્વામીની સાથે રહેનાર પાપગ્રહ એ સર્વ મારક થાય છે. એમની દશા, અન્તર્દશાના સમયમાં દીર્ઘ, મધ્યમ કે અલ્પ આયુષ્ય યોગ અનુસાર મરણની સંભાવના રહે છે. એટલે પહેલાં દીર્ઘ આદિ આયુષ્યનું જ્ઞાન યોગ અનુસાર મેળવી પછી મારકનો વિચાર કરવો જોઈએ. (૧–૫)

આયુષ્યના યોગ અનુસાર જો ઉક્ત મારકનો સમય પ્રાપ્ત ન હોય તો ઉક્ત બારમા સ્થાનના સ્વામીના સંબંધી શુભ ગ્રહની દશામાં

પણ કયારેક મરણ થાય છે. તથા આઠમા સ્થાનના સ્વામીની દશા કે માત્ર પાપગ્રહની દશામાં પણ મરણ થાય છે. આવી રીતે અગાઉ જણાવેલ મારકેશના અભાવમાં જીવોનો મરણ કાળ નિશ્ચિત કરવો જોઈએ. (૬-૭)

મારક ગ્રહ પોતાનો સંબંધ થવાથી પણ શુભ ગ્રહની (ત્રિકોણેશ આદિ)ની અન્તર્દશામાં મારતો નથી પણ સંબંધ વગર પણ પાપ ગ્રહની અંતર્દશામાં મરણકારક થાય છે. (૮)

જો શનિ પાપફલદાયક હોય એને મારકેશથી સંબંધ (સહવાસ આદિ) થતો હોય તો તે સર્વ મારકને હઠાવીને પોતે જ મારક થાય છે એમાં કોઈ સંદેહ નથી (૯)

હે વિપ્રોમાં ઉત્તમ, છતાં પણ હું મારક ગ્રહનાં લક્ષણ કહું છું. અલ્પાયુ, મધ્યમાયુ તથા પૂર્ણાયુ એ ત્રણ પ્રકારના જે આયુષ્ય કહેવામાં આવ્યાં છે આમાંથી ૩૨ અગાઉ અલ્પાયુ એની આગળ ૬૪ સુધી મધ્યમાયુ તથા એ બાદ સો વર્ષ સુધી દીર્ઘાયુ અને ૧૦૦ થી ઉપર ઉત્તમ આયુષ્ય, સમજવું. આમાં પણ ૨૦ વર્ષ સુધી આયુષ્યનો નિશ્ચય કરવાનું કઠિન છે કારણ કે વચમાં કોઈ પિતાના દોષથી કોઈ માતાના દોષથી અને કોઈ પોતાના કર્મજન્મ અરિષ્ટયોગથી મરી જાય છે. એટલે ૨૦ વર્ષ બાદ આયુર્દાયની ગણતરી કરવી જોઈએ. (૧૦-૧૪)

શેખર ભાષ્ય : અહીં ૨૦ વર્ષ સુધી આયુષ્ય નક્કી કરવાનું કારણ કહ્યું છે. કયાંક ૪ માતાના ૪ પિતાના અને ૪ બાળકના પોતાના કર્મના ૧૨ વર્ષ વ્યતીત થયે આયુષ્ય જોવાનું કહ્યું છે.

હે વિપ્ર, હવે અન્ય પણ મારક લક્ષણ કહું છું. અલ્પાયુયોગમાં જન્મનારની વિપત્તિ (ત્રીજા) તારામાં, મધ્યમાયુવાળાને પ્રત્યરિ (પાંચમી) તારામાં અને દીર્ઘ આયુષ્યવાળાને વધ (સાતમી) તારામાં

મૃત્યુનો ભય કહેવો જોઈએ તથા **લગ્ન ત્રેષ્કાણથી ૨૨મા ત્રેષ્કાણ જે હોય એ રાશિના સ્વામી** તથા **વિનાશ નક્ષત્ર** (જન્મ નક્ષત્રથી **૨૬**મું) **ના સ્વામી** તથા ૩-૫-૭ નક્ષત્રોના સ્વામી અને ચન્દ્ર જે રાશિમાં હોય એનાથી બીજા અને બારમા સ્થાનના સ્વામી બંને ય જો પાપગ્રહ હોય તો **બધા જ મારક થાય** છે.

છઠ્ઠા સ્થાનના સ્વામીની દશામાં પણ મરણની **સંભાવના** રહે છે. મારક સ્થાનના સ્વામીની દશામાં છઠ્ઠા સ્થાનના, આઠમા સ્થાનના કે બારમા સ્થાનના સ્વામીની અંતર્દશામાં વિશેષ કરીને મરણનો **સંભવ** રહે છે.

જો અધિક મારક ગ્રહ બળવાન હોય તો એમની દશા અંતર દશામાં મરણ કે રોગાદિ ભય કહેવો, ઉપર કહેલ ગ્રહોમાં પણ સહુથી બળવાન ગ્રહ મુખ્ય કારક થાય છે. એની અવસ્થા અનુસાર જન્મનારના મરણ કે કષ્ટનો ય કહેવો જોઈએ. (૧૫-૨૧)

રાહુ કે કેતુ જો લગ્ન ૭-૮-૧૨ સ્થાનમાં કે મારકેશથી સાતમા સ્થાનમાં કે મારકેશની સાથે હોય તો તે મારક થાય છે. **મકર અને વૃશ્ચિક લગ્નવાળાઓ માટે રાહુ મારક થાય** છે. ૬-૮-૧૨ સ્થાનમાં રાહુ હોય તો એની દશાના કાળમાં કષ્ટ થાય છે. જો એના પર શુભ ગ્રહની દૃષ્ટિ કે યોગ હોય તો તે કષ્ટકારક બનતો નથી. (૨૨-૨૪)

શેખર ભાષ્ય વૃશ્ચિક, મકર લગ્ન માટે રાહુને મારકત્વ આપ્યું છે. ૬-૮-૧૨ મે રાહુ ૮મે અને ૧૨મે તો સહુ સંમત થશે પણ ૬ઠ્ઠે રાહુ આમ સારો છે. દશા પણ સારી જાય પરંતુ છઠ્ઠું સ્થાન રોગનું સ્થાન છે ત્યાં રાહુ વ્રણાદિક કરાવે.

ત્રીજા સ્થાનથી મરણ નિમિત્ત

લગ્નથી ત્રીજા (પ્રબળ આયુષ્ય તથા મૃત્યુ સ્થાન) સ્થાન બળવાન સૂર્યની સાથે હોય તો રાજાને કારણ એનું મૃત્યુ સમજવું.

ત્રીજા સ્થાનમાં ચન્દ્રનો યોગ કે દૃષ્ટિ હોય તો ક્ષયથી મરણ થાય છે. ત્રીજું સ્થાન મંગળની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો ઘા, શસ્ત્ર કે અગ્નિથી, શનિ કે રાહુની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો વિષ, જલ કે અગ્નિથી અથવા ખાડામાં પડી ને કે ઊંચા સ્થાનેથી પડીને કે બંધનથી, ચન્દ્ર કે ગુલિકની સાથે હોય કે તેનાથી દૃષ્ટ હોય તો ક્રીડાથી, કુષ્ઠાદિ રોગથી, બુધની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો તાવથી, ગુરુની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો સોજા આદિ રોગથી, શુક્રની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો પ્રમેહ રોગથી, જો ત્રીજા સ્થાનમાં અનેક ગ્રહો સાથે હોય કે તેમની દૃષ્ટિ હોય તો એ સર્વ હેતુઓથી મરણ સમજવું જોઈએ. (૨૫-૩૧)

મરણનું સ્થાન

ત્રીજા સ્થાનમાં શુભ ગ્રહની દૃષ્ટિ હોય કે તેની સાથે હોય તો શુભ સ્થાનમાં મરણ થાય છે. જો પાપગ્રહોની સાથે હોય તો અશુભ સ્થાનમાં મરણ સમજવું. શુભ અને પાપ બંનેયનો યોગ હોય તો મધ્યમ સ્થાનમાં મરણ સમજવું જોઈએ. (૩૨)

જ્ઞાનપૂર્વક મરણ

ત્રીજા સ્થાનમાં ગુરુ, શુક્ર, હોય તો જ્ઞાનપૂર્વક, અન્ય ગ્રહ હોય તો અજ્ઞાનપૂર્વક મરણ કહેવું. (૩૩)

મરણનો દેશ

ત્રીજા સ્થાનમાં ચર રાશિ હોય તો પરદેશમાં, સ્થિર રાશિ હોય તો પોતાના સ્થાનમાં અને દ્વિસ્વભાવ રાશિ હોય તો માર્ગમાં મરણ થાય છે. (૩૪)

આઠમા સ્થાનવશ મરણ નિમિત્ત

લગ્નથી આઠમા સ્થાનમાં સૂર્ય હોય તો અગ્નિથી, ચન્દ્ર હોય તો જળથી, મંગળ હોય તો શસ્ત્રથી, બુધ હોય તો ક્ષતાવથી, ગુરુ હોય તો રોગથી, શુક્ર હોય તો ભૂખથી અને શનિ હોય તો તરસથી મરણ થાય છે. (૩૫-૩૬)

આઠમા સ્થાનમાં શુભ ગ્રહ હોય તો તીર્થમાં, પાપગ્રહ હોય તો અન્યત્ર મરણ થાય છે. (૩૭)

શબનું પરિણામ

આઠમા સ્થાનમાં અગ્નિ (ક્રૂર ગ્રહ)નો દ્રેષ્કાણ હોય તો મૃત્યુ પામનારનું શબ અગ્નિમાં બાળવામાં આવે છે. જલ (સૌમ્ય ગ્રહ)ના દ્રેષ્કાણ હોય તો પાણીમાં ફેંકી દેવામાં આવે છે. મિશ્ર (શુભ રાશિ પાપયુક્ત કે પાપ રાશિ શુભયુક્ત)ના દ્રેષ્કાણ હોય તો સુકાઈ જાય છે. જો સર્પ દ્રેષ્કાણ હોય તો કૂતરા આદિ હિંસક પશુઓ અથવા આદિ વડે શબ ફોચાય છે. (૩૮-૩૯)

શેખર ભાષ્ય : શ્લોક ૩૪ મો વ્યવહારમાં ખરો પડે છે. અને તે પણ બહુધા તેવું ૮મા સ્થાન વિશે પણ વિચારવું. પરદેશનો અર્થ અહીં જન્મ સ્થળ સિવાય બીજે લેવો.

વ્યાલ દ્રેષ્કાણ

કર્કના બીજા, ત્રીજા, વૃશ્ચિકના પ્રથમ, બીજા અને મીનના પ્રથમ દ્રેષ્કાણમાં વ્યાલવર્ગ કહેવાય છે.

પૂર્વજન્મ અને સ્થાન

સૂર્ય અને ચન્દ્ર બંનેમાં જે બળવાન હોય તે જો ગુરુના દ્રેષ્કાણમાં હોય તો જન્મનાર દેવલોકમાંથી આવ્યો હોય છે. જો શુક્ર

કે ચન્દ્રના દ્રેષ્કાણમાં હોય તો પિતૃલોક ચન્દ્રથી, જો રવિ કે મંગળના દ્રેષ્કાણમાં હોય તો મૃત્યુલોકમાંથી અને બુધ કે શનિના દ્રેષ્કાણમાં હોય તો નર્કમાંથી તે આવ્યો છે એમ સમજવું. (૪૧-૪૨)

મરણ પછી જવાનું સ્થાન

લગ્નથી ૬-૭-૮ આ સ્થાનમાં ગુરુ હોય તો દેવલોકમાં, ચન્દ્ર, શુક્ર હોય તો ચન્દ્રલોક, રવિ, મંગળ, હોય તો ભૂલોક અને બુધ, શનિ હોય તો નર્કમાં જાય છે. જો આ સ્થાનમાં વધારે ગ્રહ હોય તો એમાં જે બળવાન હોય તેના લોકમાં જાય છે એમ સમજવું. (૪૩)

જો ૬-૭-૮ સ્થાનમાં ગ્રહ ન હોય તો છઠ્ઠા અને આઠમા સ્થાનના દ્રેષ્કાણના સ્વામીમાં જે બળવાન હોય એ ગ્રહના ઉક્ત લોકમાં તે મરણ બાદ જાય છે. (૪૪)

આ ગ્રહની ઉચ્ચાદિ સ્થિતિથી તે તે લોકમાં પણ જન્મનારને ઉત્તમ, મધ્યમ કે અધમ શ્રેણીનો સમજવો. અર્થાત્ ઉક્ત ગ્રહ ઉચ્ચ હોય તો દેવલોક આદિમાં તે જન્મનાર શ્રેષ્ઠ, નીચમાં હોય તો નીચ શ્રેણીનો અને ઉચ્ચ-નીચની મધ્યમાં હોય તો મધ્યમ શ્રેણીનો થાય છે. (૪૫)

અન્ય જે ગ્રહ અને રાશિના મારકના ભેદ છે તે દશાના અધ્યાયમાં કહેવામાં આવશે. (૪૬)

'બૃહત પારાશરી'માં મારકભેદ વિશે વિચાર નામનો ચુમ્માલીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૪૫

ગ્રહની અવસ્થા

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, આપે અવસ્થા અનુસાર ફળ સમજવા કહ્યું છે તે અવસ્થા કેવી અને કેટલા પ્રકારની હોય છે? કૃપા કરીને આ કહો. (૧)

પરાશર બોલ્યા.

હે ઉત્તમ વિપ્ર ! ગ્રહોની અવસ્થાઓ અનેક પ્રકારે કહેવામાં આવી છે. આમાં જે તત્ત્વભૂત બાલાદિ અવસ્થા તે હું કહું છું (૨)

બાલ આદિ અવસ્થા

વિષમ રાશિઓમાં ૬-૬ અંશોથી ક્રમશઃ બાલ, કુમાર, યુવા, વૃદ્ધ અને મૃત એ પાંચ અવસ્થાઓ હોય છે તથા સમરાશિઓમાં વિપરીત અર્થાત્ ૬-૬ અંશોથી મૃત, વૃધ્ધા, યુવા, કુમાર અને બાલ એ પ્રમાણે અવસ્થાઓ સમજવી જોઈએ. (૩)

શેષર ભાષ્ય : ગ્રહના ફળને અગર જો અવસ્થાનુસાર અભ્યાસ કરવામાં આવે તો ફળાદેશને પૂર્ણ સમજવામાં વધુ સહાયરૂપ બને છે.

(૧) દીપ્ત (૨) સ્વસ્થ (૩) પ્રમુદિત (૪) શાન્ત (૫) શકત (૬) પ્રપીડિત (૭) દીન (૮) ખલ (૯) વિકલ (૧૦) ભીત એ દીપ્તથી ભીત દશવિધ અવસ્થા છે.

અવસ્થા ફળ

ગ્રહની બાલ્યાવસ્થામાં ૧ ચરણ, કુમાર ૨ ચરણ, યુવા પૂર્ણ-ફલ, વૃદ્ધ ગ્રહ અતિ અલ્પ ફળ અને મૃતાવસ્થામાં કંઈ પણ ફળ મળતું નથી. (૪)

જાગ્રત અવસ્થા

ગ્રહ પોતાની રાશિ કે ઉચ્ચમાં હોય તો જાગ્રદાવસ્થા, મિત્ર કે સમાન ગૃહમાં સ્વપ્નવસ્થા અને શત્રુ કે નીચ સ્થાનમાં હોય તો સુષુપ્તિ અવસ્થા થાય છે. એમના ફળ નામ સમાન જ સમજવાં જોઈએ. (૫)

જાગ્રતમાં પૂર્ણ, સ્વપ્નમાં મધ્ય, સુષુપ્તિમાં શૂન્ય ફળવાળા થાય છે. (૬)

દીપ્ત આદિ અવસ્થા

દીપ્ત, સ્વસ્થ, મુદિત, શાન્ત, દીન, દુઃખી, વિકલ, ખલ, ક્રોધી આ પ્રમાણે પણ ગ્રહ નવ અવસ્થાવાળા હોય છે. (૭)

શેખર ભાષ્ય : આ ઉપરાંત અનેકવિધ અવસ્થાઓ અને તેનું ફળ વર્ણન આ અધ્યાયમાં કરવામાં આવેલ છે. આ અધ્યાયમાં ૧૫૫ શ્લોકો આપવામાં આવેલા છે.

ગ્રહોના અંશ પ્રમાણે બાલાવસ્થા (૨) કુમારાવસ્થા (૩) યુવાવસ્થા (૪) વૃદ્ધાવસ્થા (૫) મૃતાવસ્થા એમ પાંચ છે. વિષમ (એકી) રાશિમાં પ્રથમ ૬° બાલાવસ્થા, બીજા ૬° કુમાર, ત્રીજા ૬° યુવાવસ્થા, પછી ૬° વૃધ્ધાવસ્થા, ૬° મૃતાવસ્થા સમજવી. સમરાશિમાં એથી ઊલટું સમજવું. "સારાવલી" વળી નિરાળી રીતે ફળ કહે છે. મિત્રક્ષેત્રી બાલાવસ્થા, મૂળત્રિકોણી કુમારાવસ્થા, ઉચ્ચમાં બેઠેલો

યુવાવસ્થા, શત્રુક્ષેત્રમાં વૃધ્ધાવસ્થા, અને નીચમાં મૃતાવસ્થા ગણાય છે. અવસ્થા પ્રકારમાં સારાવલીનો મત સ્વ. શ્રી ઉમિયાશંકર ઠાકર પણ અનુમોદિન કરે છે. અમે પણ એ જ મતના છીએ.

ગ્રહ પોતાના ઉચ્ચમાં દીપ્ત, પોતાની રાશિમાં સ્વસ્થ, અધિમિત્રના ગૃહમાં મુદિત, મિત્રના ગૃહમાં શાન્ત, સમની રાશિમાં દીન, શત્રુના ગૃહમાં દુઃખી, પાપગ્રહની સાથે વિકલ, પાપગ્રહની રાશિમાં ખલ અને સૂર્યની સાથે અસ્ત હોય તો ક્રોધી થાય છે, આવી રીતે નવ પ્રકારની અવસ્થા થાય છે. જન્મ કાળમાં જે અવસ્થા જે ગ્રહ હોય એ અનુસાર એ ભાવનું ફળ પણ શુભ કે અશુભ સમજવું. (૮–૧૦)

લજ્જિત આદિ અવસ્થા

લજ્જિત, ગર્વિત, ક્ષુધિત, તૃષિત, મુદિત, ક્ષોભિત એ છ અવસ્થા ગ્રહોની હોય છે. દા. ત. ગ્રહ પોતાના પુત્રની રાશિમાં તથા રાહુ, કેતુ, રવિ, શનિ, મંગળ એમાંથી કોઈની સાથે હોય તો તે લજ્જિત થાય છે. જો પોતાના ઉચ્ચ કે મૂલ ત્રિકોણમાં હોય તો ગર્વિત થાય છે. શત્રુની રાશિમાં શત્રુની સાથે કે તેનાથી દૃષ્ટ હોય અને શનિની સાથે હોય તો તે ક્ષુધિત કહેવાય છે. જલરાશિમાં પોતાના શત્રુથી દૃષ્ટ હોય તો તે તૃષિત કહેવાય છે. મિત્રની રાશિમાં મિત્ર કે ગુરુની સાથે કે ગુરુથી દૃષ્ટ હોય તો મુદિત કહેવાય છે. રવિની સાથે અને માત્ર પાપગ્રહથી કે પોતાના શત્રુથી દૃષ્ટ હોય તો ક્ષોભિત કહેવાય છે. જન્મ સમયે ક્ષુધિત ગ્રહ જે ભાવમાં રહે છે એ ભાવનાં ફળનો નાશ કરે છે. (૧૧–૧૮)

આ પ્રમાણે ગ્રહોના બલાબલના વિવેકથી સર્વ સ્થાનોનું ફળ સમજવું. જો બંને પ્રકારના ગ્રહ હોય તો મિશ્ર ફળ સમજવું. બળહીન

હોય તો ફળમાં અલ્પતા અને બળવાન ગ્રહ હોય તો અધિક ફળ સમજવું જેમકે કર્મસ્થાનમાં લજ્જિત. તૃષિત, ક્ષુધિત કે ક્ષોભિત ગ્રહ હોય તો જન્મનાર કર્મહીન દુઃખી થાય છે. જો પાંચમા સ્થાનમાં લજ્જિતાદિ ગ્રહ હોય તો પુત્રોને હાનિ થાય કે એને માત્ર ૧ પુત્ર થાય છે. સાતમા સ્થાનમાં જો ક્ષોભિત કે તૃષિત ગ્રહ હોય તો એની સ્ત્રી મરી જાય છે. (૧૯–૨૩)

ગર્વિત આદિ અવસ્થાફળ

ગર્વિત ગ્રહની દશામાં નવીન ઘર, બગીચા, રાજ્ય, કલાઓમાં પાંડિત્ય, ધનનો લાભ, સદા વ્યાપારમાં વૃધ્ધિ થાય. મુદિતની દશામાં ઘર, વસ્ત્ર, ભૂષણ, સ્ત્રીથી સુખ, બંધુઓનો પ્રેમ, રાજદરબારમાં નિવાસ, શત્રુનો નાશ અને બુદ્ધિ, વિદ્યાની વૃદ્ધિ થાય છે. લજ્જિતની દશામાં ઈશ્વરમાં નિષ્ઠાનો અભાવ, સુમતિનો નાશ, પુત્રને પીડા, વ્યર્થ ભ્રમણ, કલહમાં રુચિ તથા ધર્મમાં અરુચિ થાય છે. ક્ષોભિતની દશામાં દરિદ્રતા, કુબુદ્ધિ, કષ્ટ, ધનનો નાશ, પગમાં આઘાત, રાજાના ક્રોધથી ધનમાં અડચણ થાય છે. ક્ષુભિતની દશામાં શોક, મોહ, પરિજનોના સંતાપથી માનસિક વ્યથા અને શરીરમાં નિર્બળતા, શત્રુઓ સાથે કલહ, ધનની હાનિ, બળનો નાશ અને વિષાદથી બુદ્ધિ કુંઠિત થઈ જાય છે. તૃષિતની દશામાં સ્ત્રીઓનો રોગ, ભય, કુકર્મમાં પ્રવૃત્તિ, પોતાના બંધુઓમાં વિવાદથી ધનહાનિ, શરીરમાં દુર્બળતા, દુષ્ટો દ્વારા કલેશ અને માનહાનિ થાય છે. (૨૪–૨૯)

હવે હું શયન ૧, ઉપવેશન ૨, નેત્રપાણિ ૩, પ્રકાશન ૪, ગમન ૫, આગમન, ૬, સભાવાસ ૭, આગમ ૮, ભોજન ૯, નૃત્યલિપ્સા ૧૦, કૌતુક ૧૧ અને નિદ્રા ૧૨. આ અવસ્થાઓ અને એમની ચેષ્ટાઓ કહું છું. જેવી રીતે જે નક્ષત્રની સંખ્યા (અશ્વિની આદિથી) ગ્રહસંખ્યા (સૂર્યાદિથી) ગુણીને જે ગુણાકાર આવે તેને

નવાંશસંખ્યા ગણુ કરો. એમાં વર્તમાન નક્ષત્ર (ચાન્દ્રપંચાગસ્થ)ની સંખ્યા, ઇષ્ટ ઘટી સંખ્યા અને લગ્ન રાશિની સંખ્યા મેળવવી; પછી એ યેાગફલમાં ૧૨નેા ભાગ થઈ શેષ અંકથી શયન આદિ ક્રમશ: અવસ્થા સમજવી. પછી એ અવસ્થામાં ચેષ્ટા જાણવા ઉકત શેષાંકને શેષાંકથી જ ગુણીને ગુણાકારના ફલમાં નામના આદિઅક્ષર સંબંધી સ્વરાંક ઉમેરી એને બારથી ભાગી જે શેષ વધે એમાં ગ્રહના ધ્રુવાંક જેમ કે સૂર્યના ૫, ચન્દ્રના ૨, મંગળના ૨, બુધના ૩, ગુરુના પાંચ, શુક્રના ૩, અને શનિના ૩ ઉમેરી પછી ત્રણથી ભાગતાં ૧ શેષ વધે તેા દૃષ્ટિ, ૨ વધે તેા ચેષ્ટા અને ત્રણ અર્થાત્ ૦ શેષમાં વિચેષ્ટા સમજવી. (૩૦–૩૭) હવે હું તેમનું ફળ કહું છું (૩૦–૩૭)

દૃષ્ટિ આદિનાં ફળ

દૃષ્ટિમાં અગાઉ જણાવ્યા પ્રમાણે અવસ્થા ફળ મધ્યમ અને ચેષ્ટામાં પૂર્ણ તથા વિચેષ્ટામાં અલ્પ ફળ થાય છે. શુભ અને અશુભ ગ્રહેાના બળ તથા નિર્બળતા અને ખાસ કરીને ઉચ્ચ સ્થાનમાં જોઈ ડાહ્યા માનવીએ બળ જાણવું. (૩૮–૩૯)

સૂર્યની અવસ્થાઓનાં ફળ

સૂર્ય શયનાવસ્થામાં હેાય તેા એ મનુષ્યને મંદાગ્નિ, પગમાં સ્થૂળતા, પિત્ત પ્રકેાપ, ગુદાસ્થાનમાં ગુમડું તથા હૃદયમાં શૂળ થાય છે. ઉપવેશન અવસ્થામાં હેાય તેા તે દરિદ્ર, ભારવાહી, વિવાદી, કઠેાર હૃદયવાળેા તથા ધનને નષ્ટ કરનાર થાય છે. નેત્રપાણિ અવસ્થામાં હેાય તેા સદા,. આનંદી, વિવેકી, પરેાપકારી, બળવાન, ધનવાન, સુખી અને રાજાનેા કૃપાપાત્ર થાય છે. પ્રકાશન અવસ્થામાં હેાય તેા ઉદાર હૃદયવાળેા, ખૂબ ધનવાન, સભામાં વકતા, પુણ્યશાળી, બળવાન અને સ્વરૂપવાન થાય છે. ગમન અવસ્થામાં સૂર્ય હેાય તેા મનુષ્ય વિદેશવાસી, દુઃખી, આળસુ, બુદ્ધિહીન, ધનહીન, ડરપેાક અને

ક્રોધી થાય છે. આગમન અવસ્થા હોય જન્મનાર પરસ્ત્રીગામી, પરિજનરહિત, ગમનશીલ, ખલ, મલિન, ખરાબ બુદ્ધિવાળો તથા કૃપણ થાય છે. સભાવસ્થામાં હોય તો તે મનુષ્ય પરોપકારી, ધન ધાન્ય સમૃદ્ધ, ગુણવાન, જમીનદાર તથા નવાં વસ્ત્ર અને ઘરવાળો, બળવાન, મિત્રનો પ્રેમી, દયાળુ અને કલાઓનો જાણનાર થાય છે. આગમ અવસ્થામાં સૂર્ય હોય તો જન્મનાર શત્રુઓથી તંગ, ચચંળ, દુષ્ટ, દુર્બલ, ધર્મહીન, કર્મહીન અને મદોન્મત્ત થાય છે. ભોજનાવસ્થામાં હોય તો શરીરમાં પીડા, પરસ્ત્રી ને કારણે ધનનો નાશ, અસત્ય ભાષણ, શિરદર્દ, ખરાબ ભોજન તથા કુમાર્ગગમ થાય છે. નૃત્યલિપ્સા અવસ્થામાં વિદ્વાનોથી સન્માનિત, કાવ્ય અને વિદ્યાઓનો જ્ઞાતા, રાજાથી પુજાનાર અને પંડિત થાય છે. કૌતુક અવસ્થામાં સર્વદા હર્ષયુકત, જ્ઞાની, યજ્ઞ, કરનાર રાજાનો આશ્રિત, શત્રુથી, ડરનાર, સુંદર મુખવાળો અને કાવ્યપ્રેમી થાય છે. નિદ્રાવસ્થામાં સૂર્ય હોય તો એ મનુષ્યની આંખો નિદ્રાથી ભારે રહે છે, વિદેશવાસ, સ્ત્રીનો નાશ તથા અનેક પ્રકારે ધનનો નાશ થાય છે. (૪૦–૫૧)

ચન્દ્રની અવસ્થાઓનાં ફળ

ચન્દ્રના જન્મકાળમાં જો શયન અવસ્થા હોય તો જન્મનાર સ્વમાની, મૃદુ સ્વભાવવાળો, કામી અને ધનનો વ્યર્થ ખર્ચ કરનાર થાય છે ચન્દ્ર ઉપવેશન અવસ્થામાં હોય તો તે રોગપીડિત, મંદ બુદ્ધિવાળો, ધનહીન, કઠોર, કુકર્મી અને ચોર થાય છે. નેત્રપાણિ અવસ્થામાં હોય તો મહારોગી, વ્યર્થ ખર્ચ કરનાર, બોલનાર, ધૂર્ત અને કુકર્મી થાય છે. પ્રકાશ અવસ્થામાં હોય તો સંસારમાં ખ્યાતિ, રાજાથી ધનલાભ, હાથી, ઘોડા, આદિની સ્વારી, સંપત્તિ, ભૂષણ, વસ્ત્ર અને સ્ત્રીના સુખવાળો તથા તીર્થ કરનાર થાય છે. ગમન અવસ્થામાં ચન્દ્ર હોય અને કૃષ્ણપક્ષ હોય તો તે મનુષ્ય વિશેષ

રીતે ક્રૂર, નેત્રરોગથી પીડા પામનાર અને શુકલપક્ષ હોય તો ભય-ભીત થાય છે. આગમન અવસ્થામાં હોય તો સ્વમાની, પગમાં રોગવાળો, ગુપ્ત પાપ કરનાર, દીન બુદ્ધિવાળો અને અસંતોષી હોય છે. સભાવસ્થામાં હોય તો સમસ્ત જનોમાં શ્રેષ્ઠ, રાજાઓમાં માન્ય, અત્યન્ત સુંદર, સ્ત્રીઓને સંતોષ આપનાર, સહુ પર પ્રેમ કરનાર અને ગુણજ્ઞ થાય છે આગમ અવસ્થામાં હોય તો વકતા, ધર્માત્મા કૃષ્ણ પક્ષમાં હોય તો બે પત્નીવાળો, રોગી, દુષ્ટ અને હડીલો થાય છે. ભોજન અવસ્થામાં હોય અને શુકલપક્ષમાં હોય તો લોકોમાં આદર, સ્વાદી અને કુટુંબનું સુખ તથા સ્ત્રીપુત્રોનું સુખ મળે છે. કૃષ્ણપક્ષ હોય તો આવું ફળ મળતું નથી. નૃત્યલિપ્સા અવસ્થામાં હોય તો શુકલપક્ષમાં જન્મનાર બળવાન, સંગીતજ્ઞ અને રસજ્ઞ થાય છે. કૃષ્ણપક્ષ હોય તો પાપી થાય છે. કૌતુક અવસ્થામાં હોય તો રાજા કે ખૂબ ધનવાન, કામકલામાં કુશલ અને વેશ્યા સાથે પ્રેમ કરનાર થાય છે. નિદ્રાવસ્થામાં હોય તથા સાથે ગુરુ હોય તો એની પ્રતિષ્ઠા જામે છે. ગુરુની સાથે ન હોય, ક્ષીણ હોય તો સ્ત્રી અને સંચિત ધનનો નાશ થાય છે તથા એના ઘરમાં શિયાળવી રૂવે છે. (૫૨–૬૩)

મંગળની અવસ્થાનાં ફળ

મંગળ શયનાવસ્થામાં હોય તો જન્મનાર ગુમડા, ખુજલી, દાદરથી પીડા પામે છે. ઉપવેશન અવસ્થામાં હોય તો બળવાન, પાપી, મિથ્યાભાષી, સાહસખોર, ધનવાન અને ધર્મહીન થાય છે. નેત્રપાણિમાં હોય અને લગ્નમાં હોય તો દરિદ્ર તથા અન્ય ભાવોમાં હોય તો ગામનો માલિક થાય છે. પ્રકાશ અવસ્થામાં હોય તો ગુણનો વિકાસ, રાજાથી આદર થાય છે. જો મંગળ પાંચમા

સ્થાનમાં હોય તો સ્ત્રીપુત્રનો વિયોગ, રાહુની સાથે હોય તો એનું મહાપતન થાય છે. ગમન અવસ્થામાં હોય તો ભ્રમણશીલ થાય, ગુમડાનો ભય, સ્ત્રી સાથે કલહ, દાદર, ખુજલી અને ધનની હાનિ થાય છે. આગમન અવસ્થામાં હોય તો ગુણવાન, મણિરત્નયુક્ત, તીક્ષ્ણ તલવાર રાખનાર, ગજસમાન ગતિવાળો, શત્રુઓનો નાશક અને પરિજનોનો પાલક થાય છે. સભા અવસ્થામાં થઈને જો ઉચ્ચમાં હોય તો યુદ્ધમાં ચતુર, ધર્મનો આડંબર કરનાર અને ધનવાન થાય છે. જો ૫-૬માં હોય તો વિદ્યાહીન, બારમા સ્થાનમાં પુત્રહીન, એનાથી ભિન્ન સ્થાનમાં હોય તો ધનવાન, માની અને દાની થાય છે. આગમ અવસ્થામાં હોય તો ધર્મહીન, કર્મહીન, કર્ણમૂલ શૂલ આદિ રોગથી પીડિત, ડરપોક અને દુર્જનનો સંગ કરનાર થાય છે. ભોજન અવસ્થામાં મંગળ બળવાન હોય તો તે મિષ્ટાન્નભોગી થાય, નિર્બળ હોય તો નીચ કર્મ કરનાર અને માનહીન થાય છે. નૃત્ય લિપ્સામાં હોય તો રાજાથી અધિક ધનલાભ કરનાર થાય છે. એના ઘરમાં સર્વ પ્રકારના રત્ન અને સુવર્ણ આદિ સંપત્તિ થાય છે. કૌતુક અવસ્થામાં હોય તો કૌતુક કરનાર, મિત્ર, પુત્ર વગેરે ધરાવનાર, જો મંગળ ઉચ્ચનો હોય તો રાજા અને ગુણજ્ઞ જનોથી પૂજિત થાય છે. મંગળ નિદ્રાવસ્થામાં હોય તો જન્મનાર ક્રોધી, બુદ્ધિહીન, નિર્ધન, ધૂર્ત, અધર્મી અને રોગી થાય છે. (૬૪-૭૫)

બુધની અવસ્થાઓનાં ફળ

બુધ જો શયનાવસ્થામાં લગ્નમાં હોય તો ચાલવામાં અસમર્થ અને લાલ નેત્રવાળો થાય. અન્ય સ્થાનમાં બુધ શયનાવસ્થામાં હોય તો તે લંપટ અને ધૂર્ત થાય છે. ઉપવેશન અવસ્થામાં બુધ લગ્નમાં હોય તો તે ગુણવાન, પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો દરિદ્ર, શુભ ગ્રહ કે મિત્રની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો ધનવાન

થાય છે. નેત્રપાણિમાં હોય તો વિદ્યા અને વિવેક વગરનો, મૈત્રા વગરનો અને અભિમાની, જો પાંચમા સ્થાનમાં હોય તો સ્ત્રીપુત્રના સુખ વગરનો, સન્તાનોમાં કન્યાઓવાળો તથા રાજા પાસેથી ધન મેળવનાર થાય છે. પ્રકાશ અવસ્થામાં હોય તો દાની, દયાવાન, પુણ્યાત્મા, અનેક વિદ્યાઓમાં પારંગત, વિવેકી અને દુષ્ટોને દબાવનાર થાય છે. ગમન અવસ્થામાં હોય તો રાજદરબારમાં આવજા કરનાર થાય છે. એનું ભવન લક્ષ્મીથી પરિપૂર્ણ થાય છે. આગમનમાં હોય તો ગમન અવસ્થા સમાન જ ફળ સમજવું. બુધ સભાવસ્થામાં હોય તો ધનવાન, પુણ્યવાન અને ઉચ્ચ રાશિમાં હોય તો મૂળ ધનવાન, રાજા કે મંત્રી તથા ઈશ્વરમાં ભક્તિ રાખનાર અને અંતમાં મુક્તિ મેળવનાર થાય છે. આગમ અવસ્થામાં હોય તો નીચની સેવાથી ધન પ્રાપ્ત કરનાર, બે પુત્ર અને ૧ કન્યા પ્રતિષ્ઠા આપે છે. ભોજન અવસ્થામાં હોય તો વાદવિવાદમાં ધનહાનિ, રાજભય, શરીરમાં કૃશતા, મનની ચંચળતા, શરીર, સ્ત્રી અને વૈભવનું સુખ મળતું નથી. નૃત્યલિપ્સામાં હોય તો માન, વાહન, રત્ન, મિત્ર અને પ્રતાપ મળે છે. જો પાપ રાશિમાં હોય તો વેશ્યાગામી અને લંપટ થાય છે. કૌતુકાવસ્થામાં થઈને લગ્નમાં હોય તો સંગીત જાણનાર, ૭-૮ સ્થાનમાં હોય તો વેશ્યાગામી, નવમા સ્થાનમાં હોય તો પુણ્યવાન થાય છે. નિદ્રા અવસ્થામાં હોય તો નિદ્રાથી સુખી-આળસુ અને આધિવ્યાધિવાળો, ભાઈઓ વગરનો, અધિક સન્તાપવાળો, પોતાના માણસો સાથે વિવાદ કરનાર અને ધન ગુમાવનાર થાય છે. (૭૬-૮૦)

ગુરુની અવસ્થાઓનું ફળ

જન્મ સમયે ગુરુ જો શયનાવસ્થામાં હોય તો જન્મનાર બળવાન હોવા છતાં ધીમે બોલનાર, અતિશય ગૌર વર્ણવાળો, લાંબી દાઢીવાળો અને શત્રુના ભયવાળો થાય છે.

ઉપવેશન અવસ્થામાં હોય તો વકતા, ઘણા ગર્વવાળો, રાજા અને શત્રુઓથી પરિતાપ પામનાર, પગ, જાંઘ, મુખ અને હાથમાં ઘાવાળો થાય.

નેત્રપાણી અવસ્થામાં હોય તો રોગી, ધનહીન, ગીત અને નૃત્યનો શોખીન, કામી, ગૌર વર્ણવાળો અને અન્ય વર્ગો સાથે પ્રેમ કરનાર થાય છે.

પ્રકાશ અવસ્થામાં હોય તો ગુણોથી આનંદ, સુખ, તેજ, કૃષ્ણ ચન્દ્રના સ્થાન (વૃન્દાવનમાં) જનાર થાય છે. જો ઉચ્ચમાં ગુરુ હોય તો લોકોમાં માન્ય અને કુબેર સમાન ધનવાન થાય છે. ગમનાવસ્થામાં હોય તો સાહસિક, મિત્રવર્ગવાળો, પંડિત, વિવિધ સંપત્તિઓવાળો, અને વેદોનો જાણકાર થાય છે.

આગમન અવસ્થામાં હોય તો એના ઘરમાં જનસમૂહ, સુંદર સ્ત્રી અને લક્ષ્મી સદા બિરાજે છે.

સભાવસ્થામાં હોય તો બૃહસ્પતિ સમાન વકતા, મોતી, મણિ આદિ ધનથી સમૃદ્ધ, હાથી, ઘોડા, પાલખી, મોટર વગેરે ધરાવનાર અને અનેક વિદ્યાઓ જાણનાર થાય છે.

આગમ અવસ્થામાં હોય તો લોકોમાં આદર પામનાર, અનેક સ્વારી, નોકર, પુત્ર, સ્ત્રી, મિત્ર આદિથી સુખી અને ઉત્તમ વિદ્યાવાળો, રાજા સમાન, ઉત્તમ બુદ્ધિવાળો, કાવ્યનો પ્રેમી, સન્માર્ગગામી અને અને સર્વત્ર માન પામનાર થાય છે.

ભોજનાવસ્થામાં હોય એને નિત્ય ઉત્તમ ભોજન મળે છે અને હાથી, ઘોડા આદિ સવારીથી સુશોભિત એવા એનાં ઘરને લક્ષ્મી ત્યજી જતી નથી.

નૃત્યલિપ્સામાં હોય તો રાજાનો માન્ય, ધનવાન, ધર્માત્મા,

તંત્રજ્ઞ, પંડિતોમાં શ્રેષ્ઠ તથા શબ્દશાસ્ત્રમાં પંડિત થાય છે.

કૌતુક અવસ્થામાં હોય તો કુતૂહલવાળો, મહા ધનવાન, પોતાના કુળમાં સૂર્ય સમાન, કૃપાળુ, સુખી, પુત્રવાન, જમીનદાર, નીતિમાન, મહાબળવાન અને રાજપંડિત થાય છે.

ગુરુ જો નિદ્રાવસ્થામાં હોય તો તે સર્વ પ્રકારે મૂર્ખ, દરિદ્ર અને પુણ્યહીન થાય છે. (૮૧-૯૫)

શુક્રની અવસ્થાનાઓનાં ફળ

જન્મ સમયે જો શુક્ર શયનાવસ્થામાં હોય તો જન્મનાર બળવાન હોવા છતાં પણ દંતરોગી, ક્રોધી, ધનહીન અને વેશ્યાગામી થાય છે.

ઉપવેશન અવસ્થામાં હોય તો રત્ન, સુવર્ણ આદિ ધનથી સુખી, શત્રુનો નાશ કરનાર, રાજાથી આદર પામનાર અને પ્રતિષ્ઠાની વૃદ્ધિ કરનાર થાય છે.

નેત્રપાણિમાં થઈને ૭-૧૦ સ્થાનમાં હોય તો જોયા વગર ધનની હાનિ થાય છે. અન્ય સ્થાનમાં હોય તો ઉત્તમ મકાનવાળો થાય છે.

પ્રકાશ અવસ્થામાં થઈને શુક્ર જો પોતાના ઉચ્ચ, પોતાના ગૃહ, મિત્ર રાશિમાં હોય તો મદમત્ત હાથી સમાન બળવાન, રાજા સમાન ધનવાન અને સુખી, કાવ્ય તથા સંગીતમાં પારંગત થાય છે.

ગમન અવસ્થામાં હોય તો તેની મા મરી જાય છે. માનસિક ચિન્તા, બંધુઓનો વિયોગ અને શત્રુનો ભય થાય છે.

આગમનમાં હોય તો મહાધનવાન, તીર્થ કરનાર, ઉત્સાહી તથા હાથપગમાં રોગવાળો થાય છે.

સભાવસ્થામાં હોય તો તેના પોતાના પ્રતાપથી રાજદરબારમાં

હિમ્મતબાજ બને. તે ગુણવાન, શત્રુઓનો નાશ કરનાર, મહાધનવાન, દાતા અને હાથી ઘોડાની સવારી કરનાર થાય છે.

આગમમાં હોય તો એને ધનલાભ થતો નથી. શત્રુઓ દ્વારા હાનિ, પુત્ર અને પરિજનનો વિયોગ, રોગ, ભય અને સ્ત્રી સુખની હાનિ થાય છે.

ભોજન અવસ્થામાં હોય તો ક્ષુધાથી વ્યાકુળ, રોગથી પીડિત અને શત્રુથી તંગ થાય છે. જો કન્યારાશિમાં હોય તો ધનવાન અને પંડિતોનો આશ્રય થાય છે. નૃત્યલિપ્સા અવસ્થામાં હોય તો તે કાવ્ય કરનાર, બુદ્ધિમાન, વીણા, મૃદંગ આદિ બજાવવામાં નિપુણ તથા ધન વધારનાર થાય છે.

કૌતુક અવસ્થામાં હોય તો તે ઇન્દ્ર સમાન પરાક્રમી થાય. સભામાં ચાતુર્ય, ઉત્તમ વિદ્યા અને ઘરમાં લક્ષ્મી સદૈવ વાસ કરે છે.

શુક્ર જો નિદ્રાવસ્થામાં હોય તો બીજાઓની સેવા કરનાર, પરનિન્દક, વીર, વ્યર્થ બોલનાર તથા ઘૂમનાર થાય છે. (૯૬–૧૧૦)

શનિની અવસ્થાઓનાં ફળ

શયનાવસ્થાથાં શનિ હોય તો જન્મનાર બાલ્યવસ્થામાં રોગ, ભૂખ, તરસથી પીડા પામે તથા થાકેલો રહે; પરંતુ વૃદ્ધાવસ્થામાં ભાગ્યશાળી થાય.

ઉપવેશન અવસ્થામાં હોય તો પ્રબળ શત્રુથી પીડિત, વ્યર્થ ખર્ચ કરનાર, દાદર અને ખુજલીવાળો અભિમાની અને રાજાથી દંડ પામનાર થાય છે.

નેત્રપાણિ અવસ્થામાં હોય તો સુંદર સ્ત્રીવાળો, સંપત્તિવાન, રાજા અને મિત્રોનો ઉપકાર પામનાર, બહુ કલાઓનો જ્ઞાતા તથા પ્રિય વક્તા થાય છે.

પ્રકાશની અવસ્થામાં હોય તો અનેક ગુણ, ધન, બુદ્ધિમાન, તેજસ્વી, દયાળુ અને ઈશ્વરનો ભક્ત થાય છે.

ગમનાવસ્થામાં હોય તો મહા ધનવાન, પુત્રવાન, ઉદ્ધત, શત્રુની ભૂમિ છીનવી લેનાર તથા રાજદરબારનો પંડિત થાય છે.

આગમનાવસ્થામાં હોય તો મૂર્ખ, સ્ત્રીપુત્ર રહિત, દીન તથા કોઈનો ય આશ્રય વગર પૃથ્વી પર ભ્રમણ કરનાર થાય છે.

સભાવસ્થામાં હોય તો સુવર્ણ રત્ન આદિ ધનથી હર્ષિત નીતિ જાણનાર મહાધનવાન થાય છે.

આગમનાનસ્થામાં હોય તો રોગની વૃદ્ધિ, પ્રગતિ, રાજદરબારમાં લાભ કરવામાં બુદ્ધિ થતી નથી.

ભોજન અવસ્થામાં હોય તો સરસ ભોજન આંખની જ્યોતિ મન્દ અને મોહથી બુદ્ધિ ચંચળ થાય છે.

નૃત્યલિપ્સા અવસ્થામાં હોય તો ધર્માત્મા, ધનવાન, રાજમાન્ય, ધીર અને રણમાં વીર થાય છે.

કૌતુકાવસ્થામાં હોય તો ભૂમિ અને ધનથી પૂર્ણ અતિ સુખી, સુંદર સ્ત્રીના સુખથી પૂર્ણ અને કાવ્યકલાનો જ્ઞાતા થાય છે.

શનિ જો નિદ્રાવસ્થામાં હોય તો ધનવાન, ગુણવાન, પરાક્રમી, શત્રુને જીતનાર અને વેશ્યાને પ્રેમ કરનાર થાય છે. (૧૧૧-૧૨૨)

રાહુની અવસ્થામાં ફળ

રાહુ જો જન્મ સમયે શયનાવસ્થામાં હોય તો જન્મનાર કલેશવાળો થાય છે. પરંતુ જો વૃષભ, મિથુન, કન્યા કે મેષમાં રાહુ શયનાવસ્થામાં હોય તો જન્મનાર ધનવાન થાય અને સમૃદ્ધ થાય છે.

ઉપવેશન અવસ્થામાં હોય તો દાદરથી પીડિત, રાજદરબારમાં માન્ય, તથાપિ ધનરહિત થાય છે.

નેત્રપાણિમાં હોય તો નેત્રરોગ, દુષ્ટ, સર્પ, શત્રુ અને ચોરનો ભય તથા ધનનો નાશ થાય છે.

પ્રકાશાવસ્થામાં હોય એને સુંદર સ્થાન, સુયશ, ધન અને ગુણોની ઉન્નતિ, રાજાથી અધિકાર, નવીન મેઘસમાન આકૃતિ અને વિદેશથી ઉન્નતિ થાય છે.

ગમનાવસ્થામાં હોય તો અનેક સંતાનોવાળો, પંડિત, ધનવાન, દાની તથા રાજપૂજ્ય થાય છે.

આગમનાવસ્થામાં હોય તો ક્રોધી, બુદ્ધિ અને ધનથી રહિત, કુટિલ, કંજૂસ અને કામી થાય છે.

આગમમાં હોય તો વ્યાકુળતા, શત્રુઓનો ભય, બંધુઓ સાથે વિવાદ, પરિજનની હાનિ, ધનનો નાશ, શઠતા અને દુર્બળતા થાય છે.

ભોજનાવસ્થામાં હોય તો ભોજન વિના બેચેન, મંદ બુદ્ધિવાળો, આળસુ તથા સ્ત્રીપુત્રના સુખ વગરનો થાય છે.

નૃત્યલિપ્સાવસ્થામાં હોય તો મહારોગનો ભય, નેત્રરોગ, શત્રુ ભય, ધન અને ધર્મની હાનિ થાય છે.

કૌતુકાવસ્થામાં હોય તો સ્થાનહાનિ પરસ્ત્રી સાથે પ્રેમ અને બીજાના ધનનો લાભ થાય છે.

નિદ્રાવસ્થામાં રાહુ હોય તો ગુણયુકત, સ્ત્રીપુત્રાદિ સુખવાળો, ધીર, ગૌરવયુકત અને મહાધનવાન થાય છે. (૧૨૩-૧૩૪)

કેતુની અવસ્થાઓમાં ફળ

જો કેતુ શયનાવસ્થામાં હોય તો જન્મનાર ધનવાન થાય છે. અન્ય રાશિમાં હોય તો રોગથી પીડિત થાય છે.

ઉપવેશન અવસ્થામાં હોય તો દાદર, ખુજલી, શત્રુ, રાજા, સર્પ અને ચોરોનો ભય થાય છે.

નેત્રપાણિ અવસ્થામાં હોય તો નેત્રરોગ, દુષ્ટ, સર્પ, શત્રુ અને રાજાનો ભય થાય છે.

પ્રકાશાવસ્થામાં હોય તો ધનવાન, ધર્માત્મા, વિદેશવાસી, ઉત્સાહી, સત્ત્વ પ્રકૃતિવાળો અને રાજાનો સેવક થાય છે.

ગમનાવસ્થામાં હોય તો અનેક પુત્રોવાળો, ધનવાન, વિવેકી, ગુણવાન, દાની અને પુરુષોમાં શ્રેષ્ઠ થાય છે.

આગમન અવસ્થામાં હોય તો અનેક રોગ, ધનનો નાશ, દાંતના રોગ, મહારોગવાળો, ધાતકી અને પારકાની નિન્દા કરનાર થાય છે.

સભાવસ્થામાં હોય તો વક્તા, ગર્વવાળો, કૃપણ, લંપટ, ધૂર્ત તથા વિદ્યાઓમાં નિપુણ થાય છે.

આગમાવસ્થામાં હોય તો પાપીઓનો સરદાર, બંધુઓ સાથે વાદવિવાદ કરનાર, દુષ્ટ, શત્રુ અને રોગથી પીડિત થાય છે.

ભોજનાવસ્થામાં હોય તો ભૂખથી પીડિત, દરિદ્ર, ભોગી, અને પૃથ્વી પર ઘૂમનાર થાય છે.

નૃત્યલિપ્સામાં હોય તો રોગથી પીડિત, આંખમાં કૂલાવાળો, કોઈના વશમાં ન રહેનાર, ધૂર્ત અને અનર્થ કરનાર થાય છે.

કૌતુકાવસ્થામાં હોય તો વેશ્યાદિ સાથે પ્રેમ કરનાર, સ્થાનહીન, દુરાચારી, દરિદ્ર અને પ્રવાસી થાય છે.

નિદ્રાવસ્થામાં કેતુ હોય તો ધનધાન્યથી સુખી અને અનેક પ્રકારના ગુણોના ચિન્તનમાં સમય વિતાવનાર થાય છે. (૧૩૫–૧૪૬)

જન્મ સમયમાં શયનાવસ્થામાં રહેલ શુભગ્રહ જે સ્થાનમાં

હોય એ સ્થાનમાં શુભ ફળ મળે છે અને ભોજનાવસ્થામાં પાપગ્રહ જે સ્થાનમાં હોય એ સ્થાનનું ફળ નષ્ટ થાય છે.

પાપગ્રહ નિદ્રાવસ્થામાં જો સાતમા સ્થાનમાં હોય તો શુભ ફળ સમજવું પરંતુ એના પર પાપગ્રહની દૃષ્ટિ હોય તો શુભ ફળ થતું નથી. પાંચમા સ્થાનમાં જો પાપગ્રહ નિદ્રા કે શયન અવસ્થામાં હોય તો જરૂર શુભ ફળ મળે છે.

મૃત્યુસ્થાનમાં (૮મા) પાપગ્રહ જો નિદ્રા કે શયન અવસ્થામાં હોય તો એ જન્મનારનું રાજદંડાદિથી અપમૃત્યુ થાય છે.

જો એના પર શુભ ગ્રહનો યોગ કે દૃષ્ટિ હોય તો એનું મરણ ગંગાદિ તીર્થસ્થાનમાં થાય છે. દસમા સ્થાનમાં જો પાપગ્રહ શયન કે ભોજનાવસ્થામાં હોય તો કર્મથી અનેક પ્રકારનું દુઃખ થાય છે. જો દસમા સ્થાનમાં ચન્દ્ર કૌતુક કે પ્રકાશ અવસ્થામાં હોય તો જરૂર રાજયોગ થાય છે. અહીં ચન્દ્ર ઉપલક્ષણ થાય છે અર્થાત કોઈપણ શુભ ગ્રહ કે દસમા સ્થાનનો સ્વામી જો દસમા સ્થાનમાં કૌતુક કે પ્રકાશ અવસ્થામાં હોય તો જન્મનાર રાજા કે રાજા સમાન થાય છે એમ સમજવું. આવી રીતે ગ્રહોની અવસ્થા અને બળ અનુસાર સર્વ ભાવોનું ફળ સમજવું. (૧૪૭–૧૫૫)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ગ્રહની અવસ્થા વિશે વિચાર નામનો પીસ્તાલીસમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૪૬

દશા વિચાર

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, આપ સર્વજ્ઞ છો એટલે ગ્રહોની દશા કેટલા પ્રકારની હોય છે તે કૃપા કરીને કહો. (૧)

પરાશર બોલ્યા :

હે વિપ્ર દશાના ભેદ અનેક છે. આમાં સામાન્ય માનવીઓ માટે વિંશોત્તરી દશા મુખ્ય છે અને વિશેષ રૂપે કોઈને અષ્ટોત્તરી, કોઈને ષોડશોત્તરી, દ્વાદશોત્તરી, પંચોત્તરી, શતાબ્દિકા, ચતુરશીતિસમા, દ્વિસપ્તતીસમા, ષષ્ટિહાયની, ષટ્ત્રિંશત્સમા એ જન્મ નક્ષત્રના આધાર પર રચાયેલી દશાઓ છે. (૨–૫)

હે વિપ્ર કોઈ કોઈને તો કાલદશા, ચક્રદશા તથા સર્વ દશાઓમાં કાળચક્ર દશા કહી છે. એ સિવાય ચરદશા, સ્થિરદશા, કેન્દ્રદશા, કારકદશા, ગ્રહગ્રહ દશા, મંડૂકદશા, શૂલ દશા, યોગાર્ધજ દશા, દગ્દશા, ત્રિકોણદશા, રાશિદશા, પંચસ્વરી દશા, યોગિની દશા, પિંડદશા, નૈસર્ગિક દશા, અષ્ટવર્ગ દશા, સંધ્યાદશા, પાંચક દશા, તારા દશા, આદિ દશાઓના વિવિધ ભેદ છે. (૬–૧૧)

શેખર ભાષ્ય : જન્મકુંડલી ઉપરથી માનવીનું ચારિત્ર્ય સ્વભાવ ઘડતર સુખ દુઃખ એ બધાનો ખ્યાલ મળે. પરંતુ કયો બનાવ કયારે બનશે તે તો અષ્ટક વર્ગ અને ગોચર અને દશાન્તર્દશા ઉપરથી કહી શકાય. આમાં અમને તો ખૂબ સિદ્ધિ ગોચર ફલોમાં મળી છે. દશાંતર્દશામાં તેટલી નોંધપાત્ર તો નહીં પણ ઠીક ઠીક સિદ્ધિ સાંપડી છે. આનું કારણ કે દશાંતર્દશામાં અનેક પ્રકાર છે. ખાસ તો વિંશોત્તરી વિખ્યાત છે ત્યાર બાદ અષ્ટોત્તરી છે. આના ઉપર વેધ પ્રકાશ પાડતા વિચારો સર્વાર્થ ચિંતામણિમાં પૃષ્ઠ ૨૮૮ થી ૩૮૩ સુધી આપ્યા છે. સર્વાર્થ ચિંતામણિમાં દશા ખંડ અતિ મહત્ત્વનો છે જેની દશા હોય તે ૧ થી ૧૨મા ભાવમાં મેષથી મીન બારેય રાશિમાં હોતાં તેની અસર વર્ણવી છે તે પણ ધ્યાનમાં લેવી રહી આ અધ્યાયમાં ૧૫૮ શ્લોકોમાં પ્રકારો વર્ણવ્યા છે.

વિંશોત્તરી દશા નક્કી કરવાની રીત.

કૃત્તિકાથી શરૂ કરીને ક્રમશઃ સૂર્ય, ચન્દ્ર, મંગળ, રાહુ, ગુરુ, શનિ, બુધ, કેતુ, શુક્ર આ ત્રણ આવૃત્તિથી દશાના સ્વામી થાય છે. એટલા માટે કૃતિકાથી જન્મ નક્ષત્ર સુધીની જે સંખ્યા હોય એને નવથી ભાગવાથી શેષતુલ્ય (આ-અં-કુ-રા ઇત્યાદિ ગણનાથી) દશાના સ્વામી સમજવા. એનાથી આરંભ કરીને ઉક્ત ક્રમથી ગ્રહોની દશા લગાવવી જોઈએ. કલિયુગમાં સામાન્ય રીતે ૧૨૦ વર્ષ પૂર્ણાયુ કહેવાય છે. એટલે સર્વ દશાઓમાં વિંશોત્તરી દશા મુખ્ય છે. (૧૨-૧૪)

સૂર્ય આદિ ગ્રહોના દશા વર્ષ

ઉક્ત સૂર્યાદિ ગ્રહોના દશા વર્ષ અનુક્રમે ૬, ૧૦, ૭, ૧૮, ૧૬, ૧૯, ૧૭, ૭, ૨૦ છે. (૧૫)

જન્મ સમયની વર્તમાન દશામાં ભુક્ત ભોગ્ય

જે ગ્રહની દશામાં જન્મ હોય એની દશા વર્ષની સંખ્યાને ભયાતથી ગુણીને ભભોગથી ભાગવાથી લબ્ધ વર્ષાદિ દશાના ભુક્ત થાય છે. એમાં દશામાનને ઘટાવવાથી ભોગ્ય વર્ષ આદિ થાય છે. (૧૬)

અષ્ટોત્તરી દશા

જો લગ્નેશથી રાહુ લગ્ન છોડીને અન્ય કેન્દ્ર અને ત્રિકોણ સ્થાનમાં હોય તો કોઈ આચાર્ય અષ્ટોત્તરી દશા ગ્રહણ કરે છે. આમાં આર્દ્રાથી ૪ નક્ષત્ર સૂર્ય એ બાદ ૩ નક્ષત્ર ચન્દ્ર, એ બાદ ૪ મંગળ, એ બાદ ૩ બુધ, એ બાદ ૪ શનિ, એ બાદ ૩ ગુરુ, પછી ૪ રાહુ, પછી એ બાદ ૩ નક્ષત્ર શુક્ર આવી રીતે જન્મ નક્ષત્ર ગણીને જે દશા પ્રાપ્ત હોય એનાથી આરંભ કરી દશા જાણવી. સૂર્યના દશા વર્ષ ૬, ચન્દ્રના ૧૫, મંગળના ૮, બુધના ૧૭, શનિના ૧૦, ગુરુના ૧૯, રાહુના ૧૨ અને શુક્રના ૨૧ વર્ષ થાય છે. આવી રીતે અષ્ટોત્તરી દશામાં કેતુને છોડીને ૮ ગ્રહ જ દશાના સ્વામી થાય છે. (૧૭-૨૦)

દશા કાઢવાની રીત

ઉપર જે ગ્રહોના દશાવર્ષમાન કહ્યા છે એમાંથી પાપગ્રહોના દશામાનના ચોથા ભાગ એક એક નક્ષત્રમાં દશામાન થાય છે. આવી રીતે જન્મનક્ષત્રના જે અષ્ટોત્તરીમાન સિદ્ધ હોય એના ભયાત અને ભભોગ દ્વારા વિંશોત્તરીવત્ ભુક્ત વર્ષાદિ સિદ્ધ થાય છે. (૨૧-૨૨)

વદમાં દિવસ અને સુદમાં રાત્રિએ જન્મ હોય તો એનું વિશેષ ફળ જાણવા માટે અષ્ટોત્તરી દશા ગ્રહણ કરવી. (૨૩)

ષોડશોત્તરી દશાનો પ્રકાર

જો વદમાં લગ્ન ચન્દ્ર હોરામાં હોય તે મનુષ્યનું ફળ સમજવા ષોડશોત્તરી દશાનો વિચાર કરવો જોઈએ. પુષ્યથી જન્મનક્ષત્ર સુધી જે સંખ્યા હોય એને આઠથી ભાગીને એક આદિ શેષમાં ક્રમથી રવિ, મંગળ, ગુરુ, શનિ, કેતુ, ચન્દ્ર, બુધ, શુક્ર એ આઠ ગ્રહ દશાના સ્વામી હોય છે. એના દશા વર્ષમાન ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ એ ક્રમથી સમજવા. (૨૪–૨૬)

દ્વાદશોત્તરી દશા

જેના જન્મલગ્નમાં શુક્રના નવમાંશમાં હોય તો એને માટે દ્વાદશોત્તરી દશા વિશેષ ફલપ્રદ થાય છે. જન્મનક્ષત્રથી રેવતી નક્ષત્ર સુધી જે સંખ્યા ક્રમથી એમાં ૮નો ભાગ આપીને ૧ આદિ શેષથી સૂ. ગુ. કે. બુ. રા. મં. શ. ચન્દ્ર આ આઠ ગ્રહ દશાધિપ થાય છે. આમાં શુક્રની દશા હોતી નથી. આ ગ્રહોના દશા વર્ષ ક્રમાનુસાર ૭, ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૧૯, ૨૧ થાય છે. (૨૭–૨૯)

પંચોત્તરી દશા કાઢવાની રીત

કર્કલગ્ન અને એના દ્વાદશાંશમાં જેનો જન્મ હોય એને માટે પંચોત્તરી દશા લગાવવી જોઈએ અનુરાધાથી જન્મનક્ષત્ર સુધી જેટલી સંખ્યા હોય એમાં ૭થી ભાગીને ૧ આદિ શેષમાં ક્રમશઃ સૂર્ય, બુધ, શનિ, મંગળ, શુક્ર; ચન્દ્ર અને ગુરુ એ દશાધિપ થાય છે. એમના વર્ષમાન ક્રમશઃ ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮ થાય છે. પંચોત્તરીમાં રાહુ અને કેતુની દશા હોતી નથી. (૨૯–૩૧)

શતાબ્દિકા દશા

વર્ગોત્તમ નવાંશ લગ્નમાં જન્મ હોય તો પંચોત્તરી દશાથી ફળ સમજવું જોઈએ. રેવતીથી જન્મનક્ષત્ર સુધીની સંખ્યામાં ૭નો

ભાગ આપીને ૧ આદિ શેષમાં ક્રમથી ચન્દ્ર, શુક્ર, બુધ, ગુરુ, મંગળ, શનિ દશાના સ્વામી થાય છે. એમની દશા વર્ષક્રમથી ૫, ૫, ૧૦, ૨૦, ૨૦, ૨૦, ૩૦ થાય છે. (૩૨–૩૪)

ચતુરશીતિસમા મહાદશા

સાધન

જેના જન્મ સમયે દસમા સ્થાનનો સ્વામી દશમા સ્થાનમાં હોય તેને માટે ચતુરશીતિસમા દશા ફળદાયક થાય છે. સ્વાતિથી જન્મ નક્ષત્ર પર્યંત સંખ્યાને સાતથી ભાગવાથી ૧ આદિ શેષમાં ક્રમશઃ સૂર્ય, ચન્દ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ એ દશાના સ્વામી થાય છે. એમના બાર બાર વર્ષ દશામાન થાય છે. (૩૫-૩૬)

દ્વિસપ્તતીસમા દશા કાઢવાની રીત

દ્વિસપ્તીસમા દશા મૂળ નક્ષત્રથી જન્મ નક્ષત્ર સુધીની સંખ્યાને આઠથી ભાગવાથી ૧ આદિ શેષમાં સૂર્યાદિ ગ્રહને ક્રમથી દશાધિપ સમજવા. બધા ગ્રહોની દશા વર્ષ ૯, ૯ થાય છે. કેતુની થતી નથી. જેના જન્મ લગ્નમાં સાતમા સ્થાનના સ્વામી કે સાતમામાં લગ્નનો સ્વામી હોય એને માટે આ દશા ફળદાયક સમજવી. (૩૭-૩૯)

ષષ્ટિહાયની દશા કાઢવાની રીત

જેના જન્મ લગ્નમાં રવિ હોય એને માટે ષષ્ટિસમા દશાનો વિચાર કરવો જોઈએ. અશ્વિનીથી ૩, પુનઃ ૪, પુનઃ ૩, પુનઃ ૪ આ પ્રકારે ક્રમથી ગુરુ, સૂર્ય, મંગળ, ચન્દ્ર, બુધ, શુક્ર, શનિ અને રાહુ દશાધિપ થાય છે. ગુરુ, સૂર્ય, મંગળ એમના ૧૦–૧૦ વર્ષ અને બાકીના ગ્રહોના છ-છ વર્ષ દશા થાય છે. (૪૦–૪૧)

ષટ્ત્રિંશત્સમા દશા કાઢવાની રીત

શ્રવણ નક્ષત્રથી જન્મનક્ષત્ર પર્યંત જે સંખ્યા હોય એને ૮ વડે ભાગવાથી ૧ આદિ શેષમાં ક્રમશઃ ચન્દ્ર, રવિ, ગુરુ, મંગળ,

બુધ, શનિ, શુક્ર, રાહુ એ દશાધિપ થાય છે. એમના ક્રમથી ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ વર્ષ દશામાન થાય છે. જો દિવસમાં લગ્ન રવિ હોરામાં હોય અથવા રાત્રે ચન્દ્ર હોરામાં હોય તો આ ષટ્ત્રિંશત્સમા દશા ગ્રહણ કરવી. (૪૨–૪૩)

કાળદશા કાઢવાની રીત

સૂર્યના બિંબાર્ધાસ્ત પહેલાં પાંચ ઘડી અને પછી પાંચ ઘડી અને સૂર્યોદય અગાઉ ૫ ઘડી અને પછી ૭ ઘડી આવી રીતે ૧૦, ૧૦ ઘડી સાંજે અને સવારે સંધ્યા થાય છે. બંને સંધ્યાનું માપ દસ દસ ઘડી કહેવામાં આવ્યું છે તથા દિવસની ૨૦ ઘડીની પૂર્ણ સંજ્ઞા અને રાત્રીની ૨૦ ઘડીની મુગ્ધ સંજ્ઞા છે. સૂર્યોદય સમયની સંધ્યાની ખંડ સંજ્ઞા અને અસ્ત સમયની સંધ્યાની સુધા સંજ્ઞા થાય છે. આ બંને સંધ્યા દસ દસ ઘડીની થાય છે. જો પૂર્ણ કે મુગ્ધમાં જન્મ હોય તો એની વીતેલી ઘડીને બમણી કરી પંદર વડે ભાગવાથી લબ્ધ વર્ષાદિને સૂર્યાદિ ગ્રહ સંખ્યા (૧–૨ ઇત્યાદિ)થી ગુણીને સૂર્યાદિ ગ્રહની કાળદશા થાય છે. જો સંધ્યા ઘડીમાં જન્મ હોય તો એની વીતેલી ઘડીને ચાર ગણી કરી પંદરથી ભાગવાથી લબ્ધ વર્ષાદિ માપને સૂર્યાદિ સંખ્યાથી ગુણવાથી સૂર્યાદિ કેતુ સુધી નવ ગ્રહોની કાળદશા થાય છે. (૪૪–૪૯)

ચક્રદશા

રાત્રે જન્મ હોય તો લગ્ન આદિ રાશિઓના ક્રમથી અને દિવસે જન્મ હોય તો લગ્નના સ્વામીને આશ્રિત રાશિથી તથા સંધ્યા સમયે જન્મ હોય તો બીજા સ્થાનમાં રહેલ રાશિથી શરૂ કરી બધી રાશિઓની દશા થાય છે. આકાશચક્રસ્થ રાશિઓની દશા હોવાને લીધે એનું નામ ચક્રદશા છે. (૫૦–૫૧)

કાળચક્રદશા કાઢવાની રીત

પરાશર બોલ્યા :

હે વિપ્ર, હવે હું શિવજીને પ્રણામ કરીને કાળચક્રની દશા કહું છું. આ શંકરે પાર્વતીને કહી એનો સારાંશ હું કહું છું જેનાથી વિદ્વાનો શુભ અને અશુભ સમજી શકે છે. (૧-૨)

ત્રાંસી અને ઊભી રેખાઓથી બાર બાર કોઠામાં સવ્ય અને અપસવ્ય નામના બે ચક્ર લખવા. એના દ્વિતીયાદિ કોઠામાં મેષાદિ રાશિ લખવી. એમાં આગળ કહેલી રીત પ્રમાણે નક્ષત્રાદિની વ્યવસ્થા કરવી. આ બાર રાશિ-આત્મક કાળચક્ર કહેવાય છે. (૩-૪)

આઠમા નક્ષત્રો ગોઠવવાની રીત

અશ્વિની આદિ ૩ નક્ષત્ર સવ્ય ચક્રમાં, એની આગળ રોહિણી આદિ ૩ નક્ષત્ર અપસવ્ય ચક્રમાં, ફરી ૩, ૩ નક્ષત્ર સવ્ય, અપસવ્યમાં ગોઠવવાં. આવી રીતે નક્ષત્રના વિભાગ કરવાથી સવ્ય ચક્રમાં ૧૫ અને અપસવ્ય ચક્રમાં ૧૨ નક્ષત્ર થાય છે, કારણ કે ૩ નક્ષત્રમાં ૧૨ ચરણ (નવાંશ), ૧૨ રાશિઓના થાય છે. અશ્વિની, પુનર્વસુ, હસ્ત, મૂળ, પૂર્વાભાદ્રાપદ, કૃત્તિકા, અશ્લેષા, સ્વાતી, ઉત્તરાષાઢ, રેવતી આ સવ્ય ચક્રના નક્ષત્રના ચરણોને અશ્વિનીના ચરણ સમાન જ જોવા જોઈએ. (૫-૭)

દેહાજીવ આદિ જોવાના પ્રકાર

નક્ષત્રોના ચરણમાં કેવી રીતે દેહાજીવ વગેરે જોવા જોઈએ એનું વિશદ વર્ણન હવે હું કહું છું. (૮)

અશ્વિની નક્ષત્રથી પ્રથમ ચરણમાં મેષાદેહ અને ધન જીવસંજ્ઞક થાય છે અને મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન એ રાશિ તથા એ રાશિઓના પતિ ક્રમશઃ દશાના સ્વામી થાય છે. (૯)

અશ્વિનીના બીજા ચરણમાં ભ–કર દેહ અને મિથુન જીવ થયા છે તથા મકરથી મિથુન સુધી નવ રાશિઓનો સ્વામી દશાનો સ્વામી થાય છે. (૧૦)

અશ્વિની આદિ ૧૦ નક્ષત્રોના ત્રીજા ચરણમાં વૃષભ દેહ અને મિથુન જીવ થાય છે તથા ૨, ૧, ૧૨, ૧૦, ૧૦, ૯, ૧, ૨, ૩ એ રાશિઓના સ્વામી ક્રમશઃ દશાના સ્વામી થાય છે. (૧૧½)

અશ્વિની આદિ દસ નક્ષત્રના ચોથા ચરણમાં કર્ક દેહ અને મીન જીવ થાય છે તથા કર્કથી મીન સુધી નવ રાશિઓના સ્વામી દશાના સ્વામી થાય છે. (૧૨–૧૩)

ભરણી આદિ પાંચ નક્ષત્રોના જીવકથન

ભરણી, પુષ્ય, ચિત્રા, પૂર્વાષાઢા, ઉત્તર ભાદ્ર એ પાંચ નક્ષત્ર કહેવાય છે. આ પાંચેના ચરણમાં ભરણી સમાન જ જીવ સમજવો જોઈએ. (૧૪)

ભરણીના પ્રથમ ચરણમાં વૃશ્ચિક દેહ અને મીન જીવ થાય છે તથા ૮, ૭, ૬, ૪, ૫, ૩, ૧ એ રાશિઓના સ્વામી ક્રમશઃ દશાના સ્વામી થાય છે. (૧૫)

ભરણીના દ્વિતીય ચરણમાં કુંભ દેહ અને કન્યા જીવ થાય છે તથા ૧૧, ૧૦, ૯, ૧, ૨, ૩, ૪, ૫, ૬ આ રાશિઓના સ્વામી દશાના સ્વામી થાય છે. (૧૬)

ભરણીના ત્રીજા ચરણમાં તુલા દેહ અને કન્યા જીવ થાય છે. તથા ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૮, ૭, ૬ આ રાશિઓના સ્વામી દશાના સ્વામી થાય છે. (૧૭)

ભરણીના ચોથા ચરણમાં કર્ક દેહ, ધન જીવ થાય છે તથા ૪, ૫, ૩, ૨, ૧, ૧૨, ૧૧, ૧૦, ૯ આ રાશિઓના સ્વામી દશાના સ્વામી થાય છે. (૧૮)

હે વિપ્ર, આવી રીતે મેં સવ્ય ચક્ર કહ્યું છે. હવે અપસવ્ય ચક્ર વિશે કહું છું. પૂર્વવાદ બાર કોઠાવાળું ચક્ર ચીતરીને એના બીજા આદિ કોઠામાં વૃશ્ચિકથી ઊલટા ક્રમે (અર્થાત, વૃશ્ચિક, તુલા, કન્યા ઇત્યાદિ) રાશિઓ ગોઠવવી આમાં રોહિણી, મઘા, વિશાખા, શ્રવણ એ ચાર નક્ષત્રમાં દેહ, જીવ આદિ રોહિણી સમાન જ સમજવા જોઈએ. (૧૯–૨૧)

જેમકે રોહિણીના પ્રથમ ચરણમાં કર્ક દેહ અને ધન જીવ છે તથા ૯, ૧૦, ૧૧, ૧૨, ૧, ૨, ૩, ૫, ૪ એ રાશિઓના સ્વામી ક્રમથી દશાના સ્વામી થાય છે. (૨૨)

રોહિણીના બીજા ચરણમાં તુલા દેહ અને કન્યા જીવ છે તથા ૬, ૭, ૮, ૧૨, ૧૧, ૧૦, ૯, ૮, ૭ એ રાશિઓના સ્વામી દશાના સ્વામી થાય છે. (૨૩)

રોહિણીના ત્રીજા ચરણમાં કુંભ દેહ અને કન્યા જીવ થાય છે. ૬, ૫, ૪, ૩, ૨, ૧, ૯, ૧૦, ૧૧ આ રાશિઓના સ્વામી દશાના સ્વામી થાય છે.

રોહિણીના ચોથા ચરણમાં વૃશ્ચિક દેહ અને મીન જીવ થાય છે તથા ૧૨, ૧, ૨, ૩, ૫, ૪, ૬, ૭, ૮ એ રાશિઓના સ્વામી દશાના સ્વામી થાય છે. (૨૫)

મૃગશિરાદિ આઠ અપસવ્ય નક્ષત્રમાં દેહ અને જીવના પ્રકાર.

મૃગશિરા, આર્દ્રા, પૂર્વ ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, અનુરાધા, જ્યેષ્ઠા, ધનિષ્ઠા, શતતારા એ અપસવ્ય, ૮ નક્ષત્રોના ચરણમાં મૃગશિરાવત્ દેહ, જીવ આદિ સમજવા. (૨૬)

મૃગરાશિના પ્રથમ ચરણમાં કર્ક દેહ અને મીન જીવ થાય છે તથા મીનથી ઊલટા ક્રમમાં કર્ક સુધી (૧૨, ૧૧, ૧૦, ૯, ૮, ૭, ૬, ૫, ૪, એ) રાશિઓના સ્વામી દશના સ્વામી છે. (૨૭)

મૃગ શિરાના બીજા ચરણમાં વૃષભ દેહ અને મિથુન જીવ થાય છે તથા ૩, ૨, ૧, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧, ૨ એ રાશિઓના સ્વામી દશાના સ્વામી થાય છે.

મૃગશિરાના ત્રીજા ચરણમાં મકર દેહ અને મિથુન જીવ થાય છે તથા ૩, ૫, ૪, ૬, ૭, ૮, ૧૨, ૧૧, ૧૦ એ રાશિઓના સ્વામી અનુક્રમે દશાના સ્વામી થાય છે.

મૃગશિરાના ચોથા ચરણમાં મેષ દેહ અને ધન જીવ થાય છે તથા ધનથી ઊલટા ક્રમમાં મેષ સુધી (૯, ૮, ૬, ૫, ૪, ૩, ૨, ૧ એ) રાશિઓના સ્વામી થાય છે. (૩૦)

પરાશર બોલ્યા

આવી રીતે અપસવ્યમાં નક્ષત્રોના ચરણમાં દેહ, જીવ અને દશાના સ્વામી જેવા પાર્વતીને મહાદેવે કહ્યા હતા એ જ પ્રકારે મેં આપને કહ્યા છે. (૩૧)

મૈત્રેય બોલ્યા :

હે મહામુનિ, હમણાં જે દશેશ કહેવામાં આવ્યા છે એમના દશાવર્ષ કેટકેટલા પ્રમાણમાં છે? તથા દશાના આરંભ અને ભુક્ત ભોગ્ય વર્ષ જાણવાના પ્રકાર મને બતાવો. (૩૨)

પરાશર બોલ્યા :

૫-૨૧-૭-૯-૧૦-૧૬-૪ આટલા ક્રમથી સૂર્યાદિ ગ્રહોની દશાના વર્ષ થાય છે. ઉપર જે રાશિ દશાધિપ, કહેવામાં આવ્યા છે એમના સ્વામીના વર્ષ દશાવર્ષ સમજવા. (૩૩)

દશાના આરંભનું જ્ઞાન

જે મનુષ્યના જન્મકાલ કે પ્રશ્નકાળમાં જે નક્ષત્રનું જે ચરણ હોય એનાથી શરૂ કરીને જ રાશિઓના જેટલાં વર્ષ હોય તે તે મનુષ્યની પરમ આયુ ગણાય છે. ઘણાં વિદ્વાનોનું કહેવું છે કે ચરણની

શરૂઆતમાં જન્મ હોય તો પૂર્ણ આયુ અને મધ્યમાં અર્ધું તથા અન્તમાં મરણ તુલ્ય કષ્ટ કે અલ્પ આયુ થાય છે (૩૪–૩૫)

નક્ષત્ર ચરણ નવાંશ જ્ઞાનનો પ્રકાર

આ સિદ્ધાન્ત અનુસાર નક્ષત્રના ચરણને જાણવું જોઈએ. હવે હું અનુપાતથી એનું આનયન કહું છું. અશ્વિની આદિ જેટલાં નક્ષત્ર પસાર થયાં હોય એમને ત્રણથી ભાગી, ભાગાકારને છોડીને શેષ નક્ષત્રને ચાર ગણા કરો. એમાં વર્તમાન નક્ષત્રના વર્તમાન ચરણની સંખ્યા મેળવો. જે સંખ્યા આવે તે મેષાદિ રાશિના ક્રમથી નવાંશ સમજવા. (૩૬–૩૭)

કાલચક્રમાં સ્થાપિત રાશિઓમાં મેષાંશમાં ૧૦૦, વૃષભ અંશમાં ૮૫, મિથુન અંશમાં ૮૩ અને કર્કાંશમાં ૮૬ વર્ષનું પૂર્ણ આયુષ્ય થાય છે. આ રાશિઓથી પાંચમા અને નવમા સ્થાનમાં પણ આટ-આટલા વર્ષના જ દશાયોગ થાય છે. (૩૮)

કાલચક્રની મહાદશાના આરંભનું જ્ઞાન

જે ચરણમાં મનુષ્યનો જન્મ થયો હોય એ ચરણને ગત ઘડીપળથી વર્ષમાનને ગુણી જે ગુણાકાર આવે તેને ૧૫ વડે ભાગવાથી દશાનો ભોગ્ય બને છે. એની રાશિથી આરંભીને મહાદશા લગાવવી જોઈએ. (૩૯–૪૦)

વર્તમાન ચરણની ભુક્ત ઘટીને વર્ષની સંખ્યાથી ગુણીને એમાં ભભોગના ચતુર્થાંશથી ભાગીને જે ભાગાકાર આવે તે વર્ષાદિને દશામાનમાં ઘટાવવાથી ભોગ્યમાન થાય છે. (૪૨)

દેહ, જીવ અને ગણના ક્રમ

સવ્ય ચક્રમાં પ્રથમ અંશ દેહ અને અંતિમ અંશ જીવ કહેવાય છે. અપસવ્યમાં એનાથી વિપરીત (અંતિમ અંશ દેહ અને પ્રથમ

અંશ જીવ કહેવાય છે) એટલે સવ્ય ચક્રમાં દેહાદિ અને અપસવ્ય ચક્રમાં જીવાદિ ગણુના કરીને તે અનુસાર ફળ કહેવું (૪૩-૪૪)

કાળચક્રની ગતિનો ભેદ

કાળચક્રમાં રાશિઓની ત્રણ પ્રકારની ગતિ કહેવામાં આવી છે. માંડૂકી, મર્કટી અને સિંહાવલોકન. એક રાશિને ઓળંગીને બીજી રાશિમાં જવું તે મંડૂક ગતિ તથા પૃષ્ઠગમન મર્કટી ગતિ (પાંચ) ૫ અને ૯ (નવમી)માં જવું તે સિંહાવલોકન નામની ગતિ છે. (૪૫-૪૭)

કન્યાથી કર્કમાં આવવું તથા સિંહથી મિથુનમાં જવું તે માંડૂકી ગતિ છે. સિંહથી કર્કમાં આવવું તે મર્કટી ગતિ છે મીનથી વૃશ્ચિકમાં અને ધનથી મેષમાં જવાથી સિંહાવલોકન ગતિ થાય છે. કારણ કે માંડૂકી ગતિમાં ૧ છોડીને આગળ જાય છે અને મર્કટી ગતિમાં પાછલી રાશિમાં જાય છે તથા સિંહાવલોકનમાં રાશિઓની પુનરાવૃત્તિ થાય છે. એટલે આ અન્વર્થ સંજ્ઞાઓ છે. (૪૮-૪૯)

ગતિવશથી દશાફલ

સત્ય ચક્રમાં રહેલી મંડૂકગતિ દશામાં બંધુ અને મિત્રોને કલેશ તથા માતા, પિતા આદિ વડીલોને કષ્ટ, વિષ, શસ્ત્ર, અગ્નિ, ચોર અને શત્રુ આદિનો ભય થાય છે. સિંહથી મિથુનવાળી મંડૂક દશામાં માતાનું મરણ કે પોતાનું મરણ અથવા રાજભય કે સંનિપાત રોગનો ભય થાય છે. (૫૦-૫૧)

સત્ય ચક્રમાં રહેલ મર્કટીગમન દશામાં ધનધાન્ય અને પશુઓનો નાશ, પિતા કે એમના સમાજ જનોનું મરણ અને આળસ થાય છે. (૫૨)

સવ્ય ચક્રમાં રહેલી સિંહાવલોકન દશામાં પશુઓનો ભય, મિત્રોમાં સ્નેહની હાનિ, પોતાના સમાજ બંધુઓની પીડા, કૂવા વગેરેમાં પડવું કે સ્વારી આદિમાં પડવું, વિષ, શસ્ત્ર, અગ્નિ, જ્વર

આદિ રોગોનો ભય અને સ્થાનનો નાશ થાય છે. (૫૩–૫૪)

વામ–અપસવ્ય ચક્રમાં રહેલી મંડૂક ગતિવાળી રાશિઓની દશામાં સ્ત્રી, પુત્ર આદિને કષ્ટ, જ્વર આદિનો ભય તથા પદનો ત્યાગ થાય છે. અને મર્કટી ગતિવાળી રાશિઓની દશામાં જલથી ભય, પદનો નાશ, પિતાને કષ્ટ, રાજદંડ તથા વનમાં ભ્રમણ થાય છે. અપસવ્ય ચક્રમાં રહેલ સિંહાવલોકન ગતિવાળી રાશિની દશામાં સ્થાનનો નાશ, પિતા આદિનું મરણ સમજવું જોઈએ. (૫૫–૫૭)

આમાં મીનની આગળ વૃશ્ચિક હોય તો એ દશામાં જ્વરનો ભય થાય છે. કન્યાથી કર્કમાં જાય તો ભાઈ બંધુઓનો નાશ, સિંહથી મિથુનમાં જાય તો સ્ત્રીને રોગ, કર્કથી સિંહમાં જાય તો મરણ, ધનથી મેષમાં જાય તો કાકા આદિનું મરણ કહેવું, પાપ ગ્રહવાળી રાશિની દશામાં અશુભ અને શુભ ગ્રહથી યુકત રાશિની દશામાં શુભ ફળ સમજવું. (૫૮–૬૦)

દિશા પરથી ફળ

હે વિપ્ર, કાળચક્રની દશાનાં શુભ અને અશુભ ફળ, રાશિ અને ગ્રહોની દિશાથી સમજવાં જોઈએ. (૬૧–૬૨)

કન્યાથી કર્કમાં જવાના સમયે પૂર્વ દિશામાં શુભ ફળ મળે છે અને એ સમયે ઉત્તરની યાત્રા શુભ ફળદાયક થાય છે. અને સિંહથી મિથુનમાં જવાના સમયે પૂર્વ દિશાની યાત્રાનો ત્યાગ કરવો. કાર્યનો અન્ત થવા છતાં પણ નૈઋર્ત્ય ખૂણાની યાત્રા સુખદાયક થાય છે. કર્કમાંથી સિંહમાં જવાના સમયે દક્ષિણ દિશામાં જવાથી કાર્યની હાનિ થાય છે અને દક્ષિણની દિશામાં જવા છતાં પશ્ચિમમાં જવું પડે છે. મીન રાશિમાથી વૃશ્ચિકમાં જવાના સમયે ઉત્તર દિશામાં કષ્ટ, ધનથી મકરમાં જવાના સમયે પણ કષ્ટ કહેવું. ધનથી મેષમાં

જવાથી રોગ, બંધન કે મરણ થાય છે ધનથી વૃશ્ચિકમાં જવાથી સુખ, સંપત્તિ અને સ્ત્રીનો લાભ થાય છે સિંહથી કર્કમાં જવાના સમયે પશ્ચિમ દિશાની યાત્રા ન કરવી. પરંતુ શુભ ગ્રહોનો યોગ હોય તો શુભ અને પાપગ્રહ હોય તો એના યોગથી અશુભ ફળ સમજવું. (૬૩-૬૮)

કાળચક્રના અંશનું ફળ

ઉક્ત કાળચક્ર અનુસાર મેષાંશમાં જેનો જન્મ હોય તે શૂરવીર અને ચોર થાય છે. વૃષભના અંશમાં જ્ઞાની, કર્કાંશમાં રાજા, સિંહાંશમાં રાજમાન્ય, કન્યાંશમાં પંડિત, તુલાના અંશમાં રાજમંત્રી, વૃશ્ચિકના અંશમાં ધનહીન, ધનના અંશમાં જ્ઞાની, મકરના અંશમાં પાપી, કુંભના અંશમાં વ્યાપારી અને મીનના અંશમાં ધનવાન થાય છે. (૬૯-૭૧)

દેહ કે જીવ જો સૂર્ય, મંગળ, શનિ કે રાહુ એમાંથી એકની પણ સાથે હોય, બે કે બધાની સાથે હોય તો શું કહેવું? દેહમાં પાપ હોય તો રોગ અને જીવમાં પાપ હોય તો મહા ભય થાય છે. બે પાપગ્રહોની સાથે હોય તો આધિ અને રોગ, ત્રણની સાથે હોય તો અપમૃત્યુ, ચારની સાથે હોય તો નિશ્ચય મરણ થાય છે. જો દેહ અને જીવ બે બંનેમાં પાપગ્રહ હોય તો રાજા અને ચોરનો ભય તથા પોતાનું મરણ નિશ્ચય થાય છે. દેહ કે જીવમાં રવિ હોય તો અગ્નિ ભય, ચન્દ્ર હોય તો જળ ભય, મંગળ હોય તો શસ્ત્ર ભય, બુધ હોય તો વાયુનો ભય, શનિ હોય તો ગુલ્મ રોગ, રાહુ કેતુ હોય તો વિષનો ભય કહેવો. દેહ જીવમાં બુધ, ગુરુ, શુક્ર હોય તો તે સુખ, સંપત્તિ દાયક થાય છે, રોગાદિનો નાશ કરે છે. મિશ્ર ગ્રહ હોય તો મિશ્ર ફળ કહેવું જોઈએ. (૭૨-૭૭½)

પાપગ્રહની રાશિઓની દશામાં દેહ જીવ દુઃખી રહે છે. શુભ ગ્રહની રાશિની દશામાં શુભ ફળ મળે છે તથા પાપરાશિ જો શુભ ગ્રહની સાથે હોય અને શુભ રાશિ પાપગ્રહની સાથે હોય તો એની દશા મિશ્ર ફળ આપે છે. (૭૮-૭૯)

લગ્નાદિ સ્થાનમાં રહેલી રાશિઓની ચક્રદશાનાં ફળ

પરાશર બોલ્યા :

લગ્નગત રાશિની કાળચક્રદશામાં દેહમાં આરોગ્ય અને અનેક સુખોની પ્રાપ્તિ થાય છે. જો તે શુભ રાશિ હોય તો પૂર્ણ સુખ અને અશુભ રાશિ હોય તો રોગાદિ ભય થાય છે. જો એ રાશિમાં ઉચ્ચ કે સ્વરાશિનો ગ્રહ હોય તો રાજ્ય, સન્માન અને ધનનો લાભ થાય છે. (૮૦-૮૧)

બીજા સ્થાનમાં જે રાશિ હોય એની ચક્રદશાના સમયમાં ઉત્તમ ભોજન, પુત્ર અને સ્ત્રીનું સુખ, ધનનો લાભ, વિદ્યાની વૃદ્ધિ, વાકપટુતા, તથા સત્સંગતિમાં સમય જાય છે. જો શુભ રાશિ હોય તો પૂર્ણ ફળ અને નહીં તો મિશ્ર ફળ સમજવું. (૮૨-૮૩)

ત્રીજા સ્થાનમાં રહેલી રાશિની ચક્રદશામાં સગાં ભાઈઓને સુખ, શૌર્ય, ધૈર્ય, અતિશય સુખ, સુવર્ણ આદિ આભૂષણ અને વસ્ત્રનો લાભ અને રાજાથી આદર થાય છે. શુભ રાશિ હોય તો સંપૂર્ણ શુભ, અન્યથા અશુભ ફળ પણ સમજવું. (૮૪-૮૫)

ચોથા સ્થાનમાં રહેલ રાશિની ચક્રદશામાં બંધુ, ભૂમિ, ગૃહ, રાજ્ય, આરોગ્ય, વસ્ત્ર, વાહન આદિથી સુખ મળે છે. શુભ રાશિ હોય તો પૂર્ણ શુભ, પાપ રાશિ હોય તો અશુભ ફળ પણ થાય છે. (૮૬-૮૭)

પાંચમા સ્થાનમાં રહેલ રાશિની ચક્રદશામાં પુત્ર, સ્ત્રી, રાજ્યથી સુખ, આરોગ્ય, મિત્રથી પ્રેમ, વિદ્યા અને યશની વૃદ્ધિ, ધૈર્ય અને

પરાક્રમનો ઉદય થાય છે. શુભ રાશિમાં પૂર્ણ શુભ, અશુભ રાશિ હોય તો અશુભ ફળ પણ થાય છે. (૮૮–૮૯)

છઠ્ઠા સ્થાનમાં રહેલ રાશિની ચક્રદશામાં ચોર, રાજા, અગ્નિ, વિષ અને શસ્ત્રનો ભય, પ્રમેહ, ગુલ્મ, પાંડુ રોગનો ભય થાય છે. જો પાપ રાશિ હોય તો શુભ ફળ પણ મળે છે. (૯૦–૯૧)

સાતમા સ્થાનમાં રહેલ રાશિની ચક્રદશામાં વિવાહ, સ્ત્રી, પુત્ર, આદિનું સુખ, ખેતી, ગોધન, વસ્ત્ર આદિનો લાભ, રાજાથી આદર અને સુયશ થાય છે. શુભ રાશિ હોય તો પૂર્ણ ફલ; પાપ રાશિ હોય તો અલ્પ શુભ થાય છે. (૯૨–૯૩)

આઠમા સ્થાનમાં રહેલ રાશિના દશાકાળમાં સ્થાનનાશ, કષ્ટ, બંધુનાશ, ધનહાનિ, દરિદ્રતા, શત્રુઓનો ભય રહે છે. પાપ રાશિમાં હોય તો પૂર્ણ અશુભ, શુભ રાશિ હોય તો કંઈક શુભ ફળ પણ મળે છે. (૯૪–૯૫)

નવમા સ્થાનમાં રહેલ રાશિના દશાકાળમાં પુત્ર, સ્ત્રી, ધન, ખેતી, ઘર આદિથી સુખ, સત્કર્મની વૃદ્ધિ તથા મહાત્માઓનો સંગ થાય છે. શુભ રાશિ હોય તો પૂર્ણ શુભ અને પાપરાશિ હોય તો અલ્પ શુભ ફળ થાય છે. (૯૬–૯૭)

દસમા સ્થાનમાં રહેલ રાશિની દશામાં રાજ્ય લાભ, રાજાથી આદર, પુત્ર તથા સ્ત્રીનું સુખ, કાર્યસિદ્ધિ, ઐશ્વર્યની વૃદ્ધિ તથા સત્કથામાં સમય પસાર થાય છે. શુભ રાશિ હોય તો પૂર્ણ શુભ, પાપ રાશિ હોય તો અલ્પ શુભ થાય છે. (૯૮–૯૯)

અગિયારમા સ્થાનમાં રહેલ રાશિની દશામાં પુત્ર, સ્ત્રી, બંધુથી સુખ, રાજાની કૃપા, ધન, વસ્ત્ર આદિનો લાભ તથા સજ્જનોનો સંગ થાય છે. શુભ રાશિ હોય તો પૂર્ણ શુભ ફળ અને પાપ રાશિ હોય તો અલ્પ શુભ સમજવું. (૧૦૦-૧૦૧)

બારમા સ્થાનમાં રહેલ રાશિની દશામાં ઉદ્યોગમાં હાનિ, આળસ, શરીરમાં પીડા, સ્થાનની હાનિ, ગરીબી, કાર્યમાં નિષ્ફળતા તથા વ્યર્થ ખર્ચ થાય છે. પાપ રાશિ હોય તો પૂર્ણ પાપ ફળ અને શુભ રાશિ હોય તો શુભ ફળ પણ મળે છે. (૧૦૨–૧૦૩)

ચર દશાના જ્ઞાનનો પ્રકાર

હવે લગ્નાદિ બાર સ્થાનોની ચર દશા કહું છું. આમાં રાશિથી પોતાના સ્વામી સુધી જે સંખ્યા હોય એટલા જ દશાનાં વર્ષ થાય છે. મેષાદિ ત્રણ, ત્રણ રાશિઓમાં ચાર પદ થાય છે. આમાં વિષમ (૧–૩) પદમાં રાશિથી ક્રમશઃ અને સમ (૨–૪) પદથી ઊલટા ક્રમથી સ્વામી સુધી ગણના કરીને દશાનાં વર્ષ સમજવાં. (૧૦૪–૧૦૫)

દ્વિનાથ રાશિની વિશેષતા

વૃશ્ચિક રાશિમાં મંગળ અને કેતુ એ બંને અધિપતિ છે. કુંભથી શનિ અને રાહુ એ બે અધિપતિ છે.

દ્વિનાથ રાશિઓની દશા જાણવાની રીત

હવે દ્વિનાથ (વૃશ્ચિક અને કુંભ) રાશિઓનાં વર્ષ જાણવાની રીત કહું છું. જો બંને સ્વામી સાથે જ પોતાની રાશિમાં હોય તો ૧૨ વર્ષ, નહીં તો ૧ આદિ સ્વામી સુધી જે સંખ્યા હોય એટલાં વર્ષ સમજવાં. જો એક પોતાની રાશિમાં અને બીજો બીજી રાશિમાં હોય તો અન્ય રાશિમાં રહેલ સુધી ગણીને વર્ષમાન સમજવું.

જો બંને ભિન્ન રાશિઓમાં હોય તો એ બેમાંથી જે બળવાન હોય ત્યાં સુધીની સંખ્યા ગ્રહણ કરી વર્ષ સમજવાં. બળના વિચારમાં ગ્રહરહિતથી ગ્રહયુક્ત બળવાન થાય છે. બંને ગ્રહયુક્ત હોય તો અધિક ગ્રહયોગવાળો બળવાન થાય છે. ગ્રહયોગ બરાબર હોય તો રાશિના બળથી બળવાન સમજવો. રાશિનું બળ આવી રીતે છે.

ચરથી સ્થિર અને સ્થિરથી દ્વિસ્વભાવ બળવાન થાય છે. રાશિના બળમાં તુલ્યતા હોય તો જ્યાં સુધીની અધિક સંખ્યા હોય ત્યાં સુધી ગણીને દશાના વર્ષ સમજવાં જોઈએ. જો એક પોતાના ઉચ્ચમાં રહેલ ગ્રહ સુધીની સંખ્યા જ ગ્રહણ કરવી જોઈએ તથા ઉચ્ચમાં રહેલ ગ્રહની વર્ષસંખ્યામાં એક વધુ ઉમેરવો તથા નીચમાં રહેલ ગ્રહની વર્ષસંખ્યામાં એક ઓછો કરવો જોઈએ. આવી રીતે બધી બાજુનો વિચાર કરીને જન્મનારનું ફળ કહેવું (૧૦૭-૧૧૫)

ચર દશાનો ક્રમ

લગ્નથી નવમા સ્થાનમાં રહેલ રાશિ વિષમ પદવાળી હોય તો ક્રમ પ્રમાણે, જો સમપદીય હોય તો વિપરીત ક્રમથી લગ્નરાશિથી આરંભીને રાશિઓની દશા હોય છે. (૧૧૬)

સ્થિર દશાનાં જ્ઞાનનો પ્રકાર

પરાશર બોલ્યા : હવે હું સ્થિર દશા વિશે કહું છું. ચર રાશિઓમાં ૭ વર્ષ, સ્થિર રાશિઓમાં ૮ વર્ષ, દ્વિસ્વભાવ રાશિઓમાં ૯ વર્ષ દશાનું પ્રમાણ છે. એની દશાનું માપ સ્થિર હોવાથી એની સંજ્ઞા સ્થિરદશા છે. બ્રહ્મગ્રહની આશ્રિત રાશિથી શરૂ કરીને ૧૨ રાશિઓની દશા હોય છે. રાશિ વિષમ હોય તો ક્રમથી અને સમ હોય તો ઉત્ક્રમથી સમજવી. (૧૧૭-૧૧૮)

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, આપે જે બ્રહ્મગ્રહ કહ્યો છે એનું લક્ષણ કૃપા કરીને કહો.

પરાશર બોલ્યા : હે વિપ્ર, ૬-૮-૧૨ આ સ્થાનોના સ્વામીમાં જે બળવાન હોય તથા લગ્ન સાતમામાં જે બળવાન હોય એની પાછળ (૬ રાશિની અંદર વિષમ સ્થાનમાં) હોય તે બ્રહ્મગ્રહ કહેવાય છે. તથા આઠમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં રહેલ ગ્રહ પણ

બલી થાય છે. અને શનિ કે રાહુ કેતુમાં બલત્વ પ્રાપ્ત થાય તો એનાથી તે ગ્રહ બલી થાય છે. અનેક ગ્રહોમાં બલત્વ પ્રાપ્ત હોય તો એમાં અધિકાંશ ગ્રહને બલી સમજવા. અંશમાં સમતા હોય તો એમાં બળવાન ગ્રહ બલી થાય છે. (૧૧૯–૧૨૨)

યોગાર્ધદશા

ચર અને સ્થિર દશાનાં વર્ષોના યોગાર્ધતુલ્ય યોગાર્ધ દશામાં વર્ષપ્રમાણ હોય છે. લગ્ન અને સાતમામાં જે બળવાન હોય તેનાથી શરૂ કરીને વિષમ અને સમમાં ક્રમ ઉત્ક્રમથી ૧૨ રાશિઓની દશા થાય છે. (૧૨૩)

કેન્દ્રાદિ દશા

લગ્ન અને સાતમા સ્થાનમાં જે બળવાન હોય એનાથી કેન્દ્ર આદિમાં સ્થિર રાશિઓની દશા હોય છે. બળવાન લગ્ન કે સાતમા સ્થાનમાં વિષમ રાશિ હોય તો ક્રમથી જો સમ રાશિ હોય તો ઉત્ક્રમથી કેન્દ્ર આદિની ગણના થાય છે પણ એમાં બળવાન ક્રમથી જ દશા થાય છે. આવી રીતે આત્મકારકથી પણ દશાક્રમ સમજવો. દશા વર્ષ ચરદશા સમાન જ ગ્રહણ કરવા. ગ્રહોના દશાવર્ષ પોતાની રાશિ સુધી ગણવાથી જે સંખ્યા અધિક હોય કે જે રાશિ બળવાન હોય ત્યાં સુધીની સંખ્યા સમાન વર્ષમાન ગ્રહણ કરવું જોઈએ. (૧૨૪–૧૨૫)

જે ગ્રહના બે સ્થાન હોય એના બંને સ્થાન સુધી જે અધિક સંખ્યા હોય એટલાં જ દશાવર્ષ ગ્રહણ કરવાં. (૧૨૬)

કારક દશા

આત્મકારકથી શરૂ કરીને ક્રમશઃ આઠ કારકોની દશા કહેવાય છે. આમાં લગ્નથી કારક સુધીની સંખ્યા બરાબર દશાવર્ષ થાય છે. (૧૨૭)

મંડૂક દશા

લગ્ન અને સાતમા સ્થાનમાં જે બળવાન હોય તે વિષમ રાશિ હોય તો ક્રમથી, જો સમ રાશિ હોય તો ઉત્ક્રમથી ૩ ચર, ૩ સ્થિર, ૩ દ્વિસ્વભાવ રાશિઓની દશા સમજવી જોઈએ. આમાં દશા વર્ષ સ્થિર દશા સમાન જ (અર્થાત્ ચરની ૭, સ્થિરની ૮, દ્વિસ્વભાવની નવ) ગ્રહણ કરવી. આમાં એ રાશિ છોડીને ત્રીજીની આવૃત્તિ થાય છે. એટલે આ મંડૂક દશા કહેવાય છે. (૧૨૮-૧૨૯)

નિર્વાણના વિચારે શૂલદશા

નિર્વાણ (મૃત્યુ) વિચાર માટે કોઈએ શૂલ દશા કહી છે. આ બીજા અને આઠમા સ્થાનમાં જે બળવાન હોય એનાથી શરૂ કરીને વિષમમાં ક્રમથી અને સમ રાશિ હોય તો ઉત્ક્રમથી ૧૨ રાશિઓની દશા થાય છે. આમાં વર્ષ સ્થિર દશાતુલ્ય સમજવાં. તથા બળવાન મારક રાશિની દશામાં મરણની સંભાવના રહે છે. (૧૩૦-૧૩૧)

ત્રિકોણ દશા

જન્મ લગ્નથી ત્રિકોણ (૧-૫-૯)માં જે રાશિ બળવાન હોય એનાથી શરૂ કરીને ચર દશા, સમાન દશા, કાઢવી. વિષમ રાશિમાં ક્રમથી તથા સમ રાશિમાં ઉત્ક્રમથી ત્રિકોણ રાશિ ગ્રહણ કરવી. વર્તમાન ચર દશા પ્રમાણે પોતપોતાના નાથ સુધીની સંખ્યા સમાન સમજવું. આ ત્રિકોણ રાશિઓની હોવાને લીધે ત્રિકોણ દશા કહેવાય છે.

દૃગ્દશા

પ્રથમ લગ્નથી નવમી રાશિની, પછી એની દૃષ્ટ રાશિઓની, પછી દસમી રાશિની અને એની દૃષ્ટ રાશિઓની દશા કાઢવી. આ દૃષ્ટિવશ પ્રવૃત્ત હોવાને લીધે દૃગ્દશા કહેવાય છે. લગ્નથી નવમા, દસમા અને અગિયારમા એ ચર, સ્થિર, દ્વિસ્વભાવ ત્રણ ભેદ છે.

આમાં ચર રાશિની દગ્યોગ્ય રાશિ ઉત્ક્રમથી તથા સ્થિર રાશિની દગ્ય રાશિક્રમથી ગ્રહણ કરવી. દ્વિસ્વભાવ રાશિ વિષમ હોય તો ક્રમથી અને સમ હોય તો ઉત્ક્રમથી દગ્યોગ્ય રાશિઓને ગ્રહણ કરવી જોઈએ.

લગ્નાદિ રાશિદશા

પ્રત્યેક નક્ષત્રમાં લગ્નાદિ બાર રાશિઓની દશા હોય છે. એટલે જન્મકાલીન ભયાતને ૧૨થી ગુણી ભભોગથી ભાગી જે રાશિ આદિ હોય એને લગ્નમાં જોડવાથી જે રાશિ હોય એ રાશિથી (વિષમ હોય તો ક્રમથી અને સમ હોય તો ઉત્ક્રમથી) ૧૨ રાશિઓની દશા લગાવી તદાનુસાર ફળ કહેવું જોઈએ (૧૩૭-૧૩૮)

એમના ભુક્તભોગ્ય કાઢવાની રીત

ઉક્ત પ્રકારથી પ્રથમ દશાપ્રદ રાશિના ભુક્તાંશને એની દશા વર્ષની સંખ્યાથી ગુણીને ૩૦ વડે ભાગવાથી જે ભાગાકાર આવે તે વર્ષાદિને દશા વર્ષની સંખ્યામાંથી બાદ કરવાથી એની ભોગ્ય વર્ષાદિ સંખ્યા થાય છે. (૧૩૬)

પંચસ્વરદશા

અકારાદિ પાંચ સ્વર (અ-ઈ-ઉ-એ-ઓ)ને પ્રથમ ક્રમ પ્રમાણે લખીને એની નીચે ડ થી હ સુધી એકએક વર્ણને ક્રમથી છ લીટીમાં લખવા. અક્ષરોમાં ઙ, ઞ, ણ એ ત્રણને છોડી દેવા, કારણ કે નામની શરૂઆતમાં એ જોવામાં આવતા નથી. જે કદાચિત્ કોઈના નામની શરૂઆતમાં આ અક્ષર હોય તો ઙ ને સ્થાને ગ, ઞ ને સ્થાને જ અને ણ ને સ્થાને ડ ગ્રહણ કરવો. આવી રીતે ચક્રમાં જે સ્વરની નીચે પોતાના નામનો શરૂઆતનો અક્ષર આવે એ સ્વરથી આરંભ કરીને ક્રમશઃ પાંચ સ્વરોની દશા થાય છે. દશા વર્ષ પ્રમાણ સર્વના બાર, બાર સમજવા તથા એકએકની દશામાં પાંચ સ્વરની ક્રમથી અંતર્દશા સમજવી (૧૪૦-૧૪૩)

યોગિની દશા

પરાશર મુનિ બોલ્યા :

અગાઉ મેં વર્ણવેલ દશા કહી છે. હવે હું મહાદેવે કહેલી યોગિની દશા કહું છું. ૧ મંગળા, ૨ પિંગળા, ૩ ધન્યા, ૪ ભ્રામરી, ૫ ભદ્રિકા, ૬ ઉલ્કા, ૭ સિદ્ધા, ૮ સંકટા, એ આઠ યોગિનીઓ છે. મંગળાથી ચન્દ્ર, પિંગળાથી સૂર્ય, ધન્યાથી ગુરુ, ભ્રામરીથી મંગળ, ભદ્રિકાથી બુધ, ઉલ્કાથી શનિ, સિદ્ધાથી શુક્ર અને સંકટાથી રાહુ થયેલ છે. જન્મનક્ષત્રમાં ૩ ઉમેરીને ૮થી ભાગવાથી ૧ આદિ શેષમાં મંગલાદિ યોગિની સમજવી. એનાથી શરૂ કરીને ક્રમશઃ યોગિનીની દશા થાય છે. જન્મ નક્ષત્રના ભયાત અને ભભોગથી ભુક્ત અને ભોગ્યવર્ષનું જ્ઞાન વિંશોત્તરીની માફક સુગમ થાય છે.

(૧૪૪-૧૪૯)

પિંડ અંશ નિસર્ગદશાના જ્ઞાનની રીત

જે જે ગ્રહની જેટલી જેટલી પિંડાયુ, અંશાયુ અને નિસર્ગાયુ પૂર્વ વિધિ પ્રમાણે સિદ્ધ હોય તે તે ગ્રહની તેટલી તેટલી પિંડદશા, અંશદશા અને નિસર્ગદશા સમજવી જોઈએ. તથા દશાનો ક્રમ એવો છે કે લગ્ન, સૂર્ય, ચન્દ્ર એ ત્રણેયમાં જે બળવાન હોય પ્રથમ એની, પછી એનાથી કેન્દ્રગત ગ્રહોની ફરી એનાથી પણ ફરગત ગ્રહોની, બાદ, આપોક્લીમગત ગ્રહોની અને લગ્નસહિત આઠેયની બળક્રમથી દશા અને અંતર્દશા સમજવી જોઈએ. (૧૫૦-૧૫૧)

આગળ કહેલા અષ્ટક વર્ગનાં બળ અનુસાર આ દશાઓમાં ફળ સમજવાં. આ જ દશાઓ અષ્ટકવર્ગ દશાઓ કહેવાય છે. (૧૫૨)

સંધ્યાદશા અને તેની યાચક દશા

પરમ આયુર્દાયના દ્વાદશાંશ આયુર્દાયની સંધ્યા થાય છે. એટલી લગ્નાદિ ક્રમથી એકએક રાશિની દશા સંધ્યાદશા કહેવાય છે. (૧૫૩)

સંધ્યા દશામાનને છ ગણા કરીને ૩૧ વડે ભાગવાથી ભાગાકારમાં આવતા વર્ષાદિને પ્રથમ કોષ્ટકમાં લખવા અને એના અર્ધા કરીને ૩ કોઠામાં લખવા તથા લબ્ધ ફળને તૃતીયાંશ ૮ કોઠામાં લખી એના ફળનો વિચાર કરવો. આવી રીતે પ્રત્યેક સ્થાનની સંધ્યાદશામાં પાચક દશાની કલ્પના કરવી. (૧૫૪–૧૫૫)

તારા દશા

હે વિપ્ર, વિંશોત્તરી દશા સમાન જ કોઈએ તારાદશા પણ માની છે. ત્યાં કેન્દ્રસ્થ સૂર્ય, ચન્દ્ર આદિ ગ્રહોના સ્થાનમાં જન્મ, સંપત્તિ આદિ તારા ગ્રહણ કરવી જોઈએ જેના કેન્દ્રમાં ગ્રહ હોય એને જ આ દશા લાગુ પડે છે. કેન્દ્રમાં ઘણા ગ્રહો હોય તો એમાં જે બળવાન હોય તેનાથી દશાનો આરંભ કરવો. (૧૫૮)

હે વિપ્ર, આવી રીતે મેં અનેક પ્રકારની દશાઓ કહી. એમની અંતર્દશાના ભેદ પણ આગળ કહીશ. (૧૫૯)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં દશા વિશે વિચાર નામનો છેતાલીસમો અધ્યાય સંપૂર્ણ.

卐

અધ્યાય : ૪૭

દશાફળ

મૈત્રેયે કહ્યું :

હે મુનિ, મેં દશાના ભેદ સાંભળ્યા. એ દશાઓનાં ફળ પણ કૃપા કરીને કહો. (૧)

પરાશર બોલ્યા : ગ્રહોના સ્વભાવવશ સાધારણ અને સ્થાનાદિવશ એમ બે પ્રકારનાં દશાફળ હોય છે. (૨)

ગ્રહોની દશાનાં ફળ એમના બળ અને બળના અભાવ અનુસાર હોય છે. પ્રથમ દ્રેષ્કાણમાં જે ગ્રહ હોય એના દશારંભમાં જ, દ્વિતીય દ્રેષ્કાણમાં રહેલા ગ્રહની દશાની મધ્યમાં, ત્રીજા દ્રેષ્કાણમાં રહેલા ગ્રહની દશાનાં અંતમાં ફળ આપે છે. જો ગ્રહ વક્ર હોય તો એનાથી વિપરીત અર્થાત ત્રીજા દ્રેષ્કાણમાં રહેલ ગ્રહના આદિમાં અને પ્રથમ દ્રેષ્કાણમાં રહેલ ગ્રહના અંતમાં ફળ સમજવું. એટલે રાહુ અને કેતુની દશાનું ફળ સર્વદા વિપરીત જ સમજવું જોઈએ. (૩-૪)

શેષ્પર ભાષ્ય : દશાઓના અનેક પ્રકાર વર્ણવ્યા બાદ અહીં હવે દશાઓના શુભાશુભ ફળનું વર્ણન શરૂ થાય છે. એ સમયે સર્વાર્થ ચિંતામણિમાં અમે અમારા વિદ્વાન મિત્ર શ્રી લક્ષ્મીપ્રસાદ બારોટે પ્રગટ કરેલા વિચારો રજૂ કર્યા હતા. તેનું અહીં પણ અવતરણ

જરૂરી બને છે. આ રીતે વિચાર કરવાથી આપણે સત્ય સમીપ વધુ પહોંચી જઈશું.

શેખરભાષ્ય

માનવીના સારાનરસા ભાવિની રૂપરેખા જાણવાનું એકમાત્ર સાધન ફળજ્યોતિષ હોવાથી સૌ કોઈ મોટા વહેલા તેના પ્રત્યે આકર્ષાતા હોય છે. તેમાંય કોઈક તકલીફ હોય, નવાં સાહસની શરૂઆત કરવાની હોય કે કોઈક બાબત અંગે મનમાં અનિશ્ચિતતા કે શંકા હોય ત્યારે, કુંડલી ઉપરથી માર્ગદર્શન મેળવવાની ઉત્કંઠા જાગે છે. ઘણીવાર ફળજ્યોતિષમાં પોતાને શ્રદ્ધા નથી એમ જાહેર કરનારાઓ પણ, ગમે તે રીતે મન મનાવીને, ફળજ્યોતિષનો સહારો લેતા હોય છે. માત્ર જિજ્ઞાસાને બદલે, મુશ્કેલી અથવા ભાવિના ભયના કારણે માનવી કુંડલીનો આશ્રય લેતો હોય છે ત્યારે, જ્યોતિષીની જવાબદારી વધી જાય છે. તેણે જ્યોતિષની મહત્તા સિદ્ધ કરવા અથવા પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવાને બદલે, આવા પ્રસંગે, ફળજ્યોતિષ દ્વારા માનવીને સાચું માર્ગદર્શન આપવાનું રહે છે. તે માટે જાતકની પરિસ્થિતિ, દેશ–કાળ વગેરેની વિવેકપૂર્વક તુલના કરીને, કુંડલીમાંના ગ્રહયોગોનું વ્યવહારૂ દૃષ્ટિએ નિરૂપણ કરવાનું રહે છે.

ગ્રહો અને ભાવોનું બળ, વિવિધ કારકોની સ્થિતિ વગેરે જોઈને, પ્રારબ્ધનો અંદાજ મેળવ્યા પછી, પુરુષાર્થ દ્વારા નરસાનું નિવારણ અને સારાની પ્રાપ્તિ માટેની જાતકની તાકાતનો અંદાજ કાઢીને તેને માર્ગદર્શન આપવું જોઈએ. આ પ્રમાણે જાતકને કયા પ્રકારનું ફળ કેટલાક પ્રમાણમાં મળી શકે તેમ છે તેનો ખ્યાલ મેળવ્યા પછી, ટૂંક સમયમાં અથવા લાંબે ગાળે મળનારાં ફળ, કયા સમયે પ્રાપ્ત થશે તેનો નિર્દેશ કરવાનો રહે છે. આમ સરવાળે, કુંડલીમાંના

યોગોની સારી-નરસી અસરોનો અનુભવ થવાના સમયનો નિર્ણય કરવાનું કાર્ય, ફલજ્યોતિષનું અત્યંત મહત્વનું અંગ બની રહે છે.

અમુક પ્રકારના ગ્રહયોગોવાળા જાતકના જીવનનાં અમુક અમુક વર્ષ સારાં અથવા નબળાં જશે એ પ્રકારનો નિર્દેશ કરવાની સ્થૂલ ચાવીઓ ફળજ્યોતિષના ગ્રંથોમાં મળે છે. છતાંય, ભારતીય જ્યોતિષ-શાસ્ત્રમાં ફળ પ્રાપ્તિના સમયના નિર્ણય માટે દશા-અંતર્દશાનો જ મુખ્ય આધાર લેવામાં આવ્યો છે. મુખ્ય દશા, તેમાં ચાલતી અંતર્દશા તે અંતર્દશા દરમિયાન આવતા વર્ષનું વર્ષફળ અને એ વર્ષ દરમિયાન ગ્રહોના ગોચર પરિભ્રમણમાંથી નીપજતી અસરો, એ બધાનો સમન્વય કરીને ફળપ્રાપ્તિના વર્ષ, માસ અને દિવસ સુદ્ધાંનો નિર્ણય કરવા માટેના સિદ્ધાંતો ભારતીય જ્યોતિષશાસ્ત્રે નક્કી કરેલા છે. આ બધા નિયમોમાં સતત સંશોધન થતું રહ્યું છે; અને અનુભવોના અંતે એ નિયમોમાં ફેરફારો પણ થતા રહ્યા છે.

દશાપદ્ધતિનો વિકાસ

(૨) ફલજ્યોતિષની ઉત્ક્રાંતિની દૃષ્ટિએ જોઈએ તો દશાપદ્ધતિનો વિકાસ પ્રમાણમાં પાછળથી થયેલો જણાય છે. શરૂઆતમાં સૂર્યથી શનિ સુધીના સાત જ ગ્રહોને ફલાદેશમાં સ્થાન હતું અને કાલચક્ર દશા પણ બાર રાશિઓ અને સાત ગ્રહો ઉપર જ નિર્ધારિત હતી. એ પછી રાહુ અને તેની સામેના બિન્દુ, કેતુનો ફલાદેશમાં સમાવેશ કરવામાં આવ્યો. અષ્ટોત્તરી દશા એ પછી જ પ્રચલિત બની, કારણ કે તેમાં રાહુનો દશાનાથ તરીકે સમાવેશ કરાયેલો છે. એમાં યે સંશોધન સુધારા થતા રહ્યા અને છેવટે રાહુ-કેતુ સુદ્ધાં નવ ગ્રહોને દશાનાથ તરીકે સ્વીકારતી વિંશોત્તરી દશા પ્રચલિત થઈ.

હાલમાં મુખ્યત્વે વિંશોત્તરી અને અષ્ટોત્તરી મહાદશાઓ પ્રચલિત છે. પરંતુ એક પ્રથાના અનુયાયીઓ બીજી દશા વિષે વિચાર કરવા

પણ તૈયાર નથી. વિંશોત્તરી અથવા અષ્ટોત્તરી દ્વારા મેળવાયેલું ફલાદેશ બધા જ કિસ્સામાં મળતું આવતું નથી એ અનુભવ પણ જ્યોતિષના અભ્યાસીઓને થતો જ રહે છે. એવા સંજોગોમાં પણ, પોતે સ્વીકારેલી દશાપદ્ધતિ સાચી છે એવો આગ્રહ રાખીને ફલાદેશ કહેવાની વૃત્તિ નજરે પડે છે.

ફલાદેશ માટે સર્વમાન્ય ગણાતાં ભારતીય પુસ્તકો જોતાં જણાય છે કે, અમુક જ પદ્ધતિ સ્વીકારવી અને બીજી બધી પદ્ધતિઓ પ્રત્યે દુર્લક્ષ કરવું એવો દુરાગ્રહ કોઈ આચાર્યે કર્યો નથી. આપણી પ્રાચીન પરંપરા અનુસાર ઉપયોગમાં લેવાતી ૪૨ જેટલી 'બહુવિધા' દશાઓની વિગતો આચાર્યોએ આપેલી છે. આમાંની ૧૦ દશાઓ નક્ષત્રાધારિતા, અને બાકીની અન્ય રીતે ગણવાની હોય છે.

અષ્ટોત્તરી કે વિંશોત્તરી

સામાન્ય રીતે ઉત્તર ભારતમાં અષ્ટોત્તરી અને દક્ષિણમાં વિંશોત્તરી-દશાઓ પ્રચલિત છે.

> गुर्जरे कच्छ सौराष्ट्रे पाञ्चाले सिंधुपर्वते।
> एतेषु अष्टोत्तरी ग्राह्या, अन्ये विंशोत्तरी मता॥

એવા એક શ્લોકનો આધાર અષ્ટોત્તરી માટે ટાંકવામાં આવતો હોય છે. નર્મદાની ઉત્તરે અષ્ટોત્તરી અને દક્ષિણે વિંશોત્તરીની બાબતમાં પણ મતભેદ છે. 'માનસાગરી'ના ટીકાકાર અનૂપમિશ્ર કહે છે કે, વિંધ્યાચળથી ઉત્તરમાં વિંશોત્તરી અને દક્ષિણમાં અષ્ટોત્તરી લેવી એમ ઘણા આચાર્યોની સંમતિ છે! જાતકદીપિકા કહે છે, કે, દ્વાપરમાં વિંશોત્તરી, કલિના આરંભમાં અષ્ટોત્તરી અને કલિયુગમાં યોગિની દશા ફળજ્ઞાન માટે લેવી જોઈએ. 'માનસાગરી' (પાંચમા અધ્યાયમાં) કહે છે કે :

दशाप्यष्टोत्तरी शुक्ले कृष्णे विंशोत्तरी मता ।
गणनीया दशा सुज्ञैः तदुमेश्वरसंमतम् ॥

શુકલ પક્ષમાં જન્મ હોય તો અષ્ટોત્તરી અને કૃષ્ણપક્ષમાં જન્મ હોય તો વિંશોત્તરી લેવી.

એ જ અધ્યાયમાં માનસાગરી કહે છે કે :

कृष्णपक्षे दिवा जन्म शुक्लपक्षे यदा निशि ।
विंशोत्तरी दशा तस्य शुभाशुभफलप्रदा ॥

એટલે કૃષ્ણપક્ષમાં દિવસે જન્મ હોય અને શુકલપક્ષમાં રાત્રે જન્મ હોય ત્યાં વિંશોત્તરી દશા પ્રમાણે શુભાશુભ ફલ મળે છે.

એથી ઊલટું બૃહત્ પારાશર (૪૬–૨૩) કહે છે કે :

कृष्णपक्षे दिवा जन्म शुक्लपक्षे तथा निशि ।
तदा हि अष्टोत्तरी चिन्त्या फलार्थंच विशेषतः॥

એટલે (માનસાગરી જ્યાં વિંશોત્તરી લેવાનું કહે છે ત્યાં કૃષ્ણપક્ષમાં દિવસે અથવા શુકલપક્ષમાં રાત્રે જન્મ હોય ત્યાં અષ્ટોત્તરી દશા લેવી ! કૃષ્ણપક્ષમાં રાત્રે અથવા શુકલપક્ષમાં દિવસે જન્મ હોય ત્યાં કઈ દશા લેવી એની સ્પષ્ટતા અહીં મળતી નથી !

બૃહત્ પારાશરીમાં (૪૬–૨૪) અષ્ટોત્તરી માટે એક વધુ ઉલ્લેખ છે કે :

लग्नेशात् केन्द्रकोणस्थे राहौ लग्नं विना स्थितौ ।
अष्टोत्तरी दशा विप्र विज्ञेया रौद्रमादितः ॥

રાહુ લગ્નેશથી (લગ્ન સિવાયના) કેન્દ્ર કે ત્રિકોણમાં હોય ત્યાં આર્દ્રાથી શરૂ થતી અષ્ટોત્તરી મહાદશા લેવી.

હકીકતમાં આ બધા મતભેદો એક જ બાબતનું સૂચન કરે છે કે, અષ્ટોત્તરીની ઊણપો જણાયા પછી વિંશોત્તરી પ્રચલિત થઈ ત્યારે, બન્ને પ્રકારની દશાઓના પુરસ્કર્તાઓ વચ્ચે જાગેલો વિવાદ શમાવવા માટે,જુદાં

જુદાં નિરાકરણો આગળ ધરવામાં આવ્યાં છે. પરંતુ અષ્ટોત્તરી અને વિંશોત્તરી બન્ને, જન્મના નક્ષત્રના આધારે ગણુવાની હોય છે. તથા ઉત્તરમાં અષ્ટોત્તરી અને દક્ષિણમાં વિંશોત્તરી એવી પ્રાદેશિક વહેંચણી શાસ્ત્રીય ન ગણાય.

નક્ષત્રાધારિતા દશાઓ

(૧) હવે જન્મનક્ષત્ર ઉપરથી ગણાતી દશાઓની વિગતો જોઈએ.

(૨) નક્ષત્રાધારિતા દસ દશાઓમાં પરાશરે વિંશોત્તરીને મુખ્ય ગણાવી છે. તેમાં રાહુ કેતુ સાથે ૯ ગ્રહો વચ્ચે માનવીના પરમાયુનાં ૧૨૦ વર્ષ વહેંચાયાં છે.

(૨) અષ્ટોત્તરી મહાદશામાં, રાહુ સાથે આઠ ગ્રહો વચ્ચે ૧૦૮ વર્ષ વહેંચવામાં આવ્યાં છે.

(૩) ૧૧૬ વર્ષની ષોડષોત્તરી દશા: કૃષ્ણપક્ષમાં ચંદ્રની હોરામાં અથવા શુકલપક્ષમાં સૂર્યની હોરામાં જન્મ હોય ત્યારે : આમાં રાહુ સિવાયના, પણ કેતુ સાથેના આઠ ગ્રહોની દશાઓ આવે છે.

(૪) શુક્રના નવમાંશમાં જન્મ હોય ત્યારે દ્વાદશોત્તરી (૧૧૨ વર્ષની) દશા : તેમાં શુક્ર સિવાયના રાહુ-કેતુ સાથેના આઠ ગ્રહોની દશાઓ હોય છે.

(૫) કર્કલગ્નમાં અને કર્ક દ્વાદશાંશમાં જન્મ થયો હોય ત્યાં પંચોત્તરી (૧૦૫ વર્ષની) મહાદશા રાહુ-કેતુ સિવાયના સાત ગ્રહ દશાનાથ બને છે.

(૬) લગ્ન વર્ગોત્તમી હોય ત્યારે શતાબ્દિકા (૧૦૦ વર્ષની) દશાથી ફળ કહેવાનો નિર્દેષ છેઃ રાહુ કેતુ સિવાયના સાત ગ્રહ આમાં આવે છે.

(૭) દશમેષ દશમ ભાવમાં હોય તેવા જાતક માટે ચતુરશીતિ દશાઃ તેનાં ૮૪ વર્ષ રાહુ-કેતુ સિવાયના ૭ ગ્રહો વચ્ચે વહેંચવાનાં હોય છે.

(૮) લગ્નેશ સપ્તમ સ્થાનમાં હોય અથવા સપ્તમેશ લગ્નમાં હોય ત્યારે દ્વિસપ્ત્તતિસમા-બોંતરી દશા લેવી. તેમાં કેતુ સિવાય આઠ દશાનાથ ગણેલા છે.

(૯) જન્મ લગ્નમાં સૂર્ય હોય તેવી કુંડલી માટે ષષ્ટિસમા-૬૦ વર્ષની દશા ગણીને, કેતુ સિવાયના આઠ દશાનાથ લેવામાં આવ્યા છે.

(૧૦) દિવસે જન્મ અને સૂર્યની હોરા અથવા રાત્રે જન્મ અને ચંદ્રની હોરા હોય ત્યાં ષટ્ત્રિંશત્ સમા-છત્રીસી દશા લેવાય. તેમાં પણ કેતુ સિવાયના આઠ ગ્રહ હોય છે.

આ નક્ષત્રદશાઓ ઉપરાંત, પ્રાત:, સંધ્યા, દિન, રાત વગેરે જન્મ સમયને અનુસરતી કાલદશાઓ, લગ્ન અથવા લગ્નેશની રાશિથી ગણાતી ચક્રદશાઓ, ચંદ્રના નવમાંશ ઉપરથી ગણાતી ૧૨ રાશિ અને ૭ ગ્રહ ઉપર આધારિત કાલચક્રદશાઓ, રાશિચક્રને અનુસરતી ચર-દશાઓ, સ્થિરદશા, યોગાર્ધદશા, કેન્દ્રાદિદશા, કારકદશા, મંડૂકદશા, શૂલદશા, ત્રિકોણદશા, દ્રગ્દશા, લગ્નાદિ રાશિદશા, પંચ સ્વર દશા, યોગિની દશા, પિંડદશા, નિસર્ગદશા, અંશદશા, સંધ્યાદશા, પાચક દશા, વગેરે વિવિધ પ્રકારની દશાઓ ઉપલબ્ધ છે. આ બધામાં નાક્ષત્ર દશાઓ વધુ અનુભૂત અને ઉપયોગી નીવડી હોય એમ જણાય છે. તેમાં પણ ઉપર વર્ણવેલી ૩ થી ૧૦ દશાઓ, જાતકના આયુષ્યના યોગોના કોષ્ટક ચોક્કસ આધાર ઉપર યોજવામાં આવી હોય તેમ જણાય છે.

ઉપરોક્ત ૧૦ નાક્ષત્રદશાઓમાંની ત્રણ દશાઓ, પંચોત્તરી, શતાબ્દિકા અને ચતુરશીતિમાં ફક્ત સાત જ ગ્રહોનો આધાર લેવાયો છે. બીજી ચાર દિશાઓ, અષ્ટોત્તરી, દ્વિસપ્તતિ, ષષ્ટિ અને પટ્ત્રિંશત્મા કેતુ સિવાયના આઠ દશાનાથ ગણેલા છે. દ્વાદશોત્તરીમાં શુક્ર સિવાયના, રાહુ કેતુ સુદ્ધાં આઠ ગ્રહોનો આધાર લેવાયો છે. એકમાત્ર વિંશોત્તરી દશામાં જ રાહુ કેતુ સુદ્ધાં નવ ગ્રહોને દશાનાથ ગણવામાં આવેલા છે.

આ ઉપરથી એક હકીકત સ્પષ્ટ થાય છે કે વિવિધ દશાઓને લગતા અનુભવો ઉપરથી ફલાદેશના સિદ્ધાંતો સાથે તેમનો મેળ બેસાડવા માટે, જુદા જુદા સમયે ફેરફારો કરીને જુદી જુદી દશાઓ ગણતરીમાં લેવાતી હતી. સંશોધનનાં આવાં વિવિધ પગલાંના અંતે કેતુ સુદ્ધાં નવગ્રહવાળી વિંશોત્તરી દશા છેલ્લી પ્રચલિત થયેલી છે એમ માનવામાં હરકત નથી. આ દશાપદ્ધતિ પ્રચલિત થયાને પણ સેંકડો વર્ષ વીતી ગયાં છે, એ દરમિયાન એમાં વિશેષ સંશોધન થયું જણાતું નથી. અત્યારે વિંશોત્તરીનાં દશાફળ પણ ઘણી વાર મળતાં નથી ત્યારે લાગે છે કે, આ દશાપદ્ધતિમાં હવે સંશોધન અને ફેરફાર માટે સારો અવકાશ ઊભો થયો છે.

વિંશોત્તરીના પાંચ પ્રકાર

(૪) અત્યારે સામાન્ય પદ્ધતિ પ્રમાણે જન્મના ચંદ્રના નક્ષત્રના ભોગ્યાંશ ઉપરથી કૃતિકા-સૂર્યથી શરૂ થતી વિંશોત્તરી દશા ગણવામાં આવે છે. પરંતુ વિંશોત્તરી દ્વિધા પ્રોક્તા એ પ્રમાણે વિંશોત્તરીના બે પ્રકાર છે. શૌવા કૃષ્ણેઽર્ક હોરાયાં-એટલે કૃષ્ણ પક્ષમાં સૂર્યની હોરામાં જન્મ થયો હોય તો આર્દ્રા નક્ષત્રથી સૂર્યની દશા શરૂ કરીને, આગળ દશાઓ ગણવી. તેવી જ રીતે શુકલ પક્ષમાં ચંદ્રની દશામાં જન્મ થયો હોય તો કૃતિકાથી દશા ગણવી. એમ વિંશોત્તરીના બે પ્રકાર સ્વીકારાયેલા છે.

[એજ પ્રમાણે અષ્ટોત્તરીના પણ બે પ્રકાર ગણેલા છે. જન્મ લગ્નમાં કોઈ ગ્રહ હોય તો આર્દ્રાથી દશા ગણવી અને લગ્નમાં કોઈ કોઈ પણ ગ્રહ ન હોય તો કૃત્તિકાથી દશા ગણવી.]

વળી જન્મના નક્ષત્રનો વિચાર કરતાં, માત્ર ચંદ્રના જ નક્ષત્રનો નહિ પણ લગ્નના નક્ષત્રનો પણ વિચાર કરવાનો રહે છે.

स्वजन्मनक्षत्र विलग्नतोवा ब्रूयात् क्रमेणैव दशा फलानि :

ચંદ્ર અને લગ્ન એ બન્નેમાંથી જેને વધુ વર્ગનું બળ મળતું હોય તેને અનુસરીને દશા ગણવાની જરૂર આમ સ્પષ્ટપણે સ્વીકારાયેલી હોવાથી, વિંશોત્તરી દશાના ચાર પ્રકાર થયા. તેથી એક જ પ્રથાને વળગી રહેવું યોગ્ય નથી. અત્યારે કેટલાક જ્યોતિષીઓ સાયન ચંદ્ર ઉપરથી પણ વિંશોત્તરી દશાની ગણના કરતા હોવાનું જાણવા મળ્યું છે. અલબત્ત એમની સંખ્યા અત્યંત મર્યાદિત છે. છતાંય તેઓ તેમના અનુભવો રજૂ કરીને દશાફલના સંશોધનમાં પોતાનો ફાળો આપે તો અભ્યાસીઓને કાંઈક નવું માર્ગદર્શન મળી રહે.

વિંશોત્તરી દશાનો એક વધુ, પાંચમો પ્રકાર પણ જોવા મળે છે. તે છે તારા-દશા. ધ્રુવનાડી, શુકનાડી, ચંદ્રકલા નાડી, વગેરે દક્ષિણના જાણીતા નાડી ગ્રંથોમાં વર્ણવેલા ફલાદેશમાં તારાદશાનો ખૂબ છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે. આ નાડીગ્રંથોમાં, ગોચર ફલાદેશ માટે ભાવાધિપતિના નવમાંશ, નવમાંશ તુલ્યરાશિ અથવા રાશિતુલ્ય નવમાંશનો ખૂબ મોટા પ્રમાણમાં આધાર લેવામાં આવ્યો છે; એ નવમાંશોના ત્રિકોણ નવમાંશમાંથી પાપગ્રહ ગોચરમાં સ્ફુટ યોગસાં પમાર થાય ત્યારે કયાં પ્રકારનાં અશુભ ફળ જાતકને અથવા તેનાં સગાંઓને ભોગવવાં પડે છે, અથવા શુભગ્રહ દ્વારા કયાં શુભ ફળ તેમને યથાક્રમે પ્રાપ્ત થાય છે. તેના વિશદ ઉલ્લેખો આ ગ્રંથોમાં કરાયેલા છે. પરંતુ એ બધાં ફળો અમુક અમુક તારાદશાઓની

ભુક્તિ દરમિયાન આ ગોચર યોગો થાય ત્યારે જ મળતાં હોય છે. શીઘ્ર ગ્રહો દર વર્ષે વારંવાર અને મંદ ગ્રહો વર્ષમાં એકથી વધુ વાર ભાવાધિપતિના નવમાંશના સ્ફુટ સાથે ત્રિકોણ યોગમાં આવતા હોય છે. એ બધી વખતે માંદગી, પિતાનું મરણ, વિવાહ અથવા સંતાનપ્રાપ્તિ કે ધનપ્રાપ્તિ થતી નથી. નિશ્ચિત દશાઓના સમય દરમિયાન જ આ યોગો યથાર્થ ફળદાયી બને છે. એ ધોરણે જ, આ નાડીગ્રંથોમાં દશા ગોચર ફળોનો સમન્વય કરીને, ફળપ્રાપ્તિના સમયનો નિર્દેશ કરવામાં આવેલો છે.

આ તારાદશાઓ વિશે બૃહત્ પારાશરી જણાવે છે કે :

ज्ञेयातारा दशा विप्र नामतुल्य फलप्रदा ।
यस्य केन्द्रे स्थितिः खेटो दशेयं तस्य कीर्तिता ॥

કેન્દ્રમાં જે ગ્રહ હોય તેની દશાથી શરૂઆત કરીને તારાદશાની ગણના કરવામાં આવે છે. કેન્દ્રમાં એકથી વધુ ગ્રહો હોય તો તે બધામાં જે સૌથી વધુ બળવાન હોય તેની પહેલી દશા ગણાય છે. આ દશાઓમાં દશાનાથનો ક્રમ અને તેમનાં વર્ષોની સંખ્યા વિંશોત્તરી પ્રમાણે જ છે. આ દશાઓ, જન્મ (સૂર્ય), સંપત્ (ચંદ્ર), વિપત (મંગળ); ક્ષેમ (રાહુ); પ્રત્યક (ગુરુ); સાધ્ય (શનિ); નિધન (બુધ); મૈત્ર (કેતુ) અને અતિમૈત્ર (શુ) નામે ઓળખવામાં આવી છે.

આપણા જ્યોતિશાસ્ત્રમાં નક્ષત્રોને જન્મ (૧, ૧૦, ૧૯); સંવત (૨, ૧૧, ૨૦) એ પ્રમાણે નવ પ્રકારે ઓળખાવવામાં આવ્યાં છે, અને એ નક્ષત્રોના અધિપતિઓ પણ ઉપર જણાવેલા ક્રમમાં ગોઠવાયેલા છે. (જુઓ જાતક પરિજાત ૯–૭૮/૭૯). તેથી, આ નક્ષત્રોના આધારે તારાદશાનો નિર્ણય કરવાનો એક વધુ પ્રકાર પ્રાપ્ત થાય છે.

વિંશોત્તરી દશાના આ બધા પ્રકારોનો સમન્વય કરીને, તેનું સંશોધન કરી, દશાફલ સંબંધમાં વધુ ચોકસાઈ લાવવાનું કાર્ય હજુ

સંશોધકો સમક્ષ ઊભું છે. ત્યાં સુધી પ્રચલિત વિંશોત્તરી દશા, પ્રમાણમાં વધુ સંશોધિત, વધુ સૂક્ષ્મ અને વધુ પ્રચલિત હોવાના કારણે, એના આધારે જ ફળકથન અને સમયનો નિર્ણય કરવાનો રહે છે.

બધાને ૧૨૦ વર્ષનું પરમાયુ ?

(૫) વિંશોત્તરી દશામાં માનવીનું પરમાયુ ૧૨૦ વર્ષ ગણીને, તે વર્ષો સૂર્યાદિ નવ દશાનાથોમાં વહેંચી દેવામાં આવ્યાં છે. આ પૂર્ણાયુના છઠ્ઠા ભાગનાં ૨૦ વર્ષ શુક્રને આપવામાં આવ્યાં છે. શુક્રની દશાનો વીસમો ભાગ ૧ વર્ષ તેમાંથી બાદ કરતાં શનિની દશા ૧૯ વર્ષની આવે છે. તેમાંથી શુક્રનો ૨૦ મો ભાગ ફરી બાદ કરતાં રાહુની દશાનાં ૧૮ વર્ષ આવે તેમાંથી શુક્રનો ૨૦ મો ભાગ બાદ કરવાથી બુધની દશા ૧૭ વર્ષની થાય. તેમાંથી પણ શુક્રનો વીસમો ભાગ ઓછો કરતાં ગુરુની દશા–૧૬ વર્ષની આવે છે. રાહુની દશા (૧૮)ના ત્રીજા ભાગ જેટલાં વર્ષ (૬) સૂર્યને મળ્યાં છે, શુક્રનાં અડધાં (૧૦) બાદ કરતાં વધે તે ૭ વર્ષ કેતુને પ્રાપ્ત થયાં છે અને કેતુના જેટલાં જ વર્ષ મંગળની દશા માટે ગણાયાં છે. પૂર્ણાયુના છઠ્ઠા ભાગનાં વર્ષ શુક્રની અને વીસમા ભાગનાં વર્ષ સૂર્યની મહા દશાઓ માટે નક્કી કરવા પાછળ કયો સિદ્ધાંત રહ્યો હશે તેની સ્પષ્ટતા જ્યોતિષશાસ્ત્રમાં ક્યાંય મળતી નથી; છતાં ય દરેક જાતકની દશાઓ ૧૨૦ વર્ષના પરમાયુના ધોરણે જ ગણવાની જે પ્રથા હાલમાં પ્રચલિત છે; તે કેટલે અંશે વ્યાજબી તેમ જ શાસ્ત્રસંમત છે એ વિચારવું રહ્યું.

પૂર્વાચાર્યોએ ફલજ્યોતિષના સિદ્ધાંતોનું નિરૂપણ કરતાં જાતકનું આયુષ્ય નક્કી કરવાની જરૂરિયાત સ્પષ્ટપણે જણાવેલી છે, સામાન્ય રીતે બાલારિષ્ટ અથવા યોગારિષ્ટનો નિર્ણય કર્યા પછી, અલ્પાયુ (૩૨ વર્ષ) મધ્યમાયુ (૭૦ વર્ષ) અને પૂર્ણાયુ (૧૦૦ વર્ષ) ગણવાની સ્થૂલ પદ્ધતિનો

નિર્દોષ થયેલો છે. જેમને સૂક્ષ્મ રીતે આયુર્દાય કાઢવો હોય તેમને માટે, નિસર્ગજ, પિંડજ, અંશજ, રશ્મિજ, ચક્રજ, નક્ષત્રજ, દાયજ અને અષ્ટકવર્ગજ એમ આઠ પ્રકારે ગણવા માટેના સિદ્ધાંતો પણ આપવામાં આવ્યા છે. આ વિવિધ પ્રકારના ગણિત દ્વારા પ્રાપ્ત થયેલો આયુર્દાય ધર્મકર્મ નિરતા, પથ્યભોજનરતા, વિજિતેન્દ્રિયા, સત્કુલશીલસીમાઃ એવા માનવીઓ માટે છે; જેઓ પાપકર્મમાં પડેલા, બીજાનું ખૂંચવી લેવાની વૃત્તિવાળા, જે આવે તે ખાનારા વગેરે હોય તેમને માટે નથી; તેવાઓ તો અકાલ મરણને શરણ થતા હોય છે : એટલે કે, ઈશ્વરે આપેલા આયુષ્યને પોતાના કૃત્યોથી વેડફી દેતા હોય છે.

આથી દરેક જાતકને ૧૨૦ વર્ષનું પરમાયુ મળેલું છે એમ માની લઈને, ૧૨૦ વર્ષના હિસાબે વહેંચાયેલી મહાદશાઓ દરેક જાતકને એક સરખી રીતે લાગુ પાડવાની પ્રથા સરળ અને સહેલી હોવા છતાં, આયુર્દાયને લગતા ફળ જ્યોતિષના સિદ્ધાંતો સાથે સુસંગત નથી જ. ૧૨૦ વર્ષના હિસાબે શુક્રનાં ૨૦ વર્ષ અથવા ગુરુનાં ૧૬ વર્ષ ગણાયાં હોવા છતાં ૬૦ વર્ષના સ્પષ્ટાયુવાળા જાતક માટે પણ એ ૨૦ અથવા ૧૬ વર્ષની દશાઓના ધોરણે ફળ કહેવામાં આવે ત્યારે તે ખોટું પડે તેમાં આશ્ચર્ય ખરું ? ખરી રીતે તો જાતકનું સ્પષ્ટાયુ ગણીને, તેના પ્રમાણમાં દશાનાથનાં વર્ષોમાં ફેરફાર કરવો જોઈએ. ૬૦ વર્ષનું સ્ફુટાયુ આવતું હોય ત્યાં શુક્રનાં ૨૦ નહિ પણ ૧૦ અને સૂર્યનાં ૬ નહિ પણ ત્રણ વર્ષ ગણાવાં જોઈએ અને તેમની અંતર્દશાઓ પણ એ ધોરણે જ દરેક જાતકના આયુર્દાય પ્રમાણે ગણવી જોઈએ.

વિંશોત્તરી દશા ગણવા માટે સ્ફુટાયુ કાઢવાની સરળ પદ્ધતિ આચાર્ય શ્રી જીવનાથ દૈવજ્ઞે બતાવી છે.

नक्षत्रस्य गता नाड्यः वेदघ्ना रामभ जिता ।
लब्धं परायुषि त्याज्यं स्फुटायुः परिकीर्तितम् ॥

એટલે કે, જન્મ નક્ષત્રની ભુક્ત ઘડીને ૪ થી ગુણીને ત્રણથી ભાગવી જે ફળ આવે તેને એક ઘટી બરાબર એક વર્ષ પ્રમાણે ગણીને વર્ષ, માસાદિ કાઢવાં. આ વર્ષ માસને પરમાયુના ૧૨૦ વર્ષમાંથી બાદ કરતાં, જે બાકી રહે તે સ્પષ્ટાયુ કહેવાય છે.

આ સ્પષ્ટાયુના છઠ્ઠા ભાગ જેટલી શુક્રની મહાદશા આવે તેથી અડધી ચંદ્રની મહાદશા ગણાય. ઉપર જણાવેલું છે તે પ્રમાણે બાકીના ગ્રહોના દશાઓ શુક્રના દશાના વીસમા ભાગ બાદ કરતા જઈને, સરળતાથી ગણી શકાય તેમ છે. એ જ ધોરણે અંતર્દશાઓ પણ ગણવાની રહે છે.

પરંતુ આપણા જ્યોતિષશાસ્ત્રની અત્યારની કમનસીબી એ છે કે, આપણા જ્યોતિષિઓ ગણિત દ્વારા શાસ્ત્રમાં ઊંડા ઊતરવાની મહેનત કરવા તૈયાર નથી. ગણિતની કડાકૂટમાં પડ્યા સિવાય જ, શ્રદ્ધાળુ અને ગરજવાન માનવીને તેની કુંડલીનાં ફળ કહેવાનો સરળ માર્ગ મોટા ભાગે સ્વીકારેલો જણાય છે. ગ્રહોના અંશો વિનાની બોખા કુંડલી ઉપરથી જ ભવિષ્ય કહેવા બેસી જનારાઓનો આજે તોટો નથી. માંડ નવમાંશ સુધી પહોંચતા હોય ત્યારે તો ઘણા ઊંડા ઊતર્યાનું ગૌરવ અનુભવતા હોય છે, ત્યાં આયુર્દાય કે અષ્ટક વર્ગની ઉપાધિ કરવાની અપેક્ષા કોની પાસે રાખવી? આ બધા, ગુરુ કે શુક્રની દશા–અંતર્દશા ઉપરથી જાતકને મોટી આશાઓ આપતા હોય છે અને શનિ કે મંગળના નામે તેમને ધ્રુજાવતા હોય છે; પછી તે શનિ કે મંગળ ભલે યોગકારક હોય અને ગુરુ શુક્ર ભલે દુઃસ્થાનના સ્વામી હોય કે બાર ગયેલા હોય!

દરેક ભાવનું શુભાશુભ ફલ

(૬) શુભગ્રહો શુભ ફળ આપે, પાપગ્રહો અનિષ્ટ ફળ આપે, એટલે કે શુભ ગ્રહોની અસર હોય ત્યારે લાભ મેળવવાનો પુરુષાર્થ કરવાની તક ઝડપી લેવી જોઈએ; પાપગ્રહોની અસર હોય ત્યારે અનિષ્ટના નિવારણ માટે કમર કસીને મહેનત કરવી જોઈએ, એ સામાન્ય સિદ્ધાંત જ્યોતિષશાસ્ત્રમાં સર્વમાન્ય રીતે સ્વીકારાયેલો છે. પરંતુ નૈસર્ગિક શુભત્વ અને અશુભત્વ તો ફલાદેશના સમન્વયનું માત્ર અંગ જ છે. જાતક ફલાદેશમાં તો લગ્ન-લગ્નેશનું બળ, ચંદ્રનું બળ, ગ્રહોનું ભાવાધિપત્ય, કુંડલીમાં એ ગ્રહોનું સ્થાન અને તેમના પરસ્પર યોગો, નિત્ય અને અનિત્ય કારકત્વ, પંચધામૈત્રી અને વર્ગબલ વગેરે દ્વારા ગ્રહોનાં શુભા-શુભ ફલનો નિર્ણય કરવાનો હોય છે. દા. ત. વૃષભ લગ્નમાં શનિ પ્રબળ યોગકારક બને છે; કર્ક લગ્નમાં મંગળ યોગકારક ગણાય છે; મકર લગ્નમાં શુક્ર યોગકારક હોય છે, જ્યારે મેષલગ્નમાં શુક્ર અને તુલા લગ્નમાં મંગળ પરમ મારકેશનું કામ કરતા હોય છે. પારાશર મત પ્રમાણે ચંદ્ર, બુધ, ગુરુ, શુક્ર, એ શુભ ગ્રહો કેન્દ્રાધિપતિ તરીકે સારું ફળ આપતા નથી. દશા ફળનો વિચાર કરતાં આ બાબતો ખાસ વિચારવાની રહે છે.

બીજી તરફ દશાનાથ-અને ભુક્તિનાથ વચ્ચેનો કુંડલીમાંનો સંબંધ, તેઓ કયા ભાવના સ્વામીઓ છે, કોના કારક છે, કુંડલીમાં કયા સ્થાનમાં બિરાજમાન થયેલા છે અને તેમના ઉપર કયા ગ્રહની કેવા પ્રકારની દૃષ્ટિ છે તેની સંપૂર્ણ તુલના કરવાની હોય છે.

नीचस्थो रिपुराशिस्थः खेटो भावविनाशकः ।
मूलश्चोत्तुंग मित्रस्थो भाववृद्धिकरो भवेत् ॥

જે ગ્રહ નીચ હોય કે શત્રુની રાશિમાં હોય તે ગ્રહ ભાવનો

વિનાશ કરે છે. ઉચ્ચ, મૂલ ત્રિકોણ કે મિત્ર રાશિમાં રહેલો ગ્રહ ભાવની વૃદ્ધિ કરે છે.

ઉચ્ચ ગ્રહ પૂર્ણ ફળ આપે છે; મૂળ ત્રિકોણમાં હોય તો ૩-૪ સ્વગ્રહી હોય તો ૧-૨; મિત્રક્ષેત્રી હોય તો ૧-૪ અને શત્રુક્ષેત્રી હોય તો અલ્પ ફળ આપે નીચ અથવા અસ્તનો હોય તો તે નિષ્ફળ નીવડે છે.

જે ભાવના સ્વામીઓ ૬-૮ કે ૧૨ મા સ્થાનમાં બેઠા હોય, અથવા તો એ ત્રણ સ્થાનના સ્વામીઓ જે ભાવમાં હોય, તે ભાવોનું, અન્ય શુભ દૃષ્ટિ યોગો ન હોય તો, અનિષ્ટ થાય છે. એટલું જ નહિ પણ જે ભાવનો અધિપતિ દુઃસ્થાનેમાં ગયો હોય કે દુર્બળ બન્યો હોય, તે ભાવમાં બેઠેલા અન્ય ગ્રહો પણ તે ભાવને લગતું સારૂં ફળ આપી શકતા નથી.

સામાન્ય રીતે લગ્નથી ગણાતાં શુભ સ્થાનો અથવા દુઃસ્થાનોના અધિપતિઓની દશા-ભુક્તિ પ્રમાણે જન્મકુંડલીમાંના યોગના ફળની પ્રાપ્તિનો અને અન્ય સારાં નરસાં ફલોનો વિચાર કરવામાં આવતો હોય છે. આ સિદ્ધાંત માત્ર લગ્નને જ નહિ પરંતુ દરેક ભાવને લાગુ પાડીને દશા-ભુક્તિનાં ફળ વધુ વિગતથી નક્કી કરવાની પ્રથા નાડી ગ્રંથોમાં જણાય છે. જે ગ્રહની દશા-ભુક્તિ તપાસતા હોઈએ તે ગ્રહ જે ભાવથી આઠમા ભાવનો સ્વામી હોય તે ભાવનું અનિષ્ટ કરતો હોય છે. દાખલા તરીકે લાભેશની દશા કે ભુક્તિ ચાલતી હોય ત્યારે સારા ફળની અપેક્ષા રાખી શકાય. પરંતુ એ લાભેશ માતૃ-સ્થાનથી ૮ મા સ્થાનનો અધિપતિ હોવાથી માતાને માંદગી (કે કદાચ મરણ પણ) તેની દશા-અંતર્દશામાં (અલબત્ત ગોચરનો મેળ મળે ત્યારે) થાય. દશમેશની દશા સારૂં ફળ આપતી હોવા છતાં તે પાંચમા પુત્ર સ્થાનથી ષષ્ઠેશ-રોગેશની દશા હોવાથી, સંતાનની બીમારી

વગેરે પણ સાથે આવી પડે. ધનેશની દશા હોય ત્યારે તેના શુભ ફળની સાથે સાથે, તે મારકેશ હોવાથી, યોગાનુસાર જાતકને તકલીફ આપે એટલું જ નહિ પણ ધન સ્થાન એ પત્નીના (૭ મા) સ્થાનથી આઠમું હોવાથી પત્નીને માંદગી અથવા પ્રબળ અવયોગ સાથે ગોચરમાં પાપ ગ્રહોનું બળ ઉમેરાય તો, મરણ પણ આપે.

આપણે સંસારમાં જોઈએ છીએ કે એક તરફ માનવી આર્થિક કે સ્થાન-હોદ્દાની ઉન્નતિના માર્ગે પ્રગતિ કરવા લાગે છે ત્યારે જ સાથે સાથે પુત્ર માતા કે પત્ની અંગેની કોઈ તકલીફ પણ ઊભી થતી જ[illegible] આ રીતે, કુંડળીમાંનાં વિવિધ સ્થાનો સાથેના દશાનાથના સંબંધના કારણે જુદાં જુદાં ફળો આપતા જણાય છે. તેથી દરેક ભાવ પરત્વે પણ એક જ દશાભુક્તિ કેવા જુદાં જુદાં ફળ આપે તે બરાબર લક્ષમાં લીધા[illegible]પછી જ, દશા-ભુક્તિના સમગ્ર ફળની રજૂઆત કરવી જોઈએ. આ હકીકત માત્ર દુઃસ્થાનો પૂરતી જ નહિ પણ અન્ય સ્થાનો માટે પણ ઊંડાણથી વિચારવી જોઈએ.

तत्तद्भावार्थकामेश दशास्वंतर्दशासुच ।
तत्तद् भावविनाशः स्यात् तद्युक्तेक्षित कारकैः ॥

કોઈ પણ ભાવના બીજા કે સાતમા ભાવના સ્વામીઓ, એ ભાવના કારકથી યુકત કે દૃષ્ટ હોય ત્યારે, તેમની દશામાં કે અંતર્દશામાં એ ભાવની હાનિ થાય છે. ચંદ્ર કલા નાડી કહે છે કે,

यद्भावेश दशाकाले तदरन्ध्रेशस्य भुक्तिषु ।
षष्ठाधिपान्तरेवाऽपि तद् भावफलनाशनम् ॥

જે ભાવના સ્વામીની દશામાં, તે ભાવના અષ્ટમેશની અથવા ષષ્ઠેશની અંતર્દશા ચાલે ત્યારે તે ભાવના ફલનો નાશ થાય છે.

तत्तद् भावाष्टमेशांशदशायां वा स्वभुक्तिषु ।
तत्तद् भाव प्रपीडादि योजयेत् कालवित्तमः ॥

અહીં ભાવના અષ્ટમેશના નવમાંશ સ્વામીની અશુભ દશા ભુક્તિમાં પણ એ ભાવ અંગે પીડા થાય છે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે

દક્ષિણના વિશિષ્ટ સિદ્ધાંતો

(૭) દક્ષિણમાં દશા ફલ સંબંધમાં વિપુલ સાહિત્ય પડેલું છે; ત્યાં સંશોધન માટે પણ વધુ અવકાશ મળેલો જણાય છે. એટલે કેટલાક વિશિષ્ટ સિદ્ધાંતોનો ઉપયોગ ફલાદેશમાં કરવામાં આવતો જણાય છે. દાખલા તરીકે એક કે બે ગ્રહ ઉચ્ચ હોય તો ઘણું સારું ફળ મળે, ત્રણ ગ્રહ ઉચ્ચ હોય તો કાંઈ કહેવાની વાત નહિ એવી માન્યતા આપણે ત્યાં પ્રસરેલી છે. પરંતુ માત્ર ઉચ્ચના ત્રણ ગ્રહો રાજયોગ કારક બનતા નથી; આવા ઉચ્ચ ગ્રહો સાથે એકાદ નીચ ગ્રહની અવશ્ય જરૂર રહે છે, એમ હોય તો જ ઉચ્ચ ગ્રહોના યોગનું ફળ પ્રાપ્ત થાય.

त्रिग्रहोच्चे प्रजातस्य नीचाभावेच खेचरे ।
राजयोगफलं नास्ति कलौ गर्गभतं स्मृतम् ॥
उच्चनीचौ राजयोगो नीचाभावे दरिद्रकः ।

દક્ષિણમાં નીચ ભંગ યોગને પણ ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. કુંડલીમાં કોઈ ગ્રહ તેની નીચ રાશિમાં હોય છતાં તે રાશિનો સ્વામી નીચ ગ્રહની ઉચ્ચ કે સ્વગૃહી રાશિમાં હોય તો નીચભંગયોગ થાય છે. એવી જ રીતે નીચ હ નવમાંશ કુંડલીમાં ઉચ્ચ અથવા સ્વનવમાંશમાં હોય તો પણ નીચભંગ ગણાય છે. આ ઉપરાંત નીચ ભંગનો એક વિશિષ્ટ પ્રકાર એવો છે કે, જે ગ્રહ નીચ રાશિમાં હોય તેની રાશિનો સ્વામી, અથવા તે ગ્રહની ઉચ્ચ રાશિનો, સ્વામી, ચંદ્રથી કેન્દ્રમાં હોય તો નીચ ભંગ યોગ થાય છે. આવા

યોગોનું ફળ, ઉચ્ચ ગ્રહોના ફળ કરતાં પણ વધુ અસરકારક ગણવામાં આવે છે, અને યોગ્ય પાકકાલે તે ફળની પ્રાપ્તિ થાય છે.

એક વધુ વાત વિચારવા જેવી છે. : આપણે પિતૃસ્થાન દશમું ગણીએ છીએ, જ્યારે દક્ષિણુમાં નવમું સ્થાન પિતૃસ્થાન ગણવામાં આવે છે અને નાડી ગ્રંથોમાં એ ધોરણે જ ફલાદેશ અપાયેલું હોય છે. તેવી જ રીતે, નાના ભાઈ બહેનો માટે ત્રીજું સ્થાન અને મોટાં ભાઈ બહેનો માટે અગિયારમું, પ્રથમ પત્ની માટે ૭મું, બીજી પત્ની માટે ૯ મું એ રીતે સ્થાનો ગણવામાં આવે છે. તેથી ૧૧માંથી ૮મા એટલે છઠ્ઠા ભાવના સ્વામીની દશામાં મોટા ભાઈને તકલીફ; ૯ માથી ૮ મા એટલે સુખ સ્થાનના અધિપતિની દશા-મુક્તિમાં પિતાને તકલીફ, ૫ મા ૮ મા એટલે વ્યયાધીશની દશામાં સંતાનને તકલીફ ૭ માથી ૯ મા એટલે તૃતીયેશની દશામાં સસરા સંબંધીનું ફળ, એ પ્રમાણે વિવિધ ભાવો તેમ જ ભાવકારકો અંગેનાં ફળોનું વિવિરણ કરવામાં આવે છે. એટલું જ નહિ પણ, એવી દશાઓ દરમિયાન, એ ભાવેશ અથવા કારકો જે નવમાંશમાં હોય તેના ત્રિકોણુ નવમાંશમાં ગોચર ગ્રહોના ભ્રમણના યોગો ઉપરથી ફળનો સમય પણ દર્શાવવામાં આવે છે. આની સાથે વધુ ચોકસાઇ માટે અષ્ટક વર્ગનો પણ છૂટથી ઉપયોગ કરાયેલો છે.

चंद्रलग्नं शरीरं स्यात् लग्नं स्यात् प्राणसंज्ञकम् ।
तावुभौ संपरीक्ष्यैव सर्वनाडीफलं स्मृतम् ॥
निशाकराष्टकेवर्गे लग्नाधिपति वर्गके ।
तत्कालदशादीनां फलानि परिचिन्तयेत् ॥

નાડી ગ્રંથોની આ ફલાદેશ પદ્ધતિમાં એક વધુ સિદ્ધાંત એવો જોવા મળે છે કે, કુંડલીમાં જ રાશિમાં ક્રૂર ગ્રહ બેઠેલો હોય તે રાશિના સ્વામીની દશામાં તકલીફ થાય છે અને જે રાશિમાં શુભગ્રહ હોય તેના સ્વામીની દશામાં સારું ફળ મળે છે.

रन्ध्राधिपाक्रान्तदाये व्ययेशाक्रान्तभुक्तिषु ।
अपमृत्युभय प्राप्ति स्वजनारिष्टे शोकवान ॥

અષ્ટમેશ જે રાશિમાં હોય તેના સ્વામીની દશામાં, વ્યયેશ જ્યાં હોય તે રાશિના સ્વામીની ભુક્તિ આવે ત્યારે અપમૃત્યુ, ભય, સ્વજનોની તકલીફ વગેરે શોકકારક પ્રસંગો બને છે.

तत्तद्भावाधिपे मन्दे दशायामन्तरेषुवा ।
तत्तद्भावप्रपीडां च योजयेत् कालवित्तमः ॥

કોઈ ભાવથી આઠમા સ્થાનમાં શનિ રહેતો હોય ત્યારે તેની દશા અથવા અંતર્દશામાં તે ભાવ અંગેની પીડા થાય છે :

यद्भावेश दशाकाले तद्रन्ध्रेशस्य भुक्तिषु ।
षष्ठाधिपान्तरे वापि तद्भावफलनाशनम् ॥

આ નિયમ પ્રમાણે ભાવના સ્વામીની દશામાં તે ભાવથી અષ્ટમેશ કે ષષ્ઠેશની ભુક્તિ આવે ત્યારે તે ભાવનું ફળ નાશ પામે છે.

અગાઉ જણાવ્યું છે તેમ દશા ફળનો વિચાર કરતી વખતે લગ્નેશ અને ચંદ્ર સાથેના દશાનાથના સંબંધને લક્ષમાં લેવો જોઈએ.

लग्नाधिपस्य यः शत्रुः तद् भुक्तो सर्वं दायगे ।
अतीव क्लेशकार्याणि मित्रभुक्तौ धनागमम् ॥

समग्रहान्तरे काले शुभाशुभ फलं समम् ।
तात्कालिक मित्रग्रहस्यान्तर्दाये शुभाधिकम् ॥

બધા જ ગ્રહોની મહા દશાઓમાં લગ્નેશના શત્રુ ગ્રહની અંતર્દશા જ્યારે જ્યારે આવે ત્યારે જાતકને સંતાપ કરાવે છે. તેવી જ રીતે મિત્ર ગ્રહની અંતર્દશાઓ લાભદાયી, સમગ્રહની સમ ફળ આપનારી અને તાત્કાલિક મિત્ર બનેલા ગ્રહની ભુક્તિ વધુ ફળ આપનારી નિવડે છે.

धनोपयातः प्रथमो यदंशेग्रहो द्वितीयो धनपः तृतीय ।
तत्पावभुक्तौ धनलाभमेति क्रमेण तत्कारकवर्ग मूलात् ॥

પહેલો ધન સ્થાનમાં રહેલો ગ્રહ, બીજો ધન સ્થાન પર દૃષ્ટિ કરનાર ગ્રહ અને ત્રીજો ધન સ્થાનાધિપતિ એ ત્રણેના ક્રમાનુસાર, તેમની દશાભુક્તિ દરમિયાન ધનકારક (ગુરુ)ને જેટલું વર્ગ બળ મળ્યું હોય તેટલા પ્રમાણમાં ધનલાભ થાય છે.

આ સિદ્ધાંત દરેક ભાવને લાગુ પાડી શકાય. જે તે ભાવમાં રહેલો ગ્રહ ભાવ ઉપર દૃષ્ટિ કરનાર ગ્રહ અને ભાવાધિપતિ એ ત્રણેની દશાભુક્તિ દરમિયાન, જે ભાવનાકારક ને જેટલું વર્ગબળ મળ્યું હોય તેટલા પ્રમાણમાં તે ભાવને લગતું ફળ મળે છે.

સામાન્ય રીતે ૬, ૮, ૧૨મા ભાવના સ્વામીઓનું દશાફળ સારૂ ગણાતું નથી, પરંતુ તેનો નિર્ણય કરતી વખતે એ ગ્રહોના નવમાંશ-પતિઓ વિષે વિચાર અવશ્ય કરવો એ શુભ હોય તો, અશુભ ફળ ઓછું થાય છે.

षष्ठाष्टम् व्ययेशानप्रभेशनाथा शुभायदि ।
सिंह स्वप्ने पलायन्ते शत्रवो द्विरदा इव ॥

ભાવેશની નવમાં શસ્થિતિની વિચારણા આગળ લંબાવીને,ભાવેશના નવમાંશના સ્વામીની દશાનો પણ સાથે સાથે વિચાર કરવામાં આવે છે. દાખલા તરીકે :

लाभेशे यन्नवांशस्थे भुक्तिकाले महत्सुखम् ।

લાભેશના નવમાંશપતિની ભુક્તિનો સમય સુખદાયી નીવડે છે. એ જ રીતે સંબિગત ગ્રહોની દશા રોગપ્રદ બનતી હોવાનો પણ નિર્દેશ છે. રાહુની દશામાં શરૂઆતમાં દુઃખ મધ્યમાં સુખ અને અંતમાં કર્યું કરાવ્યું બધું ધૂળ મળે છે (બીજા સારા યોગો ન હોય

તો). જન્મ સમયે શરૂ થયેલી દશાથી ૪ થી શનિની, પાંચમી મંગળની, ૬ ઠ્ઠી ગુરુની અને સાતમી રાહુની દશા આવે તો તે દશાને મારક દશા ગણવામાં આવે છે. (જા. પા. ૫-૪૮).

દશા-અંતર્દશાના સામાન્ય ફળને લગતું વિવેચન ફલજ્યોતિષના બધાં જાણીતાં પુસ્તકોમાં આપેલું હોય છે. માર્ગવનાડિકામાં વિંશોત્તરી દશાઓ અને ભુક્તિઓનો ફલાદેશ ખૂબ વિસ્તારપૂર્વક આપવામાં આવ્યો છે, એટલે એ બધું વિવેચન અહીં કરવાની જરૂર રહેતી નથી. અહીં તો માત્ર દશાફળના કેટલાક મહત્વના સિદ્ધાંતો મારા અભ્યાસ દરમિયાન જોવામાં આવ્યા તે જ ટૂંકમાં રજૂઆત કરી છે; જેથી અભ્યાસીઓ અને સંશોધકો વધુ ઊંડા ઊતરીને યોગ્ય નિર્ણય બાંધી શકે છે.

દશાફલનું પ્રમાણ અને પ્રકાર

(૮) દશાનાથના ઉચ્ચાદિ બળ પ્રમાણે દશાફળના પ્રમાણ વિષે ઉપર ઉલ્લેખ કર્યો છે. તેની સાથે સાથે દશાફલના પાંચ વિવિધ પ્રકાર પણ ગણવામાં આવેલા છે : (૧) સાધારણ ગ્રહોના સ્વભાવ મુજબ (૨) વિશિષ્ટ: ગ્રહોના સ્થાન-સ્થિતિ પ્રમાણે, (૩) ગ્રહોનાં બળ પ્રમાણે, (૪) ગ્રહોના દ્રેષ્કાણ પ્રમાણે-એટલે દશાની શરૂઆતમાં, મધ્યમાં કે અંતમાં મળતું ફળ અને (૫) દશારંભે દશાનાથની જે સ્થિતિ હોય તે અનુસાર મળતું ફળ. આ રીતે દશાભુક્તિના ફળના સારા-નરસા પ્રકારનો તેમ જ તેના પ્રમાણનો સમતોલપણે વિચાર કરીને, તેમાં ગોચર સ્થિતિ પ્રમાણે વધઘટ કરવાની રહે છે. તેની સાથે સાથે દશાનાં વર્ષો દરમિયાન કઈ અંતર્દશામાં, કયા ચોકકસ સમયગાળા દરમિયાન ફળપ્રાપ્તિ થશે તેનો નિર્ણય કરવો પડે છે.

કુંડલીમાંના યોગોના ફલની પ્રાપ્તિ માટે દશા-ભુક્તિનો સમયખંડ નક્કી કરવા સુધી આપણે આવ્યા. હવે સમય અંગેની થોડીક

વધુ ચોકસાઈ મેળવવા વિષે વિચારીએ. અગાઉ કહ્યું તેમ દશા-ભુક્તિનાથ કુંડલીમાં પહેલા, બીજા કે ત્રીજા દ્રેષ્કાણમાં હોય તે અનુસાર દશાની શરૂઆતમાં, મધ્યમાં કે અંતમાં તેના ફળની પ્રાપ્તિ થાય છે એવો નિર્દેષ થયેલો છે. આ સિવાય પણ બીજાં માર્ગદર્શક સૂત્રો જાતક પારિજાતમાંથી પ્રાપ્ત થાય છે.

पाकस्यादौ भावजन्यं शुभानां तत्तद्राशिस्थानजं पाकमध्ये ।
दायस्यान्ते दृष्टिसंजातमेवं सर्वे तारा पाकमेवं वदन्ति ॥

શુભ ગ્રહની દશામાં, દશાનાથ જે ભાવમાં હોય તે પ્રમાણેનું ફળ શરૂઆતમાં મળે છે; દશાનાથથી રાશિ-સ્થાનજન્ય (ઉચ્ચાદિનું) ફળ દશાના મધ્યમાં પ્રાપ્ત થાય છે અને દશાનાથ ઉપરની અન્ય ગ્રહોની દૃષ્ટિઓ વગેરે અનુસારનું ફળ દશાના અંતમાં મળે છે.

પાપ ગ્રહની બાબતમાં, દશાની શરૂઆતમાં સ્વગૃહ-ઉચ્ચાદિ રાશિજન્ય ફળ; દશાના મધ્યમાં ભાવજન્ય ફળ અને દશાના અંતમાં દૃષ્ટિજન્ય ફળ પ્રાપ્ત થાય છે.

शीर्षोदयगतः खेटः पाकादौ फलदो भवेत् ।
पृष्ठोदयस्य पाकान्ते सदाचोभयराशिगः ॥

આ નિયમ પ્રમાણે શીર્ષોદય રાશિમાં જે ગ્રહ હોય તે દશાના આરંભમાં, પૃષ્ઠોદય રાશિમાંનો ગ્રહ દશાના અંતમાં અને ઉભયોદય રાશિમાં રહેલો ગ્રહ આખી દશા દરમિયાન ફળ આપતો હોય છે.

આ રીતે દશાના આરંભ, મધ્ય અને અંતમાં ફળ મળવા સંબંધમાં જુદાં જુદાં પ્રમાણો પ્રાપ્ત થાય છે, તેથી એ બધાનો સમગ્ર દૃષ્ટિએ વિચાર કરીને જ વ્યક્તિગત કિસ્સામાં કુંડલી અનુસાર નિર્ણય કરવો જોઈએ.

દશારંભે દશાનાથ વગેરેની જે પરિસ્થતિ હોય છે તે ઉપરથી પણ દશા કે ભુક્તિના ફળમાં ફેરફાર થતો હોય છે.

भाग्येशांशे त्रिकोणर्क्षे, दशारम्भे तदीशगे ।
लग्नाधिपतिना युक्ते तद् दशायां शुभं वदेत ॥

દશાના આરંભમાં દશાપતિ ભાગ્યેશના નવમાંશમાં હોય, ત્રિકોણ રાશિમાં હોય કે, લગ્નેશ સાથે સંબંધમાં હોય તો તે દશામાં શુભ-ફળ પ્રાપ્ત થાય છે.

તેવી જ રીતે दशारम्भे च दायेशे पापयुक्तेऽल्पसौख्यवान् દાયેશ દશાની શરૂઆતમાં પાપગ્રહ સાથે સંબંધમાં આવેલો હોય તો તે દશાભુક્તિમાં અલ્પ સુખ મળે છે. તેના ઉપર શનિ કે મંગળની દૃષ્ટિ હોય તો વ્યથા કરાવે છે.

ये ग्रहा जन्मकाले तु यस्मिन् राशौ स्थितिर्गता ।
तस्मिन् राशौ दशारम्भे गतास्ते शुभदायिनः ॥

જન્મ સમયે ગ્રહ જે રાશિમાં હોય, તે જ રાશિમાં તેની દશાની શરૂઆત વખતે આવેલો હોય તો તે દશા શુભ ફળ આપે છે.

એ જ પ્રમાણે દશારંભે ચંદ્રની સ્થતિ પણ જોવી જોઈએ :

मित्रोपचयस्थाने त्रिकोणे सप्तमेऽपिवा ।
पाकेश्वरे स्थितः चन्द्रः कुरुते सत्फलां दशाम् ॥

ચંદ્ર દશાનાથના મિત્રગ્રહના સ્થાનમાં, ઉપચય સ્થાનમાં, કે ત્રિકોણ અથવા સાતમા સ્થાનમાં હોય ત્યારે તે દશા સારું ફળ આપનારી નિવડે છે.

યોગની પ્રાપ્તિનો સમય

આ દરેક પ્રકારે

दशा कालादि निश्चित्य फलानि परिचिन्तयेत् ।
गोचरे स्फुट योगांशे फलं ब्रुयात् विचक्षणः ॥

દશા-ભુક્તિ અને તેના સમયનો નિર્ણય કરીને ફળનો વિચાર કરવો અને (દશા–ભુક્તિનાથ અથવા ભાવેશ કે કારકના) નવમાંશો સાથેના ગોચર ગ્રહોના સ્ફુટ યોગો અનુસાર સારા–નરસા ફળની પ્રાપ્તિનો નિર્ણય કરવો. એટલે ઓછામાં ઓછા ત્રણ માસ ૧૮ દિવસથી માંડીને વધુમાં વધુ ત્રણ વર્ષ ચાર માસ સુધી ભોગવાતી જુદી જુદી અંતર્દશાઓ દરમિયાન, દશાનાથ અને ભુક્તિનાથના ભાવાધિપત્ય કારકત્વ અને રાશિ-સ્થાન વગેરે અનુસાર મળનારાં ફળોનો સમયગાળો, ગ્રહોના ગોચર ભ્રમણના આધારે નક્કી કરવાનો રહે છે. આ ભુક્તિઓના સમયમાં જ, તેમની સાથે સંકળાયેલા ભાવોના સ્વામીઓના નવમાંશોના ત્રિકોણમાં શનિ–ગુરુ, રાહુ વગેરે મંદ ગ્રહો અને મંગળ શુક્ર, સૂર્ય વગેરે શીઘ્ર ગ્રહોના ભ્રમણના દિવસોમાં જ ફલની સૌથી વધુ અસર જણાય છે.

सविता दशाफलाना प्रापयिता, चन्द्रमा प्रबोधयिता । એ સૂત્ર અનુસાર દશાફળો સૂત્ર દ્વારા પ્રાપ્ત થાય છે અને ચંદ્ર દ્વારા એ પ્રાપ્તિનો બોધ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો સૂર્યના ગોચર ભ્રમણ દ્વારા, અંતર્દશાઓના સમય ગાળાની અંદર, મહિનાઓનો હિસાબ નક્કી થાય છે. અને એ મહિનાઓ દરમિયાન ચંદ્રના ભ્રમણ દ્વારા સવા બે દિસનો ગાળો નક્કી થાય છે. એથી યે વધુ સૂક્ષ્મ સમયનો નિર્ણય કરવો હોય તો એ સવા બે દિવસમાંના ચંદ્રના નવમાંશોના સ્ફુટ યોગો ઉપરથી કહી શકાય છે.

अन्तर्दशाधिपतिक्षेत्रे वर्तते भास्करो यदा ।
तस्मिन् काले दशाप्रोक्तं फलं भवति निश्चितम् ॥

અંતર્દશાનાથની રાશિમાં જ્યારે સૂર્ય ગોચરમાં આવે છે તે સમયે, દશા અંગે જણાવાયેલું ફળ પ્રાપ્ત થાય છે.

એ પ્રમાણે, દશાનાથ કે ભુક્તિનાથ જે નવમાંશમાં હોય તે નવમાંશમાંથી દર્શાવાતા માસ દરમિયાન અથવા તેના ત્રિકોણુ નવમાંશના માસમાં ફળ મળે છે, અશુભ દશા–ભુક્તિમાં અશુભ સ્થાનોના સ્વામીઓના માસમાં અસર જણાય છે, શુભ દશાભુક્તિનું શુભફળ, શુભ સ્થાનોના સ્વામીઓના લગ્નેશના અથવા દ્રેષ્કાણુપતિના માસમાં મળે છે. આ મહિનાઓ દરમિયાન દશાપતિ અથવા અંતર્દશાપતિ જે રાશિમાં હોય તે રાશિના વાર દિવસે અથવા જે નક્ષત્રમાં ગોચર ચંદ્રના ભ્રમણુના દિવસે આ ફળની ઉત્કટતા–તીવ્રતા જણાય છે.

ભુક્તિના સમય દરમિયાન, આ રીતે સૂર્યનું કુંડલીનાં વિવિધ સ્થાનોમાંનું ભ્રમણ લક્ષમાં લેવું જોઈએ. દશા ભુક્તિ માથે સંકળાયેલા ગ્રહોના વર્ગબલ અનુસાર, એ ગ્રહો જે જે બાબતો સાથે સંકળાયેલા હોય તે બાબતોને લગતું તેમજ ગ્રહો જે જે ક્ષેત્રમાં હોય તે ક્ષેત્રને લગતું ફળ વિચારીને કહેવું જોઈએ. ભાવારંભે જે અંશ હોય તે અંશનો ગ્રહ તે ભાવનું પૂર્ણફળ આપે છે. એ ધોરણે ફળના પ્રમાણુની ત્રિરાશિથી ગણુના કરી શકાય. ચંદ્ર જે નવમાંશમાં હોય તે દર્શાવતા માસે મારકની દશામાં મૃત્યુનો સંભવ જણાય છે, તેમાંય ચર રાશિમાં ગોચરમાં ચંદ્ર પસાર થાય ત્યારે ખાસ ધ્યાન આપવું.

षष्ठाष्टमाधीशवारे देहजाड्यंस्वभुक्तिषु ।

ષષ્ઠેશ અથવા અષ્ટમેશની દશામાં સ્વભુક્તિમાં, ષષ્ઠેશ અથવા અષ્ટમેશના વારે માંદગી આવે છે. એ સિવાય માંદગીનો યોગ હોય ત્યારે પણ અંતર્દશાપતિના વારે અથવા દશનાથના વારે માંદગીની શરૂઆત થાય છે.

ઘણી વાર આપણે લોકોને કહેતા સાંભળીએ છીએ કે અમુક વાર તેમની જીંદગીમાં મહત્ત્વનો હોય છે; અથવા અમુક પ્રકારની ઘટનાઓ અમુક વારે બનતી હોય છે. વાર અંગે ઉપર જે સિદ્ધાંતો

જણાવ્યા છે તે નજર સમક્ષ રાખીએ તો વાર અંગેની આવી વ્યક્તિગત માન્યતાઓ પાછળનું કારણ સહેજે સમજાઈ જશે.

દશાભુક્તિઓનાં ફલ અને તેની પ્રાપ્તિના સમયનિર્ણય સંબંધમાં ફલ જ્યોતિષનાં જાણીતાં પુસ્તકોમાંથી શોધીને, કેટલાક મહત્વના સિદ્ધાંતો અહીં રજૂ કર્યા છે. એ બધાનો વિચાર કરતાં સહેજે જણાય છે કે દશા-ભુક્તિની બાબતમાં અંધાધુંધી પ્રસરેલી છે; નિયમો અને સિદ્ધાંતો પુષ્કળ છે, પરંતુ એમાંના ઘણા પરસ્પર વિરોધી હોવાથી અભ્યાસી માટે મૂંઝવણ ઊભી કરનાર નીવડે છે; અને ફળકથનમાં ચોક્કસાઈ લાવવા માટે ઘણીવાર અંતરાય ઊભા કરે છે. આ સ્થિતિનું નિવારણ કરીને, આ ક્ષેત્રમાં સરળતા અને ચોક્કસાઈ લાવવા માટે ખૂબ પ્રયત્નો અને સંશોધન આવશ્યક છે. વ્યક્તિગત કુંડલીની દશાઓની વિવિધ પ્રકારે ગણતરી કરીને ભૂતકાળના બનાવો ઉપરથી કયા પ્રકારની દશા બરાબર લાગુ પડે છે તેનો નિર્ણય કરવામાં આવે તો જ, ફલકથનની આ પદ્ધતિને વધુ ઉપયોગી બનાવી શકાય આ માટે મહેનત, ધીરજ અને સંશોધનની જ જરૂર રહે છે. એ માટે અત્યાર કરતાં ઘણા વધુ વ્યાપક અને અસરકારક પ્રયત્નો થાય નહિ, ત્યાં સુધી હાલની પરિસ્થિતિ સુધરવાનો અવકાશ જણાતો નથી.

દશાના આરંભમાં દશાનો સ્વામી જો લગ્નમાં પોતાના ઉચ્ચ યા પોતાની રાશિ યા પોતાની મિત્ર રાશિમાં હોય, શુભ ગ્રહથી દૃષ્ટ હોય કે તેની સાથે હોય તો એનું દશાફલ શુભ અને જો ૬-૮-૧૨માં નીચ કે શત્રુ રાશિમાં હોય તો એનું અશુભ ફળ આવે છે. (૫-૬)

સૂર્યની વિંશોત્તરી મહાદશાનું ફળ

જન્મસમયે સૂર્ય જો પોતાની રાશિ, પોતાના ઉચ્ચ, કેન્દ્ર,

ત્રિકોણ, ૧૧મા સ્થાનમાં હોય, નવમેશ કે દશમેશની સાથે હોય, પોતાના વર્ગમાં બળવાન હોય તો એની દશાના સમયમાં ધન લાભ વગેરે પરમ સુખ તથા રાજ્ય સન્માન મળે છે. પાંચમા સ્થાનના સ્વામીની સાથે હોય તો દશાસમયમાં પુત્રની ઉત્પત્તિ, ધનેશની સાથે હોય તો હાથી આદિ ધનનો લાભ, ચતુર્થેશની સાથે હોય તો સવારીનું સુખ મળે છે. રાજાની કૃપાથી તે મનુષ્ય સેનાપતિ બની સુખી થાય છે. આવી રીતે બળવાન રવિની દશામાં અન્ન, વસ્ત્ર, વાહન આદિનો લાભ થાય છે. (૭-૧૧)

સૂર્ય જો નીચ (તુલા)માં ૬-૮-૧૨ની સાથે હોય તો દુર્બલ કે પાપગ્રહો કે દુષ્ટ સ્થાન (૬-૮-૧૨)ના સ્વામીની સાથે હોય તો એની દશામાં ભય કષ્ટ, ધનનો નાશ, રાજદંડ, પ્રવાસ, અપકીર્તિ, બંધુઓ સાથે વિરોધ, પિતાને કષ્ટ, ઘરમાં અશુભ, કાકા, મામા આદિને કષ્ટ, ચિન્તા, લોકોનો અકારણ દ્વેષ થાય છે. જો નીચાદિમાં રહેલ સૂર્ય પર શુભ ગ્રહોની દષ્ટિ હોય તો ક્યારેક ક્યારેક મધ્યમાં સુખી પણ હોય. જો પાપગ્રહની દષ્ટિ હોય તો સર્વથા પાપફલ કહેવું. (૧૨-૧૫)

ચન્દ્રની વિંશોત્તરી દશાનાં ફલ

હે વિપ્ર, આવી રીતે સૂર્યનું સંક્ષિપ્ત દશાફલ કહીને હવે હું ચન્દ્રની વિંશોત્તરી દશાનું ફળ કહું છું. ચન્દ્ર જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ૧૧, ૯, ૫ સ્થાનમાં હોય, શુભ ગ્રહની સાથે કે તેનાથી દષ્ટ હોય, પૂર્ણ બળવાન હોય, ૧૦, ૯, ૪ એ સ્થાનોના સ્વામીની સાથે હોય તો એની દશામાં આરંભથી અન્ત સુધી ઐશ્વર્ય, ભાગ્ય, ધન આદિની વૃદ્ધિ, ઘરમાં શુભ કાર્ય, રાજાથી પ્રીતિ, યત્નોથી કાર્યમાં સફળતા, મિત્રાદિ દ્વારા ભાગ્યોદય, રાજ્યલાભ, સવારી, વસ્ત્ર આદિથી લાભ, પુત્રસુખ, માન

આદિ પશુઓની વૃદ્ધિ થાય છે. ચન્દ્ર બીજા સ્થાનમાં હોય તો અનેક પ્રકારે વિશેષરૂપે ધનધાન્યાદિ લાભ થાય છે. (૧૬-૨૨)

ચન્દ્ર નીચમાં હોય, ક્ષીણ હોય તો એની દશામાં ધનની હાનિ થાય છે. જો ત્રીજા સ્થાનમાં હોય તો કયારેક સુખ પણ થાય છે. પાપગ્રહોની સાથે હોય તો જડતા, માનસી વ્યથા, નોકરોથી કષ્ટ, ધનહાનિ, માતા આદિથી કષ્ટ. જો એ જ ચન્દ્ર (ક્ષીણ) ૬-૮-૧૨ એ સ્થાનોમાં હોય કે પાપગ્રહની સાથે હોય તો પણ રાજદ્વેષ, ધન હાનિ, માતૃકલેશ આદિ અશુભ ફળ મળે છે. જો ૬, ૮, ૧૨મા સ્થાનમાં બળવાન ચન્દ્ર, હોય તો કયારેક સુખ અને કયારેક દુઃખ થાય છે. (૨૩-૨૬)

આવી રીતે પોતાના ઉચ્ચ આદિ સ્થાનમાં રહેલા મંગળનું ફળ કહું છું. મંગળ જો પોતાના ઉચ્ચ, મૂળ ત્રિકોણ, પોતાની રાશિમાં કે કેન્દ્રમાં, ૧૧, ૨ સ્થાનમાં, બળવાન ગ્રહની સાથે હોય શુભ અંશમાં, શુભ ગ્રહથી દૃષ્ટ હોય તો એની દશામાં રાજ્ય, ભૂમિ અને ધનનો લાભ, રાજાથી આદર, વિદેશમાં ધન અને સ્થાનની પ્રાપ્તિ થાય છે. જો બળવાન બનીને કેન્દ્ર કે ત્રીજા સ્થાનમાં હોય તો પરાક્રમથી ધનલાભ, શત્રુઓ પર વિજય, સ્ત્રી, પુત્ર આદિનું સુખ પરંતુ દશાના અંતમાં કષ્ટ પણ પડે એમ કહેવું.

જો તે પોતાના નીચ આદિ અશુભ સ્થાનમાં હોય, નિર્બળ હોય કે પાપ ગ્રહોની સાથે હોય કે તેમનાથી દૃષ્ટ હોય તો એની દશામાં ધનહાનિ, કષ્ટ, આદિ અશુભ ફળ સમજવું જોઈએ. (૨૭ ૩૬)

હવે હું રાહુનું ફળ સમજવા માટે પહેલા રાહુ-કેતુના ગૃહ-ઉચ્ચાદિ કહું છું. રાહુના ઉચ્ચ વૃષભ અને કેતુના ઉચ્ચ વૃશ્ચિક છે. રાહુનો મૂળ ત્રિકોણ મિથુન અને કેતુનો ધન છે. રાહુનું ગૃહ કુંભ

અને કેતુનું ગૃહ વૃશ્ચિક છે. કોઈએ કન્યા રાહુનું અને મીન કેતુનું સ્થાન કહેલ છે. રાહુ ઉચ્ચાદિમાં હોય તો એની દશામાં ધન-ધાન્યાદિનું બહુ સુખ થાય છે. મિત્ર અને રાજાની સહાયતાથી સ્વારી, નવીન ઘરનું નિર્માણ, સંતાન, ધર્મબુદ્ધિ, વિદેશમાં રાજાથી સન્માન, ધન, વસ્ત્ર આદિનો લાભ, શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો ૧-૪-૭-૧૦-૧૧-૩ સ્થાનમાં, શુભ રાશિમાં હોય તો રાજાઓની કૃપાથી સર્વ સુખ, વિદેશના યવનાધીશથી ધનલાભ અને ઘરમાં કલ્યાણ થાય છે. (૩૪-૩૯½)

જો રાહુ ૮-૧૨ સ્થાનમાં હોય તો એની દશામાં કષ્ટ, પાપ ગ્રહ કે કારક ગ્રહ સાથે સંબંધ હોય કે નીચમાં હોય તો સ્થાનનો નાશ. માનસિક વ્યથા, સ્ત્રી પુત્ર આદિને કષ્ટ, કુભોજન, દશાના આરંભમાં ધનની હાનિ, દશાની મધ્યમાં કંઈક સુખ, પોતાના દેશમાં ધનલાભ અને દશાના અંતમાં પણ કષ્ટ અને ચિન્તા થાય છે. (૪૦-૪૩)

ગુરુની દશામાં ફળ

હવે જે બધા ગ્રહોમાં વિશેષ શુભપ્રદ કહેવાય છે. આ સુરેન્દ્ર ગુરુની દશાનાં ફળ કહું છું. (૪૪)

ગુરુ જો પોતાના ઉચ્ચ, પોતાના ગૃહ, કેન્દ્ર, ૧૧-૫-૬ મૂલ ત્રિકોણ, પોતાના નવાંશ. ઉચ્ચના નવાંશમાં હોય તો રાજ્યલાભ, મહાસુખ, રાજાથી આદર, વાહન અને વસ્ત્રનો લાભ, દેવબ્રાહ્મણમાં ભક્તિ, સ્ત્રીપુત્રાદિ સુખ, યજ્ઞકાર્યમાં સફળતા આદિ શુભ ફળ મળે છે. (૪૫-૪૮½)

જો ગુરુ નીચમાં અસ્ત કે પાપગ્રહની સાથે હોય કે ૮-૧૨ સ્થાનમાં હોય તો સ્થાનનો નાશ, ચિન્તા, પુત્ર, દિને કષ્ટ, પશુઓને હાનિ, તીર્થાટન થાય છે. માત્ર દશાના આરંભમાં જ કષ્ટ થાય છે.

મધ્ય અને અન્તમાં ધનલાભ, રાજસન્માન આદિ સુખ થાય છે. (૪૬–૫૧)

શનિની દશાનાં ફળ

હવે જે સર્વ ગ્રહોમાં હીન કહેવાય છે એ શનિની દશાનાં ફળ કહું છું. ૫૨

શનિ જો પોતાના ઉચ્ચ, પોતાના ગૃહ, મિત્રની રાશિ, મૂલ ત્રિકોણ, ઉચ્ચના અંશ, પોતાના અંશમાં ૩–૧૧ સ્થાનમાં હોય તો એની દશામાં રાજસન્માન, ઐશ્વર્ય, યશ, વિદ્યા, વાહન, ભૂષણ, આદિનો લાભ, રાજની કૃપા, સેનાપતિપદ, રાજ્યલાભ, ઘરમાં લક્ષ્મીની કૃપાથી કલ્યાણ સંપત્તિ, પુત્રાદિનો લાભ થાય છે (૫૩–૫૬)

શનિ જો ૬–૮–૧૨ સ્થાનમાં હોય, નીચમાં કે અસ્તમાં હોય તો વિષ, શસ્ત્રથી પીડા, સ્થાનનો નાશ, ભય, માતાપિતાનો વિયોગ, સ્ત્રી પુત્રાદિને કષ્ટ, રાજ તરફથી ખરાબ કામ, અનિષ્ટ તથા બંધન થાય. શનિ જો શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય, કેન્દ્ર ત્રિકોણમાં હોય કે મીન અને ધનમાં હોય તો રાજલાભ વાહન અને વસ્ત્રનો લાભ થાય છે. (૫૭–૬૦)

બુધની દશાનાં ફલ

હવે ગ્રહોમાં જે કુમાર કહેવાય છે એ બુધની દશાનાં ફળ કહું છું.

બુધ જો પોતાના ઉચ્ચ, પોતાના ગૃહ કેન્દ્ર, ૧૧–૫–૯, મિત્રની રાશિમાં હોય તો એની દશામાં ધનલાભ, સુયશ, જ્ઞાનવૃદ્ધિ, રાજની કૃપા, શુભ કાર્ય, પુત્ર, સ્ત્રી આદિનું સુખ, આરોગ્ય, મિષ્ટાન્ન ભોજન, વ્યાપારમાં લાભ થાય. જો તે શુભ ગ્રહથી દૃષ્ટ હોય, ભાગ્યના સ્થાનમાં હોય, દસમા સ્થાનનો સ્વામી હોય તો ઉપરોકત ફલ પૂર્ણ અને પરમ સુખનો લાભ થાય છે. (૬૨–૬૫)

જો બુધ પાપગ્રહની સાથે હોય તો રાજદંડ, ચિન્તા, બંધુઓથી વિરોધ, વિદેશગમન, પરાધીનતા, મૂત્ર કૃચ્છ રોગનો ભય થાય છે. જો ૬-૮-૧૨મા સ્થાનમાં હોય તો લાભ, ભોગ અને ધનનો નાશ, વાત અને પાંડુરોગ, રાજા, ચોર અને અગ્નિનો ભય તથા પશુ અને ભૂમિનો નાશ થાય છે. બુધની દશાના આરંભમાં ધન તથા વિદ્યાનું સુખ, પુત્ર સુખ, કલ્યાણ અને મધ્યમાં રાજસન્માન તથા દશાના અન્તમાં કષ્ટ થાય છે. (૬૬-૭૦)

કેતુની દશાનાં ફળ

કેતુ કેન્દ્ર, ત્રિકોણ કે ૧૧મા સ્થાનમાં હોય કે શુભ રાશિમાં, પોતાના ઉચ્ચમાં, પોતાના ગૃહમાં હોય તો એની દશામાં રાજા સાથે પ્રીતિ, મનોનુકૂલ દેશ, ગામ પર આધિપત્ય, વાહન અને પુત્રોથી સુખ, વિદેશથી લાભ, સ્ત્રીસુખ અને પશુઓનો લાભ થાય છે. જો ૩-૬-૧૧ સ્થાનમાં હોય તો એની દશામાં રાજ્ય લાભ, મિત્રોથી સુખ, હાથી આદિ સ્વારીનો લાભ થાય છે. કેતુની દશામાં શરૂઆતના ભાગમાં, રાજયોગની દશાના મધ્યમાં ભય અને અંતમાં દૂરગમન, રોગભય તથા ૨-૮-૧૨ સ્થાનમાં કેતુ હોય કે પાપગ્રહની સાથે કે તેનાથી દષ્ટ હોય તો બંધન અને સ્થાનનો નાશ, ચિન્તા, નીચ લોકોનો સંગ તથા રોગનો ભય થાય છે. (૭૧-૮૪)

શુક્રની દશાનાં ફળ

શુક્ર પોતાના ઉચ્ચ, પોતાના ગૃહ કે ત્રિકોણમાં હોય તો એની દશામાં વસ્ત્ર, ભૂષણ, વાહન, પશુ, ભૂમિ આદિનો લાભ, નિત્ય મિષ્ટાન્નનું ભોજન, સાર્વભૌમ રાજાથી સન્માન, ઘરમાં લક્ષ્મીની કૃપાથી નૃત્ય-ગાન-ઉત્સવ થાય છે. શુક્ર જો પોતાના મૂલ ત્રિકોણમાં હોય તો એની દશામાં જરૂર રાજ્ય, ધન અને ઘરનો લાભ, ઘરમાં પુત્રપૌત્રાદિ જન્મ, વિવાહ આદિ ઉત્સવ, સેનાપતિત્વ, મિત્રોનું આગમન, નષ્ટ, રાજ્ય અને ધનની પ્રાપ્તિ થાય છે. (૭૯-૮૨½)

જો શુક્ર ૬-૮-૧૨મા સ્થાનમાં હોય તો એની દશામાં બંધુઓમાં દ્વેષ, સ્ત્રીને પીડા, વ્યાપારમાં હાનિ, પશુઓનો નાશ તથા બંધુઓનો વિયોગ થાય છે. (૮૩-૮૪½)

જો શુક્ર નવમા સ્થાનનો સ્વામી કે દસમા સ્થાનનો સ્વામી થઈને ચોથા સ્થાનમાં કે લગ્નમાં હોય તો એની દશામાં ગામની આગેવાની, દેવાલય, જળાશય આદિનું નિર્માણ, અન્નદાન આદિ પુણ્યકાર્ય, નિત્ય મિષ્ટાન્ન ભોજનનો લાભ, કાર્યમાં ઉત્સાહ, કીર્તિ તથા સ્ત્રી, પુત્ર આદિથી સુખ થાય છે.

(૮૫-૮૭)

આવી રીતે શુક્રની અંતર્દશાનાં ફળ પણ હોય છે. શુક્ર જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો એની દશામાં શારીરિક પીડા થાય છે એની શાન્તિ માટે શતરુદ્રીય કે મૃત્યુંજય જપ આદિ ધર્માનુષ્ઠાન, ગોદાન કે ભેંસનું દાન કરવું જોઈએ. આવી રીતે આરોગ્યનો લાભ થાય છે. (૮૮-૮૯)

"બૃહત પારાશરી"માં સામાન્ય નક્ષત્ર અને દશાનાં ફળ વિશે વિચાર નામનો સુડતાલીસમો અધ્યાય સંપૂર્ણ

卐

અધ્યાય : ૪૮

પરાશર બોલ્યા :

સ્થાનના સ્વામીના સંબંધથી જે ફળ મળે છે અને જે સ્થાનની સ્થિતિને વશ જ હોય છે એમ પ્રાચીન ઋષિઓએ કહ્યું છે તે હવે હું જણાવું છું (૧)

લગ્નના સ્વામીની દશામાં દેહસુખ, ધન સ્થાનના સ્વામીની દશામાં કષ્ટ, મૃત્યુ ભય, ત્રીજા સ્થાનના સ્વામીની દશામાં અશુભ, ચોથા સ્થાનના સ્વામીની દશામાં ગૃહસુખ, ભૂમિ લાભ, પાંચમા સ્થાનના સ્વામીની દશામાં વિદ્યા તથા પુત્રસુખની પ્રાપ્તિ, છઠ્ઠા સ્થાનના સ્વામીની દશામાં રોગ અને શત્રુનો ભય થાય છે. (૨-૪)

સાતમા સ્થાનના સ્વામીની દશામાં સ્ત્રીને કષ્ટ, પોતાના મરણનો ભય, આઠમા સ્થાનના સ્વામીની દશામાં મૃત્યુનો ભય, ધન હાનિ, નવમા સ્થાનના સ્વામીની દશામાં વિદ્યા, ધર્મલાભ, અનાયાસ ધનની પ્રાપ્તિ, દસમા સ્થાનના સ્વામીની દશામાં રાજ સન્માન, અગિયારમા સ્થાનના સ્વામીની દશામાં લાભમાં અડચણ, રોગનો

ભય અને બારમા સ્થાનના સ્વામીની દશામાં રોગનો ભય અને કષ્ટ થાય છે આ પ્રકારે જે ગ્રહ દશાના આરંભકાળમાં ત્રિકોણ આદિ શુભ સ્થાનમાં હોય તો એનું પણ શુભ દશા ફળ થાય છે અને જે ૬–૮ આદિ અશુભ સ્થાનમાં હોય તો એનું ફળ અશુભ આવે છે. એટલે જન્મ અને દશાનો આરંભ બંને કાળની સ્થિતિથી ફળ કહેવું જોઈએ. (૫–૮)

પાંચમા સ્થાનના સ્વામીની સાથે નવમા સ્થાનનો સ્વામી અને દસમા સ્થાનના સ્વામીની દશા અત્યન્ત શુભદાયક તથા પાંચમા સ્થાનના સ્વામીની સાથે અન્ય ગ્રહ પણ હોય તો એની દશા પણ શુભદાયક થાય છે. નવમા સ્થાનના સ્વામીની સાથે દસમા સ્થાનનો સ્વામી હોય અને ચોથા સ્થાનના સ્વામીની દશા પરમ શુભદાયક થાય છે અને કેન્દ્ર સ્થાનમાં રહેલ ત્રિકોણના સ્વામીની તથા ત્રિકોણ સ્થાનમાં રહેલ કેન્દ્રના સ્વામીની દશા અત્યન્ત શુભદાયક થાય છે. (૯–૧૩)

જો ૬–૮–૧૨ એ દુષ્ટ સ્થાનોના સ્વામી પણ ત્રિકોણની સાથે હોય તો એમની દશા પણ શુભદાયક થાય છે. કેન્દ્રનો સ્વામી ત્રિકોણમાં અને ત્રિકોણનો સ્વામી જો કેન્દ્રમાં હોય, જો કોઈ અન્ય ગ્રહની સાથે હોય તો એ (અન્ય) ગ્રહની દશા પણ શુભદાયક થાય છે અથવા કેન્દ્રના સ્વામી કે ત્રિકોણના સ્વામીથી દૃષ્ટ પણ કોઈ ગ્રહ હોય તો એની દશા પણ શુભદાયક થાય છે. લગ્નનો સ્વામી નવમા સ્થાનમાં અને નવમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો એ બંનેની દશા પરમ સુખદાયક થાય છે. દસમા સ્થાનનો સ્વામી લગ્નમાં અને લગ્નનો સ્વામી દસમા સ્થાનમાં હોય તો એ બંનેની દશામાં જરૂર રાજ્યલાભ થાય છે. (૧૪–૧૭½)

તથા ૩-૬-૧૧ એ સ્થાનોના સ્વામી કે એ સ્થાનોમાં રહેનાર કે એ સ્થાનોના સ્વામીની સાથેના ગ્રહોની (શુભ ગ્રહ હોય તો પણ) અશુભદાયક દશા થાય છે. મારક (૨-૭) સ્થાનમાં મારકના સ્વામીની સાથે કે સ્થાનમાં જે ગ્રહ હોય તેની દશા અશુભદાયક થાય છે. આવી રીતે સ્થાન અને પરસ્પર સંબંધથી ગ્રહોના તારતમ્યથી શુભ કે અશુભ દશાનું ફળ સમજવું જોઈએ.

"બૃહત પારાશરી"માં વિશેષ નક્ષત્ર અને દશાફલનો વિચાર નામનો અડતાલીસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૪૯

કાળચક્ર દશાફળ

પરાશર બોલ્યા :

હે ઉત્તમ વિપ્ર, હવે હું કાળચક્રની દશાના ફળ કહું છું. જે રાશિનો સ્વામી કે જે રાશિમાં સૂર્ય રહેતો હોય એની દશામાં રક્ત પિત્તથી પીડા થાય છે. ચન્દ્ર હોય તો એ રાશિની દશામાં ધન, કીર્તિ, પુત્ર આદિની વૃદ્ધિ અને વસ્ત્રલાભ થાય છે. મંગળ હોય તો જ્વર, પિતપ્રકોપ, ગુમડા થાય છે. બુધ હોય તો સંતાનની વૃદ્ધિ, ગુરુ હોય તો પશુ ધન અને સંતાનની વૃદ્ધિ, સુખભોગ, શુક્ર હોય તો વિદ્યાની વૃદ્ધિ, વિવાહ, ધન અને શનિ હોય તો વિવિધ પ્રકારના કષ્ટ થાય છે. (૧–૫)

દરેક રાશિમાં નવાંશનાં ફળ

મેષના નવ ચરણોનાં ફળ

મેષ રાશિમાં મેષાંશની કાળચક્ર દશામાં રક્તપિત્તથી પીડા, વૃષભના અંશની દશામાં ધન ધાન્યની વૃદ્ધિ, મિથુન અંશની દશામાં જ્ઞાનની વૃદ્ધિ, કર્કના અંશની દશામાં ધનલાભ, સિંહના અંશની દશામાં શત્રુભાવ, કન્યાના અંશની દશામાં સ્ત્રી કષ્ટ, તુલામાં રાજાથી ઉચ્ચ

પદનો લાભ, વૃશ્ચિકમાં મરણ (કષ્ટ આદિ) અને ધનની દશામાં ધનલાભ. આ પ્રમાણે મેષના નવ ચરણોની દશામાં ફળ સમજવું (૬-૭)

વૃષભમાં નવાંશરાશિગત દશાફળ

વૃષભગત મકરની નવાંશદશામાં અનુચિત કર્મમાં પ્રવૃત્તિ અને એના અશુભ ફળ, કુંભની દશામાં વ્યાપારમાં લાભ, મીનની દશામાં સર્વ કાર્યોમાં સફળતા, વૃશ્ચિકની દશામાં અગ્નિનો ભય, તુલાની દશામાં રાજા તરફથી સન્માન, કન્યાની દશામાં શત્રુઓનો વધારો, કર્કની દશામાં સ્ત્રીને કષ્ટ, સિંહની દશામાં નેત્રરોગ, મિથુનની દશામાં આજીવિકામાં અડચણ થાય છે. આવી રીતે વૃષભગત ૯ નવમાંશોની મહાદશાનાં ફળ સમજવાં જોઈએ. (૮-૧૦)

મિથુનગત નવાંશરાશિગત દશાફળ

મિથુનગત વૃષભની નવાંશ દશામાં ધનલાભ, મેષની દશામાં જ્વર રોગ, મીનની દશામાં મામા સાથે પ્રેમ, કુંભની દશામાં શત્રુની વૃદ્ધિ, મકરની દશામાં ચોરનો ભય, ધનરાશિની દશામાં શસ્ત્રવૃદ્ધિ, મેષની દશામાં શસ્ત્રઘાત, વૃષભની દશામાં કલહ અને મિથુનની દશામાં સુખ થાય છે. (૧૧-૧૨)

કર્કગત નવાંશરાશિગત દશાફળ

કર્કની નવાંશ દશામાં કષ્ટ, સિંહની દશામાં રાજાનો કોપ, કન્યાની દશામાં બંધુઓનો આદર, તુલાની દશામાં પરોપકાર, વૃશ્ચિકની દશામાં પિતાને તકલીફ, ધનની દશામાં જ્ઞાન અને ધનની વૃદ્ધિ, મકરની દશામાં જળથી ભય, કુંભની દશામાં અન્નની વૃદ્ધિ અને મીનની દશામાં સુખસંપત્તિની વૃદ્ધિ થાય છે. (૧૩-૧૫)

સિંહગત નવાંશ રાશિગત દશાફલ

સિંહગત વૃશ્ચિકની નવાંશ દશામાં કલહ અને કષ્ટ, તુલાની

દશામાં વિશેષ લાભ, કન્યાની દશામાં પણ લાભ, કર્કની દશામાં વનચરોનો ભય, સિંહની દશામાં પુત્રલાભ, મિથુનની દશામાં શત્રુની વૃદ્ધિ, વૃષભની દશામાં પશુઓનો લાભ, મેષની દશામાં પશુઓનો ભય અને મીનની દશામાં દૂર યાત્રા થાય છે. (૧૬–૧૭)

કન્યાગત નવાંશરાશિગત દશાફલ

કુંભની દશામાં ધનલાભ, મકરની દશામાં દ્રવ્યલાભ, ધનની દશામાં બંધુઓનો સમાગમ, મેષની દશામાં માતાનું સુખ, વૃષભની દશામાં પુત્રસુખ, મિથુનની દશામાં શત્રુની વૃદ્ધિ, કર્કની દશામાં સ્ત્રી સાથે પ્રેમ, સિંહની દશામાં રોગની વૃદ્ધિ અને કન્યાની દશામાં પુત્રની વૃદ્ધિ થાય છે. (૧૮–૧૮½)

તુલાગત નવાંશરાશિગત દશાફલ

તુલાની નવાંશ દશામાં ધનલાભ, વૃશ્ચિકની દશામાં બંધુસુખ ધનમાં પિતાનું સુખ, મકરમાં માતા સાથે વિરોધ, કુંભમાં પુત્રનો અને ધનનો લાભ, મીનમાં શત્રુ સાથે વિરોધ વૃશ્ચિકમાં સ્ત્રી સાથે વિરોધ, તુલામાં જલથી ભય અને કન્યાની નવાંશ દશામાં ધનની વૃદ્ધિ થાય છે. (૨૯–૨૨)

વૃશ્ચિકગત નવાંશ રાશિગત દશાફલ

વૃશ્ચિકગત કર્કની નવાંશ દશામાં ધનલાભ, સિંહની દશામાં રાજા સાથે વિરોધ, મિથુનની દશામાં જમીનનો લાભ, વૃષભની દશામાં દ્રવ્યલાભ, મેષની દશામાં સર્પ આદિથી ભય, મીનની દશામાં સર્પથી ભય, કુંભની દશામાં વ્યાપારથી લાભ, મકરની દશામાં રોગભય, ધનની દશામાં ધનલાભ થાય છે. (૨૩–૨૪½)

ધનગત નવાંશ રાશિગત દશાફલ

ધન રાશિમાં રહેલ મેષની દશામાં ધનલાભ, વૃષભની દશામાં

જમીનની વૃદ્ધિ, મિથુનની દશામાં સર્વ કાર્યમાં સિદ્ધિ, સિંહની દશામાં આગળના ધનની વૃદ્ધિ, કન્યાની દશામાં કલહ, તુલાની દશામાં ધનલાભ, વૃશ્ચિકની દશામાં રોગથી ભય અને ધનની નવાંશ દશામાં પુત્રસુખ થાય છે. (૨૫–૨૭)

મકરગત નવાંશ રાશિગત દશાફલ

મકરમાં રહેલ મકરની નવાંશ દશામાં ધાન્ય લાભ, મીનની દશામાં કલ્યાણની વૃદ્ધિ, વૃશ્ચિકની દશામાં વિષભય, તુલાની દશામાં ધનનો લાભ, કન્યાની દશામાં શત્રુઓની વૃદ્ધિ, કર્કની દશામાં સંપત્તિનો લાભ, સિંહની દશામાં વનચરોનો ભય અને મિથુનની દશામાં વૃક્ષોનો ભય રહે છે. (૨૮–૨૯½)

કુંભગત નવાંશ રાશિગત દશાફળ

કુંભમાં રહેલ વૃષભના નવાંશની દશામાં ધનલાભ, મેષની દશામાં નેત્ર રોગ, મીનની દશામાં દૂર યાત્રા, કુંભની દશામાં ધનવૃદ્ધિ, મકરની દશામાં સર્વસિદ્ધિ, ધનમાં શત્રુની વૃદ્ધિ, મેષની દશામાં સુખનાશ, વૃષભની દશામાં મૃત્યુ અને મિથુનની અંતર્દશામાં કલ્યાણ થાય છે. (૩૦–૩૨)

મીનગત નવાંશ રાશિગત દશાફળ

મીનગત કર્કની દશામાં ધનવૃદ્ધિ, સિંહની દશામાં રાજાથી આદર, કન્યાની દશામાં ધન લાભ, તુલાની દશામાં સર્વલાભ, વૃશ્ચિકની દશામાં જ્વર, ધનની દશામાં શત્રુવૃદ્ધિ, મકરની દશામાં સ્ત્રીથી વિરોધ, કુંભની દશામાં જળથી ભય અને મીનની દશામાં સર્વ પ્રકારના સૌભાગ્યની વૃદ્ધિ થાય છે. (૩૩–૩૪½)

આવી રીતે જન્મસમયના નક્ષત્રના ચરણપક્ષ કાલચક્ર દ્વારા નવાંશ રાશિઓની દશા અને એમના સમયનું જ્ઞાન મેળવી જીવનભરનું ફલાદેશ અને પાપદશામાં ધર્માનુષ્ઠાન કરવું જોઈએ. (૩૫½)

જે ફળ રાજયોગાદિમાં કહેલ છે અથવા જે સંજ્ઞાધ્યાયમાં કહેલ છે એ સર્વને આ ચક્રદશા, અંતર્દશામાં પોતાની બુદ્ધિથી જાણવું જોઈએ. આવી રીતે મે સંક્ષેપમાં ચક્રદશાનું ફળ કહ્યું છે.

(૩૭)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં કાળચક્રની દશાફળનો વિચાર નામનો ઓગણપચાસમો અધ્યાય સંપૂર્ણ

*

અધ્યાય : ૫૦

ચર આદિ ફળ

પરાશર બોલ્યાઃ

હે દ્વિજ, અગાઉ મેં જે ચર આદિ દશા કહી છે એમનાં ફળ કહું છું. રાશિઓના દશાફળ રાશિઓની સ્વામીના બળ અને શુભત્વ કે અશુભત્વ અનુસાર પોતાની બુદ્ધિથી સમજવાં જોઈ એ. રાશિના સ્વામી પૂર્ણ બળવાન હોય તો પૂર્ણ ફલ, મધ્ય બળવાન હોય તો મધ્યમ ફળ અને અલ્પ બળવાન હોય તો અલ્પ ફળ મળે છે (૧-૩)

જે દશાપ્રદથી ૮-૫-૯માં પાપગ્રહ હોય એની રાશિની દશા કષ્ટપ્રદ સમજવી. જેનાથી ૩-૬ સ્થાનમાં પાપગ્રહ હોય એની દશામાં જય અને સુખ થાય છે. જો ૩-૬માં શુભગ્રહ હોય તો એની દશામાં પરાજય થાય છે. દશાપ્રદ રાશિથી ૧૧મા સ્થાનમાં શુભ કે પાપગ્રહ કોઈ હોય તો એની દશામાં વિજય, સુખ આદિ મળે છે. જો દશાપ્રદ રાશિ શુભ ગ્રહની સાથે કે શુભ ગ્રહનું ગૃહ હોય તો એનું દશાફળ શુભ આવે છે. શુભ ગ્રહની રાશિ પાપયુક્ત હોય તો પહેલાં શુભ, પછી ખરાબ ફળ,જો પાપની રાશિ શુભગ્રહ યુકત હોય તો પહેલાં શુભ અને પછી અશુભ ફળ થાય છે. પાપરાશિ પાપગ્રહની સાથે હોય તો સદા અશુભ તથા શુભ રાશિ શુભ ગ્રહની સાથે

હોય તો સદા શુભ ફળ મળે છે. જો શુભની રાશિ પાપ અને શુભ બંનેની સાથે હોય તો એની દશામાં પહેલાં કષ્ટ અને પછી સુખ થાય છે. (૪–૧૦)

જન્મકાળમાં જે રાશિના ગ્રહ હોય તથા દશાસમયમાં રાશિના ગ્રહગોચરની જેવી સ્થતિ હોય એ બંનેના તારતમ્યથી ફલાદેશ કરવો. જેમકે જન્મકાળમાં રાશિ શુભાક્રાન્ત હોય અને દશાસમયમાં પણ શુભાક્રાન્ત હોય તો પૂર્ણ શુભ ફળ, બંને સમયે પાપક્રાન્ત હોય તો પાપફળ ઇત્યાદિ વિચાર કરીને કહેવા. (૧૧–૧૭)

જે રાશિ શુભ ગ્રહની સાથે હોય અને જેની પાછળ સ્થાનમાં શુભ ગ્રહ હોય એની દશા શુભદાયક પાપયુક્ત હોય તો અશુભપ્રદ. જેનાથી પાંચમા, નવમા સ્થાનમાં શુભ ગ્રહ હોય એની દશા શુભ દાયક અને પાપગ્રહ હોય તો અશુભદાયક થાય છે (૧૮–૧૯)

મેષ, કર્ક, તુલા અને મકર એ ચાર ચર રાશિઓના ક્રમથી કુંભ, વૃષભ, સિંહ અને વૃશ્ચિક એ બાધાસ્થાન છે. અર્થાત પોત-પોતાના અગિયાર સ્થાન રાશિઓના બાધાસ્થાન છે. દશાપ્રદ રાશિના સ્વામી જે સ્થાનમાં હોય એ સ્થાનમાં કે બાધક સ્થાનમાં પાપગ્રહ હોય તો એ રાશિની દશામાં મહાશોક, બંધન, રોગ આદિનો ભય થાય છે. (૨૦–૨૧)

જે રાશિમાં પોતાના ઉચ્ચ કે સ્વગૃહના ગ્રહ હોય એ રાશિની દશા શુભપ્રદ અને જે રાશિ ગ્રહરહિત હોય એની દશા શુભ બનતી નથી. (૨૨)

જે રાશિમાં બાધકસ્થાન ૧૨–૬–૮ એ સ્થાનમાં રાહુ હોય એની દશાન્તર્દશામાં મહાભય, યાત્રામાં બંધન, રાજભય અને શત્રુ-ભય થાય છે. જેમાં સૂર્ય, મંગળ, રાહુ, શનિ હોય એ રાશિની અંતર્દશામાં રાજકોપથી હાનિ અને ભય થાય છે. અંતર્દશા રાશિથી

૫-૯માં નીચ રાશિમાં રહેલ ગ્રહ કે પાપગ્રહ હોય તો મૃત્યુનો ભય કહેવો. (૨૩-૨૫)

અંતર્દશા રાશિમાં કે એનાથી ત્રિકોણમાં જે પોતાનો ઉચ્ચનો ગ્રહ હોય તો સુખલાભ, નગર કે ગામની આગેવાની, પુત્ર સુખ, ધન પ્રાપ્તિ, કલ્યાણ, પરમ ભાગ્યનો ઉદય, સેનાપતિપદ અને સર્વત્ર ઉન્નતિ થાય છે. દશાનો સ્વામી ગ્રહ કુંભરાશિમાં ગુરુથી દૃષ્ટ હોય તો એની દશામાં ધન, કલ્યાણ અને પુત્રનો લાભ થાય છે (૨૬-૨૮)

હે દ્વિજ, વૃષભ, તુલા, મકર, કુંભ અને મિથુનના સૂર્યની શત્રુ રાશિઓ છે અને ચન્દ્રાદિની શત્રુ રાશિઓ સ્પષ્ટ છે. અર્થાત્ શત્રુ રાશિઓમાં ગ્રહના યોગ હોય તો એની દશા અશુભ થાય છે. એટલા માટે એમનો વિચાર કરીને જ રાશિ અને ગ્રહોનાં દશાફલ કહેવાં. (૨૯-૩૨)

જે ગ્રહ રાજયોગકારક, જે શુભ ગ્રહોની વચમાં હોય, જેનાથી ૨-૩-૪થા સ્થાને શુભ ગ્રહ હોય એ ગ્રહોની દશામાં શુભ ફળ કહેવું. બે શુભ ગ્રહોની વચમાં પડવાથી પાપગ્રહ પણ શુભ ફળ આપે છે. (૩૩-૩૪)

જેની દશાના આરંભ અને સમાપ્તિના સમયમાં પોતાના મિત્ર અને શુભ ગ્રહનો સંબંધ હોય એની સમસ્ત દશા શુભપ્રદ થાય છે. અશુભદાયક દશામાં પણ શુભદાયક (ગ્રહ કે રાશિની) અંતર્દશા શુભ જ થાય છે. તથા જેનાથી ૫-૯ સ્થાનમાં શુભ ગ્રહ હોય એની પણ દશા શુભદાયક થાય છે. આવી રીતે પ્રત્યેક રાશિના આરંભ અને અન્ત સમયની સ્થિતિ વશ દશાના વિભાગ (આદિ કે અન્ત)માં શુભ અને અશુભ ફળ સમજવું. (૩૫-૩૬)

દશાના આરંભના સમયમાં પણ જેના ત્રિકોણમાં શુભ હોય એની દશા શુભદાયક, શુભ રાશિમાં શુભ રાશિની દૃશ્યનો આરંભ

હોય તો તે અત્યન્ત શુભદાયક થાય છે. શુભ રાશિમાં પાપદશાનો આરંભ થવાથી તે શુભદાયક છે તો પછી શુભ રાશિની દશાના આરંભનું શું કહેવું? એટલા માટે આરંભકાળ જોઈને જ ફળ કહેવું. આરંભમાં પાપરાશિ હોય કે એ રાશિનો સ્વામી નીચાદિ સ્થાનમાં હોય તો એ દશામાં ભાગ્યની હાનિ થાય છે. (૩૭-૩૮)

જે રાશિમાં કે જેનાથી ૫-૯ સ્થાનમાં નીચ સ્થાનમાં રહેલા ગ્રહ હોય કે જેના સ્વામી નીચમાં હોય કે નીચમાં રહેલનો સંબંધી હોય એની દશામાં પણ ભાગ્યનો ક્ષય, ધનધાન્યની હાનિ તથા શરીરમાં રોગ ભય કહેવો. (૪૦-૪૧)

કુંભથી ૪ રાશિ રાહુના અને વૃશ્ચિકથી ૪ રાશિ કેતુના સ્વસ્થાન છે. રાહુ, કેતુ સ્વસ્થાનમાં હોય તો એમની દશા શુભદાયક થાય છે. (૪૨)

જે ગ્રહની દશા શુભ કહેવામાં આવી છે તે જો મારક સ્થાનમાં હોય કે જે રાશિમાં દશા સમાપ્ત હોય એના પર શુક્ર કે ચન્દ્રની દૃષ્ટિ હોય તો એ દશામાં રાજા કોપથી ધનનો નાશ કહેવો. શત્રુની રાશિમાં કે રાહુની સાથેની કે તેનાથી દૃષ્ટ રાશિમાં દશાનો અન્ત થવાથી રાજકોપથી ધનનો નાશ કહેવો. પરંતુ હે ઉત્તમ વિપ્ર, આ ફળ શનિની દશામાં મળતું નથી. મકર રાશિની દશામાં પણ વિચારવું ન જોઈએ. (૪૩-૪૫)

રાહુની દશાના અન્તમાં સર્વસ્વની હાનિ, બંધન, મરણ, દેશ ત્યાગ અને કષ્ટ થાય છે. જો એનાથી ૫-૯ સ્થાનમાં પાપગ્રહ પણ હોય તો જરૂર કહેલું ફળ મળે છે. આવી રીતે શુભ કે અશુભ ફળ નક્કી કરીને કહેવું. (૪૬-૪૭)

ઉચ્ચ રાહુ આદિ પાપગ્રહની આશ્રિત રાશિના દશાકાળમાં પણ ઉક્ત ફળ કહેવું. કોઈ રાશિના દશારંભ કે દશા સમાપ્તિના

કાળમાં પણ મારક ગ્રહનો યોગ શુભદાયક થતો નથી, એમાં જો રાહુ હોય તો બંધન કે ધનનો નાશ થાય છે. (૪૮-૪૯)

દશાના આરંભમાં જે સ્થાનમાં રાહુ હોય તો એની હાનિ થાય છે—જેવી રીતે બીજા સ્થાનમાં હોય તો ધનની હાનિ થાય છે. ચન્દ્ર અને શુક્ર બંને બારમા સ્થાનમાં હોય તો રાજાના કોપથી હાનિ, મંગળ અને કેતુ હોય તો મરણ કે અગ્નિ ભય થાય છે તથા દશાના આરંભમાં ચન્દ્ર અને શુક્ર ધનભાવમાં હોય તો રાજ્ય લાભ થાય છે. આમ દશાના આરંભમાં કે દશાના અન્તમાં ચન્દ્રમા જે સ્થાનમાં રહે છે એની પુષ્ટિ થાય છે. (૫૦-૫૨)

આવી રીતે વિદ્વાનોએ અર્ગલ ભાવોનાં ફળ પણ કહ્યાં છે. જે રાશિની શુભ (નિરાભાસ) અર્ગલા કારક શુભ કે પાપગ્રહ હોય એનાથી દૃષ્ટ લગ્ન હોય તો એની પ્રબળતા થાય છે. અહીં લગ્ન ઉપલક્ષણ છે. જે ગ્રહમાં નિરાભાસ અર્ગલા હોય એની દૃષ્ટિ જે રાશિ પર હોય એની પ્રબળતા થાય છે અર્થાત એ રાશિની દશા શુભદાયક થાય છે તથા જેના પર શુભાર્ગલ ગ્રહની દૃષ્ટિ ન હોય અને જે રાશિ વિપરીતાર્ગલ હોય એ રાશિની દશા અશુભપ્રદ થાય છે તથા શુભ ગ્રહથી દૃષ્ટ રાશિની દશા પણ જરૂર શુભદાયક થાય છે. (૫૩-૫૫)

જે સ્થાનમાં શુભ સ્વામી કે ઉચ્ચમાં રહેલ ગ્રહનો સંબંધ હોય એ રાશિની દશામાં પૂર્ણ ઐશ્વર્ય હોય છે. જે સ્થાનનો સ્વામી આત્મકારકથી બીજા સ્થાનમાં હોય કે તેને જોતો હોય એની દશામાં વિશેષ ધનલાભ થાય છે. અને બારમા સ્થાનમાં હોય તો એની દશામાં ધનહાનિ થાય છે. જેનાથી પાંચ, નવ સ્થાનમાં પાપગ્રહ હોય તો એની દશામાં શુભ ફળનો નાશ, પુત્ર અને પિતાને કષ્ટ,

મનમાં સંતાપ થાય છે. જે ભાવમાં આઠમા સ્થાનનો સ્વામી; બારમા સ્થાનનો સ્વામી સૂર્ય, મંગળ, શનિ હોય તો એની દશામાં પણ અશુભ ફળ મળે છે. (૫૬–૫૯)

જેના ત્રિકોણમાં કેતુ, રાહુ હોય એની દશામાં પણ પુત્રની પીડા, વિદેશગમન, પદ પદ પર કષ્ટ અને ભય થાય છે. જેનાથી ૬–૮ સ્થાનમાં પાપ, નીચસ્થ, અસ્તગત ગ્રહ હોય તો એની દશામાં શત્રુ, રાજા અને રોગનો ભય કહેવો. જેનાથી ચોથા સ્થાનમાં પાપ, નીચમાં રહેલ ગ્રહ હોય તો એ દશામાં ભૂમિ, ઘર અને ખેતરનો નાશ થાય છે. મંગળ હોય તો અસાવધાનીથી ઘર સળગી જાય છે. શનિ હોય તો હૃદયની વેદના, સૂર્ય હોય તો રાજભય, રાહુ હોય તો સર્વસ્વનો નાશ, વિષ અને ચોરનો ભય કહેવો (૬૦–૬૩)

જેનાથી દસમા સ્થાનમાં રાહુ હોય એની દશામાં પુણ્યતીર્થોની યાત્રા થાય છે. જેનાથી ૧૦, ૧૧, ૯મા સ્થાનમાં શુભ ગ્રહ હોય એની દશામાં વિદ્યા, ધર્મ, ધન, સત્કાર્યથી કીર્તિ તથા પુરુષાર્થની સિદ્ધિ થાય છે જેનાથી ૫, ૭, ૬માં શુભ કે ઉચ્ચસ્થ ગ્રહ હોય એની દશામાં પુત્ર અને સ્ત્રીથી સુખ તથા રાજાથી સત્કાર થાય છે. જે ભાવમાં ૫, ૧૧, ૧૦, ૪, ૯ લગ્ન આ સ્થાનોનો સ્વામી હોય એની દશામાં તે તે સ્થાનોની વૃદ્ધિ યોગબલાનુસાર થાય છે. (૬૪–૬૬½)

જે સ્થાનમાં ગુરુ કે કે શુક્ર અથવા ત્રિકોણનો સ્વામી હોય એની દશામાં કલ્યાણ અને ઐશ્વર્યની વૃદ્ધિ, દેવતા અને બ્રાહ્મણોમાં ભક્તિ થાય છે. જેનાથી ચોથા સ્થાનમાં ઉચ્ચસ્થ કે ત્રિકોણનો સ્વામી હોય એ દશામાં વાહન, પશુ આદિની વૃદ્ધિ થાય છે. એમાં ચન્દ્ર હોય તો અન્ન, ઘી આદિ રસનો લાભ, પૂર્ણ ચન્દ્ર હોય તો

ખજાનાની પ્રાપ્તિ રત્ન, મણિ આદિનો લાભ થાય છે. શુક્ર હોય તો મૃદંગ આદિ વાદ્ય અને ગાનને પ્રોત્સાહન આપનાર થાય. (૬૭–૭૦)

જેનાથી ચોથા સ્થાનમાં ગુરુ હોય એની દશામાં પાલખી આદિ ઉત્તમ સવારીનો લાભ થાય છે. જેમાં લગ્ન, કર્મ, અને ભાગ્યના સ્વામી, પોતાના ઉચ્ચમાં રહેલા, શુભ ગ્રહનો યોગ હોય એની દશામાં સર્વ કાર્યોની સિદ્ધિ, મહા ઐશ્વર્ય, રાજ્ય આદિનો લાભ થાય છે. આવી રીતે તે તે ભાવોનાં ફળનો વિચાર કરવો જોઈએ. (૭૧–૭૨)

એક એક રાશિ કે ગ્રહની દશા (નક્ષત્ર દશા) પોતપોતાના ૧૮ ગુણોના ભેદથી ભિન્ન ભિન્ન પ્રકારથી ફલદાયક થાય છે. જેમ કે પરમ ઉચ્ચ, ઉચ્ચ માત્ર, એનાથી પહેલા કે આગળ, મૂળત્રિકોણ, સ્વરાશિ, અધિમિત્ર રાશિ, તે સમયની મિત્રરાશિ, ઉદાસીન, શત્રુ, અધિશત્રુ, નીચ, એની આગળપાછળ, પરમ નીચના અંશ, નીચ કે શત્રુવર્ગ, પાપયુક્ત, પોતાના વર્ગ, કેન્દ્રગત, ત્રિકોણમાં રહેલ, યુદ્ધમાં પરાજિત, પરમ અસ્તમાં પ્રાપ્ત ગ્રહોની દશા પોતાના ગુણો અનુસાર ફળ આપે છે. (૭૩–૭૭)

જેમ કે જો પરમ ઉચ્ચમાં રહેલ, પૂર્ણ ષડ્બલોથી યુક્ત હોય એ તેની સંપૂર્ણ દશા કહેવાય છે. એમાં રાજ્યલાભ, સુખભોગ, સંપત્તિની વૃદ્ધિ થાય છે. ઉચ્ચ રાશિ માર્ગમાં હોય તો એની દશા પૂર્ણ કહેવાય છે. એમાં પણ ખૂબ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે તથાપિ કંઈક રોગભય થાય છે. પરમ નીચમાં રહેલ અને દુર્બળ ગ્રહની દશા ખાલી કહેવાય છે. એમાં રોગ, ધનહાનિ તથા મૃત્યુભય થાય છે. પરમ ઉચ્ચથી પરમ નીચના મધ્યમાં જે હોય એની દશા અવરોહિણી કહેવડાવે છે. મિત્રોની રાશિ કે ઉચ્ચમાં રહેલ ગ્રહની

દશા મધ્યા કહેવાય છે એ પણ સાધારણ શુભ ફળ આપે છે. પરમ નીચથી પરમ ઉચ્ચ અંશ સુધી મધ્યમાં રહેલ ગ્રહની દશા આરોહિણી કહેવાય છે. નીચ અને શત્રુ નવાંશગત ગ્રહની દશા અધમા કહેવાય છે અને તે ભય, કષ્ટ અને દુઃખ વધારે છે. આ દશા પોત-પોતાના નામ અનુસાર જ ફળ આપે છે. (૭૮–૮૩½)

યોગ, દૃષ્ટિ, કેન્દ્ર, ગૃહ આદિથી જે ભાગ્યના સ્વામી અને ગુરુનો સંબંધ હોય તો અન્ય ગ્રહોની દશામાં ભાગ્યની વૃદ્ધિ થાય છે. જન્મ સમયમાં ભાગ્ય યોગાદિ ફલદાયક ગ્રહ જે હોય તે વક્રતા છોડ્યા બાદ સફળ થાય છે. અને અન્ય ગ્રહોને પણ ફળ આપવામાં નિર્બળતા, અસમર્થતા આદિ યોગ અનુસાર તારતમ્યથી ફલપ્રદ સમ-જવી. તથા આ બધી દશા કેન્દ્ર, પણફર, આપોક્લિમના યોગથી પણ તારતમ્યથી પૂર્ણ, મધ્ય કે અલ્પ ફળવાળી થાય છે.(૮૪–૮૭)

શીર્ષોદય રાશિમાં રહેનાર ગ્રહ દશાના આરંભમાં,] ઉભય ઉદય સ્થિત ગ્રહ દશાના મધ્યમાં અને પૃષ્ઠ તથા ઉદયમાં રહેલ ગ્રહ દશાના અન્તમાં ફલપ્રદ થાય છે. નૈસર્ગિક કે તાત્કાલિક મિત્રોની અંતર્દશામાં બધા ગ્રહ શુભ ફલદાયક થાય છે. શત્રુઓની અંતર્દશામાં અશુભ ફળ આપે છે. (૮૮–૮૯½).

દશાનો સ્વામી જે રાશિમાં હોય એનાથી શરૂ કરીને ક્રમશઃ ૧૨ રાશિઓની અંતર્દશા થાય છે. એમાં પણ જે પોતાના સ્વામી કે મિત્રની સાથે હોય એની અંતર્દશામાં અર્થહાનિ, કલહ, રોગભય, આદિ અશુભ ફળ કહેવાં. જેમાં અષ્ટવર્ગ સંબંધી અધિક શુભ ચિહ્ન હોય તેમાં શુભ, જેમાં અધિક અશુભ ચિહ્ન (રેખા કે બિન્દુ) હોય એની અંતર્દશામાં અશુભ ફળ કહેવું. પોતપોતાના સ્થાનના ક્રમથી (તનુ, ધન આદિ) સ્થાનની કલ્પના કરીને સુત, સ્ત્રી આદિથી

શુભ અને અશુભ પણ સમજવું. જેમ કે સુત સ્થાનને લગ્ન માનીને એનાથી દ્વિતીયા દિને પુત્રના ધનાદિની કલ્પના કરીને પુત્રાદિનું ફળ સમજવું. ગ્રહ અને રાશિઓના જે ધાતુ આદિ કહી ગયા હોય તે તે રાશિઓની અંતર્દશામાં તે તે ધાતુ, આદિથી હાનિ કે વૃદ્ધિ સમજવા જોઈએ. તથા શુભ અને પાપ ભેદ, શુભ ગ્રહ અને પાપગ્રહના યોગ ઇષ્ટ અને અનિષ્ટ સ્થાનભેદથી સર્વ ગ્રહોની અંતર્દશાના શુભ કે અશુભ ફળનો વિચાર કરવો જોઈએ. (૯૦–૯૬)

આવી રીતે રાશિમાં રાશિઓની અંતર્દશા તથા અંતરમાં અન્તર્દશા કલ્પના વિભાગ કરી ફળ કહેવું.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ચર આદિ દશા ફલનો વિચાર નામનો પચાસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૫૧

અન્તર્દશા વિચાર

વિંશોત્તરી આદિ દશામાં અન્તર્દશા સાધનના પ્રકાર

જે ગ્રહની મહાદશામાં અંતર્દશાનું જ્ઞાન કરવાનું હોય એની મહાદશા વર્ષ સંખ્યાને પૃથક પૃથક ગ્રહોની દશા સંખ્યાથી ગુણીને સર્વ ગ્રહોના દશાવર્ષ યોગથી ભાગીને જે ભાગાકાર આવે તે બરાબર અલગ અલગ અંતર્દશાનું પ્રમાણ થાય છે. આવી રીતે અંતર્દશામાં પ્રત્યન્તર બનાવનાર હોય તો અંતર્દશાના પ્રમાણને જ પ્રત્યેક ગ્રહની દશાવર્ષ સંખ્યાથી ગુણીને સર્વની દશાના યોગથી ભાગીને જે ભાગાકાર આવે તે બરાબર અલગ અલગ પ્રત્યન્તર્દશા થાય છે. અને સૂક્ષ્મ દશા આદિ પણ થાય છે.

અન્તર્દશાક્રમ

કોઈની દશામાં પ્રથમ અન્તર્દશા દશાપતિની જ થાય છે. આગળ પુનઃ ક્રમથી બધાથી અંતર્દશા થાય છે. અને પ્રત્યન્તરાદિમાં પણ ક્રમ સમજવો જોઈએ. (૨)

ચરાદિ દશાઓમાં ગ્રહોની અંતર્દશા

ગ્રહોની ચરાદિ દશા કે કેન્દ્રાદિ દશામાં દશામાન તુલ્ય ૯

વિભાગ કરીને અંતર્દશા સમજવી જોઈએ. ત્યાં આરંભમાં દશા પતિની અંતર્દશા થાય છે. ફરી એનાથી કેન્દ્ર સ્થિત ગ્રહોની વળી આપોક્લિમ સ્થિત ગ્રહોની બલ ક્રમથી અંતર્દશા થાય છે. (૩-૪)

રાશિઓની અંતર્દશાનું સાધન

રાશિઓની જેટલી દશાવર્ષ સંખ્યા હોય એની દ્વાદશાંશ પ્રત્યેક રાશિની અંતર્દશા થાય છે. આ પ્રકારે અંતર્દશામાં વિભાગ કરીને પ્રત્યન્તર દશા આદિ સમજવાં જોઈએ. (૫)

રાશિઓની અંતર્દશામાં ગણનાક્રમ

અંતર્દશામાં પહેલી રાશિ અને એનાથી સાતમા સ્થાનમાં જે બળવાન હોય એનાથી આરંભ કરીને દશાશ્રય વિષમ હોય તો ક્રમશઃ, સમ હોય તો ઉત્ક્રમથી સર્વ રાશિઓની અંતર્દશા થાય છે. (૬)

ચરાદિ અંતર્દશામાં વિશેષ

હે વિપ્ર, આ રાશિઓમાં અન્તર્દશા ક્રમમાં જે વિશેષતા હોય એ હું કહું છું. દશાશ્રય રાશિ ચર હોય તો ક્રમ કે ઉત્ક્રમથી ૧૨ રાશિઓની અંતર્દશા થાય છે. જો દશાશ્રય રાશિ સ્થિર હોય તો એમાંથી શરૂ કરીને છઠ્ઠી છઠ્ઠી રાશિઓની અંતર્દશા થાય છે. જો દશાશ્રય રાશિ દ્વિસ્વભાવ હોય તો પહેલાં એની અને એની કેન્દ્ર રાશિઓની, ફરી એનાથી પાંચમા સ્થાનના કેન્દ્રની, ફરી એનાથી નવમા સ્થાનથી કેન્દ્ર રાશિઓની અંતર્દશા થાય છે. ચર, સ્થિર, અને દ્વિસ્વભાવ એ ત્રણેયમાં દશાશ્રય રાશિ વિષમ હોય તે ક્રમથી, અને સમ હોય તો ઉત્ક્રમથી રાશિઓનું ગ્રહણ થાય છે. આવી રીતે લખેલી દશાશ્રય રાશિ પાકરાશિ કહેવાય છે. પ્રથમ પર્યાયમાં જે પાક રાશિ હોય છે ત્યાં તે ભોગરાશિ કહેવાય છે. આગળ પ્રથમ દશાપ્રદ રાશિથી દશાશ્રય રાશિ જેટલી આગળ હોય એટલા જ

આગળ જે રાશિ હોય તે ભોગરાશિ થાય છે. આવી રીતે ચર દશા, સ્થિર દશા અને ત્રિકોણદશામાં પાક અને ભોગની કલ્પના કરવી જોઈએ. પાક અને ભોગરાશિ જો પાપગ્રહની સાથે હોય તો શરીરમાં પીડા અને માનસિક વ્યથા થાય છે. અર્થાત શુભ ગ્રહની સાથે હોય તો શુભ ફળ થાય છે. (૭-૧૨)

પિંડાદિ દશામાં અંતર્દશા કાઢવાની રીત

હવે પિંડ આદિ વિવિધ (પિંડ, અંશ નિસર્ગ) દશામાં અંતર્દશા સાધન વિધિ કહું છું. દશાપતિ પૂર્ણ ભાગ તથા એની સાથે રહેનાર ગ્રહ $\frac{1}{2}$, ત્રિકોણસ્થ $\frac{1}{3}$, ચતુરસ્ત્રમાં રહેલ ગ્રહ $\frac{1}{4}$, સાતમા સ્થાનમાં રહેલ ગ્રહ $\frac{1}{7}$ દશાનો પાચક થાય છે. અન્ય સ્થાનમાં રહેલ અન્તર્દશાપાચક થતો નથી. આવી રીતે લગ્ન સહિત પરસ્પર ઉકત સ્થાનમાં અંતર્દશાના પાચક થાય છે. ઉકત સ્થાનમાં જો એકથી અધિક ગ્રહ હોય તો એમાં જે બળવાન ગ્રહ હોય તે જ એક પાચક થાય છે. આવી રીતે જે ગ્રહની દશામાં પાચક પ્રાપ્ત હોય એના ઉકત અંશનો સમચ્છેદ કરીને છેદનો ત્યાગ કરવો અને જે અંશ પ્રાપ્ત થાય તેનાથી પૃથક દશા વર્ષથી ગુણીને અંશોના યોગથી ભાગવાથી આવતી અંતર્દશાના માન, વર્ષાદિ થાય છે. આવી રીતે અંતર્દશા માપથી પ્રત્યન્તર્દશાદિ પણ શોધી કાઢવા (૧૩-૧૬)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં અંતર્દશા કાઢવાની રીત વિશે વિચાર નામનો એકાવનમો અધ્યાય સંપૂર્ણ.

*

અધ્યાય : ૫૨

સૂર્યમાં સૂર્યનું અંતર

જો સૂર્ય પોતાના ઉચ્ચ કે રાશિમાં કે ૧૧, કેન્દ્ર અને ત્રિકોણમાં હોય તો પોતાની દશા અને પોતાની જ અંતર્દશામાં ધન ધાન્ય લાભ આદિ શુભ તથા નીચાદિ અશુભ રાશિમાં હોય તો અશુભ ફળ આપે છે.

અન્ય સ્થાનમાં હોય તો મધ્યમ ફળ આપે છે. જો સૂર્ય બીજા સ્થાનના સ્વામી કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો એની દશા અન્તર્દશામાં અપમૃત્યુનો ભય થાય છે.

આ દોષના નિવારણ માટે મૃત્યુજય જપ તથા સૂર્યની પૂજા કરાવવી જોઈએ. (૧-૩)

શેખર ભાષ્ય : દરેક મહાદશાનું ફળ વર્ણવ્યા બાદ હવે તેમાં અંતર્દશાનું ફળ વર્ણવ્યું છે. અહીંયાં શુભ ગ્રહની દશામાં શુભ ગ્રહના અંતરનું ફળ શુભ કે અશુભ ગ્રહની દશામાં અશુભનું અંતર અશુભ એમ ફળો ન આપતાં કોઈ પણ ગ્રહની દશામાં કોઈ પણ ગ્રહનું અંતર હોય પણ તે કેન્દ્ર, ત્રિકોણ (૫-૯) કે લાભમાં ઉચ્ચ,

સ્વગૃહી આદિ કે ૬, ૮, ૧૨ કે નીચનો ક્ષીણ અસ્ત હોતા તેના ફળ શુભાશુભ વર્ણવ્યા.

સૂર્યમાં ચંદ્રની અંતર્દશા

સૂર્યની દશામાં ચન્દ્રની અંતર્દશામાં જો ચન્દ્ર કે ત્રિકોણમાં હોય તો વિવાહાદિ ઉત્સવ, ધન, સંપત્તિ, ગૃહ, ભૂમિ, પશુ, વાહન આદિની વૃદ્ધિ થાય છે. જો ચન્દ્ર પોતાના ઉચ્ચ કે પોતાની રાશિમાં હોય તો સ્ત્રીસુખ, ધન, પુત્ર આદિ લાભ તથા રાજાનો સમાગમ અને મહારાજાની કૃપાથી ઈષ્ટની સિદ્ધિથી સુખ મળે છે. (૪–૬)

જો ચન્દ્ર ક્ષીણ કે પાપગ્રહની સાથે હોય તો સ્ત્રી, પુત્ર આદિનો નાશ, રાજા સાથે વિરોધ, ધન ધાન્ય આદિનો નાશ થાય છે. જો ૬–૮–૧૨ સ્થાનમાં હોય તો પાણીનો ભય, માનસિક વ્યથા, બંધન, રોગનો ભય, સ્થાન હાનિ, ખરાબ સ્થાનમાં ગમન, આપ્તજનો સાથે વિવાદ, ખરાબ ભોજન, ચોર આદિથી પીડા તથા રાજાનો કોપ કહેવો તથા મૂત્રકૃચ્છાદિ રોગ અને શરીરમાં પીડા થાય છે. (૭–૧૦)

દસમા સ્થાનથી ૧૧–૯ કેન્દ્રમાં શુભ ગ્રહ હોય તો ભોગ, ભાગ્યનો ઉદય, સન્તોષ, સ્ત્રી, પુત્રના સુખની વૃદ્ધિ, રાજ્યલાભ, સ્થાનલાભ, વિવાહ, યજ્ઞ, આદિ ઉત્સવ, વસ્ત્ર, ભૂષણાદિ લાભ, વાહન લાભ, પુત્રપૌત્રાદિ સુખ થાય છે. (૧૧–૧૨)

દસમા સ્થાનના સ્વામીથી ૬–૮–૧૨ સ્થાનમાં હોય કે નિર્બળ હોય તો એની અંતર્દશામાં ખરાબ ભોજન તથા વિદેશગમન થાય છે. મારકેશની અંતર્દશામાં અપમૃત્યુનો ભય કહેવો. એની શાન્તિ અને સુખ માટે ધોળી ગાય અને ભેંસનું દાન કરવું. (૧૩–૧૪)

મંગળની અંતર્દશા

સૂર્યની મહાદશામાં મંગળની અંતર્દશામાં જો મંગળ પોતાની ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો ભૂમિલાભ, ખેતીથી ધન ધાન્યની વૃદ્ધિ, ગૃહ, ક્ષેત્ર આદિ લાભનું શુભ ફળ કહેવું. મંગળ લગ્નના સ્વામીની સાથે હોય તો સુખ તથા રાજાથી આદર થાય. જો ભાગ્યનો સ્વામી લગ્નના સ્વામીની સાથે હોય તો સર્વથા લાભ, સેનાપતિપદ, શત્રુઓનો નાશ, મનની સ્થિરતા, કુટુંબનું સુખ ભાઈ-ઓની વૃદ્ધિ થાય છે. (૧૫–૧૮)

દશાપતિથી ૧૨–૮ મા સ્થાને રહેલ, પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ, અધિકાર અને બળ વગરનો હોય તો એની અંતર્દશામાં ક્રૂર બુદ્ધિ, માનસિક રોગ, જેલગમન, બન્ધુનાશ, ભાઈઓમાં વિરોધ અને કાર્યનો નાશ કહેવો. (૧૯–૨૦)

મંગળ જો નીચમાં હોય કે દુર્બળ હોય તો રાજા દ્વારા ધનનો નાશ, જો બીજા સ્થાનનો સ્વામી કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શારીરિક અને માનસિક રોગ થાય છે. એટલા માટે આ સમયે વેદપાઠ, જપ, દાન, વૃષોત્સર્ગ આદિ શાન્તિ વિધિપૂર્વક કરવાથી આયુષ્ય, આરોગ્ય અને કાર્યમાં સફળતા મળે છે. (૨૧–૨૨)

રાહુની અંતર્દશા

સૂર્યની દશામાં રાહુની અંતર્દશા હોય અને રાહુ જો લગ્નથી કેન્દ્ર ત્રિકોણમાં હોય તો શરૂઆતમાં બે માસ સુધી ધનહાનિ, ચોર, સર્પ અને ગુમડાનો ભય તથા સ્ત્રી અને પુત્રને કષ્ટ થાય છે. બે માસ બાદ સુખ મળે છે. જો રાહુ શુભ ગ્રહની સાથે હોય કે શુભ નવાંશમાં હોય તો આરોગ્ય, સંતોષ, રાજાની કૃપા આદિ સુખ મળે છે. લગ્નથી ઉપચય (૩–૬–૧૦–૧૧) માં રાહુ હોય કે યોગકારક

ગ્રહની સાથે કે દશાપતિથી શુભ સ્થાનમાં હોય તો રાજાથી માન, ભાગ્યની વૃદ્ધિ, યશ પરંતુ સ્ત્રીપુત્રને કંઈક કષ્ટ, પુત્રજન્મ આદિ ઉત્સવથી ઘરમાં કલ્યાણ થાય છે. (૨૩–૨૬½)

જો દશાના સ્વામી (સૂર્ય)થી રાહુ ૧૨–૮ માં હોય બળહીન હોય તો બંધુના સ્થાનનો નાશ, ચોર, સર્પનો ભય તથા ગુમડાં થાય છે. પરંતુ સ્ત્રી, પુત્રની વૃદ્ધિ થાય છે. પશુ, ઘર, ખેતરનો નાશ, ગુલ્મ, ક્ષય, અતિસાર, આદિ રોગ થાય છે. (૨૭–૨૯)

રાહુ જો ૨–૭ સ્થાનમાં કે એ સ્થાનના સ્વામીની સાથે હોય તો તેની અંતર્દશામાં અપમૃત્યુ તથા સાપનો ભય થાય છે. એની શાંતિ માટે દુર્ગાનું પૂજન, જપ, છ બકરીનું દાન કરવું તથા કાળી ગાય કે ભેંસનું દાન કરવું. આથી જરૂર સુખ અને શાન્તિ મળે છે. (૩૦–૩૧)

ગુરુની અંતર્દશા

સૂર્યની મહાદશામાં ગુરુની અંતર્દશા હોય તથા ગુરુ લગ્નથી કેન્દ્ર ત્રિકોણમાં પોતાના ઉચ્ચ, પોતાના ગૃહ કે મિત્રના વર્ગમાં હોય તો સ્ત્રી લાભ, રાજાની કૃપા, ધનધાન્ય, પુત્રલાભ આદિ સુખ, મહારાજાની કૃપાથી લાભ બ્રાહ્મણને પ્રિય એવું સન્માન અને પ્રિય વસ્ત્ર આદિ લાભ મળે છે. (૩૨–૩૩½)

ભાગ્યેશ જો રાજ્યેશ હોય તો રાજ્યલાભ, પાલખી આદિ સ્વારીનો લાભ તથા સ્થાનપ્રાપ્તિ થાય છે. દસમા સ્થાનના સ્વામીથી શુભ સ્થાનમાં હોય તો ભાગ્યની વૃદ્ધિ, દાનધર્મ, દેવપૂજા, ગુરુભક્તિ, મનની સિદ્ધિ તથા પુણ્યકર્મ થાય છે. (૩૪–૩૬)

જો દશમા સ્થાનના સ્વામીથી ગુરુ ૬–૮ સ્થાનમાં હોય કે પાપગ્રહની સાથે હોય તો સ્ત્રી-પુત્રને કષ્ટ, શરીરમાં પીડા, રાજાનો ભય, ઇષ્ટ કાર્યની હાનિ, પાપકર્મથી ધનનો નાશ, શરીરમાં કષ્ટ તથા માનસિક ચિન્તા થાય છે. એની શાન્તિ માટે સુવર્ણદાન,

કપિલા ગાયનું દાન તથા ઇષ્ટ દેવની પૂજા કરવી. આમ કરવાથી આરોગ્ય અને સુખ જળવાઈ રહે છે (૩૭–૩૮)

શનિની અંતર્દશા

સૂર્યની મહાદશામાં શનિની અંતર્દશા આવવાથી જો લગ્નથી કેન્દ્ર ત્રિકોણમાં શનિ હોય તો શત્રુનો નાશ, પૂર્ણ સુખ, સ્વલ્પ અન્નલાભ, ઘરમાં વિવાહ આદિ મંગલ કાર્ય થાય. જો શનિ પોતાના ઉચ્ચ કે પોતાના ગૃહનો, મિત્રની રાશિમાં હોય, મિત્રની સાથે હોય તો કલ્યાણ, સંપતિની વૃદ્ધિ, રાજાથી માન, દેશમાં કીર્તિ અને અનેક પ્રકારના ધનનો લાભ થાય છે. (૪૦–૪૨)

દશાપતિથી ૮–૧૨મા કે પાપગ્રહની સાથે હોય તો વાત, શૂલ, જ્વર, અતિસાર આદિ રોગ, બંધન, કાર્યહાનિ, ધનનાશ, કલહ, દાયાદો સાથે પણ કારણ વગર કલહ થાય છે. (૪૩–૪૪)

અંતર્દશાની શરૂઆતમાં મિત્રોની હાનિ, મધ્યમાં કંઈક લાભ, અન્તમાં કલેશ થાય છે. નીચસ્થાન ફળ પણ આવી રીતે સમજવાં. માતાપિતાના વિયોગ, તથા ભ્રમણ થાય છે. બીજા સ્થાનનો સ્વામી સાતમા સ્થાનના સ્વામીની દશામાં હોય તો અપમૃત્યુનો ભય થાય છે. આની શાન્તિ માટે કાળી ગાય, ભેંસ અને બકરીનું દાન તથા મૃત્યુંજય જપ કરવાથી સુખ અને સંપત્તિનો લાભ થાય છે. (૪૫-૪૭)

બુધની અંતર્દશા

સૂર્યની દશામાં બુધની અંતર્દશા હોય અને બુધ લગ્નથી કેન્દ્ર ત્રિકોણમાં હોય તો રાજ્યલાભ, ઉત્સાહ, સ્ત્રી, પુત્ર આદિનું સુખ, મહારાજાની કૃપાથી વાહન, વસ્ત્ર અને ભૂષણ, પુણ્ય તીર્થના ફળની પ્રાપ્તિ તથા ગાય આદિ ધનનો લાભ થાય છે. (૪૮–૪૯½)

બુધ જો ભાગ્યના તથા લાભના સ્વામીની સાથે હોય તો તે લાભકારક થાય છે. ૬–૪–૧૦ સ્થાનમાં હોય તો લોકોમાં આદર,

સુકર્મ અને ધર્મની બુદ્ધિ, ગુરુ અને દેવતાની ભાક્ત, ધનધાન્યની વૃદ્ધિ, વિવાહ અને પુત્રજન્મ થાય છે. (૫૦–૫૧½)

દશાપતિથી પણ જો ત્રિકોણાદિ શુભસ્થાનમાં હોય તો વિવાહ, યજ્ઞ, દાન, ધર્માનુષ્ઠાન, પોતાના નામ સહિત પદ્યોમાં કીર્તિ કે ઉપનામ, સુભોજન, વસ્ત્ર, ભૂષણની પ્રાપ્તિથી તે ઇન્દ્ર સમાન સુખી થાય છે. (૫૨–૫૩½)

બુધ જો દશાપતિથી ૬–૮–૧૨ સ્થાનમાં હોય, નીચમાં હોય તો દેહમાં કષ્ટ, મનમાં સંતાપ અને સ્ત્રીપુત્રને કષ્ટ થાય છે. આરંભમાં કષ્ટ, મધ્યમાં સામાન્ય સુખ અને અંતમાં રાજભય તથા વિદેશગમન થાય છે. બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો દેહપીડા અને જ્વરરોગ થાય છે. આરોગ્ય માટે વિષ્ણુસહસ્રનામ, અન્નદાન અને ચાંદીની પ્રતિમાનું દાન કરવું. (૫૪–૫૭)

કેતુની અંતર્દશા

સૂર્યની દશામાં કેતુની અંતર્દશા હોય તો દેહમાં કષ્ટ, માનસિક વ્યથા, ધનહાનિ, રાજભય તથા ભાઈઓમાં કલહ થાય છે. જો લગ્નના સ્વામીની સાથે હોય તો દશાના આરંભમાં કંઈક સુખ, મધ્યમાં કષ્ટ તથા અંતમાં મૃત્યુના સમાચાર મળે છે. (૫૮–૫૯)

દશાપતિથી ૮–૧૨ સ્થાનમાં હોય તો ગાલ કે દાંતમાં રોગ, મૂત્રકૃચ્છ, સ્થાનનાશ, ધન અને મિત્રની હાનિ અને પિતાનું મરણ, વિદેશયાત્રા અને શત્રુથી પીડા થાય છે (૬૦–૬૧)

લગ્નથી ૩–૬–૧૦–૧૧ માં કે યોગકારકની સાથે અથવા શુભ વર્ગમાં હોય તો શુભ ફળનો ઉદય, સ્ત્રીપુત્રનું સુખ, સંતોષ, મિત્રોની વૃદ્ધિ, વસ્ત્રાદિ લાભ અને સુયશની વૃદ્ધિ થાય છે. જો ૨–૭ સ્થાનના સ્વામી હોય તો અપમૃત્યુનો ભય રહે છે. એની શાન્તિ માટે દુર્ગાજપ તથા બકરીનું દાન કરવાં. (૬૨–૬૪)

શુક્રની અંતર્દશા

સૂર્યની મહાદશામાં કેન્દ્ર ત્રિકોણમાં રહેલ શુક્રની દશા હોય કે પોતાના ઉચ્ચ, પોતાના વર્ગ કે મિત્રના વર્ગમાં હોય તો એની અંતર્દશામાં ઇચ્છા અનુસાર સ્ત્રીનું સુખ, સંપત્તિ, બીજા ગામે ગમન, વિપ્ર અને રાજાનું દર્શન, રાજ્યલાભ, ઉત્સહ, વૈભવ, ઘરમાં શુભ કાર્ય, મિષ્ટાન્નનું ભોજન, મોતી આદિ રત્ન, વસ્ત્ર, પશુ, ધનધાન્ય, ઉત્સાહ, સુયશ અને વાહનોનો લાભ થાય છે. (૬૫–૬૮)

જો શુક્ર લગ્ન કે દશાપતિથી ૬–૮–૧૨મા સ્થાનમાં હોય તો એની અંતર્દશામાં રાજાનો કોપ, મનમાં સંતાપ, સ્ત્રીપુત્રાદિને કષ્ટ થાય છે.

દશાની શરૂઆતમાં મધ્યમ ફળ, દશાની મધ્યમાં ઉત્તમ ફળ, અન્તમાં અપયશ, સ્થાનનો નાશ, બંધુઓમાં દ્વેષ સુખભોગની હાનિ થાય છે.

શુક્ર બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ, રોગનો ભય થાય છે.

છઠ્ઠા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનના સ્વામીની સાથે હોય તો અપમૃત્યુનો ભય થાય છે.

આ દોષોની શાન્તિ માટે મૃત્યુંજય જપ, કપિલા ગાયનું દાન, ભેંસનું દાન તથા રુદ્રજપ કરે તો સુખ અને શાન્તિની પ્રાપ્તિ થાય છે. (૬૯–૭૩)

શેષરે ભાષ્ય : જ્યાં દરેક અંતર્દશાનું વર્ણન પૂરું થાય ત્યાં તે અંતર્દશાનો સ્વામી રજા કે ૭માનો માલિક હોય તેમ લખ્યું છે અને રાહુ તથા કેતુના અંતરમાં રાહુ કે કેતુ રજે કે ૭ મે હોય તો તે અંતર 'મારક' ગણી જ્વર, અપમૃત્યુ, ભય, ઘાત, પીડા દર્શાવી રૂદ્રી,

વિષ્ણુસહસ્ર નામ મૃત્યુંજય મંત્ર આદિ દર્શાવી ભેંસ, બકરી, ગાય, સુવર્ણ પ્રતિમા, અશ્વ આદિ દાન આપવાનું દર્શાવ્યું છે. આમાં જેનું અંતર હોય તે ગ્રહ રજા કે ૭માનો માલિક 'દ્વિતીયેશે ધૂનનાથે' ની જેમ દ્વિતીયે સપ્તમેવા બીજે કે સાતમે તે અંતર્દશેશ લગ્નથી રહ્યો હોય તો પણ આવો ભય કરે છે કેમકે અંતર્દશેશ બીજા કે ૭માનો માલિક હોય તેવો Rigid અર્થ કરતાં તો અમુક લગ્ન મારે તેમ થાય, માટે રજું ૭મું સ્થાન મારક હોય બન્ને અર્થ લેવા.

'બૃહત પારાશરી'માં સૂર્યની મહાદશામાં અન્તર્દશાનાં ફળ વિશે વિચાર નામનો બાવનમો અધ્યાય સંપૂર્ણ.

卐

અધ્યાય : ૫૩

ચંદ્રમા ચંદ્રનું અંતર

ચન્દ્રની મહાદશામાં જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર ત્રિકોણમાં રહેલ ચન્દ્ર હોય તો અથવા દસમા સ્થાનનો સ્વામી નવમા સ્થાનના સ્વામીની સાથે હોય તો તેની અંતર્દશામાં હાથી, ઘોડા, વસ્ત્ર આદિનો લાભ, દેવ અને ગુરુઓમાં ભક્તિ, ભગવદ્ ભજન રાજ્યલાભ; પરમ સુખ અને યશની વૃદ્ધિ થાય છે જો ચન્દ્ર પૂર્ણ બળવાન હોય તો સેનાપતિપદ આદિ અધિકાર પ્રાપ્ત થાય છે. (૧–૨½)

જો ચન્દ્ર નીચમાં (વૃશ્ચિકમાં) હોય, પાપગ્રહની સાથે હોય, ૬–૮–૧૨ સ્થાનમાં હોય તો એની અંતર્દશામાં ધનનો નાશ, સ્થાનની હાનિ, આળસ, સંતાપ, રાજા અને મંત્રીઓ સાથે વિરોધ, માતાને કષ્ટ, બંધન તથા બંધુઓનો નાશ થાય છે. જો ૨–૭ સ્થાનના સ્વામી હોય કે ૧૨–૮ના સ્વામીની સાથે હોય તો દેહમાં કષ્ટ અને અપમૃત્યુનો ભય રહે છે. એની શાન્તિ માટે કપિલા ગાય અને ભેંસનું દાન કરવું જોઈએ. (૩–૬)

ચંદ્રમાં મંગળનું અંતર

ચન્દ્રની દશામાં મંગળની અંતર્દશા હોય તથા મંગળ કેન્દ્ર ત્રિકોણમાં હોય તો ભાગ્યવૃદ્ધિ, રાજાથી આદર, વસ્ત્રાભૂષણનો લાભ, યત્નથી કાર્યમાં સિદ્ધિ, ઘર અને ખેતીમાં વૃદ્ધિ, વ્યવહારમાં લાભ.

જો પોતાની ઉચ્ચ (મકર) અથવા પોતાની રાશિમાં હોય તો અતિ સુખ થાય છે. (૭-૮½)

જો મંગળ ૬-૮-૧૨માં કે પાપગ્રહયુક્ત અથવા દસમા સ્થાનના સ્વામીથી અશુભ (૬-૮-૧૨) સ્થાનમાં શત્રુથી દૃષ્ટ હોય તો દેહમાં કષ્ટ, ઘર અને ખેતીમાં હાનિ, વ્યવહારમાં હાનિ, નોકર અને રાજા સાથે વિરોધ, બંધુઓથી વિયોગ, ક્રોધની વૃદ્ધિ થાય છે. જો ૨-૭ સ્થાનનો સ્વામી હોય, ૮ સ્થાનમાં જો આઠમા સ્થાનનો સ્વામી હોય તો અશુભ ફળ થાય છે. એની શાન્તિ માટે બ્રાહ્મણોનો સત્કાર કરવો જોઈએ. (૯-૧૨)

ચંદ્રમાં રાહુનું અંતર

ચન્દ્રની મહાદશામાં કેન્દ્ર ત્રિકોણમાં રહેલ રાહુની અંતર્દશા હોય તો શરૂઆતમાં કંઈક શુભ, પછી ચોર, રાજા અને સાપનો ભય, પશુઓને કષ્ટ, બંધુઓ અને મિત્રોની હાનિ, માનનાશ અને સન્તાપ થાય છે. (૧૩-૧૪)

જો રાહુ શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય અથવા લગ્નથી ૩-૬-૧૦-૧૧માં હોય કે યોગકારક ગ્રહની સાથે હોય તો એની અંતર્દશામાં સર્વ કાર્યોની સિદ્ધિ, નૈઋત્ય અને પશ્ચિમ દિશામાં રાજા આદિથી વાહન વસ્ત્રાદિનો લાભ થાય છે. (૧૫-૧૬)

દશાપતિથી જો રાહુ ૮-૧૨માં હોય, નિર્બળ હોય તો સ્થાન હાનિ, માનસિક વ્યથા, પુત્રને કષ્ટ, કયારેક સ્ત્રીને કષ્ટ, દેહમાં રોગ ભય, વીંછી, સાપ, ચોર, રાજા આદિનો ભય થાય છે. (૧૭-૧૮)

રાહુ જો દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ, ૩-૧૧ સ્થાનમાં હોય તો તીર્થાટન, દેવદર્શન, પરોપકાર આદિ પુણ્યકાર્યમાં પ્રવૃત્તિ થાય છે. જો ૨-૭ સ્થાનમાં હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એની શાન્તિ માટે રુદ્ર જાપ કરવા, બકરીનુ દાન કરવું આનાથી દેહનું આરોગ્ય મળે છે. (૧૯-૨૧)

ગુરુની અંતર્દશા

ચન્દ્રની દશામાં ગુરુની અંતર્દશા હોય અને જો ગુરુ લગ્નથી કેન્દ્ર ત્રિકોણમાં, પોતાના ગૃહ, પોતાના ઉચ્ચમાં હોય તો એની અંતર્દશામાં રાજ્યલાભ, ઘરમાં ઉત્સવ, વસ્ત્રાભૂષણ, રાજાનો આદર, ઇષ્ટદેવની પ્રસન્નતા, ધન, ભૂમિ, વાહનનો લાભ તથા રાજાની કૃપાથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. (૨૨–૨૪½)

જો ગુરુ ૬–૮–૧૨ સ્થાનમાં હોય, અસ્ત, નીચમાં કે પાપગ્રહની સાથે હોય તો ગુરુ, પિતા કે પુત્રનો નાશ, સ્થાનત્યાગ, સંતાપ, કલહ, ઘર, ખેતી અને વાહનનો નાશ થાય છે. જો દશમા સ્થાનના સ્વામીથી ૩–૧૧ સ્થાનમાં હોય તો અન્ન, વસ્ત્ર, પશુ, ભાઈનું સુખ, સંપત્તિ, પરાક્રમ, ધૈર્ય, યજ્ઞ, વ્રત, વિવાહાદિ, ઉત્સવ, રાજ્ય આદિનો લાભ થાય છે. (૨૫–૨૮½)

જો દશાપતિથી ૬–૮–૧૨મા સ્થાનમાં હોય, નિર્બળ હોય તો કુભોજન, પરદેશગમન થાય છે. દશાના આરંભમાં શુભ ફળ અને અંતમાં કષ્ટ થાય છે. જો લગ્નથી ૨–૭ સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય થાય છે. આ બન્ને દોષોની શાન્તિ માટે શિવસહસ્રનામનો જપ, સુવર્ણદાન કરવું. આનાથી બધાં સંકટનો નાશ થાય છે. (૨૬–૩૧)

શનિની અંતર્દશા

ચન્દ્રની દશામાં શનિની અંતર્દશા હોય, શનિ જો લગ્નથી કેન્દ્ર, ત્રિકોણમાં, પોતાની રાશિ પોતાના નવાંશ, પોતાના ઉચ્ચમાં શુભગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ, લાભસ્થાનમાં તથા બળવાન હોય તો પુત્ર, મિત્ર, ધનસંપત્તિની પ્રાપ્તિ, શુદ્રાના આશ્રય વ્યવસાયમાં લાભ, ખેતીની વૃદ્ધિ, પુત્રથી લાભ અને રાજાની કૃપાથી વૈભવની વૃદ્ધિ થાય છે. (૩૨–૩૪)

શનિ જો ૬–૮–૧૨ સ્થાનમાં હોય, નીચમાં કે ધનસ્થાનમાં

હોય તો એની અંતર્દશામાં પુણ્યતીર્થનું દર્શન સ્નાન આદિ થાય છે. ઘણાંથી ત્રાસ તથા શસ્ત્રની પીડા થાય છે. (૩૫–૩૫½)

દશાપતિથી કેન્દ્ર કે ત્રિકોણમાં શનિ હોય કે બળવાન હોય તો કયારેક સુખ, ધનનો લાભ, કયારેક સ્ત્રી અને પુત્રથી વિરોધ થાય છે. જો ૨–૭–૮ સ્થાનમાં શનિ હોય તો શારીરિક કષ્ટ થાય છે. એની શાન્તિ માટે મૃત્યુંજય જપ, કાળી ગાયનુ દાન, ભેંસનું દાન કરવું જોઈએ. આનાથી આરોગ્યનો લાભ થાય છે. (૩૬–૩૮)

બુધની અંતર્દશા

ચન્દ્રની દશામાં બુધની અંતર્દશા હોય તથા બુધ જો કેન્દ્ર ત્રિકોણમાં પોતાની રાશિ, પોતાના નવાંશ, શુભ રાશિ, પોતાના ઉચ્ચમાં બળવાન હોય તો એની અંતર્દશામાં ધનલાભ, રાજાથી આદર, વસ્ત્રાદિ લાભ, શાસ્ત્રચર્ચા, સત્સંગથી જ્ઞાનોદય, સુખ, સંતાન લાભ, સંતોષ, વ્યાપારમાં લાભ, વાહન અને આભૂષણનો લાભ થાય છે. (૩૯–૪૧)

દશાપતિથી જો બુધ કેન્દ્ર ત્રિકોણ ૧૧–૨ માં થાય તો એની અંતર્દશામાં વિવાહ, યજ્ઞ, દાન, ધર્મ આદિ શુભ કાર્ય થાય છે. પ્રેમ, વિદ્વાનોનો સંગ, મોતી, રત્નમણિ, વાહન, વસ્ત્રાભૂષણ, આરોગ્ય, પ્રીતિ, સુખ અને સોમરસ આદિ સુરસપાન થાય છે. (૪૨–૪૩½)

દશાપતિથી ૬–૮–૧૨ સ્થાનમાં કે પોતાના નીચમાં બુધ હોય તો એની અંતર્દશામાં શરીરમાં પીડા, ખેતી આદિમાં હાનિ, બંધન, સ્ત્રીપુત્રને કષ્ટ થાય છે. જો બુધ બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો જ્વર રોગથી વિશેષ ભય થાય છે. એની શાન્તિ માટે બકરીનું દાન અને વિષ્ણુસહસ્રનામ પાઠ કરાવવો જોઈએ. (૪૪–૪૬)

કેતુની અંતર્દશા

ચન્દ્રની દશામાં કેતુની અંતર્દશા હોય, કેતુ જો લગ્નથી કેન્દ્ર, ત્રિકોણમાં હોય કે બળવાન હોય તો એ સમયે ધનલાભ, સુખ, પુત્ર, સ્ત્રી આદિને સુખ તથા ધર્મકાર્યમાં પ્રવૃત્તિ થાય છે. અન્તર્દશાના

આરંભમાં કંઈક ધનહાનિ અને પછી સુખલાભ થાય છે. (૪૭–૪૮)

દશાપતિથી કેન્દ્ર ૯–૫–૧૧ સ્થાનમાં કે બળવાન હોય તો અંતર્દશાના આરંભમાં ધન, પશુ આદિનો લાભ અને સુખ થાય છે. અન્તમાં ધનનો નાશ થાય છે. (૪૯–૪૯½)

દશાપતિથી ૮–૧૨માં કે પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો શત્રુ દ્વારા કાર્યની હાનિ અને કલહ થાય છે. જો કેતુ ૨–૭ સ્થાનમાં હોય તો દેહમાં રોગનો ભય કહેવો જોઈએ એટલા માટે આ સમયે સર્વ સુખ સંપત્તિ આપનાર મૃત્યુંજયનો જપ કરવાથી શ્રીશિવજીની કૃપાથી કષ્ટની શાન્તિ થાય છે. (૫૦–૫૨)

શુક્રની અંતર્દશા

ચન્દ્રની દશામાં શુક્રની અંતર્દશા હોય તથા શુક્ર જો લગ્નથી કેન્દ્ર, ૧૧, ૫, ૯મા સ્થાનમાં પોતાની ઉચ્ચ કે પોતાની રાશિમાં હોય તો રાજ્યલાભ, રાજાની કૃપાથી વાહન, વસ્ત્રાભૂષણ, પશુનો લાભ, સ્ત્રીપુત્રનું સુખ, નવીન મકાન, નિત્ય મિષ્ટાન્ન ભોજન, સુગંધ, સુંદરી સ્ત્રીનો સંગ અને આરોગ્યનો લાભ થાય છે. (૫૩–૫૫)

જો શુક્ર દશાપતિ ચન્દ્રની સાથે હોય તો એની અંતર્દશામાં શારીરિક સુખ, સુયશ, સંપત્તિ, ગૃહ, ભૂમિ આદિની વૃદ્ધિ થાય છે. (૫૬)

જો શુક્ર નીચમાં હોય, અસ્ત હોય, પાપગ્રહની સાથે હોય કે તેનાથી દૃષ્ટ હોય તો ભૂમિ, પુત્ર, મિત્ર, સ્ત્રી, પશુની હાનિ અને રાજાથી વિરોધ થાય છે. (૫૭-૫૭½)

જો શુક્ર બીજા સ્થાન, પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં હોય તો ખજાનો (ભૂમિસ્થાન) ભૂમિ, સુખનો લાભ તથા પુત્ર થાય છે. નવમા કે અગિયારમા સ્થાનના સ્વામીની સાથે હોય તો ભાગ્યની વૃદ્ધિ, રાજાની કૃપાથી સુખ અને અભીષ્ટની સિદ્ધિ, દેવ, બ્રાહ્મણમાં ભક્તિ, મોતી આદિ રત્નોનો લાભ થાય છે. (૫૮–૬૦)

દશાપતિથી કેન્દ્ર ત્રિકોણમાં હોય તો ઘર, ખેતીની વૃદ્ધિ, ધન લાભ અને સુખ થાય છે. (૬૧)

દશાપતિથી ૬-૮-૧૨ સ્થાનમાં શુક્ર હોય કે પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો વિદેશવાસથી દુઃખ, મૃત્યુ અને ચોરનો ભય થાય છે. (૬૨)

જો શુક્ર બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો એની અંતર્દશામાં અપમૃત્યુનો ભય રહે છે. એ દોષની શાન્તિ માટે રુદ્રીજપ, કપિલા ગાયનું દાન, ચાંદીનું દાન કરવું તથા શ્રીશંકરની કૃપાથી સુખ અને શાન્તિનો લાભ થાય છે. (૬૩-૬૪)

સૂર્યની અંતર્દશા

ચન્દ્રની દશામાં સૂર્યની અંતર્દશા હોય, સૂર્ય જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ૫, ૯, ૧૧, ૨, ૩ સ્થાનમાં હોય તો એની અંતર્દશામાં નષ્ટ રાજ્ય અથવા ધનનો લાભ, ઘરમાં કલ્યાણ, મિત્ર અને રાજાની કૃપાથી ગામ અને ભૂમિનો લાભ, પુત્રજન્મ, લક્ષ્મીની કૃપા થાય છે. અંતર્દશામાં અન્તમાં શરીરમાં આળસ અને જ્વરની પીડા થાય છે. (૬૫-૬૭)

દશાપતિથી ૮-૧૨ સ્થાનમાં કે પાપગ્રહની સાથે હોય તો રાજા, ચોર અને સાપનો ભય, જ્વર આદિ રોગ તથા વિદેશ જવાથી પીડા થાય છે. જો સૂર્ય બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો એની અંતર્દશામાં જ્વરની પીડા થાય છે. એની શાન્તિ માટે શ્રીશંકરની પૂજા કરવાથી સુખ લાભ થાય છે.

'બૃહત પારાશરી'મા ચન્દ્રની અંતર્દશાનાં ફળ વિશે ત્રેપનમો અધ્યાય સંપૂર્ણ.

★

અધ્યાય : ૫૪

મંગળની મહાદશામાં અંતર્દશાઓ

મંગળનું અંતર :

મંગળની મહાદશામાં મંગળની અંતર્દશા હોય અને જો મંગળ લગ્નથી કેન્દ્ર ૫, ૯, ૧૧, ૩, ૨ સ્થાનમાં હોય, લગ્નેશની સાથે હોય તો રાજાની કૃપાથી ધનલાભ, લક્ષ્મીની કૃપા નષ્ટ રાજ્ય પ્રાપ્તિ, ધન આદિનો લાભ, પુત્ર જન્મ આદિ પશુઓની વૃદ્ધિ થાય છે. (૧-૨½)

મંગળ પોતાના ઉચ્ચ, પોતાની રાશિ તથા પોતાના નવાંશમાં હોય, બળવાન હોય તો ઘર, ભૂમિ, ગાય, ભેંસ આદિ પશુનો લાભ, રાજાની કૃપાથી ઇષ્ટ કાર્યોની સિદ્ધિ થાય છે. (૩-૪)

જો મંગળ ૮-૧૨ સ્થાનમાં હોય, પાપગ્રહની સાથે કે દૃષ્ટ હોય તો મૂત્રકૃચ્છ, આદિ રોગથી કષ્ટ, ગુમડાં, ચોર, રાજાનો ભય, ધનધાન્ય આદિનો નાશ થાય છે (૫½)

જો મંગળ બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો દેહમાં કષ્ટ, મનમાં વ્યથા થાય છે. આ દોષની શાન્તિ માટે રુદ્રીનો જાપ, લાલ બળદનું દાન કરવાથી, શંકરની કૃપાથી આરોગ્ય અને સર્વ સંપત્તિનો લાભ થાય છે.

મંગળમાં રાહુ

મંગળની દશામાં રાહુની અંતદશા હોય તથા રાહુ પોતાના મૂળ ત્રિકોણ, પોતાના ઉચ્ચ આદિમાં હોય કે લગ્નથી કેન્દ્ર ૧૧, ૫, ૯,માં હોય અને શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો એ સમયમાં આહાર, ગૃહ, ભૂમિ આદિનો લાભ, ગંગા આદિ તીર્થમાં સ્નાન અને વિદેશગમન થાય છે. (૯–૧૦½)

રાહુ જો લગ્નથી ૮–૧૨ માં કે પાપ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો એની અંતદશામાં ચોર, સર્પ, ગુમડાં, ભય, પશુઓનો નાશ, વાત, પિત્તથી રોગ તથા બંધન થાય છે. બીજા સ્થાનમાં રાહુ હોય તો ધનનો નાશ, સાતમા સ્થાનમાં હોય તો અપમૃત્યુનો મહાભય કહેવો એના દોષની શાન્તિ માટે નાગની પૂજા, બ્રહ્મભોજન, મૃત્યુંજય જપ કરવાથી આયુષ્ય અને આરોગ્યનો લાભ થાય છે. (૧૧–૧૪)

મંગળમાં ગુરુ

મંગળની દશામાં ગુરુની અંતર્દશા હોય તથા ગુરુ જો લગ્નથી ૯–૫, કેન્દ્ર, ૧૧ કે બીજા સ્થાનમાં હોય, પોતાના નવાંશ કે પોતાના ઉચ્ચ નવાંશ કે પોતાના અંશમાં હોય તો સુયશ, રાજસન્માન, ધનધાન્યની વૃદ્ધિ, ઘરમાં કલ્યાણ, સંપત્તિ, સ્ત્રી પુત્રાદિને સુખ થાય છે. (૧૫–૧૬)

ગુરુ જો દશાપતિ (મંગળ) થી ૯–૫, કેન્દ્ર, ૧૧કે બીજા સ્થાનમાં હોય, નવમા, દસમા, ચોથા કે લગ્નના સ્વામીની સાથે હોય, શુભ નવમાંશ આદિમાં હોય તો એની અંતર્દશામાં ગૃહ, ભૂમિની વૃદ્ધિ, કલ્યાણ, સંપત્તિ, આરોગ્ય, સુયશ, પશુઓનો લાભ, વ્યવસાયમાં સિદ્ધિ, સ્ત્રીપુત્રને સુખ અને રાજાથી આદર તથા ધન લાભ થાય છે. (૧૭–૧૯½)

જો ૬–૮–૧૨ સ્થાનમાં નીચમાં, અસ્તમાં, પાપગ્રહોની સાથે કે તેમનાથી દૃષ્ટ કે નિર્બળ હોય તો રાજાનો ભય, પિત્તરોગ, પ્રેતનો ઉપદ્રવ નોકર અને સગાં ભાઈબહેનોનો નાશ થાય છે. જો ગુરુ બીજા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય તથા જવરની પીડા થાય છે. એ દોષની શાન્તિ માટે શિવસહસ્ર નામ જપ કરવો જોઈએ. (૨૦–૨૨)

મંગળમાં શનિ

મંગળની દશામાં શનિની અંતર્દશા હોય તથા શનિ કેન્દ્ર, ત્રિકોણમાં પોતાના મૂળત્રિકોણ, ઉચ્ચ કે સ્વનવાંશમાં હોય, લગ્નના સ્વામી કે શુભ ગ્રહની સાથે દૃષ્ટ હોય તો એ સમયે રાજાથી આદર, સુયશની વૃદ્ધિ, ધનધાન્ય, પુત્રપૌત્રાદિથી સુખ, ગાયોની વૃદ્ધિ, ખાસ કરીને શનિવારે, શનિના માસમાં પુત્રાદિની વૃદ્ધિ થાય છે. (૨૩–૨૫)

જો શનિ નીચ કે શત્રુ રાશિમાં કે ૮–૧૨ સ્થાનમાં હોય તો એની અંતર્દશામાં યવનાદિ રાજાથી, ભય, ધનનો નાશ, બંધન, રોગભય તથા ખેતીની હાનિ થાય છે. (૨૬–૨૬½)

શનિ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય, પાપગ્રહની સાથે હોય તો મહાભય, ધનનાશ, રાજાનો ક્રોધ, માનસિક વ્યથા, ચોર, અગ્નિ, રાજાથી પીડા, સગાં ભાઈબહેનોનો નાશ, કુટુંબ સાથે દ્વેષ, પશુઓની હાનિ, મૃત્યુનો ભય, પુત્ર અને સ્ત્રીને કષ્ટ, બંધન અને રાજદંડ મોટો ભય છે (૨૭–૨૯½)

શનિ જો પોતાની દશાના સ્વામીથી કેન્દ્ર, પમા સ્થાનમાં હોય તો વિદેશગમન અપવશ, જીવહિંસા આદિ કુકર્મ, ખેતી આદિના વેચાણથી હાનિ, સ્થાનનો નાશ, માનસિક વ્યથા, યુદ્ધમાં પરાજય, મૂત્રકૃચ્છ રોગનો ભય કહેવો. (૩૦–૩૨)

જો દશાના સ્વામીથી ૮–૧૨ સ્થાનમાં હોય, પાપગ્રહની સાથે

હોય તો એની અંતર્દશામાં મૃત્યુ, રાજા, ચોર આદિની ભય, વાત રોગ, શૂલરોગ, કુટુંબ તથા શત્રુનો ભય થાય છે. એની શાન્તિ માટે મૃત્યુંજય જપ કરવાથી શંકરની કૃપાથી સુખ મળે છે. (૩૩-૩૫)

મંગળમાં બુધ

મંગળની દશામાં બુધની અંતર્દશા હોય, બુધ, એ લગ્નથી કેન્દ્ર, ત્રિકોણમાં હોય તો સત્સંગ, અજપાજપ, દાન, ધર્મમાં બુદ્ધિ સુયશ, નીતિમાં પ્રવૃત્તિ મિષ્ટાન્ન ભોજન, વાહન, વસ્ત્ર, પશુ આદિનો લાભ, રાજાના દરબારમાં અધિકારથી સુખ તથા ખેતી-વાડીમાં સફળતા મળે છે. (૩૬-૩૭½)

બુધ જો નીચમાં કે અસ્ત હોય અથવા ૬-૮-૧૨મા સ્થાનમાં હોય તો એની અંતર્દશામાં હૃદયરોગ, બંધન, બંધુનાશ, સ્ત્રીપુત્રને કષ્ટ, ધન અને પશુઓનો નાશ થાય છે. (૩૮-૩૯)

બુધ જો દશાધિપ (મંગળ)ની સાથે હોય તો શત્રુઓની વૃદ્ધિ, વિદેશગમન, અનેક પ્રકારના રોગ અને રાજાથી વિરોધ, પોતાના બંધુઓ સાથે પણ કલહ થાય છે. (૪૦-૪૦½)

જો બુધ દશમા સ્થાનના સ્વામીથી કેન્દ્રમાં ત્રિકોણમાં પોતાની ઉચ્ચ સ્વરાશિમાં હોય તો અભીષ્ટની સિદ્ધિ, ધનધાન્યનો લાભ, રાજાથી સન્માન, રાજ્યલાભ, વસ્ત્રાભૂષણની પ્રાપ્તિ, અનેક વિદ્યાનો શોખ, સેનાપતિપદ, શાસ્ત્ર પુરાણની ચર્ચા, ઘરમાં સ્ત્રી પુત્ર આદિ વૈભવ અને લક્ષ્મીની કૃપા થાય છે.

બુધ જો મંગળથી ૬-૮-૧૨મા સ્થાનમાં હોય, પાપગ્રહની સાથે હોય તો એની દશામાં માનહાનિ પાપબુદ્ધિ, કટુવચન, ચોરા, અગ્નિ અને રાજાથી ભય માર્ગમાં ચોરડાકુનો ભય અને અકારણ કલહ થાય છે. (૪૪-૪૫½)

જો બુધ બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો એની અંતર્દશામાં ભયંકર મહારોગનો ભય થાય છે. એની શાન્તિ માટે અશ્વદાન, વિષ્ણુસહસ્ર નામનો પાઠ કરવો. (૪૬-૪૭)

મંગળમાં કેતુ

મંગળની દશામાં કેતુની અંતર્દશા હોય તથા જો કેતુ લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, ૩-૧૧ સ્થાનમાં હોય કે શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો એ સમયમાં રાજાની કૃપાથી ધનલાભ, દશાના આરંભમાં અલ્પ, ત્યાર બાદ અધિક ભૂમિલાભ, પુત્રજન્મ, રાજકાર્યાધિકાર અને પશુઓનો લાભ થાય છે. (૪૮-૪૯½)

? બુધ જો યોગકારક હોય, બળવાન હોય તો એની અંતર્દશામાં પુત્રલાભ, યશની વૃદ્ધિ લક્ષ્મીની કૃપા અને નોકરોથી ધનલાભ થાય. સેનાપતિપદ, અધિકાર, રાજા સાથે મૈત્રી, યજ્ઞક્રિયા અને વસ્ત્ર તથા આભૂષણોનો લાભ થાય છે. (૫૦-૫૧½)

~~મંગળમાં શુક્ર~~

દશાપતિથી ૬-૮-૧૨મા કે પાપગ્રહની સાથે કેતુ હોય તો એની અંતર્દશામાં, કલહ, દન્તરોગ, વાત આદિથી પીડા, જ્વર, અતિસાર, કુષ્ઠાદિ રોગનો ભય, સ્ત્રીપુત્રને કષ્ટ થાય છે. લગ્નથી ૨-૭ સ્થાનમાં હોય તો રોગ, અપમાન, સંતાપ અને ધનહાનિ થાય છે. (૫૨-૫૪) મંગળ માં શુક્ર

મંગળની દશામાં શુક્રની અંતર્દશા હોય, શુક્ર જો લગ્નથી કેન્દ્રમાં, પોતાના ઉચ્ચ પોતાની રાશિમાં કે શુભ સ્થાન ૧-૫-૯નો સ્વામી હોય તો એ સમયે રાજ્યલાભ, પરમ સુખ, હાથી, ઘોડા, વસ્ત્ર, ભૂષણોના લાભ થાય. જો લગ્નના સ્વામીની સાથે સંબંધિત

હોય તો પુત્ર, સ્ત્રીને સુખ. આયુષ્ય ઐશ્વર્ય અને ભાગ્યની વૃદ્ધિ થાય છે. (૫૫-૫૬½)

દશાપતિથી કેન્દ્ર ૫-૯-૧૧-૨માં હોય તો એની અંતર્દશામાં સંપત્તિ, પુત્રજન્મના ઉત્સવનું સુખ, પોતાના માલિકથી ધનલાભ, મહારાજાની કૃપાથી ભૂમિ, ઘર, ગામ આદિનો લાભ થાય છે. અંતર્દશાના અન્તમાં ગીત, નૃત્ય, તીર્થસ્થાનનું ફળ મળે છે. દસમા સ્થાનના સ્વામીની સાથે સંબંધિત હોય તો કૂવા તળાવ આદિ બનાવડાવે, પુણ્ય, દયા અને ધર્મ કરે. (૫૬-૬૦)

દશાપતિથી ૬-૮-૧૨મા હોય તથા પાપગ્રહની સાથે હોય તો દુઃખ, દેહમાં કષ્ટ, ધનહાનિ, રાજા, ચોર, આદિનો ભય, ઘરમાં કલહ, સ્ત્રી, પુત્રને કષ્ટ અને પશુઓનો નાશ થાય છે (૬૧-૬૨)

જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો એની અંતર્દશામાં શરીરમાં કષ્ટ થાય છે. એની શાન્તિ માટે ગોદાન, ભેંસનું દાન કરે તો આયુષ્ય અને આરોગ્યનો લાભ થાય છે. (૬૩)

મંગળમાં સૂર્ય

મંગળની દશામાં સૂર્યની અંતર્દશા હોય અને સૂર્ય જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ત્રિકોણમાં ૧૧મા ભાગ્ય, દસમા સ્થાનના સ્વામીની સાથે હોય તો એ સમયમાં વાહનલાભ, સુયશ, પુત્રજન્મ, ધનવૃદ્ધિ, ઘરમાં કલ્યાણ, આરોગ્ય, ધૈર્ય રાજ્યસમાન, વ્યાપારમાં વિશેષ લાભ અને વિદેશમાં રાજાનું દર્શન થાય છે (૬૪-૬૬)

સૂર્ય જો દશાપતિ (મં)થી ૬-૮-૧૨મા સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો એની અંતર્દશામાં દેહકષ્ટ, સંતાપ, કાર્યહાનિ, મસ્ત કરણ જવર, અતિસાર આદિ રોગનો ભય થાય છે (૬૭½)

સૂર્ય જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો સર્પ, વિષ અને જવરના ભય, પુત્રને કષ્ટ થાય છે. એટલા માટે સૂર્યની

આરાધના વિધિપૂર્વક કરવી. આમ કરવાથી આરોગ્ય અને ધનનો લાભ થાય છે. (૬૮–૬૯)

મંગળમાં ચંદ્ર

મંગળની દશામાં ચન્દ્રની અંતર્દશા હોય તથા ચન્દ્ર જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કે કેન્દ્રમાં હોય અથવા ૬–૪–૧૦ લગ્ન એ સ્થાનોના સ્વામીની સાથે હોય તો રાજ્યવૃદ્ધિ સુંગંધમાળા, વસ્ત્રાદિનો લાભ, તળાવ, ગૌશાળા આદિ બંધાવે, વિવાહાદિ મંગલ કાર્ય, સ્ત્રીપુત્રને સુખ, માતાપિતાને સુખ, મહારાજાની કૃપાથી સંપત્તિની વૃદ્ધિ તથા પોતાના ધારેલા કાર્યની સિદ્ધિ મળે છે. જો ચન્દ્ર પૂર્ણ હોય તો પૂર્ણ ફળ અને ક્ષીણ હોય તો અલ્પ ફળ મળે છે, (૭૦–૭૩)

ચન્દ્ર જો પોતાની નીચ, શત્રુ રાશિમાં તથા લગ્ન કે દશાપતિથી ૬–૮ સ્થાનમાં હોય તો મૃત્યુ, સ્ત્રી, પુત્રને કષ્ટ, ભૂમિનો નાશ, પશુ અને ધનની હાનિ, ચોર અને યુદ્ધનો ભય થાય છે. જો ચન્દ્ર બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુ, દેહમાં કષ્ટ, મનમાં સંતાપ થાય છે. એની શાન્તિ માટે દુર્ગા અને લક્ષ્મીજીના જપ, ગાયનું કે ભેંસનું દાન કરે તો આરોગ્ય અને સુખ મળે. (૭૪–૭૬)

'બૃહત પારાશરી'માં મંગળની અંતર્દશાનાં ફળ નામનો ચોપનમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૫૫

રાહુ મહાદશાની અંતર્દશાઓ

રાહુમાં રાહુ :

કર્ક, વૃશ્ચિક, કન્યા અને ધન રાશિમાં તથા લગ્નથી ૩–૬–૧૦–૧૧ મા સ્થાનમાં કે યોગકારક ગ્રહની સાથે જો પોતાના ઉચ્ચાંશ આદિ શુભ સ્થાનમાં હોય તો રાહુ પોતાની દશા અંતર્દશામાં રાજ્યલાભ, ઉત્સાહ, રાજાથી પ્રેમ, સ્ત્રી, પુત્ર, આદિથી સુખ સંપત્તિની વૃદ્ધિ થાય છે. (૧–૪)

રાહુ જો લગ્નથી ૮–૧૨ સ્થાનમાં હોય કે પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો ચોરનો ભય, ગુમડાંથી કષ્ટ, રાજાધિકારીથી દ્વેષ, કુષ્ટ બંધુઓનો નાશ, સ્ત્રી, પુત્રાદિને કષ્ટ થાય છે. (૫–૬)

રાહુ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય કે એ બંને ૨–૭ સ્થાનમાં હોય તો રોગ તથા મહાકષ્ટ થાય છે. વિધિ અનુસાર એની શાન્તિ કરાવવાથી, હે દ્વિજ, આરોગ્ય અને સંપત્તિ મળે છે. (૭)

રાહુમાં ગુરુનું અંતર

રાહુની દશામાં ગુરુની અંતર્દશા હોય તથા ગુરુ જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, પોતાના અંશ, ઉચ્ચ અંશમાં કે લગ્નથી કેન્દ્ર,

ત્રિકોણમાં હોય તો સ્થાનનો લાભ, ધૈર્ય, શત્રુનો નાશ, સુખ, રાજાથી પ્રેમ, શુક્લ પક્ષના ચન્દ્રની માફક દરરોજ સુખસંપત્તિનો વધારો, વાહન, ગોધનનો લાભ, નૈઋર્ત્ય અને પશ્ચિમ દિશાની યાત્રાથી રાજાનું દર્શન, એનાથી ઇષ્ટ કાર્યની સિદ્ધિ, પછી સ્વદેશમાં આગમન, બ્રાહ્મણો પર ઉપકાર, તીર્થ સ્થાનનાં દર્શન, ગામના લાભ, દેવ, બ્રાહ્મણમાં ભક્તિ, પુત્ર પૌત્રાદિથી સુખ અને નિત્ય મિષ્ટાન્ન ભોજનનો લાભ થાય છે. (૮–૧૨½)

ગુરુ જો પોતાની નીચા રાશિમાંથી, ૬–૮–૧૨ અસ્તકે લગ્ન સ્થાનમાં, શત્રુ રાશિમાં કે પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો અંતર્દશામાં ધનહાનિ, કામમાં અડચણ, માનહાનિ, સ્ત્રી, પુત્રને કષ્ટ, હૃદય રોગ અને રાજકાર્યનો અધિકાર મળે છે. (૧૩–૧૪½)

દશાપતિથી કેન્દ્ર, કોણમાં કે ૧૧–૨–૩ સ્થાનમાં હોય કે બળવાન હોય તો ભૂમિપ્રાપ્તિ, સુભોજન, પશુ આદિનો લાભ, દાન ધર્મમાં પ્રવૃત્તિ થાય છે. અંતર્દશાના અન્તમાં બે માસ શરીરમાં કષ્ટ, મોટા ભાઈ, પિતા માતાને કષ્ટ થાય છે. (૧૫–૧૭)

દશાપતિ (રાહુ) થી જો ૬–૮–૧૨મા સ્થાનમાં કે પાપગ્રહની સાથે ગુરુ હોય તો એની અંતર્દશામાં ધનહાનિ, શરીરમાં કષ્ટ થાય છે. જો ગુરુ બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુ ભય થાય છે. એની શાન્તિ માટે શંકરની કૃપા મેળવવાથી શરીરનું આરોગ્ય મળે છે. આવી રીતે બુદ્ધિશાળી વ્યક્તિએ શાન્તિ કરવી. (૧૮–૨૦)

રાહુમાં શનિનું અંતર

રાહુની દશામાં શનિની અંતર્દશા હોય, શનિ જો કેન્દ્ર ત્રિકોણમાં ૩–૧૧ સ્થાનમાં હોય તો એની અંતર્દશામાં રાજાની સેવાથી રાજાની પ્રસન્નતા, ઘરમાં વિવાહ આદિ મંગલ કાર્ય, બગીચા,

તળાવો ગળાવવા વગેરે શૂદ્ર વર્ણના ધનવાનથી પશુ આદિ ધનનો લાભ, પશ્ચિમ દિશાની યાત્રાથી રાજા દ્વારા ધનહાનિ, આળસથી અલ્પ લાભ અને ફરી સ્વદેશાગમન થાય છે. (૨૧–૨૪)

શનિ જો નીચ, શત્રુરાશિ કે લગ્નથી ૮–૧૨ સ્થાનમાં હોય તો એની અંતર્દશામાં નીચ જન, શત્રુ અને રાજાથી ભય, સ્ત્રીપુત્રને કષ્ટ, પોતાના બંધુઓનો સંતાપ, પિતરાઈઓમાં કલહ થાય અચાનક આભૂષણોનો લાભ થાય છે. (૨૫–૨૬)

દશાપતિથી ૬–૧૨–૮મા કે પાપગ્રહની સાથે શનિ હોય તો એની અંતર્દશામાં હૃદયરોગ, માનહાનિ, કલહ, શત્રુભય, વિદેશગમન, ગુલ્મરોગ, ખરાબ ભોજન તથા દુઃખનો ભય થાય છે. શનિ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુ થાય છે. એ સમયે કાળી ગાય, ભેંસનું દાન કરવાથી આરોગ્ય લાભ થાય છે. (૨૭–૨૯)

રાહુમાં બુધનું અંતર

રાહુની દશામાં બુધની અંતર્દશા હોય, બુધ પોતાની ઉચ્ચ પોતાની રાશિ, લગ્નથી કેન્દ્ર, પાચમા સ્થાનમાં હોય કે બળવાન હોય તો એ સમયે રાજયોગ, ઘરમાં કલ્યાણ, વ્યાપારમાં ધનલાભ, વાહનસુખ, વિવાહ, ઉત્સવ, પશુવૃદ્ધિ, સુગંધ, શય્યા, સ્ત્રી આદિનું સુખ ઉત્તમ થાય છે. ખાસ કરીને બુધના માસ, બુધના વારમાં રાજયોગ, રાજાની કૃપાથી ધન અને યશનો લાભ થાય છે. (૩૦–૩૩)

બુધ જો દશાપતિથી ૧૧–૩–૯–૧૦ સ્થાનમાં હોય તો શરીરમાં આરોગ્ય, ઈષ્ટની સિદ્ધિ, પુરાણ ઇતિહાસ વગેરેનું શ્રવણ, વિવાહ, યજ્ઞ, દાન આદિ ધર્મ અને દયાનો ઉદય થાય છે. (૩૪–૩૫)

બુધ જો ૬–૮–૧૨ સ્થાનમાં ભય, શનિની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો એ સમયે દેવ અને બ્રાહ્મણોની નિન્દા, ભાગ્યહાનિ,

મિથ્યા ભાષણ, દુર્બુદ્ધિ, ચોર, સાપ અને રાજાથી ભય, કલહ, પુત્રાદિને કષ્ટ, અને ધનનો નાશ થાય છે. (૩૬–૩૮)

બુધ જો લગ્નથી બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય રહે છે. આ દોષની શાન્તિ માટે વિષ્ણુસહસ્રનો પાઠ કરવો. (૩૯)

રાહુની દશામાં કેતુનું અંતર હોય તો વિદેશાટન, રાજભય, વાતજ્વર આદિરોગ તથા પશુઓની હાનિ થાય છે. આઠમા સ્થાનના સ્વામીની સાથે હોય તો શરીરમાં પીડા તથા માનસિક વ્યથા થાય છે. શુભગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો સુખ, ધનલાભ, રાજ્યસમાન સુવર્ણાદિનો લાભ થાય છે. (૪૦–૪૧)

કેતુનો લગ્નના સ્વામીની સાથે સંબંધ હોય તો ઇષ્ટ સિદ્ધિ, લગ્નનો સ્વામીનો યોગ હોય તો નિશ્ચય ધનલાભ થાય છે. કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો જરૂર પશુઓની વૃદ્ધિ થાય છે. (૪૨–૪૨½)

કેતુ જો લગ્નથી ૮–૧૨ સ્થાનમાં બલહીન હોય તો એની અંતર્દશામાં રોગ, ચોર અને સાપનો ભય, ગુમડામાં પીડા, માતા-પિતાનો વિયોગ, બંધુઓ સાથે દ્વેષ, માનસિક વ્યથા થાય છે જો કેતુ બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એ દોષની શાન્તિ માટે છાગદાન કરવું જોઈએ. (૪૩–૪૫)

રાહુમાં શુક્રનું અંતર

રાહુની દશામાં શુક્રનું અંતર હોય અને શુક્ર લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ કે ૧૧મા સ્થાનમાં બળવાન હોય તો બ્રાહ્મણો દ્વારા ધનલાભ પશુઓની વૃદ્ધિ, પુત્રજન્મનો ઉત્સવ, કલ્યાણ, રાજસન્માન રાજલાભ આદિ પરમસુખ થાય છે (૪૬–૪૭½)

શુક્ર જો પોતાના ઉચ્ચ, સ્વરાશિ, ઉચ્ચાંશ કે પોતાના અંશમાં હોય તો નિશ્ચિતરૂપે નવીન ગૃહનિર્માણ, મિષ્ટાન્ન, ભોજન, પુત્ર,

સ્ત્રીથી સુખ, મિત્રનો સંગ, અન્નદાન, આદિ ધર્મ, રાજાની કૃપાથી વાહન, વસ્ત્ર આદિ લાભ, વ્યવસ્થામાં ચડતી, વિવાહ, ઉપનયન આદિ ઉત્સવ થાય છે. (૪૮–૫૦½)

શુક્ર જો લગ્નથી ૬–૮–૧૨ સ્થાનમાં નીચે કે શત્રુરાશિમાં હોય શનિ મંગળ કે રાહુની સાથે હોય તો એની અંતર્દશામાં રોગ, કલહ, પિતા કે પુત્રનો વિયોગ, બંધુઓનું કષ્ટ, પિતરાઈઓમાં ઝઘડા માલિક કે પોતાના મરણનો ભય, સ્ત્રી, પુત્રને પીડા અને શૂળ આદિ રોગ થાય છે. (૫૧–૫૩½)

દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ ૧૧–૧૦ સ્થાનમાં હોય તો સુગન્ધ, શૈયા, ગાયન આદિથી સુખ, છત્ર આદિ ઇષ્ટ વસ્તુઓ પ્રાપ્ત થાય છે. (૫૪-૫૫½)

જો શુક્ર દશાપતિથી ૬–૮–૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો વિપ્ર, સર્પ, ચોર અને રાજાથી ભય, મૂત્રકૃચ્છ, પ્રમેહ, લોહીવિકારથી રોગ, ખરાબ અન્નનું ભોજન, મસ્તકમાં પીડા, જેલ-યાત્રા, રાજદંડથી ધનનો નાશ થાય છે. શુક્ર બીજા સ્થાનનો કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો સ્ત્રી, પુત્રને કષ્ટ, પોતાને માટે પણ અપમૃત્યુનો ભય થાય છે. એની શાન્તિ માટે દુર્ગા, લક્ષ્મીજીનો પાઠ કરવાથી સુખ મળે છે.

રાહુમાં સૂર્યનું અંતર

રાહુની દશામાં સૂર્યની અંતર્દશા હોય અને સૂર્ય જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર ત્રિકોણમાં ૧૧મા સ્થાનમાં ઉચ્ચ અંશ કે પોતાના અંશમાં શુભ ગ્રહથી દૃષ્ટ કે તેની સાથે હોય તો રાજાથી પ્રેમ ધનધાન્યની વૃદ્ધિ, સ્વલ્પ સન્માન, ગામ પર ઓછી નેતાગીરી અને ઓછો લાભ થાય પરંતુ તે સુખપ્રદ થાય છે. (૬૦–૬૧½)

સૂર્ય જો ભાગ્યના–લગ્નના કે કર્મના સ્વામીની સાથે કે તેનાથી

દૃષ્ટ હોય તો રાજાના આશ્રયથી સુયશ, વિદેશગમન, દેશ પર આગેવાની, હાથી, ઘોડા, વસ્ત્ર, ભૂષણનો લાભ, ઇષ્ટની સિદ્ધિ અને પુત્રાદિને સુખ થાય છે (૬૨-૬૨½)

દશાના સ્વામીથી ૧૨-૮-૬ સ્થાન કે પોતાની નીચ રાશિમાં હોય તો જ્વર, અતિસાર, રોગ, કલહ, રાજા સાથે ઝઘડો, ભ્રમણ, શત્રુભય, રાજા, ચોર અને અગ્નિથી પીડા થાય છે. (૬૪-૬૫)

સૂર્ય જો દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ ૩-૧૧ સ્થાનમાં હોય તો વિદેશમાં રાજાથી સન્માન અને સર્વ પ્રકારે કલ્યાણ થાય છે. (૬૬)

જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો મહારોગનો ભય થાય છે. એની શાન્તિ માટે સૂર્યને પ્રણામ કરવાથી આરોગ્ય મળે છે. (૬૭)

રાહુની દશામાં ચન્દ્રનું અંતર હોય, ચન્દ્ર જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ત્રિકોણ, ૧૧મા સ્થાનમાં કે મિત્રની રાશિમાં શુભ ગ્રહની સાથે હોય તો રાજ્યલાભ, રાજાથી આદર, ધનલાભ, આરોગ્ય, વસ્ત્રાભૂષણ, મિત્ર, સ્ત્રી, પુત્ર આદિથી સુખ, સ્વારીથી સુખ, ગૃહ-ભૂમિની વૃદ્ધિ થાય છે. ચન્દ્ર પૂર્ણ બળવાન હોય તો પૂર્ણ ફળ ક્ષીણ હોય તો કંઈક ઓછું ફળ મળે છે. (૬૮-૭૦)

ચન્દ્ર જો દશાપતિથી ૫-૯, કેન્દ્ર, ૧૧મા હોય તો ઘરમાં લક્ષ્મીની કૃપાથી કલ્યાણ, સર્વ કાર્યની સિદ્ધિ, ધનધાન્યની વૃદ્ધિ, લોકોમાં સુયશ અને દેવારાધનામાં સમય વીતે છે. (૭૧-૭૨)

દશાના સ્વામીથી ચન્દ્ર જો ૬-૮-૧૨ સ્થાનમાં બળ વગરનો હોય તો એની અંતર્દશામાં પિશાચ, વાઘ, આદિ હિંસક જંતુઓથી ઘર અને ખેતીમાં ઉપદ્રવ, માર્ગમાં ચોરભય, ગુમડાં અને પેટનાં રોગ થાય છે. ચન્દ્ર જો બીજા કે બારમા સ્થાનનો સ્વામી હોય તો અપ-

મૃત્યુનો ભય થાય છે. આ દોષની શાન્તિ માટે ધોળી ગાય કે ભેંસનું દાન કરવાથી ચન્દ્રની પ્રસન્નતાથી સુખ મળે છે. (૭૩-૭૫)

રાહુમાં મંગળનું અંતર

રાહુની દશામાં મંગળનું અંતર હોય તથા મંગળ જો લગ્નથી ૧૧-૫-૯ કે કેન્દ્રમાં હોય કે ઉચ્ચ, પોતાની રાશિમાં શુભ ગ્રહની સાથે હોય તો નષ્ટ રાજ્ય કે ધનનો લાભ ઘર અને ખેતીમાં વૃદ્ધિ, ઇષ્ટદેવની પ્રસન્નતાથી સંતાન સુખ, ઉત્તમ ભોજન, વસ્ત્રાદિથી અધિક સુખ થાય છે. (૭૬-૭૭½)

મંગળ જો દશાના સ્વામીની કેન્દ્ર, ૫-૯, ૩-૧૧ સ્થાનમાં હોય, તો લાલ વસ્ત્ર આદિનો લાભ, યાત્રા, રાજાનું દર્શન, સંતાન તથા પોતાના માલિકનું કલ્યાણ, સેનાપતિપદ, ઉત્સાહ અને બંધુઓ દ્વારા ધન લાભ થાય છે. (૭૮-૭૯½)

જો મંગળ દશાના સ્વામીથી ૮-૧૨-૬માં પાપગ્રહની સાથે હોય તો સ્ત્રી, પુત્ર, ભાઈને કષ્ટ, સ્થાન ભ્રષ્ટતા, બંધુ, પુત્ર અને સ્ત્રી સાથે વિરોધ, ચોર અને ધાનો ભય, શરીરમાં પીડા થાય છે. દશાની શરૂઆતમાં કલેશ તથા મધ્ય અને અન્તમાં સુખ થાય છે. (૮૦-૮૨)

મંગળ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં આળસ અને મૃત્યુનો ભય થાય છે. એની શાન્તિમાં બળદ અને ગાયનું દાન કરવાથી આરોગ્ય અને સુખ મળે છે. (૮૩)

"બૃહત્ પારાશરી"માં રાહુની અંતર્દશાનાં ફળનો પંચાવનમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૫૬

ગુરુની મહાદશામાં અંતર્દશા

ગુરુમાં ગુરુનું અંતર :

પોતાના ઉચ્ચ, પોતાની ઉચ્ચ રાશિ કે લગ્નથી કેન્દ્ર, ત્રિકોણમાં રહેલ ગુરુની દશામાં ગુરુની જ અંતર્દશા હોય તો તે અનેક રાજાઓનો અધિપતિ કે ધનધાન્યથી સંપન્ન અથવા રાજાથી પૂજિત થાય છે. પશુ, વસ્ત્ર, ભૂષણ, વાહનનો લાભ, નવીન ગૃહનિર્માણ, અટારીઓ સહિત કોઠા બનાવવા, સમસ્ત ઐશ્વર્યનો લાભ, ભાગ્યોદય, કાર્યોમાં સફળતા, આદર સહિત બ્રાહ્મણ અને રાજાનું દર્શન, માલિકથી વિશેષ લાભ, સ્ત્રી, પુત્રાદિને સુખ થાય છે. (૧–૩½)

જો ગુરુ નીચ રાશિ, નીચ નવાંશમાં કે લગ્નથી ૬–૮–૧૨મા સ્થાનમાં હોય તો નીચ જનોનો સંગ, મહારાષ્ટ્ર, અપમૃત્યુનો ભય, સ્ત્રી, પુત્રથી વિયોગ અને ધનધાન્યની હાનિ થાય છે. (૪–૫½)

જો ગુરુ સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં પીડા થાય છે. આ દોષની શાન્તિ માટે શિવસહસ્ર નામ કે રુદ્રીના જપ તથા ગોદાન કરવાથી આશય સિદ્ધ થાય છે. (૬–૭)

ગુરુમાં શનિનું અંતર

ગુરુની દશામાં શનિની અંતર્દશા હોય, જો શનિ, પોતાની રાશિ, પોતાના ઉચ્ચ કે લગ્નથી કેન્દ્ર ત્રિકોણમાં બળવાન હોય તો એ સમયમાં રાજ્યલાભ, વસ્ત્રાભૂષણ, ધનધાન્ય, સ્ત્રી, વાહન, પશુ તથા સ્થાનનો લાભ, પુત્ર, મિત્રાદિથી સુખ. ખાસ કરીને નીલ અશ્વ, નીલ વસ્ત્ર આદિનો લાભ થાય છે. પશ્ચિમ દિશાની યાત્રા, રાજાના દર્શન અને ધનની પ્રાપ્તિ થાય છે. (૮–૧૧½)

શનિ જો લગ્નથી ૬–૮–૧૨ મા સ્થાનમાં હોય, નીચ, અસ્ત કે શત્રુરાશિમાં હોય તો ધનનો નાશ, જ્વરપીડા, માનસિક વ્યથા, સ્ત્રી, પુત્ર આદિને વ્રણ આદિથી કષ્ટ, ઘરમાં અમંગલ, પશુ અને નોકરોની હાનિ, બંધુઓથી દ્વેષ થાય છે. (૧૨–૧૪)

શનિ જો દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧–૨ સ્થાનમાં હોય તો ભૂમિ, ધન, પુત્ર, પશુનો લાભ તથા શુદ્ર દ્વારા ધનની પ્રાપ્તિ થાય છે. (૧૫–૧૫½)

જો દશાપતિથી ૬–૮–૧૨ સ્થાન પાપગ્રહની સાથે હોય તો પણ ધનનો નાશ, બંધુઓથી વિરોધ, ઉદ્યોગમાં અડચણ, કુટુંબાદિથી ભય કહેવો. (૧૬–૧૭)

શનિ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય કહેવો. એની શાન્તિ માટે વિષ્ણુસહસ્ર નામનો જપ, કાળી ગાય કે ભેંસનું દાન કરવાથી શનિની પ્રસન્નતાથી જરૂર આરોગ્યનો લાભ થાય છે (૧૮–૧૯)

ગુરુમાં બુધનું અંતર

ગુરુની દશામાં બુધની અંતર્દશા હોય, બુધ જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં કે લગ્નથી કેન્દ્રમાં, ત્રિકોણમાં કે દશાપતિની સાથે હોય તો ધન લાભ, શરીર સુખ, રાજ્ય લાભ, રાજાની કૃપાથી

આશયની સિદ્ધિ, વાહન, વસ્ત્ર તથા પશુનો લાભ થાય છે. થાય છે. (૨૦–૨૧½)

બુધ મંગળથી દૃષ્ટ હોય તો એની અંતર્દશામાં શત્રુની વૃદ્ધિ, સુખનો નાશ, વ્યવસાયમાં હાનિ, જ્વર તથા અતિસારથી પીડા થાય છે. (૨૨½)

બુધ જો દશાપતિથી ૫–૯, કેન્દ્રમાં કે પોતાના ઉચ્ચમાં હોય તો પોતાના દેશમાં જ ધનનો લાભ, પિતા, માતાથી સુખ, રાજાની કૃપાથી વાહનનું વિશેષ સુખ થાય છે. (૨૩–૨૪)

બુધ જો દશાના સ્વામીથી ૬–૮–૧૨ મા સ્થાનમાં હોય, પાપગ્રહની સાથે હોય, શુભ ગ્રહથી અદૃષ્ટ હોય તો ધનનો નાશ, વિદેશગમન, માર્ગમાં ચોરનો ભય, ઘા, દાહ, નેત્રરોગ અને વિદેશોમાં ભ્રમણ થાય છે. (૨૫–૨૬)

બુધ જો લગ્નથી ૬–૮–૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો અકારણ કલહ, ક્રોધ, પશુઓની હાનિ, વ્યાપારમાં ખોટ અને અપમૃત્યુનો ભય થાય છે. (૨૭–૨૮)

જો શુભ ગ્રહથી દૃષ્ટ પાપગ્રહની સાથે હોય તો પણ દશાની શરૂઆતમાં સ્ત્રી સુખ, ધન લાભ, વાહન અને વસ્ત્રનું સુખ મળે છે. અન્તમાં ધન હાનિ અને શારીરિક કષ્ટ થાય છે. (૨૯½)

બુધ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય થાય છે. એની શાન્તિ માટે સર્વસુખદીપક, આયુવૃદ્ધિકારક વિષ્ણુસહસ્ર નામનો જપ કરવા જોઈએ. (૩૦–૩૧)

ગુરુમાં કેતુનું અંતર

ગુરુની દશામાં કેતુનું અંતર હોય, જો શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો અલ્પ સુખ, અલ્પ ધનલાભ, ખરાબ અને

પારકું અન્ન, શ્રાદ્ધના અન્નનું ભોજન તથા કુકર્મથી ધનની પ્રાપ્તિ થાય છે. (૩૨½)

કેતુ જો દશાના સ્વામીથી ૬-૮-૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો રાજાના કોપથી ધનનો નાશ, બંધન, રોગ, બળનો નાશ, પિતા અને ભાર્યા સાથે દ્વેષ અને માનસિક વ્યથા થાય છે. (૩૩-૩૪)

કેતુ જો દશાપતિથી ૫-૬-૪-૧૦ સ્થાનમાં હોય તો પાલખી, હાથી આદિ સવારી, રાજાની કૃપાથી ઇષ્ટ કાર્યની સિદ્ધિ, વ્યવસાયમાં લાભ, પશુઓની વૃદ્ધિ, યવનરાજાથી ધન, વસ્ત્ર, આદિનો લાભ થાય છે. (૩૫-૩૬½)

કેતુ જો બીજા કે સાતમા સ્થાનમાં રહ્યો હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એની શાન્તિ માટે છાગનું દાન અને વિધિપૂર્વક મૃત્યુંજય જપ કરવા જોઈએ. (૩૭-૩૮)

ગુરુમાં શુક્રનું અંતર

ગુરુની મહાદશામાં શુક્રની અંતર્દશા હોય, શુક્ર જો લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧મા કે પોતાની રાશિમાં શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો એ સમયે પાલખી, હાથી આદિ સવારી, રાજાની કૃપાથી ધનલાભ, સુખ, લીલી કે લાલ વસ્તુઓનો લાભ, પૂર્વ દિશાની યાત્રામાં વિશેષ ધન, ઘરમાં કલ્યાણ, માતાપિતાથી સુખ, દેવતામાં ભક્તિ અન્નદાન, જળાશયનિર્માણ આદિ ધર્મકાર્ય થાય છે. (૩૯-૪૨)

જો શુક્ર દશાપતિથી કે લગ્નથી ૬-૮-૧૨ સ્થાનમાં કે પોતાના નીચમાં હોય તો કલહ, રાજભય, સ્ત્રીથી વૈષ, સસરા સાથે કલહ, ભાઈઓમાં વિવાદ અને ધનનો નાશ થાય છે. (૪૩-૪૪½)

શુક્ર જો દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણમાં કે બીજા સ્થાનમાં હોય તો ધનલાભ, સ્ત્રીથી સુખ, રાજાનાં દર્શન, વાહન, પુત્ર અને પશુઓની વૃદ્ધિ, ગાવું, વગાડવું, વિદ્વાન સાથે સંગ, મિષ્ટાન્ન ભોજન, બંધુપાલન આદિ સુખ થાય છે. (૪૫-૪૭½)

શુક્ર બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો ધનની હાનિ, અપમૃત્યુનો ભય, સ્ત્રીથી વિવાદ થાય છે. એની શાન્તિ માટે કપિલા ગાયનું દાન, ભેંસનું દાન કરવાથી શુક્રની પ્રસન્નતાથી સુખ મળે છે. (૪૮-૫૦)

ગુરુની દશામાં સૂર્યની અંતર્દશા હોય, સૂર્ય જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, ૬-૧૧-૨ સ્થાનમાં હોય તો એ સમયમાં ધનલાભ, રાજસન્માન, વાહન, વસ્ત્ર, પશુ, ભૂષણ, પુત્ર આદિથી સુખ, રાજાની મિત્રચારીથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. (૫૧-૫૩)

લગ્ન કે દશાપતિથી ૬-૮-૧૨ સ્થાનમાં હોય તો એની અંતર્દશામાં માથાનો દુખાવો, જ્વર, સત્કાર્યમાં આળસ, પાપકર્મની વૃદ્ધિ, બધા સાથે દ્વેષ, બંધુવિયોગ અને અકારણ કલહ થાય છે. (૫૪-૫૫½)

સૂર્ય જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એની શાન્તિ માટે આદિત્ય હૃદયનો પાઠ કરવાથી સૂર્યની કૃપાથી બધાં કષ્ટોનો નાશ થાય છે. (૫૬-૫૭)

ગુરુમાં ચંદ્રનું અંતર

ગુરુની દશામાં ચન્દ્રની અંતર્દશા હોય, ચન્દ્ર જો લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧, પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં, પૂર્ણ અને બળવાન હોય, દશાના સ્વામીથી શુભ સ્થાનમાં હોય તો એ સમયે રાજાથી

આદર, આશ્ચર્ય સ્ત્રી, પુત્ર આદિથી સુખ, દૂધ આદિ સુભોજન, સત્કર્મમાં સુયશ, પુત્ર પૌત્રોની વૃદ્ધિ, રાજાની કૃપાથી સર્વ સુખ અને દાનધર્મમાં પ્રવૃત્તિ થાય છે. (૫૮-૬૦½)

ચન્દ્ર જો લગ્નથી કે દશાપતિથી ૬-૮-૧૨માં પાપગ્રહની સાથે નિર્બળ હોય તો ધન અને બંધુઓની હાનિ વિદેશ ભ્રમણ, રાજા અને ચોરનો ભય, પિતરાઈઓ સાથે કલહ, મામાનો વિયોગ અને માતાને પીડા થાય છે. (૬૧-૬૩)

ચન્દ્ર જો બીજા. સાતમા કે છઠ્ઠા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એ દોષની શાન્તિ માટે સપ્તશતી દુર્ગાપાઠ કરવો. (૬૪)

ગુરુમાં મંગળનું અંતર

ગુરુની દશામાં મંગળની અંતર્દશા હોય. અને મંગળ જો પોતાના ઉચ્ચ પોતાની રાશિ, ઉચ્ચ અંશ, સ્વનવાંશમાં હોય તો ઘરમાં વિવાહ, આદિ, ઉત્સવ, ગામ અને જમીનનો લાભ, સામર્થ્યની વૃદ્ધિ અને સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. (૬૫-૬૬)

દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧, ૨ સ્થાનમાં શુભ ગ્રહની સાથે કે દૃષ્ટ, મંગળ હોય તો ધનધાન્યાદિ સંપત્તિ, મિષ્ટાન, ભોજન, રાજાની પ્રસન્નતા, સ્ત્રીપુત્રથી સુખની પ્રાપ્તિ અને પુણ્ય ફળનો ઉદય થાય છે. (૬૭-૬૮)

દશાપતિથી મંગળ જો ૮-૧૨ નીચમાં પાપગ્રહ સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો ધન અને ગ્રહનો નાશ, નેત્રરોગ, આદિ અનેક દુઃખ, દશાના પૂર્વાર્ધમાં, વિશેષ કષ્ટ થાય છે. અન્તમાં સુખ પણ થાય છે. મંગળ બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ તથા માનસિક વ્યથા થાય છે. એની શાન્તિ માટે

સર્વ સંપત્તિદાયક બળદનું દાન કરવું જોઈએ. (૬૯-૭૧)

ગુરુમાં રાહુનું અંતર

ગુરુની દશામાં રાહુની અંતર્દશા હોય, રાહુ જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, મૂળ ત્રિકોણ કે લગ્નથી કેન્દ્ર, ત્રિકોણમાં, કે કેન્દ્ર પતિથી કે શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો યોગ ક્રિયામાં પ્રેમ, આરંભમાં પાંચ માસ સુધી ધનધાન્યની વૃદ્ધિ, દેશ કે ગામનું આધિપત્ય, વિજાતીય રાજાથી ભેટ, સેનાપતિ પદ, ઘરમાં કલ્યાણ, દૂર દેશની યાત્રા, સેતુ સ્નાન આદિ પુણ્યધર્મ થાય છે. (૭૨-૭૫)

જો દશાપતિથી ૮-૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો ચોર, સાપ અને રાજાનો ભય, ઋણ, ગૃહકાર્યમાં હાનિ, ભાઈઓ અને પિતરાઈઓ સાથે વિરોધ, ખરાબ સ્વપ્નનું દર્શન, અકારણ કલહ અને રોગનો ભય થાય છે. (૭૬-૭૮)

જો બીજા કે સાતમા સ્થાનમાં રાહુ હોય તો શરીરમાં કષ્ટ થાય છે. આ દોષની શાંતિ માટે મૃત્યુંજયનો જપ, બકરીનું દાન કરે તો રાહુની પ્રસન્નતાથી સુખ મળે છે. (૭૯-૮૦)

'બૃહત્ પારાશરી'માં ગુરુની અંતર્દશાનાં ફળ વિશે છપ્પનમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૫૭

શનિમાં શનિનું અંતર

શનિની દશામાં શનિની અંતર્દશા હોય, જો પોતાની રાશિમાં તુલા (ઉચ્ચ) કે પરમ ઉચ્ચ અંશમાં કે લગ્નથી કેન્દ્ર, ત્રિકોણમાં કે રાજયોગકારક હોય તો એ સમયે રાજ્યલાભ, સ્ત્રી, પુત્ર આદિથી સુખ, હાથી આદિની સ્વારી, વસ્ત્રનો લાભ, રાજાની કૃપાથી સેનાપતિપદ, પશુ, ગામ અને ભૂમિનો લાભ થાય છે. (૧–૩)

શનિ જો લગ્નથી ૮–૧૨ સ્થાનમાં, નીચમાં પાપગ્રહની સાથે હોય તો અંતર્દશાના આરંભમાં રાજ્યભય, શસ્ત્રાઘાત, રક્તસ્રાવ, ગુલ્મ, અતિસાર આદિ થાય છે. દશાની વચમાં ચોર આદિનો ભય, દેશત્યાગ, માનસિક વ્યથા તથા દશાના અન્તમાં શુભ ફળ મળે છે. (૪–૫½)

શનિ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય થાય છે. એ દોષની શાન્તિ માટે મૃત્યુંજય જપ કરવાથી શંકરની કૃપાથી શાન્તિ મળે છે. (૬–૭)

શનિમાં બુધનું અંતર

શનિની દશામાં બુધની અંતર્દશા હોય, બુધ જો કેન્દ્ર ત્રિકોણમાં હોય તો લોકોમાં સન્માન, યશ, વિદ્યા, અને ધનનો લાભ, વાહન

આદિનું સુખ, પ્રાપ્ત થાય છે. યજ્ઞાદિ કાર્યમાં પ્રવૃત્તિ, રાજયોગ, દેહસુખ, ઉત્સાહ, ઘરમાં કલ્યાણ, સેતુ સ્નાન આદિ તીર્થયાત્રા, વાણિજ્યમાં લાભ, ધર્માનુષ્ઠાન, પુરાણશ્રવણ, અન્નદાન, આદિ ધર્મકાર્ય તથા મધુર ભોજનની પ્રાપ્તિ થાય છે. (૮–૧૧)

બુધ જો લગ્ન કે દશાપતિથી ૬–૮–૧૨માં કે સૂર્ય, મંગળ, રાહુની સાથે હોય તો દશાના આરંભમાં રાજ્યલાભ, ધનલાભ, ગામની આગેવાની મળે છે પરંતુ મધ્ય અને અન્તમાં રોગથી પીડા, સર્વ કાર્યમાં હાનિ, ચિત્તમાં વ્યાકુળતા તથા ભય થાય છે. (૧૨–૧૩½)

બુધ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એ દોષની શાન્તિ માટે વિષ્ણુસહસ્રનામનો જપ, અન્નદાન કરાવવાથી સર્વ સંપત્તિ મળે છે. (૧૪–૧૫)

શનિની દશામાં કેતુની અંતર્દશાનું ફળ

શનિની દશામાં કેતુનું અંતર હોય, કેતુ પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, શુભ રાશિમાં, કેન્દ્ર કે ત્રિકોણમાં પણ હોય, શુભ ગ્રહની સાથે કે તેનાથી દષ્ટ પણ હોય તથાપિ એની દશામાં સ્થાનનો નાશ, ભય, દરિદ્રતા, કષ્ટ, વિદેશયાત્રા આદિ અશુભ ફળ મળે છે. જો લગ્નના સ્વામીની સાથે સંબંધ હોય તો દશાના આરંભમાં સુખ અને ધનલાભ, ગંગા આદિ તીર્થસ્નાન અને દેવતાનું દર્શન થાય છે. (૧૬–૧૮½)

કેતુ જો દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ, ૩–૧૧ સ્થાનમાં હોય તો સામર્થ્ય, ધર્મબુદ્ધિ, રાજાનું દર્શન તથા સર્વ સુખ મળે છે. (૧૯½)

કેતુ જો દશાપતિ કે લગ્નથી પણ ૮–૧૨ સ્થાનમાં હોય તો અપમૃત્યુનો ભય, ખરાબ અન્નનું ભોજન, શીતજ્વર, અતિસાર, ગુમડાં, ચોરનો ભય, તથા સ્ત્રીપુત્રનો વિયોગ થાય છે. (૨૦–૨૧½)

કેતુ જો લગ્નથી બીજા કે સાતમા સ્થાનમાં હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એની શાન્તિ માટે છાગનું દાન કરવાથી કેતુની પ્રસન્નતાથી સુખ અને શાન્તિ મળે. (૨૩)

શનિમાં શુક્રનું અંતર

શનિની દશામાં શુક્રની અંતર્દશા હોય, શુક્ર જો કેન્દ્ર, ત્રિકોણમાં પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં, ૧૧ મા સ્થાનમાં શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો સ્ત્રી, પુત્ર, ધન, આરોગ્ય, ઘરમાં કલ્યાણ, રાજ્યલાભ, રાજાની કૃપાથી સુખ, સન્માન, વસ્ત્ર, ભૂષણ, વાહન આદિ ઈષ્ટ વસ્તુઓ મળે. એ સમયે ગુરુ અનુકૂળ હોય તો ભાગ્યોદય, સંપત્તિની વૃદ્ધિ, શનિ ગોચરથી અનુકૂળ હોય તો રાજયોગ, કે યોગક્રિયાની સિદ્ધિ થાય છે. (૨૪-૨૭½)

શુક્ર જો નીચમાં કે અસ્ત હોય કે ૬-૮-૧૨ સ્થાનમાં હોય તો સ્ત્રીને કષ્ટ, સ્થાનનો નાશ, માનસિક વ્યથા અને સ્વજનો સાથે કલહ થાય છે. (૨૮-૨૯)

શુક્ર જો દશાપતિથી ૯-૧૧ કે કેન્દ્રમાં હોય તો રાજાની કૃપાથી ઈષ્ટની સિદ્ધિ, દાન, ધર્મ, તીર્થયાત્રા, શાસ્ત્રમાં પ્રવૃત્તિ, કાવ્યરચના, વેદાન્તાદિ કથાશ્રવણ, સ્ત્રીપુત્રાદિથી સુખ મળે. (૩૨-૩૪)

શુક્ર જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એ દોષની શાન્તિ માટે દુર્ગાદેવીના જપ કરવા, ધોળી ગાય કે ભેંસનું દાન કરવાથી આયુષ્ય અને આરોગ્ય વધે છે તથા જગદંબાની કૃપાથી સુખ મળે છે. (૩૫-૩૬)

શનિમાં સૂર્યનું અંતર

શનિની દશામાં સૂર્યની અંતર્દશા હોય અને સૂર્ય પોતાના ઉચ્ચ સ્થાનમાં, ભાગ્યના સ્વામીની સાથે હોય, લગ્નથી કેન્દ્ર, ત્રિકોણમાં શુભ ગ્રહની સાથે હોય કે તેનાથી દૃષ્ટ હોય તો માલિકથી

સુખ, ઘરમાં કલ્યાણ, પુત્રાદિ સુખ, વાહન, વસ્ત્ર, પશુ આદિન. લાભ થાય છે. (૩૭–૩૮½)

સૂર્ય જો લગ્નથી કે દશાપતિથી ૮–૧૨ સ્થાનમાં હોય તો હૃદયરોગ, માનહાનિ, સ્થાનનાશ, માનસિક વ્યથા, બંધુઓનો વિયોગ, ઉદ્યોગમાં અડચણ, જ્વર, તાવ, ભય, સંબંધીઓનો નાશ, પ્રિય વસ્તુઓનો નાશ થાય છે. (૩૯–૪૧)

સૂર્ય જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એ દોષની શાન્તિ માટે સૂર્યની આરાધના કરવી.

શનિમાં ચંદ્રનું અંતર

શનિની દશામાં ચન્દ્રની અંતર્દશા હોય, ચન્દ્ર પોતાના ઉચ્ચ, પોતાના ગૃહ, લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧ મા સ્થાનમાં, પૂર્ણ બિંબ સાથે, શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો રાજાની કૃપાથી વાહન, વસ્ત્ર, ભૂષણોનો લાભ, સુખ અને સૌભાગ્યની વૃદ્ધિ, નોકરોનું પાલન, માતા અને પિતાના વંશમાં સુખ અને પશુઓની વૃદ્ધિ થાય છે. (૪૩–૪૫)

ચન્દ્ર જો ક્ષીણ, પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ, નીચ, ક્રૂર નવાંશ કે ક્રૂર ગ્રહની રાશિમાં હોય તો એની અંતર્દશામાં પરમ કષ્ટ, રાજકોપ, ધનનાશ, માતાપિતાનો વિયોગ, સન્તાનને રોગ, વ્યવસાયમાં હાનિ, કુસમયે ભોજન અને ઔષધ લેવા પડે. પરંતુ દશાના આરંભમાં કંઈક ધનલાભ અને સુખ પણ મળે છે. (૪૬–૪૮½)

ચન્દ્ર જો દશાના સ્વામીથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧ મા સ્થાનમાં હોય તો વાહન, વસ્ત્ર અને બંધુઓનું સુખ, પિતામાતા, સ્ત્રી, મિત્ર, માલિક આદિથી પણ ઇષ્ટની સિદ્ધિ અને સુખ થાય છે. (૪૯–૫૦½)

ચન્દ્ર જો દશાપતિથી ૧૨–૮ સ્થાનમાં હોય, નિર્બળ હોય તો

નિદ્રા, આળસ, સ્થાનનાશ, સુખહાનિ, શત્રુની વૃદ્ધિ તથા બંધુઓ સાથે દ્વેષ થાય છે. (૫૧–૫૨)

ચન્દ્ર બીજા કે બારમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ, આળસ થાય છે. એના દોષની શાન્તિ માટે તલથી હવન, ગોળ, ઘી, દહીં મેળવેલા તંદુલ, ઘઉં અને ભેંસનું દાન કરવું. (૫૩–૫૪)

શનિમાં મંગળ

શનિની દશામાં મંગળની અંતર્દશા હોય, મંગળ પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં હોય કે દશાના સ્વામી કે લગ્નના સ્વામીની સાથે હોય તો એ સમયના આરંભથી જ સુખ, ધનલાભ, રાજા તરફથી માન, વાહન, વસ્ત્ર, ભૂષણનો લાભ, સેનાપતિપદ, ખેતી અને પશુઓની વૃદ્ધિ, નવીન ગૃહનિર્માણ, બંધુઓને સુખ થાય છે. (૫૫–૫૭)

મંગળ પોતાના નીચમાં, અસ્ત કે લગ્નથી ૮–૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો એ સમયે ધનહાનિ, ચોર, સર્પ, ગુમડાં, શસ્ત્ર તથા ગઠિયારોગ આદિનો ભય, પિતા અને ભાઈ ને કલેશ, પિતરાઈઓ સાથે કલહ, પશુઓની હાનિ, ખરાબ અન્નનું ભોજન, વિદેશગમન અને વ્યર્થ ખર્ચ થાય છે. (૫૮–૬૦)

મંગળ જો આઠમા કે સાતમા સ્થાનના સ્વામી કે બીજા સ્થાનમાં હોય તો અપમૃત્યુનો ભય, અનેક કષ્ટ અને પરાભવ થાય છે. આ દોષની શાન્તિ માટે હોમ અને બળદનું દાન કરવું.

શનિની દશામાં રાહુની અંતર્દશા હોય, રાહુ જો ઉચ્ચાદિ સુસ્થાનમાં ન હોય તો એ સમયમાં કલહ, માનસિક વ્યથા, શરીરમાં કષ્ટ, સંતાપ, પુત્રો સાથે દ્વેષ, રોગનો ભય, વ્યર્થ ખર્ચ, રાજાનો ભય, સ્વજનમાં વિરોધ, વિદેશયાત્રા, ગૃહ અને ખેતીમાં હાનિ થાય છે. (૬૩–૬૪)

રાહુ જો લગ્નનના સ્વામી કે યોગકારક ગ્રહની સાથે પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં લગ્ન કે દશાપતિથી કેન્દ્ર, ૧૧મા સ્થાનમાં હોય તો અંતર્દશાના આરંભમાં સુખ, ધનલાભ, ખેતીમાં વૃદ્ધિ, દેવ અને બ્રાહ્મણોમાં ભક્તિ, તીર્થયાત્રા, પશુઓની વૃદ્ધિ, ઘરમાં કલ્યાણ થાય છે. દશાની મધ્યમાં રાજા સાથે પ્રેમ અને પુત્ર, મિત્ર આદિ સાથે વિરોધ થાય છે. (૬૫-૬૭)

જો રાહુ મેષ, કન્યા, કર્ક, વૃષભ, મીન, ધન કે કન્યા રાશિમાં હોય તો હાથી સુધીના ઐશ્વર્યની સમૃદ્ધિ, રાજા સાથે મિત્રાચારી, દિવ્ય વસ્ત્ર આદિ સુખ મળે છે. (૬૮½)

જો રાહુ બીજો કે સાતમો હોય તો શરીરમાં કષ્ટ થાય છે. આ દોષની શાન્તિ માટે મૃત્યુંજય જપ, છાગદાન તથા બળદનું દાન કરવાથી સર્વપ્રકારની સંપત્તિ મળે છે. (૬૯-૭૦)

શનિની દશામાં ગુરુની અંતર્દશાનાં ફળ

શનિની દશામાં ગુરુની અંતર્દશા હોય, ગુરુ જો લગ્નથી કેન્દ્ર, ત્રિકોણમાં, લગ્નના સ્વામીની સાથે, પોતાના ક્ષેત્ર, પોતાના ઉચ્ચમાં હોય તો સર્વકાર્યની સિદ્ધિ, ઘરમાં કલ્યાણ, રાજાની કૃપાથી ધન, વાહન, ભૂષણ તથા વસ્ત્રલાભ, સન્માન, દેવ અને ગુરુમાં ભક્તિ, વિદ્વાનોનો સંગ, સ્ત્રી, પુત્ર આદિથી સુખ થાય છે. (૭૧-૭૩½)

ગુરુ જો લગ્નથી ૬-૮-૧૨ સ્થાનમાં, પોતાના નીચમાં કે પાપગ્રહની સાથે હોય તો સંબંધીઓનું મરણ, ધનનો નાશ, રાજ-કર્મચારીઓ સાથે દ્વેષ, કાર્યમાં હાનિ, વિદેશયાત્રા અને કુષ્ઠાદિ રોગનો ભય થાય છે. (૭૪-૭૫½)

ગુરુ જો દશાપતિથી કેન્દ્ર, ૫, ૯, ૨, ૧૧ સ્થાનમાં હોય તો ઐશ્વર્ય, સ્ત્રીને સુખ, રાજા દ્વારા ધનલાભ, ભોજન, વસ્ત્રાદિ સુખ,

દાન, ધર્મમાં પ્રવૃત્તિ થાય છે. વેદ, વેદાન્ત, જ્ઞાન, યજ્ઞકર્મ અન્નદાન દેશમાં કીર્તિ થાય છે. (૭૬–૭૮)

ગુરુ જો દશાપતિથી ૬–૮–૧૨ સ્થાનમાં બળહીન હોય તો બંધુઓમાં દ્વેષ, માનસિક વ્યથા, કલહ, સ્થાનત્યાગ, કુભોજન, કાર્યમાં હાનિ, રાજદંડથી ધનનો નાશ, બંધન, પુત્ર, સ્ત્રીને પીડા થાય છે. (૭૯–૮૦)

ગુરુ જો બીજા કે સાતમા સ્થાનના સ્વામી હોય તો શરીરમાં કષ્ટ, સંતાપ અને પોતાના સંબંધીનું મરણ થાય છે. આ દોષની શાન્તિ માટે શિવસહસ્રનામ જપ અને સોનાનું દાન કરવું જોઈએ.

બૃહત પારાશરીમાં શનિની અંતર્દશાનાં ફળ નામનો સત્તાવનમો અધ્યાય સંપૂર્ણ.

卐

અધ્યાય : ૫૮

બુધમાં અંતર્દશાઓ : બુધમાં બુધનું અંતર

બુધની દશામાં બુધની જ અંતર્દશા હોય તથા તે પોતાના ઉચ્ચ આદિ શુભ સ્થાનમાં હોય તો એ સમયમાં મોતી આદિ રત્નોનો લાભ, જ્ઞાન, કર્મ અને સુખની વૃદ્ધિ, વિદ્યા, કીર્તિ, નવા માલિકનું દર્શન, વૈભવ, પત્ની, પુત્ર આદિ તથા પિતા અને માતાનું સુખ મળે છે. જો બુધ પોતાના નીચાદિ અશુભ સ્થાનમાં હોય, ૬-૮-૧૨ સ્થાનમાં હોય, પાપગ્રહની સાથે હોય તો ધન અને પશુનો નાશ, બંધુઓથી વિરોધ શૂળ આદિ રોગ, રાજકાર્યમાં વ્યાકૂળતા થાય છે. (૧-૩½)

બુધ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો સ્ત્રીને કષ્ટ, સંબંધીજનોનાં મરણ, વાત અને શૂળરોગ થાય છે. આ દોષની શાન્તિ માટે વિષ્ણુસહસ્રનામનો જપ કરવો જોઈએ (૪-૫)

બુધમાં કેતુનું અંતર

બુધની દશામાં કેતુની અંતર્દશા હોય, કેતુ જો લગ્નથી કેન્દ્ર, ત્રિકોણમાં, શુભગ્રહથી કે લગ્નના સ્વામીથી કે યોગકારકથી દૃષ્ટ કે તેમની સાથે હોય અથવા દશાપતિથી કેન્દ્ર, ૧૧મા સ્થાનમાં હોય

એ સમયમાં દેહસુખ, સ્વલ્પ ધન, બંધુપ્રેમ, પશુઓની વૃદ્ધિ, ઉદ્યોગથી ધન, વિદ્યા, કીર્તિ, સન્માન, રાજાથી દર્શન અને ભોજન તથા વસ્ત્રનું સુખ થાય છે. (૬-૮½)

કેતુ જો દશાપતિથી ૮-૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો વાહન પરથી પડવું. પુત્રને કષ્ટ, ચોર અને રાજાથી ભય, પાપ-કર્મમાં પ્રવૃત્તિ, વીંછી આદિનો ભય, નીચ લોકો સાથે કલહ, શોક, રોગ આદિ કલેશ અને નીચોનો સંગ થાય છે.

કેતુ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ થાય છે. આ દોષની શાન્તિ માટે છાગનું દાન કરવું જોઈએ. (૧૨)

બુધની દશામાં શુક્રની અંતર્દશા હોય, શુક્ર જો લગ્નથી કેન્દ્ર, ૧૧-૫-૯ સ્થાનમાં હોય તો ધર્મકાર્યમાં પ્રવૃત્તિ, મિત્ર અને રાજા દ્વારા ઈષ્ટ આશયની સિદ્ધિ, ખેતી અને સુખની પ્રાપ્તિ થાય છે. જો દશાના સ્વામીથી કેન્દ્ર, ૫-૯-૧૧ સ્થાનમાં હોય તો રાજ્ય, ધન, સંપત્તિનો લાભ, જળાશય નિર્માણ, દાન ધર્મમાં તત્પરતા, વ્યવસાયથી વિશેષ ધનધાન્યનો લાભ થાય છે. (૧૩-૧૫½)

શુક્ર જો દશાપતિથી ૬-૮-૧૨ સ્થાનમાં નિર્બળ હોય તો હૃદયરોગ, માનહાનિ, જ્વર, અતિસાર, બંધુઓનો વિયોગ, શરીરમાં કષ્ટ અને સંતાપ થાય છે (૧૬-૧૭½)

શુક્ર જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય થાય છે. એની શાન્તિ માટે દુર્ગાનો મંત્ર જપવાથી જગદંબાની કૃપાથી શાન્તિ મળે છે. (૧૮-૧૯)

બુધમાં સૂર્યનું અંતર

બુધની દશામાં સૂર્યની અંતર્દશા હોય, સૂર્ય જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ત્રિકોણ, ૨, ૧૧ સ્થાનમાં ઉચ્ચ અંશ કે

પોતાના નવાંશમાં હોય તો રાજાની કૃપાથી ભાગ્યોદય, મિત્રોથી સુખ, જો એના પર મંગળની દૃષ્ટિ હોય તો ભૂમિલાભ, લગ્નના સ્વામીની દૃષ્ટિ હોય તો ભોજન અને વસ્ત્રનું વિશેષ સુખ થાય છે. (૨૦–૨૨)

લગ્ન કે દશાના સ્વામીથી ૬–૮–૧૨ સ્થાનમાં હોય કે શનિ, મંગળ, રાહુની સાથે, બલહીન હોય તો ચોર, અગ્નિ અને શસ્ત્રનો ભય, પિત્તરોગ, મસ્તકમાં પીડા, માનસિક વ્યથા તથા ઇષ્ટ મિત્રોનો વિયોગ થાય છે. (૨૩–૨૪)

સૂર્ય જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય થાય છે. એની શાન્તિ માટે સૂર્યની આરાધના આદિથી શાન્તિ યથાવિધિ કરવી. (૨૫)

બુધમાં ચંદ્રનું અંતર

બુધની દશામાં ચન્દ્રની અંતર્દશા હોય, જો ચન્દ્ર લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં ગુરુથી દૃષ્ટ હોય કે પોતે જ યોગકારક હોય તો યોગ પ્રબળ બને છે. એ સમયે સ્ત્રી, પુત્ર, વસ્ત્ર તથા ભૂષણોનો લાભ થાય છે. (૨૬–૨૭)

નવીન ભવન, મિષ્ટાન્ન ભોજન, ગાવું વગાડવું, શાસ્ત્રનું અધ્યયન, દક્ષિણ દિશાની યાત્રા, બીજા સ્થળેથી વસ્ત્રાદિનો લાભ, મોતી આદિ રત્નોનો પણ લાભ થાય છે. (૨૮–૨૯½)

ચન્દ્ર જો પોતાના નીચ કે શત્રુની રાશિમાં હોય તો શરીરમાં કષ્ટ થાય છે. જો દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ, ૬–૧૧ સ્થાનમાં હોય તો આરંભમાં તીર્થદેવતાનું દર્શન, ધૈર્ય, ઉત્સાહ, વિદેશથી ધનલાભ થાય છે. (૩૦–૩૧½)

ચન્દ્ર જો દશાપતિથી ૬–૮–૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે

હોય તો ચોર, અગ્નિ અને રાજાથી ભય, સ્ત્રી દ્વારા અપકીર્તિ અને ધનહાનિ, ખેતી અને પશુઓનો નાશ થાય છે. (૩૧-૩૪)

ચન્દ્ર જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એની શાન્તિ માટે દુર્ગામંત્રનો જપ અને વસ્ત્રદાન કરવાથી દુર્ગાની કૃપાથી આયુષ્યની વૃદ્ધિ અને સુખની પ્રાપ્તિ થાય છે. (૩૪-૩૫)

બુધમાં મંગળનું અંતર

બુધની દશામાં મંગળની અંતર્દશા હોય, મંગળ જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, લગ્નથી કેન્દ્રમાં, ત્રિકોણ કે લગ્નના સ્વામીની સાથે હોય તો રાજાની કૃપાથી ઘરમાં કલ્યાણ, સંપત્તિની વૃદ્ધિ, નષ્ટ રાજ્ય આદિનો લાભ, પુત્રનો જન્મ, સંતોષ, પશુ, ખેતી, સવારીનો લાભ તથા સ્ત્રીને સુખ થાય છે. (૩૬-૩૮½)

મંગળ જો પોતાની નીચ રાશિ, લગ્નથી ૮-૧૨ સ્થાનમાં પાપગ્રહથી દૃષ્ટ હોય તો શરીરમાં કષ્ટ, માનસિક વ્યથા, ઉદ્યોગમાં અવરોધ, ગઠિયા રોગ, શસ્ત્રવ્રણનો ભય અને અનેક પ્રકારના તાવ આવે છે. (૩૯-૪૦½)

મંગળ જો દશાપતિથી કેન્દ્ર, ૫-૯-૧૧ સ્થાનમાં શુભ ગ્રહથી દૃષ્ટ હોય તો ધનલાભ, શરીરનું સુખ, પુત્રજન્મ, યશ અને બંધુપ્રેમ થાય છે. (૪૧-૪૨)

દશાપતિથી ૮-૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો દશાની શરૂઆતના ભાગમાં કષ્ટ, બંધુવર્ગમાં ભય, રાજા, ચોર અને અગ્નિનો પ્રકોપ, પુત્ર સાથે વિરોધ, સ્થાનની હાનિ થાય છે. મધ્યમાં સુખ, ધનલાભ અને અન્તમાં રાજભય તથા સ્થાનનો નાશ થાય છે. (૪૩-૪૪½)

મંગળ જો બીજા કે ત્રીજા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય થાય છે. એની શાન્તિ માટે ગોદાન અને મૃત્યુંજયનો જપ કરવાથી શંકરની કૃપાથી સુખ થાય છે. (૪૫-૪૬)

બુધમાં રાહુનું અંતર

બુધની દશામાં રાહુની અંતર્દશા હોય, રાહુ જો લગ્નથી કેન્દ્ર ત્રિકોણમાં, કુંભ કન્યા કે વૃષભમાં હોય તો રાજાથી આદર, સુયશ, ધન, તીર્થ, દેવદર્શન, યજ્ઞ, માન અને વસ્ત્રોનો લાભ થાય છે. દશાની શરૂઆતમાં કંઈક કષ્ટ પણ અન્તમાં સુખ મળે છે. (૪૭-૪૯)

રાહુ જો લગ્નથી ૮-૧૨ સ્થાનમાં હોય તો એની અંતર્દશામાં ધનનો નાશ, શરીરમાં વાતજ્વર અને અજીર્ણ રોગથી કષ્ટ થાય છે. (૫૦)

રાહુ જો લગ્નથી ૩-૬-૧૦-૧૧ સ્થાનમાં હોય તો રાજા સાથે વાર્તાલાપ, શુભ ગ્રહની સાથે હોય તો નવા માલિકનું દર્શન થાય છે. (૫૧)

રાહુ જો દશાપતિથી ૮-૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો રાજકાર્યમાં પરિશ્રમ, સ્થાનની હાનિ, ભય, બંધન, રોગ, પોતાને અને પોતાના બંધુઓને સંતાપ, હૃદયરોગ, માન અને ધનની હાનિ થાય છે. (૫૨-૫૩)

રાહુ જો બીજા કે સાતમા સ્થાનમાં હોય તો અપમૃત્યુનો ભય થાય છે. એ દોષની શાન્તિ માટે દુર્ગા અને લક્ષ્મીનો મંત્ર જપ, કપિલ ગાયનું દાન, ભેંસનું દાન કરવાથી જગદંબાની કૃપાથી સુખ મળે છે. (૫૪-૫૫)

બુધમાં ગુરૂનું અંતર

બુધની દશામાં ગુરુની અંતર્દશા હોય, ગુરુ જો લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧–૨ સ્થાનમાં, પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં હોય તો શરીર સુખ, ધન લાભ, રાજની કૃપા, ઘરમાં વિવાહ આદિ ઉત્સવ, મિષ્ટાન્ન ભોજન, પશુઓની વૃદ્ધિ, પુરાણ આદિનું શ્રવણ, દેવ, ગુરુમાં ભક્તિ, દાન, ધર્મ યજ્ઞમાં પ્રવૃત્તિ અને પૂજાનું ફળ મળે છે. (૫૬–૫૮½)

ગુરુ જો નીચમાં, અસ્તગત, લગ્નથી ૬–૮–૧૨મા સ્થાનમાં શનિ, મંગળની સાથે કે તેમનાથી દષ્ટ હોય તો પોતાના લોકો અને રાજા સાથે કલહ, ચોર આદિથી કષ્ટ, માતાપિતાનું મરણ, માનહાનિ, રાજદંડ, ધનનાશ, વિષ, સાપ અને જ્વરથી પીડા, ખેતી અને ભૂમિની હાનિ થાય છે. (૫૯–૬૧)

ગુરુ જો દશાના સ્વામીથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧મા સ્થાનમાં, બળવાન ગ્રહો સાથે હોય તો પુત્રથી સુખ, ઉત્સાહ, ધન, પશુ અને યશની વૃદ્ધિ, અન્નદાન આદિ પુણ્યનો લાભ થાય છે. (૬૨½)

દશાના સ્વામીથી ૬–૮–૧૨ સ્થાનમાં નિર્બળ ગ્રહ હોય તો સંતાપ, બેચેની, રોગનો ભય, સ્ત્રી અને બંધુથી દ્વેષ, રાજકોપ, કલહ, ધન હાનિ, બ્રાહ્મણથી ભય થાય છે. (૬૩–૬૪½)

ગુરુ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી કે ૨–૭ સ્થાનમાં હોય તો કષ્ટ થાય છે. એ દોષની શાન્તિ માટે શિવસહસ્રનામ, જપ, ગોદાન, સુવર્ણદાન કરે તો સર્વ અનિષ્ટનો નાશ થાય છે.

બુધમાં શનિનું અંતર

બુધની દશામાં શનિની અંતર્દશા હોય, શનિ જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ત્રિકોણ, ૧૧મા સ્થાનમાં હોય તો ઘરમાં

કલ્યાણ, રાજ્યલાભ, ઉત્સાહ, પશુવૃદ્ધિ, સ્થાનલાભ તથા તીર્થસ્થાનમાં વસવાટ થાય છે. (૬૭-૬૮½)

શનિ જો દશાના સ્વામીથી ૮–૧૨ સ્થાનમાં હોય તો શત્રુનો ભય, સ્ત્રીપુત્રને કષ્ટ, બુદ્ધિનાશ, બંધુનાશ, કાર્યમાં હાનિ, માનસિક વ્યથા, વિદેશગમન અને ખરાબ સ્વપ્ન આવે. (૬૯-૭૦½)

જો શનિ બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુ થાય તે દોષ દૂર કરવા માટે મૃત્યુંજય મંત્રનો જપ કરવો, કાળી ગાય કે ભેંસનું દાન આયુષ્ય અને આરોગ્ય વધારવા કરવું. (૭૧–૭૨)

'બૃહત્ પારાશરી'માં બુધની અંતર્દશાનાં ફળ નામનો અઠ્ઠાવનમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૫૯

કેતુની અંતર્દશાઓ : કેતુમાં કેતુનું અંતર

કેતુની દશામાં કેતુની જ અંતર્દશા હોય, કેતુ જો લગ્નથી કેન્દ્ર, ત્રિકોણમાં, લગ્નેશની સાથે, સંબંધ ધરાવતો હોય તો ધન, પુત્ર સ્ત્રીથી સુખ, રાજાથી આદર પરંતુ માનસિક વ્યથા, ગામ, ભૂમિ આદિનો લાભ થાય છે. (૧-૨½)

કેતુ જો પોતાના નીચમાં અસ્તગ્રહની સાથે ૮-૧૨ સ્થાનમાં હોય તો હૃદયરોગ, માનહાનિ, ધન અને પશુઓનો નાશ, સ્ત્રી, પુત્રને કષ્ટ તથા મનની ચંચળતા થાય છે. (૩-૪)

જો બીજા કે સાતમા સ્થાનના સ્વામી સાથે સંબંધ હોય કે ૨-૭ સ્થાનમાં હોય તો રોગ ભય, કષ્ટ, પોતાના બંધુઓનો વિયોગ થાય છે. એ દોષની શાન્તિ માટે દુર્ગાદેવીનો જપ તથા મૃત્યુંજય જપ કરવો. આમ કરવાથી કેતુની અંતર્દશામાં પણ સુખ મળે છે. (૫-૬)

કેતુમાં શુક્રનું અંતર

કેતુની દશામાં શુક્રની અંતર્દશા હોય, શુક્ર જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ત્રિકોણ, ૧૧ મા સ્થાનમાં, દસમા સ્થાનના સ્વામીની સાથે હોય તો રાજની કૃપા, સૌભાગ્ય, વસ્ત્રાદિનો લાભ.

જો નવમા સ્થાનના સ્વામીની સાથે હોય તો ભાગ્યોદય, નષ્ટ રાજ્યનો લાભ, વાહનાદિ સુખ, સેતુસ્નાન, દેવદર્શન આદિ પુણ્ય, રાજાની કૃપાથી ગામ, જમીન આદિનો લાભ થાય છે. (૭-૯½)

શુક્ર જો દશાના સ્વામીથી કેન્દ્ર, ત્રિકોણ, ૩-૧૧ સ્થાનમાં હોય તો આરોગ્ય, ઘરમાં કલ્યાણ, ભોજન, વસ્ત્ર, આદિનો લાભ થાય છે. (૧૦-૧૧)

જો દશાના સ્વામીથી ૬-૧-૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો અકારણ ઝઘડો, ધનહાનિ, પશુઓને પીડા, જો નીચમાં કે નીચમાં રહેલા ગ્રહની સાથે હોય કે લગ્નથી ૬-૮ સ્થાનમાં હોય તો બંધુઓમાં કલહ, મસ્તક, નેત્રમાં પીડા, હૃદયરોગ, માનહાનિ, ધનનો નાશ, પશુ અને સ્ત્રીને પીડા થાય છે. (૧૨-૧૪)

શુક્ર જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ, માનસિક વ્યથા થાય છે. એની શાન્તિ માટે દુર્ગાદેવીનો જપ, ધોળી ગાય કે ભેંસ આયુષ્ય અને આરોગ્ય વધારવા દાનમાં આપવી.

કેતુમાં સૂર્યનું અંતર

કેતુની દશામાં સૂર્યની અંતર્દશા હોય, સૂર્ય જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ત્રિકોણ, ૧૧મા સ્થાનમાં શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો ધનલાભ, રાજાની કૃપા, પુણ્યકાર્ય અને ઈષ્ટની સિદ્ધિ થાય. (૧૬-૧૭)

જો લગ્નથી ૮-૧૨ સ્થાન, પાપગ્રહની સાથે હોય તો એની અંતર્દશામાં રાજભય, માતાપિતાનો વિયોગ, વિદેશગમન, ચોર, સાપ અને વિષથી પીડા, રાજદંડ, મિત્રોથી વિરોધ, શોક અને જ્વરાદિ રોગભય થાય છે. (૧૮-૧૯½)

સૂર્ય જો દશાના સ્વામીથી કેન્દ્ર, ત્રિકોણ, ૨-૧૧ સ્થાનમાં

હોય તો દેહસુખ, ધન, પુત્રનો લાભ સંતોષ, સર્વ કાર્યની સિદ્ધિ તથા નાના ગામની આગેવાની મળે છે. (૨૦–૨૧)

સૂર્ય જો દશાપતિથી ૮–૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો ભોજનમાં અવરોધ, ભય, ધન અને પશુની હાનિ, દશાના મધ્યમાં કષ્ટ, અંતમાં કંઈક શુભ પણ થાય છે. જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય કહેવો. એની શાન્તિ માટે સુવર્ણ તથા ગાયનું દાન કરવાથી સૂર્યની કૃપાથી સુખ મળે છે. (૨૨–૨૪)

કેતુમાં ચંદ્રનું અંતર

કેતુની દશામાં ચન્દ્રની અંતર્દશા હોય, ચન્દ્ર જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ત્રિકોણ, ૧૧–૨ સ્થાનમાં હોય તો એ સમયે રાજાથી આદર, ઉત્સાહ, કલ્યાણ, સુખ, ગૃહ, ભૂમિ આદિ લાભ, ભોજન, વસ્ત્ર, વાહન, પશુ આદિનો વિશેષ લાભ, વ્યવસાયમાં સિદ્ધિ, જલાશય આદિ પુણ્યકાર્ય, સ્ત્રી અને પુત્રને સુખ થાય છે. પૂર્ણ ચન્દ્ર હોય તો પૂર્ણરૂપે સુખ થાય. (૨૫–૨૮)

ચન્દ્ર જો ક્ષીણ હોય, નીચમાં, ૬–૮–૧૨ સ્થાનમાં હોય તો પોતાના સુખમાં સંતાપ, કાર્યમાં વિઘ્નનો ભય, માતાપિતાનો વિયોગ, શરીરમાં કષ્ટ, માનસિક વ્યથા, વ્યવસાયમાં હાનિ, પશુઓનો નાશ થાય છે. (૨૯–૩૦)

ચંદ્ર જો દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧ મા સ્થાનમાં બળવાન હોય તો ખેતી, ગાય અને જમીનનો લાભ, ઇષ્ટ બંધુઓનો સમાગમ, એનાથી કાર્યસિદ્ધિ, ઘરમાં દૂધની બનાવટો, દશાના આદિમાં શુભ ફળ, મધ્યમાં રાજા સાથે પ્રેમ થાય છે. દશાના અંતમાં રાજાથી ભય, વિદેશયાત્રા કે દૂરની યાત્રાથી બંધુઓમાં આદર થાય છે. (૩૧–૩૩)

ચન્દ્ર જો દશાપતિથી ૬-૮-૧૨ સ્થાનમાં બળહીન હોય તો ધનહાનિ, ચિત્તમાં વ્યાકૂળતા, બંધુઓમાં વૈર, ભાર્યને કષ્ટ થાય છે. જો ચન્દ્ર આઠમા સ્થાનનો સ્વામી હોય કે મારકના સ્વામીની સાથે હોય તો અપમૃત્યુનો ભય થાય છે. એની શાન્તિ યથાવિધિ ચન્દ્રની શાન્તિ માટે કરવામાં આવે તો આયુષ્ય અને આરોગ્ય મળે છે. (૩૪-૩૬)

કેતુમાં મંગળનું અંતર

કેતુની દશામાં મંગળની અંતર્દશા હોય, મંગળ પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો ગામ, ભૂમિ આદિનો લાભ, ધન, પશુની વૃદ્ધિ, નવીન ગૃહ કે બગીચાનું નિર્માણ, રાજાની કૃપાથી ધનલાભ. જો નવમા કે દસમા સ્થાનના સ્વામીની સાથે સંબંધ હોય તો જરૂર ભૂમિલાભ અને સુખ મળે છે. (૩૭-૩૯)

દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ, ૩-૧૧ સ્થાનમાં હોય તો રાજાથી આદર, લોકમાં સુયશ, પુત્ર, મિત્ર આદિથી સુખ થાય છે (૪૦)

જો દશાપતિથી ૮-૧૨-૨ સ્થાનમાં હોય તો મરણનો ભય, વિદેશગમનમાં આપત્તિ, પ્રમેહ, મૂત્રકૃચ્છ, આદિ રોગ, ચોર અને રાજાથી ભય, કલહ અને વ્યથાયુકત કંઈક સુખ પણ મળે છે. (૪૧-૪૨)

મંગળ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો તાપ જ્વર અને વિષભય, સ્ત્રીને કષ્ટ, માનસિક વ્યથા તથા અપમૃત્યુનો ભય થાય છે. એની શાન્તિ માટે બળદનું દાન કરવાથી મંગળની કૃપાથી સુખ અને શાન્તિનો લાભ થાય છે. (૪૩-૪૪)

કેતુમા રાહુનું અંતર

કેતુની દશામાં રાહુની અંતર્દશા હોય, રાહુ જો પોતાના ઉચ્ચ,

પોતાની રાશિ, મિત્ર રાશિમાં, લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧–૩–૨ સ્થાનમાં હોય તો એ સમયે ધનની વૃદ્ધિ, યવન આદિ રાજાથી ધન-ધાન્ય, પશુ, ગામ, જમીન આદિનો લાભ થાય છે. શરૂઆતમાં કંઈક કલેશ, મધ્ય તથા અન્તમાં સુખ થાય છે. (૪૫–૪૭)

જો ૮–૧૨ સ્થાનમાં રાહુ પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો બહુમૂત્ર, રોગ, દેહમાં ક્ષાણુતા, શીતજ્વર, વિષભય, ચોથિયો તાવ, ઉપદ્રવ, કલહ, પ્રમેહ, શૂળરોગ થાય છે. જો ૨–૭ સ્થાનમાં હોય તો કષ્ટ ભય કહેવો, એની શાન્તિ માટે દુર્ગાદેવીનો જપ કરવો. (૪૮–૫૦)

કેતુમાં ગુરૂનું અંતર

કેતુની દશામાં ગુરુની અંતર્દશા હોય, ગુરુ જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ત્રિકોણમાં લગ્નના, નવમા કે દસમા સ્થાનના સ્વામીની સાથે હોય તો એ સમયમાં ધનધાન્યની વૃદ્ધિ, રાજાની કૃપા, વાહન આદિનો લાભ, ઘરમાં પુત્રજન્મ આદિ ઉત્સવ, પુણ્ય, યજ્ઞ આદિ સત્કર્મ, શત્રુ પર વિજય અને સુખ થાય છે. (૫૧–૫૪)

ગુરુ જો ૬–૮–૧૨ સ્થાનમાં હોય કે પોતાના નીચમાં હોય તો ચોર, સર્પ, ગુમડાનો ભય, ધનનો નાશ, પુત્ર કે સ્ત્રીનો વિયોગ, શરીરમાં કષ્ટ થાય છે. દશાની શરૂઆતમાં કંઈક શુભ ફળ મળે છે. અન્તમાં જરૂર અશુભ થાય છે. (૫૬)

ગુરુ જો દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ, ૩–૧૧ સ્થાનમાં શુભ ગ્રહની સાથે હોય તો રાજાની કૃપાથી વિવિધ પ્રકારનાં વસ્ત્રાભૂષણ મળે, વિદેશયાત્રા, બંધુઓનું પાલન, સરસ ભોજન આદિનો લાભ થાય છે. દશાની શરૂઆતમાં કંઈક શારીરિક કષ્ટ, અન્તમાં સ્થાનહાનિ અને કલહ થાય છે. (૫૭–૫૮½)

ગુરુ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો

ભય થાય. એની શાન્તિ માટે શિવસહસ્ર નામ તથા મૃત્યુંજય મંત્રનો જપ કરે તો બધાં કષ્ટનો નાશ થાય છે. (૫૯–૬૦)

કેતુમાં શનિનું અંતર

કેતુની દશામાં શનિની અંતર્દશા હોય, શનિ જો અધિકાર વગરનો હોય તો એ સમયે પીડા, બંધુઓને કષ્ટ, સંતાપ, પરંતુ પશુઓની વૃદ્ધિ, રાજકાર્યથી ધનનો નાશ, સ્થાનનો ત્યાગ, પરદેશ ગમન, માર્ગમાં ચોરનો ભય થાય છે. જો ૮–૧૨ સ્થાનમાં હોય તો આળસ અને ધનહાનિ થાય છે. (૬૧–૬૨½)

શનિ જો ભીનથી ત્રિકોણમાં, તુલામાં, પોતાની રાશિમાં, લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, ૩ સ્થાનમાં, શુભ નવાંશમાં, શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો સર્વ કાર્યની સિદ્ધિ, માલિકથી સુખલાભ, યાત્રામાં સુખ, પોતાના ગામમાં પણ સુખસંપત્તિની વૃદ્ધિ તથા રાજ-દર્શન થાય છે. (૬૩–૬૫)

દશાપતિથી શનિ જો ૬–૮–૧૨માં પાપગ્રહની સાથે હોય તો દેહમાં કષ્ટ, સંતાપ, કાર્યમાં વિઘ્નનો ભય, માનહાનિ, માતાપિતાનું મરણ થાય છે. શનિ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય થાય છે. એ દોષની શાન્તિ માટે તલથી હોમ, કાળી ગાયનું દાન તથા ભેંસનું દાન કરે તો આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ થાય. (૬૬–૬૮)

કેતુમાં બુધનું અંતર

કેતુની દશામાં બુધની અંતર્દશા હોય, બુધ જો લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં હોય તો એ સમયે રાજ્ય-લાભ, સુખ, સત્સંગ, દાનાદિ ધર્મકાર્ય, ભૂમિપુત્ર અને ધનનો લાભ, અનાયાસ ધર્મ અને વિવાહાદિ શુભ કાર્ય, ઘરમાં કલ્યાણ તથા વસ્ત્રાભૂષણનો લાભ થાય છે. (૬૯–૭૧)

બુધ જો નવમા કે દસમા સ્થાનના સ્વામીની સાથે હોય તો ભાગ્યોદય, વિદ્વાનોના સંગથી સત્કથાથી સમય વ્યતીત થાય છે. (૭૨)

બુધ જો ૬-૮-૧૨ સ્થાનમાં શનિ, મંગળ રાહુની સાથે કે દૃષ્ટ હોય તો રાજ્યધિકારીઓથી વિરોધ, પારકા ઘરમાં વાસ, વસ્ત્ર, વાહન, પશુ આદિ ધનનો નાશ થાય છે. દશાની શરૂઆતમાં કંઈક શુભ ફળ પણ મળે છે, મધ્યમાં વિશેષ સુખ, અન્તમાં ઉપરોક્ત અશુભ ફળ અને સ્ત્રીપુત્રને કષ્ટ થાય છે.

બુધ જો દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧મા સ્થાનમાં હોય તો આરોગ્ય, પુત્રસુખ, ઐશ્વર્ય, ભોજન, વસ્ત્ર, તથા વ્યવસાયમાં વિશેષ લાભ થાય છે. (૭૫-૭૬)

બુધ જો દશાપતિથી ૬-૮-૧૨ સ્થાનમાં હોય, નિર્બળ હોય તો દશાની શરૂઆતમાં કષ્ટ, સ્ત્રી, પુત્રને પીડા તથા રાજભય થાય છે. મધ્યમાં તીર્થયાત્રા થાય છે. જો બુધ બીજા સ્થાનનો કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો અપમૃત્યુનો ભય થાય છે. એ દોષની શાન્તિ માટે વિષ્ણુસહસ્ર નામનો જપ કરવાથી શ્રીહરિની કૃપાથી સુખ મળે.

'બૃહત્ પારાશરી' કેતુની અંતર્દશાનાં ફળ વિશે ઓગણસાઠમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૬૦

શુક્રની અંતદર્શાઓ : શુક્રમાં શુક્રનું અંતર

શુક્રની દશામાં શુક્રની અંતર્દશા હોય, શુક્ર જો લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧મા સ્થાનમાં બળવાન હોય તો એ સમયમાં બ્રાહ્મણ દ્વારા ધન, પશુ આદિનો લાભ, ઘરમાં પુત્રનો ઉત્સવ, કલ્યાણ, રાજાથી સન્માન, રાજ્ય લાભાદિથી વિશેષ સુખ થાય છે (૧-૨½)

શુક્ર જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, ઉચ્ચ અંશ નવમાંશમાં હોય તો નવીન ઘરનું નિર્માણ, મિષ્ટાનભોજન, સ્ત્રી, પુત્રને સુખ, મિત્રની સંગતા અન્નદાનાદિ ધર્મરાજાની કૃપા, વસ્ત્ર, વાહન, ભૂષણનો લાભ, વ્યવસાયમાં સિદ્ધિ, પશુઓની વૃદ્ધિ, પશ્ચિમ દિશાની યાત્રાથી વસ્ત્રાદિ લાભ થાય છે. (૩-૬)

શુક્ર જો લગ્નથી ૩-૬-૧૧ સ્થાનમાં હોય અને શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય, મિત્રના નવાંશમાં, ઉચ્ચમાં રહેલ, લાભ સ્થાનના સ્વામી કે યોગકારકની સાથે હોય તો રાજ્યલાભ, ઉત્સાહ, રાજાની કૃપા, ઘરમાં કલ્યાણ, સ્ત્રી પુત્ર અને ધનની વૃદ્ધિ થાય છે. (૭-૮)

શુક્ર જો ૬-૮-૧૨મા સ્થાનમાં પાપગ્રહની સાથે કે તેમનાથી

દૃષ્ટ હોય તો ચોર આદિનો ભય, રાજાધિકારીઓથી દ્વેષ, મિત્ર અને બંધુઓનો નાશ, સ્ત્રીપુત્રને કષ્ટ થાય છે. (૯-૧૦)

શુક્ર જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો મરણનો ભય થાય છે. એનાથી બચવા દુર્ગાજપ તથા ગાયનું દાન કરવું. (૧૧)

શુક્રમાં સૂર્યનું અંતર

શુક્રની દશામાં સૂર્યની અંતર્દશા હોય, સૂર્ય જો પોતાના ઉચ્ચ અને નીચથી અન્યત્ર હોય તો એ સમયે સંતાપ, રાજકોપ, પિતૃરાઈઓ સાથે કલહ થાય છે. (૧૨)

સૂર્ય જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, લગ્ન કે શુક્રથી કેન્દ્ર, ત્રિકોણ, ૨, ૧૧મા સ્થાનમાં હોય તો રાજ્ય, ધન, સ્ત્રીસુખ, માલિકથી સુખલાભ, મિત્રોનો સમાગમ, માતાપિતા અને સ્ત્રીથી સુખ, કીર્તિ, સૌભાગ્યની વૃદ્ધિ અને પુત્રનો જન્મ થાય છે. (૧૩-૧૫)

સૂર્ય જો ૬-૮-૧૨મા સ્થાનમાં, નીચમાં, પાપ રાશિમાં હોય તો કષ્ટ, સન્તાપ, સંબંધીઓને પીડા, કટુ વચન, પિતાને કષ્ટ, બંધુઓને હાનિ, રાજાનો કોપ, ઘરમાં ભય, અનેક રોગો અને ખેતી આદિનો નાશ થાય છે. (૧૬-૧૮)

સૂર્ય જો સાતમા કે બીજા સ્થાનનો સ્વામી હોય તો ગ્રહોનો અવરોધ થાય છે. એની શાન્તિ માટે સૂર્યની આરાધના કરવી જોઈએ. (૧૯)

શુક્રમાં ચંદ્રનું અંતર

શુક્રની દશામાં ચન્દ્રની અંતર્દશા હોય, ચન્દ્ર જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, લગ્નથી કેન્દ્ર, ત્રિકોણ ૧૧માં નવમા સ્થાનનો સ્વામી, શુભ ગ્રહ, દશમા સ્થાનના સ્વામીની સાથે હોય તો એ સમયમાં રાજાની કૃપાથી વાહન, વસ્ત્ર, ધનનો લાભ, ઘરમાં સુખ,

પરમ ઐશ્વર્યનો લાભ તથા દેવ અને બ્રાહ્મણમાં ભક્તિ થાય છે. (૨૦–૨૨)

ગાનાર, બજાવનાર અને વિદ્વાનોનો સંગ, અલંકારો, ગાયભેંસ આદિ પશુઓની વૃદ્ધિ, વ્યવસાયમાં અધિક ફળ, ભોજન, વસ્ત્ર વગેરેનું સુખ તથા બંધુઓ સાથે ભોજન થાય છે. (૨૩½)

ચન્દ્રમા જો નીચ, અસ્ત કે લગ્ન કે દશાપતિથી ૬–૮–૧૨માં હોય તો એની અંતર્દશામાં ધનનાશ, ભય, દેહકષ્ટ, સંતાપ, રાજાનો કોપ, વિદેશ પ્રવાસ કે તીર્થયાત્રા, સ્ત્રી, પુત્રને કષ્ટ અને બંધુઓનો વિયોગ થાય છે. (૨૪–૨૬½)

જો દશાપતિથી કેન્દ્ર, ત્રિકોણ, ૧૧, ૩ સ્થાનમાં હોય તો રાજાની કૃપાથી દેશ કે ગામની આગેવાની, ધૈર્ય, સુયશ, વસ્ત્રાદિ સુખ, જળાશયનું નિર્માણ અને ધનની વૃદ્ધિ થાય છે. દશાના આરંભમાં શરીરમાં સુખ, અન્તમાં કષ્ટ થાય છે. (૨૭–૨૯)

શુક્રમાં મંગળનું અંતર

શુક્રની દશામાં મંગળની અંતર્દશા હોય, મંગળ જો કેન્દ્ર, ત્રિકોણ, પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, લાભ સ્થાનમાં બળવાન હોય કે લગ્નેશ, કર્મેશ કે ભાગ્યેશ એમાંથી કોઈની સાથે હોય તો રાજ્યલાભ, સંપત્તિ, વસ્ત્રભૂષણ, ભૂમિ આદિ ઈષ્ટવસ્તુના લાભથી સુખ થાય છે. (૩૦–૩૧½)

મંગળ જો લગ્ન કે દશાપતિથી ૬–૮ સ્થાનમાં હોય તો શીતજ્વરથી પીડા, માતાપિતાને પણ જ્વર આદિ રોગ, સ્થાનની હાનિ, કલહ, રાજા સાથે વિરોધ, રાજાધિકારીઓ સાથે દ્વેષ અને ધનનો અધિક ખર્ચ થાય છે. (૩૨–૩૪)

મંગળ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો

વ્યવસ્થાયમાં હાનિ, ગામ, ભૂમિ આદિમાં હાનિ અને શરીરમાં કષ્ટ થાય છે. (૩૫)

શુક્રમાં રાહુનું અંતર

શુક્રની દશામાં રાહુની અંતર્દશા હોય, રાહુ જો કેન્દ્ર, ત્રિકોણ, ૧૧મા સ્થાનમાં પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં શુભ ગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો એ સમયે અધિક સુખ, ધનનો લાભ, ઇષ્ટ મિત્રોનું આગમન, યાત્રા કરવાથી કાર્યની સિદ્ધિ, પશુ અને ભૂમિનો લાભ થાય છે. (૩૬-૩૭½)

રાહુ જો લગ્નથી ૩-૬-૧૦-૧૧મા સ્થાનમાં હોય તો સુખ, શત્રુનો નાશ, ઉત્સાહ, રાજાની કૃપા, દશાના આરંભમાં ૫ માસ સુધી શુભ ફળ, અંતમાં જવર અને અજીર્ણ રોગનો ભય થાય છે. (૩૮-૩૯)

કાર્ય અને યાત્રામાં વિઘ્ન, મનમાં ચિન્તા થાય પરંતુ અન્ય સુખ રાજા સમાન પ્રાપ્ત થાય. વિદેશયાત્રામાં કાર્યસિદ્ધિ થાય છે. કુશળતાપૂર્વક ઘેર આવે છે બ્રાહ્મણો પર ઉપકાર, તથા તીર્થનું પુણ્યફળ પ્રાપ્ત થાય છે. (૪૦-૪૧½)

જો દશાપતિથી ૮-૧૨ સ્થાનમાં પાપગ્રહની સાથે હોય તો માતાપિતા અને પોતાનું અશુભ થાય છે. લોકો સાથે વિદ્વેષ થાય છે. રાહુ જો બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો દેહમાં આળસ થાય છે. એ દોષની શાન્તિ માટે મૃત્યુંજય જપ કરવા જોઈએ. (૪૨-૪૪)

શુક્રની દશામાં ગુરુની અંતર્દશા હોય, ગુરુ જો પોતાના ઉચ્ચ પોતાની રાશિમાં, લગ્નથી કેન્દ્ર, ૯-૫ સ્થાનમાં હોય તો ગુમાવેલું રાજ્ય પાછું મળે, ઇષ્ટ અન્ન, વસ્ત્ર આદિ સંપત્તિ, મિત્ર અને

રાજાથી સન્માન અને ધન પ્રાપ્ત થાય છે. (૪૫-૪૬)

રાજાથી માન, સુયશ, સવારીનો લાભ, વિદ્વાન અને માલિકનો સમાગમ, શાસ્ત્રમાં વિશેષ પરિશ્રમ, પુત્રજન્મ, સંતોષ, ઇષ્ટ મિત્રોનું આગમન, માતાપિતાનું સુખ, પુત્રથી પણ સુખ થાય છે. (૪૭-૪૮)

દશાના સ્વામીથી જો ૬-૮-૧૨ સ્થાનમાં પાપગ્રહ હોય તો રાજા અને ચોરનો ભય, કષ્ટ, પરિજનોને કલેશ, કલહ, માનસિક વ્યથા, સ્થાનહાનિ, વિદેશગમન અને અનેક રોગોનો ભય થાય છે. (૪૯-૫૦)

ગુરુ બીજા કે સાતમા સ્થાનનો સ્વામી હોય તો કષ્ટ થાય છે. એની શાન્તિ માટે મહામૃત્યુંજય જપ કરવા.

શુક્રની દશામાં શનિની અંતર્દશાનાં ફળ

શુક્રની દશામાં શનિની અંતર્દશા હોય, શનિ જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિ, કેન્દ્ર, ત્રિકોણ, પોતાના અંશ, પોતાના નવાંશમાં હોય તો એ સમયે વિશેષ સુખ, મિત્ર બંધુઓનું આગમન, રાજાથી આદર, કન્યાનો જન્મ, પુણ્ય, તીર્થસ્નાન અને દર્શનનું ફળ, રાજા પાસેથી અધિકારનો લાભ થાય છે, ગુરુ નીચમાં હોય તો કષ્ટ થાય છે. (૫૨-૫૪)

ગુરુ નીચમાં હોય તો આળસ, લાભ કરતાં ખર્ચ અધિક થાય. દશાના સ્વામીથી કે લાભથી ૮-૧૨-૬ સ્થાનમાં હોય તો આરંભમાં વિવિધ કષ્ટ, માતાપિતાને પણ પીડા, સ્ત્રી, પુત્રને કલેશ, વિદેશગમન, વ્યવસાયમાં હાનિ તથા પશુઓનો નાશ થાય છે. ગુરુ બીજા કે સાતમા સ્થાનના સ્વામી હોય તો શરીરમાં કષ્ટ થાય છે. (૫૫-૫૭)

આ દોષની શાન્તિ માટે તિલહોમ, મૃત્યુંજય જપ, ચંડીપાઠ પોતે કે બ્રાહ્મણ પાસે કરાવવાથી શંભુની કૃપાથી શાન્તિ મળે છે. (૫૮–૫૯)

શુક્રમાં બુધનું અંતર

શુક્રની દશામાં બુધની અંતર્દશા હોય, બુધ જો કેન્દ્ર, ત્રિકોણ, ૧૧મા સ્થાન, પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં હોય તો ભાગ્યોદય, પુત્રજન્મ, ન્યાયથી ધનલાભ, પુરાણકથાનું શ્રવણ, રસજ્ઞજનોનો સંગ, ઈષ્ટ મિત્રોનું આગમન, પોતાના માલિકથી સુખ તથા મિષ્ટાન્ન ભોજન મળે છે. (૬૦–૬૨)

બુધ જો દશાના સ્વામીથી ૬–૮–૧૨ સ્થાનમાં હોય કે નિર્બળ પાપગ્રહની સાથે હોય તો પશુઓની હાનિ, પારકે ઘેર વસવાટ, સંતાપ, સર્વ વ્યાપારમાં હાનિ થાય છે. (૬૩–૬૪)

અંતર્દશાની શરૂઆતમાં કંઈક શુભ ફળ, મધ્યમાં મધ્યમ ફળ, અંતમાં શીતજ્વર આદિથી કષ્ટ થાય છે. બુધ જો સાતમા સ્થાનનો કે બીજા સ્થાનનો સ્વામી હોય તો શરીરમાં કષ્ટ થાય છે. આ દોષની શાન્તિ માટે વિષ્ણુસહસ્ર નામનો જપ કરવો જોઈએ.

(૬૫–૬૬)

શુક્રમાં કેતુનું અંતર

શુક્રની દશામાં કેતુની અંતર્દશા હોય, કેતુ જો પોતાના ઉચ્ચ, પોતાની રાશિમાં કે યોગકારકનો સંબંધી હોય કે સ્થાન બળવાળો હોય તો શરૂઆતમાં શુભફળ, મિષ્ટાન્ન ભોજન, વ્યવસાયમાં વિશેષ લાભ, પશુઓની વૃદ્ધિ થાય છે. (૬૭–૬૮)

ધનધાન્યની વૃદ્ધિ, યુદ્ધમાં વિજય થાય છે. દશાના અંતમાં આ શુભ ફળ મળે છે. આરંભમાં મધ્યમ ફળ, વચમાં વચમાં ક્યારેક

કષ્ટ પણ આવીને પછી આરોગ્ય મળે છે એમ કહેવું. (૬૯–૬૯½)

કેતુ જો દશાના સ્વામીથી ૮–૧૨ સ્થાનમાં કે પાપગ્રહની સાથે હોય તો ચોર, સાપ, ગુમડાંનો ભય, બુદ્ધિનો નાશ, મસ્તકમાં પીડા, સંતાપ, અકારણ કલહ, પ્રમેહ રોગ, ભારે ખર્ચ, સ્ત્રી, પુત્રની સાથે વિરોધ, વિદેશગમન અને કાર્યમાં હાનિ થાય છે. (૭૦–૭૨)

કેતુ જો બીજે કે સાતમે હોય તો શરીરમાં કષ્ટ થાય છે. એની શાન્તિ માટે મૃત્યુંજય જપ, છાગનું દાન કરવું. આથી શુક્રની શાંતિ કરવી તેથી પણ શાંતિ થાય છે અને સુખ મળે છે. (૭૩–૭૪)

'બૃહત્ પારાશરી'માં શુક્રની અંતર્દશાનાં ફળ વિશે વિચાર નામનો સાઠમો અધ્યાય સંપૂર્ણ

卐

અધ્યાય : ૬૧

પ્રત્યન્તર્દશાનાં ફલ

અંતર્દશામાં પ્રત્યન્તર્દશા કાઢવાની રીત

જે અંતર્દશામાં પ્રત્યન્તર્દશા કાઢવાની હોય તે અંતર્દશાની અલગ અલગ ગ્રહની દશાવર્ષ સંખ્યાથી ગુણીને જે ગુણાકાર આવે તેને સર્વદશાયોગ (વિંશોત્તરીમાં ૨૦થી ભાગવાથી અબ્ધિ ગ્રહોની પ્રત્યન્તર્દશા થાય છે. (૧)

સૂર્યની અંતર્દશામાં સૂર્યાદિની પ્રત્યન્તર્દશાનાં ફળ

સૂર્યની અંતર્દશામાં સૂર્યની પ્રત્યન્તર્દશાના સમયમાં લોકો સાથે વિવાદ, ધનની હાનિ, સ્ત્રીને કષ્ટ, મસ્તકમાં વેદના આદિ અશુભ ફળ થાય છે. (૨)

સૂર્યની ચન્દ્રાદિ ફળ

સૂર્યની અંતર્દશામાં ચન્દ્રની પ્રત્યન્તર્દશા હોય તો ઉદ્વેગ, કલહ, ધનહાનિ અને માનસિક વ્યથા થાય છે. (૩)

સૂર્યની અંતર્દશામાં મંગળની પ્રત્યન્તર્દશા હોય તો રાજભય, શસ્ત્રભય, બંધન, કષ્ટ, શત્રુ અને અગ્નિથી પણ કષ્ટ થાય છે. (૪)

સૂર્યની અંતર્દશામાં રાહુની પ્રત્યન્તર્દશા હોય તો કફરોગ, શસ્ત્રભય, ધનહાનિ, રાજ્યનાશ અને મનમાં ત્રાસ થાય છે. (૫)

સૂર્યની અંતર્દશામાં ગુરુની પ્રત્યન્તર્દશા હોય તો વિજય, ધનવૃદ્ધિ, સુવર્ણ, વસ્ત્ર, અને વાહન આદિનો લાભ થાય છે. (૬)

સૂર્યની અંતર્દશામાં શનિની પ્રત્યન્તર્દશા હોય તો ધનહાનિ, પશુઓને પીડા, દુર્ભગ, રોગ આદિ અશુભ ફળ મળે છે. (૭)

સૂર્યની અંતર્દશામાં બુધની પ્રત્યન્તર્દશા હોય તો બંધુઓમાં પ્રેમ, સુભોજન, ધનલાભ, ધર્મોદય અને રાજાથી આદર થાય છે. (૮)

સૂર્યની અંતર્દશામાં કેતુની પ્રત્યન્તર્દશા હોય તો પ્રાણનો ભય, ધનહાનિ, રાજભય અને શત્રુથી વિગ્રહ થાય છે. (૯)

સૂર્યની અંતર્દશા અને શુક્રની પ્રત્યન્તર્દશામાં સઘળા દિવસો મધ્યમ સુખઃદુખમાં વીતે છે. અને થોડી સુખસંપત્તિમાં વૃદ્ધિ થાય છે. (૧૦)

ચન્દ્રની અંતર્દશામાં ચન્દ્ર આદિ ગ્રહોની પ્રત્યન્તર્દશાનાં ફળ

ચન્દ્રની અંતર્દશામાં ચન્દ્રની જ પ્રત્યન્તર્દશા હોય તો ભૂમિ ધનસંપત્તિનો લાભ, રાજાથી આદર મળે છે. (૧૧)

ચન્દ્રની અંતર્દશામાં મંગળની પ્રત્યન્તર્દશા હોય તો બુદ્ધિ વિકાસ, ભારે માન તથા બંધુજનો સાથે સુખ, ધનપ્રાપ્તિ તથા, શત્રુનો ભય રહે છે. (૧૨)

ચન્દ્રની અંતર્દશામાં રાહુની પ્રત્યન્તર્દશા હોય તો ઘરમાં કલ્યાણ, રાજાથી ધનલાભ અને જો અશુભ ગ્રહની સાથે હોય તો હે દ્વિજ અપમૃત્યુ થાય છે. (૧૩)

ચન્દ્રની અંતર્દશામાં ગુરુની પ્રત્યન્તર્દશા હોય તો વસ્ત્રલાભ, પ્રતાપની વૃદ્ધિ, સદ્‌ગુરુ દ્વારા તત્ત્વજ્ઞાન, રાજ્ય તથા રત્નાદિની પ્રાપ્તિ થાય છે. (૧૪)

ચન્દ્રની અંતર્દશામાં શનિની પ્રત્યન્તર્દશા હોય તો વાત અને પિત્તથી કષ્ટ ધન અને યશની હાનિ થાય છે. (૧૫)

ચન્દ્રની અંતર્દશામાં બુધની પ્રત્યન્તર્દશા હોય તો પુત્રજન્મ, ઘોડા આદિ વાહન, વિદ્યાલાભ, ઉન્નતિ, શ્વેત વસ્ત્ર અને અન્નનો લાભ થાય છે. (૧૬)

ચન્દ્રની અંતર્દશામાં કેતુની પ્રત્યંતર્દશા હોય તો બ્રાહ્મણો સાથે કલહ, અપમૃત્યુનો ભય, સુખની હાનિ, સર્વ જગાએ કષ્ટ થાય છે. (૧૭)

ચન્દ્રની અંતર્દશામાં શુક્રની પ્રત્યંતર્દશા હોય તો ધનલાભ, સુખ, કન્યાજન્મ, મિષ્ટાન્ન ભોજન અને સર્વ લોકો સાથે પ્રીતિ થાય છે. (૧૮)

ચન્દ્રની અંતર્દશામાં સૂર્યની પ્રત્યન્તર્દશા હોય તો અન્ન, વસ્ત્ર અને સુખનો લાભ તથા સર્વ સ્થાનમાં વિજય મળે છે. (૧૯)

મંગળની અંતર્દશામાં મંગળાદિ ગ્રહોની પ્રત્યન્તર્દશાનાં ફળ

મંગળની અંતર્દશામાં મંગળની જ પ્રત્યંતર્દશા હોય તો શત્રુભય, ઘોર કલહ, રક્તવિકારથી અપમૃત્યુનો ભય થાય છે. (૨૦)

મંગળની અંતર્દશામાં રાહુની પ્રત્યંતર્દશા હોય તો બંધન, રાજ્ય અને ધનનો નાશ, કુભોજન અને શત્રુ સાથે કલહ થાય છે. (૨૧)

મંગળની અંતર્દશામાં ગુરુની પ્રત્યંતર્દશા હોય તો બુદ્ધિનાશ, દુઃખ, સંતાપ, કલહ અને સર્વ મનોરથ નિષ્ફળ જાય છે. (૨૨)

મંગળની અંતર્દશામાં શનિની પ્રત્યંતર્દશા હોય તો માલિકનો નાશ, પીડા, ધનહાનિ, મહાભય, વિકલતા, કલહ અને ત્રાસ થાય છે. (૨૩)

મંગળની અંતર્દશામાં બુધની પ્રત્યંતર્દશા હોય તો બુદ્ધિનાશ, ધનહાનિ, જ્વર, અન્ન, વસ્ત્ર અને મિત્રોનો નાશ થાય છે. (૨૪)

મંગળની અંતર્દશામાં કેતુની પ્રત્યતર્દશા હોય તો આળસ, મસ્તકપીડા, અપમૃત્યુ, રાજભીતિ, શસ્ત્રઘાત થાય છે.

મંગળની અંતર્દશામાં શુક્રની પ્રત્યંતર્દશા હોય તો ચંડાળ-નીતિથી કષ્ટ, ત્રાસ, રાજા અને શસ્ત્રનો ભય, અતિસાર અને વમનરોગ થાય છે. (૨૬)

મંગળની અંતર્દશામાં સૂર્યની પ્રત્યંતર્દશા હોય તો ભૂમિ, ધન અને સંપત્તિની વૃદ્ધિ, સંતોષ, મિત્રોનું આગમન તથા સર્વ પ્રકારે સુખ થાય છે. (૨૭)

મંગળની અંતર્દશામાં ચન્દ્રની પ્રત્યંતર્દશા હોય તો દક્ષિણ દિશામાંથી શ્વેત વસ્ત્રો આદિનો લાભ તથા સર્વ કાર્યોમાં સફળતા થાય છે. (૨૮)

રાહુની અંતર્દશામાં રાહુ આદિ ગ્રહોની પ્રત્યંતર્દશાનાં ફળ

રાહુની અંતર્દશામાં રાહુની જ પ્રત્યંતર્દશા હોય તો બંધન, રોગ, શસ્ત્રઘાત આદિનો ભય થાય છે. (૨૯)

રાહુની અંતર્દશામાં ગુરુની પ્રત્યંતર્દશા હોય તો સર્વત્ર માન, હાથી આદિ વાહન સાથે ધનલાભ થાય છે. (૩૦)

રાહુની અંતર્દશામાં શનિની પ્રત્યંતર્દશા હોય તો કઠિન કારાવાસ, સુખહાનિ,શત્રુથી ભય અને વાતરોગ થાય છે. (૩૧)

રાહુની અંતર્દશામાં બુધની પ્રત્યંતદશા હોય તો સર્વ કાર્યમાં લાભ, વિશેષ કરીને સ્ત્રી દ્વારા તથા વિશેષ ધનલાભ થાય છે. (૩૨)

રાહુની અંતર્દશામાં કેતુની પ્રત્યંતર્દશા હોય તો બુદ્ધિનાશ, શત્રુભય, કાર્યમાં વિઘ્ન, ધનહાનિ, કલહ અને ઉદ્વેગ થાય છે (૩૩)

રાહુની અંતર્દશામાં શુક્રની પ્રત્યંતર્દશા હોય તો યોગિનીનો ભય, રાજાથી ભય, વાહનની હાનિ, કુભોજન, સ્ત્રીનો નાશ અને કુટુંબમાં શોક થાય છે. (૩૪)

રાહુની અંતર્દશામાં સૂર્યની પ્રત્યંતર્દશા હોય તો જ્વર, શત્રુ

આદિનો ભય, પુત્ર આદિને કષ્ટ, અપમૃત્યુભય અને પ્રમાદ થાય છે. (૩૫)

રાહુની અંતર્દશામાં ચન્દ્રની પ્રત્યંતર્દશા હોય તો ઉદ્વેગ, કલહ, ચિંતા, માનહાનિ, ભય, પિતાને કષ્ટ થાય છે. (૩૬)

રાહુની અંતર્દશામાં મંગળની પ્રત્યંતર્દશા હોય તો ભગન્દર રોગ, રક્તપિત્તના વિકારથી પીડા, ધનહાનિ અને ઉદ્વેગ થાય છે. (૩૭)

ગુરુની અંતર્દશામાં ગુરુ આદિ ગ્રહોની અંતર્દશાનાં ફળ

ગુરુની અંતર્દશામાં ગુરુની જ પ્રત્યંતર્દશા હોય તો સુવર્ણલાભ, ધનની વૃદ્ધિ આદિ શુભ ફળ મળે છે. (૩૮)

ગુરુની અંતર્દશામાં શનિની પ્રત્યંતર્દશા હોય તો ભૂમિ, વાહનની વૃદ્ધિ, અન્નાદિ સંગ્રહથી સુખ થાય છે. (૩૯)

ગુરુની અંતર્દશામાં બુધની પ્રત્યંતર્દશા હોય તો વિદ્યા, વસ્ત્ર, મોતી આદિ રત્નોનો લાભ, મિત્રોનું આગમન થાય છે. (૪૦)

ગુરુની અંતર્દશામાં કેતુની પ્રત્યંતર્દશા હોય તો જલ અને ચોરનો ભય થાય છે. (૪૧)

ગુરુની અંતર્દશામાં શુક્રની પ્રત્યંતર્દશા હોય તો અનેક વિદ્યા, અન્ન, સુવર્ણ, વસ્ત્ર, ભૂષણોનો લાભ, કલ્યાણ અને સંતોષ થાય છે. (૪૨)

ગુરુની અંતર્દશામાં સૂર્યની પ્રત્યંતર્દશા હોય તો રાજા, મિત્ર, પિતા અને માતાથી લાભ અને સઘળી જગાએ આદર થાય છે. (૪૩)

ગુરુની અંતર્દશામાં ચન્દ્રની પ્રત્યંતર્દશા હોય તો સર્વ કષ્ટનો નાશ, ધન તથા વાહનનો લાભ તથા સર્વ કાર્યમાં સફળતા મળે છે. (૪૪)

ગુરુની અંતર્દશામાં મંગળની પ્રત્યંતર્દશા હોય તો શસ્ત્ર ભય,

ગુદામાર્ગમાં પીડા, મંદાગ્નિ, અજીર્ણ રોગ અને શત્રુથી પીડા થાય છે. (૪૫)

ગુરુની અંતર્દશામાં રાહુની પ્રત્યંતર્દશા હોય તો ચાંડાલ જાતિ સાથે વિરોધ અને એમના દ્વારા ધન અને કષ્ટ થાય છે. (૪૬)

શનિની અંતર્દશામાં શનિ વગેરેની પ્રત્યંતર્દશાનાં ફળ

શનિની અંતર્દશામાં શનિની જ પ્રત્યંતર દશા હોય તો શરીરમાં કષ્ટ, કલહ, નીચ જાતિથી ભય થાય છે. (૪૭)

શનિની અંતર્દશામાં બુધની પ્રત્યંતર્દશા હોય તો બુદ્ધિહાનિ, કલહ, ભય, ભોજન આદિની ચિંતા, ધનહાનિ અને શત્રુથી ભય થાય છે. (૪૮)

શનિની અંતર્દશામાં કેતુની પ્રત્યંતર્દશા હોય તો શત્રુ દ્વારા બંધન, કાન્તિ હાનિ, દ્વિધા, ચિંતા, ભય અને ત્રાસ થાય છે. (૪૯)

શનિની અંતર્દશામાં શુક્રની પ્રત્યંતર્દશા હોય તો મનોરથની સિદ્ધિ, ઘરમાં કલ્યાણ, મનુષ્યોચિત કાર્યમાં લાભ થાય છે. (૫૦)

શનિની અંતર્દશામાં સૂર્યની પ્રત્યંતર્દશા હોય તો રાજા પાસેથી અધિકાર, ઘરમાં કલહ, જ્વર આદિ પીડા થાય છે. (૫૧)

શનિની અંતર્દશામાં ચન્દ્રની પ્રત્યંતર્દશા હોય તો બુદ્ધિમાં વિકાસ, મોટા કાર્યનો આરંભ, તેજની હાનિ, અધિક ખર્ચ તથા અનેક સ્ત્રીઓ સાથે સમાગમ થાય છે. (૫૨)

શનિની અંતર્દશામાં મંગળની પ્રત્યંતર્દશા હોય તો પ્રતાપની હાનિ, પુત્રને કષ્ટ, અગ્નિ અને શત્રુનો ભય તથા વાતપિત્તથી પીડા થાય છે. (૫૩)

શનિની અંતર્દશામાં રાહુની પ્રત્યન્તર્દશા હોય તો ધન, વસ્ત્ર અને ભૂમિની હાનિ, વિદેશગમન અને મૃત્યુનો ભય થાય છે. (૫૪)

શનિની અંતર્દશામાં ગુરુની પ્રત્યંતર્દશા હોય તો ઘરમાં સ્ત્રી

દ્વારા કરવામાં આવેલી હાનિઓને રોકવામાં અસમર્થતા, કલહ અને ઉદ્વેગ થાય છે. (૫૫)

બુધની અંતર્દશામાં બુધાદિ ગ્રહોની પ્રત્યંતર્દશાનાં ફળ

બુધની અંતર્દશામાં બુધની જ પ્રત્યંતર્દશા હોય તો બુદ્ધિ વિદ્યા ધન, વસ્ત્ર, આદિથી લાભ અને સુખ થાય. (૫૬)

બુધની અંતર્દશામાં કેતુની પ્રત્યંતર્દશા હોય તો ખરાબ અનાજ મળે, ઉદરરોગ, કમળો અને રક્તપિત્ત થાય છે. (૫૭)

બુધની અંતર્દશામાં શુક્રની પ્રત્યંતર્દશા હોય તો ઉત્તર દિશામાં લાભ, પશુઓની હાનિ, રાજદરબારમાં અધિકાર પ્રાપ્તિ થાય છે (૫૮)

બુધની અંતર્દશામાં સૂર્યની પ્રત્યંતર્દશા હોય તો પ્રતાપની હાનિ, રોગથી કષ્ટ, હૃદયમાં બેચેની થાય છે. (૫૯)

બુધની અંતર્દશામાં ચન્દ્રની પ્રત્યંતર્દશા હોય તો સ્ત્રી, ધન અને સંપત્તિ મળે, કન્યાનો જન્મ તથા સર્વત્ર સુખ થાય. (૬૦)

બુધની અંતર્દશામાં મંગળની પ્રત્યંતર્દશા હોય તો ધર્મબુદ્ધિ અને ધનની વૃદ્ધિ, ચોર, અગ્નિથી ભય, લાલ વસ્ત્રો મળે અને શસ્ત્રનો આઘાત થાય છે. (૬૧)

બુધની અંતર્દશામાં રાહુની પ્રત્યંતર્દશા હોય તો કલહ અને સ્ત્રીથી ભય, રાજા તથા શસ્ત્રથી પણ ભય થાય છે. (૬૨)

બુધની અંતર્દશામાં ગુરુની પ્રત્યંતર્દશા હોય તો રાજ્ય, રાજાથી અધિકાર, રાજાથી માન, વિદ્યા અને બુદ્ધિની વૃદ્ધિ થાય છે. (૬૩)

બુધની અંતર્દશામાં શનિની પ્રત્યંતર્દશા હોય તો વાત, પિત્ત રોગથી પીડા, શરીરમાં આઘાત અને ધનનો નાશ થાય છે. (૬૪)

કેતુની અંતર્દશામાં કેતુ આદિની પ્રત્યંતર્દશાનાં ફળ

કેતુની અંતર્દશામાં કેતુની પ્રત્યંતર્દશા હોય તો અચાનક આપત્તિ, વિદેશગમન અને ધનહાનિ થાય છે. (૬૫)

કેતુની અંતર્દશામાં શુક્રની પ્રત્યંતર્દશા હોય તો મ્લેચ્છ રાજાથી ધનનાશ, નેત્રરોગ, મસ્તકમાં પીડા અને પશુઓની હાનિ થાય છે. (૬૬)

કેતુની અંતર્દશામાં સૂર્યની પ્રત્યંતર્દશા હોય તો મિત્રોથી વિરોધ, અપમૃત્યુ, પરાજ્ય અને વિવાદ થાય છે (૬૭)

કેતુની અંતર્દશામાં ચન્દ્રની પ્રત્યંતર્દશા હોય તો અન્નનો નાશ, દેહમાં કષ્ટ, મતિભ્રમ તથા આમવાત આદિની વૃદ્ધિના રોગ થાય છે. (૬૮)

કેતુની અંતર્દશામાં મંગળની પ્રત્યંતર્દશા હોય તો શસ્ત્રઘાત અને અગ્નિથી પીડા, નીચ અને શત્રુઓનો ભય થાય છે. (૬૯)

કેતુની અંતર્દશામાં રાહુની પ્રત્યંતર્દશા હોય તો સ્ત્રી અને શત્રુથી ભય, ક્ષુદ્ર જનોથી પણ કષ્ટ થાય છે (૭૦)

કેતુની અંતર્દશામાં ગુરુની પ્રત્યંતર્દશા હોય તો ધન, વસ્ત્ર અને મિત્રનો નાશ, ઘરમાં ઉપદ્રવ અને સર્વ જગાએ કષ્ટ થાય છે. (૭૧)

કેતુની અંતર્દશામાં શનિની પ્રત્યંતર્દશા હોય તો પશુઓ અને મિત્રોનાં મરણ, દેહમાં કષ્ટ અને અતિ અલ્પ લાભ થાય છે. (૭૨)

કેતુની અંતર્દશામાં બુધની પ્રત્યંતર્દશા હોય તો બુધ્ધિનાશ, મહાન ઉદ્વેગ, વિદ્યા, હાનિ, અને મહાભય થાય, તેના કાર્યની સિદ્ધિ થતી નથી. (૭૩)

શુક્રની અંતર્દશામાં શુક્રાદિની પ્રત્યંતર્દશાના ફળ

શુક્રની અંતર્દશામાં શુક્રની જ પ્રત્યંતર્દશા હોય તો શ્વેત વસ્ત્ર, મોતી, દિવ્ય સ્ત્રી સાથે સમાગમનું સુખ મળે છે. (૭૪)

શુક્રની અંતર્દશામાં સૂર્યની પ્રત્યંતર્દશા હોય તો વાતજ્વર શિરોવેદના, રાજા અને વળી દુશ્મન તરફથી પીડા તથા થોડાક લાભ મળે છે. (૭૫)

શુક્રની અંતર્દશામાં ચન્દ્રની પ્રત્યંતર્દશા હોય તો કન્યાનો જન્મ રાજાથી વસ્ત્રાદિ લાભ અને અધિકાર પ્રાપ્ત થાય છે. (૭૬)

શુક્રની અંતર્દશામાં મંગળની પ્રત્યંતર્દશા હોય તો રક્તપિત્તનો રોગ, કલહ અને અનેક કષ્ટ થાય છે. (૭૭)

શુક્રની અંતર્દશામાં રાહુની પ્રત્યંતર્દશા હોય તો સ્ત્રી સાથે કલહ, ભય, રાજા અને શત્રુથી પીડા થાય છે. (૭૮)

શુક્રની અંતર્દશામાં ગુરુની પ્રત્યંતર્દશા હોય તો રાજ્ય, ધન, વસ્ત્ર, રત્ન, અલંકારો હાથી, વાહન, આદિનો લાભ થાય છે. (૭૯)

શુક્રની અંતર્દશામાં શનિની પ્રત્યંતર્દશા હોય તો ગધેડા, ઊંટ, બકરા, લોખંડ, માંસ, તલ, આદિનો લાભ થાય, શરીરમાં કંઈક પીડા થાય. (૮૦)

શુક્રની અંતર્દશામાં બુધની પ્રત્યંતર્દશા હોય તો ધન, જ્ઞાન, રાજાથી અધિકાર અને નિક્ષેપથી ધનનો લાભ થાય છે. (૮૧)

શુક્રની અંતર્દશામાં કેતુની પ્રત્યંતર્દશા હોય તો અપમૃત્યુભય, દેશાન્તરગમન થાય છે. વચમાં વચમાં કંઈક ધનનો પણ લાભ થાય છે. (૮૨)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં પ્રત્યંતર્દશા વિશે વિચાર નામનો એકસઠમો અધ્યાય સંપૂર્ણ.

卐

અધ્યાય : ૬૨

સૂક્ષ્મ અંતર્દશા

પ્રત્યંતર્દશાના માપને ગ્રહોની અલગ અલગ દશા સંખ્યાથી ગુણીને ૧૨૦થી ભાગવાથી જે ભાગાકાર આવે (પ્રત્યંતર્દશામાં) તે પૃથક્ પૃથક્ સૂક્ષ્મ અંતર્દશાનું માપ થાય છે. (૧)

સૂર્યની પ્રત્યંતર્દશામાં સૂર્યાદિ સૂક્ષ્મ દશાનાં ફળ

સૂર્યની પ્રત્યંતર્દશામાં સૂર્યની સૂક્ષ્મ દશા હોય તો પોતાની ભૂમિનો ત્યાગ, મરણ ભય, સ્થાનનાશ અને સર્વની હાનિ થાય છે. (૨)

સૂર્યની પ્રત્યંતર્દશામાં ચન્દ્રની સૂક્ષ્મ દશા હોય તો દેવ અને બ્રાહ્મણમાં ભક્તિ, પોતાના કર્મમાં પ્રવૃત્તિ, મિત્રો સાથે પ્રેમ થાય છે. (૩)

સૂર્યની પ્રત્યંતર્દશામાં મંગળની સૂક્ષ્મ દશા હોય તો ક્રૂર વસ્તુઓથી પીડા, રક્તસ્રાવ આદિ રોગ થાય છે. (૪)

સૂર્યની પ્રત્યંતર્દશામાં રાહુની સૂક્ષ્મ દશા હોય તો ચોર, અગ્નિ અને વિષનો ભય, યુદ્ધમાં પરાજય અને દાન, ધર્મ, આદિની હાનિ થાય છે. (૫)

સૂર્યની પ્રત્યંતર્દશામાં ગુરુની સૂક્ષ્મ દશા હોય તો રાજાથી સત્કાર, રાજસેવકોમાં પૂજા, રાજાના કૃપાપાત્ર થાય. (૭)

સૂર્યની પ્રત્યંતર્દશામાં શનિની સૂક્ષ્મ દશા હોય તો ચોરી અને સાહસકર્મથી દેવ અને બ્રાહ્મણોને કષ્ટ આપવું, એનાથી સ્થાનનો ત્યાગ અને માનસિક વ્યથા થાય છે. (૭)

સૂર્યની પ્રત્યંતર્દશામાં બુધની સૂક્ષ્મ દશા હોય તો ઉત્તમ વસ્ત્રાદિનો લાભ, સુંદરી સ્ત્રી સાથે સમાગમ, અચાનક કાર્યની સિદ્ધિ થાય છે. (૮)

સૂર્યની પ્રત્યંતર્દશામાં કેતુની સૂક્ષ્મ દશા હોય તો નોકર અને સ્ત્રી દ્વારા ગૌરવ અને ધનનો નાશ. ક્યારેક નોકરથી સુખ પણ થાય છે. (૯)

સૂર્યની પ્રત્યંતર્દશામાં શુક્રની સૂક્ષ્મ દશા હોય તો પુત્ર, મિત્ર, સ્ત્રી આદિથી સુખ અને અનેક પ્રકારની સંપત્તિ મળે છે. (૧૦)

ચન્દ્રની પ્રત્યંતર્દશામાં ચન્દ્રાદિગ્રહોનાં સૂક્ષ્મ ફળ

ચન્દ્રની પ્રત્યંતર્દશામાં ચન્દ્રની જ સૂક્ષ્મ દશા હોય તો અલંકાર, ભૂમિનો લાભ, સન્માન, રાજાથી આદર, ક્રોધ અને ગૌરવ થાય છે. (૧૧)

ચન્દ્રની પ્રત્યંતર્દશામાં મંગળની સૂક્ષ્મ દશા હોય તો દુઃખ, શત્રુથી વિરોધ, ઉદરરોગ, પિતાનું મરણ, વાત, પિત્ત અને કફથી રોગ થાય છે. (૧૨)

ચન્દ્રની પ્રત્યંતર્દશામાં રાહુની સૂક્ષ્મ દશા હોય તો મિત્રો અને બંધુઓનો ક્રોધ, દેશત્યાગ, ધનક્ષય તથા બંધન થાય છે. (૧૩)

ચન્દ્રની પ્રત્યંતર્દશામાં ગુરુની સૂક્ષ્મ દશા હોય તો રાજચિહ્ન યુક્ત ઐશ્વર્ય, પુત્રજન્મ, સંપત્તિ અને સર્વત્ર સુખ થાય છે. (૧૪)

ચન્દ્રની પ્રત્યંતર્દશામાં શનિની સૂક્ષ્મ દશા હોય તો રાજાનો

કોપ, વ્યવહારમાં ધનનાશ, ચોરી અને બ્રાહ્મણોનો ભય થાય છે. (૧૫)

ચન્દ્રની પ્રત્યંતર્દશામાં બુધની સૂક્ષ્મ દશા હોય તો રાજાથી આદર, ધનલાભ, વિદેશથી વાહન આદિનો લાભ, પુત્રાદિ સન્તાનની વૃદ્ધિ થાય છે. (૧૬)

ચન્દ્રની પ્રત્યન્તર્દશામાં કેતુની સૂક્ષ્મ દશા હોય તો અન્ન ઔષધિ, પશુ આદિથી પોતાની જીવિકાની હાનિ, અગ્નિ અને સૂર્યકિરણથી ભય રહે છે. (૧૭)

ચન્દ્રની પ્રત્યંતર્દશામાં શુક્રની સૂક્ષ્મ દશા હોય તો વિવાહ, ભૂમિ, વસ્ત્ર, અલંકાર, રાજ્ય અને સુયશનો લાભ થાય છે. (૧૮)

ચન્દ્રની પ્રત્યંતર્દશામાં સૂર્યની સૂક્ષ્મ દશા હોય તો કલેશ, કાર્યનો નાશ, પશુ, ધાન્ય અને ધનનો નાશ થાય તથા શરીરમાં વિષમતા થાય. (૧૯)

મંગળની પ્રત્યંતર્દશામાં મંગળાદિની સૂક્ષ્મ દશાનાં ફળ

મંગળની પ્રત્યંતર્દશામાં મંગળની સૂક્ષ્મ દશા હોય તો ભૂમિની હાનિથી ખેદ, મૃગી રોગ, બંધન અને મનમાં ક્ષોભ થાય છે. (૨૦)

મંગળની પ્રત્યંતર્દશામાં રાહુની સૂક્ષ્મદશા હોય તો દેહમાં કષ્ટ, લોકમાં ભય, સ્ત્રીસંતાનનો નાશ અને અગ્નિનો ભય થાય છે. (૨૧)

મંગળની પ્રત્યંતર્દશામાં ગુરુની સૂક્ષ્મ દશા હોય તો દેવતામાં ભક્તિ, મંત્રસિદ્ધિ, લોકોમાં આદર અને આનંદ થાય છે. (૨૨)

મંગળની પ્રત્યંતર્દશામાં શનિની સૂક્ષ્મ દશા હોય તો બંધનથી મુક્તિ, ધન, અન્ન વસ્ત્ર અને નોકરીથી સુખ થાય છે. (૨૩)

મંગળની પ્રત્યંતર્દશામાં બુધની સૂક્ષ્મ દશા હોય તો વાહન તથા છત્રચામર આદિ રાજકીય ભોગ્ય વસ્તુથી સુખ અને કાસ-શ્વાસાદિ પીડા થાય છે. (૨૪)

મંગળની પ્રત્યંતર્દશામાં કેતુની સૂક્ષ્મ દશા હોય તો બીજાની વાતમાં પડીને અનુચિત કામ કરે છે. સર્વદા અપવિત્ર રહે છે. (૨૫)

મંગળની પ્રત્યંતર્દશામાં શુક્રની સૂક્ષ્મ દશા હોય તો ઈચ્છાનુકુલ સ્ત્રી સાથે સમાગમ, ધન, ભોજન આદિનો લાભ થાય છે. (૨૬)

મંગળની પ્રત્યંતર્દશામાં સૂર્યની સૂક્ષ્મ દશા હોય તો રાજાનો ભય, બ્રાહ્મણોથી કષ્ટ, કાર્યમાં નિષ્ફળતા અને લોકોમાં નિન્દા થાય છે. (૨૭)

મંગળની પ્રત્યંતર્દશામાં ચન્દ્રની સૂક્ષ્મ દશા હોય તો પવિત્રતા ધન લાભ, દેવ, બ્રાહ્મણમાં ભક્તિ અને રોગનો ભય થાય છે. (૨૮)

રાહુની પ્રત્યંતર્દશામાં રાહુ આદિનાં સૂક્ષ્મ ફળ

રાહુની પ્રત્યંતર્દશામાં રાહુની સૂક્ષ્મ દશા હોય તો લોકોને ઉપદ્રવ કરવામાં પ્રવૃત્તિ, પોતાના કાર્યમાં વિપરીત બુદ્ધિ અને મન દૂષિત થઈ જાય છે. (૨૯)

રાહુની પ્રત્યંતર્દશામાં ગુરુની સૂક્ષ્મ દશા હોય તો દીર્ઘ રોગ, દરિદ્રતા થાય પણ લોકોમાં માન, દાન તથા ધર્મની પ્રવૃત્તિ તથા પ્રશંસાપાત્ર માર્ગે જાય છે.

રાહુની પ્રત્યંતર્દશામાં શનિની સૂક્ષ્મ દશા હોય તો કુનીતિથી ધન, દુષ્ટ સ્વભાવ, પારકાના કાર્યમાં મગ્ન અને દુર્જનનો સંગ કરનાર થાય. (૩૧)

રાહુની પ્રત્યંતર્દશામાં બુધની સૂક્ષ્મ દશા હોય તો સ્ત્રીભોગની મતિ, વાચાળતા, લોકોમાં સન્માન, ખાઉધરાપણું અને શરીરમાં ક્લેશ થાય છે. (૩૨)

રાહુની પ્રત્યંતર્દશામાં કેતુની સૂક્ષ્મ દશ હોય તો મૃદુતા, માનહાનિ, બંધન, હૃદયમાં કઠોરતા, જીવ તથા ધનની હાનિ થાય છે. (૩૩)

રાહુની પ્રત્યંતર્દશામાં શુક્રની સૂક્ષ્મ દશા હોય તો બંધનમાંથી મુક્તિ, સ્થાન, માન અને ધનનો લાભ થાય છે. (૩૪)

રાહુની પ્રત્યંતર્દશામાં સૂર્યની સૂક્ષ્મ દશા હોય તો પ્રવાસી અને ગુલ્મરોગ, ક્રોધનો નાશ તથા વાહનાદિ સુખ થાય છે. (૩૫)

રાહુની પ્રત્યંતર્દશામાં ચન્દ્રની સૂક્ષ્મ દશા હોય તો મણિ આદિ ધન, વિદ્યા, ઉપાસના, સુશીલતા તથા દેવતાની ભક્તિ થાય છે. (૩૬)

રાહુની પ્રત્યંતર્દશામાં મંગળની સૂક્ષ્મ દશા હોય તો પરાજિત થઇ ભાગવું પડે, ક્રોધ, બંધન અને ચોરીની પ્રવૃત્તિ થાય છે. (૩૭)

ગુરુની પ્રત્યંતર્દશામાં ગુરુ આદિની સૂક્ષ્મ દશાનાં ફળ

ગુરુની પ્રત્યંતર્દશામાં ગુરુની સૂક્ષ્મ દશા હોય તો શોકનો નાશ ધનની વૃદ્ધિ, અગ્નિહોત્ર, શંકરની ભક્તિ અને રાજકીય ચિહ્ન સહિત વાહનોનો લાભ થાય છે (૩૮)

ગુરુની પ્રત્યંતર્દશામાં શનિની સૂક્ષ્મ દશા હોય તો વ્રતની હાનિ, સંતાપ, વિદેશગમન, ધનનાશ અને બંધુઓ સાથે વિરોધ થાય છે. (૩૯)

ગુરુની પ્રત્યંતર્દશામાં બુધની સૂક્ષ્મ દશા હોય તો વિદ્યા અને બુદ્ધિની વૃત્તિ, લોકોમાં આદર, ધનલાભ અને ઘરમાં સર્વ પ્રકારનાં સુખ મળે છે. (૪૦)

ગુરુની પ્રત્યંતર્દશામાં કેતુની સૂક્ષ્મ દશા હોય તો જ્ઞાન, ઐશ્વર્ય, પાંડિત્ય, શાસ્ત્રચિંતન, શિવપૂજન, અગ્નિહોત્ર અને ગુરુની ભક્તિ થાય છે. (૪૧)

ગુરુની પ્રત્યંતર્દશામાં શુક્રની સૂક્ષ્મ દશા હોય તો રોગનો નાશ, સુખ, ભોગ, ધનનો લાભ અને સ્ત્રીપુત્રાદિને સુખ થાય છે. (૪૨)

ગુરુની પ્રત્યંતર્દશામાં સૂર્યની સૂક્ષ્મ દશા હોય તો વાતપિત્તનો પ્રકોપ, કફ અને રસ વિકારથી શૂલરોગ થાય છે. (૪૩)

ગુરુની પ્રત્યંતર્દશામાં ચન્દ્રની સૂક્ષ્મ દશા હોય તો છત્ર આદિ રાજચિહ્ન સહિત ઐશ્વર્ય, પુત્રજન્મોત્સવ તથા આંખ અને ઉદરમાં પીડા થાય છે. (૪૪)

ગુરુની પ્રત્યંતર્દશામાં મંગળની સૂક્ષ્મ દશા હોય તો સ્ત્રી દ્વારા વિષપ્રયોગ, બંધન, રોગભય, વિદેશગમન અને મતિભ્રમ થાય છે. (૪૫)

ગુરુની પ્રત્યંતર્દશામાં રાહુની સૂક્ષ્મ દશા હોય તો વ્યાધિ, ચોર અને સાપ તથા વીંછી આદિનો ભય થાય છે. (૪૬)

શનિની પ્રત્યંતર્દશામાં શનિ આદિનાં સૂક્ષ્મ ફળ

શનિની પ્રત્યંતર્દશામાં શનિની સૂક્ષ્મ દશા હોય તો ધનહાનિ, વાત આદિ રોગથી પીડા, કુટુંબનો નાશ, સામાન્ય ભોજન, અને દુઃખી થાય છે. (૪૭)

શનિની પ્રત્યંતર્દશામાં બુધની સૂક્ષ્મ દશા હોય તો વ્યાપારમાં લાભ, વિદ્યા અને ધનની વૃદ્ધિ, સ્ત્રી અને ભૂમિનો લાભ થાય છે. (૪૮)

શનિની પ્રત્યંતર્દશામાં કેતુની સૂક્ષ્મ દશા હોય તો ચોરનો ઉપદ્રવ, કુષ્ઠ રોગ, જીવિકાની હાનિ તથા સર્વ અંગોમાં પીડા થાય છે. (૪૯)

શનિની પ્રત્યંતર્દશામાં શુક્રની સૂક્ષ્મ દશા હોય તો ઐશ્વર્ય, શસ્ત્રાભ્યાસ, પુત્રજન્મ, અભિષેક, આરોગ્ય અને આશયોની સિદ્ધિ થાય છે. (૫૦)

શનિની પ્રત્યંતર્દશામાં સૂર્યની સૂક્ષ્મ દશા હોય તો રાજપ્રકોપ, પોતાના ઘરમાં કલહ અને દેહમાં પીડા થાય છે. (૫૧)

શનિની પ્રત્યંતર્દશામાં ચન્દ્રની સૂક્ષ્મ દશા હોય તો બુદ્ધિનો વિકાસ, મોટા કાર્યનો આરંભ, કાન્તિ હાનિ, અધિક ખર્ચ અને સ્ત્રી, પુત્રથી સુખ થાય છે. (૫૨)

શનિથી પ્રત્યંતર્દશામાં મંગળની સૂક્ષ્મ દશા હોય તો કાન્તિ હાનિ, ઉદ્વેગ, અગ્નિમંદતા, ભ્રમ, કલહ અને વાતપિત્તથી પીડા થાય છે. (૫૩)

શનિની પ્રત્યંતર્દશામાં રાહુની સૂક્ષ્મ દશા હોય તો માતાપિતાના મરણ, સંતાપ, અધિક ખર્ચ અને કાર્યોમાં નિષ્ફળતા મળે છે. (૫૪)

શનિની પ્રત્યંતર્દશામાં ગુરુની સૂક્ષ્મ દશા હોય તો ધન, વિલાસ અને સન્માન, ધન ધાન્યની વૃદ્ધિ તથા છત્ર ચામરવાળું ઐશ્વર્ય મળે. (૫૫)

બુધની પ્રત્યંતર્દશામાં બુધાદિનું સૂક્ષ્મ ફળ

બુધની પ્રત્યંતર્દશામાં બુધની સૂક્ષ્મ દશા હોય તો ભાગ્યોદય, રાજાથી આદર, ધન સંપત્તિની વૃદ્ધિ અને બધા સાથે પ્રીતિ થાય છે. (૫૬)

બુધની પ્રત્યંતર્દશામાં કેતુની સૂક્ષ્મ દશા હોય તો બાલગ્રહ અને અગ્નિનો ભય, સંતાપ, સ્ત્રીને કષ્ટ, કુમાર્ગમાં પ્રવૃત્તિ અને ખરાબ અન્નનું ભોજન થાય છે. (૫૭)

બુધની પ્રત્યંતર્દશામાં શુક્રની સૂક્ષ્મ દશા હોય તો સવારી, ધન, જળચરોથી નાણાંકીય લાભ, સુયશ અને સુખ મળે છે. (૫૮)

બુધની પ્રત્યંતર્દશામાં સૂર્યની સૂક્ષ્મ દશા હોય તો આઘાત, રાજાનો ભય, બુદ્ધિમાં ભ્રમ, રોગ, ધનહાનિ અને લોકનિન્દા થાય છે. (૫૯)

બુધની પ્રત્યંતર્દશામાં ચન્દ્રની સૂક્ષ્મ દશા હોય તો સૌભાગ્ય, સ્થિર બુદ્ધિ, રાજાથી આદર, સંપત્તિ, મિત્ર તથા ગુરુનું આગમન થાય છે (૬૦)

બુધની પ્રત્યંતર્દશામાં મંગળની સૂક્ષ્મ દશા હોય તો અગ્નિ અને વિષનો ભય, મૂર્ખતા, દરિદ્રતા, મતિભ્રમ અને ઉદ્વેગ થાય છે. (૬૧)

બુધની પ્રત્યંતર્દશામાં રાહુની સૂક્ષ્મ દશા હોય તો અગ્નિ, સર્પ, અને રાજાનો ભય, કઠિનતાથી શત્રુ પર વિજય, ભૂતોના ઉપદ્રવથી ભ્રમ થાય છે. (૬૨)

બુધની અંતર્દશામાં ગુરુની પ્રત્યંતર્દશા હોય તો રાજ્ય રાજાથી અધિકાર, રાજાથી માન, વિદ્યા અને બુદ્ધિની વૃદ્ધિ થાય છે. (૬૩)

બુધની અંતર્દશામાં શનિની પ્રત્યંતર્દશા હોય તો વાત, પિત્ત રોગથી પીડા, શરીરમાં આઘાત અને ધનનો નાશ થાય છે. (૬૪)

કેતુની અંતર્દશામાં કેતુ આદિની પ્રત્યંતર્દશાના ફળ

કેતુની પ્રત્યંતર્દશામાં કેતુની સૂક્ષ્મ દશા હોય તો પુત્ર અને સ્ત્રીથી સુખ, દેહમાં વિષમતા, દરિદ્રતા અને ભિક્ષાવૃત્તિ થાય છે. (૬૫)

કેતુની પ્રત્યંતર્દશામાં શુક્રની સૂક્ષ્મ દશા હોય તો રોગનો નાશ, ધનલાભ, ગુરુ અને બ્રાહ્મણમાં ભક્તિ તથા કુટુંબીઓનો સંગમ થાય છે. (૬૬)

કેતુની પ્રત્યંતર્દશામાં સૂર્યની સૂક્ષ્મ દશા હોય તો કલહ, ભૂમિનો નાશ, વિદેશવાસ, મિત્રોને પણ વિપત્તિ થાય છે. (૬૭)

કેતુની પ્રત્યંતર્દશામાં ચન્દ્રની સૂક્ષ્મ દશા હોય તો નોકરોની વૃદ્ધિ, યુદ્ધમાં વિજય અને લોકોમાં સુયશ થાય છે. (૬૮)

કેતુની પ્રત્યંતર્દશામાં મંગળની સૂક્ષ્મ દૃષ્ટિ હોય તો ઘોડા આદિ પરથી પડવાનો ભય, ચોર અને દુષ્ટોથી પીડા, ગુલ્મ અને મસ્તક રોગ થાય છે. (૬૯)

કેતુની પ્રત્યંતર્દશામાં રાહુની સૂક્ષ્મ દશા હોય તો સ્ત્રી અને પિતા આદિનો નાશ, દુષ્ટ સ્ત્રીના સંગથી હલકટપણું, વમન, રુધિર-વિકાર અને પિત્તરોગ થાય છે. (૭૦)

કેતુની પ્રત્યંતર્દશામાં ગુરુની સૂક્ષ્મ દશા હોય તો શત્રુથી વિરોધ, સંપત્તિ અને ઐશ્વર્યની વૃદ્ધિ પરંતુ પશુ અને ખેતીની હાનિથી પીડા થાય છે. (૭૧)

કેતુની પ્રત્યંતર્દશામાં શનિની સૂક્ષ્મ દશા હોય તો મિથ્યા પીડા, અલ્પ સુખ, ઉપવાસ, સ્ત્રી સાથે વિરોધ અને સત્યની હાનિ થાય છે. (૭૨)

કેતુની પ્રત્યંતર્દશામાં બુધની સૂક્ષ્મ દશા હોય તો અનેક પ્રકારના લોકો સાથે સંયોગ વિયોગ, શત્રુઓની પીડા, ધનસંપત્તિની વૃદ્ધિ થાય છે. (૭૩)

શુક્રની પ્રત્યંતર્દશામાં શુક્ર આદિનાં સૂક્ષ્મ ફળ

શુક્રની પ્રત્યંતર્દશામાં શુક્રની સૂક્ષ્મ દશા હોય તો શત્રુઓનો નાશ, સુખ, શિવ આદિ દેવમંદિર, જળાશયનું નિર્માણ થાય છે. (૭૪)

શુક્રની પ્રત્યંતર્દશામાં સૂર્યની સૂક્ષ્મ દશા હોય તો હૃદયની વેદના, મતિ ભ્રમ, આમ તેમ ભટકવું, કયારેક લાભ અને કયારેક હાનિ થાય છે. (૭૫)

શુક્રની પ્રત્યંતર્દશામાં ચન્દ્રની સૂક્ષ્મ દશા હોય તો આરોગ્ય, ધનના વૃદ્ધિ, વ્યાપારથી કાર્યલાભ, વિદ્યા અને બુદ્ધિની વૃદ્ધિ થાય છે. (૭૬)

શુક્રની પ્રત્યંતર્દશામાં મંગળની સૂક્ષ્મ દશા હોય તો મૂર્ખતા, શત્રુભય, દેશત્યાગ અને રોગભય થાય છે. (૭૭)

શુક્રની પ્રત્યંતર્દશામાં રાહુની સૂક્ષ્મ દશા હોય તો રાજા, સાપ અને અગ્નિનો ભય, બંધુનો નાશ, મહાકષ્ટ તથા સ્થાનનો નાશ થાય છે. (૭૮)

શુક્રની પ્રત્યંતર્દશામાં ગુરુની સૂક્ષ્મ દશા હોય તો સર્વ કાર્યમાં લાભ, ખેતી અને ધનની ઉન્નતિ તથા ખરીદ વેચાણથી લાભ થાય છે. (૭૯)

શુક્રની પ્રત્યંતર્દશામાં શનિની સૂક્ષ્મ દશા હોય તો શત્રુથી પીડા, દુઃખ, પશુઓનો નાશ, પોતાના ગોત્ર અને ગુરુજનોની હાનિ થાય છે. (૮૦)

શુક્રની પ્રત્યંતર્દશામાં બુધની સૂક્ષ્મ દશા હોય તો બંધુઓમાં ધનની વૃદ્ધિ, વ્યાપારથી ધનલાભ, પુત્ર અને સ્ત્રી આદિથી સુખ થાય છે. (૮૧)

શુક્રની પ્રત્યંતર્દશામાં કેતુની સૂક્ષ્મ દશા હોય તો અગ્નિ ભય, રોગથી પીડા, મુખ, નેત્ર અને મસ્તકમાં કષ્ટ, સંચિત ધનની હાનિ અને મનમાં સંતાપ થાય છે.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં સૂક્ષ્મ અંતર્દશાનાં ફલ નામનો બાસઠમો અધ્યાય સંપૂર્ણ.

★

અધ્યાય : ૬૩

પ્રાણદશાનાં ફળ

પ્રાણદશા કાઢવાની રીત

સૂક્ષ્મ દશામાનને ગ્રહોની દશાના વર્ષની સંખ્યાથી અલગ અલગ ગુણીને જે આવે તેને ૧૨૦ વડે ભાગવાથી જે ભાગાકાર આવે તે પ્રાણદશા થાય છે. (૧)

સૂર્યની સૂક્ષ્મ દશામાં સૂર્યની પ્રાણદશા હોય તો અકુદરતી મૈથુનમાં પ્રવૃત્તિ, વિષ, ચોર, અગ્નિ અને રાજાથી ભય તથા દેહમાં કષ્ટ થાય છે. (૨)

સૂર્યની સૂક્ષ્મ દશામાં ચન્દ્રની પ્રાણદશા હોય તો સુખ, સુભોજન, બુદ્ધિમાં વિકાસ, ઉદાર પુરુષોની કૃપાથી રાજતુલ્ય ઐશ્વર્ય થાય છે. (૩)

સૂર્યની સૂક્ષ્મ દશામાં મંગળની પ્રાણ દશા હોય તો બીજાઓ માટે રાજાથી ઉપદ્રવનો ભય અને ખૂબ હાનિ થાય છે. (૪)

સૂર્યની સૂક્ષ્મ દશામાં રાહુની પ્રાણદશા હોય તો અન્નનું કષ્ટ, વિષનો ભય, અગ્નિ અને રાજા દ્વારા ધનનાશ થાય છે. (૫)

સૂર્યની સૂક્ષ્મ દશામાં ગુરુની પ્રાણદશા હોય તો અનેક વિદ્યા અને ધનનો લાભ, રાજા અને બ્રાહ્મણોને ત્યાં આવવા જવાથી કાર્યની સિદ્ધિ થાય છે. (૬)

સૂર્યની સૂક્ષ્મ દશામાં શનિની પ્રાણુદશા હોય તો બંધન, મૃત્યુ, મનમાં ઉદ્વેગ, કાર્યમાં અડચણ અને હાનિ થાય છે. (૭)

સૂર્યની સૂક્ષ્મ દશામાં બુધની પ્રાણુદશા હોય તો રાજાને ત્યાં ભોજન, રાજચિહ્ન અને રાજપદની પ્રાપ્તિ તથા આત્મસંતોષ થાય છે. (૮)

સૂર્યની સૂક્ષ્મ દશામાં શુક્રની પ્રાણુદશા હોય તો રાજાથી આદર, ધનની વૃદ્ધિ, સ્ત્રીપુત્રાદિને સુખ અને અન્નપાનાદિનો આનંદ મળે છે. (૧૦)

ચન્દ્રની સૂક્ષ્મ દશામાં ગ્રહોની પ્રાણુદશાનાં ફળ

ચન્દ્રની સૂક્ષ્મ દશામાં ચન્દ્રની પ્રાણુદશા હોય તો સ્ત્રીપુત્રાદિથી સુખ, ધન અને વસ્ત્રનો લાભ તથા યોગની સિદ્ધિ થાય છે. (૧૧)

ચન્દ્રની સૂક્ષ્મ દશામાં મંગળની પ્રાણુદશા હોય તો ક્ષય, કુષ્ઠ રોગ, બંધુનો નાશ, રક્તસ્રાવ અને ભૂતપિશાચનો ઉપદ્રવ થાય છે. (૧૨)

ચન્દ્રની સૂક્ષ્મ દશામાં રાહુની પ્રાણુદશા હોય તો સાપનો ભય, ભૂતોનો ઉપદ્રવ, આંખમાં કમજોરી અને મતિભ્રમ થાય છે. (૧૩)

ચન્દ્રની સૂક્ષ્મ દશામાં ગુરુની પ્રાણુદશા હોય તો ધર્મની વૃદ્ધિ, ક્ષમા, દેવ તથા બ્રાહ્મણોમાં ભક્તિ, સૌભાગ્ય અને પ્રિયજનોની મુલાકાત થાય છે. (૧૪)

ચન્દ્રની સૂક્ષ્મ દશામાં શનિની પ્રાણુદશા હોય તો શરીરમાં અચાનક કષ્ટ, શત્રુઓનો ઉપદ્રવ, દૃષ્ટિમાં હીનતા અને ધનનો લાભ થાય છે. (૧૫)

ચન્દ્રની સૂક્ષ્મ દશામાં બુધની પ્રાણુદશા હોય તો ચામર, છત્ર આદિ ચિહ્ન, રાજ્યલાભ અને પ્રાણીઓમાં સમબુદ્ધિ થાય છે. (૧૬)

ચન્દ્રની સૂક્ષ્મ દશામાં કેતુની પ્રાણુદશા હોય તો શસ્ત્ર, અગ્નિ

રાજા અને વિષનો ભય, ઉદરરોગ તથા સ્ત્રીપુત્રનો વિયોગ થાય છે. (૧૭)

ચન્દ્રની સૂક્ષ્મ દશામાં શુક્રની પ્રાણુદશા હોય તો મિત્રો અને સ્ત્રી મળે, ધનલાભ અને સર્વ પ્રકારનું સુખ થાય છે. (૧૮)

ચન્દ્રની સૂક્ષ્મ દશામાં સૂર્યની પ્રાણુદશા હોય તો ક્રૂરતા, ક્રોધની વૃદ્ધિ, મૃત્યુભય, સંતાપ, દેશત્યાગ અને ભય થાય છે. (૧૯)

મંગળની સૂક્ષ્મ દશામાં ગ્રહોની પ્રાણુદશાનાં ફળ

મંગળની સૂક્ષ્મ દશામાં મંગળની પ્રાણુદશા હોય તો શત્રુ સાથે કલહ, બંધન, રક્તવિકાર અને પિત્તવિકારના રોગ થાય છે. (૨૦)

મંગળની સૂક્ષ્મ દશામાં રાહુની પ્રાણુદશા હોય તો સ્ત્રી, પુત્રથી વિયોગ, બંધુઓના ઉપદ્રવથી પીડા અને વિષથી મરણનો ભય થાય છે. (૨૧)

મંગળની સૂક્ષ્મ દશામાં ગુરુની પ્રાણુદશા હોય તો દેવતાની ભક્તિ, ધનનો લાભ, મંત્ર અનુષ્ઠાનમાં તત્પરતા થાય છે. (૨૨)

મંગળની સૂક્ષ્મ દશામાં શનિની પ્રાણુદશા હોય તો અગ્નિ ભય, મરણ, ધનનાશ, સ્થાન ત્યાગ પરંતુ બંધુઓમાં પરસ્પર પ્રેમ થાય છે. (૨૩)

મંગળની સૂક્ષ્મ દશામાં બુધની પ્રાણુદશા હોય તો સર્વોત્તમ વસ્ત્રાલંકાર અને સ્ત્રીનો લાભ થાય છે. (૨૪)

મંગળની સૂક્ષ્મ દશામાં કેતુની પ્રાણુદશા હોય તો ઉચ્ચ સ્થાન પરથી પતનનો ભય, નેત્રરોગ, સાપથી ભય અને માનહાનિ થાય છે. (૨૫)

મંગળની સૂક્ષ્મ દશામાં શુક્રની પ્રાણુદશા હોય તો ધનની વૃદ્ધિ, લોકોમાં આદર, અનેક પ્રકારનાં ભોગસુખ થાય છે. (૨૬)

મંગળની સૂક્ષ્મ દશામાં સૂર્યની પ્રાણુદશા હોય તો જ્વર, ઉન્માદ, ધનહાનિ, રાજકોપ, દીર્ઘરોગ અને દરિદ્રતા થાય છે. (૨૭)

મંગળની સૂક્ષ્મ દશામાં ચન્દ્રની પ્રાણુદશા હોય તો ભોજન વસ્ત્રાદિનું સુખ, શરદી, ગરમીની પીડા થાય છે. (૨૮)

રાહુની સૂક્ષ્મ દશામાં ગ્રહોની પ્રાણુદશાનાં ફળ

રાહુની સૂક્ષ્મ દશામાં રાહુની પ્રાણુદશા હોય તો અન્નભોજનમાં અરુચિ, વિષનો ભય અને સાહસથી ધનનો નાશ થાય છે. (૨૯)

રાહુની સૂક્ષ્મ દશામાં ગુરુની પ્રાણુદશા હોય તો દેહસુખ, નિર્ભયતા, વાહનલાભ અને નીચ જનો સાથે કલહ થાય છે. (૩૦)

રાહુની સૂક્ષ્મ દશામાં શનિની પ્રાણુદશા હોય તો ગૃહદાહ, દેહમાં રોગ, નીચ લોકો દ્વારા ધનહાનિ અને બંધન થાય છે. (૩૧)

રાહુની સૂક્ષ્મ દશામાં બુધની પ્રાણુદશા હોય તો ગુરુની ભક્તિ, એમની કૃપાથી ધનની વૃદ્ધિ, ગુણ અને સુશીલતા આવે છે. (૩૨)

રાહુની સૂક્ષ્મ દશામાં કેતુની પ્રાણુદશા હોય તો સ્ત્રી અને પુત્રથી વિરોધ, ઘરનો ત્યાગ અને સાહસથી કાર્યમાં હાનિ થાય છે. (૩૩)

રાહુની સૂક્ષ્મ દશામાં શુક્રની પ્રાણુદશા હોય તો છત્ર, ચામર, સવારી આદિ સંપત્તિ, સર્વ કાર્યમાં સિદ્ધિ, શિવપૂજા અને ગૃહનિર્માણ થાય છે. (૩૪)

રાહુની સૂક્ષ્મ દશામાં સૂર્યની પ્રાણુદશા હોય તો હરસ આદિ રોગ, રાજાનો કોપ અને પશુઓની હાનિ થાય છે. (૩૫)

રાહુની સૂક્ષ્મ દશામાં ચન્દ્રની પ્રાણુદશા હોય તો મન અને બુદ્ધિમાં વિકાસ, લોકોમાં આદર, ગુરુજનોનું આગમન, પાપનો ભય અને સુખ થાય છે. (૩૬)

રાહુની સૂક્ષ્મ દશામાં મંગળની પ્રાણુદશા હોય તો ચંડાળ અને અગ્નિનો ભય, સ્થાનનો ત્યાગ, વિપત્તિ, મલિનતા અને નીચ વૃત્તિ થાય છે. (૩૭)

ગુરુની સૂક્ષ્મ દશામાં ગુરુની પ્રાણુદશા હોય તો હર્ષ, ધનની

વૃદ્ધિ, અગ્નિહોત્ર, શંકરની પૂજા, વાહન અને છત્ર આદિનો લાભ થાય છે. (૩૮)

ગુરુની સૂક્ષ્મ દશામાં શનિની પ્રાણુદશા હોય તો વ્રતભંગ, વિષાદ, વિદેશગમન, ધનનો નાશ અને બંધુઓ સાથે વિરોધ થાય છે. (૩૯)

ગુરુની સૂક્ષ્મ દશામાં બુધની પ્રાણુદશા હોય તો વિદ્યા અને બુદ્ધિની વૃદ્ધિ, સ્ત્રી, પુત્ર આદિને સુખ, લોકમાં આદર અને ધનલાભ થાય છે. (૪૦)

ગુરુની સૂક્ષ્મ દશામાં કેતુની પ્રાણુદશા હોય તો ઐશ્વર્ય, પાંડિત્ય, શસ્ત્રજ્ઞાન, શિવપૂજા, અગ્નિહોત્ર અને ગુરુની ભક્તિ થાય છે. (૪૧)

ગુરુની સૂક્ષ્મ દશામાં શુક્રની પ્રાણુદશા હોય તો રોગની નિવૃત્તિ, સુખભોગ, ધનવૃત્તિ તથા સ્ત્રી-પુત્રને સુખ થાય છે. (૪૨)

ગુરુની સૂક્ષ્મ દશામાં સૂર્યની પ્રાણુદશા હોય તો વાત, પિત્ત અને કફનો પ્રકોપ, રસ વ્યાધિથી શૂળરોગ થાય છે. (૪૩)

ગુરુની સૂક્ષ્મ દશામાં ચન્દ્રની પ્રાણુદશા હોય તો છત્ર આદિ રાજચિહ્ન સહિત ઐશ્વર્ય, પુત્રની વૃદ્ધિ, નેત્ર અને ઉદરરોગ થાય છે. (૪૪)

ગુરુની સૂક્ષ્મ દશામાં મંગળની પ્રાણુદશા હોય તો સ્ત્રી દ્વારા વિષનો ભય, જેલમાં બંધન, દેશાન્તરની યાત્રા અને મતિવિભ્રમ થાય. (૪૫)

ગુરુની સૂક્ષ્મ દશામાં રાહુની પ્રાણુદશા હોય તો રોગથી પીડા, ચોરનો ઉપદ્રવ, સાપ, વીંછી આદિથી ભય થાય છે. (૪૬)

શનિની સૂક્ષ્મદશામાં ગ્રહોની પ્રાણુદશાનાં ફળ

શનિની સૂક્ષ્મ દશામાં શનિની પ્રાણુદશા હોય તો જ્વરથી કાન્તિહીન, કુષ્ઠરોગ, ઉદરરોગ, જલ, અગ્નિથી મરણનો ભય થાય છે. (૪૭)

શનિની સૂક્ષ્મ દશામાં બુધની પ્રાણુદશા હોય તો ધનધાન્ય, વ્યવહારમાં લાભ, આદર, દેવ અને બ્રાહ્મણમાં ભક્તિ થાય છે. (૪૮)

શનિની સૂક્ષ્મ દશામાં કેતુની પ્રાણુદશા હોય તો મરણતુલ્ય કષ્ટ, ભૂતનો ઉપદ્રવ અને પરસ્ત્રીથી અપમાન થાય છે. (૪૯)

શનિની સૂક્ષ્મ દશામાં શુક્રની પ્રાણુદશા હોય તો પુત્ર, ધન અને રાજાની કૃપાથી સુખ, અગ્નિહોત્ર, કે વિવાહ થાય છે (૫૦)

શનિની સૂક્ષ્મ દશામાં સૂર્યની પ્રાણુદશા હોય તો નેત્ર અને મસ્તકમાં વ્યથા, સાપ અને શત્રુનો ભય, ધનહાનિ અને કલેશ થાય છે. (૫૧)

શનિની સૂક્ષ્મ દશામાં ચન્દ્રની પ્રાણુદશા હોય તો આરોગ્ય, પુત્રજન્મ, શાંતિ, પુષ્ટિ, દેવ અને બ્રાહ્મણમાં ભક્તિ થાય છે. (૫૨)

શનિની સૂક્ષ્મ દશામાં મંગળની પ્રાણુદશા હોય તો ગુલ્મરોગ, શત્રુભય, શિકારમાં મરણ ભય, સર્પ, અગ્નિ અને વિષનો ભય થાય છે. (૫૩)

શનિની સૂક્ષ્મ દશામાં રાહુની પ્રાણુદશા હોય તો દેશત્યાગ, રાજાનો ભય, મોહન, વિષભક્ષણ, વાત અને પિત્તથી પીડા થાય છે. (૫૪)

શનિની સૂક્ષ્મ દશામાં ગુરુની પ્રાણુદશા હોય તો સેનાનું આધિપત્ય, ભૂમિલાભ, સાધુનો સંગ, અને રાજાથી આદર થાય છે. (૫૫)

બુધની સૂક્ષ્મ દશામાં ગ્રહોની પ્રાણુદશાનાં ફલ

બુધની સૂક્ષ્મ દશામાં બુધની પ્રાણુદશા હોય તો સુખ, ધન અને ધર્મની વૃદ્ધિ, સર્વ જીવો પ્રત્યે સમત્વ બુદ્ધિ થાય છે. (૫૬)

બુધની સૂક્ષ્મ દશામાં કેતુની પ્રાણુદશા હોય તો અગ્નિ, ચોર અને વિષનો ભય તથા મરણતુલ્ય કષ્ટ થાય છે. (૫૭)

બુધની સૂક્ષ્મ દશામાં શુક્રની પ્રાણુદશા હોય તો પ્રભુત્વ, ધન, યશ અને ધર્મની વૃદ્ધિ, શિવભક્તિ અને સ્ત્રીપુત્રથી સુખ થાય છે. (૫૮)

બુધની સૂક્ષ્મ દશામાં સૂર્યની પ્રાણુદશા હોય તો સંતાપ, જ્વર, ઉન્માદ, બંધુ અને સ્ત્રીનો પ્રેમ તથા ચોરીનું ધન પ્રાપ્ત થાય છે. (૫૯)

બુધની સૂક્ષ્મ દશામાં ચન્દ્રની પ્રાણુદશા હોય તો સ્ત્રીસુખ, કન્યાજન્મ, ધનલાભ અને સર્વત્ર સુખ થાય છે. (૬૦)

બુધની સૂક્ષ્મ દશામાં મંગળની પ્રાણુદશા હોય તો નીચ કર્મમાં પ્રવૃત્તિ, ઉદર, દાંત અને નેત્રમાં પીડા, હરસ અને મરણનો ભય થાય છે. (૬૧)

બુધની સૂક્ષ્મ દશામાં રાહુની પ્રાણુદશા હોય તો વસ્ત્રાલંકાર અને ધનનો લાભ, સ્વજનથી વિયોગ, બ્રાહ્મણો સાથે વેર અને સન્નિપાતનો રોગ થાય છે. (૬૨)

બુધની સૂક્ષ્મ દશામાં ગુરુની પ્રાણુદશા હોય તો ગૌરવ, ધન, વિદ્યા અને સદ્‌ગુણની વૃદ્ધિ અને વ્યાપારમાં લાભ થાય છે. (૬૩)

બુધની સૂક્ષ્મ દશામાં શનિની પ્રાણુદશા હોય તો ચોરીથી મરણ ભય, નિર્ધનતા અને ભિક્ષાવૃત્તિ થાય. (૬૪)

કેતુની સૂક્ષ્મ દશામાં ગ્રહોની પ્રાણુદશાનાં ફળ

કેતુની સૂક્ષ્મ દશામાં કેતુની પ્રાણુદશા હોય તો સવારીમાં પડવાનો ભય, શત્રુ સાથે કલહ, અવિચારથી વધનું પાપ થાય છે. (૬૫)

કેતુની સૂક્ષ્મ દશામાં શુક્રની પ્રાણુદશા હોય તો ભૂમિ, વાહન અને સુખ મળે, શત્રુનો નાશ અને પશુઓની વૃદ્ધિ થાય છે. (૬૬)

કેતુની સૂક્ષ્મ દશામાં સૂર્યની પ્રાણુદશા હોય તો ચોર, અગ્નિ અને શત્રુનો ભય, ધનહાનિ, માનસિક વ્યથા અને પ્રાણાન્ત સમાન કષ્ટ થાય છે. (૬૭)

કેતુની સૂક્ષ્મ દશામાં ચન્દ્રની પ્રાણુદશા હોય તો દેવ–બ્રાહ્મણમાં ભક્તિ, દૂરયાત્રા, ધન, સુખ તથા કાન કે આંખમાં રોગ થાય છે. (૬૮)

કેતુની સૂક્ષ્મ દશામાં મંગળની પ્રાણુદશા હોય તો પિત્તરોગ, નસાવૃદ્ધિ, સંન્નિપાતથી ભ્રમ અને પોતાના બંધુઓ સાથે દ્વેષ થાય છે. (૬૯)

કેતુની સૂક્ષ્મ દશામાં રાહુની પ્રાણુદશા હોય તો સ્ત્રી, પુત્ર સાથે વિરોધ, ઘરનો ત્યાગ, પોતાના સાહસથી કાર્યમાં હાનિ થાય છે. (૭૦)

કેતુની સૂક્ષ્મ દશામાં ગુરુની પ્રાણુદશા હોય તો શસ્ત્રઘાત, વ્રણ, હૃદયરોગ અને સ્ત્રી–પુત્રનો વિયોગ થાય છે. (૭૧)

કેતુની સૂક્ષ્મ દશામાં શનિની પ્રાણુદશા હોય તો મતિભ્રમ, ક્રૂર કર્મમાં પ્રવૃત્તિ, વ્યસનથી બંધન અને કષ્ટ થાય છે. (૭૨)

કેતુની સૂક્ષ્મ દશામાં બુધની પ્રાણુદશા હોય તો સુગંધ, શય્યા, અલંકાર, ચંદન, સુભોજન અને સર્વ સુખનો લાભ થાય છે.

શુક્રની સૂક્ષ્મ દશામાં ગ્રહોની પ્રાણુદશાનાં ફળ

શુક્રની સૂક્ષ્મ દશામાં શુક્રની પ્રાણુદશા હોય તો જ્ઞાન, ઈશ્વરની ભક્તિ, સંતોષ, ધનલાભ, પુત્ર આદિની વૃદ્ધિ થાય છે. (૭૪)

શુક્રની સૂક્ષ્મ દશામાં સૂર્યની પ્રાણુદશા હોય તો લોકોમાં સુયશ, પુત્ર–સુખની હાનિ, ઉષ્ણ રોગાદિ કષ્ટ થાય છે. (૭૫)

શુક્રની સૂક્ષ્મ દશામાં ચન્દ્રની પ્રાણુદશા હોય તો દેવભક્તિ, કાર્યમાં તત્પરતા, મંત્રથી સંતોષ, ધન અને સૌભાગ્યની વૃદ્ધિ થાય છે. (૭૬)

શુક્રની સૂક્ષ્મ દશામાં મંગળની પ્રાણુદશા હોય તો જ્વર, ગુમડાં, દાદર, ખુજલી વગેરે રોગ અને દેવ બ્રાહ્મણમાં ભક્તિ થાય છે. (૭૭)

શુક્રની સૂક્ષ્મ દશામાં રાહુની પ્રાણુદશા હોય તો શત્રુથી પીડા, નેત્ર અને ઉદરમાં રોગ અને મિત્રો સાથે વિરોધ થાય છે. (૭૮)

શુક્રની સૂક્ષ્મ દશામાં ગુરુની પ્રાણુદશા હોય તો આયુષ્ય વધે,

આરોગ્ય, ધન, પુત્ર તથા સ્ત્રીનું સુખ વધે તથા છત્ર અને વાહન આદિની પ્રાપ્તિ થાય. (૭૯)

શુક્રની સૂક્ષ્મ દશામાં શનિની પ્રાણુદશા હોય તો રાજાનો ભય, સુખની હાનિ, મહારોગ અને નીચ લોકો સાથે વિવાદ થાય છે. (૮૦)

શુક્રની સૂક્ષ્મ દશામાં બુધની પ્રાણુદશા હોય તો સંતોષ, રાજાથી આદર, વિવિધ દિશાથી ભૂમિ, ધનનો લાભ અને ઉત્સાહની વૃદ્ધિ થાય છે. (૮૧)

શુક્રની સૂક્ષ્મ દશામાં કેતુની પ્રાણુદશા હોય તો જીવન, ધન, યશની હાનિ થાય છે. દાન અને ભોગમાત્ર ધન બાકી રહે છે. (૮૨)

હે વિપ્ર, આ પ્રમાણે અંતર્દશા સહિત નક્ષત્રદશાનાં ફળ મેં દર્શાવ્યાં છે. અન્યત્ર આ ફળો સંક્ષેપથી અગાઉ કહ્યાં છે.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં પ્રાણુદશાનાં ફળ વિશે વિચાર નામનો ત્રેસઠમો અધ્યાય સંપૂર્ણ

卐

અધ્યાય : ૬૪

કાલચક્રની અંતર્દશા

પરાશર બોલ્યા :

અગાઉ જે પ્રાચીન વિદ્વાનો ચક્રાન્તર્દશાનાં ફળ જગતનાં હિત માટે કહી ગયા છે તે હવે હું કહું છું. (૧)

મેષની દશામાં મંગળની અંતર્દશા હોય તો જ્વર અને વ્રણ થાય છે. બુધ, શુક્ર, ચન્દ્ર અને ગુરુની અંતર્દશામાં સર્વ પ્રકારનું સુખ તથા સૂર્યની અંતર્દશામાં શત્રુનો ભય થાય છે. (૨)

વૃષભની દશામાં શનિની અંતર્દશામાં કલહ, રોગની ઉત્પત્તિ, ગુરુની અંતર્દશામાં વિદ્યાલાભ, શરીરસુખ, મંગળની અંતર્દશામાં દેશ ત્યાગ કે મરણ કે તાવ વગેરેથી કષ્ટ તથા શુક્ર, બુધ અને ચન્દ્રની રાશિની અંતર્દશામાં વસ્ત્રાદિ લાભ, સ્ત્રીસંયોગ આદિ સુખ થાય છે. રવિ સિંહની અંતર્દશામાં રાજા તથા હિંસક જંતુઓથી ભય થાય છે. (૩-૫)

મિથુનની દશામાં શુક્રની અંતર્દશામાં ધન, વસ્ત્રાદિનો લાભ થાય છે. મંગળની અંતર્દશામાં માતાપિતાનું મરણ, ભય, તાવ, વ્રણ અને દૂર દેશની યાત્રા થાય છે. (૬-૭)

મિથુનની દશામાં ગુરુની અંતર્દશામાં વૃદ્ધિ, વિદ્યાની વૃદ્ધિ, ઐશ્વર્ય, લોકોમાં સન્માન અને પ્રેમ થાય છે. શનિની અંતર્દશામાં

વિદેશયાત્રા, રોગ અને મરણનો ભય, કે બંધુનો નાશ થાય છે. બુધની અંતર્દશામાં વિદ્યા, વસ્ત્રાદિનો લાભ, સ્ત્રીપુત્રથી સુખ અને સર્વ સ્થાનમાં આદર થાય છે. (૮–૧૦)

કર્કની દશામાં ચન્દ્રની અંતર્દશા હોય તો સ્ત્રી, પુત્રથી સુખ, ધનલાભ અને લોકોમાં આદર થાય છે. સૂર્યની અંતર્દશા શત્રુ, પશુ અને રાજકૂળથી ભય, માનસિક ચિન્તા અને રોગનો ભય, રહે છે. બુધ અને શુક્રની રાશિઓની અંતર્દશામાં પુત્ર, સ્ત્રી અને મિત્રોથી સુખ, ધનની વૃદ્ધિ, લોકોમાં આદર અને સુયશ થાય છે. (૧૧–૧૩)

કર્કની દશામાં મંગળની રાશિઓની અંતર્દશામાં વિષ, જ્વર આદિ રોગનો ભય થાય છે. ગુરુની રાશિઓની અંતર્દશામાં ધનનો લાભ, શરીરમાં સુખ તથા રાજાથી આદર અને લાભ થાય છે. શનિની અંતર્દશામાં વાતરોગ, સાપ, વીંછી આદિનો ભય અને અનેક પ્રકારે કષ્ટ થાય છે. (૧૪–૧૬)

સિંહની દશામાં મંગળની રાશિઓની અંતર્દશામાં રોગનો ભય, પિત્ત, જ્વર અને શસ્ત્રાઘાતનો ભય થાય છે સિંહાંશની દશામાં બુધ અને શુક્રની રાશિઓની અંતર્દશામાં ધન, વસ્ત્ર આદિનો લાભ તથા સ્ત્રી અને પુત્રથી સુખ થાય છે. (૧૭–૧૮)

સિંહાંશની દશામાં ચન્દ્રની અંતર્દશામાં ઊંચા સ્થાનેથી પતનનો ભય, થોડા ધનનો લાભ અને વિદેશયાત્રા થાય છે. સૂર્યની અંતર્દશામાં શત્રુભય, જ્વર આદિ રોગ, બુદ્ધિની હાનિ અને મરણનો ભય થાય છે. ગુરુની રાશિઓની અંતર્દશામાં ધનધાન્યાદિ લાભ, રાજા અને બ્રાહ્મણોની કૃપા અને વિદ્યાની વૃદ્ધિ થાય છે. (૧૯–૨૧)

કન્યાંશની દશામાં શનિની અંતર્દશામાં અનેક કષ્ટ, દૂરની યાત્રા, જ્વર અને ક્ષુધાની પીડા થાય છે. ગુરુની રાશિઓની અંતર્દશામાં રાજાની કૃપાથી ધનલાભ, મિત્ર અને બંધુઓનું આગમન અને વિદ્યાની વૃદ્ધિ થાય છે. (૨૨–૨૩)

કન્યાની દશામાં મંગળની રાશિઓની અંતર્દશામાં પિત્ત જ્વરથી પીડા, દૂર યાત્રા, શસ્ત્ર અને અગ્નિનો ભય થાય છે. બુધ, શુક્ર અને ચન્દ્રની રાશિઓની અંતર્દશામાં નોકર અને પુત્રથી ધન લાભ, અનેક પ્રકારનું સુખ થાય છે. સિંહની અંતર્દશામાં દૂરયાત્રા, રોગભય, બંધુઓમાં કલહ અને શસ્ત્રાઘાતનો ભય થાય છે. (૨૪–૨૬)

તુલાંશ દશામાં શુક્રની રાશિની અંતર્દશામાં સદ્‌બુદ્ધિ, સુખ લાભ, સ્ત્રીપુત્ર, ધન, વસ્ત્રાદિનું સુખ થાય છે. મંગળની રાશિની અંતર્દશામાં પિતાને કષ્ટ, મિત્રો સાથે વેર, મસ્તકમાં રોગ, જ્વર, વિષ અને શસ્ત્રનો ભય રહે છે. (૨૭–૨૮)

તુલાની દશામાં ગુરુની રાશિની અંતર્દશામાં ધન, રત્નનો લાભ, ધર્મક્રિયા, રાજાથી આદર અને સર્વ સ્થાનમાં સુખ થાય છે. શનિની રાશિની અંતદર્શામાં દૂરયાત્રા, મહારોગ ભય, ખેતીમાં હાનિ અને શત્રુઓનો ભય થાય છે. બુધની રાશિની અંતર્દશામાં પુત્રજન્મ, ધન લાભ, સ્ત્રીથી સુખ, મનમાં પ્રસન્નતા અને ભાગ્યોદય થાય છે. (૨૯–૩૧)

વૃશ્ચિકના અંશમાં ચન્દ્ર, બુધ અને શુક્રની રાશિઓની અંતર્દશામાં વિવિધ પ્રકારના ધનધાન્યનો લાભ તથા રોગનો નાશ અને અનેક પ્રકારનું સુખ થાય છે. સૂર્ય રાશિની અંતર્દશામાં શત્રુનો ભય, રોગ, ધનહાનિ, પિતાને કષ્ટ, હિંસક પ્રાણીઓનો ભય થાય છે. (૩૨–૩૩)

વૃશ્ચિકની દશામાં મંગળની રાશિની અંતર્દશામાં વાત અને પિત્તથી રોગ, વ્રણ, અગ્નિ, શસ્ત્રાદિથી ભય થાય છે. ગુરુની રાશિની અંતર્દશામાં ધન, ધાન્ય, રત્ન આદિનો લાભ, દેવ અને બ્રાહ્મણોમાં ભક્તિ અને રાજાની કૃપા થાય છે. શનિની રાશિની અંતર્દશામાં

ધનહાનિ, બંધુવિયોગ, માનસિક ચિન્તા, શત્રુનો ભય અને રોગ થાય છે (૩૪–૩૬)

ધન રાશિની દશામાં મંગળના રાશિની અંતર્દશામાં દાહ, જ્વર, શરદી, મુખરોગ અને અનેક પ્રકારનો કલેશ થાય છે. ધન રાશિની દશામાં શુક્ર, બુધ, ચન્દ્રની રાશિઓની અંતર્દશામાં ધન સંપત્તિ, વિદ્યા અને સૌભાગ્યની વૃદ્ધિ, શત્રુઓનો નાશ અને રાજાથી સુખનો લાભ થાય છે. (૩૭–૩૮)

ધન રાશિની દશામાં સિંહની અંતર્દશામાં સ્ત્રી અને ધનનો નાશ, કલહ, રાજાથી ભય અને દૂરની યાત્રા થાય છે, ગુરુની રાશિની અંતર્દશામાં દાન, તપસ્યા, ધર્મમાં વૃદ્ધિ, રાજાથી આદર, સ્ત્રીથી સુખ અને ધનનો લાભ થાય છે. (૩૯–૪૦)

મકરરાશિના કાલચક્રની દશામાં શનિની રાશિની અંતર્દશામાં બ્રાહ્મણ, દેવતા અને રાજાનો પ્રકોપ, બંધુઓનો નાશ, દેશનો ત્યાગ થાય છે. શુક્ર, બુધ, ચન્દ્ર અને ગુરુની રાશિઓની અંતર્દશામાં દેવતાઓમાં ભક્તિ, તપસ્યા અને રાજદરબારમાં સન્માન થાય છે. (૪૧–૪૨)

મકરરાશિની દશામાં મંગળની રાશિની અંતર્દશામાં મસ્તકમાં રોગ, હાથ અને પગમાં આઘાત, રક્તપિત્ત અને અતિસારના રોગનો ભય થાય છે. શનિની રાશિની અંતર્દશામાં પિતા અને બંધુઓનો નાશ, જ્વરાદિ રોગ, રાજા અને શત્રુનો ભય થાય છે. (૪૩–૪૪)

કુંભના અંશવાળી દશામાં શુક્રની રાશિની અંતર્દશામાં અનેક પ્રકારની વિદ્યા અને સંપત્તિનો લાભ, સ્ત્રી, પુત્ર આદિથી સુખ, શરીરમાં આરોગ્ય અને ધનવૃદ્ધિ થાય છે. મંગળની રાશિની અંતર્દશામાં જ્વર, અગ્નિ, ચોરનો ભય, શત્રુઓથી પીડા અને માનસિક વ્યથા થાય છે. (૪૫–૪૬)

કુંભાંશની દશામાં ગુરુની રાશિની અંતર્દશામાં આરોગ્ય, સુખ,

રાજાથી આદર અને મનની પ્રસન્નતા થાય છે. શનિની રાશિની અંતર્દશામાં કફ, પિત્ત, વાતનો ભય, કલહ, વિદેશયાત્રા અને ક્ષય રોગનો ભય થાય છે. બુધની રાશિની અંતર્દશામાં પુત્ર, મિત્ર, ધન, સ્ત્રીથી સુખ, મનમાં પ્રસન્નતા અને સૌભાગ્યની વૃદ્ધિ થાય છે. (૪૭-૪૯)

મીનાંશીય કાલચક્રની દશામાં ચન્દ્ર રાશિની અંતર્દશામાં વિદ્યા અને બુદ્ધિની વૃદ્ધિ, સ્ત્રીસુખ, રોગનો નાશ, મિત્રોનો સંગ અને મનની પ્રસન્નતા થાય છે. સૂર્યની રાશિની અંતર્દશામાં બંધુઓથી કલહ, ચોરનો ભય, માનસિક વ્યથા, સ્થાનનો નાશ થાય છે. બુધ અને શુક્રની રાશિઓની અંતર્દશામાં સંગ્રામમાં વિજય, પશુ, ભૂમિ અને પુત્રનો લાભ તથા ધનની વૃદ્ધિ થાય છે. (૫૦-૫૨)

મીનાંશ કાળની ચક્રદશામાં મંગળની રાશિની અંતર્દશામાં પિત્ત રોગ, પોતાના પરિજનોમાં વિવાદ અને શત્રુઓનો ભય થાય છે. ગુરુ રાશિની અંતર્દશામાં ધન, વસ્ત્ર અને સ્ત્રીનું સુખ મળે, રાજાથી આદર તથા લોકોમાં પ્રતિષ્ઠા થાય. શનિની રાશિના અંતરમાં વેશ્યા આદિના સમાગમથી ધનનો નાશ, મનમાં સંતાપ, દેશત્યાગ કરવો પડે છે. (૫૩-૫૫)

પરાશર બોલ્યા :

આવી રીતે વિદ્વાનોએ કાલચક્રની દશાફલ, અંતર્દશા ફલ સવ્યચક્રથી સમજવા. અગાઉ આ ફળ ધર્મ અને અધર્મે જે કરેલું હતું તે મેં કહ્યું છે. તે સર્વ જીવો નિત્ય પ્રાપ્ત કરે છે એમાં સંશય નથી. (૫૬-૫૭)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં કાલચક્રની અંતર્દશાનાં ફળ વિશે વિચાર નામનો ચોસઠમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૬૫

કાલચક્રમાં નવાંશદશા

મેષાંશમાં રહેલી રાશિઓનાં દશાફલ

મેષાંશીય મેષ રાશિની દશામાં રક્તવિકારથી પીડા, વૃષભની દશામાં ધાન્યવૃદ્ધિ, મિથુનની દશામાં જ્ઞાનનો ઉદય, કર્કની દશામાં ધનની વૃદ્ધિ, સિંહની દશામાં શત્રુનો ભય, કન્યાની દશામાં સ્ત્રીથી સુખ, તુલાની દશામાં રાજાનું મંત્રીપદ, વૃશ્ચિકની દશામાં મૃત્યુભય અને ધન રાશિની દશામાં ધનનો લાભ થાય છે. (૧–૩)

વૃષભ અંશની રાશિઓની દશાનાં ફળ

વૃષભ અંશની મકરની દશામાં પાપકર્મમાં પ્રવૃત્તિ, કુંભમાં વેપારથી લાભ, મીનથી સર્વ કાર્યની સિદ્ધિ, વૃશ્ચિકમાં અગ્નિ ભય, તુલામાં રાજાથી આદર, કન્યાથી શત્રુનો ભય, કર્કમાં સ્ત્રીને કષ્ટ, સિંહમાં નેત્રપીડા, મિથુનમાં વિષથી ભય સમજવો. (૪–૫½)

મિથુનના અંશમાં રહેલી રાશિઓનાં દશાફળ

મિથુનના અંશની વૃષભની દશામાં ધનલાભ, મેષમાં જ્વર, મીનમાં મામાથી પ્રેમ, કુંભમાં શત્રુની વૃદ્ધિ, મકરમાં ચોરથી ભય, ધન રાશિમાં વિદ્યાની વૃદ્ધિ, મેષમાં શસ્ત્રથી આઘાત, વૃષભમાં કલહ અને મિથુનની દશામાં સુખની પ્રાપ્તિ થાય છે. (૬–૮)

કર્કના અંશમાં રહેલી રાશિઓનાં દશા ફળ

કર્કના અંશમાં રહેલી કર્કની દશામાં સુખ, સિંહ રાશિમાં રાજાથી ભય, કન્યા રાશિમાં બંધુઓથી સુખ, તુલામાં સુયશ, વૃશ્ચિકમાં પિતાને કષ્ટ, ધન રાશિમાં જ્ઞાન અને ધનની વૃદ્ધિ, મકરમાં લોકોમાં અપયશ, કુંભમાં વ્યાપારમાં હાનિઅને મીનની દશામાં દૂર યાત્રા થાય છે. (૯-૧૦½)

સિંહના અંશની રાશિઓનાં દશાફલ

સિંહના અંશની વૃશ્ચિક દશામાં કલહ, પીડા, તુલામાં સુખ અને ધન મળે. કન્યા રાશિમાં ધનધાન્યની વૃદ્ધિ, કર્કમાં પશુઓનો ભય, સિંહ રાશિમાં સુખ અને દુઃખ બંને, મિથુનમાં શત્રુઓમાં વધારો, વૃષભમાં સુખ અને સંપત્તિ, મેષમાં કષ્ટ, મીનમાં દીર્ઘ યાત્રા થાય છે. (૧૧-૧૩)

કન્યાના અંશની રાશિઓમાં દશાફલ

કન્યાના અંશની કુંભની દશામાં ધન લાભ, મકરમાં ધન પ્રાપ્તિ, ધન રાશિમાં ભાઈઓથી સુખ, મેષમાં માતાનું સુખ કહેવું. વૃષભમાં પુત્રોનું સુખ, મિથુનમાં શત્રુ તરફથી ભય, કર્કમાં સ્ત્રીઓ સાથે પ્રીતિ, સિંહ રાશિમાં રોગોમાં વધારો અને કન્યાની દશામાં પુત્રનો જન્મ થાય છે. (૧૪-૧૫½)

તુલાના અંશની રાશિઓમાં દશાફલ

તુલાના અંશની તુલાની દશામાં ધનલાભ, વૃશ્ચિકમાં ભાઈઓથી સુખ, ધન રાશિમાં પિતા, કાકા આદિથી સુખ, મકરમાં માતાને કષ્ટ, કુંભમાં વ્યાપારથી લાભ, મીનમાં સુખ સંપત્તિ, વૃશ્ચિકમાં સ્ત્રીને કષ્ટ, તુલામાં જળનો ભય અને કન્યા રાશિની દશામાં સુખ સંપત્તિની વૃદ્ધિ થાય છે. (૧૬-૧૮)

વૃશ્ચિકના અંશની રાશિઓમાં દશાફળ

વૃશ્ચિકના અંશની કર્કની દશામાં ધનહાનિ, સિંહ રાશિમાં રાજભય, મિથુનમાં ભૂમિલાભ, વૃષભમાં ધનની વૃદ્ધિ, મેષમાં રક્ત-વિકારથી પીડા, મીન રાશિમાં સુખ, કુંભમાં વેપારથી લાભ, મકરમાં ધનહાનિ અને ધન રાશિની દશામાં સુખ સંપત્તિથી મળે છે. (૧૯–૨૦½)

ધન રાશિના અંશવાળી રાશિઓનાં દશાફળ

ધન રાશિના અંશવાળી મેષ રાશિની દશામાં ધનલાભ, વૃષભમાં ભૂમિલાભ, મિથુનમાં સર્વ કાર્યોમાં સફળતા, કર્કમાં સુખ સંપત્તિ, સિંહ રાશિમાં સર્વ સુખ, કન્યા રાશિમાં કલહ, તુલામાં વેપારથી લાભ, વૃશ્ચિકમાં રોગનો ભય અને ધન રાશિની દશામાં પુત્રોને સુખ થાય છે. (૨૧–૨૩)

મકર રાશિના અંશવાળી રાશિઓના દશાફળ

મકર રાશિના અંશવાળી રાશિઓમાં મકરની દશામાં પુત્રજન્મ, કુંભમાં ધનની વૃદ્ધિ, મીનમાં કલ્યાણ, વૃશ્ચિકમાં પશુઓનો ભય, તુલામાં ધનલાભ, કન્યા રાશિમાં શત્રુનો ભય, કર્કમાં ધનલાભ, સિંહ રાશિમાં શત્રુથી ભય અને મિથુન રાશિની દશામાં વિષનો ભય થાય છે. (૨૪–૨૫½)

કુંભ રાશિના અંશવાળી રાશિઓના દશાફળ

કુંભ રાશિના અંશવાળી વૃષભની દશામાં ધનની વૃદ્ધિ, મેષમાં નેત્રરોગ, મીનમાં દૂરની યાત્રા, કુંભમાં ધનની વૃદ્ધિ, મકરમાં સર્વ કાર્યોમાં સફળતા, ધન રાશિમાં જ્ઞાનની વૃદ્ધિ, મેષ રાશિમાં સુખની હાનિ, વૃષભ રાશિમાં મૃત્યુનો ભય અને મિથુનની દશામાં સુખ સંપત્તિ થાય છે. (૨૬–૨૮)

મીન રાશિના અંશવાળી રાશિઓના દશાફળ

મીન રાશિના અંશવાળી કર્ક રાશિની દશામાં ધનની વૃદ્ધિ, સિંહ, રાશિમાં રાજાનો આશ્રય, કન્યા રાશિમાં ધન ધાન્યની વૃદ્ધિ, તુલામાં વ્યાપારથી લાભ, વૃશ્ચિકમાં જ્વરથી પીડા, ધન રાશિમાં જ્ઞાન અને સુખની વૃદ્ધિ, મકર રાશિમાં સ્ત્રીથી વિરોધ, કુંભ રાશિમાં પાણીનો ભય અને મીન રાશિની દશામાં સર્વ પ્રકારે સુખ થાય છે. (૨૯–૩૧)

ક્રૂર ગ્રહની દશાના કાળમાં વિધિવાર શાન્તિ કરવાથી તે દશામાં પણ શુભ થાય છે એમાં સંશય નથી. (૩૨)

બૃહત્ હોરાશાસ્ત્રમાં કાલચક્રના નવાંશની દશાનાં ફળ વિષે વિચાર નામનો પાસઠમો અધ્યાય સંપૂર્ણ.

卐

અધ્યાય : ૬૬

અષ્ટકવર્ગ

મૈત્રેય બોલ્યા :

હે ભગવન્, આપે અનેક ઋષિવર્યો અને આચાર્યોને સંમત એવું ગ્રહ અને ભાવ આદિ સંબંધી ફળ કહ્યું છે પરંતુ અનેક પ્રકારના ગ્રહોની ગતિથી અનેક પ્રકારના ફલનાં મિશ્રણ થવાથી આ ફળ ઠીક છે એમ કોઈ કહી શકતું નથી કારણ કે કળિયુગમાં પાપમગ્ન મનુષ્યોની બુદ્ધિ મંદ થઈ ગઈ છે. એટલે જે અલ્પબુદ્ધિગમ્ય હોય, જેનાથી તાત્કાલિક ગ્રહ સ્થિતિથી મનુષ્યના સુખદુઃખ અને આયુષ્યનું સ્પષ્ટ જ્ઞાન થાય એવું શાસ્ત્ર બતાવો. (૧–૪)

પરાશર બોલ્યા :

હે વિપ્ર, તમે સારો સવાલ કર્યો છે. હું હવે મનુષ્યોના સુખ-દુઃખ, તથા આયુષ્યનો નિર્ણય તથા અગાઉ જણાવેલા ફળોનો વિરોધ જે રીતે નથી થતો એવી રીતે આ શાસ્ત્રોને લોકોપકાર માટે કહું છું તે તમે સાવધાન મનથી સાંભળો. (૫–૬)

લગ્નાદિ બાર ભાવ શુભ ગ્રહની સાથે કે તેમનાથી દૃષ્ટ હોવાથી પોતપોતાની સંજ્ઞાને અનુરૂપ શુભ ફળ આપે છે પણ ત્યારે તે ગ્રહો ઉચ્ચ સ્વરાશિ આદિમાં હોવા જોઈએ. જો નીચાદિ અશુભ સ્થાનમાં

હોય તો શુભ ફળ મળતું નથી. આવી રીતે પાપગ્રહથી દૃષ્ટ અને તેની સાથેનું સ્થાન પોતાના નામને અનુરૂપ અશુભ ફળ આપે છે. પણ તે સમયે પાપગ્રહની આદિ અશુભ સ્થાનમાં હોવા જોઈએ. ઉચ્ચ સ્વરાશિ આદિમાં હોય તો તેઓ અશુભ ફળ આપતા નથી. આવી રીતે સામાન્ય રૂપે જ્યોતિષીઓએ ફળ લખેલ છે. મેં પણ એ જ પૂર્વાચાર્યોને સંમત ફળ લખેલ છે. લોકોના આયુષ્ય તથા સુખદુઃખ જાણવા તે આ શાસ્ત્રનું પ્રયોજન છે. પરંતુ ગ્રહગતિ સૂક્ષ્મ હોવાને કારણે વસિષ્ઠ કે બૃહસ્પતિ પણ એનો નિશ્ચય કરી શકતા નથી. તો પછી સાધારણ મનુષ્ય અને તે પણ કેવી રીતે એનો નિશ્ચય કરી શકે ? (૭–૧૧)

સામાન્ય અને વિશેષરૂપે જ્યોતિષશાસ્ત્રના બે ભાગ છે. એમાં સામાન્ય ભાગ કહી ચૂકયો છું અને હવે વિશેષ ભાગ કહું છું. (૧૨)

જેવી રીતે લગ્ન અને ચન્દ્રથી ગ્રહોના બાર ભાવથી થતા શુભ –અશુભ ફળ કહેવામાં આવ્યાં છે એવી રીતે અન્ય ગ્રહોથી પણ ભાવોના શુભ અને અશુભ ફળ થાય છે. એટલા માટે સૂર્ય આદિ ૭ ગ્રહ તથા લગ્ન એ આઠેયના ક્રમથી કરણસંજ્ઞાવાળા અશુભ સ્થાનને બિંદુરૂપે અને સ્થાનસંજ્ઞક શુભ ભાવને રેખારૂપે ઉપલક્ષિત સમાજી ફળ કહેવું. (૧૩)

સૂર્યથી ૧–૨–૮–૯–૧૨ એ સ્થાનોમાં પાંચ ગ્રહ કરણુદાયક (બિંદુદાયક છે). સાતમા તથા ચોથા સ્થાનમાં ૪ ગ્રહ, છઠ્ઠા તથા નવમા સ્થાનમાં ૩ ગ્રહ, પાંચમા સ્થાનમાં ૬ ગ્રહ, દસમા સ્થાનમાં બે અને અગિયારમા સ્થાનમાં ૧ ગ્રહ બિંદુપ્રદ છે. (૧૬)

સૂર્યથી પ્રથમ, દ્વિતીય અને આઠમા સ્થાનમાં લગ્ન, ચન્દ્ર, ગુરુ, શુક્ર અને બુધ એ પાંચ ગ્રહ તથા બારમા સ્થાનમાં રવિ, મંગળ, શનિ, ચન્દ્ર અને ગુરુ એ ૫ ગ્રહ, ચોથા સ્થાનમાં બુધ,

ચન્દ્ર, શુક્ર, ગુરુ એ ચાર ગ્રહ, નવમા સ્થાનમાં લગ્ન, ચન્દ્ર, શુક્ર એ ત્રણ ગ્રહ, છઠ્ઠા સ્થાનમાં રવિ, શનિ, મંગળ એ ત્રણ ગ્રહ, સાતમા સ્થાનમાં લગ્ન, બુધ, ગુરુ, ચન્દ્ર એ ચાર ગ્રહ, અગિયારમા સ્થાનમાં માત્ર શુક્ર એ એક જ ગ્રહ, ત્રીજા સ્થાનમાં સૂર્ય, શનિ, શુક્ર, ગુરુ, મંગળ એ પાંચ ગ્રહ, દસમા સ્થાનમાં ગુરુ, શુક્ર એ બે ગ્રહ, તથા પાંચમા સ્થાનમાં સૂર્ય, શનિ, ચન્દ્ર, લગ્ન, મંગળ અને શુક્ર એ ૭ કરણદાયક-બિંદુદાયક હોય છે. (૧૭-૧૯)

ચન્દ્રની કરણ સંખ્યા અને કરણપ્રદ ગ્રહ

ચન્દ્રથી ૯-૨ સ્થાનમાં ૬ ગ્રહ, ૪-૮-૧ સ્થાનમાં ૫ ગ્રહ, ૧૦-૩ સ્થાનમાં ૧ ગ્રહ, ૫ સ્થાનમાં ૪ ગ્રહ, ૬-૭ સ્થાનમાં ૩ ગ્રહ, ૧૨ સ્થાનમાં ૮ (બધા) કરણપ્રદ છે. તથા ૧૧મા સ્થાનમાં એકેય કરણપ્રદ નથી. જેમકે પ્રથમ સ્થાનમાં લગ્ન, રવિ મંગળ, શનિ, શુક્ર એ પાંચ ગ્રહ ૨ સ્થાનમાં લગ્ન, બુધ, રવિ, ચન્દ્ર, શનિ, શુક્ર એ ૭, ત્રીજા સ્થાનમાં ગુરુ, ચોથા સ્થાનમાં રવિ, શનિ, ચન્દ્ર, લગ્ન, મંગળ એ પાંચ, પાંચમા સ્થાનમાં લગ્ન, ચન્દ્ર, ગુરુ, રવિ, એ ચાર, છઠ્ઠા સ્થાનમાં શુક્ર, બુધ, ગુરુ એ ત્રણ, સાતમા સ્થાનમાં મંગળ, લગ્ન, શનિ એ ત્રણ, આઠમા સ્થાનમાં મંગળ, લગ્ન, શનિ, શુક્ર અને ચન્દ્ર એ પાંચ, નવમા સ્થાનમાં લગ્ન, રવિ, મંગળ, શનિ, બુધ અને ગુરુ એ ૬, દસમા સ્થાનમાં માત્ર શનિ, અગિયારમા સ્થાનમાં કોઈ નહીં અને ૧૨ સ્થાનનાં સર્વ (આઠેય) બિન્દુપ્રદ છે. (૨૦-૨૨½)

મંગળ કરણ સંખ્યા અને કરણપ્રદ ગ્રહ

મંગળથી ૧૨-૪-૫-૭ એ સ્થાનોમાં ૬ ગ્રહ, ૨-૯ સ્થાનમાં ૭ ગ્રહ, ૧-૮ સ્થાનમાં પાંચ ગ્રહ, ૩ સ્થાનમાં ૪ ગ્રહ, ૧૦ સ્થાનમાં ૩, છઠ્ઠા સ્થાનમાં બે કરણપ્રદ છે. અને અગિયારમા સ્થાનમાં કોઈ પણ કરણપ્રદ થાય નહીં. (૨૩-૨૭)

પ્રથમ સ્થાનમાં રવિ, ચન્દ્ર, બુધ, ગુરુ, શુક્ર એ પાંચ, બીજા સ્થાનમાં લગ્ન, શનિ અને પૂર્વોક્ત પાંચ એ (સૂર્ય, ચન્દ્ર, બુધ, ગુરુ, શુક્ર) એ ૭, ત્રીજા સ્થાનમાં શુક્ર, મંગળ, ગુરુ, શનિ એ ચાર, ચોથા સ્થાનમાં નવમા ભાવમાં કહેલા ગ્રહોમાં મંગળને છોડીને બધા અર્થાત્ રવિ, ચન્દ્ર, બુધ, ગુરુ શુક્ર, લગ્ન એ ૬, પાંચમા સ્થાનમાં ચન્દ્ર, મંગળ, ગુરુ, શુક્ર, લગ્ન, ગુરુ એ ૬, આઠમા સ્થાનમાં સાતમા સ્થાનમાં કહેલામાં શુક્રને છોડીને બાકીના બધા અર્થાત બુધ, ચન્દ્ર, રવિ, લગ્ન, ગુરુ એ ૫, નવમા સ્થાનમાં શનિને છોડીને બધા અર્થાત રવિ, ચન્દ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, લગ્ન એ ૭, દસમા સ્થાનમાં શુક્ર, ચન્દ્ર, બુધ એ ૩, અગિયારમા સ્થાનમાં એક પણ નહીં તથા બારમા સ્થાનમાં રવિ, શનિ, બુધ, ચન્દ્ર, લગ્ન, મંગળ એ ૬ બિન્દુપ્રદ છે. (૨૩–૨૭)

બુધની કરણસંખ્યા અને કરણપ્રદ

બુધથી ૧, ૨, ૪, ૧૦, ૬, ૯ એ સ્થાનમાં ૩ ગ્રહ, આઠમા સ્થાનમાં ૨, ત્રીજા અને સાતમા સ્થાનમાં ૬, અગિયારમા સ્થાનમાં કોઈ નહીં, પાંચમા અને બારમા સ્થાનમાં ૫ ગ્રહ કરણપ્રદ થાય છે. બુધના પ્રથમ સ્થાનમાં સૂર્ય, ચન્દ્ર, ગુરુ એ ત્રણ, બીજા સ્થાનમાં ગુરુ, રવિ, બુધ એ ૩, ત્રીજા સ્થાનમાં લગ્ન, રવિ, મંગળ, શનિ, ચન્દ્ર, ગુરુ એ ૬, ચોથા સ્થાનમાં બુધ, સૂર્ય, ગુરુ એ ૩, પાંચમા સ્થાનમાં ગુરુ, મંગળ, ચન્દ્ર, શનિ, લગ્ન એ પાંચ, છઠ્ઠા સ્થાનમા શુક્ર, શનિ, મંગળ એ ત્રણ, સાતમા સ્થાનમાં બુધ, ચન્દ્ર, લગ્ન, સૂર્ય, શુક્ર, ગુરુ એ છ, આઠમા સ્થાનમાં બુધ, સૂર્ય, એ બે, નવમા સ્થાનમા ગુરુ, ચન્દ્ર, લગ્ન એ ૩, દસમા સ્થાનમાં સૂર્ય, ગુરુ, શુક્ર એ ત્રણ, અગિયારમા સ્થાનમાં એક પણ નહીં અને બારમા સ્થાનમાં લગ્ન, ચન્દ્ર, મંગળ, શનિ, શુક્ર એ પાંચ બિન્દુપ્રદ છે. (૨૮–૩૦½)

ગુરુકરણ સંખ્યા અને કરણપ્રદ

ગુરુથી બીજા અને ૧૧મા સ્થાનમાં ૧ ગ્રહ, દસમા સ્થાનમાં ૨, બારમા સ્થાનમાં ૭, ૬ઠ્ઠા સ્થાનમાં ૪, આઠમા, ત્રીજા સ્થાનમાં ૫, બાકીના સ્થાનમાં ૩ કરણ હોય છે. જેમકે ગુરુથી ૧ સ્થાનમાં શુક્ર, ચન્દ્ર, શનિ એ ત્રણ, બીજા, અગિયારમા સ્થાનમાં માત્ર શનિ, ત્રીજા સ્થાનમાં લગ્ન, મંગળ, ચન્દ્ર, બુધ, શુક્ર એ પાંચ, પાંચમા સ્થાનમાં રવિ, ગુરુ, મંગળ, એ ત્રણ, ચોથા સ્થાનમાં શુક્ર, શનિ ચન્દ્ર, એ ત્રણ, સાતમા સ્થાનમાં બુધ, શુક્ર, શનિ એ ત્રણ, છઠ્ઠા સ્થાનમાં ગુરુ, મંગળ, રવિ, ચન્દ્ર એ ૪, બારમા સ્થાનમાં શનિને છોડીને સર્વ, દસમા સ્થાનમાં ચન્દ્ર, શનિ એ બે, નવમા સ્થાનમાં શનિ, મંગળ, ગુરુ એ ૩, આઠમા સ્થાનમાં લગ્ન, શનિ, શુક્ર, ચન્દ્ર, બુધ એ પાંચ ગ્રહ કરણપ્રદ થાય છે. (૩૧–૩૪½)

શુક્રની કરણસંખ્યા અને કરણપ્રદ ગ્રહ

શુક્રથી પાંચમા, આઠમા, ત્રીજા સ્થાનમાં ૨ ગ્રહ, પ્રથમ, બીજા, બારમા, દસમા સ્થાનમાં પાંચ, સાતમામાં આઠ, છઠ્ઠામાં ૬, નવમામાં ૧, ચોથામાં ૭, અગિયારમામાં નહીં એ પ્રમાણે કરણપ્રદ સંખ્યા થાય છે. જેમકે શુક્રથી ૧, ૨ સ્થાનમાં સૂર્ય, મંગળ, બુધ, ગુરુ, શનિ એ પાંચ ગ્રહ, સાતમા સ્થાનમાં સર્વ ગ્રહ, ૩ જા સ્થાનમાં સૂર્ય, ગુરુ એ બે, પાંચમા સ્થાનમાં સૂર્ય, મંગળ, નવમા સ્થાનમાં સૂર્ય, ચોથા સ્થાનમાં સૂર્ય, બુધ, ગુરુ, આઠમા સ્થાનમાં મંગળ, બુધ, ૬ઠ્ઠામાં શુક્ર, સૂર્ય, ચન્દ્ર, શનિ, લગ્ન, ગુરુ, ૧૧ મા સ્થાનમાં કોઈ નહીં. બારમા સ્થાનમાં લગ્ન, શનિ, બુધ, શુક્ર, રુ તથા દસમા સ્થાનમાં લગ્ન, મંગળ, બુધ, ચન્દ્ર, સૂર્ય એ પાંચ કરણપ્રદ થાય છે. (૩૫–૩૮)

શનિની કરણસંખ્યા અને કરણપ્રદ

શનિથી બીજા, સાતમા, નવમા સ્થાનમાં ૭ ગ્રહ, આઠમા,

લગ્ન અને ચોથા સ્થાનમાં ૬, દસમા, ત્રીજા, બારમા સ્થાનમાં ૪, છઠ્ઠા સ્થાનમાં એક, પાંચમા સ્થાનમાં ૫ અને ૧૧મા સ્થાનમાં એકેય નહીં–એ પ્રમાણે કરણસંખ્યા હોય છે. જેમ કે શનિમાં ૪, ૧ સ્થાનમાં લગ્ન, સૂર્યને છોડીને બાકીના બધા કરણપ્રદ થાય છે. ૨–૭ સ્થાનમાં સૂર્યને છોડીને બાકીના સાત કરણપ્રદ થાય છે. નવમા સ્થાનમાં બુધને છોડીને બધા, દસમા સ્થાનમાં લગ્ન, મંગળ, સૂર્ય બુધને છોડીને બાકીના–ચન્દ્ર, ગુરુ, શુક્ર, શનિ, કરણપ્રદ થાય છે. ત્રીજા સ્થાનમાં ગુરુ, સૂર્ય, બુધ, શુક્ર એ કરણપ્રદ થાય છે. છઠ્ઠા સ્થાનમાં માત્ર સૂર્ય, ૧૨ મા સ્થાનમાં લગ્ન, ચન્દ્ર, શનિ, સૂર્ય, પાંચમા સ્થાનમાં શુક્ર, સૂર્ય, ચન્દ્ર, બુધ, લગ્ન, આઠમા સ્થાનમાં બુધ, સૂર્યને છોડીને બાકીના ૬ કરણપ્રદ છે. અગિયારમા સ્થાનમાં કોઈ પણ કરણપ્રદ થતા નથી. આવી રીતે શનિના કરણ સમજવા. કરણના જે સ્થાન કહેવામાં આવ્યાં છે એનાથી ભિન્ન સ્થાનને રેખાપ્રદ અથવા શુભપ્રદ સમજવા જોઈએ (૩૯–૪૨)

એમાં પ્રથમ સૂર્યાષ્ટક, વર્ગની સિદ્ધિ માટે સુર્યની રેખાપ્રદ સ્થાન.

હવે હું પંડિતોના સુબોધ માટે સ્થાન ગ્રહો–રેખાપ્રદ વિશે કહું છું. સૂર્યના ૨–૮–૧ સ્થાનમાં શનિ, મંગળ, રવિ, પાંચમા સ્થાનમાં ગુરુ, બુધ, ૩જા સ્થાનમાં બુધ, ચન્દ્ર, લગ્ન, ચોથા સ્થાનમાં લગ્ન, સૂર્ય, શનિ, મંગળ, દસમા સ્થાનમાં લગ્ન, સૂર્ય, શનિ, મંગળ, અને બુધ, ચન્દ્ર, ૧૧મા સ્થાનમાં શુક્ર સિવાય સર્વ, ૧૨મા સ્થાનમાં લગ્ન, શુક્ર, બુધ, છઠ્ઠા સ્થાનમાં લગ્ન, શુક્ર, બુધ, ગુરુ અને ચન્દ્ર, સાતમા સ્થાનમાં સૂર્ય, મંગળ, શનિ, શુક્ર, ૯મા સ્થાનમાં સૂર્ય, મંગળ, શનિ, બુધ, ગુરુ એ રેખાપ્રદ થાય છે. (૪૩–૪૫)

ચન્દ્રના અષ્ટકવર્ગ કાઢવા, રેખાપ્રદ સ્થાન

ચન્દ્રથી ૧ સ્થાનમાં બુધ, ચન્દ્ર, ગુરુ, બીજા સ્થાનમાં મંગળ, ગુરુ, ત્રીજા સ્થાનમાં બુધ, સૂર્ય, ચન્દ્ર, મંગળ, શનિ, લગ્ન શુક્ર, ચોથા સ્થાનમાં ગુરુ, શુક્ર, બુધ, પાંચમા સ્થાનમાં મંગળ, બુધ, શુક્ર, શનિ, છઠ્ઠા સ્થાનમાં સૂર્ય, ચન્દ્ર, મંગળ, શનિ અને લગ્ન, સાતમા સ્થાનમાં સૂર્ય, ચન્દ્ર, ગુરુ, બુધ, શુક્ર, આઠમા સ્થાનમાં સૂર્ય બુધ, ગુરુ,, નવમા સ્થાનમાં શુક્ર, ચન્દ્ર, દસમા સ્થાનમાં સૂર્ય, બુધ, ગુરુ, એ ત્રણેય અને શુક્ર, ચન્દ્ર એ બંને અને લગ્ન, મંગળ, ૧૧ મા સ્થાનમાં સર્વ રેખાપ્રદ છે તથા ૧૨ મા સ્થાનમાં કોઈ રેખાપ્રદ નથી. (૪૬–૪૮)

મંગળના રેખાપ્રદ ગ્રહ

મંગળના અષ્ટકવર્ગમાં પોતપોતાના સ્થાનથી પહેલા સ્થાનમાં લગ્ન, શનિ, મંગળ, બીજા સ્થાનમાં મંગળ, ત્રીજામાં લગ્ન, બુધ, ચન્દ્ર, સૂર્ય, ચોથા સ્થાનમાં શનિ, મંગળ, પાંચમા સ્થાનમાં બુધ, સૂર્ય, છઠ્ઠા સ્થાનમાં બુધ, ચન્દ્ર, ગુરુ, સૂર્ય, લગ્ન, શુક્ર, સાતમા સ્થાનમાં શનિ, મંગળ, આઠમા સ્થાનમાં શનિ, મંગળ અને શુક્ર, નવમા સ્થાનમાં શનિ, દસમા સ્થાનમાં મંગળ, સૂર્ય, ગુરુ, શનિ અને લગ્ન, ૧૧ મા સ્થાનમાં સર્વ અને બારમા સ્થાનમાં શુક્ર રેખાપ્રદ થાય છે. (૪૯–૫૦)

બુધના અષ્ટકવર્ગમા રેખાપ્રદ ગ્રહ

બુધના અષ્ટકવર્ગમાં પોતપોતાના આશ્રિત સ્થાનથી પહેલામાં લગ્ન, શનિ, મંગળ, શુક્ર, બુધ, બીજા સ્થાનમાં લગ્ન, મંગળ, ચન્દ્ર, શુક્ર, શનિ, ત્રીજા સ્થાનમાં શુક્ર બુધ, ચોથા સ્થાનમાં લગ્ન, ચન્દ્ર, શનિ, શુક્ર, મંગળ, પાંચમા સ્થાનમાં બુધ, શનિ, શુક્ર, છઠ્ઠા સ્થાનમાં ગુરુ, બુધ, સૂર્ય, ચન્દ્ર, લગ્ન, સાતમા સ્થાનમાં મંગળ, શનિ,

આઠમા સ્થાનમાં મંગળ, શનિ અને લગ્ન, ચન્દ્ર,શુક્ર, ગુરુ, નવમા સ્થાનમાં શનિ, મંગળ, રવિ, બુધ અને શુક્ર, દસમા સ્થાનમાં લગ્ન, શનિ, મંગળ, બુધ અને ચન્દ્ર. અગિયારમા સ્થાનમાં સર્વ, બારમા સ્થાનમાં ગુરુ, બુધ અને સૂર્ય એ રેખાપ્રદ થાય છે. (૫૧–૫૨½)

ગુરુના રેખાપ્રદ સ્થાન

ગુરુના અષ્ટકવર્ગમાં ૧–૪ સ્થાનોમાં ગુરુ, લગ્ન, મંગળ, સૂર્ય, બુધ, બીજા સ્થાનમાં ગુરુ લગ્ન, મંગળ, સૂર્ય, બુધ અને ચન્દ્ર તથા શુક્ર, ત્રીજા સ્થાનમાં શનિ, ગુરુ, સૂર્ય બારમા સ્થાનમાં શનિ, પાંચમામાં શુક્ર, ચન્દ્ર, લગ્ન, બુધ, શનિ, છઠ્ઠા સ્થાનમાં પાંચ સ્થાનોમાં કહેલા ગ્રહોમાં ચન્દ્રને છોડીને બાકીના (શુક્ર, લગ્ન, બુધ, શનિ) સાતમા સ્થાનમાં લગ્ન, મંગળ ગુરુ, સૂર્ય, ચન્દ્ર, આઠમા સ્થાનમાં ગુરુ, સૂર્ય, મંગળ, નવમા સ્થાનમાં શુક્ર, સૂર્ય, લગ્ન, ચન્દ્ર, અને બુધ, અગિયારમા સ્થાનમાં શનિ, સિવાયના બધા, દસમા સ્થાનમાં ગુરુ, બુધ, મંગળ, સૂર્ય, શુક્ર, લગ્ન એ રેખાપ્રદ થાય છે. (૫૩–૫૫½)

શુક્રના રેખાપ્રદ ગ્રહ

શુક્રના અષ્ટક વર્ગમાં પ્રથમ સ્થાનમાં લગ્ન, શુક્ર, અને ચન્દ્ર, બીજા સ્થાનમાં પણ એ જ, ત્રીજા સ્થાનમાં તેમના ઉપરાંત બુધ, શનિ, મંગળ, ચોથા સ્થાનમાં અગાઉ જણાવેલા ૬ ગ્રહમાં બુધ સિવાયના પાંચ, પાંચમા સ્થાનમાં લગ્ન, બુધ, ચન્દ્ર, ગુરુ, શનિ, શુક્ર, છઠ્ઠા સ્થાનમાં બુધ, મંગળ, સાતમા સ્થાનમાં કોઈ નહીં. આઠમા સ્થાનમાં શુક્ર, સૂર્ય, ચન્દ્ર, ગુરુ, લગ્ન, અને શનિ, નવમા સ્થાનમાં સૂર્ય સિવાય બધા. દસમા સ્થાનમાં શુક્ર, ગુરુ, શનિ, અગિયારમા સ્થાનમાં મંગળ, ચન્દ્ર અને સૂર્ય રેખાપ્રદ થાય છે. (૫૬–૫૮)

શનિના અષ્ટકવર્ગમાં રેખાપ્રદ

શનિના અષ્ટકવર્ગમાં પ્રથમ સ્થાનમાં સૂર્ય, લગ્ન, બીજામાં સૂર્ય, ત્રીજા સ્થાનમાં લગ્ન, ચન્દ્ર, મંગળ, શનિ, ચોથા સ્થાનમાં લગ્ન, સૂર્ય, પાંચમા સ્થાનમાં ગુરુ, શનિ, મંગળ, છઠ્ઠા સ્થાનમાં સૂર્ય સિવાયના બધા, સાતમા સ્થાનમાં સૂર્ય, ૮મા સ્થાનમાં સૂર્ય, બુધ, નવમા સ્થાનમાં બુધ, દસમા સ્થાનમાં સૂર્ય, મંગળ, લગ્ન અને બુધ, ૧૧ મા સ્થાનમાં સર્વ, બારમા સ્થાનમાં મંગળ, બુધ, ગુરુ અને શુક્ર રેખાપ્રદ થાય છે. (૫૯-૬૦)

લગ્નની બિન્દુસંખ્યા અને બિન્દુપ્રદ ગ્રહો

લગ્નથી ૧, ૪ સ્થાનમાં ત્રણ ગ્રહ, ત્રીજા સ્થાનમાં બે, બીજા સ્થાનમાં ૫, પાંચમા, આઠમા, નવમા, બારમા સ્થાનમાં ૬, દસમા, અગિયારમા, છઠ્ઠા સ્થાનમાં ૧ અને સાતમા સ્થાનમાં ગુરુને છોડીને બધા બિન્દુપ્રદ થાય છે.

પહેલા સ્થાનમાં લગ્ન, સૂર્ય, ચન્દ્ર, બીજા સ્થાનમાં લગ્ન, મંગળ, ચન્દ્ર, સૂર્ય, શનિ, ત્રીજા સ્થાનમાં ગુરુ અને બુધ, ચોથા સ્થાનમાં લગ્ન, ચન્દ્ર અને મંગળ, પાંચમા સ્થાનમાં લગ્ન, સર્ય, ચન્દ્ર, મંગળ, બુધ અને શનિ, છઠ્ઠા સ્થાનમાં માત્ર શુક્ર, સાતમા સ્થાનમાં ગુરુ સિવાયના સર્વ, આઠમા સ્થાનમાં શુક્ર અને બુધ સિવાયના સર્વ, નવમા સ્થાનમાં ગુરુ અને શુક્રને છોડીને બાકીના. દસમા સ્થાનમાં શુક્ર, ૧૧મા સ્થાનમાં માત્ર શુક્ર તથા બારમા સ્થાનમાં સૂર્ય અને ચન્દ્ર એ બંનેને છોડીને બાકીના બધા કરણપ્રદ થાય છે. (૬૧-૬૪)

લગ્નના અષ્ટકવર્ગના ભાવોમાં રેખાપ્રદ

હવે હું લગ્નના રેખાપ્રદ ગ્રહો કહું છું. લગ્નના અષ્ટકવર્ગના ચક્રના પ્રથમ સ્થાનમાં શનિ, બુધ, શુક્ર, ગુરુ, મંગળ એ શુભપ્રદ

થાય છે. બીજા સ્થાનમાં બુધ, ગુરુ, શુક્ર, ત્રીજા સ્થાનમાં બુધ, ગુરુ બંનેને છોડીને બાકીના સર્વ, ચોથા સ્થાનમાં સૂર્ય, બુધ, ગુરુ, શુક્ર, શનિ, પાંચમા સ્થાનમાં ગુરુ અને શુક્ર, છઠ્ઠા સ્થાનમાં શુક્રને છોડીને બાકીના સર્વ, સાતમા સ્થાનમાં માત્ર ગુરુ, આઠમા સ્થાનમાં બુધ, શુક્ર, નવમા સ્થાનમાં ગુરુ, શુક્ર, દસમા સ્થાનમાં શુક્રને છોડીને સર્વ, ૧૧ મા સ્થાનમાં શુક્ર સિવાયના સર્વ, ૧૨ મા સ્થાનમાં સૂર્ય, ચન્દ્ર એ રેખાપ્રદ થાય છે. (૬૫-૬૮)

કરણ અને બિન્દુનો પરિચય

ચક્રમાં કરણને બિન્દુરૂપ અને સ્થાનને રેખારૂપ લખવા. કરણને અશુભ અને સ્થાનને શુભપ્રદ સમજવા.

બિન્દુ અને રેખા દોરવા ચક્ર નિર્માણની રીત

ઊભી દસ રેખા અને આડી ચૌદ રેખા દોરવી. આથી નવગેશ કોષ્ઠ સંયુક્ત ચક્ર બને છે. ત્રાંસા આઠ કોઠામાં વિલગ્ન સહિતના ખગને લખવા. શરૂઆતમાં ઊભી અને બાકીમાં ભાવ સંખ્યા લખવી ત્યાં કરણ તથા સ્થાન દર્શાવ્યા પ્રમાણે લખવા ત્યાં શુભ અને અશુભ જાણીને જન્મનારનાં ફળ કહેવાં. (૭૦-૭૨)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં અષ્ટકવર્ગનો વિચાર નામનો છાસઠમો અધ્યાય સંપૂર્ણ.

★

અધ્યાય : ૬૭

ત્રિકોણશોધન

પરાશર બોલ્યા :

હે વિપ્ર, આવી રીતે લગ્ન સહિત સર્વ ગ્રહોનાં અષ્ટકવર્ગ બનાવીને પ્રત્યેક રાશિના ત્રિકોણ શોધવા જોઈએ. પરસ્પર તુલ્ય અંતર પર ત્રણ ત્રણ રાશિ ત્રિકોણ કહેવાય છે.–જેમ કે મેષ–સિંહ–ધન; વૃષભ–કન્યા–મકર; મિથુન–તુલા અને કુંભ; કર્ક–વૃશ્ચિક અને મીન. આ ત્રણ ત્રણ રાશિઓ પરસ્પર ત્રિકોણ કહેવાય છે.

ત્રિકોણશોધનની રીત

સૂર્યાદિ ગ્રહોના અષ્ટવર્ગ જનિત રેખા સંખ્યા મેષાદિ રાશિઓની નીચે લખીને ત્રિકોણનું શોધન કરવું જોઈએ. ત્રિકોણ રાશિઓમાં જેમની નીચે અલ્પ રેખાની સંખ્યા હોય એની ત્રણેય રાશિઓની સંખ્યામાં બાદ કરી શેષ નીચે લખવી. જો ત્રિકોણ રાશિઓમાં કોઈમાં રેખાની સંખ્યા શૂન્ય હોય તો એમનામાં ત્રિકોણ શોધન નહીં કરવું. જો ત્રણેય રાશિઓમાં સરખી, રેખાની સંખ્યા હોય તો બધાનું શોધન કરવું જોઈએ. અર્થાત સર્વની નીચે શૂન્ય લખવી અને પછી આગળ કહેલી વિધિ અનુસાર એકના આધિપત્યનું શોધન કરવું જોઈએ. (૩–૫)

શેખર ભાષ્ય : સર્વ ગ્રહોના અષ્ટકવર્ગ બાદ પ્રત્યેક રાશિનું ત્રિકોણ શોધન મહત્ત્વનું ગણી એનો સિદ્ધયોગ વર્ણવ્યો છે તે પછી એકાધિપત્ય શોધન આવતા પ્રકરણમાં છે.

'બૃહત પારાશરી' ત્રિકોણશોધન નામનો સડસઠમો અધ્યાય સંપૂર્ણ

✠

અધ્યાય : ૬૮

એકાધિપત્ય શોધન

પરાશર બોલ્યા :

પહેલાં ઉકત વિધિથી ત્રિકોણનું શોધન કરીને રાશિઓનાં પૃથક્ પૃથક્ ફળ લખીને એકના આધિપત્યનું શોધન કરવું. જો એક સ્વામી બેય રાશિઓમાં ત્રિકોણશોધિત ફળ હોય તો પણ એકના આધિપત્યનું શોધન થાય છે. અર્થાત્ એક રાશિમાં ફળ હોય, બીજામાં શૂન્ય હોય તો શોધન થતું નથી. હવે શોધનના પ્રકાર કહેવામાં આવે છે. જેમ કે જો બંને રાશિ ગ્રહવર્જિત હોય તથા બંનેમાં ફળ ન્યૂનાધિક હોય તો ન્યૂનફળ તુલ્ય બંનેમાં શોધન કરવું.

જો બંનેમાં ગ્રહ હોય તો એકના આધિપત્યનું શોધન ન કરવું.

જો એકમાં ગ્રહ હોય અને ત્રિકોણશોધિત ફળ અલ્પ હોય તથા બીજામાં ગ્રહ ન હોય અને ફળ અધિક હોય તો અલ્પ ફળના સમાન ગ્રહવર્જિતવાળા ફળમાં બાદ કરવું તથા ગ્રહો સાથેની રાશિમાં અલ્પ ફળને એમને એમ રહેવા દેવું.

જો ગ્રહ સાથેની રાશિમાં ફળ અધિક હોય અને ગ્રહ વગરની રાશિઓમાં ફળ અલ્પ હોય તો ગ્રહ વગરની રાશિના સર્વ ફળનું શોધન કરી નાંખવું તથા ગ્રહ સાથેનાં ફળને એમ ને એમ રહેવા દેવું.

જો બંનેમાં ગ્રહ ન હોય તથા ફળ તુલ્ય હોય તો બંને ફળને શોધન કરી શૂન્ય બનાવી દેવા. જો એક રાશિ ગ્રહ સાથે અને બીજી ગ્રહ વગર હોય તો ગ્રહ વગરનાના ફળનું શોધન કરી શૂન્ય બનાવી દેવું જોઈએ. તથા સૂર્ય અને ચન્દ્રની એક જ રાશિ છે એટલે એ બંનેના (કર્ક, સિંહના) ફળને અલગ અલગ એવાને એવા રહેવા દેવા જોઈએ. (૧–૫)

એકના આધિપત્યનું સંશોધન કર્યા બાદ પિંડ નક્કી કરવા. (૬)

યુક્તિવચન

ગ્રહયોગને જ રાશિઓનાં પ્રથમ બળ કહેવાય છે. જેનું બળ પ્રથમ હોય તેના ફળની હાનિ થતી નથી. ગ્રહ ન હોય તેના અંક સમાન હાનિ થાય છે. રાશિઓ અને ગ્રહો એ બંનેના ન્યૂન અને સમ એ બંનેનું સંશોધન કરવું જોઈએ. (૭)

'બૃહત્ પારાશરી'માં એકાધિપત્યશોધન વિશે અડસઠમો, અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૬૯

પિંડ સાધન

પરાશર મુનિ બોલ્યા :

આ પ્રમાણે સર્વ ગ્રહોના અષ્ટ વર્ગમાં ત્રિકોણ તથા એક આધિપત્યનું શોધન કરીને, શોધિત અંકને રાશિમાનથી ગુણવા. જો એ રાશિમાં ગ્રહ હોય તો એ ગ્રહના માપથી પણ શોધિત અંકને ગુણવો. આ રીતે પ્રત્યેક રાશિના અંકને ગુણીને સર્વના યોગ કરવા તે આ ગ્રહના પિંડ કહેવાય છે. હવે રાશિ ગુણકની રીત. વૃષભ અને સિંહને ૧૦થી, મિથુન અને વૃશ્ચિકને આઠથી, મેષ અને તુલાને સાતથી મકર અને કન્યાને પાંચથી ગુણવા. બાકીની રાશિઓને પોતપોતાની સંખ્યાથી ગુણવી. હવે ગ્રહગુણક કાઢવાની રીત. ગુરુને ૧૦, મંગળને આઠ, શુક્રને ૭, બુધને ૫ તથા બાકીના ગ્રહનો ગુણક પાંચ છે. (૧-૪)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં પિંડ કાઢવાની રીત વિશે વિચાર નામનો અગણોસીત્તેરમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૭૦

અષ્ટકવર્ગ ફલ

સૂર્યથી આત્મા, સ્વભાવ, શક્તિ અને પિતાના સુખદુઃખનો વિચાર કરવો જોઈએ. મન, બુદ્ધિ, પ્રસન્નતા અને માતાનો વિચાર ચન્દ્રથી કરવો. ભાઈ, બળ, ગુણ અને ભૂમિનો વિચાર મંગળથી કરવો. વાણિજ્ય, જીવિકા અને મિત્રનો વિચાર બુધથી, દેહની પુષ્ટિ, વિદ્યા, પુત્ર, ધનસંપત્તિનો વિચાર ગુરુથી, વિવાહ, ભોગ, વાહન, વેશ્યા, સ્ત્રી સમાગમનો વિચાર શુક્રથી, આયુર્દાય, જીવનો પાપ, દુઃખ, શોક, ભય, સર્વ વસ્તુઓની હાનિ અને મરણનો વિચાર શનિથી કરવો.

જે ભાવ ફળનો વિચાર કરવાનો હોય એ ભાવની રેખા સંખ્યાથી એ ગ્રહના અષ્ટકવર્ગ સંબંધી યોગપિંડને ગુણીને જે ગુણાકાર આવે તેને ૨૭ વડે ભાગવાથી જે શેષ વધે એટલી સંખ્યાના અશ્વિની આદિ નક્ષત્રમાં જ્યારે શનિ જશે ત્યારે એ સમયે એ ભાવની હાનિ સમજવી. (૧–૬)

સૂર્યના અષ્ટકનાં વર્ગ ફળ

જન્મ સમયે જે સ્થાનમાં સૂર્ય હોય ત્યાંથી નવમું સ્થાન

પિતાનું સ્થાન થાય છે. એટલે એ રાશિની ફલ સંખ્યાથી સૂર્યાષ્ટક વર્ગયોગ પિંડને ગુણીને ૨૭ વડે ભાગવાથી જે શેષ વધે તે બરાબર અશ્વિની આદિ નક્ષત્રમાં જ્યારે શનિ જશે ત્યારે એ નક્ષત્રથી ત્રિકોણ (૧૦ મા કે ૧૬ મા) નક્ષત્રમાં પણ જ્યારે શનિ જશે ત્યારે પણ પિતા અને માતા સમાન વડીલનું મરણ અથવા કલેશ સમજવું. (૭-૯)

અથવા રાશિફળથી યોગપિંડને ગુણીને બાર વડે ભાગવાથી શેષ બરાબર રાશિમાં તથા એનાથી ત્રિકોણ (૫-૬) રાશિમાં જ્યારે શનિ જશે ત્યારે જાતકના પિતાને કષ્ટ થશે એમ કહેવું અનિષ્ટપ્રદ દશા-કાળમાં મરણ અને અન્ય દશામાં કલેશ કહેવો જોઈએ (૧૦-૧૧)

પિતાનું અનિષ્ટ

ઉપર જણાવેલ ત્રિકોણ રાશિમાં જ્યારે શનિ જાય ત્યારે એ સમયે જો સૂર્યથી ચોથા સ્થાનમાં રાહુ કે એ જ શનિ કે મંગળ હોય તો જન્મનારના પિતાનું મરણ થાય છે. અથવા લગ્ન કે ચન્દ્રથી ગુરુ (નવમા) સ્થાનમાં હોય અને પાપગ્રહની સાથે કે તેનાથી દૃષ્ટ હોય તો પિતાનું મૃત્યુ થાય. લગ્નથી ચોથા ભાવના સ્વામીની અનિષ્ટ દશામાં પણ પિતાનું મરણ થાય છે. અનુકૂળ દશામાં મરણ થતું નથી એમ પંડિતોએ પોતાની બુદ્ધિથી વિચાર કરવો જોઈએ. (૧૨-૧૪)

પિતૃઘાતક યોગ

પિતાના જન્મલગ્નથી આઠમી રાશિ લગ્નમાં જન્મ હોય અથવા પિતાના જન્મલગ્નથી આઠમા સ્થાનનો સ્વામી પોતાના જન્મલગ્નમાં હોય તો જન્મનાર પોતાના પિતાના કર્તવ્યો પૂરાં કરે છે. (૧૫)

પિતૃસુખ યોગ

લગ્ન સ્થાનથી સુખના (ચોથા) સ્થાનના સ્વામીની દશામાં

અધિક સુખની સંભાવના છે. સુખ સ્થાનનો સ્વામી લગ્ન કે અગિયારમા સ્થાનમાં હોય કે ચન્દ્રથી ૧૧ મા સ્થાનમાં હોય કે દસમા સ્થાનમાં હોય તો જન્મનાર પિતાનો આજ્ઞાકારી થાય છે. પિતાના જન્મલગ્ન કે જન્મરાશિથી ત્રીજા સ્થાને લગ્ન કે રાશિમાં જન્મ હોય તો જન્મનાર પિતાના ધનનો સદુપયોગ કરે છે. પિતાની જન્મરાશિ કે લગ્નમાં જન્મ હોય તો જન્મનાર પિતા સમાન ગુણવાન થાય છે. જો પોતાના જન્મલગ્નથી દસમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો જન્મનાર પિતાથી શ્રેષ્ઠ થાય છે. (૧૬-૧૮)

વિશેષ ફળ

સૂર્યાષ્ટક વર્ગમાં જે રાશિમાં અધિક શૂન્ય હોય તો એ રાશિના માસ (સૂર્ય જ્યારે તેમાં જાય) તથા એ રાશિના સંવત્સર (એ રાશિમાં મધ્યમ ગુરુ રહે ત્યારે) વિવાહાદિ શુભ કાર્ય કરવાં નહીં. તથા જે રાશિમાં અધિક રેખા હોય એમાં જ્યારે સૂર્ય કે મધ્યમ ગુરુ હોય ત્યારે શુભ કાર્ય કરવાં જોઈએ. (૧૯-૨૦)

ચન્દ્રનાં અષ્ટકવર્ગનાં ફળ

આવી રીતે ચન્દ્રના અષ્ટકવર્ગમાં જેમાં અધિક શૂન્ય હોય એ રાશિમાં જ્યારે ચન્દ્ર જાય ત્યારે એ સમયે શુભ કાર્યનો પરિત્યાગ કરવો જોઈએ. ચન્દ્રથી ચોથા સ્થાનથી માતા, ઘર અને ગામના શુભ અને અશુભનો વિચાર કરાય છે. એટલે ચન્દ્રથી ચોથા સ્થાનની ફળ (અષ્ટકવર્ગ રેખા) સંખ્યાથી ચન્દ્રકાષ્ટક વર્ગપિંડને ગુણીને ૨૭ વડે ભાગવાથી જે શેષ વધે એ નક્ષત્રમાં જ્યારે શનિ જાય ત્યારે માતાનું મરણ કે કષ્ટ કહેવું.

અથવા ગુણાકારને બાર વડે ભાગવાથી જે શેષ વધે એ રાશિમાં જ્યારે શનિ જાય ત્યારે માતાનું મરણ કહેવું. અથવા નક્ષત્રથી ત્રિકોણ

નક્ષત્ર તથા રાશિથી ત્રિકોણ રાશિમાં જ્યારે શનિ જાય ત્યારે માતાને ક્લેશ થશે એમ કહેવું. (૨૬–૨૩)

મંગલાષ્ટક વર્ગનાં ફળ

મંગળના અષ્ટક વર્ગથી ભાઈ, પરાક્રમ અને ધૈર્યનો વિચાર કરવો જોઈએ. ત્રિકોણ તૈયાર કરી જે રાશિનું ફળ અધિક હોય એ રાશિમાં મંગળ જવાથી ભૂમિ, સ્ત્રીસુખનો લાભ તથા ભાઈઓને ઉત્તમ સુખનો લાભ થાય છે. મંગળ નિર્બળ હોય તો ભાઈ દીર્ઘાયુષી થાય છે અને જ્યાં અષ્ટકવર્ગ ફળ શૂન્ય હોય ત્યાં મંગળ જવાથી ભાઈ વગેરેને કષ્ટ કહેવું. મંગળના યોગપિંડને પૂર્વવત્ અષ્ટવર્ગ રેખા સંખ્યાથી ગુણીને ૨૭ કે ૧૨ વડે ભાગવાથી જે શેષ વધે તે નક્ષત્ર કે રાશિમાં શનિ જવાથી ભાઈને કષ્ટ સમજવું. (૨૬–૨૭)

બુધના અષ્ટકવર્ગનાં ફળ

બુધથી ચોથા સ્થાનથી કુટુંબ, મામા તથા મિત્રનો વિચાર કરવો જોઈએ. બુધના અષ્ટકવર્ગમાં જે રાશિમાં અધિક રેખાઓ હોય એમાં બુધ જવાથી કુટુંબ આદિનું સુખ સમજવું. બુધના અષ્ટક-વર્ગમાં ત્રિકોણશોધન આદિ કરીને પૂર્વવત્ પિંડ પરથી નક્ષત્ર કે રાશિ સમજીને કુટુંબ આદિના સુખ અને દુઃખનો વિચાર કરવો. (૨૮–૨૯)

ગુરુનાં અષ્ટકવર્ગનાં ફળ

ગુરુથી પાંચમા ભાવથી જ્ઞાન, ધર્મ અને પુત્રનો વિચાર કરવો જોઈએ. આ પાંચમા સ્થાનમા અષ્ટવર્ગ શુભ ફળ અધિક હોય તો સંતાનનું સુખ ઉત્તમ કહેવું. અર્થાત્ અશુભ ફળ અધિક હોય તો સંતાન સુખ અલ્પ થાય છે. તથા પાંચમા સ્થાનમાં જેટલી ફળ સંખ્યા હોય એટલી સંતતિ અવશ્ય થાય છે. જો તે ગુરુની નીચ કે શત્રુ રાશિ ન હોય અર્થાત્ તે નીચ કે શત્રુ રાશિ હોય તો અલ્પ

સંતાન કહેવા અથવા ગુરુથી પાંચમા સ્થાનના સ્વામી જેવા નવાંશમાં હોય એટલી સંતતિ સમજવી. આ પાંચમા સ્થાનના અષ્ટવર્ગ ફળથી ગુરુના યોગ પિંડને ગુણીને ૨૭ કે ૧૨ વડે ભાગવાથી શેષ નક્ષત્ર અને એના ત્રિકોણ નક્ષત્રમાં કે શેષ તુલ્ય રાશિ કે એની ત્રિકોણ રાશિમાં જ્યારે શનિ જશે ત્યારે ત્યારે સંતાનને કષ્ટ સમજવું. તથા ધર્મ અને વિદ્યાની હાનિ પણ થાય છે. અને વળી શુભ અને અશુભ ફળ પોતાની બુદ્ધિથી પણ વિચારવાં. (૩૦–૩૩)

શુક્રના અષ્ટકનાં વર્ગ ફળ

શુક્રના અષ્ટકવર્ગમાં જે જે રાશિમાં અધિક ફળ હોય એ એ રાશિમાં જ્યારે જ્યારે શુક્ર આવે ત્યારે ત્યારે ધન, સ્ત્રી અને ભૂમિના સુખનો લાભ કહેવો. શુક્રથી સાતમા સ્થાનથી સ્ત્રીનો વિચાર કરવો જોઈએ. સાતમા સ્થાન તથા એનાથી ત્રિકોણ રાશિની દિશા અને દેશથી સ્ત્રી, ધન આદિનો લાભ સમજવો તથા શુક્રથી સાતમા સ્થાના ફળથી યોગપિંડને પૂર્વવત્ ગુણીને પૂર્વવત્ સ્ત્રી આદિના કષ્ટના વિચાર કરવા. (૩૪–૩૬)

શનિના અષ્ટકનાં વર્ગફળ

શનિથી આઠમા સ્થાન મૃત્યુ અને તે જ આયુસ્થાન પણ થાય છે. એટલા માટે એજ સ્થાનની અષ્ટવર્ગ દ્વારા આયુર્દાયનો વિચાર કરવો જોઈએ જેમકે શનિના અષ્ટક વર્ગમાં લગ્નથી શરૂ કરીને શનિ સુધી જેટલા અષ્ટકવર્ગ ફળ (રેખા) હોય એમના યોગ સમાન વર્ષમાં, જન્મનારને કષ્ટ કહેવું. આ પ્રમાણે શનિથી લગ્ન સુધી ફળ યોગ તુલ્ય વર્ષમાં પણ કષ્ટ કહેવું અને બંનેના યોગ તુલ્ય વર્ષમાં અરિષ્ટદાયક દશા પણ હોય તો એ સમયે એના મૃત્યુની પણ સંભાવના રહે છે. (૩૬–૪૦)

મૃત્યુનો વિચાર

શનિના અષ્ટકવર્ગ દ્વારા સાધિત પિંડને શનિથી આઠમી રાશિની રેખાની સંખ્યાથી ગુણીને જે ગુણાકાર આવે તેને ૨૭ વડે ભાગવાથી શેષ તુલ્ય નક્ષત્ર કે તેનાથી ત્રિકોણના બે નક્ષત્રમાં જ્યારે શનિ જાય ત્યારે જન્મનારનું મરણ કહેવું. એ સમયે જ્યારે દશા શુભ હોય તો કેવળ કષ્ટ કહેવું. અથવા ગુણાકારને બાર વડે ભાગવાથી શેષ તુલ્ય રાશિ કે એનાથી ત્રિકોણ રાશિમાં જ્યારે શનિ આવે ત્યારે જન્મનારને પોતાને જ મૃત્યુનો ભય છે એમ કહેવું. (૪૧-૪૨)

વિશેષ

શનિના અષ્ટકવર્ગમાં જે રાશિમાં અશુભ (બિંદુ) અધિક હોય એ રાશિમાં શનિ જવાથી અશુભ ફળ અને જે રાશિમાં શુભ (રેખા) અધિક હોય એ રાશિમાં શનિ જવાથી શુભ ફળ થાય છે. (૪૩-૪૪)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં અષ્ટક વર્ગનાં ફળ વિશે વિચાર નામનો સીત્તેરમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૭૧

અષ્ટકવર્ગ આયુર્દાય

પરાશર બોલ્યા :

હવે અષ્ટકવર્ગમાં આયુષ્ય વિષે કહું છું. પ્રત્યેક ગ્રહ અને લગ્નના અષ્ટકવર્ગમાં અલગ અલગ જોવા. જે રાશિમાં રેખા ન હોય એના ૨ દિવસ, જેમાં ૧ રેખા હોય તેનો દોઢ દિવસ, જેમાં બે રેખા હોય એનો ૧ દિવસ, જેમાં ત્રણ રેખા હોય તેનો અધોં દિવસ અને ૪ રેખા હોય તેના સાડા સાત દિવસ, ૫ રેખા હોય તો ૨ વર્ષ, ૬ રેખા હોય તો ૪ વર્ષ, ૭ રેખા હોય તો ૬ વર્ષ, અને જેમાં આઠ રેખા હોય તો ૮ વર્ષ આયુષ્ય થાય છે. આવી રીતે પ્રત્યેક ગ્રહનું અષ્ટક વર્ગમાં સર્વ રાશિઓનું આયુષ્ય જાણીને સર્વના જે યોગ હોય તેના અર્ધા સ્પષ્ટ અષ્ટકવર્ગજ આયુષ્ય થાય છે. (૧-૪)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં અષ્ટકવર્ગ આયુષ્ય વિશે વિચાર ઇકોતેરમો અધ્યાય સંપૂર્ણ.

★

અધ્યાય : ૭૨

સમુદાય અષ્ટકવર્ગ

પરાશર બોલ્યા :

હે દ્વિજોત્તમ, ૧૨ ખાનાની કુંડળી લખી એમાં લગ્નાદિ બાર સ્થાન લખવાં. એમાં અગાઉ જણાવેલા સર્વ ગ્રહોના અષ્ટકવર્ગમાં જે જે રાશિની જેટલી જેટલી રેખાઓ હોય એમનો સરવાળો કરી પ્રત્યેક રાશિમાં લખવો. આને સમુદાય અષ્ટકવર્ગ કહેવાય છે. આના પરથી જન્મનારના શુભ અને અશુભ ફળ સમજવાં. (૧–૨)

સમુદાય રેખાફળ

સમુદાય અષ્ટકવર્ગમાં જે રાશિમાં ૩૦ થી વધુ રેખા હોય તે શુભપ્રદ અને ૨૫ થી ૩૦ સુધી રેખા હોય તે રાશિ મધ્યમ તથા ૨૫ થી ઓછી રેખા જેમાં હોય તે રાશિ કષ્ટપ્રદ (અશુભ) થાય છે. છે. એટલે જે કાર્યમાં જે ગ્રહનું બળ કહેવામાં આવ્યું છે તે ગ્રહ જ્યારે શ્રેષ્ઠ રાશિમાં હોય ત્યારે તે કાર્ય કરવું. હે ઉત્તમ વિપ્ર, કષ્ટ પ્રદ રાશિઓમાં શુભ કાર્ય કરવું ન જોઈએ. કારણ કે શ્રેષ્ઠ રાશિમાં રહેનાર ગ્રહ, શુભપ્રદ અને અધન રાશિમાં રહેનાર અશુભદાયક થાય છે. (૩–૫)

રેખા અનુસાર ભાવફળ

લગ્ન આદિ બાર સ્થાનોમાં જેમાં સમુદાય અષ્ટકવર્ગનાં ફળ ૨૦ થી વધારે હોય એ સ્થાનના ફળની વૃદ્ધિ તથા અલ્પ (૨૫ થી ઓછી) રેખા જે સ્થાનમાં હોય તે ભાવની હાનિ, તથા મધ્યમ (૨૫ થી ૩૦) રેખા હોય તો એ ભાવનું ફળ મધ્યમ સમજવું. (૬)

વિશિષ્ટ ફળ

જેના સમુદાય અષ્ટક વર્ગમાં ૧૦મા સ્થાનથી અગિયારમા સ્થાનમાં અધિક રેખા હોય તથા અગિયારથી અલ્પ વ્યયસ્થાનમાં રેખા હોય તથા લગ્નમાં અધિક રેખા હોય તો તે જન્મનાર ભોગવાન અને ધનવાન થાય છે. એનાથી વિપરીત (બારમા અધિક અને લગ્નાધિમાં કમ) હોય તો જન્મનાર દુઃખી અને દરિદ્ર થાય છે. (૭-૮)

અવસ્થાનાં ફળ

દશાફલ સમાન લગ્નાદિ બાર સ્થાનોના ત્રણ ભાગ કરીને જુઓ. જે ખંડમાં પાપગ્રહ અધિક હોય એની અવસ્થામાં કષ્ટ, જેમાં શુભ ગ્રહ અધિક હોય એમાં શુભ, જેમાં મિશ્ર હોય એમાં શુભ-અશુભ બંને ફળ કહેવાં. આ પ્રમાણે બાલ્ય આદિ અવસ્થામાં ત્રણેય વિભાગના ફળ કહેવાં (૯-૧૦)

શાન્તિ સાથેની રેખાનાં ફળ

સમુદાય અષ્ટકવર્ગમાં જે રાશિમાં ૭ રેખા હોય (કે એથી કમ) એ મહિનામાં (અર્થાત એ રાશિના સૂર્યમાં) મૃત્યુનો ભય થાય છે. આ દોષના નિવારણ માટે ૨૦ તોલા સોનું અને બે ઢગલા તલનું દાન કરવું.

જેમાં ૮ રેખા હોય એ માસમાં પણ મૃત્યુની સંભાવના રહે છે એટલે દોષની શાન્તિ માટે કપુરનું તુલા દાન કરવું.

જેમાં ૯ રેખા હોય એ માસમાં સાપનો ભય રહે છે. એની શાન્તિ માટે સાત ઘોડા સહિત રથનું દાન કરવું.

જેમાં દસ રેખા હોય એ માસમાં શસ્ત્રનો ભય રહે છે. એનાં નિવારણ માટે વજ્રસહિત કવચનું દાન કરવું.

જેમાં ૧૧ રેખા હોય એ માસમાં ખોટી નિન્દાનો ભય રહે છે. એની શાન્તિ માટે ૧૦ ભાર સુવર્ણની બનાવેલી ચન્દ્રની પ્રતિમાનું દાન કરવું જોઈએ.

જેમાં ૧૨ રેખા હોય એ મહિનામાં પાણીમાં ડૂબીને મરવાનો ભય રહે છે એટલે એના નિવારણ માટે સમૃદ્ધ જમીનનું દાન કરવું જોઈએ.

જેમાં ૧૩ રેખા હોય એ માસમાં વ્યાઘ્ર આદિ હિંસક જંતુથી મૃત્યુભય થાય છે. એટલે શાલિગ્રામ વિષ્ણુની પ્રતિમાનું દાન કરવું. જોઈએ.

જેમાં ૧૪ રેખા હોય એ માસમાં પણ મૃત્યુનો ભય રહે છે. એટલે સોનાની વરાહમૂર્તિ બનાવીને દાન કરવું.

જેમાં ૧૫ રેખા હોય એ માસમાં રાજ્યભય થાય છે. એટલે એની શાન્તિ માટે ગજદાન કરવું જોઈએ.

જેમાં ૧૬ રેખા હોય એ માસમાં અનિષ્ટનો ભય થાય છે. એના નિવારણ માટે સોનાનું કલ્પવૃક્ષ બનાવીને દાન કરવું જોઈએ.

જેમાં ૧૭ રેખા હોય એ માસમાં રોગનો ભય થાય છે. એની શાન્તિ માટે ગોદાન અને ગોળનું દાન કરવું.

જેમાં ૧૮ રેખા હોય એ માસમાં કલહનો ભય થાય છે. એટલે ગોદાન, રત્નદાન, ભૂમિ અને સુવર્ણનું દાન કરવું જોઈએ.

જેમાં ૧૯ રેખા હોય એવા માસમાં પ્રવાસ થાય છે. એટલે ફળ દેવતાનું પૂજન આદિ શાન્તિ કરવી જોઈએ.

જેમાં ૨૦ રેખા હોય એવા માસમાં બુદ્ધિનો નાશ થાય છે, એટલે સરસ્વતીની પૂજા કરવી જોઈએ.

જેમાં ૨૧ રેખા હોય એવા માસમાં રોગની પીડા થાય છે, એટલે અન્નરાશિનું દાન કરવું.

જેમાં ૨૨ રેખા હોય એવા માસમાં બંધુઓને પીડા થાય છે એની શાન્તિ માટે અરીસાનું દાન કરવું.

જેમાં ૨૩ રેખા હોય એવા માસમાં પોતાને જ કષ્ટ થાય છે. એટલે સાત તોલા સોનાની બનાવેલી સૂર્યની પ્રતિમાનું દાન કરવું.

જેમાં ૨૪ રેખા હોય એ માસમાં બંધુઓનું મૃત્યુ થાય છે. એટલે એમની શાન્તિ માટે ૧૦ ગાયોનું દાન કરવું જોઈએ.

જેમાં ૨૫ રેખા હોય એ માસમાં બુદ્ધિની હાનિ થાય છે. એટલે એની શાન્તિ માટે સુવર્ણદાન કરવું જોઈએ.

જેમાં ૨૬ રેખા હોય એ માસમાં ધનની હાનિ થાય છે. એટલે એની શાન્તિ માટે સુવર્ણ દાન કરવું જોઈએ.

જેમાં ૨૭ રેખા હોય એ માસમાં ધનની હાનિ થાય છે. એની શાન્તિ માટે શ્રીસૂક્તનો જપ કરવો જોઈએ.

જેમાં ૨૮ રેખા હોય એ માસમાં સર્વાંશમાં હાનિ થાય છે. એટલે સૂર્યનો હોમ કરવો જોઈએ.

જેમાં ૨૯ રેખા હોય એ માસમાં વિવિધ પ્રકારની ચિન્તાથી વ્યાકુળતા થાય છે. એટલે ઘી, વસ્ત્ર અને સુવર્ણનું દાન કરવું જોઈએ.

જેમાં ૩૦ રેખા એ માસમાં ધનધાન્યની પૂર્ણ પ્રાપ્તિ થાય છે. (૧૧-૨૮)

૩૦ થી અધિક રેખાઓનાં શુભફળ

જે રાશિમાં ૩૦ થી અધિક રેખા હોય તો એ રાશિના સંવત્સર, અને માસ અને નક્ષત્રમાં ધન, પુત્ર તથા અનેક સુખની

વૃદ્ધિ થાય છે. જો ૪૦ થી અધિક રેખા હોય તો ધન, પુત્ર આદિની સાથે પુણ્ય, પ્રતિષ્ઠા અને સંપત્તિની વૃદ્ધિ થાય છે. (૨૯)

અષ્ટવર્ગ પ્રશંસા

જે રાશિ અષ્ટવર્ગથી શુદ્ધ હોય તે સર્વ કાર્યોમાં શુદ્ધ-શુભદાયક સમજવામાં આવે છે. એટલા માટે સર્વ કાર્યો માટે અષ્ટક વર્ગની શુદ્ધિ જોવી જોઈએ. જે રાશિ અષ્ટવર્ગથી શુદ્ધ નથી એની જ ગોચર શુદ્ધિ જોવી. જે રાશિ અષ્ટક વર્ગથી શુદ્ધ હોય એને માટે ગોચર શુદ્ધિનો વિચાર કરવાની આવશ્યકતા નથી. કારણ કે અષ્ટવર્ગની શુદ્ધિ પ્રબળ હોય છે અને તેથી અષ્ટવર્ગની શુદ્ધિ થવાથી ગોચર નિષ્ફળ જાય છે.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં સમુદાય અષ્ટક વર્ગનાં ફળ વિશે વિચાર નામનો બોતેરમો અધ્યાય સંપૂર્ણ.

★

અધ્યાય : ૭૩

રશ્મિફલ

પરાશર બોલ્યા :

હે વિપ્ર, હવે હું ગ્રહોની રશ્મિસંખ્યા કહું છું. સૂર્યાદિ ગ્રહ પોતપોતાના પરમ ઉચ્ચ ભાગમાં હોય તો ક્રમશ: ૧૦-૯-૫-૫-૭-૮-૫ રશ્મિસંખ્યા થાય છે. તથા પરમ નીચ ભાગમાં હોય તો શૂન્યરશ્મિ થાય છે. એટલે મધ્યમાં અનુપાત દ્વારા રશ્મિનું સ્થાન કરવું જોઈએ. અનુપાત કહે છે કે જે ગ્રહની રશ્મિસંખ્યા જાણવી હોય એ ગ્રહના રાશિ આદિમાં એ જ ગ્રહની નીચ રાશિ આદિ બાદ કરીને શેષ જો છ રાશિથી અલ્પ હોય તો એને જ, જો અધિક હોય તો એને ૧૨ રાશિમાં બાદ કરી શેષને પોતાની ઉચ્ચસ્થ કથિત રશ્મિ સંખ્યાથી ગુણીને ૬ વડે ભાગવાથી ભાગાકારમાં રશ્મિસંખ્યા આવે છે. (૧-૨)

સાધિત રશ્મિઓના વિશેષ સંસ્કાર

હે મૈત્રેય, અન્ય આચાર્યોએ આવી રીતે સાધિત રશ્મિઓમાં વિશેષ સંસ્કાર પણ કહ્યા છે. જો ગ્રહ પોતાની ઉચ્ચ રાશિમાં હોય તો ઉક્ત વિધિથી સાધિત રશ્મિસંખ્યાથી ત્રણ ગણા કરવા. જો પોતાના મૂળત્રિકોણમાં હોય તો બમણા કરવા. પોતાની રાશિમાં હોય તો ત્રણ ગણા કરી બે વડે ભાગવા. અધિમિત્રના ગૃહમાં હોય તો

ચારથી ગુણીને ત્રણથી ભાગવા. મિત્રના ગૃહમાં હોય તો છથી ગુણીને ૫ વડે ભાગવા. શત્રુના ગૃહમાં હોય તો સાધિત રશ્મિઓના અર્ધા કરવા. અધિશત્રુના ઘરમાં હોય તો બમણા કરી પાંચથી ભાગવા તથા સમના ઘરમાં હોય તો યથાગત રશ્મિ ગ્રહણ કરવા. (૨-૭)

રશ્મિ અનુસાર ફળ

૧ થી ૫ સુધી રશ્મિયોગ હોય તો જન્મનાર ઉત્તમ કુળમાં જન્મ લેવા છતાં પણ દરિદ્ર અને દુઃખી થાય છે. (૮)

જેના રશ્મિયોગ ૬ થી ૧૦ સુધી હોય તે પણ નિર્ધન, ભારવાહક અને સ્ત્રી, પુત્ર વગરનો થાય છે. (૯)

રશ્મિયોગ ૧૧ હોય તો સ્વલ્પ ધન અને સ્વલ્પ સંતાનવાળો થાય. ૧૨ રશ્મિમાં પણ ઓછા ધનવાળો, મૂર્ખ અને ધૂર્ત થાય છે. ૧૩ રશ્મિમાં ચોર થાય છે, ૧૪ રશ્મિ હોય તો ધનવાન કુટુંબનું પાલન કરનાર, કુળને યોગ્ય કર્મ કરનાર તથા વિદ્વાન થાય છે. ૧૫ રશ્મિમાં બધી વિદ્યા, ગુણ તથા ધનયુક્ત થાય છે. તથા કુળમાં આગેવાન થાય છે. આમ ભગવાન બ્રહ્માએ કહ્યું છે. ૧૬ રશ્મિ હોય તો કુળમાં શ્રેષ્ઠ, ૧૭ રશ્મિ હોય તો અનેક નોકરો ધરાવનાર, ૧૮ રશ્મિ હોય તો મોટા કુટુંબવાળો, ૧૯ રશ્મિ હોય તો વિખ્યાત કીર્તિવાળો અને ૨૦ રશ્મિમાં અનેક સ્વજનોવાળા થાય છે. (૧૦-૧૩)

૨૧ રશ્મિ હોય તો જન્મનાર દસ મનુષ્યનો પાલક થાય છે. ૨૨ રશ્મિ હોય તો દાનશીલ અને દયાળુ થાય છે. ૨૩ રશ્મિ હોય સુશીલ અને સુખી થાય છે. (૧૪-૧૫)

એના ઉપર ૨૪ થી ૩૦ રશ્મિ સુધી) ધનવાન, બળવાન, રાજાનો પ્રિય, તેજસ્વી અને અનેક માનવીઓનો સંબંધ ધરાવનાર થાય છે. (૧૬)

૩૧ થી ૪૦ સુધી રશ્મિ સંખ્યા હોય તો ક્રમથી ૧૦૦ થી ૧૦૦૦ મનુષ્યનો પોષક થાય છે (૧૭)

૪૧ થી ૫૦ સુધી રશ્મિ સંખ્યા હોય તો ચક્રવર્તી રાજા થાય છે. ૫૧ થી વધુ રશ્મિ સંખ્યા હોય તે ચક્રવર્તી રાજા થાય છે. (૧૮)

આવી રીતે જન્મ સમયના ગ્રહોની રશ્મિ સંખ્યાથી જાતકનાં કુળ અનુસાર તારતમ્યથી ફળ કહેવું જોઈએ. (૧૯)

૫૦ થી અધિક કિરણની સંખ્યા હોય તો ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન ચક્રવર્તી થાય છે તેમ વૈશ્ય કુળમાં જન્મનાર રાજા, બ્રાહ્મણનાં કુળમાં જન્મનાર વિદ્વાન તથા યજ્ઞો કરનાર અને શૂદ્રના કુળમાં જન્મનાર ધનવાન થાય છે. (૨૦)

વિશેષ ફળ

ઉચ્ચ અભિમુખ ગ્રહોના કિરણો અનુસાર પૂર્ણ ફળ મળે છે તથા નીચ અભિમુખ ગ્રહોના કિરણ અનુસાર કહેવામાં આવેલા ફળથી કંઈક ન્યૂન હોય છે. (૨૧)

સર્વ ગ્રહોનું શુભ કે અશુભ ફળ રશ્મિની સંખ્યા અનુસાર જ હોય છે. રશ્મિજ્ઞાન વગર વાસ્તવિક ફળ સમજવામાં આવી શકતું નથી. એટલે રશ્મિજ્ઞાન મેળવીને જ ફળાદેશ કરવું જોઈએ.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં રશ્મિફલ વિશે વિચાર નામનો તેતેરમો અધ્યાય સંપૂર્ણ.

卐

અધ્યાય : ૭૪

સુદર્શનચક્ર ફળ

પરાશર બોલ્યા :

હે વિપ્ર, હવે હું તમને પરમ ગુપ્ત રાખવા લાયક, સર્વોત્તમ જ્ઞાન આપું છું. આ જ્ઞાન સંસાર પર ઉપકાર કરવા સ્વયં બ્રહ્માજીએ કહેલું છે. આ સુદર્શન નામનું ચક્ર છે. જેના દ્વારા જ્યોતિષીઓ મનુષ્યના જન્મથી મરણ સુધીના દર વર્ષ, દર માસ, દર દિન સંબંધી શુભ કે અશુભ ફળને સમજી શકે છે. તે તમે સાવધાન મનથી સાંભળો. (૧-૩)

સુદર્શન ચક્રનું સ્વરૂપ

હે વિપ્ર, એક બિન્દુ પરથી ત્રણ વર્તુળ બનાવવા અને કેન્દ્રથી તુલ્ય વિભાગથી ૧૨ રેખાઓ કરવામાં આવે તો સુદર્શન નામનું ચક્ર થાય છે. (૪)

આ સુદર્શન ચક્રમાં પ્રથમ વર્તુલની અંદરના બાર ખાનામાં લગ્નાદિ બાર સ્થાન ગ્રહ સહિત અને એના ઉપરના વર્તુલમાં ચન્દ્રાશ્રિત રાશિથી ૧૨ સ્થાન ગ્રહો સહિત તથા ઉપરવાળા ત્રીજા વર્તુલમાં સૂર્યાશ્રિત રાશિથી ૧૨ સ્થાન ગ્રહો સહિત લખો. આવી રીતે આ ચક્રના એકએક સ્થાનમાં ત્રણ ત્રણ રાશિઓ થાય છે. (૫-૬)

ચક્રની વિશેષતા

આ ચક્રમાં લગ્ન, ચન્દ્ર અને સૂર્ય એ ત્રણ પહેલા સ્થાનમાં આવે છે. એને જ તનુભાવ માનીને એના પછી ક્રમથી ધન, સહજ ઇત્યાદિ બાર સ્થાન સમજવાં. પછી પ્રત્યેક સ્થાનમાં ગ્રહોની સ્થિતિથી ફળનો વિચાર કરવો. આ સુદર્શનમાં લગ્ન (તનુ) ભાવમાં સૂર્ય, શુભ અને અન્ય સ્થાનમાં પાપ સમજવામાં આવે છે અને પાપગ્રહ પણ જો પોતાના ઉચ્ચ કે સ્વરાશિમાં હોય તો તે અશુભ ફળ આપે નહીં. આવી રીતે ગ્રહોના શુભ અને અશુભ સમજી સ્થાનોમાં ગ્રહોના યોગ તથા દૃષ્ટિ અનુસાર ફળ કહેવું (૭–૯)

જે સ્થાન પોતાના સ્વામી અથવા શુભ ગ્રહની સાથે હોય એ ભાવની વૃદ્ધિ અને જે સ્થાનમાં પાપગ્રહની દૃષ્ટિ હોય કે તેની સાથે હોય તો એ ભાવની હાનિ થાય છે. (૧૦)

જે સ્થાનમાં ગ્રહ હોય એ સ્થાનનું ફળ પણ એ જ ગ્રહ અનુસાર સમજવું. જો સ્થાનમાં ગ્રહ ન હોય તો એ ભાવ પર જે ગ્રહની દૃષ્ટિ હોય તે અનુસાર ફળ કહેવું.જેમાં માત્ર શુભ ગ્રહના યોગ હોય એ ભાવનાં ફળ શુભ તથા જેમાં માત્ર પાપગ્રહોનો યોગ હોય એ ભાવનું ફળ અશુભ થઈ જાય છે. આવી રીતે દૃષ્ટિથી પણ ફળ સમજવાં જોઈએ. આમ યોગ અને દૃષ્ટિ જોઈ તારતમ્ય કાઢી ફળ કહેવાં. (૧૧–૧૩)

જે ભાવમાં કોઈ ગ્રહ ન હોય કે કોઈ ગ્રહની દૃષ્ટિ પણ ન હોય તો એ ભાવની રાશિના સ્વામી અનુસાર ફળ સમજવાં જોઈએ. (૧૪)

શુભ અશુભ ગ્રહનાં વિશેષ લક્ષણો કહેવામાં આવે છે. સ્વાભાવિક શુભ ગ્રહ પણ જો અધિક પાપવર્ગ–સપ્તવર્ગમાં પડે તો એનું

શુભત્વ નષ્ટ થાય છે તથા પાપગ્રહ પણ જો અધિક શુભ વર્ગમાં પડે તો તે શુભપ્રદ થાય છે. પોતાની રાશિ, પોતાના ઉચ્ચ અને શુભગ્રહના વર્ગ શુભ થાય છે અને પાપગ્રહ, શત્રુ અને નીચ રાશિના વર્ગ અશુભ કહેવાય છે. (૧૫–૧૬)

હે વિપ્ર, આવી રીતે સર્વ ગ્રહોના તથા સર્વ ભાવોના શુભત્વ અને અશુભત્વનો વિચાર કરીને એનું ફળ કહેવું જોઈએ. (૧૭)

મૈત્રેય બોલ્યા :

જો સુદર્શન ચક્રથી જ જાતકના સર્વ સ્થાનોનાં ફળ સમજવામાં આવે છે તો અન્ય સર્વ મહર્ષિ લગ્નકુંડળીથી જ શા માટે ફલાદેશ કહે છે. મારા મનમાં ઉત્પન્ન થયેલો આ સંશય આપ દૂર કરો. (૧૮)

પરાશર બોલ્યા :

હે મૈત્રેય, જો સૂર્ય અને ચંદ્ર પૃથક્ પૃથક્ રાશિમાં થઈને લગ્નથી ભિન્ન રાશિમાં હોય ત્યારે જ સુદર્શન ચક્રથી ફળ કહેવું. જો આ ત્રણેય (લગ્ન, સૂર્ય, ચન્દ્ર)માં બે કે ત્રણ એક રાશિમાં હોય તો લગ્ન ચક્રથી જ ફળ કહેવું જોઈએ (૧૯–૨૦)

હે વિપ્ર, હવે હું માત્ર આ સુદર્શન ચક્રથી બાર સ્થાનની દશા, અંતર્દશાવશ પ્રતિવર્ષ અને માસાદિ ફળ કહું છું. તનુ આદિ સ્થાનોમાં પ્રત્યેક ભાવમાં ૧, ૧ વર્ષ દશામાનની કલ્પના કરીને તથા એ જ સ્થાનને વર્ષલગ્ન માની ત્યાંથી પછી તનુ આદિ ભાવની કલ્પના કરીને અગાઉ કહેલ વિધિથી ભાવોના ફળ એ વર્ષમાં સમજવા. ફરી દરવર્ષે ૧, ૧ રાશિની એક માસ અંતર્દશાની કલ્પના કરી એ રાશિથી શરૂ કરી ૧૨ રાશિના ક્રમથી તે તે માસમાં લગ્નની કલ્પના કરીને બાર ભાવોના જે ફળ હોય તે તે માસમાં સમજવા. (૨૧–૨૩)

ફલકથનનો પ્રકાર

આ પ્રમાણે દશાના આરંભના સમયમાં લગ્નથી જો ૧-૪-૭-૧૦-૫-૯-૮માં શુભ ગ્રહ હોય તો તે તે વર્ષ, માસ, આદિમાં શુભ ફળ સમજવાં. પરંતુ જે ભાવમાં માત્ર રાહુ (કે કેતુ) હોય એ ભાવની હાનિ થાય છે. જેમાં અધિક પાપગ્રહ હોય એ ભાવની હાનિ સમજવી. ૧૨-૬ ભાવ સિવાયના ભાવમાં શુભ ગ્રહ હોય તો તે તે ભાવનું ફળ શુભ સમજવું. આવી રીતે જન્મ કાળથી પ્રતિવર્ષ માસાદિ ભાવોનું ફળ સમજવું. આવી રીતે પરમ આયુષ્યમાં (૧૨૦) ૧૦ આવૃત્તિ કરીને લગ્નાદિ બાર ભાવોની દશા અંતર્દશા વિચારવી. (૨૪-૨૬)

ફલ નિર્ણય

આ પ્રમાણે સુદર્શન ચક્ર પરથી વર્ષ, માસ આદિનું ફળ જાણીને તે પ્રમાણે અષ્ટવર્ગમાંથી ફળનો નિર્ણય કરવો. બંને સંપૂર્ણ સમત્વમાં હોય તે ફળ કહેવું અને વિષમત્વ હોય ત્યાં ફળ બળના ક્રમ પ્રમાણે કહેવું. (૨૭-૨૮)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં સુદર્શન ચક્રનાં ફલ વિશે વિચાર નામનો ચુમોતેરમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૭૫

પંચમહાપુરુષ લક્ષણ

પરાશર બોલ્યા :

હવે હું પંચ મહાપુરુષોનાં લક્ષણ કહું છું. મંગળ આદિ ગ્રહ જ્યારે બળવાન થઈ પોતાના ઉચ્ચ કે પોતાના ગૃહ કે કેન્દ્રમાં હોય તો જન્મનાર ક્રમશઃ રુચક, ભદ્ર, હંસ, માલવ્ય અને શશ સંજ્ઞાથી ઓળખાતો મહાપુરુષ થાય છે.

રુચકનાં લક્ષણ

રુચક પુરુષનું મુખ લાંબુ, પરમ ઉત્સાહી, સ્વચ્છ કાન્તિ, મહા બળવાન, સુંદર ભ્રૂકુટિ, નીલકેશ, સરસ રુચિવાળો, રણપ્રિય, રક્ત અને શ્યામ વર્ણવાળો, દુશ્મનનો નાશ કરનાર, મંત્ર જાણનાર ચોરોનો નાયક, ક્રૂર, મનુષ્યોનો ઉપરી, દુર્બળ જંઘાવાળો, બ્રાહ્મણને પૂજનાર, હાથમાં વીણાવાળો, વજ્ર, ધનુષ્ય, પાશ, વૃષભના ચિહ્ન અને ચક્ર રેખાવાળો, ગુપ્ત વિચાર ધરાવનાર તથા મારણ, મોહન આદિમાં ચતુર હોય છે. લંબાઈમાં સો આંગળ, મુખની લંબાઈ બરાબર, મધ્ય કટિભાગવાળો તથા વજનમાં એક હજાર તુલા બરાબર થાય છે. તે વિન્ધ્ય અને સહ્યાદ્રિ પર્વતનો શાસક થઈને ૯૦

વર્ષના આયુષ્યમાં શસ્ત્ર કે અગ્નિથી હણાઈ સ્વર્ગમાં થાય છે. (૩-૬)

ભદ્ર પુરુષનાં લક્ષણ

ભદ્ર પુરુષ સિંહ સમાન પ્રતિભાશાળી, ઉચ્ચ વક્ષસ્થળવાળો, હાથી જેવી ચાલવાળો, સ્થૂળ અને લાંબા હાથવાળો, પંડિત, ચતુરસ્ર, યોગની ક્રિયાઓ જાણનાર, સત્ત્વગુણી, સુંદર પગવાળો, સુંદર દાઢી-મૂછવાળો, ભોગી, શંખ, ચક્ર, ગદા, તીર, હાથી, ધ્વજા, હળ-આ રેખાઓથી અંકિત હાથવાળો અને પગવાળો, સુંદર નાસિકાવાળો, શાસ્ત્ર જાણનાર, કાળા અને વાંકડીયા વાળથી શોભાવાળો, સર્વ કાર્યોમાં સ્વતંત્ર, પોતાના પરિવારનું પાલન કરનાર, મિત્રાદિ જનને પોતાના ધનનો ઉપભોગ કરવા દેનાર તે વજનમાં પૂર્ણ ભાર-વજન ધરાવે છે. સ્ત્રી, પુત્ર આદિ સાથે કુશળ તે મધ્યદેશનો પાલક થઈને સો વર્ષ જીવે છે. (૮-૧૨)

હંસ પુરુષનાં લક્ષણ

હંસ પુરુષને હંસ સમાન સ્વર (શબ્દ) સુંદર મુખ અને ઉન્નત નાસિકા, કફ પ્રકૃતિ, મધ સમાન ભૂખરા નેત્રવાળો, લાલ નખ, તીક્ષ્ણ બુદ્ધિ, મોટા કપાળ, ગોળ મસ્તક, સુંદર પગવાળો અને રાજા થાય છે. એના હાથ અને પગમાં મત્સ્ય, અંકુશ, ધનુષ, શંખ કમળ તથા ખટવાંગ સમાન રેખાઓના ચિહ્ન હોય છે. તે કામી તથા સ્ત્રીઓથી અતૃપ્ત હોય છે. તે લંબાઈમાં ૯૬ અંગુલ લાંબો, જળક્રીડાનો પ્રેમી હોય છે. સુખપૂર્વક ગંગા અને યમુનાની વચમાંના દેશનો પાલક થઈને સો વર્ષ બાદ વનમાં શરીરનો ત્યાગ કરે છે. (૧૪-૧૬)

માલવ્ય પુરુષનાં લક્ષણ

માલવ્ય પુરુષ-સુંદર હોઠ, પાતળી કેડવાળો, ચન્દ્ર સમાન સુંદર

કાન્તિ, શરીરમાં સુગંધવાળો સામાન્ય રક્તવર્ણ, મધ્યમ કદ, સુંદર અને સ્વચ્છ દાંત, હાથી સમાન સ્વર, ઘૂંટણ સુધી હાથ (આજાનબાહુ), એનું મુખ લંબાઈમાં ૧૩ અને વિસ્તારમાં દસ આંગળ હોય છે. તે સત્તર વર્ષ સુધી સિન્ધુ અને માલવ દેશનું સુખપૂર્વક પાલન કરી પછી દેવલોકમાં જાય છે. (૧૭-૧૮)

શશ પુરુષનાં લક્ષણ

નાના દાંત અને નાનું મુખ પણ શરીર નાનું હોતું નથી. તે શૂરવીર, પાતળી કમર, સુંદર જાંઘ, બુદ્ધિમાન, વન અને પર્વત પર વિહાર કરનાર, શત્રુના છિદ્રો જાણનાર, સેનાનાયક, કંર્કક ઊંચા, દાંતવાળો, ચંચળ, ધાતુવાદી, સ્ત્રીમાં આસક્ત, બીજા પાસેથી ધન મેળવનાર હોય છે. એના હાથ અને પગમાં માળા, વીણા, મૃદંગ અને શસ્ત્ર સમાન રેખાનાં ચિહ્ન હોય છે. તે પૃથ્વીના અનેક ભાગમાં સીત્તેર વર્ષ સુધી સુખપૂર્વક રાજ્ય કરીને અન્તમાં દેવલોકમાં જાય છે. (૭૫)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં પંચ મહાપુરુષનાં લક્ષણ વિશે વિચાર નામનો પચોતેરમો અધ્યાય સંપૂર્ણ.

卐

અધ્યાય : ૭૬

પંચમહાભૂત ફળ

હવે હું આકાશાદિ પંચ મહાભૂત સંબંધી છાયા (કાન્તિ) જ્ઞાન કહું છું જેના વડે જ્યોતિષીઓ વર્તમાન દશાને સમજે છે. (૧)

અગ્નિ, ભૂમિ, આકાશ, જળ અને વાયુના સ્વામી ક્રમશઃ મંગળ આદિ પાંચ ગ્રહ હોય છે. જે ગ્રહ બળવાન હોય છે તે ગ્રહ સંબંધી મહાભૂતનાં ફળ સમજવાં જોઈએ. (૨)

હે ઉત્તમ વિપ્ર, જેના જન્મકાળ કે ગોચરાદિમાં મંગળ બળવાન હોય તે અગ્નિ પ્રકૃતિવાળો, બુધ બળવાન હોય તો ભૂમિના સ્વભાવવાળો, ગુરુ બળવાન હોય તો આકાશના સ્વભાવવાળો, શુક્ર બળવાન હોય તો જળના સ્વભાવવાળો અને શનિ બળવાન હોય તો વાત પ્રકૃતિવાળો થાય છે. જો અધિક ગ્રહ બળવાન હોય તો તે મિશ્ર સ્વભાવવાળો થાય છે. (૩–૪)

સૂર્ય બળવાન હોય તો વહ્નિ સ્વભાવ અને ચન્દ્ર બળવાન હોય તો જળ સ્વભાવવાળો થાય છે. બધા ગ્રહ પોતપોતાની દશામાં પોતપોતાના મહાભૂત સંબંધિની છાયા (શરીરકાન્તિ) ને પ્રગટ કરે છે. (૫)

વહ્નિ સ્વભાવના પુરુષનાં લક્ષણ

વહ્નિ સ્વભાવવાળો પુરુષ ક્ષુધાથી પીડિત, ચંચળ, વીર, દુર્બળ, શરીરવાળો, વિદ્વાન, ખૂબ ખાનાર, તીક્ષ્ણ, ગૌર વર્ણવાળો અને અભિમાની થાય છે.(૬)

ભૂમિ સ્વભાવ પુરુષનાં લક્ષણ

પૃથ્વી તત્ત્વવાળો પુરુષ, કપૂર, અને કમળ સદશ સુગંધવાળા, ભોગી, સ્થિર સુખવાળો, બળવાન, ક્ષમા કરનાર અને સિંહ સમાન ગંભીર શબ્દવાળો હોય છે. (૭)

આકાશ સ્વભાવ પુરુષનાં લક્ષણ

આકાશ તત્ત્વવાળો પુરુષ શબ્દાર્થ જાણનાર, નીતિનિપુણ, પ્રતિભાવાન, જ્ઞાની, ગોળાકાર મુખવાળો, લાંબો હોય છે. (૮)

જલ સ્વભાવ પુરુષનાં લક્ષણો

જલ તત્ત્વવાળો પુરુષ કાન્તિમાન, ભાર સહન કરનાર, પ્રિયભાષી રાજા, અનેક મિત્રોવાળો અને વિદ્વાન થાય છે. (૯)

વાયુ સ્વભાવ પુરુષનાં લક્ષણ

વાયુ તત્ત્વવાળો મનુષ્ય દાની, ક્રોધી, ગૌર વર્ણવાળો, ભ્રમણશીલ શત્રુને જીતનાર, રાજા અને દુર્બળ, શરીરવાળો થાય છે. (૧૦)

અગ્નિ તત્ત્વની છાયા

જ્યારે વહ્નિતત્ત્વનો ઉદય થાય છે ત્યારે શરીરમાં સુવર્ણ સમાન કાન્તિ, દૃષ્ટિમાં પ્રસન્નતા, સર્વ કાર્યોમાં સિદ્ધિ, શત્રુઓ પર વિજય અને ધનનો લાભ થાય છે. (૧૧)

ભૂમિ તત્ત્વની છાયા

જ્યારે ભૂમિ તત્ત્વનો ઉદય થાય છે. (ભુવની પ્રબળતા) ત્યારે શરીરમાં વિવિધ પ્રકારની સુગન્ધી તથા નખ, કેશ, દાંત સર્વ સ્નિગ્ધ-સ્વચ્છ હોય છે અને ધર્મ, ધન અને સુખનો લાભ થાય છે. (૧૨)

આકાશ છાયાનાં લક્ષણ

જ્યારે આકાશ તત્ત્વનો ઉદય થાય છે (ગુરુનું પ્રાબલ્ય) રહે છે ત્યારે મનુષ્યને બોલવામાં ચાતુર્ય તથા ગીત આદિ સુશબ્દનાં લક્ષણથી સુખનો લાભ થાય છે. (૧૩)

જલ છાયાનાં લક્ષણ

જ્યારે જલ તત્ત્વનો ઉદય (શુક્ર કે ચન્દ્રની પ્રબળતા) થાય છે ત્યારે શરીરમાં કોમળતા, સ્વસ્થતા અને અનેક પ્રકારના સ્વાદિષ્ટ ભોજન મળવાથી સુખલાભ થાય છે. (૧૪)

વાયુ તત્ત્વની છાયાનાં લક્ષણ

જ્યારે વાયુ તત્ત્વનો ઉદય (શનિની પ્રબળતા) થાય છે ત્યારે શરીરમાં મલિનતા, મૂઢતા, દરિદ્રતા, વાતરોગ અને શોક સંતાપ થાય છે. (૧૫)

હે દ્વિજ, આવી રીતે મહાભૂત (પાંચ તત્ત્વોનું) જે ફળ કહેવામાં આવ્યું છે તે મંગળાદિ ગ્રહ સબળ હોય ત્યારે પૂર્ણ રૂપે સમજવું જોઈએ. નિર્બલ હોય તો ફળ પણ અલ્પ બળ અનુસાર સમજવું જોઈએ. (૧૬)

ગ્રહ જો નીચ, શત્રુ રાશિ આદિ દુષ્ટ સ્થાનમાં હોય તો વિપરીત ફલ સમજવું જોઈએ. તથા જે ગ્રહ બલહીન હોય એનું ફળ સ્વપ્ન કે માનસિક ચિન્તા (કલ્પના)માં પ્રાપ્ત થાય છે. (૧૭)

જેના જન્મસમય અજ્ઞાત હોય એનું ઉપરોકત ફળ મળે ત્યારે વર્તમાન ગ્રહની દશા સમજવી અને દુષ્ટ ફળની શાન્તિ માટે ઉકત ગ્રહની આરાધના કરવી જોઈએ. (૧૮)

'બૃહત્ પારાશર હોરાશાસ્ત્ર'માં પંચતત્ત્વનાં ફલ વિશે વિચાર નામનો છોતેરમો અધ્યાય સંપૂર્ણ ✠

અધ્યાય : ૭૭

સત્ત્વાદિ ગુણ ફલ

પરાશર બોલ્યા :

હે વિપ્ર જ્યારે સત્ત્વ ગુણ અધિક વરાવતા ગ્રહોની પ્રબળતા થાય ત્યારે એ સમયે જન્મેલ પ્રાણી સત્ત્વગુણી અને સદ્બુદ્ધિ ધરાવનાર થાય છે. રજોગુણાધિક સમયમાં રજોગુણી અને બુદ્ધિમાન થાય છે. તમોગુણાધિક સમયમાં જન્મનાર તમોગુણી અને બુદ્ધિહીન થાય છે. મિશ્ર ગુણના સમયમાં જન્મનાર મિશ્રગુણી થાય છે. આ ક્રમથી ઉત્તમ, મધ્યમ, અધમ અને ઉદાસીન થાય છે. આવી રીતે સંસારમાં ચાર પ્રકારના પ્રાણી ઉત્પન્ન થાય છે. નારદાદિ મુનિઓએ એમનાં જે ગુણો કહ્યા છે તે હું કહું છું. (૧-૪)

ઉત્તમ પુરુષનાં લક્ષણ

ઇન્દ્રિય અને મનનો સંયમ, તપસ્યા શૌચ, ક્ષમા, સરલતા સત્યવાદિતા અને સંતોષ એ ઉત્તમ પુરુષના સ્વભાવસિદ્ધ ગુણો છે. (૫)

મધ્યમ પુરુષનાં લક્ષણ

શૂરતા, પ્રતાપ, ધૈર્ય, ચાતુર્ય, લડાઈમાં પીછેહઠ ન કરવી તથા સજ્જનોની રક્ષા કરવી તે રજોગુણાધિક-મધ્યમ પુરુષનાં લક્ષણ છે. (૬)

અધમ પુરુષનાં લક્ષણ

લોભ, મિથ્યા ભાષણ, મૂર્ખતા, આળસ અને સેવા કાર્યમાં પટુતા એ અધમ પુરુષના સ્વભાવસિદ્ધ ગુણો છે (૭)

ઉદાસીન પુરુષના ગુણ

કૃષિકર્મ, વાણિજ્ય અને પશુઓની રક્ષામાં પટુતા તથા સત્ય અને અસત્ય બોલવું એ ઉદાસીન પુરુષોના ગુણો છે. (૮)

હે ઉત્તમ વિપ્ર, આ લક્ષણો જોઈને જ ઉત્તમ, મધ્યમ, અધમ અને ઉદાસીન એમ પુરુષોને ઓળખવા અને તેમને તેમના યોગ્ય કાર્યે લગાડવા. (૯)

સત્ત્વ, રજોગુણ, તમોગુણ એ ત્રણેયમાં જે ગુણ બાકીના બે ગુણો કરતાં પ્રબળ હોય એની અધિકતા સમજવામાં આવે છે. અન્યથા ગુણસામ્ય સમજવામાં આવે છે. (૧૦)

ગુણ જ્ઞાનનું પ્રયોજન

માલિક અને નોકરમાં અને સ્ત્રી અને પુરુષમાં જો સમાન ગુણ હોય તો જ નિશ્ચલ પ્રીતિ થાય છે. (૧૧)

ઉપરોક્ત ચાર પ્રકારના મનુષ્યોમાં જો અધમને ઉદાસીન, ઉદાસીનને મધ્યમ, મધ્યમને ઉત્તમ જનનો આશ્રય મળે તો પણ પરસ્પર પ્રેમ અને સુખ થાય છે. (૧૨)

એટલા માટે જો વરથી કન્યા અને માલિકથી નોકર જો ગુણોમાં કમ હોય તો ત્યાં પરસ્પર પ્રેમ અને સુખ થાય છે. અન્યથા સર્વથા હાનિ થાય છે. (૧૩)

વીર્ય (પિતા), ક્ષેત્ર (માતા), જન્મનો સમય અને સંગતિ (સંસર્ગજન્ય સંસ્કાર) એ ઉત્તમ આદિ ગુણોના હેતુ છે. એમાં ઉત્તરોત્તર હેતુ બળવાન થાય છે. (૧૪)

એટલા માટે જન્મના સમયમાં જે ગુણ (સત્ત્વ, રજોગુણ,

તમોગુણ) જે હોય તે જન્મનારમાં પણ આવે છે. એટલે જન્મકાળની પરીક્ષા કરીને જ ફલાદેશ કહેવું. (૧૫)

સર્વ લોકનો ઈશ્વર, અવિનાશી, વ્યાપક ભગવાન કાળ જ સમસ્ત ચરાચરનું ઉત્પાદન, પાલન અને સંહાર કરનાર છે. (૧૬)

એ કાળ ભગવાનની ત્રિગુણાત્મિકા શક્તિ જ પ્રકૃતિ કહેવાય છે. એમાં વિભાજિત ભગવાન અવ્યક્ત કાળ પણ વ્યક્તરૂપ હોય છે. (૧૭)

આ વ્યક્ત સ્વરૂપ ભગવાન કાળના પોતાની પ્રકૃતિના ગુણો અનુસાર ઉત્તમ, મધ્યમ ઉદાસીન અને અધમ એમ ચાર પ્રકારના અવયવો હોય છે. (૧૮)

કાળ ભગવાનના ઉત્તમ અંગમાં ઉત્તમ જીવ (ચર–અચર) મધ્યમ અંગમાં મધ્યમ, અંગમાં ઉદાસીન ઉદાસીન અને અધમ અંગમાં અધમ જીવની ઉત્પત્તિ થાય છે. (૧૯)

કાળ ભગવાનનું ઉત્તમ અંગ મસ્તક, મધ્યમ અંગ બે હાથ સહિત છાતી, ઉદાસીન અંગ જાંઘા અને અધમાંગ બે પગ કહેવાય છે. (૨૦)

આ પ્રકારે ગુણો અનુસાર કાળના ભેદ અને કાળ અનુસાર જ ચર અને અચર જાતિભેદ થાય છે. (૨૧)

આવી રીતે ચતુર્વિધ ભગવાન કાળે પોતાના ગુણો સમાન જ આ જગતમાં ચાર પ્રકાર બનાવ્યા છે. (૨૨)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં સત્ત્વાદિ ગુણનાં ફળ વિશે વિચાર નામનો સીત્તોતેરમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૭૮

નષ્ટજાતક

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, આપે જન્મકાળના જ્ઞાનથી મનુષ્યોના શુભાશુભ ફળ દર્શાવ્યાં પરંતુ જેમના જન્મકાળ અજ્ઞાત હોય એ મનુષ્યના શુભ-અશુભ ફળ કેવી રીતે સમજી શકાય છે ? કોઈ ઉપાય હોય તો કૃપા કરીને દર્શાવો. (૧–૨)

પરાશર બોલ્યા :

હે વિપ્ર, તમે લોકહિતની બુદ્ધિથી સરસ પ્રશ્ન પૂછ્યો. હું તમને સ્નેહથી એ પણ કહું છું. જે કોઈ વ્યક્તિના જન્મ સમયના વર્ષ, અયન, ઋતુ, માસ, પક્ષ, તિથિ, નક્ષત્ર, લગ્ન, રાશિ, અંશાદિમાં સર્વ કે જે કંઈ અજ્ઞાત હોય તે પ્રશ્ન લગ્નથી સમજવામાં આવે છે. (૩–૪)

સંવત્સર જાણવાની રીત

પ્રશ્ન સમયના લગ્નમાં જે રાશિના દ્વાદશાંશ હોય એ જ રાશિના સંવત્સરમાં પ્રશ્ન કરનારનો જન્મ સમય સમજવો. તથા લગ્નના પૂર્વાર્ધમાં સૌમ્યાયન અને ઉત્તરાર્ધમાં યામ્યાયન જાણવું. આમ લગ્નગત દ્રેષ્કાણના સ્વામીથી શિશિર આદિ ઋતુ સમજવી–

જેમકે શનિથી શિશિર. શુક્રથી વસન્ત, મંગળથી ગ્રીષ્મ, ચન્દ્રથી વર્ષા, બુધથી શરદ, ગુરુથી હેમન્ત અને સૂર્યના ત્રેષ્કાણમાં ગ્રીષ્મ ઋતુ સમજવી. (૫-૬)

જો અયન અને ઋતુમાં વિરોધ આવે તો તે હાલતમાં બુધના સ્થાનમાં મંગળ, ચન્દ્રના સ્થાનમાં શુક્ર, ગુરુના સ્થાનમાં શનિ અને પરસ્પર સ્થાનમાં લઈ ઋતુ સમજવી. (૭)

ઋતુનું જ્ઞાન થવાથી ત્રેષ્કાણના પૂર્વાર્ધમાં ઋતુના પૂર્વમાસ અને ઉત્તરાર્ધમાં આગળનો માસ સમજવો. પછી ત્રેષ્કાણના ગયેલા અંશ પરથી અનુપાત દ્વારા તિથિ અર્થાત સૂર્યાંશ જાણવા એ સૂર્યાંશ પરથી જે ઇષ્ટ, સમય હોય તે જ પ્રશ્નકર્તાનો જન્મસમય માનવો અને એ કાળમાં સ્પષ્ટ ગ્રહ અને બાર સ્થાન કાઢી અગાઉ માફક ફળ કહેવું (૮-૯)

મૈત્રેય બોલ્યા

હે મુનિ, ગુરુની રાશિથી સંવત્સર જાણવામાં દર બાર વર્ષ બાદ ફરી એની એ જ રાશિમાં રહે છે તો કેવી રીતે જન્મનું વર્ષ જાણવું. (૧૦-૧૧)

પરાશર બોલ્યા

હે મૈત્રેય, સંવત્સર વિશે સંદેહ થાય ત્યાં પ્રશ્નકર્તાની વયના અનુમાનથી પ્રશ્નકાળ અને જન્મકાળના ગુરુના રાશિઅંતરમાં બાર, બાર ઉમેરવાથી જેટલી સંખ્યા થાય એમાં સંભવિત સંખ્યાતુલ્ય વર્ષ સમજીને સંવત્સર જાણવો. જો બાર ઉમેરવાથી ઉમ્મરમાં અંતર માલૂમ પડે તો પ્રશ્નલગ્નથી ત્રિકોણરાશિમાં ગુરુને માની પ્રશ્નકર્તાની વયના અનુમાનથી જન્મવર્ષ સમજી કહેવું. (૧૧-૧૨)

મૈત્રેય બોલ્યા

હે મુનિ, આ કહેલી રીતે વર્ષમાં માસ અને સૂર્યના અંશાદિ

જાણીને જન્મના ઇષ્ટકાળનું જ્ઞાન કેવી રીતે થાય તે જનતા પર ઉપકાર કરવા કહેા. (૧૩)

પરાશર બોલ્યા :

હે વિપ્ર, જન્મ સમયના સૂર્યની રાશિ, અંશાદિનું જ્ઞાન થવાથી સૂર્યના જેટલા ભુક્ત અંશ હોય એટલા જ દિવસ સંક્રાન્તિથી આગળના દિવસોમાં સૂર્યોદય સમયના સ્પષ્ટ સૂર્યનો નિર્ણય કરવો. પછી તે ઉદયમાન સૂર્ય અને ઇષ્ટ સૂર્યના અન્તરને કલા આદિ બનાવી ૬૦ થી ગુણીને જે ગુણાકાર આવે તેને સ્પષ્ટ સૂર્યની ગતિ, કલાથી ભાગવાથી જે ઘડી આદિ ભાગાકારમાં આવે તેટલો જ સૂર્યોદય પછી કે પહેલાં જન્મનો ઇષ્ટ કાલ આવે. જો ઉદયમાન રવિથી ઇષ્ટ રવિ અધિક હોય તો સૂર્યોદય એટલી વાર પછી, જો ઉદયમાન સૂર્યથી ઇષ્ટ સૂર્ય અલ્પ હોય તો સૂર્યોદયથી એટલો જ પહેલા જન્મનો ઇષ્ટ કાળ સમજવો. (૧૪–૧૬)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં જન્મપત્રિકા ન મળતી હોય ત્યારે ફળ કાઢવાની રીત નામનો ઈક્કોતેરમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૭૯

પ્રવ્રજ્યા યોગ

પરાશર બોલ્યા :

હે વિપ્ર, હવે હું જેનાથી લોકો ઘર છોડીને બીજા સંપ્રદાયમાં ચાલ્યા જાય છે એ પ્રવ્રજ્યા યોગ કહું છું. (૧)

કોઈ એક સ્થાનમાં ૪ કે અધિક (૫-૬-૭) ગ્રહ હોય અને બળવાન હોય તો પ્રવ્રજ્યા યોગ થાય છે. આ ગ્રહોમાં સૂર્ય બળવાન હોય તો જન્મનાર તપસ્વી, ચન્દ્ર બળવાન હોય તો કપાલી, મંગળ બળવાન હોય તો રાતું વસ્ત્ર પહેરનાર, બુધ બળવાન હોય તો એક દંડ ધારણ કરનાર, ગુરુ બળવાન હોય તો યતિ, શુક્ર બળવાન હોય તો ચક્ર ધારણ કરનાર, શનિ બળવાન હોય તો નગ્ન સાધુ થાય છે. જો ઘણા ગ્રહો બળવાન હોય તો એમાં જે સર્વથી બળવાન હોય એની પ્રવ્રજ્યા થાય છે (૨-૩)

નિર્બલ યોગ

જો બીજા ગ્રહ બળવાન હોય તો પણ સૂર્યની સાથે હોવાથી અસ્ત થઈ ગયા હોય તો એ સંપ્રદાયમાં લક્ષિત રાખીને પ્રવ્રજિત થયા બાદ પણ દીક્ષિત બનતો નથી. (૪)

જો બીજા ગ્રહ નિર્બળ થઈને સૂર્યની સાથે અસ્ત હોય તો એ હાલતમાં સૂર્યજન્મ પ્રવ્રજ્યા સમજવી જોઈએ. (૫)

અન્ય યોગ

જન્મરાશિનો સ્વામી જો અન્ય ગ્રહોથી અદૃષ્ટ રહીને શનિને જોતો હોય તો શનિ અને જન્મ રાશિના સ્વામીમાં જે બળવાન હોય એની પ્રવ્રજ્યા થાય છે. (૬)

જો જન્મ રાશિનો સ્વામી નિર્બળ હોય અને માત્ર શનિથી દૃષ્ટ હોય તો શનિની પ્રવ્રજ્યા થાય છે. અર્થાત્ એ મનુષ્ય નિર્ગ્રન્થ સંપ્રદાયમાં જાય છે. (૭)

અન્ય યોગ

જો ચન્દ્ર શનિના દ્રેષ્કાણમાં શનિ કે મંગળના નવમાંશમાં હોય અને શનિથી દૃષ્ટ હોય તો પણ શનિની પ્રવ્રજ્યા થાય છે. (૮)

મંગળ આદિ ગ્રહોમાં યોગ થવાથી યુદ્ધ સમજવામાં આવે છે. એમાં શુક્ર ઉત્તરમાં હોય કે દક્ષિણમાં હોય તો પણ વિજયી થાય છે. અન્ય ચાર (બુધ-ગુરુ-મંગળ-શનિ)માં જે ઉત્તરમાં રહેતો હોય તે વિજયી અને દક્ષિણના ભાગવાળો પરાજિત સમજવામાં આવે છે. (૯)

પ્રવ્રજ્યાચ્યુતિ યોગ

જો પ્રવ્રજ્યાકારક ગ્રહ યુદ્ધમાં પરાજિત થાય તો જન્મનાર પ્રવ્રજ્યા ગ્રહણ કરીને ફરી એનો ત્યાગ કરી દે છે. (૧૦)

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, જન્મસમયે જો ઘણા જ પ્રવ્રજ્યાકારક ગ્રહ બળમાં સમાન હોય તો કેવા પ્રકારની પ્રવ્રજ્યા સમજવામાં આવે ? (૧૧)

પરાશર બોલ્યા :

જો પ્રવ્રજ્યાકારક ઘણા ગ્રહો બળવાન હોય તો એ સર્વ ગ્રહોની પ્રવ્રજ્યા થાય છે. (૧૨)

એ પ્રવ્રજ્યાકારક ગ્રહોમાં જેની પ્રથમ દશા હોય છે એ પ્રવ્રજ્યા

ગ્રહણ કરે છે. પછી બીજા ગ્રહની દશા આવવાથી પૂર્વગૃહિત પ્રવ્રજ્યાને છોડી બીજી પ્રવ્રજ્યા મનુષ્ય ગ્રહણ કરે છે. (૧૩)

અન્ય પ્રવ્રજ્યાયોગ

ગુરુ જો નવમા સ્થાનમાં હોય તથા ચન્દ્ર, ગુરુ અને લગ્ન એ ત્રણેય શનિને જોતા હોય તો પ્રવ્રજ્યા થાય છે. આમાં જો અગાઉ જણાવેલ રાજયોગનું લક્ષણ પણ હોય તો જન્મનાર રાજા હોવા છતાં પણ તીર્થંકર થાય છે. (૧૪)

યોગાન્તર

લગ્નથી નવમા સ્થાનમાં શનિ હોય, એના પર કોઈ ગ્રહની દૃષ્ટિ ન હોય અને કોઈ રાજયોગ પણ હોય તો જન્મનાર રાજા બનીને દીક્ષિત બને છે. જો રાજયોગ ન હોય તો જન્મનાર પરિવ્રાજક થાય છે. (૧૫)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં પ્રવ્રજ્યા વિશે વિચાર નામનો ઓગણ્યાશીમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૮૦

સ્ત્રીજાતક

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, આપે અનેક પ્રકારે, જન્મનાર વિશે ફળ કહ્યાં. આમાં કન્યા જન્મી હોય તો એનાં ફળ કેવી રીતે સમજવાં તે હમણાં કહો (૧)

પરાશર બોલ્યા :

હે વિપ્ર, તમે સુંદર સવાલ કર્યો તે પણ હું સ્પષ્ટતાથી કહું છું. વિદ્વાનોએ જે ફળ કહ્યાં છે તે સ્ત્રી અને પુરુષ માટે સમાન જાણવાં. આમ છતાં એમાં જે ભેદ જોવામાં આવ્યો છે તે હું સંક્ષેપમાં કહું છું. સ્ત્રીના શરીરનું ફળ જન્મના લગ્ન પરથી અને સંતાનનું પાંચમા સ્થાન પરથી, પતિનું સૌભાગ્ય સાતમા સ્થાનથી તથા વૈધવ્ય આઠમા સ્થાનથી પણ સમજવું જોઈએ અને અન્ય ફળ પુરુષ સમાન જ સ્ત્રીઓ માટે સમજવું એમાં જે ફળ સ્ત્રીમાં અસંભવિત હોય તે એના પતિમાં કહેવું જોઈએ. (૨-૪)

સ્ત્રીના જન્મસમયમાં લગ્ન અને ચન્દ્રમા બંને સમ રાશિમાં હોય તો તે કન્યા સમસ્ત સ્ત્રીઉચિત સ્વભાવ અને ગુણોવાળી, શીલવતી, રૂપવતી અને દેહના સુખવાળી હોય છે. (૫)

જો લગ્ન અને ચન્દ્ર બંનેય વિષમ રાશિમાં હોય તો તે કન્યા પુરુષ સમાન સ્વભાવ અને આકૃતિવાળી થાય છે. એના પર જો પાપગ્રહની દૃષ્ટિ હોય કે તે પાપગ્રહની સાથે હોય તો તે કુશીલા અને ગુણહીન હોય છે. લગ્ન અને ચન્દ્રમાંથી એક સમરાશિ અને એક વિષમ રાશિમાં હોય તો સ્ત્રી મિશ્ર ગુણોવાળી થાય છે. એ જેમાં બંને બળવાન હોય તેના ગુણ અધિક સમજવા. (૬–૭)

ત્રિશાંશ ફલ

હે વિપ્ર, લગ્ન અને ચન્દ્રમાં જે બળવાન હોય એની રાશિ અને ત્રિશાંશ અનુસાર સ્ત્રીઓનાં ફળ વિશેષરૂપે સમજવાં. (૮)

લગ્ન અને ચન્દ્રમાં જે બળવાન હોય તે જો મંગળની રાશિ (મેષ-વૃશ્ચિક)માં થઈને મંગળના ત્રિશાંશમાં હોય તો તે કન્યા અવસ્થામાં જ પુરુષ સાથે સમાગમ પામે. જો શુક્રના ત્રિશાંશમાં હોય તો વિવાહ બાદ ચારિત્ર્યહીન થાય છે. બુધના ત્રિશાંશમાં હોય તો માયાવી, ગુરુના ત્રિશાંશમાં હોય તો સુશીલ અને શનિના ત્રિશાંશમાં હોય તો દાસી થાય છે.

જો બુધની રાશિ (મિથુન–કન્યા માં થઈ ને મંગળના ત્રિશાંશમાં હોય તો કપટ કરનાર, શુક્રના ત્રિશાંશમાં હોય તો અધિક કામવાળી, બુધના ત્રિશાંશમાં હોય તો ગુણવતી અને શનિના ત્રિશાંશમાં હોય તો હીજડી અને ગુરુના અંશમાં હોય તો સતી થાય છે.

જો શુક્રની રાશિ (વૃષભ કે તુલા)માં થઈ ને મંગળના ત્રિશાંશમાં હોય તો ચારિત્ર્યહીન, શુક્રના અંશમાં હોય તો વિખ્યાત ગુણવાળી, બુધના ત્રિશાંશમાં હોય તો કળાઓમાં નિપુણ, ગુરુના અંશમાં ગુણવતી અને શનિના ત્રિશાંશમાં હોય તો બીજો પતિ કરનાર થાય છે.

ચન્દ્રની રાશિ (કર્ક)માં જો મંગળના ત્રિશાંશમાં હોય તો સ્વતંત્ર સ્વભાવની, શુક્રના ત્રિશાંશમાં હોય તો કુલટા, બુધના

ત્રિશાંશમાં હોય તો શિલ્પકલા જાણનારી, ગુરુના ત્રિશાંશમાં હોય તો સર્વ ગુણોથી યુક્ત અને શનિના ત્રિશાંશમાં હોય તો વિધવા થાય છે.

સૂર્યની રાશિ (સિંહ)માં મંગળના ત્રિશાંશમાં હોય તો બહુ બોલનારી, શુક્રના અંશમાં સતી, બુધના ત્રિશાંશમાં પુરુષ જેવા દેખાવવાળી, ગુરુના ત્રિશાંશમાં સતી, શનિના ત્રિશાંશમાં કુલટા થાય છે.

ગુરુની રાશિમાં મંગળના ત્રિશાંશમાં અનેક ગુણોવાળી, શુક્રના ત્રિશાંશમાં પુંશ્ચલી, બુધના અંશમાં વિજ્ઞાન જાણનારી, ગુરુના ત્રિશાંશમાં સર્વ ગુણોવાળી અને શનિના ત્રિશાંશમાં અલ્પ રતિવાળી હોય છે.

શનિની રાશિમાં મંગળના ત્રિશાંશમાં દાસી, શુક્રના ત્રિશાંશમાં પંડિતા, બુધના ત્રિશાંશમાં નીચગામિની અને ક્રૂર, ગુરુના ત્રિશાંશમાં પતિવ્રતા અને શનિના ત્રિશાંશમાં નીચજનગામિની થાય છે. (૯–૧૬)

૭મું સ્થાન

સાતમા સ્થાનમાં કોઈ ગ્રહ ન હોય, એના પર શુભ ગ્રહની દૃષ્ટિ ન હોય તો એ સ્ત્રીનો પતિ ઘૃણા ઊપજે તેવો ગુણહીન ઉદ્યોગહીન થાય છે. સાતમા સ્થાનમાં ચર રાશિ હોય તો એ સ્ત્રીનો પતિ વિદેશવાસી થાય છે. બુધ અને શનિ એ બંને હોય તો નપુંસક થાય છે. સૂર્ય હોય તો તે વ્યકતા થાય છે. સાતમા સ્થાનમાં મંગળ હોય તો બાલવિધવા, જો શનિ હોય તો કુંવારી રહીને જ વૃદ્ધા થાય છે. સાતમા સ્થાનમાં પાપગ્રહ હોય તો યૌવનાવસ્થામાં વિધવા થાય છે. જો શુભ ગ્રહ હોય તો પતિના સુખવાળી અને શીલવતી થાય છે. જો શુભ અને પાપ એમ બંનેય પાપગ્રહો હોય તો બંને ગ્રહના ફળ મળે છે, જો શુક્રના નવાંશમાં મંગળ અને મંગળનાં

નવાંશમાં શુક્ર હોય તો સ્ત્રી અન્ય પુરુષ સાથે સમાગમ કરનારી થાય છે. (૧૭-૨૧)

સાતમા સ્થાનમાં રહેલ રાશિ અને નવમાંશનાં ફળ

સાતમા સ્થાનમાં મંગળની રાશિ કે અંશ હોય તો એ સ્ત્રીનો પતિ સ્ત્રીલંપટ અને ક્રોધી, થાય છે. બુધની રાશિ કે અંશ હોય તો એ સ્ત્રીનો પતિ વિદ્વાન અને સર્વ કાર્યમાં કુશળ થાય છે. ગુરુની રાશિ કે અંશ હોય તો સર્વ ગુણોવાળો અને જિતેન્દ્રિય થાય છે. શુક્રની રાશિ કે નવાંશ હોય તો ભાગ્યવાન, સુંદર અને સ્ત્રીઓનો પ્રિય થાય છે. શનિની રાશિ કે નવાંશમાં હોય તો વૃદ્ધ અને મૂર્ખ થાય છે. સૂર્યની રાશિ કે અંશ હોય તો અતિ ક્રોર, અતિ કઠિન કાર્ય કરનાર અને ચન્દ્રની રાશિ કે નવમાંશ, સાતમા સ્થાનમાં હોય તો એ સ્ત્રીનો પતિ સુન્દર, કામી અને અત્યન્ત કોમળ હૃદયવાળો થાય છે. જો ભિન્નભિન્ન ગ્રહની રાશિ અને અંશ સાતમા સ્થાનમાં હોય તો એ બંનેના ફળ સાથે એના પતિને સમજવી જોઈએ. રાશિ અને અંશના ફળની વધઘટ બળ અનુસાર કહેવી જોઈએ. (૨૨-૨૫)

આઠમા સ્થાનમાં રહેલ ગ્રહનાં ફળ

સૂર્ય આઠમા સ્થાનમાં હોય તો તે સ્ત્રી દુઃખ, દરિદ્રતાવાળી, અંગની ખોડવાળી, ધર્મહીન થાય. આઠમા સ્થાનમાં ચન્દ્ર હોય તો દુર્ભાગ્યવાળી, કુસ્તની, કુદૃષ્ટિવાળી, વસ્ત્રાભૂષણરહિત, રોગિણી અને લોકોમાં નિન્દા પામનારી થાય છે, મંગળ હોય તો દુબળા શરીરવાળી, રોગિણી, વિધવા, કટુરૂપી, શોક અને સંતાપવાળી થાય છે. બુધ હોય તો ધર્મહીન, ભયવાળી, અભિમાની, ધનહીન અને ગુણહીન તથા ઝઘડાખોર હોય છે. (૨૬-૨૯)

જો સ્ત્રીના આઠમા સ્થાનમાં ગુરુ હોય તે ચારિત્ર્યહીન, ઓછા સંતાનવાળી, સ્થૂળ હાથપગવાળી, સ્વામીથી ત્યકતા, અને ખૂબ

ખાનારી થાય છે. શુક્ર હોય તો પ્રમાદવાળી, ધનહીન, દયાહીન, ધર્મહીન, મલિન અને કપટી થાય છે. શનિ હોય તો દુષ્ટ સ્વભાવવાળી, મલિન, લોકોને ઠગનારી અને પતિના સુખ વગરની હોય છે. રાહુ આઠમા સ્થાનમાં હોય તો કદરૂપી, પતિના સુખ વગરની, ઘાતકી હૃદયવાળી, રોગિણી અને વ્યભિચારિણી હોય છે.

વંધ્યાયોગ

લગ્નમાં ચન્દ્ર અને શુક્ર જો શનિ કે મંગળની સાથે હોય તથા પાંચમા સ્થાન પર પાપગ્રહની દૃષ્ટિ કે તેની સાથે હોય તે સ્ત્રી વંધ્યા થાય છે (૩૪)

દુર્ભગા–સુભગા યોગ

સાતમા સ્થાનમાં મંગળના નવમાંશ હોય તો એની સ્ત્રીની યોનિ રોગિષ્ઠ અને શુભ ગ્રહના નવાંશ હોય તો તે સ્ત્રી સુભગા અને સ્વામીની પ્રિય, બને છે. (૩૫)

પિતાના ઘરમાં સુખયોગ

મિથુન કે કન્યા લગ્નમાં ચન્દ્ર અને શુક્ર હોય તો તે સ્ત્રી પિતાના ઘરમાં સર્વ સુખ ધરાવે છે (૩૬)

બહુગુણયોગ

લગ્નમાં ચન્દ્ર, બુધ, શુક્ર હોય તો તે સ્ત્રી સુખ અને અનેક ગુણોવાળી થાય છે. જો ગુરુ લગ્નમાં હોય ત્યારે તો ખૂબ પુત્રો, ધન અને સુખ મળે. (૩૭)

વંધ્યા–કાકવંધ્યા

આઠમા સ્થાનમાં કર્ક કે સિંહ હોય તો એમાં સૂર્ય અને ચન્દ્ર બંને હોય તો વંધ્યા થાય છે. જો મિથુન, કન્યા કે કર્ક રાશિમાં રહેલ આઠમા સ્થાનમાં બુધ, ચન્દ્ર હોય તો તે સ્ત્રી કાકવંધ્યા થાય છે. (૩૮)

લગ્નમાં મેષ, વૃશ્ચિક, મકર કે કુંભ રાશિમાં ચન્દ્ર, શુક્ર હોય, એના પર પાપગ્રહની દૃષ્ટિ હોય તો તે સ્ત્રી જરૂર વંધ્યા થાય છે. (૩૯)

મરેલાં બાળકોનો યોગ

સાતમા સ્થાનમાં રાહુની સાથે સૂર્ય, ગુરુ અને શુક્ર હોય, પાંચમું સ્થાન પાપગ્રહની સાથે હોય તો તે સ્ત્રીનાં બાળકો મરી જાય છે. (૪૦)

આઠમા સ્થાનમાં ગુરુ, શુક્ર જો મંગળની સાથે અથવા સાતમા સ્થાનમાં મંગળ, શનિની સાથે હોય તો તે સ્ત્રીને ગર્ભસ્રાવ થાય છે. (૪૧)

કુળનો નાશ કરનાર યોગ

જેના જન્મસમયે ચન્દ્ર અને લગ્નમાં પાપગ્રહની કર્તરી (બારમા સ્થાનમાં માર્ગી અને બીજા સ્થાનમાં વક્રી પાપગ્રહ) હોય તો તે સ્ત્રી પતિ અને પિતાના કુળનો નાશ કરનાર થાય છે. (૪૨)

વિષકન્યા યોગ

આશ્લેષા, કૃતિકા, શતભિષા નક્ષત્ર, રવિ, શનિ, મંગળવાર, ૨-૭-૧૨ તિથિ આ ત્રણેના યોગમાં જે સ્ત્રીનો જન્મ હોય તે વિષકન્યા કહેવાય છે. (૪૩)

જેના જન્મસમયે એક પાપગ્રહ અને ૧ શુભ ગ્રહ લગ્નમાં અને બે પાપગ્રહ શત્રુની રાશિમાં હોય તો તે સ્ત્રી વિષકન્યા થાય છે. (૪૪)

વિષકન્યાના બાળકો મરી જાય છે, તે દુર્ભાગી અને વસ્ત્રાલંકાર વગરની હોય છે. (૪૫)

લગ્ન અથવા ચન્દ્રથી સાતમા સ્થાનનો સ્વામી કે કોઈ શુભ ગ્રહ સાતમા સ્થાનમાં હોય તો વિષકન્યા યોગનું ફળ નષ્ટ થાય છે. (૪૬)

પતિના ઘાતનો યોગ

જેનાં લગ્ન, ૧૨-૪-૭-૮ આમાંથી કોઈ સ્થાનમાં મંગળ હોય તથા જો એના પર શુભ ગ્રહની દૃષ્ટિ કે યોગ ન હોય તો તે સ્ત્રી વિધવા થાય છે. (૪૭)

વૈધવ્યયોગનો ભંગ

જે યોગમાં ઉત્પન્ન સ્ત્રી પતિને હણનાર થાય છે, એ યોગમાં ઉત્પન્ન પુરુષ પણ સ્ત્રીને હણનાર થાય છે. આવા બંનેનો વિવાહ થવાથી બંનેનો વૈધવ્ય-વિધુર યોગ નષ્ટ થાય છે. (૪૮-૪૯)

સ્વજાતિ પુરુષાયિત યોગ

શુક્રના નવમાંશમાં શનિ અને શનિના નવમાંશમાં શુક્ર હોય, બંનેની પરસ્પર દૃષ્ટિ હોય અથવા વૃષભ અને તુલા લગ્નમાં કુંભના નવમાંશ હોય તો એ બંને યોગોમાં જન્મનારી સ્ત્રી કામાતુર બની સ્ત્રીની જ સાથે પુરુષાયિત યોગ કરે છે. (૫૦-૫૧)

વેદાદિશાસ્ત્રજ્ઞતા યોગ

જો મંગળ, બુધ, ગુરુ અને શુક્ર બળવાન હોય અને સમરાશિ લગ્ન હોય તો તે સ્ત્રી અનેક શાસ્ત્રમાં નિપુણ થાય છે અને બ્રહ્મને જાણનાર થાય છે. (૫૨)

પ્રવ્રજ્યાયોગ

જેના સાતમા સ્થાનમાં પાપગ્રહ અને નવમા સ્થાનમાં કોઈ પણ ગ્રહ હોય તે સંન્યાસિની થાય છે. (૫૩)

પતિ સમક્ષ મૃત્યુયોગ

જેના આઠમા સ્થાનમાં શુભ ગ્રહ હોય એના પર પાપગ્રહની દૃષ્ટિ કે યોગ ન હોય તો આવી સ્ત્રી પતિથી પહેલાં મરણ પામે છે. (૫૪)

જો આઠમા સ્થાનમાં તુલ્ય બળથી તુલ્ય સંખ્યક પાપ અને શુભ ગ્રહ બંને હોય તો તે સ્ત્રી પોતાના પતિની સાથે જ મરીને જરૂર સ્વર્ગે જાય છે.

શેખર ભાષ્ય : લગભગ બધા જ પ્રાચીન ગ્રંથોમાં 'સ્ત્રીજાતક' નો અધ્યાય જુદો આપવામાં આવ્યો છે. કોઈમાં સંક્ષેપ તો કોઈમાં વિસ્તાર છે. સારાવલીમાં અધ્યાય ૪૬માં ૩૧ શ્લોકો છે. સર્વાર્થ ચિંતામણિમાં આ વિષય સપ્તમ ભાવમાં સમાવ્યો છે. સ્ત્રી, સાચે જ ખૂબ રહસ્યમય છે અને એનો કોઈ પાર પામ્યું નથી એમ આદિકાળથી આજ સુધી અનેક શાસ્ત્રવેત્તાઓએ પ્રાચીન અને આધુનિક સમયમાં કહ્યું છે. સ્ત્રીનું ફળ એના પતિને વિશેષ મળે છે. ટૂંકમાં સ્ત્રી જાતકના મહત્વના સિદ્ધાંતો આટલા છે.

(૧) લગ્ન અને ચંદ્ર બન્ને સમ (બેકી રાશિમાં) હોતાં તેમાં સ્ત્રીત્વ Feminine Qualities મળે છે. એમાંથી એક વિષમ કે સમ હોતાં મિશ્ર ફળ મળે છે. અને બેઉ જો એકી આ વિષમમાં (લગ્ન, ચંદ્ર બન્ને) હોય તો સ્ત્રી Masculine બને છે. જેને પુરૂષ જેવી કહેવાય છે તેમાં સ્ત્રીસુલભ સ્ત્રીત્વ નથી હોતું.

સ્ત્રીની કુંડલીમાં ત્રિશાંશનું ફળ જોવું ઘણું અગત્યનું છે. એ માટે (૧) જન્મલગ્ન અથવા (૨) ચંદ્ર જે બળવાન હોય તે લેવું. તેમાં મંગળ, શુક્ર, બુધ, ગુરુ કે શનિ કોનો નવાંશ છે તે જોવો.

ઉદાહરણ ચંદ્ર બળવાન છે પણ તે મંગળની રાશિમાં હોય તો અને મંગળના ત્રિશાંશમાં હોય તો કુમારાવસ્થામાં દુષિત થાય છે. આને તમે આજના આધુનિક પ્રવાહમાં **Premarital love** : લગ્ન પૂર્વનો પ્રણય કહી શકો. અહીં પ્રણયોર્મિની વાત ન હોતાં શરીર સંબંધની વાત છે.

એમાંથી કોઈને શુક્રની રાશિમાં ચંદ્ર કે લગ્ન જો બળવાન

હોય અને મંગળનું ત્રિશાંશ હોય તો પતિ ઉપરાંત ખરાબ ચારિત્ર્યવાળી હોય છે. આને તમે **Extramarital love** એટલે લગ્નાતિરિક્ત સંપર્ક (શરીર સંબંધ) કહી શકો.

આ સિવાય શુક્રના નવાંશમાં જન્મનો શનિ અને શનિના નવાંશમાં જન્મનો શુક્ર હોય તો પુરૂષાયિત કર્મ કરે છે. આજે જે lesbian love ને નામે ઓળખાય છે. આમાં બે કુમારિકા કે બે પરિણીતા અથવા બેમાંથી એક એક પુરૂષવત્ એક બીજીથી શારીરિક પ્રેમ કરે છે. આમાં ભગચુંબન, વરાંગપથ ઘર્ષણ, સ્તનમર્દનાદિકનો સમાવેશ થાય છે.

આજે યુરોપ અમેરિકા જેવા દેશોમાં ફ્રાંસ, ઈંગ્લંડ, ન્યુયોર્કમાં પ્રણયોપચારના પુસ્તકોનો રાફડો ફાટયો છે. ડૉ. કિન્સેએ હજારો સ્ત્રી કે પુરુષના જાતીય જીવનનો અભ્યાસ કરી અનેક પ્રશ્નોત્તર કરી લગ્ન પૂર્વે, લગ્ન દરમ્યાન, લગ્ન સિવાયના શરીર સંબંધના અનેક પાસાં ચર્ચ્યાં છે, અને પુષ્કળ માહિતી પ્રગટ કરી છે. આ બધું આજે આપણને અતિ વૈજ્ઞાનિક લાગે છે પણ પૂર્વઆચાર્યોએ એક એક યોગ વર્ણવ્યા હતા. ઉપરના જ શુક્ર-શનિ શનિ-શુક્ર નવાંશ યોગમાં પુરુષના લિંગની આકૃતિ જેવી બનાવેલી ચીજથી સંભોગ જેવા સુખની તૃપ્તિ (Orgasm(કે પરાકાષ્ઠા (Climax) અનુભવી પોતાની કામાગ્નિ શાંત કરવાની વાત લખી છે. આજે વિદેશમાં વેચાતા Dildo વગેરે કૃત્રિમ અવયવોનો ખૂબ પ્રચાર છે. જે રાશિમાં શનિ હોય તેનો સ્વામી શુક્રથી દૃષ્ટ હોય કે મંગળના ક્ષેત્રમાં હોય તો યોનિચુંબનના યોગો આપ્યા છે તે Cunnilingus કે Fellatior નો નિર્દેશ કરે છે.

પ્રાચીન ગ્રન્થોમાં કેલિકુતૂરલ, પંચસાયક, રતિરહસ્યમાં ભગ ચુંબન અને સ્ત્રીથી સ્ત્રીનો સંયોગ આદિ ચર્ચેલા મળે છે. એની

ઇષ્ટતા કે અનિષ્ટતા અમારો વિષય નથી. અહીં એ પ્રસ્તુત પણ નથી. અહીં આપેલા યોગોમાં રજૂ થતા ચારિત્ર્ય અને જાતીય નિરુપણો પ્રાકૃતિક (Normal & Natural) છે કે અપ્રાકૃતિક (Pervertis) છે તેનો વિચાર પણ પ્રસ્તુત નથી. માત્ર યોગવાર તેની ચર્ચા છે. આજે જાતીય જ્ઞાનમાં આપણને સ્ત્રી અવયવોમાં મદનછત્ર (જે પુરુષશિશ્ન જેવું પણ અત્યંત નાનું છે) Clitoris વિશે ઘણું જણાવવામાં આવે છે પણ પ્રાચીન આચાર્યો એ (સુશ્રુત ટીકાકાર) વિશાલ પિપ્પલપત્ર સમાકૃતિ...શિરસ્તંલ સમગ્રકામસિરામુખં...મહનાતપ નિવારણમ્" ઇત્યાદિ કહીને Clitoris–સ્ત્રીના મદનશિશ્ન અને એના દ્વારપ સ્ત્રીની કામશાંતિમાં એના મહત્વનો પૂર્ણ ખ્યાલ આપ્યો છે. તાંત્રિકોમાં કન્યાકુમારીની સાધનામાં કુમારીના મદનછત્ર ઉપર જીવ્હા જીવ્હાદાબ કરી મુક માનસિક મંત્ર પાઠનો ઉલ્લેખ છે. આ અને આવા અનેક ઉલ્લેખ આપી શકાય.

જાતીય વ્યવહારમાં ઘણા વિચિત્ર આચરણો (Perversitions) સૂજનકૃનાં હશે. સામાન્ય રીતે અપ્રાકૃતિક ગણાય છે. તેના ઉલ્લેખો બીજા ઘણા આપી શકાય.

બૃહત્ હોરાશાસ્ત્રમાં સ્ત્રીજાતકનો એંસીમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૮૧

અંગલક્ષણ (સામુદ્રક)

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, આપે જન્મ લગ્નથી અનેક પ્રકારના શુભ અને અશુભ ફળ કહ્યાં. હવે હું સ્ત્રીઓના અંગોના લક્ષણથી શુભ અને અશુભ ફળ સાંભળવા ઇચ્છું છું. (૧)

પરાશર બોલ્યા

હે વિપ્ર, ભગવાન શંકરે જે પ્રમાણે પાર્વતીને જે ફળ કહ્યાં હતાં તેને અનુલક્ષીને નારીઓના અંગોનાં લક્ષણો હું કહું છું તે સાંભળો. (૨)

પગનાં તળિયાનાં લક્ષણ

જે સ્ત્રીનાં પગનાં તળિયાં ચીકણાં, મુલાયમ, જાડા, સમ, લાલ પસીના વગરના. ગરમ હોય તે સુખયોગ કરનારી થાય છે. અને જેના તળિયાં લાલીરહિત, કઠોર, રૂક્ષ, ફાટોવાળા, સૂપડા જેવા અને માંસ-હીન હોય તે દુઃખ ભોગવે છે. (૩–૪)

પગનાં તળિયાની રેખાઓ

જેના પગના તળિયામાં શંખ, સ્વસ્તિક, ચક્ર, કમલ, ધ્વજ, મત્સ્ય, છત્રનાં ચિહ્ન હોય તથા ઊર્ધ્વરેખા લાંબી હોય તો તે રાણી

અને ખૂબ સુખ ભોગવનારી થાય છે. તથા જેના તળિયામાં સાપ, ઉંદર, કે કાગડા જેવી નિશાનીઓ હોય તો તે સ્ત્રી દુઃખ ભોગવનાર અને નિર્ધન થાય છે. (૫-૬)

પગનાં નખનાં લક્ષણ

જેના નખ લાલ, ચીકણાં, ઊંચા અને ગોળ હોય તો તે સુખ ભોગવનાર તથા ફાટેલા અને કાળા હોય તો દુઃખ ભોગવનારી થાય છે. (૭)

અંગૂઠા

પગના અંગૂઠા ઊંચા, જાડા અને ગોળ હોય તો સુખદાયક અને વાંકા, નાના અને ચપટા હોય તો દુઃખદાયક સમજવા. (૮)

પગની આંગળીઓ

પગની આંગળીઓ ક્રમળ, ઘન, ગોળ અને પુષ્ટ હોય તો શુભપ્રદ પણ લાંબી આંગળીઓ હોય તો કુલટા અને પાતળી આંગળીઓ હોય તો નિર્ધન થાય છે. (૯)

જેના પગની આંગળીઓ નાની હોય તો અલ્પાયુ, આંગળી નાનીમોટી અને વાંકી હોય તો સ્ત્રી કુટ્ટણી અને કપટી થાય છે. ચપટી આંગળીવાળી દાસી, છિદ્રવાળી આંગળીવાળી સ્ત્રી નિર્ધન થાય છે. જેની એક આંગળી બીજી આંગળી પર ચડી હોય તો તે વિધવા થઈને બીજાની આશ્રિતા થાય છે. (૧૦-૧૧)

જે સ્ત્રી ચાલે ત્યારે માર્ગમાં ધૂળ ઊડે તો તે ત્રણેય કુળને કલંકિત કરનારી કુલટા થાય છે. જેની સૌથી નાની, પગની આંગળી જમીનને ન અડે તો તે સ્ત્રી પોતાના એક પતિનો નાશ કરીને બીજો પતિ કરે છે. (૧૨-૧૩)

જે સ્ત્રીની મધ્યમા અને અનામિકા આંગળી જમીનને સ્પર્શ કરે તો તે સ્ત્રી વિધવા થાય છે. જેની તર્જની આંગળી અંગૂઠાથી

લાંબી હોય તો કુમારી અવસ્થામાં જ પુરુષના સંગથી દૂષિત થાય છે અને કુલટા થાય છે. (૧૪–૧૫)

પગનો (તળિયાનો) ઉપરનો પાનીનો ભાગ

જેના પગનો આવો ઉપરનો ભાગ ઊંચો, પરસેવા વગરનો, જાડો, ચીકણો અને કોમળ હોય તો તે સ્ત્રી રાણી થાય છે. એનાથી વિપરીત હોય તો તે દરિદ્રા થાય છે. નસો દેખાતી હોય એવો પગનો ઉપરનો ભાગ હોય તો ઘૂમનારી, રોમસહિત હોય તો દાસી અને માંસહીન હોય તો દુર્ભાગી થાય છે. (૧૬–૧૭)

એડીનો ભાગ

પગની પાછળનો ભાગ બરાબર–સમ–હોય તો સુભગા, જાડો હોય તો દુર્ભાગી, ઊંચો હોય તો કુલટા, લાંબો હોય તો દુઃખ ભોગવનારી થાય છે. (૧૮)

જંઘા

જેની જંઘા વાળ વગરની, સમાન, ચીકણી, ગોળ, નસો ન દેખાય તેવી અને મનોહર હોય તે રાણી થાય છે. (૧૯)

ઘૂંટણ

સ્ત્રીના જાનુ–ઘૂંટણ ગોળ, પુષ્ટ અને ચીકણા હોય તો શુભ પ્રદ સમજવા. માંસહીન હોય તો વ્યભિચારિણી અને ઢીલા હોય તો ગરીબ સમજવી. (૨૦)

સાથળ

જેના સાથળ હાથીની સુંઢ સમાન ગોળ, બંને સાથળ મળી જતાં હોય, કોમળ અને રોમરહિત હોય તે રાણી થાય છે. જેના સાથળ ચપટાં, વાળવાળાં હોય તો તે વિધવા અને દરિદ્ર થાય છે. (૨૧)

કેડ

સ્ત્રીની કેડનું પ્રમાણ ૨૪ આંગળ અને ઊંચાં નિતંબ સહિત હોય તો તે સુખી અને ભાગ્યશાળી થાય છે. (૨૨)

વાંકી, ચપટી, લાંબી, માંસરહિત, સંકુચિત, નાની તથા રોમ યુકત કેડ દુઃખ અને વૈધવ્ય કરનારી છે. (૨૩)

નિતંબ

સ્ત્રીના નિતંબ ઊંચા, માંસથી પુષ્ટ હોય અને વિસ્તૃત હોય તો તે શુભદાયક છે અને એનાથી વિપરીત હોય તે અશુભદાયક હોય છે. (૨૪)

યોનિ

આ ભાગ છુપા મણિ જેવા આકારવાળો, લાલ, કોમળ, વાળવાળો, કાચબાની પીઠ જેવો ઊંચો, પીપળાના પાંદડા જેવી આકૃતિવાળો અને ચીકણો હોય તો શુભ સમજવો. (૨૫)

હરણની ખરીઓ કે ચુલ્લીકાના પેટની સમાન ખૂબ કઠોર, રોમથી યુકત, ઊંચી નાકમણિવાળી, ફેલાયેલા મુખવાળી યોનિ અશુભ દાયક જાણવી. (૨૬)

યોનિનો ડાબો ભાગ ઊંચો હોય તો સન્તાન, જમણો ભાગ ઊંચો હોય તો પુત્રો થાય છે. જો શંખ સમાન આવર્ત–ગોળાકારો વાળો હોય તો તે સ્ત્રી ગર્ભ ધારણ કરી શકતી નથી. (૨૭)

અસ્તિ

અસ્તિ–પેડુ કોમળ, વિસ્તારવાળું, જરા ઊંચું હોય તો શુભ દાયક સમજવું. જો ત્યાં વાળ અને નસો જણાય તો તેને અશુભ સમજવું. (૨૮)

નાભિ

સ્ત્રીની નાભી ઊંડી, જમણા ભાગ તરફ વળેલી હોય તો તે

સર્વ સુખદાયક છે. તેના પર નસો દેખાતી હોય ઊંચી તથા ડાબી તરફ વળેલી હોય તો તે અશુભદાયક છે. (૨૯)

કુખ-પડખું

જેનું પડખું વિસ્તૃત હોય તે ભાગ્યશાળી અને અનેક પુત્રીઓ વાળી થાય છે. જેનું પેટ દેડકા જેવું હોય તેનો પુત્ર રાજા થાય છે (૩૦)

ઊંચાં પડખાવાળી સ્ત્રી વંધ્યા, કરચલીવાળા પડખાવાળી સ્ત્રી સંન્યાસિની અને ભમરવાળા પડખાવાળી સ્ત્રી દાસી થાય છે. (૩૧)

બગલ

જે સ્ત્રીની બગલ સમાન, પુષ્ટ અને કોમળ હોય, ઉપસેલી હોય રોમવાળી તથા નસો દેખાતી હોય તે અશુભદાયક થાય છે. (૩૨)

હૃદય

સ્ત્રીનું હૃદય રોમરહિત અને સમાન હોય તો શુભદાયક, વિસ્તૃત તથા રોમયુકત હોય તે અશુભદાયક સમજવું. (૩૩)

સ્તન

સ્ત્રીના સ્તન સરખાં, પુષ્ટ, ગાઢ, દૃઢ હોય તો તે શુભદાયક છે પણ આગળનો ભાગ સ્થૂળ હોય, બંને અલગ અને શુષ્ક હોય તો તે અશુભદાયક સમજવાં. (૩૪)

સ્ત્રીનું જમણું સ્તન ઊંચું હોય તો તે પુત્રવતી અને ડાબું ઊંચું હોય તો તે કન્યાઓવાળી થાય છે. (૩૫)

કુચાગ્ર ભાગ

સ્ત્રીનો આ ભાગ મનોહર, શ્યામ અને ગોળ હોય તો તે શુભપ્રદ તથા અંદરની બાજુ દબાયેલો, લાંબો અને સૂક્ષ્મ હોય તો તે અશુભદાયક સમજવો. (૩૬)

ખભા

સ્ત્રીના ખભા સમાન, પુષ્ટ, સાંધા ન દેખાય તેવા શુભદાયક ગણાય જ્યારે રોમયુકત, ઊંચા, વાંકા, માંસહીન હોય તો અશુભદાયક સમજવા (૩૭)

કાંખ

સ્ત્રીની કાંખ કોમળ અને સૂક્ષ્મ રોમયુકત, પુષ્ટ, ચીકણી હોય તો શુભદાયક છે અને નસોવાળી, માંસહીન, ઊંડી, પરસેવાવાળી હોય તો અશુભદાયક છે એમ સમજવું (૩૮)

ભુજ

સ્ત્રીનો ભુજ (આખો હાથ) છુપાયેલા હાડકાંવાળો, કોમળ ગાંઠવાળો, નસો અને વાળ વગરનો, સીધો અને ગોળ હોય તો શુભદાયક અને માંસહીન, રોમથી યુકત નાનો, નસોવાળો અને વાંકો હોય તો અશુભદાયક થાય છે. (૩૯-૪૦)

હાથના અંગૂઠા

સ્ત્રીના હાથના અંગૂઠા કોમળ કળી સમાન હોય તો શુભદાયક અને માંસહીન તથા વાંકા હોય તો તે અશુભદાયક સમજવા જોઈએ. (૪૧)

હથેળી

સ્ત્રીની હથેળી લાલ, વચમાં ઊંચી, આંગળીઓ જોડવાથી છિદ્ર વગરની, કોમળ, થોડી રેખાઓવાળી હોય તો તે સર્વ સુખ ભોગવ નારી અને ખૂબ રેખાઓ હોય તો વિધવા, રેખા વગરની હોય તો દરિદ્ર, નસોવાળી હથેળી હોય તો ભીખ માંગનારી થાય. (૪૨-૪૩)

હાથની પાછળનો ભાગ

સ્ત્રીના હાથની પાછળનો ભાગ પુષ્ટ, કોમળ અને રોમહીન હોય તો શુભ અને નસો તથા રોમવાળો હોય અને ઊંડો હોય તો અશુભ સમજવો. (૪૪)

હાથની રેખાનાં લક્ષણ

જે સ્ત્રીની હથેળીમાં સ્પષ્ટ, લાલ, ગોળ, ચીકણી, પૂર્ણ અને ઊંડી રેખાઓ હોય તે સર્વ સુખ ભોગવનાર થાય. હથેળીમાં મત્સ્ય-રેખા હોય તો સૌભાગ્યવતી, સ્વસ્તિકરેખા હોય તો ધનવતી, કમળ હોય તો રાણી અને રાજમાતા થાય છે. શંખ, કાચબા કે છત્ર સમાન રેખા હોય તો રાજમાતા, થાય છે. (૪૫–૪૭)

જેના ડાબા હાથમાં ત્રાજવા જેવી રેખા હોય અથવા હાથી, ઘોડા, બળદ સમાન રેખા હોય તો તે વાણિયાની પત્ની થાય. (૪૮)

જેના હાથમાં મકાન, વજ્ર સમાન રેખા હોય તે ભાગ્યશાળી અને શાસ્ત્રકાર પુત્રને ઉત્પન્ન કરનારી થાય છે. જેના હાથમાં ગાડી, હળ, સમાન રેખા હોય તે ખેતી કરનારની સ્ત્રી થાય છે. હાથમાં ચામર, અંકુશ, ધનુષ્ય અને ત્રિશુળ, તલવાર, ગદા, શક્તિ અને દુંદુભિ જેવી રેખા હોય તો તે રાણા થાય છે. (૪૯–૫૦)

અંગૂઠાના મૂળથી કનિષ્ઠિકા સુધી રેખા ગઈ હોય તો તે સ્ત્રી વિધવા થાય છે. આવી સ્ત્રી સાથે વિવાહ કરવો ન જોઈએ. કાગડા, દેડકા, શિયાળ, વરૂ, વીંછી, સાપ, ગધેડા, ઊંટ, બિલાડા સમાન રેખાઓવાળા સ્ત્રીઓ દુઃખ આપનાર થાય છે. (૫૨)

હાથની આંગળીઓ

સ્ત્રીના હાથની આંગળીઓ કોમળ, સુંદર વેઢાવાળી લાંબી અને ક્રમથી પાતળી, રોમરહિત હોય તો તે શુભદાયક સમજવી. તથા અત્યન્ત નોની, માંસહીને, વાંકી, છિદ્રવાળી, રોમયુકત, અધિક કરચલીની રેખાવાળા હોય તો દુઃખદાયક સમજવી. (૫૩–૫૪)

નખ

સ્ત્રીની આંગળીઓના નખ લાલ, ઊંચા, શિખાયુકત (આગળથી અણીદાર) હોય તો તે શુભદાયક અને ગાઢ, મલિન કે પીળા રંગના

કે શ્વેત બિન્દુ ધરાવતા હોય તો તે અશુભદાયક થાય છે. (૫૫)

પીઠ

સ્ત્રીની પીઠ હાડકાં ન દેખાય તેવી, માંસથી પુષ્ટ હોય તો શુભદાયક પણ નસો દેખાતી અને રોમવાળી તથા વાંકી હોય તો તે અશુભદાયક છે. (૫૬)

કંઠ

સ્ત્રીના કંઠ પર ત્રણ રેખા હોય, છુપાયેલા હાડકાંવાળી, ગોળ, પુષ્ટ અને કોમળ હોય તો તે શુભદાયક થાય છે. મોટા કંઠવાળી વિધવા, વાંકા કંઠવાળી દાસી, ચપટા કંઠવાળી વંધ્યા અને નાના કંઠવાળી સંતાનહીન થાય છે. (૫૭-૫૮)

કંઠનો વચ્ચેનો ભાગ

સ્ત્રીના કંઠનો વચ્ચેનો ભાગ સીધો, પુષ્ટ, થોડો ઉપસેલો હોય તો તે શુભદાયક અને માંસહીન, નસોવાળો કે રોમવાળો અને વાંકો હોય તે અશુભદાયક થાય છે. (૫૯)

દાઢી

સ્ત્રીની દાઢી લાલ, કોમળ અને પુષ્ટ હોય તો તે શુભદાયક તથા પહોળી, રોમયુકત, જાડી અને બે ભાગવાળી હોય તો તે અશુભદાયક છે. (૬૦)

ગાલ

સ્ત્રીના ગાલ ઉપસેલા, પુષ્ટ, ગોળ, શુભદાયક છે પણ રોમવાળા, ઊંડા, માંસહીન હોય તો તે અશુભદાયક છે. (૬૧)

મુખ

સ્ત્રીનું મુખ સમાન, પુષ્ટ, ગોળ, સુગંધયુકત, ચીકણું અને મનોહર હોય તો તે સુખ અને સૌભાગ્યદાયક છે. એ સિવાયનું અશુભ સમજવું. (૬૨)

હોઠ (નીચલો)

સ્ત્રીના નીચલા હોઠ કમળના પાન સમાન લાલ, ચીકણા, મધ્ય ભાગમાં રેખાથી વિભાજિત અને મનોહર હોય તો તે રાણી થાય છે તથા માંસહીન, ફાટેલા, લાંબા, રૂક્ષ, શ્યામ હોય તો કલેશ અને વૈધવ્ય સૂચવે છે. (૬૩-૬૪)

ઉપરનો હોઠ

સ્ત્રીનો ઉપરનો હોઠ, લાલ, ચીકણો, થોડાક ભાગમાં ઉપસેલો તથા રોમહીન હોય તો સર્વ પ્રકારે સુખ અને સૌભાગ્ય આપનાર થાય છે. એનાથી વિપરીત હોય તે અશુભદાયક છે. (૬૫)

દાંત

સ્ત્રીના દાંત ચીકણા, દૂધ સમાન શ્વેત, સંખ્યામાં ૩૨, નીચે અને ઉપર બરાબર, થોડાક ઊંચા હોય તો શુભદાયક થાય છે. જો નીચે અધિક સંખ્યા હોય, પીળા, કાળા, લાંબા, પંક્તિમાં બબ્બે દાંત, વિકટ અને અલગ અલગ હોય તો અશુભ સમજવા જોઈએ. (૬૬-૬૭)

જીભ

સ્ત્રીની જીભ લાભ, કોમળ હોય તો અતુલ ભોગવતી થાય છે. મધ્યમ સંકુચિત, આગળના ભાગમાં વિસ્તાર હોય તો દુઃખભાગિની થાય છે. શ્વેત વર્ણવાળી જીભ હોય તો જળમાં મરણ, શ્યામ હોય તો કલહ કરનારી, જાડી જીભવાળી હોય તો નિર્ધન, લાંબી જીભવાળી હોય તો તે અભક્ષ્ય પદાર્થો ખાનારી, ખૂબ પહોળી જીભ હોય તો તે સ્ત્રી પ્રમાદનો અવગુણ ધરાવે છે. (૬૮-૬૯)

તાળવું

સ્ત્રીનું તાળવું ચીકણું કમળના પત્ર સમાન લાલ અને કોમળ

હોય તો શુભ સમજવું. શ્વેત તાળવું હોય તો વૈધવ્ય, પાળું હોય તો ઘર છોડીને સંન્યાસિની થાય છે, કાળું હોય તો સંતાનહીન અને રૂક્ષ હોય તો મોટા પરિવારવાળી થાય છે.

હાસ્ય

સ્ત્રી હસે ત્યારે જો તેના દાંત દેખાય નહીં તથા ગાલ થોડા ઊંચા હોય તે હાસ્ય શુભ અને તે સિવાય અશુભ સમજવું. (૭૨)

નાક

સ્ત્રીનું નાક બરાબર ગોળ, બંને નથ નાના કાણાંવાળા હોય તો તે શુભ અને આગળના ભાગમાં જાડું કે વચમાં ચપટું નાક હોય તો તે અશુભ સમજવું જોઈએ. (૭૩)

જે સ્ત્રીના નાકનો અગ્ર ભાગ લાલ કે સંકુચિત હોય તે સ્ત્રી વિધવા, જેનું ચપટું હોય કે ખૂબ મોટું હોય તો તે ઝઘડાખોર થાય છે. (૭૪)

નેત્ર

છેડા પર લાલ, કાળી કીકીઓવાળાં, ગાયના દૂધ સમાન, શ્વેત, મોટાં મોટાં, ચીકણી અને કાળી પાંપણવાળાં નેત્રો શુભદાયક છે. (૭૫)

ઊંચી આંખવાળી, થોડા આયુષ્યવાળી, ગોળ આંખવાળી સ્ત્રી કુલટા થાય છે. મધ સમાન ભૂખરા નેત્રવાળી સ્ત્રી સુખી અને સૌભાગ્યશાળી થાય છે. ડાબી આંખે કાણી સ્ત્રી વ્યભિચારિણી, જમણી આંખે કાણી સ્ત્રી વંધ્યા, કબૂતર જેવી આંખવાળી સ્ત્રી દુષ્ટ સ્વભાવ વાળી, હાથી જેવી આંખોવાળી સ્ત્રી દુઃખ ભોગવનાર થાય છે. (૭૬–૭૭)

પાંપણ

સ્ત્રીની પાંપણ, કોમળ, કાળી, ગાઢ, સૂક્ષ્મ હોય તો સૌભાગ્યવતી

અને વિરલ, કાબરચીતરા રંગની, જાડી હોય તો તે દુઃખ ભોગવનાર થાય. (૭૮)

ભ્રમર

સ્ત્રીની ભ્રમર ગોળ, ધનુષ્ય જેવી વાંકી, ચીકણી, કાળી, પરસ્પર મળ્યા વગરની, કોમળ રોમવાળી હોય તો તે સુખ અને કીર્તિ પામનાર થાય છે. (૭૯)

કાન

સ્ત્રીના કાન લાંબા, ગોળાકારમાં વળેલા હોય તો તે સંતાન અને સુખ આપનાર થાય છે તથા વિસ્તારરહિત, અધિક નસોવાળા, વાંકા અને અધિક પાતળા હોય તો તે અશુભ થાય છે. (૮૦)

કપાળનું લક્ષણ

જેનું કપાળ નસો વગરનું દેખાય, વાળ વગરનું હોય, અર્ધ ચન્દ્રાકાર, સમાન, લંબાઈમાં ૩ આંગળ હોય તે પતિપુત્રાદિના સુખવાળી થાય છે. જો કપાળમાં સ્વસ્તિક રેખાનું ચિહ્ન સ્પષ્ટ હોય તો રાણી થાય છે. અધિક લાંબુ વાળવાળું અને અધિક ઊંચુ કપાળ હોય તે દુઃખ ભાગિની થાય છે. (૮૧–૮૨)

મસ્તક

જે સ્ત્રીનું મસ્તક હાથીના મસ્તક સમાન ઊંચું ગોળ હોય તે સુખભાગિની અને જેનું મસ્તક વિશાળ, લાંબું તથા વાંકુ હોય તો તે દુઃખભાગિની થાય છે. (૮૩)

કેશ

જે સ્ત્રીના કેશ કોમળ, કાળા પાતળા અને લાંબા હોય તે શુભદાયક પીળા, કઠોર અને રૂક્ષ તથા વિખરાયેલા હોય તે અશુભ દાયક સમજવા; પરંતુ ગૌરવર્ણના ભૂખરા તથા શ્યામવર્ણી સ્ત્રીના

કાળા વાળ પણ શુભદાયક છે. આવી રીતે સ્ત્રીના અંગલક્ષણથી પુરુષના લક્ષણ અને ફળ પણ સમજવાં. (૮૪-૮૫)

શેખર ભાષ્ય : જ્યોતિષશાસ્ત્ર સાથે સામુદ્રિક શાસ્ત્રનો ગાઢ સંબંધ છે. હાથ ઉપરથી Exact ચોકકસ કુંડલી બનાવવાનો કસબ પ્રચલિત છે. જો કે એના તજજ્ઞો અલ્પ છે. સુરતમાં શ્રી શંભુલિંગમે સારી ખ્યાતિ જમાવી છે. અમે આવા તજજ્ઞોના સંપર્કમાં આવ્યા છીએ. આનું પણ એક વિજ્ઞાન છે એની પણ એક કલા છે. શ્રી પરાશર મુનિએ ઉપર સુખ, દુઃખ, સૌભાગ્ય, દારિદ્રય આદિનો વિચાર એના ઉપરથી કર્યો છે. વ્યવહારમાં તે ખરો પડતો જણાય છે.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં અંગલક્ષણનાં ફળ વિશે વિચાર નામનો એકયાસીમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૮૨

શરીર પર તલ વગેરે નિશાનીઓ વિશે વિચાર

પરાશર બોલ્યા :

હવે હું સ્ત્રી અને પુરુષના શરીર પર રહેલી ભમરી, તલ, મસા આદિ નિશાનીઓનાં ફળ કહું છું. (૧)

તલ, મસા, ભમરી સ્ત્રીઓના ડાબા ભાગ પર અને પુરુષોના જમણા ભાગ પર હોય તો શુભ સમજવા. જો સ્ત્રીના હૃદય પર તલ હોય તો તે સૌભાગ્યવતી થાય છે. જેના જમણા સ્તન પર લાલ તલ જેવાં ચિહ્ન હોય તેને ઘણાં સંતાન થાય છે અને તે સર્વ સુખ અને સૌભાગ્ય પામે છે. (૨-૩)

જેના ડાબા સ્તન પર એક લાલ નિશાની હોય તેને એક જ પુત્ર થાય છે. (૪)

જેના જમણા સ્તન પર તલ હોય તેને અધિક કન્યા અને પુત્રો થાય છે. (૫)

ભ્રમરની મધ્ય કે લલાટ પર તલ આદિ નિશાની રાજ્યદાયક છે તથા ગાલ પર હોય તો નિત્ય મિષ્ટાન્ન ભોજન મળે છે. (૬)

સ્ત્રીના ગુહ્યસ્થાનના જમણા ભાગમાં તલ આદિ નિશાનીઓ હોય તો તે રાણી કે રાજમાતા થાય છે. (૭)

જેના નાક પર લાલ નિશાની હોય તે રાણી થાય છે અને કાળા રંગનો ડાઘ હોય તે વ્યભિચારિણી કે વિધવા થાય છે. નાભિની

નીચે પુરુષ અને સ્ત્રીની સર્વ નિશાનીઓ શુભ ગણાય છે. કાન, ગાલ, હાથ કે કંઠ પર તલ આદિ નિશાની હોય તો પથમ સંતાન પુત્ર થાય છે તથા તે ભાગ્યશાળી થાય છે. જેની જાંઘ પર તલ આદિ નિશાની હોય તે દુઃખી થાય છે. (૮–૧૦)

જે સ્ત્રીના કપાળમાં ત્રિશૂળ સમાન નિશાની હોય તે રાણી થાય છે. પુરુષના લલાટમાં ત્રિશૂળની નિશાની હોય તો તે રાજા થાય છે. (૧૧)

હૃદય, નાભિ, હાથ, કાન, બરડો, જમણો ભાગ અને બસ્તિમાં રોમાવલીનું જમણી તરફ વળતું ચક્ર હોય તો તે શુભદાયક અને ડાબી તરફ વળતું હોય તો તે અશુભદાયક ગણવું. (૧૨)

કમર, ગુહ્ય સ્થાનમાં રોમાવલી વળેલી હોય તો તે શુભ નથી. પેટ પર હોય તો વિધવા, પીઠના મધ્ય ભાગમાં હોય તો વ્યભિચારિણી થાય છે. કંઠ, લલાટ, સેંથી કે મસ્તકના મધ્ય ભાગમાં ભમરી હોય તો અશુભ સમજવી. (૧૩–૧૪)

ઉપર જણાવેલા સુલક્ષણોવાળી સ્ત્રી અલ્પાયુ પતિને પણ દીર્ઘાયુ અને સુખી બનાવે છે. (૧૫)

શેષર ભાષ્ય : તલ, મસા ઇત્યાદિ ચિહ્નોનું પુરુષના ડાબા અને સ્ત્રીના જમણા અંગ ઉપર શુભાશુભત્વ સમજવા જેવું છે. આંખ ફરકવી વગેરે માટે પુરુષની જમણી અને સ્ત્રીની ડાબી આંખ શુભ મનાય છે. બધી જ વસ્તુમાં પુરુષનું જમણું અને સ્ત્રીનું ડાબું અંગ શુભ હોય તેમ નથી. હસ્તરેખામાં કેટલાક શાસ્ત્રીઓ સ્ત્રીઓનો ડાબો અને પુરુષનો જમણો હાથ જ જુએ છે તે પણ બરોબર નથી. અમે બન્ને હાથની તુલના કરીએ છીએ. બન્નેમાં ડાબો હાથ જન્મગત વારસો અને જમણો હાથ સ્વકર્મોપાર્જિત વિકાસ દર્શાવે છે વૈદકમાં સ્ત્રીની ડાબી અને પુરુષની જમણી હાથની નાડી જોવાનો ચાલ છે.

"બૃહત્ પારાશરી"માં બ્યાસીમો અધ્યાય સંપૂર્ણ.

卐

અધ્યાય : ૮૩

પૂર્વ જન્મના શાપ ફળ વિશે વિચાર

મૈત્રેય બોલ્યા ;

હે ઉત્તમ વિદ્વાન, આ સ્ત્રીપુરુષોના ફળ અનેક પ્રકારે કહ્યાં. શાસ્ત્રમાં પુત્ર ન હોય તેને માટે સદ્‌ગતિ નથી એમ કહ્યું છે તો કયા પાપથી મનુષ્યને પુત્ર થતો નથી અને એને ફરી પુત્ર પ્રાપ્તિ માટે કયો ઉપાય છે. કૃપા કરી આ દર્શાવો. (૧–૩)

પરાશર બોલ્યા :

હે વિપ્ર, તમે સરસ સવાલ પૂછ્યો. પાર્વતીએ પૂછવાથી શિવે જે અગાઉ કહ્યું હતું તે હું કહું છું. (૪)

પાર્વતી બોલ્યાં :

હે નાથ, મનુષ્યને કયા પાપથી સંતાનનો નાશ થાય છે અને કયા યોગથી એ જાણી શકાય તથા સંતાનની રક્ષા માટે કયો ઉપાય છે તે કૃપા કરી મને કહો. (૫)

શંકર બોલ્યા :

હે દેવી, તમે સરસ સવાલ પૂછ્યો હવે હું મનુષ્યના સંતાનનો હાનિયોગ તમને રક્ષાનો ઉપાય પણ કહું છું.

સંતાન હાનિયોગ

ગુરુ, લગ્નનો સ્વામી અને પાંચમા સ્થાનનો સ્વામી એ નિર્બળ હોય તો જન્મનાર સંતાનહીન થાય છે. (૭)

જો સૂર્ય, મંગળ, રાહુ અને શનિ બળવાન થઈ પુત્રસ્થાનમાં હોય અને પુત્રકારક–ગુરુ–પાંચમા સ્થાનનો સ્વામી નિર્બળ હોય તો સંતાનહીન યોગ સમજવો. (૮)

શાપ જાણવાની રીત

૧. પુત્રસ્થાનમાં રાહુ હોય, એના પર મંગળની દૃષ્ટિ હોય તો સાપના શાપથી પુત્રનો અભાવ સમજવો.

૨. પાંચમા સ્થાનનો સ્વામી રાહુની સાથે હોય પાંચમા સ્થાનમાં રહેલા શનિ પર ચન્દ્રની દૃષ્ટિ હોય.

૩. પુત્રકારક (ગુરુ, લગ્નનો સ્વામી આદિ) રાહુની સાથે હોય, પુત્રસ્થાનનો સ્વામી નિર્બળ હોય, લગ્નનો સ્વામી મંગળની સાથે હોય,

૪. પુત્રકારક મંગળની અને લગ્ન રાહુની સાથે હોય તથા પાંચમા સ્થાનનો સ્વામી ૬–૮–૧૨ સ્થાનમાં હોય,

૫ જો બુધ પાંચમા સ્થાનનો સ્વામી બનીને મંગળના નવમાંશમાં મંગળની સાથે હોય અને લગ્નમાં રાહુ ગુલિક હોય,

૬. પુત્રસ્થાનમાં મેષ કે વૃશ્ચિક રાશિ હોય તો તથા પાંચમા સ્થાનનો સ્વામી રાહુ કે બુધની સાથે કે તેનાથી દૃષ્ટ હોય,

૭. જો સૂર્ય, શનિ, મંગળ, રાહુ અને બુધ એ પુત્રના સ્થાનમાં હોય તથા પાંચમા અને લગ્નસ્થાનનો સ્વામી નિર્બળ હોય,

૮. લગ્નનો સ્વામી કે કારક (ગુરુ) રાહુની સાથે અને પાંચમા સ્થાનનો સ્વામી મંગળની સાથે હોય તો આ સર્વ યોગમાં સાપના શાપથી સંતાનનો અભાવ સમજવો જોઈએ. (૯–૧૬)

શાન્તિનો ઉપાય

આ દોષની શાન્તિ માટે ગામમાં શ્રાદ્ધ કરાવવું. ત્યાં શક્તિ પ્રમાણે વધુમાં વધુ બ્રાહ્મણો જમાડવા. અથવા કન્યાદાન કે ગોદાન કરવું. આમ કરવાથી પિતાના શાપમાંથી મુક્ત થવાય એમાં સંશય નથી. તેનું ફળ પુત્રપૌત્રો વડે સદાય વધે છે. આ પ્રમાણે ગ્રહયોગના વશથી ફળ વિદ્વાન જ્યોતિષીએ કહેવું. (૩૧-૩૩)

માતાના શાપથી સંતાનહીન યોગ

૧. પાંચમા સ્થાનનો સ્વામી ચન્દ્ર જો નીચ કે પાપગ્રહોની મધ્યમાં હોય તથા ચોથા-પાંચમા સ્થાનમાં પાપગ્રહ હોય તો માતાના શાપથી સંતાનનો અભાવ થાય છે.

૨. જો લાભ સ્થાનમાં શનિ, ચોથામાં પાપગ્રહ, પાંચમામાં નીચનો ચન્દ્ર હોય,

૩. પાંચમા સ્થાનનો સ્વામી ખરાબ સ્થાન ૬-૮-૧૨ માં લગ્નનો સ્વામી નીચમાં અને ચન્દ્ર પાપગ્રહની સાથે હોય,

૪. જો પાંચમા સ્થાનનો સ્વામી ૮-૬-૧૨ સ્થાનમાં હોય, ચન્દ્ર પાપ કે નવાંશમાં અને લગ્ન પાંચમા સ્થાનમાં પાપગ્રહ હોય,

૫. પાંચમા સ્થાનનો સ્વામી અને ચન્દ્ર જો શનિ, રાહુ, મંગળની સાથે થઈ ને નવમા કે પાંચમા સ્થાનમાં હોય,

૬. જો મંગળ ચોથા સ્થાનનો સ્વામી થઈ શનિ અને રાહુની સાથે હોય, પાંચમા સ્થાનમાં અને લગ્નમાં સૂર્ય અને ચન્દ્ર હોય,

૭. લગ્નનો સ્વામી, પાંચમા સ્થાનનો સ્વામી છઠ્ઠા સ્થાનમાં હોય, ચોથા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં હોય, આઠમા સ્થાનનો સ્વામી અને દશમા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય.

૮. છઠ્ઠા સ્થાનનો સ્વામી, આઠમા સ્થાનનો સ્વામી લગ્નમાં,

ચોથા સ્થાનનો સ્વામી બારમા સ્થાનમાં, ચન્દ્ર, ગુરુ બંને પાપગ્રહોની સાથે થઈને પાંચમા સ્થાનમાં હોય.

૯. લગ્ન જો ૨ પાપગ્રહની વચમાં, ક્ષીણ ચન્દ્ર સાતમા સ્થાનમાં ચોથા કે પાંચમા સ્થાનમાં રાહુ અને શનિ હોય,

૧૦. આઠમા સ્થાનનો સ્વામી પાંચમા સ્થાનમાં અને પાંચમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં હોય. ચોથા સ્થાનનો સ્વામી અને ચન્દ્ર દુષ્ટસ્થાન ૬–૮–૧૨માં હોય,

૧૧. કર્ક લગ્નમાં મંગળ, રાહુ હોય અને ચન્દ્ર, શનિ પાંચમા સ્થાનમાં હોય

૧૨. લગ્ન પાંચમા, આઠમા અને બારમા સ્થાનમાં મંગળ, રાહુ, સૂર્ય, શનિ હોય અને ચોથા સ્થાનનો તથા લગ્નનો સ્વામી દુષ્ટ સ્થાનમાં હોય,

૧૩. જો મંગળ, રાહુ, બુધ આઠમા સ્થાનમાં અને શનિ, ચન્દ્ર પાંચમા સ્થાનમાં હોય તો આ ૧૩ યોગોમાં માતાના શાપથી પુત્રનો અભાવ સમજવો અને આવી રીતે યોગ જોઈને સંતાન પ્રાપ્તિ માટે શાન્તિ કરવી જોઈએ. દા. ત. સેતુ બંધમાં સમુદ્ર સ્નાન, લક્ષ ગાયત્રી જપ, ગ્રહદાન, બ્રહ્મભોજન, ૧૦૦૮, પીપળાની પ્રદક્ષિણા કરવાથી માતૃશાપથી મુકત થઈને સંતાન પ્રાપ્તિ થાય છે અને પછી પણ એના કુળની વૃદ્ધિ થાય છે. (૩૪–૫૦)

ભાતૃશાપથી સંતાનહીનતાના ૧૩ યોગ

હવે હું ભાતૃશાપથી સંતાનહીનતાના યોગ કહું છું. આ સમજીને ડાહ્યા માનવીએ સંતાનની રક્ષા માટે યત્ન કરવા.

૧. ત્રીજા સ્થાનનો સ્વામી રાહુ, મંગળ એ પુત્રના સ્થાનમાં અને પાંચમા સ્થાનનો સ્વામી, લગ્નનો સ્વામી મૃત્યુસ્થાનમાં હોય તો ભાઈના શાપથી સંતાનહાનિ સમજવી જોઈએ. લગ્ન અને પાંચમા

સ્થાનમાં મંગળ, શનિ હોય, ત્રીજા સ્થાનનો સ્વામી નવમા સ્થાનમાં અને ભ્રાતૃકારક મૃત્યુસ્થાનમાં હોય તો ભાઈના શાપથી પુત્રનો અભાવ સમજવો. નીચમાં રહેલ ગુરુ ત્રીજા સ્થાનમાં હોય, શનિ પુત્ર સ્થાનમાં અને ચન્દ્ર તથા મંગળ મૃત્યુસ્થાનમાં હોય તો ભાઈના શાપથી સંતાનનો અભાવ સમજવો. આ પ્રમાણે લગ્નનો સ્વામી બારમા સ્થાનમાં, મંગળ પાંચમા સ્થાનમાં, પાંચમા સ્થાનનો સ્વામી પાપગ્રહની સાથે આઠમા સ્થાનમાં હોય, લગ્ન અને પાંચમું સ્થાન પાપગ્રહોની વચ્ચે હોય, લગ્ન અને પાચમા સ્થાનનો સ્વામી દુષ્ટ સ્થાન ૬-૮-૧૨માં હોય, દસમા સ્થાનનો સ્વામી પાપગ્રહની સાથે ત્રીજા સ્થાનમાં હોય અને કોઈ શુભ ગ્રહ મંગળની સાથે પાંચમા સ્થાનમાં હોય, પાંચમા સ્થાનમાં બુધની રાશિમાં શનિ અને રાહુ હોય, બુધ અને મંગળ બારમા સ્થાનમાં હોય, ત્રીજા સ્થાનમાં લગ્નનો સ્વામી, પુત્રસ્થાનમાં ત્રીજા સ્થાનનો સ્વામી હોય, લગ્ન, ત્રીજા અને પાંચમા સ્થાનમાં પાપગ્રહ હોય, ત્રીજા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં, પુત્રકારક પુત્રસ્થાનમાં શનિની સાથે હોય તો આ સર્વ યોગોમાં ભાઈના શાપથી પુત્રનો અભાવ કહેવો જોઈએ. (૫૧-૬૧)

ભાઈના શાપની મુક્તિનો ઉપાય

ભાઈના શાપથી મુક્ત થવા માટે હરિવંશનું શ્રવણ કરીને ચાન્દ્રાયણ વ્રત કરવું પછી કાવેરી નદીના કિનારે શાલીગ્રામની સમક્ષ પીપળાનું વૃક્ષ વાવવું અને તેની પૂજા કરવી. પત્નીના હાથે દસ ગાયોનું દાન કરાવવું અને આંબા વગેરે ફળવૃક્ષોવાળી જમીનનું દાન કરે તો જરૂર એને ત્યાં પુત્ર થઈને કુળની વૃદ્ધિ થાય છે. (૬૨-૬૪)

મામાના શાપથી સંતાનહીનતાનો યોગ

પાંચમા સ્થાનમાં જો બુધ, ગુરુ, મંગળ, રાહુ હોય, લગ્નમાં શનિ હોય તો મામાના શાપથી સંતાનનો અભાવ સમજવો. લગ્નનો સ્વામી, પુત્ર સ્થાનનો સ્વામી, શનિ, બુધ, મંગળની સાથે પુત્રના સ્થાનમાં હોય તો મામાના શાપથી પુત્રનો અભાવ સમજવો.

પાંચમા સ્થાનનો સ્વામી અસ્ત હોય ને લગ્નમાં, સાતમા સ્થાનમાં, શનિ, લગ્નનો સ્વામી, બુધની સાથે હોય તો સંતાનનો અભાવ સમજવો. વ્યયસ્થાનના સ્વામીની સાથે ચોથા સ્થાનનો સ્વામી લગ્નમાં હોય તો, ચન્દ્ર, બુધ, મંગળ પાંચમામાં હોય તો સંતાનનો અભાવ કહેવો જોઈએ. (૬૫–૬૮)

દોષ શાન્તિ

આવી રીતે સંતાનના અભાવના યોગમાં વિષ્ણુ ભગવાનની સ્થાપના, વાવ, કૂવા, તળાવ ખોદાવવા, બંધ બંધાવવા જોઈએ. આવી રીતે શાન્તિથી પુત્ર અને સંપત્તિની વૃદ્ધિ થાય છે. (૬૯–૭૦)

બ્રાહ્મણના શાપથી સંતાનના અભાવનો યોગ

જો કોઈ ધન કે બળના મદથી બ્રાહ્મણોનું અપમાન કરે છે તેને તે પાપથી હવે પછીના જન્મમાં સંતાન થતાં નથી.

૧. ગુરુની રાશિમાં રાહુ અને પાંચમા સ્થાનમાં ગુરુ હોય તો બ્રાહ્મણના શાપથી સંતતિનો અભાવ કહેવો.

૨. નવમા સ્થાનનો સ્વામી પાંચમા સ્થાનમાં હોય, પાંચમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં હોય તથા ગુરુ, મંગળ અને રાહુની સાથે હોય,

૩. નવમા સ્થાનનો સ્વામી નીચમાં, વ્યયસ્થાનનો સ્વામી પાંચમા સ્થાનમાં રાહુની સાથે હોય,

૪. ગુરુ નીચ રાશિમાં, રાહુ લગ્નમાં કે પાંચમા સ્થાનના

અને પાંચમા સ્થાનનો સ્વામી ત્રિક ૬-૮-૧૨ સ્થાનમાં ત્રિક ૬-૮-૧૨માં હોય,

૫. પાંચમા સ્થાનનો સ્વામી, ગુરુ પાપગ્રહની સાથે આઠમા સ્થાનમાં હોય કે પાંચમા સ્થાનનો સ્વામી સૂર્ય કે ચન્દ્રની સાથે આઠમા સ્થાને હોય.

૬. ગુરુ જો શનિના નવાંશમાં શનિ અને મંગળની સાથે હોય અને પાંચમા સ્થાનનો સ્વામી વ્યયસ્થાનમાં હોય.

૭. લગ્નમાં ગુરુ શનિની સાથે હોય, નવમા સ્થાનમાં રાહુ હોય કે રાહુની સાથે ગુરુ વ્યયસ્થાનમાં હોય તો આ સર્વ યોગોમાં બ્રાહ્મણના શાપથી સંતાનનો અભાવ છે એમ કહેવું (૭૧-૭૮)

આ યોગોની શાન્તિ

આ શાપમાંથી મુક્ત થવા માટે ચાન્દ્રાયણ ત્રણ પ્રાજાપત્યકૃચ્છ્ર વ્રત કરવાં તથા દક્ષિણા સાથે ગાય આપવી. સુવર્ણસહિત પાંચ રત્નો આપવાં તથા હે વિપ્રવર, બ્રાહ્મણોને યથાશક્તિ ભોજન આપવું. આમ કરવાથી સત્પુત્ર થાય છે એમાં સંશય નથી. તે શાપમાંથી મુક્ત થઈને સત્પુત્ર પ્રાપ્ત કરીને મનુષ્ય સુખી થાય છે. (૭૯-૮૧)

પત્નીના શાપથી સંતાનના અભાવના ૧૧ યોગ

૧. સાતમા સ્થાનનો સ્વામી પાંચમા સ્થાનમાં, શનિ સાતમા સ્થાનના સ્વામી કે નવાંશમાં હોય, પાંચમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં હોય તો સ્ત્રીના શાપથી સંતાનનો અભાવ થાય છે.

૨. સાતમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં, બારમા સ્થાનનો સ્વામી પાંચમા સ્થાનમાં તથા પુત્રકારક ગ્રહ પાપગ્રહની સાથે હોય.

૩. શુક્ર પુત્રના સ્થાનમાં. સાતમા સ્થાનનો સ્વામી આઠમા

સ્થાનમાં અને કારક ગ્રહ પાપગ્રહની સાથે હોય,

૪. બીજા સ્થાનમાં પાપગ્રહ, સાતમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં, પાંચમા સ્થાનનો સ્વામી પાપગ્રહ હોય, સાતમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં, પાંચમા સ્થાનમાં પાપગ્રહ હોય,

૫. નવમા સ્થાનમાં, શુક્ર, સાતમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં, લગ્ન અને પાંચમા સ્થાનમાં પાપગ્રહ હોય,

૬. શુક્ર ભાગ્યસ્થાનનો સ્વામી હોય, પાંચમા સ્થાનનો સ્વામી શત્રુરાશિમાં હોય, ગુરુ, લગ્નનો સ્વામી, સાતમા સ્થાનનો સ્વામી એ ત્રણેય ૬-૮-૧૨ સ્થાનમાં હોય,

૭. પાંચમા સ્થાનમાં વૃષભ કે તુલા રાશિ હોય, એમાં સૂર્ય, ચન્દ્ર હોય, ૧૨-૧-૨ સ્થાનમાં પાપગ્રહ હોય,

૮. સાતમા સ્થાનમાં શનિ, શુક્ર, આઠમા સ્થાનનો સ્વામી પુત્રસ્થાનમાં, લગ્નમાં સૂર્ય અને રાહુ હોય.

૯. બીજા સ્થાનમાં મંગળ, બારમા સ્થાનમાં ગુરુ, પાંચમા સ્થાનમાં શુક્ર અને રાહુ હોય,

૧૦. આઠમા સ્થાનમાં બીજા અને સાતમા સ્થાનનો સ્વામી હોય, પાંચમા અને લગ્ન સ્થાનમાં મંગળ, શનિ હોય, પુત્રકારક પાપગ્રહની સાથે હોય અને સાતમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં હોય તો આ સર્વ યોગોમાં સ્ત્રીના શાપથી સંતાનના અભાવનો યોગ થાય છે. (૮૨-૯૨)

શાપમાંથી મુક્તિ

પત્નીના શાપમાંથી મુક્ત થવા માટે જો કન્યા હોય તો કન્યા-દાન કરવું. કન્યા ન હોય તો સોનાની લક્ષ્મીનારાયણની પ્રતિમા તથા દસ, વાછરડાવાળી ગાયો, શય્યા, અલંકારો, વસ્ત્રો દ્વિજ દંપતિને

આપવાથી એ મનુષ્યને પુત્ર થાય છે અને ભાગ્યની વૃદ્ધિ થાય છે. (૯૩–૯૫)

પ્રેતશાપથી સંતાનહીનતાના નવ યોગ

મૃત પિતૃઓનું શ્રાદ્ધ ન કરવાથી તે મૃત મનુષ્યનું પ્રેત શાપ આપે ત્યારે સંતાનહીનતા થાય છે. એટલે આવા યોગોને જન્મલગ્ન પરથી હું કહું છું.

૧. પાંચમા સ્થાનમાં શનિ, સૂર્ય, સાતમા સ્થાનમાં ક્ષીણ ચન્દ્ર, લગ્ન અને વ્યયસ્થાનમાં રાહુ અને ગુરુ હોય તો પ્રેતશાપથી સંતાનહીનતા સમજવી.

૨. પાંચમા સ્થાનનો સ્વામી જો મૃત્યુસ્થાનમાં, લગ્નમાં મંગળ અને પુત્રકારક આઠમા સ્થાનમાં હોય.

૩ લગ્નમાં પાપગ્રહ, બારમા સ્થાનમાં સૂર્ય, પાંચમા સ્થાનમાં મંગળ, શનિ, બુધ અને પાંચમા સ્થાનનો સ્વામી આઠમા સ્થાનમાં હોય,

૪. લગ્નમાં રાહુ, પાંચમા સ્થાનમાં શનિ, આઠમા સ્થાનમાં ગુરુ હોય,

૫. લગ્નમાં શુક્ર, ગુરુ, રાહુ અને ચન્દ્ર શનિની સાથે હોય, લગ્નનો સ્વામી આઠમા સ્થાનમાં હોય,

૬. પાંચમા સ્થાનનો સ્વામી અને પુત્રકારક એ બંનેય નીચ રાશિમાં નીચસ્થ ગ્રહથી દૃષ્ટ હોય.

૭. લગ્નમાં શનિ પાંચમા સ્થાનમાં, રાહુ આઠમા સ્થાનમાં, સૂર્ય વ્યયસ્થાનમાં હોય.

૮. સાતમા સ્થાનનો સ્વામી ૬–૮–૧૨ સ્થાનમાં, પાંચમા સ્થાનમાં ચન્દ્ર, લગ્નમાં શનિ, અને ગુલિક હોય.

૯. આઠમા સ્થાનનો સ્વામી પાંચમા સ્થાનમાં શનિ અને

શુક્રની સાથે હોય, પુત્રકારક નીચ રાશિમાં હોય તો આ સર્વ યોગોમાં પ્રેતના શાપથી પુત્રનો અભાવ કહેવો જોઈએ. (૯૬–૧૦૫)

શાન્તિ

આ દોષની શાન્તિ માટે ગયામાં શ્રાદ્ધ કરવું. રુદ્રઅભિષેક કરવો તથા બ્રહ્માની પ્રતિમા દાનમાં આપવી તથા હે દ્વિજ ગાય, ચાંદીનું પાત્ર તથા નીલમણિ આપવા અને પછી બ્રાહ્મણોને ભોજન કરાવી દક્ષિણા આપવી. આમ કરવાથી મનુષ્યની શાપમાંથી મુક્તિ થાય છે અને તેને પુત્રની ઉત્પત્તિ થઈ કુળની વૃદ્ધિ થાય છે. (૧૦૬–૧૦૮)

ગ્રહદોષથી સંતાનહીનતામાં શાન્તિ

ગ્રહના દોષથી સંતાનહીનતાનો યોગ થાય તો બુધ, શુક્ર, કૃત દોષમાં શ્રીશંકરના પૂજનથી, ગુરુ અને ચન્દ્રકૃત દોષમાં મંત્ર, યંત્ર, ઔષધિસેવન વગેરેથી, રાહુકૃત દોષમાં કન્યાદાનથી, સૂર્યકૃત દોષમાં ભગવાન વિષ્ણુની આરાધનાથી, મંગળ અને શનિકૃત દોષમાં ષડગશત રુદ્રીયજપથી પુત્રની પ્રાપ્તિ થાય છે. અથવા સર્વ પ્રકારના સંતાન હીનતાના દોષમાં ભક્તિપૂર્વક શ્રી હરિવંશ પુરાણ સાંભળવાથી જરૂર પુત્ર થાય છે. (૧૦૯–૧૧૧)

શેખર ભાષ્ય : માનવીએ કરેલાં કર્મોનું ફળ ભોગવવું જ પડે છે. પછી તે વત્તે ઓછે અંશે થાય તે જુદી વાત છે. આ અધ્યાયમાં શાપ વિમોચન વિધિ સુપેરે વર્ણવી છે. તે પોતાના આ જન્મના કર્મો બળવાન હોય તો તેવું સૂઝે અને સૂચન મેળવાય, અન્યથા નહીં.

બૃહત્ પારાશરીમાં અધ્યાય ૮૩ સંપૂર્ણ.

અધ્યાય : ૮૪

ગ્રહની શાન્તિ

મૈત્રેય બોલ્યા :

હે મુનિ, માનવીઓના હિતને માટે ગ્રહોના દોષની શાન્તિ માટે મને સંક્ષેપમાં પૂજાવિધિ કહો. (૧)

પરાશર બોલ્યા :

હે ઉત્તમ વિપ્ર, અગાઉ મેં સૂર્ય વગેરે ગ્રહો કહ્યા છે. જગતમાં સર્વ જીવોનું સુખ અને દુઃખ તેમને આધીન છે. તેથી શાન્તિ, સંપત્તિ, વૃષ્ટિ, આયુષ્ય કે પુષ્ટિની કામના કરનારાએ ભક્તિથી ગ્રહોના યજ્ઞ (જપ-દાન-પૂજન) કરવાં જોઈએ. (૨-૪)

ગ્રહોની પ્રતિમાઓ

સૂર્યની પ્રતિમા તાંબામાંથી, ચન્દ્રની સ્ફટિકમાંથી, મંગળની રક્તચંદનમાંથી, બુધ અને ગુરુની સોનાથી, શુક્રની ચાંદીથી, શનિની લોખંડની, રાહુની સીસાની અને કેતુની કાંસાની પ્રતિમા બનાવડાવવી અથવા ચન્દન આદિથી વસ્ત્ર પર પોતપોતાના ઉક્ત વર્ણની ગ્રહોની પ્રતિમા ચીતરી કહેલી દિશામાં સ્થાપવી. (૪-૫)

પૂજા અને ધ્યાન માટે ગ્રહોનાં સ્વરૂપ

કમળના, આસન પર, હાથમાં કમળ, કમળ સમાન વર્ણ, સાત ઘોડાના રથ પર બેઠેલી, બે ભુજાથી સુશોભિત સૂર્યનું ધ્યાન ધરવું (૬)

શ્વેત વર્ણ, શ્વેત વસ્ત્રધારી, દસ ઘોડાના રથ પર, શ્વેત

અલંકારોની સાથે, હાથમાં ગદા તથા બે હસ્તવાળું ચન્દ્રનું સ્વરૂપ બનાવવું. (૭)

લાલ માળા, લાલ વસ્ત્રધારી, ચાર હાથવાળી, શક્તિ, શૂળ ગદા અને વરદાયક ચાર હાથ તથા આખલા પર મંગળનું સ્વરૂપ છે. (૭)

પીળા રંગની માળા, પીળા, વસ્ત્રને ધારણ કરેલું ચતુર્ભુજ, તલવાર, ઢાલ, ગદા અને વરદાનની મુદ્રા, સિંહ પર સવારી એ બુધનું સ્વરૂપ છે. (૯)

ગુરુનો પીળો વર્ણ, શુક્રનો શ્વેત વર્ણ, બંને ચાર હાથવાળા, ક્રમશઃ દંડ, અક્ષસૂત્ર, કમંડલ અને વરદ હાથ-આવા એમનાં સ્વરૂપ છે. (૧૦)

હે મૈત્રેય, ઇન્દ્રનીલ સમાન કાન્તિ, ચતુર્ભુજ, શૂળ, ધનુષ અને વરદ હાથ, ગીધ પર વાહન કરનાર શનિનું સ્વરૂપ જાણવું. (૧૧)

ભયંકર મુખ, ચતુર્ભુજ, તલવાર, ઢાલ, શૂળ અને વરદ, નીલ-વર્ણ અને સિંહ પર સવાર રાહુનું સ્વરૂપ કલ્પવું. (૧૨)

સઘળા કેતુઓ ધૂમ્ર વર્ણવાળા, બે હાથવાળા, ગદા ધારણ કરનાર, વરદ, વિકૃત મુખવાળા અને ગીધ પર સ્વારી કરતાં સ્વરૂપ છે. (૧૩)

સર્વ ગ્રહોની પ્રતિમા મસ્તક પર અલંકારયુક્ત તથા પોતાની આંગળીઓ પ્રમાણે ૧૦૮ આંગળ ઊંચી બનાવવી. (૧૪)

પૂજાની વિધિ

જે ગ્રહનો જે વર્ણ કહેવામાં આવ્યો છે તે વર્ણના પુષ્પ કે વસ્ત્ર, ગન્ધ, દીપ, ગુગળ વગેરે ધૂપ તથા જે ગ્રહનું જે દ્રવ્ય હોય, જેને જે અન્ન પ્રિય હોય તે ભક્તિભાવથી અર્પણ કરવું. (૧૫-૧૬)

મંત્ર અને જપ સંખ્યા

પૂજન બાદ સૂર્યના **આકૃષ્ણેન રજસા** ઇત્યાદિ મંત્રથી ૭૦૦૦, ચન્દ્રના **ઇમં દેવા અસપત્નં** ઇત્યાદિ મંત્રથી ૧૧ હજાર,

મંગળના **અગ્નિર્મૂર્ધા દિવઃ** ઇત્યાદિ મંત્રથી ૧૦ હજાર, બુધના **ઉદ્ બુધ્યસ્વ** ઇત્યાદિ મંત્રથી ૯ હજાર, ગુરુના **બૃહસ્પતે અતિયદર્યો** ઇત્યાદિ મંત્રથી ૧૯ હજાર, શુક્રના **અન્નાત્ પરિસ્રુતો રસં** ઇત્યાદિ મંત્રથી ૧૬ હજાર, શનિના **શન્નો દેવીરભીષ્ટય** ઇત્યાદિ મંત્રથી ૨૩ હજાર, રાહુના **કયા નશ્ચિત્ર આભુવ** ઇત્યાદિ મંત્રથી ૧૮ હજાર અને કેતુના **કેતું કૃણ્વન્ન કેતવે** ઇત્યાદિ મંત્રથી ૧૭ હજાર જપ કરવા. (૧૭–૨૦)

હોમ હવન

સૂર્યાદિ ગ્રહની પ્રીતિ માટે ક્રમશઃ આંકડો, પલાશ, ખેર, પીપળો, ગૂલર, શમી, કુળ અને કુશની સમિધા, મધ, ઘી, દહીં કે દૂધની સાથે ૧૦૮ કે ૨૮ સંખ્યામાં હવન કરવા જોઈએ. (૨૧–૨૨)

બ્રહ્મભોજન

સૂર્યાદિ ગ્રહોની પ્રીતિ માટે અનુક્રમે ગોળની સાથે બનાવેલા ભાત, હવિષ્યન્ન, દૂધથી બનાવેલો સાઠી ચાવલનો ભાત, દહીં ભાત, ઘૃતભાત, ચૂર્ણ (તલચૂર્ણ) ભાત, માંસ ભાત, ખીચડી એ યથાશક્તિ બ્રાહ્મણોનો સત્કાર કરી જમાડવા. (૨૩–૨૪)

દક્ષિણામાં વાછરડાવાળી ગાય, શંખ, બળદ, સુવર્ણ, વસ્ત્ર, ઘોડા, કાળી ગાય, લોખંડના અસ્ત્રો, વગેરે અને બકરા એ ક્રમથી સૂર્યાદિ ગ્રહોની પ્રીતિ માટે આપવા. (૨૫)

જેનો જે ગ્રહ જ્યારે ખરાબ સ્થાનમાં હોય તેને યત્નથી પૂજવો કારણ કે બ્રહ્માએ એવું વરદાન આપ્યું છે કે જે તમારી પૂજા કરે તેનું તમે કલ્યાણ કરો. તથા પૃથ્વીમાં સર્વ મનુષ્યોની ઉન્નતિ કે અવનતિ તથા સંસારની ઉત્પત્તિ અને પ્રલય પણ ગ્રહોને આધીન છે. એટલા માટે ગ્રહો સૌથી વધુ પૂજ્ય છે.

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ગ્રહોની શાન્તિ વિશે વિચાર નામનો ચોર્યાસીમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૮૫

અશુભ જન્મકથન

પરાશર મુનિ બોલ્યા :

હે મૈત્રેય, લગ્ન અને ગ્રહસ્થિતિ ઉત્તમ હોય ત્યારે પણ અન્ય કારણોથી પણ જન્મ અશુભપ્રદ થાય છે તે કહું છું.

લગ્ન સરસ હોવા છતાં પણ અમાસ, વદ ચૌદશ, ભદ્રા, કરણ, ભાઈનું જન્મનક્ષત્ર, માતા કે પિતાનું જન્મનક્ષત્ર, સૂર્યની સંક્રાન્તિ, પાત, સૂર્ય અને ચન્દ્રનું ગ્રહણ, વ્યતિપાત આદિ દુષ્ટ યોગ, ત્રણ પ્રકારના ગંડાન્ત, યમઘંટ, તિથિક્ષય, દગ્ધાદિ યોગ–આમાં જન્મ હોય તથા ત્રીતર–ત્રણ પુત્રી બાદ પુત્ર–ત્રણ પુત્ર બાદ પુત્રીનો જન્મ, અને પ્રસવવિકાર, અશુભદાયક સમજવા. પરંતુ શાન્તિ કરાવવાથી તે કલ્યાણપ્રદ થાય છે. એટલા માટે હવે હું શાન્તિના ઉપાયો કહું છું. (૧–૪)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં અશુભ જન્મકથન વિશે વિચાર નામનો પંચ્યાસીમો અધ્યાય સંપૂર્ણ.

卐

અધ્યાય : ૮૬

અમાસાદિક જન્મ

પરાશર બોલ્યા :

હે મૈત્રેય અમાસમાં સંતાનના જન્મથી ગરીબી આવે છે. એટલા માટે એની શાન્તિ જરૂર કરવી જોઈએ. યથાવિધિ કલશ સ્થાપન કરીને એમાં ગૂલર, વડ, પીપળ, આંબા તથા લીંબડાના પાન, જડ અને છાલ તથા પંચરત્ન આપીને એને બે વસ્ત્ર વીંટાળવાં. (૧-૩)

પછી **'સર્વે સમુદ્રા'** ઇત્યાદિ તથા **આપો હિષ્ઠા** ઇત્યાદિ ત્રણેય મંત્રથી કલશને અભિમંત્રીને અગ્નિકૃણામાં સ્થાપવો. પછી અમાસના દેવ ચન્દ્ર અને સૂર્યની સોનાની, ચાંદીની અને તાંબાની ક્રમથી ચન્દ્ર અને સૂર્યની પ્રતિમા બનાવી વિધિવત્ સ્થાપન કરી ક્રમથી **આપ્યાયસ્વ** ઇત્યાદિ મંત્ર તથા **સવિતા** ઇત્યાદિ મંત્રથી ષોડશોપચાર કે પંચોપચારથી પૂજન કરવું. પછી સમિધા અને ચરુથી પોતપોતાના મંત્રથી સૂર્ય અને ચન્દ્રની પ્રીતિ માટે ૧૦૮ કે ૨૮ હવન કરવા. પછી સંતાન સહિત સ્ત્રીપુરુષનો અભિષેક કરી સોનું, ચાંદી, કાળી ગાય દાનમાં આપવાં. પછી યથાશક્તિ બ્રાહ્મણોને ભોજન કરાવવાથી આવી રીતે શાન્તિ કર્મથી દોષ નષ્ટ થાય છે. (૪-૬)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં અમાસે જન્મની શાન્તિ વિશે ત્રિચાર નામનો છયાસીમો અધ્યાય સંપૂર્ણ

☆

અધ્યાય : ૮૭

વદ ચૌદશ જન્મ

પરાશર બોલ્યા :

હે વિપ્ર, વદ ચૌદશના માપના ૬ વિભાગ કરવા. પ્રથમ ભાગમાં જન્મ હોય તો શુભ, બીજા ભાગમાં પિતાનો નાશ, ત્રીજા ભાગમાં માતાનું મૃત્યુ, ચોથા ભાગમાં મામાનો, પાંચમા ભાગમાં કુળનો, છઠ્ઠા ભાગમાં જન્મ લેનારનો પોતાનો નાશ થાય છે. એટલા માટે આ દોષના શમન માટે પ્રયત્નપૂર્વક શાન્તિ કરવી. (૧-૩)

પૂજ્ય દેવતાની પ્રતિમાનું સ્વરૂપ

પોતાના વૈભવ અનુસાર ૧ કર્ષ કે યથાશક્તિ સોનાના શંકરની મનોહર પ્રતિમા જેના મસ્તક પર શ્વેત માળા, શ્વેત વસ્ત્રવાળી, ત્રિનેત્ર, વૃષભ પર બેઠેલી, વરદાન આપતી અને અભય ધારણ કરતી બનાવે. (૪-૫)

પછી વારુણ મંત્રથી આવાહન કરી ત્ર્યંબક ઈત્યાદિ મંત્રથી સાવધાન થઈ પૂજા કરવી. ઈમં મે વરુણ, તત્ત્વા યામિ એ ઋચાથી ઇત્વંનો અગ્ને તથા સત્વંનો ઈત્યાદિ મંત્રથી અગ્નિકોણમાં રહેલા કળશથી શરૂ કરીને ચાનો ભદ્ર ઈત્યાદિ તથા ભદ્રા અગ્નેશ્ચ એ

સૂક્ત જપીને અને કદ્રુ દ્રેત્યાદિ મંત્ર જપવો. શંકરનો અભિષેક કરી નવ ગ્રહોનું પૂજન કરીને સમિધા, ઘી, ચરુ, તેલ, અડદ, સરસવ પીપળો, પાકર, પલાશ, ખેરની સમિધાથી ૧૦૮ કે ૨૮ સંખ્યામાં પ્રત્યેક ગ્રહાદિના અલગ અલગ હવન કરવા. પછી વિધાન-પૂર્વક ત્ર્યંબકં ઈત્યાદિ મંત્રથી તલનો હવન અને વ્યાહૃતિથી ગ્રહોનો હવન કરે તો જરૂર કલ્યાણ થાય છે. પછી કળશમાં રહેલ જળથી, જન્મનાર અને એની માતા અને પિતાને અભિષેક કરી યથાશક્તિ બ્રહ્મભોજન કરાવવું. (૬–૧૩)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં વદ ચૌદશના જન્મની શાન્તિ વિશે વિચાર નામનો સત્યાસીમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૮૮

ભદ્રા આદિ શાન્તિ વિશે વિચાર

પરાશર બોલ્યા :

હે વિપ્ર, હું ભદ્રા, તિથિક્ષય, વ્યતીપાત-પાત-પરિઘ-વજ્ર આદિ દુષ્ટયોગ તથા યમઘંટ આદિ યોગમાં જે અશુભ જન્મ કહેવામાં આવ્યા છે એમની શાન્તિની ક્રિયા કહું છું, જે દુર્યોગમાં જન્મ થયો હોય તે દુર્યોગ ફરી જે દિવસે આવે એ જ દિવસે શાન્તિ કરી લેવી જોઈએ. (૧-૨)

અથવા સારા જ્યોતિષીએ દર્શાવેલા સારા દિન અને સુલગ્નમાં વિષ્ણુ આદિ દેવની પૂજા, ગ્રહનો યજ્ઞ, શ્રીશંકરનો અભિષેક, શિવ મંદિરમાં ઘીના દીવાનું દાન અને આયુષ્ય વધારનાર પીપળાના વૃક્ષનું પૂજન અને પ્રદક્ષિણા કરીને વિષ્ણુ ભગવાનના મંત્ર-**વિષ્ણો રરાટ મસીત્યાદ્વિથી** ૧૦૮ વાર હવન કરીને યશાશક્તિ બ્રાહ્મણોને ભોજન કરાવે તો કલ્યાણ થાય. (૩-૫)

'બૃહત્ પારાશર હોરાશાસ્ત્ર'માં ભદ્રા આદિ ખરાબ યોગની શાન્તિ વિશે વિચાર નામનો અઠ્યાસીમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૮૯

સરખાં નક્ષત્ર શાંતિ વિચાર

પરાશર બોલ્યા :

જો ભાઈ કે માતા, પિતાના નક્ષત્રમાં કોઈનો જન્મ હોય તો એ બંને કે બંનેમાંથી એકનું મરણ કે મરણતુલ્ય કષ્ટ અવશ્ય થાય છે. એટલા માટે એની શાન્તિવિધિ કહું છું. ચન્દ્ર અને તારાને અનુકૂળ સારા મુહૂર્તમાં રિક્ત ભદ્રાદિ દોષરહિત દિનમાં શાન્તિ કર્મનો આરંભ કરવો જોઈએ. અગ્નિથી ઈશાન ભાગમાં જન્મવાળા નક્ષત્રની સુંદર પ્રતિમા બનાવીને કલશ પર સ્થાપી, લાલવસ્ત્રથી ઢાંકી પછી બે વસ્ત્ર લઈ ઢાંકવી અને નક્ષત્રના કહેલા મંત્રથી પૂજા કરવી. પોતપોતાની શાખા અનુસાર અગ્નિમુખ કરીને એ જ મંત્રથી ૧૦૮ વાર ઘી–સમિધ આદિથી હવન કરવો પછી આચાર્ય એ બંને (પિતા, પુત્ર કે ભાઇઓ)નો ખાસ અભિષેક કરે. યજમાન ઋત્વિજોને તથા ખાસ કરીને વૈભવ અનુસાર દક્ષિણા આપીને બ્રહ્મભોજન કરાવવું. (૧–૭)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં એકસરખાં નક્ષત્રમાં જન્મની શાન્તિનો વિચાર

અધ્યાય : ૯૦

સંક્રાન્તિ જન્મની શાન્તિ વિશે વિચાર

સૂર્યાદિ દિનોમાં સંક્રાન્તિ નામ ક્રમથી ઘોરા, ધ્વાંક્ષી, મહોદરી મન્દા, મંદાકની, મિશ્રા, રાક્ષસી સમજવા. સૂર્યની સંક્રાન્તિમાં જન્મ લેનાર દરિદ્ર અને દુઃખી થાય છે પરંતુ શાન્તિ કરવાથી સુખી થાય છે એટલા માટે હું શાન્તિવિધિ કહું છું. (૧-૨)

સંક્રાન્તિજન્મ દોષની શાન્તિ માટે નવગ્રહ યજ્ઞ કરવો જોઈએ. ઘરના પૂર્વ ભાગમાં છાણથી લીપેલા સુંદર સ્થાનમાં પાંચ દ્રોણ જેટલાં ધાન્ય, અઢાઈ દ્રોણ ચાવલ અને સવા અઢાઈ તલ એમના અલગ અલગ ત્રણ ઢગલા કરવા અને તે સર્વ પર અષ્ટદલ કમળ બનાવી ફરી પુણ્યા હવાચન કરાવી ધર્મજ્ઞ, મંત્રાર્થ જાણનાર, શાન્તિ કાર્યમાં નિષ્ણાત એવા આચાર્યનું વરણ કરવું—પસંદ કરવા. (૩-૬)

ત્રણ ઢગલીઓ પર છિદ્રરહિત સુંદર કલશ સ્થાપીને એમાં તીર્થનાં જલ, સાત માટી, સો ઔષધિ, પાંચ પલ્લવ, પંચગવ્ય, રાખી વસ્ત્રથી ઢાંકી દેવું. પ્રત્યેક કુંભ પર આસન માટે સૂક્ષ્મ વસ્ત્રથી લપેટેલાં પાત્ર રાખવાં પછી એના પર અધિદેવ અને પ્રત્યધિદેવ સહિત પ્રધાન-સંક્રાન્તિ પ્રતિમા સ્થાપવી. અહીં સૂર્ય અધિદેવ અને

ચન્દ્ર પ્રત્યધિદેવ છે. એટલા માટે બંને બાજુમાં સૂર્ય અને ચન્દ્રની તથા મધ્યમાં પ્રધાન–સંક્રાન્તિની પૂજા કરવી. પૂજન અગાઉ યથાશક્તિ પ્રત્યેક પ્રતિમાને જોડી વસ્ત્રો સમર્પણ કરવાં. પછી વ્યાહૃતિપૂર્વક પોતાના મંત્રથી પ્રત્યેકની પૂજા કરવી. જેમકે ત્ર્યંબકં યજામહે મંત્રથી પ્રધાન પ્રતિમાની તથા ઉત્સૂર્ય ઇત્યાદિ મંત્રથી સૂર્યની અને આપ્યાયસ્વ ઇત્યાદિ મંત્રથી ચન્દ્રની પૂજા ષોડશોપચાર કે યથાશક્તિ પંચોપચારથી કરીને ફરી મુખ્ય પ્રતિમાનો સ્પર્શ કરી મૃત્યુંજય મંત્રના એક હજાર આઠ, ૧ હજાર સાત કે ૨૮ વાર પોતાની શક્તિ અનુસાર જપ કરવા. (૭–૧૪)

સ્થાપિત કળશોની પશ્ચિમે સ્થંડિલ પર અગ્નિ સ્થાપન કરી પોતાના ગૃહ્યોકત વિધિથી સંસ્કાર કર્યા બાદ ત્ર્યંબકં યજામહે ઇત્યાદિ મંત્રથી સમિધા, ઘી અને ચરુથી ૧૦૦૮ કે ૧૦૮ કે ૨૮ વાર પોતાની શક્તિ અનુસાર હવન કરવો પછી પણ મૃત્યુંજય મંત્રથી તલનો હવન, ફરી સ્વિષ્ટ કૃત હવન કરીને માતાપિતા સહિત, જન્મનારને અભિષેક કરીને યથાશક્તિ બ્રહ્મભોજન કરાવવું. આવી રીતે શાન્તિકર્મ કરવાથી કલ્યાણ થાય છે. (૧૫–૧૮)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં સંક્રાન્તિમાં જન્મનારની શાન્તિ વિશે વિચાર નામનો નેવુમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૯૧

ગ્રહણમાં જન્મ શાન્તિ વિશે વિચાર

પરાશર મુનિ બોલ્યા :

હે વિપ્ર, સૂર્ય કે ચન્દ્રના ગ્રહણના સમયમાં જેનો જન્મ થાય છે એને વ્યાધિ, કષ્ટ, દારિદ્રય, અને મૃત્યુનો ભય થાય છે એટલા માટે હું મનુષ્યોના હિત માટે એની શાન્તિની વિધિ કહું છું. જે નક્ષત્રમાં ગ્રહણ હોય એ નક્ષત્રના સ્વામીનું સ્વરૂપ સોનાનું તથા સૂર્યગ્રહણમાં સૂર્યની પ્રતિમા સોનાની અને ચન્દ્રગ્રહણમાં ચન્દ્રની મૂર્તિ ચાંદીની તથા રાહુની મૂર્તિ સીસાની યથાશક્તિ દ્રવ્યની બનાવડાવવી (૧-૪)

પવિત્ર ભૂમિમાં સમાન સ્થાન કરી છાણથી લીંપી એ સ્થાનમાં નવીન સુંદર વસ્ત્રપર ત્રણેય પ્રતિમાઓ સ્થાપવી. સૂર્યગ્રહણમાં જેટલી વસ્તુઓ સૂર્યને પ્રિય હોય તે, અને લાલ રંગના અક્ષત, રક્તચંદન, રક્ત વર્ણની માળા, લાલ વસ્ત્ર આદિ તથા ચન્દ્રગ્રહણમાં ચન્દ્રને જેટલા પ્રિય પદાર્થ હોય તે અને શ્વેત ચંદન, પુષ્પ, શ્વેત વસ્ત્રાદિ અને રાહુને માટે કાળું વસ્ત્ર, કાળું પુષ્પ આદિ તથા નક્ષત્રના સ્વામી નિમિત્તે શ્વેત પુષ્પાદિ આપવાં જોઈએ. તથા

સૂર્યની પૂજા **આકૃષ્ણેન** ઇત્યાદિ મંત્રથી, ચન્દ્રની પૂજા **ઇમં દેવા** ઇત્યાદિ મંત્રથી, તથા રાહુની પૂજા દુર્વા આદિથી **કયાનશ્ચિત્ર** ઇત્યાદિ મંત્રથી કરવી પછી આકડાની સમિધાથી સૂર્યને માટે, ચન્દ્ર માટે પલાશ અને રાહુ માટે દુર્વાથી તથા નક્ષત્રના સ્વામીની પ્રીતિ માટે પીપળાના લાકડાંથી હવન કરવો. (૫-૧૧)

પછી કળશના જળથી, જન્મનારનો અભિષેક કરવો. પછી શાન્ત થઈ ભક્તિભાવથી આચાર્યની પૂજા કરીને યથાશક્તિ બ્રહ્મ-ભોજન કરાવવું. આવી રીતે ગ્રહણમાં જન્મનાર માટે શાન્તિ કરવાથી વિઘ્નોને જીતીને સુખી થવાય છે. (૧૨-૧૪)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ગ્રહણમાં જન્મેલાની શાન્તિનો વિચાર નામનો એકાણુમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૯૨

ગંડાન્ત શાન્તિ

પરાશર બોલ્યા :

તિથિ, નક્ષત્ર અને લગ્નસંબંધી ત્રણ પ્રકારના ગંડાન્ત કહ્યા છે અને તે જન્મ, યાત્રા, વિવાહ આદિ શુભ કાર્યમાં મરણપ્રદ કહ્યા છે. (૧)

તિથિ

પૂર્ણા ૫-૧૦-૧૫ તિથિના અન્ત અને નન્દા (૧-૬-૧૧) તિથિની શરૂઆતમાં બે બે ઘડી મળીને ચાર ઘડી ગંડાન્ત કહેવાય છે. (૨)

નક્ષત્ર

આવી રીતે રેવતી અશ્વિનીની, આશ્લેષા મઘાની અને જ્યેષ્ઠા મૂળાની સંધિમાં ક્રમથી અન્ત અને આરંભની ૪ ઘડી નક્ષત્ર ગંડાન્ત કહેવાય છે. (૩)

લગ્ન

આ પ્રમાણે મીન અને મેષની, કર્ક અને સિંહની, અને વૃશ્ચિક, ધન લગ્નની સંધિમાં પાછળ અને આગળ અર્ધીઅર્ધી ઘડી મળીને ૧ ઘડી લગ્ન ગંડાન્ત કહેવાય છે. (૪)

આ ગંડાન્તોમાં જ્યેષ્ઠાના અંતમાં પાંચ ઘડી અને મૂળના આરંભમાં ૮ ઘડી 'અભૂક્તમૂલ' કહેવાય છે. તે ભારે અશુભદાયક માનવામાં આવે છે. (૫)

હવે ગંડાન્તમાં જન્મનાર બાળકની શાન્તિ માટે વિધિ કહું છું. જન્મ અશૌચ પછી કે આગળ કોઈ શુભ દિન સુલગ્નમાં બાળકના પિતાની શાન્તિ કર્યા બાદ બાળકને જોવું. તિથિ ગંડાન્તમાં બળદનું દાન અને નક્ષત્ર ગંડાન્તમાં વાછરડાવાળી ગાયનું દાન અને લગ્ન ગંડાન્તમાં સુવર્ણદાન કરવું જોઈએ. ગંડાન્તના પૂર્વ ભાગમાં જન્મ હોય તો પિતાની સાથે અને બીજા ભાગમાં જન્મ હોય તો માતાની સાથે બાળકનો અભિષેક કરવો જોઈએ. (૬–૮)

૧૬ માસા કે પોતાની આર્થિક સ્થિતિ અનુસાર અર્ધા કે ચોથા ભાગના સુવર્ણથી, તિથિ ગંડમાં–તિથિના સ્વામી, નક્ષત્ર ગંડમાં નક્ષત્રના સ્વામી અને લગ્ન ગંડમાં લગ્નના સ્વામીનું સ્વરૂપ બનાવી પૂર્વોક્ત વિધિથી કલશ પર પૂજા કરવી, પૂજના અન્તમાં હવન તથા પૂર્વોક્ત વિધિથી અભિષેક કરીને પછી બ્રહ્મભોજન યથાશક્તિ કરાવવું. આવી રીતે શાન્તિ કરવાથી આયુ, આરોગ્ય અને ઐશ્વર્યની વૃદ્ધિ દરરોજ થાય છે. (૯–૧૧)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ગંડાન્ત જન્મની શાન્તિ વિશે વિચાર નામનો બાણુમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૯૩

અભૂક્ત મૂલની શાન્તિ

પરાશર બોલ્યા :

જ્યેષ્ઠાનો સ્વામી ઈન્દ્ર અને મૂલનો સ્વામી રાક્ષસ છે. આ બંનેમાં સ્વાભાવિક વેર હોવાથી અન્ય ગંડાન્તમાં એમાં વિશેષ દોષ કહેવામાં આવ્યા છે. અભૂક્તમૂલમાં જન્મેલ પુત્ર કે કન્યા જે હોય એનો પરિત્યાગ કરી દેવો જોઈએ. અથવા જન્મથી આઠ વર્ષ સુધી જન્મનારે પિતાનું મુખ જોવું ન જોઈએ. એના દોષની નિવૃત્તિ માટે હવે શાન્તિની વિધિ કહું છું. (૧–૨)

અહીં જ્યેષ્ઠા અને મૂલ બંનેમાં વિશેષ દોષ હોવાને લીધે પ્રથમ મૂલની શાંતિ જ કહું છું. જન્મથી બારમે દિવસે કે ફરી નક્ષત્ર આવે ત્યારે અથવા કોઇપણ ચન્દ્ર, તારા અનુકૂલ શુભ દિનમાં વિધિપૂર્વક શાન્તિ કરવી જોઈએ. (૩–૪)

સપાટ બનાવેલા, છાણથી લીંપેલા પવિત્ર સ્થાનમાં ઘરથી પૂર્વમાં કે ઉત્તર દિશામાં ચાર દ્વારવાળા તોરણાદિથી સુશોભિત મંડપ બનાવવો. ગ્રહ, યજ્ઞાદિ (હવનાર્થ) બહાર કુંડ બનાવવો તથા આર્થિક સ્થિતિ અનુસાર ૧૬ કે ૮ કે ૪ માસ, સુવર્ણથી નક્ષત્રદેવની રાક્ષસની મૂર્તિ શ્યામ વર્ણની, ૨ મસ્તક, ૨ હાથ, તલવાર અને

ઢાલવાળી તથા શંખ પર સવાર અને ભયાનક મુખ બનાવવા. (૫–૮)

અથવા પ્રતિમાના અભાવમાં સોનાના મૂલ્યની સ્થાપના કરીને પૂજન કરવું. કારણ કે સુવર્ણ સર્વ દેવોને પ્રિય છે. (૯)

પછી આચાર્યનું વરણ કરીને પોતાના ગૃહ્યોક્ત વિધાનથી કલશ સ્થાપીને એમાં પંચગવ્ય, સો ઔષધિ આદિ સર્વ દ્રવ્ય અને તીર્થજલ લાવી સો કાણાંવાળા ઘડા પર વાંસના પત્ર રાખી એના પર નક્ષત્ર દેવતા પૂર્વોક્ત રાક્ષસના સ્વરૂપને પશ્ચિમાભિમુખ સ્થાપના કરી શ્વેત પુષ્પ, ચંદન, શ્વેત વસ્ત્રાદિથી પૂજન કરવું તથા એના અધિદેવ ઈન્દ્ર અને પ્રત્યધિદેવ જળનું પણ પૂજન કરવું. પછી એ સર્વની પ્રીતિ માટે હોમ કરવો હવનમાં યથાશક્તિ ૧૦૦૮ કે ૧૦૮ આહુતિ આપવી. પછી મૃત્યુના નિવારણ માટે મૃત્યુન્જય મંત્ર, ત્ર્યંબકં ઇત્યાદિનો જપ કરવો. પછી અભિષેક માટે સર્વ દેવોની પ્રાર્થના કરવી. (૧૦–૧૫)

પછી શુદ્ધ આસન પર પુત્ર તથા સ્ત્રી સહિત બેસીને યજમાનને વસ્ત્રથી ઢાંકેલા પૂર્વોક્ત બંને કળશને જળથી સ્નાન કરાવવું પછી શ્વેત વસ્ત્ર, શ્વેત ચન્દન આદિ ધારણ કરીને યજમાન આચાર્યને વાછરડા સહિત ગાય દક્ષિણામાં આપવી અને યથાશક્તિ અન્ય ઋત્વિજોને પણ દક્ષિણા આપીને બ્રહ્મભોજન કરાવવું (૧૬–૧૮)

પછી **યત્પાપ** ઇત્યાદિ મંત્રથી સારી રીતે ઘીમાં પોતાનું મુખ જોવું જોઈએ. આવી રીતે અભુક્ત મૂલમાં જન્મનાર બાળકના સર્વ દોષ નષ્ટ થઈ જાય છે. (૧૯–૨૦)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં મૂલગંડની શાન્તિ વિશે વિચાર નામનો ત્રાણુમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૯૪

જ્યેષ્ઠ આદિ ગંડની શાન્તિ

પરાશર બોલ્યા :

હે વિપ્ર, હવે હું જ્યેષ્ઠાની ગંડ શાન્તિની વિધિ કહું છું. એ શાન્તિમાં પણ મંડળ, કલશ સ્થાપન આચાર્યવરણ આદિ મૂલની શાન્તિમાં કહ્યા છે તે પ્રમાણે કરવાં. આમાં પ્રધાન દેવતા ઇન્દ્ર, અધિદેવ અગ્નિ અને પ્રત્યધિદેવ રાક્ષસ સમજવા જોઈએ. (૧-૨)

યથાશક્તિ સોનાથી ઇન્દ્રનું સ્વરૂપ વજ્ર અને અંકુશ હાથમાં ધારણ કરેલ, ઐરાવત પર બેઠેલું બનાવીને ધાન કે ચોખાથી ભરેલા કળશ પર રાખી પોતપોતાના ગૃહ્યોક્ત મંત્ર આદિથી અધિદેવ, પ્રત્યધિદેવ સહિત પ્રધાનનું પૂજન કરવું. પછી યથાશક્તિ હવન, અભિષેક અને અલ્પભોજન કરાવવું તથા ઇન્દ્રસૂક્ત અને મૃત્યુંજય મંત્રનો જપ કરીને ઇન્દ્રની પ્રાર્થના કરે તો આવી રીતે સુખ અને શાન્તિ પ્રાપ્ત કરે છે. (૩-૬)

અથવા ઉક્ત શાન્તિ કરવામાં સમર્થ ન હોય તો માત્ર ગાયનું દાન કરવાથી શાન્તિ થાય છે. કારણ કે સંપૂર્ણ ભૂમિદાનથી પણ ગાયનું દાન વિશેષ કહેવામાં આવ્યું છે. (૭)

મૂળ, જ્યેષ્ઠા, આશ્લેષા, મઘા એ નક્ષત્રોના ગંડાન્તમાં ૩ ગાયનું દાન, રેવતી, અશ્વિનીમાં બે ગાયનું દાન અને અન્ય ગંડ કે દુષ્ટ યોગમાં એક ગાયનું દાન કરવું જોઈએ. સાક્ષાત ગાયનો અભાવ હોય તો એનું શાસ્ત્રોકત મૂલ્ય બ્રાહ્મણને આપી દેવું જોઈએ. (૮–૯)

જ્યેષ્ઠા નક્ષત્રમાં કન્યાના જન્મ હોય તોતે પોતાના પતિના મોટા ભાઈની તથા વિશાખાના ચોથા ચરણમાં ઉત્પન્ન કન્યા પોતાના દિયરની નાશકારિણી થાય છે. એટલે એના વિવાહના સમયે ગાયનું દાન અવશ્ય કરવું જોઈએ. (૧૦)

આશ્લેષા નક્ષત્રના છેલ્લા ત્રણ ૨–૩–૪ ચરણમાં જન્મેલ કન્યા કે બાળક પોતાની સાસુને તથા મૂલના પહેલા ત્રણ ૧–૨–૩ ચરણમાં જન્મેલ સસરાને નષ્ટ કરનાર થાય છે. એટલા માટે એમના વિવાહના સમયમાં પણ યથાશક્તિ શાન્તિ કરાવવી જોઈએ. પતિના મોટાભાઈ આદિ ન હોય તો દોષ લાગતા નથી. (૧૧–૧૩)

બૃહત પારાશર હોરાશાસ્ત્રમાં જ્યેષ્ઠાદિ ગંડની શાન્તિ વિશે વિચાર નામનો ચોરાણુમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૯૫

ત્રીતર જન્મ શાન્તિ વિશે વિચાર

પરાશર બોલ્યા :

હે વિપ્ર, હવે હું અન્ય દોષપ્રદ જન્મ કહું છું, જે ત્રણ પુત્ર બાદ કન્યાનો જન્મ કે ત્રણ કન્યા બાદ પુત્રનો જન્મ થાય તો એના પિતૃકુળ અને માતૃકુળમાં અનિષ્ટ થાય છે. એટલા માટે દોષની નિવૃત્તિ માટે યથાશક્તિ શાન્તિ કરવી જોઈએ.

જન્મનું સૂતક વીત્યા બાદ સવારે કે કોઈ શુભ દિને આચાર્યાદિ ઋત્વિજનું વરણ કરો. ગૃહ્ય યજ્ઞ કરીને ધાન્યના ઢગલા પર ૪ કળશનું સ્થાપન કરીને ચારેય પર ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ, શંકર અને ઇન્દ્રની પૂજા ઉપચાર પ્રમાણે કરવી. (૩-૪)

પછી એક બ્રાહ્મણે પવિત્ર અને સાવધાન થઈને ૪ રુદ્રસૂક્ત અને સમસ્ત શાન્તિસૂક્તનો પાઠ કરવો. આચાર્ય સમિધા, ઘી, તેલ, ચરુથી ૧૦૦૮ કે ૧૦૮ કે ૨૮ વાર શક્તિ અનુસાર બ્રહ્મા આદિ દેવતાને પોતપોતાના ગૃહ્યોક્ત મંત્રથી હવન કરે પછી સ્વિષ્ટકૃત અને પૂર્ણાહૂતિ અને પરિવાર સહિત જન્મનારનો અભિષેક કરીને ઋત્વિજોને યથાશક્તિ દક્ષિણા આપી બ્રહ્મભોજન કરાવવું પછી કાંસાના પાત્રમાં રાખેલ ઘીને જોઈને દીન દુઃખીજનને અન્ન વસ્ત્રથી સંતુષ્ટ કરવાં. આવી રીતે શાન્તિ કરવાથી અનિષ્ટની નિવૃત્તિ થઈને સુખની પ્રાપ્તિ થાય છે (૫-૯)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ત્રીતર જન્મની શાન્તિ વિશે વિચાર નામનો પંચાણુમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય : ૯૬

પ્રસવવિકાર શાન્તિ

પરાશર મુનિ બોલ્યા :

હે વિપ્ર, હવે હું પ્રસવવિકાર વિશે કહું છું જેના લીધે ગામ અને દેશનું અનિષ્ટ થાય છે. જેવી રીતે પ્રસવના સમયથી અધિક પૂર્વ કે અધિક ૨–૩–૪ માસ પછી પ્રસવ થાય અથવા હાથ પગ આદિ અંગહીન કે અધિક કે મસ્તક વગર કે બે મસ્તક આદિવાળો પ્રસવ થાય અથવા મનુષ્યની સ્ત્રીમાં પશુ આદિ અથવા પશુમાં મનુષ્ય આદિની આકૃતિવાળાનો જન્મ થાય તો તે વિનાશકારક પ્રસવવિકાર કહેવાય છે. (૧–૩)

જો મનુષ્યની સ્ત્રી કે ગાય આદિમાં પ્રસવવિકાર હોય તે મનુષ્યના ઘર અને કુળમાં અનિષ્ટ થાય છે. એટલા માટે એના દોષની નિવૃત્તિ માટે યત્નપૂર્વક શાન્તિ કરવી અથવા એ સ્ત્રી કે ઘોડી, ગાય આદિ પશુનો ત્યાગ કરવો જોઈએ. (૪-૫)

સ્ત્રીના જન્મસમયથી ૧૫મા કે ૧૬મા વર્ષમાં ગર્ભ કે પ્રસવ થાય તો અશુભ ફળ થાય છે. સિંહ રાશિમાં રહેલ સૂર્યમાં ગાયને તથા મકર રાશિમાં રહેલ સૂર્યમાં ભેંસને પ્રસવ થાય તો તે પાલક તથા એનો પોતાનો પણ નાશ કરે છે.

એટલે એ ગાય અને ભેંસ બ્રાહ્મણને આપી દેવાં જોઈએ. અથવા વિધાનપૂર્વક શાન્તિ કરવી જોઈએ. જેવી રીતે ત્રીતર શાન્તિમાં બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રદેવનું પૂજન, બ્રહયજ્ઞના હવન, અભિષેક, બ્રહ્મભોજન કહેવામાં આવ્યાં છે તે જ પ્રકારે બધાં કરવાં. આવી રીતે શાન્તિ કરવાથી ગૃહસ્થ સર્વ પાપથી મુકત થઈને સુખી થાય છે. (૬-૯)

આવી રીતે કોઈ અનિટ આવી જવાથી વિધિપૂર્વક શાન્તિ કરી લેવાથી મનુષ્યના સર્વ આશય સિદ્ધ થાય છે અને તે ચિરજીવી અને સુખી થાય છે. (૧૦)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં પ્રસવવિકારની શાન્તિ વિશે વિચાર નામનો છન્નુમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય : ૯૭

ઉપસંહાર

પરાશર બોલ્યા :

હે વિપ્ર, બધામાં પહેલા બ્રહ્માજીએ દેવર્ષિ નારદજીને શાસ્ત્રનો ઉપદેશ દીધો અને નારદજીએ પછી એ જ શાસ્ત્ર શૌનક આદિ મુનિઓને કહ્યું અને શૌનક આદિ મુનિઓ પાસેથી મને જે રીતે જ્યોતિષશાસ્ત્રનું જ્ઞાન થયું એવા પ્રકારે મેં તમને કહ્યું. આ પુણ્યપ્રદ શાસ્ત્ર કૃષ્ણાળુ, પારકાની નિન્દા કરનાર, દુર્બુદ્ધિ, શઠ અને અપરિચિત વ્યક્તિને શીખવવું નહીં. જે સુશીલ, ભક્ત, સત્યવક્તા, મેધાવી, વિનીત અને સુપરિચિત હોય એને જ આ શ્રેષ્ઠ વેદાંગ જ્યોતિષશાસ્ત્ર શીખવવું જોઈએ. (૧-૪)

જે વ્યક્તિને ઠીક ઠીક કાળનું જ્ઞાન, નક્ષત્રો અને ગ્રહોની સ્થિતિનું જ્ઞાન હોય તે જ આ હોરાશાસ્ત્રને સારી રીતે જાણી શકે છે, અન્ય નહીં. જે હોરાશાસ્ત્ર જાણનાર સત્યવાદી હોય એનું જ શુભઅશુભ ફળ કથન સત્ય થાય છે. (૫-૬)

જે આ ઉત્તમ હોરાશાસ્ત્રને જાણે કે ભક્તિપૂર્વક સાંભળે એનું આયુષ્ય બળ, ધન અને સુયશની સદૈવ વૃદ્ધિ થાય છે. (૭)

આવી રીતે પ્રાચીન હોરા ગ્રન્થોમાંથી વિલક્ષણ અનેક અધ્યાયવાળા, અતિશ્રેષ્ઠ આ નવીન હોરાશાસ્ત્રને સંસારના હિત માટે મહર્ષિ પરાશરે મૈત્રેયને દર્શાવ્યું ત્યારબાદ પૃથ્વી પર એનો પ્રચાર થયો તથા લોકોએ એને માન આપ્યું. (૮-૯)

અધ્યાય ક્રમ

આ ગ્રન્થમાં વિષયોના પૃથક્ પૃથક્ અધ્યાયો રાખવામાં આવ્યા છે. જેમકે સૃષ્ટિ ક્રમ, અવતારકથન, વિશેષ લગ્ન, ષોડશવર્ગ, વર્ગ વિવેક, રાશિઓની દૃષ્ટિ, અરિષ્ટ, અરિષ્ટ ભંગ, બાર સ્થાનનો વિવેક, બાર સ્થાનનાં ફળ, સ્થાનના સ્વામીનાં ફળ, અપ્રકાશ ગ્રહોનાં ફળ, ગ્રહોની સ્પષ્ટ દૃષ્ટિ, સ્પષ્ટ બળ, કૃષ્ટિ અને કષ્ટસાધન, પદ, ઉપપદ, અર્ગલાકારક, કારકાંશ અને એમનાં ફળ, યોગકારક, નાભસયોગ, વિવિધયોગ, ચન્દ્રયોગ, રવિયોગ, રાજયોગ, રાજસંબંધ યોગ વિશેષ ધનયોગ, દારિદ્રયયોગ, આયુષ્ય, મારકેશોના ભેદ, ગ્રહોની અવસ્થા, અવસ્થાનાં ફળ, નક્ષત્ર આદિ વિવિધ પ્રકારની દશા, એમનાં ફળ, અન્તર, પ્રત્યન્તર, પ્રાણ અને સૂક્ષ્મ ભેદ, સૂર્યાદિ ગ્રહ અને લગ્નના અષ્ટક વર્ગ, ત્રિકોણશોધન, એકાધિપત્ય શોધન, પિંડપ્રસાધન, અષ્ટવર્ગનાં ફળ, અષ્ટકવર્ગ દ્વારા સ્પષ્ટ આયુષ્ય, સમુદાય અષ્ટકવર્ગ, એમનાં ફળ ગ્રહરશ્મિ સાધન, એનાં પર ફળ, સુદર્શન ચક્ર અનુસાર ફળમાં વિશેષતા, મહાપુરુષોનાં લક્ષણ, આકાશ આદિ પંચમહાભૂતોનાં ફળ, સત્ત્વાદિ ત્રિગુણનાં ફળ, નષ્ટ જન્મપત્ર, પ્રવ્રજ્યાયોગ, જન્મનાર સ્ત્રીની વિશેષતા, અંગલક્ષણનાં ફળ, અંગ પર રહેલ તલ, મસા આદિનાં ફળ, પૂર્વ જન્મના શાપથી સંતાનહીનતા તથા પુત્ર પ્રાપ્તિના ઉપાય, જન્મમાં અનિષ્ટ તિથિ, નક્ષત્ર, લગ્ન આદિ કથન એ સર્વની શાન્તિ અને પ્રસવવિકાર તથા એની શાન્તિ ઇત્યાદિ સો વિષયો અહીં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે એમને જાણીને વિદ્વાનો યશ અને લક્ષ્મી પ્રાપ્ત કરો. (૧૦-૨૫)

બૃહત્ પારાશર હોરાશાસ્ત્રમાં ઉપસંહારનો સત્તાણુમો અધ્યાય સંપૂર્ણ

સમાપ્ત

* જ્યોતિષશાસ્ત્રનું ઉપયોગી પુસ્તક *

: મૂલ્ય :

ભાવિના ભેદ ચાર રૂપિયા

જ્યોતિષશાસ્ત્ર માનવને પ્રારબ્ધ તરફ દોરી જઈ પુરુષાર્થ વિમુખ તથા નિષ્ક્રિય બનાવનાર શાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે. તેવે સમયે વિદ્વાન લેખકે જ્યોતિશાસ્ત્ર એ પુરુષાર્થને વેગ આપનાર હોય નસીબ ઘડવાનું આપણા હાથમાં છે, તે જ્યોતિશાસ્ત્રના આધારે પૂરવાર કરી આ શાસ્ત્રની ઉપયોગીતા સિદ્ધ કરી છે.

ભાવીના ભેદ અને ભાવીના ગૂઢ રહસ્યોના લેખક શ્રી યશોધર મહેતાનું અનુભવ સિદ્ધ નવું જ્યોતિષી પુસ્તક

ભાવિના ગગનમાં

૮૪ કુંડળીઓમાં અવનવા યોગોનું ફળાદેશ આપતું ઉત્તમ અને સચોટ પુસ્તક— મૂલ્ય : રૂ. ૩=૦૦

કાલે સવારે શું થવાનું છે?

ભા વિ ના

ભવિષ્યમાં શું લખ્યું છે? જન્મની – આડીઅવળી જન્મકુંડળી શું બતાવે છે? આયુષ્યની દોરી કેટલી છે? ઘાત કેટલી છે? ધન પ્રાપ્તિ, આરોગ્ય ને ઉન્નતિનો યોગ છે કે નહિ? હોય તો કયારે ને કઈ રીતે? આ બધું જાણવા સમજવા તમારે આ યશોધર મહેતાનું અનોખું પુસ્તક વાંચવું જ પડશે.

ગૂઢ રહસ્યો

મૂલ્ય : ૩=૫૦

શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ, સુરત.

卐 ગુજરાતી ભાષામાં હવે મળી શકશે ? 卐
* દક્ષિણ ભારતનો ફળાદેશનો અપૂર્વ ગ્રંથ *
૨૦૦૦ શ્લોકોનુ ગુજરાતી ભાષાતર ઉપરાંત શેખરભાષ્ય
સાથે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર આયુર્વેદ અને
જ્યોતિષના સાહિત્ય સમ્રાટ ડૉ. ચંદ્રશેખર ઠક્કુર કૃત

સર્વાર્થ ચિંતામણિ

—: ભાવફળ અને દશાફળનો અમૂલ્ય ખજાનો :—
આજે જ રૂ. ૮=૫૦નો મનીઓર્ડર કરી ઘેર બેઠાં મંગાવી લ્યો.

કિસ્મતનો સિતારો ચમકાવી સુખનો
સૂર્યોદય પ્રગટાવે એવો અપૂર્વ ગ્રંથ

* બૃહત સંહિતા *

કિંમત સાડાનવ રૂપિયા
પ્રખર જ્યોતિષાચાર્ય વરાહમિહિર વિરચિત :
૧૯૫ વિષયો : ૧૦૭ અધ્યાયો : ૨૭૭૪ શ્લોકો :
પહેલી જ વાર ગુજરાતીમાં ભાષાંતર થયું છે.

ગ્રહોનું ફળ
વરસાદનો યોગ
ભૂમિશોધન
રત્નોની પરીક્ષા
સુખ – દુઃખ
મેઘધનુષ્ય, ધરતીકંપ
ગ્રહણ – દુકાળ
વિગેરે ..વિગેરે

* સ્વપ્નાં સાચાં પડે ખરાં ? *
સ્વપ્નામાં જોયેલા પ્રસંગો શું સૂચવે છે ? મનમાં
ધારેલું સ્વપ્ન રાતે આવી શકે ખરું ? સારા–નરસા
સ્વપ્નામાં ભવિષ્યની કોઈ સચોટ આગાહી છુપાઈ
છે ખરી? એમાં રહસ્ય-ભેદ છે? સ્વપ્ન ફળ-દર્શનની
આ ચોપડી તમારા હરેક સ્વપ્નાનો ઉકેલ આપશે.

YQUR
FORTUNE
By
DREAM
મનીઓર્ડર કરો
રૂ. ૧=૫૦

卐卐 સ્વપ્ન સિદ્ધિ–સ્વપ્ન ફળદર્શન 卐卐

શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ, સુરત.

જ્યોતિષ વિદ્યાના હરેક જીજ્ઞાસુઓએ
આ ગ્રંથો જરૂર વસાવવા જ જોઈએ
✠ જ્યોતિષશાસ્ત્રનાં ચાર નવાં પુસ્તકો ✠

ડૉ. ચંદ્રશેખર ઠક્કુર કૃત **હોરાસાર** ફક્ત રૂ. ૪–૫૦ મ. ઓ.. કરી ઘેરબેઠાં આજેજ મંગવો.

× × ×

પ્રખ્યાત સંસ્કૃત પુસ્તક સૌ પ્રથમ ગુજરાતી ભાષામાં

ફળાધીશનીઅમૂલ્ય ચાવીનો સંગ્રહ **ભાવાર્થ રત્નાકર** ચંદ્રશેખર ઠક્કુર કૃત

ફક્ત રૂ. ૨–૫૦ મનીઓર્ડર કરી ઘેર બેઠાં આજે જ મંગાવો.

× × ×

લે. રમાશંકર જોષી
મૂલ્ય : રૂા. ૨=૦૦

લઘુ પારાશરી

× × ×

ભાગ્યોદળ, ભવીષ્યવાણીનું અજોડ પુસ્તક

ભાગ્યચક્રની ભવિષ્યવાણી

પાના ૩૫૦ પાકું પુંઠું મૂલ્ય ૬=૭૫

બારેરાશીનું ભાવીફળ, લગ્ન સુખ, વેપારના લાભોલાભ. નવે ગ્રહોનું ફળાધીશ, દૈવજ્ઞવિજ્ઞાન, ભવિષ્યવિદ્યા, જ્યોતિષ ભવિષ્ય, રેખાશાસ્ત્ર, સ્વપ્ન તથા શુકનના ફળ, ભડળી વાકય, સર્વારિષ્ટ નિવારણ સ્તોત્ર વીગેરે વીગેરે અનેક વિષયથી ભરપુર ગ્રંથ. આ મૂલ્ય ગ્રંથ જરૂર વસાવો.

શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ, સુરત.

—: પુરુષાર્થથી ભાગ્યપલટો કરો :—

નસીબ આડેનો પડદો
હટાવી દેવાની કોશીશ કરો.
કેવી રીતે?

મારું ભવિષ્ય

પડેલાં નવી કુંડળી બનાવી લો. ભાગ ૧—૨ ૩

જન્મસમય ન હોય તો ચાલશે. મૂલ્ય : રૂ. ૮=૫૦ (પોસ્ટ ખર્ચ અલગ)
જીવનનાં શુભ-અશુભ ફળો ને ગ્રહોનાં સ્થાન જોઈ તમારું ભવિષ્ય
કયા ઉપાયો કર્યાથી ફેરવાય ને ઉચ્ચ જીવન પ્રાપ્ત થાય એ ચાવી
જાતે જ અજમાવતા શીખો. આ એક જ પુસ્તકનું વાચન ને મનન
તમારી અનેક મુંઝવણો દૂર કરી માર્ગ બતાવશે

તમારા નસીબમાં સંતાન સુખ છે?
ધનલાભ ને ધંધાની લક્ષ્મીનો યોગ છે?

દક્ષિણ ભારતના મહાન જ્યોતિષી મંત્રેશ્વરનો આ જ્યોતિષશાસ્ત્રનો
ગ્રંથ ૨૪ અધ્યાયમાં ૨૬૦ વિષયો આલેખી માનવીના અનેકવિધ
મહત્ત્વાકાંક્ષાઓ ને જીજ્ઞાસાઓ સહેલાઈથી સંતોષે છે.

ફળદિપીકા

ખર્ચ સાથે ઘેર બેઠાં મેળવવા મનીઓર્ડરથી રૂ. નવ મોકલાવો.

કાર્યસિદ્ધિ માટે માંગલિક મુહૂર્તની જરૂર !

કુંડળી – દિનદશા – મહાદશાનાં ફળ – ધનલાભ – સંતતી યોગ – બારે
રાશીનાં ફળ, આરંભેલા કાર્યની સફળતા, મનનાં ગુપ્ત પ્રશ્નોના
જવાબો વિગેરે માહિતી દર્શાવતું જ્યોતિષનું અનુપમ પુસ્તક

મુહૂર્ત-સાર-સંગ્રહ અને

બાળબોધ જ્યોતિષ સાર તથા ગ્રહગોચર સાથે મૂલ્ય : ૫=૦૦

શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ, સુરત.